।। नमो नमो निम्मलदंसणस्स ।।

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૬

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# સ્થાન-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૬ માં છે...

૦ "સ્થાન" – અંગસૂત્ર-૩-ના...

—૦— સ્થાન-૪

અને

—૦— સ્થાન-૫

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૬ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી**

**દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

***આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા***

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૰ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૰દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૰થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૰ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૰ના શ્રુતાનુરાગી શિષ્યા સા૰શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૰ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૰ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્વર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ० ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ० શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ० સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ० વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ० ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ० શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ० શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ० અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ० અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ० બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ० શ્રી જ્ઞાનપદ પૂજા
- ० કાયમી સંપર્ક સ્થળ
- ० ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ० જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ० પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૬ :-

# (૩) સ્થાનાંગસૂત્ર-૩/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

### ● ભૂમિકા :-

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ત્રીજું આગમ છે. અગિયાર અંગસૂત્રોમાં ત્રીજું ''સ્થાનાંગ'' સૂત્ર છે. જેનું મૂળ નામ ઠાણ અને સંસ્કૃતમાં સ્થાન કહે છે. તેવા આ સ્થાનાંગ સૂત્રને ત્રણ ભાગમાં વિભાજીત કરેલ છે. [ભાગ-૫, ૬, ૭] જેમાં આ છટ્ઠો ભાગ છે. સ્થાન-૧ થી ૩નું વિવરણ ભાગ-૫-માં કરાયું. આ ભાગમાં સ્થાન [અધ્યયન] ૪ અને ૫નું વિવરણ છે.

અમારી જાણ મુજબ ઠાણાંગ સૂત્રની કોઈ સ્વતંત્ર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ મળેલ નથી. હાલ શ્રી અભયદેવસૂરિકૃત્ વૃત્તિ [ટીકા] ઉપલબ્ધ છે. જેનો આ અનુવાદમાં સમાવેશ કરેલ છે.

અહીં મૂળ સૂત્ર સાથે ટીકાનો અનુવાદ કરતાં કોઈ સંદર્ભો ઉમેરાયા પણ છે, તો વ્યાકરણ અને ન્યાયાદિ પ્રયોગ છોડી પણ દીધા છે. ત્યાં ત્યાં પ્રાયઃ - x - x - આવી નિશાની મૂકેલી છે.

આ છટ્ઠો ભાગ, પાંચમાં ભાગના અનુસંધાન છે, કેમકે ઠાણાંગ સૂત્ર અધ્યયન-૧ થી ૩ ત્યાં કહેવાઈ ગયા છે, તેની પ્રસ્તાવના પણ ત્યાંથી જોવી.

## 卐 ઠાણાંગ સૂત્ર - ટીકા સહિત અનુવાદ 卐

### ❁ સ્થાન-૪ ❁

-- x -- x -- x --

● ભૂમિકા :-

ત્રીજા અધ્યયન [સ્થાન] નું વ્યાખ્યાન કરાયું. હવે સંખ્યાના ક્રમ સંબંધથી ''ચાર સ્થાન'' નામક ચોથાનો આરંભ કરીએ છીએ. આનો પૂર્વની સાથે સંબંધ વિશેષ છે - સ્થાન-૩માં વિવિધ જીવ-અજીવ દ્રવ્ય-પર્યાયો કહ્યા, અહીં પણ તે જ કહે છે. આ સંબંધે આવેલા અધ્યયનના ચાર ઉદ્દેશકોમાંના પહેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર





### ❁ સ્થાન-૪ - ઉદ્દેશો-૧ ❁

-- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૨૪૯ :-

*ચાર અંતક્રિયાઓ કહી છે. તેમાં પ્રથમ અંતક્રિયા આ :- કોઈ અલ્પકર્મી આત્મા મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડ થઈને ગૃહવાસ છોડી અણગારપણે પ્રવ્રજિત થઈને ઉત્તમ સંયમ, ઉત્તમ સંવર, ઉત્તમ સમાધિવાળો થઈ, રૂક્ષવૃત્તિ, પાર પામવાનો અર્થી, ઉપધાન તપ કરનારો, દુઃખક્ષય કરતો તપસ્વી થાય છે, તેને ઘોર તપ કરવો પડતો નથી, ઘોર વેદના થતી નથી એવો પુરુષ દીર્ઘાયુ ભોગવી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે. મુક્ત થાય છે. પરિનિર્વાણ પામે છે, સર્વે દુઃખોનો અંત કરે છે. જેમ તે ચાતુરંત ચક્રવર્તી ભરત, - આ પહેલી અંતક્રિયા.*

*હવે બીજી અંતક્રિયા - કોઈ જીવ મહાકર્મી થઈને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે, તે મુંડ થઈ ઘરથી નીકળી અણગારપણે પ્રવ્રજિત થઈને ઉત્તમ સંયમ, ઉત્તમ સંવર યાવત્ ઉપધાન તપ કરનારો, દુઃખ ક્ષય કરનારો, તપસ્વી થાય. તેને ઘોર તપ કરવો પડે, દુઃસહ વેદના સહેવી પડે, એવો પુરુષ અલ્પકાળનો પર્યાય પાળીને સિદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. જેમ તે ગજસુકુમાલ અણગાર. - આ બીજી અંતક્રિયા.*

*હવે ત્રીજી અંતક્રિયા - મહાકર્મવાળો મનુષ્યત્વને યાવત્ પ્રાપ્ત કરે, મુંડ થઈને, ઘરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા પામીને ઇત્યાદિ બીજી અંતક્રિયા મુજબ જાણવું. વિશેષ એ કે - તે દીર્ઘકાળની પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે. જેમ સનત્કુમાર ચક્રી. આ ત્રીજી અંતક્રિયા.*

*હવે ચોથી અંતક્રિયા - અલ્પ કર્મવાળો મનુષ્યત્વને પામીને, મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા પામીને ઉત્તમ સંયમી યાવત્ ઘોર તપ ન કરે, દુઃસહ વેદના ન વેદે, તેવો પુરુષ અલ્પકાલીન પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય યાવત્ સર્વે દુઃખોનો અંત કરે. જેમ મરુદેવી ભગવતી. આ ચોથી અંતક્રિયા છે.*

● વિવેચન-૨૪૯ :-

આનો સંબંધ આ છે - પૂર્વના છેલ્લા સૂત્રમાં કર્મનો ચય આદિ કહ્યા. અહીં પણ કર્મ કે તેના કાર્યભૂત ભવનો અંત કરનારી ક્રિયા કહેવાય છે. અથવા મેં સાંભળેલ છે કે આયુષ્યમાન્ ભગવંતે આ પ્રમાણે કહ્યું છે, તેથી તેમણે જે કહેવાયેલું કહ્યું તેમ આ બીજું પણ તેમનું કહેલું કહે છે, માટે આવા પ્રકારના આ સંબંધની વ્યાખ્યા કરાય છે. અંતક્રિયા એટલે ભવનો અંત કરવો. તેમાં (૧) - જેને તથાવિધ તપ નથી, તથાવિધ પરિષહજ વેદના નથી, પણ દીર્ઘ પ્રવ્રજ્યા પર્યાય વડે સિદ્ધિ થાય છે તે પહેલી અંતક્રિયા છે.

(૨) જેને તથાવિધ તપ-વેદના છે, અલ્પ પ્રવ્રજ્યા પર્યાય વડે સિદ્ધિ થાય તેને બીજી અંતક્રિયા છે. - (૩) - જેને ઉત્કૃષ્ટ તપ-વેદના છે, દીર્ઘ પ્રવ્રજ્યા પર્યાય વડે સિદ્ધિ થાય તેને ત્રીજી અંતક્રિયા છે. - (૪) - જેને તથાવિધ તપ-વેદના નથી, અલ્પ

પર્યાય વડે સિદ્ધિ થાય છે, તે ચોથી અંતક્રિયા છે.

અંતક્રિયાની એકરૂપતા હોવા છતાં સાધનાના ભેદથી ચતુર્વિધત્વ છે. આ સમુદાય અર્થ કહ્યો. અવયવાર્થ આ રીતે - ભગવંતે ચાર અંતક્રિયાઓ કહી છે "તે ચારના મધ્યે" એવો અર્થ છે. - x - આ અનંતર કહેવાનાર હોવાથી સાક્ષાત્‌રૂપ તે પહેલી, બીજીની અપેક્ષાએ આદ્ય અંતક્રિયા - અહીં કોઈ પુરુષ દેવલોકાદિમાં જઈને, ત્યાંથી અલ્પ કર્મો વડે प्रत्यायात - મનુષ્યત્વ પામ્યો તે અલ્પકર્મ પ્રત્યાખ્યાત એમ જણાય છે. અથવા એક સ્થળે ઉત્પન્ન થઈને ત્યાંથી અલ્પકર્મી થઈને જ પાછો મનુષ્ય થાય તે અર્થાત્ લઘુકર્મપણાએ ઉત્પન્ન.

આગળ કહેવાનાર મહાકર્મની અપેક્ષાએ જે 'च' છે તે સમુચ્ચયાર્થે છે, अपि - સંભાવનાર્થે છે. આ પક્ષની પણ સંભાવના છે, भवति - હોય, से - આ. દ્રવ્યથી મસ્તક લુંચન કરવા વડે અને ભાવથી રાગાદિને દૂર કરવાથી, अगार - દ્રવ્યથી ઘર થકી, ભાવથી સંસારાભિનંદી જીવોના નિવાસભૂત અવિવેકરૂપ ઘરથી નીકળીને એમ જાણવું. 'અનગારિતા' અગારી એટલે ગૃહસ્થ - અસંયત, તેનો નિષેધ કરવાથી અનગારી - સંયત, તેનો ભાવ તે સાધુતા. પ્રવ્રજિત એટલે પ્રાપ્ત. અથવા વિભક્તિ પરિણામથી નિર્ગ્રન્થપણે પ્રવ્રજ્યાને પામેલ.

તે કેવો છે ? પૃથ્વી આદિના સંરક્ષણરૂપ સંયમ વડે અધિક તે સંયમ બહુલ અથવા સંયમ જેને વિશેષ છે તે. એ રીતે સંવર બહુલ પણ જાણવું. વિશેષ એ કે આશ્રવ નિરોધ તે સંવર. અથવા ઇન્દ્રિય-કષાયનો નિગ્રહ આદિ ભેદ. અહીં સંવરબહુલનું ગ્રહણ પ્રાણાતિપાતની વિરતિનું પ્રાધાન્ય જણાવે છે. કહ્યું છે કે - <u>પ્રાણાતિપાતરૂપ એક જ વ્રત સમસ્ત જિનવરોએ કહ્યું છે, બાકીના તેની રક્ષા માટે છે.</u> આ બીજું પણ રાગાદિના ઉપશમયુક્ત ચિત્તની વૃત્તિથી થાય છે, તેથી કહે છે - સમાધિ બહુલ. समाधि - પ્રશમવાહિતા અથવા જ્ઞાનાદિ, વળી સમાધિ સ્નેહરહિતને જ હોય છે, માટે કહ્યું - 'રૂક્ષ' - શરીર અને મનમાં દ્રવ્ય-ભાવરૂપ સ્નેહરહિતપણાએ કઠોર, અથવા કર્મમળને દૂર કરે તે લૂષ.

આ કઈ રીતે સંવૃત્ત છે, તે કહે છે - तीर - ભવસમુદ્રના પારને પ્રાર્થે છે, એવા સ્વભાવવાળો તે તીરાર્થી અથવા તીરસ્થાયી અથવા તીરસ્થિતિ. તેથી જ ઉપધાનવાળો - જેના વડે શ્રુત સ્થિર કરાય તે ઉપધાન અર્થાત્ શ્રુતવિષય તપના ઉપચારવાળો, આ કારણથી દુઃખ અર્થાત્ અસુખ કે તેના કારણપણાથી કર્મ, તેનો જે ક્ષય કરે તે દુઃખ ક્ષય, તપના નિમિત્તે કર્મનું ખપવું થાય છે તેથી કહે છે - 'તપસ્વી' તપ-અભ્યંતર, કર્મરૂપ ઇંધનને બાળનાર અગ્નિ જેવો, જેનું નિરંતર શુભ ધ્યાન લક્ષણ છે, તે તપસ્વી. જે આ પ્રકારનો છે તેને તથા પ્રકાર - વર્ધમાન સ્વામી જેવો અત્યંત ઘોર તપ ન હોય, વળી તથા પ્રકાર-અતિ ભયંકર ઉપસર્ગાદિ વડે પ્રાપ્ત દુઃખને વિશે રહેનારી વેદના ન હોય કેમકે તે અલ્પકર્મ વડે આવેલ છે, તેથી તથાવિધ અલ્પકર્મ પ્રત્યાયાતાદિ વિશેષણસમૂહ યુક્ત પુરુષ બહુકાલીન પ્રવ્રજ્યા પર્યાય વડે—

सिद्ध्यति - અણિમાદિ યોગથી કૃતાર્થ અથવા વિશેષથી મોક્ષગમન યોગ્ય



થાય છે. કેમકે સકલ કર્મનાયક મોહનીયનો નાશ કરે છે, તેથી ચાર ઘાતિકર્મના નાશથી बुद्ध्यते - કેવળજ્ઞાનભાવથી સર્વ વસ્તુને જાણે છે, તેથી मुच्यते - ભવોપગ્રાહી કર્મો વડે મૂકાય છે, તેથી परिनिर्व्वाति - સર્વ કર્મો વડે વિકારના સમૂહનું નિરાકરણ થવાથી શીતળ થાય છે. - x - શારીરિક, માનસિક સર્વે દુઃખોનો અંત કરે છે. જેને તથાવિધ તપ-વેદના નથી તે દીર્ઘકાલિન પર્યાય વડે - x - પ્રથમ જિનના પ્રથમ પુત્ર, એક સો પુત્રમાં મોટો, પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ સમુદ્ર અને હિમવંત પર્વતરૂપ ચાર અંત પૃથ્વીના સ્વામીપણે ચાતુરંત, એવો જે ભરત ચક્રવર્તી, તે પૂર્વભવે લઘુકર્મી, સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને ચક્રવર્તીપણે ઉત્પન્ન થઈ રાજ્યાવસ્થામાં જ કેવલજ્ઞાન પામીને એક લાખ પૂર્વની પ્રવ્રજ્યાવાળા, તથાવિધ તપ અને વેદનારહિત જ મોક્ષ પામ્યા.

હવે બીજી અંતક્રિયા-પૂર્વની અપેક્ષાએ અન્ય - બીજા સ્થાને કહેવાથી બીજી- મહાકર્મીપણે - ગુરુકર્મતાથી પ્રત્યાયાત કે પ્રત્યાજાત, તે મહાકર્મ પ્રત્યાયાત, તેનો ક્ષય કરવાને તથાપ્રકારે ઘોર તપ કરે છે - કર્મોદયથી પ્રાપ્ત એવી વેદના સહે છે. અલ્પકાળમાં - જે કૃષ્ણના લઘુબંધુ ગજસુકુમાલ, તેને ભગવંત અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા સ્વીકારી, શ્મશાનમાં કાયોત્સર્ગરૂપ મહાતપ કર્યો, શિર પર મૂકેલ જાજ્વલ્યમાન અંગારાથી ઉત્પન્ન અત્યંત વેદનાવાળા અલ્પ એવા પર્યાય વડે સિદ્ધ થયા. શેષ સુગમ છે.

હવે ત્રીજી - ચોથા ચક્રવર્તી સનત્કુમાર, તે મહાતપવાળા, રોગ હોવાથી મહાવેદનાવાળા હતા, તેમણે દીર્ઘ પર્યાય વડે તે ભવમાં સિદ્ધિના અભાવે ભવાંતરમાં સિદ્ધિ પ્રાપ્તિરૂપ કરી તે ત્રીજી અંતક્રિયા.. હવે ચોથી - જેમ મરુદેવી, પ્રથમ જિનના માતા સ્થાવરત્વમાં પણ ક્ષીણ પ્રાયઃકર્મત્વથી અલ્પકર્મા, વળી તપ અને વેદનારહિત સિદ્ધ થયા. ઉત્તમ હાથી પર આરૂઢ થયેલા અને આયુ સમાપ્ત થતાં સિદ્ધત્વ પામ્યા.. આ દાર્ષ્ટાન્તિક અર્થોનું સર્વથા સાધર્મ્ય ન વિચારવું. દેશરૂપ દૃષ્ટાંત્વ વિચારવું. કેમકે મરુદેવીને 'મુંડ' થયા આદિ વિશેષણો ઘટતા નથી, પણ ફળથી સર્વથા સાધર્મ્ય છે.

પુરુષ વિશેષની અંતક્રિયા કહી, તેનું સ્વરૂપ નિરૂપણ કરતાં સૂત્રો કહે છે—

**● સૂત્ર-૨૫૦ :-**

***૧. ચાર પ્રકારે વૃક્ષો કહે છે - દ્રવ્યથી ઉંચા-ભાવથી ઉંચા, દ્રવ્યથી ઉંચા-ભાવથી નીચા, દ્રવ્યથી નીચા ભાવથી ઉંચા, દ્રવ્યથી નીચા ભાવથી નીચા. ૨. એ રીતે ચાર પ્રકારે પુરુષો કહ્યા - દ્રવ્યથી ઉંચા-ભાવથી ઉંચા તે પ્રમાણે યાવત્ દ્રવ્યથી નીચા-ભાવથી નીચા.***

***૩. ચાર પ્રકારે વૃક્ષો કહે છે - દ્રવ્યથી ઉંચા-ભાવથી શુભ પરિણત, દ્રવ્યથી ઉંચા-ભાવથી અશુભ પરિણત, દ્રવ્યથી નીચા-ભાવથી શુભ પરિણત, દ્રવ્યથી નીચા-ભાવથી અશુભ પરિણત. ૪. એ રીતે પુરુષો ચાર પ્રકારે કહ્યા - દ્રવ્યથી ઉંચા અને ભાવથી ઉચ્ચ પરિણત. એ રીતે ચારે ભેદો કહેવા.***

***૫. ચાર પ્રકારે વૃક્ષો કહે છે - ઉન્નત અને ઉન્નતરૂપ, એ રીતે ચાર ભેદો. ૬. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષો કહ્યા - ઉન્નત અને ઉન્નતરૂપ. ૭. ચાર ભેદે***

***પુરુષો કહ્યા - દ્રવ્યથી ઉન્નત્ત-ભાવથી ઉન્નત્ત મનવાળા આદિ ચાર.***

***આ પ્રમાણે - ૮. સંકલ્પ, ૯. પ્રજ્ઞા, ૧૦. દૃષ્ટિ, ૧૧. શીલાચાર, ૧૨. વ્યવહાર, ૧૩. પરાક્રમ. આ 'મન' આદિમાં પુરુષના ભેદ જાણવા, વૃક્ષના સૂત્ર નથી.***

***૧૪ થી ૨૬ - ચાર પ્રકારે વૃક્ષો કહ્યા - કોઈ ઋજુ - ઋજુ, કોઈ ઋજુ - વક્ર. એમ ચાર ભંગો જાણવા. એ રીતે પુરુષો ચાર પ્રકારો કહ્યા - કોઈ ઋજુ - ઋજુ. એ રીતે ઉન્નત્ત-પ્રણત વડે આલાવા કહ્યા તેમ ઋજુ-વક્રને 'પરાક્રમ' સુધી કહેવા.***

**● વિવેચન-૨૫૦ :-**

સુગમ છે. પરંતુ - જે છેદાય તે વૃક્ષ, ભગવંતે વિવક્ષા વડે ચાર ભેદે કહ્યા. તેમાં ઉન્નત - દ્રવ્યથી ઊંચો, એક - કોઈ વૃક્ષ વિશેષ, તે જ વૃક્ષ જાત્યાદિ ભાવથી ઉન્નત્ત - અશોકાદિ, આ એક ભંગ. કોઈ એક દ્રવ્યથી ઉન્નત્ત પણ જાત્યાદિભાવે પ્રણત-હીન લીંમડો આદિ, એ બીજો ભંગ. કોઈ દ્રવ્યથી નીચો, તે જ જાત્યાદિ ભાવે ઉંચો-અશોકાદિ, તે ત્રીજો ભંગ. કોઈ દ્રવ્યથી નીચો, તે જ જાત્યાદિથી પ્રણત હીન-લીંમડો આદિ તે ચોથો ભંગ અથવા પૂર્વે ઉંચો-હાલ પણ ઉંચો, તે કાલથી ચાર ભંગ.

એ પ્રમાણે વૃક્ષવત્ ચાર પ્રકારે પુરુષ તે સાધુ કે ગૃહસ્થ છે. કુળ, ઐશ્વર્ય આદિ લૌકિક ગુણો વડે અથવા ગૃહસ્થ પર્યાયમાં શરીર વડે ઊંચો અને લોકોત્તર જ્ઞાનાદિ વડે દીક્ષા પર્યાયમાં શ્રેષ્ઠ અથવા ઉત્તમ ભાવ વડે ઉન્નત, વળી કામદેવ વગેરે માફક શુભ ગતિ વડે શ્રેષ્ઠ, આ પહેલો ભંગ. વૃક્ષ સૂત્રની જેમ યાવત્ "પ્રણત નામ એક પ્રણત" એમ ચાર ભંગ પર્યન્ત કહેવું. તેમાં કુલાદિ વડે ઉન્નત અને જ્ઞાન-વિહારાદિ વડે પ્રણત-હીનપણાથી શૈલક રાજર્ષિ માફક કે બ્રહ્મદત્તવત્ બીજો ભંગ જાણવો. વળી સંવેગ પ્રાપ્ત શૈલક અથવા મેતાર્ય માફક ત્રીજો ભંગ અને ઉદાયીનૃપને મારનાર માફક કે કાલશોરિકવત્ ચોથો ભંગ જાણવો.

એ રીતે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક સૂત્રમાં સામાન્યથી કહીને તેના વિશેષ સૂત્રોને કહે છે - ઊંચાઈપણે એક વૃક્ષ, ઉન્નત પરિણત - અશુભ રસાદિરૂપ નીચપણાને છોડીને શુભ રસાદિરૂપ શ્રેષ્ઠપણે પરિણત છે, આ એક ભંગ.

બીજા ભાંગામાં પ્રણત પરિણત-ઉક્તલક્ષણ ઉન્નતપણાના ત્યાગથી અને એ બેના આધારે ત્રીજો અને ચોથો ભંગ જાણવો.

વિશેષ સૂત્રતા આ છે - પહેલાં ઉન્નતત્વ-પ્રણતત્વ સામાન્યથી કહ્યું. અહીં પૂર્વાવસ્થાથી અવસ્થાંતર પામવા વડે વિશેષિત છે. એ રીતે દાર્ષ્ટાન્તિકે પણ પરિણત સૂત્ર જાણવું...પરિણામ આકાર, બોધ, ક્રિયા ભેદથી ત્રણ પ્રકારે છે, તેમાં આકારને આશ્રીને રૂપ સૂત્ર છે. તેમાં ઉન્નતરૂપ સંસ્થાન અને અવયવાદિના સૌંદર્યથી... ગૃહસ્થ પુરુષને પણ એમ જ જાણવા. પ્રવ્રજિત તો સંવિગ્ન-સાધુવેશધારી છે.

બોધ પરિણામની અપેક્ષાવાળા ચાર સૂત્રો છે. તેમાં જાત્યાદિ ગુણો વડે કે ઊંચાઈ વડે ઉન્નત, સ્વભાવે ઔદાર્યાદિયુક્ત મનવાળો, એ રીતે બીજા પણ ત્રણ ભંગ જાણવા. એ રીતે સંકલ્પાદિ સૂત્રોમાં ચતુર્ભંગીનો અતિદેશ લાઘવાર્થે કર્યો છે. સંકલ્પ-



વિકલ્પ એટલે વિશેષ વિચાર. આનું ઉન્નતપણું ઔદાર્યાદિયુક્તપણે અથવા સત્ પદાર્થના વિષયપણાથી છે.

પ્રકૃષ્ટ જ્ઞાન તે પ્રજ્ઞા-સૂક્ષ્માર્થનું વિવેચકત્વ, તેનું શ્રેષ્ઠપણું અવિસંવાદિતાથી છે...દર્શન-દૃષ્ટિ-ચક્ષુજ જ્ઞાન કે નય અભિપ્રાય. તેનું ઉન્નત્તત્વ અવિસંવાદિતાથી છે... ક્રિયા પરિણામ અપેક્ષાએ ત્રણ સૂત્રોમાં શીલાચાર-શીલ એટલે સમાધિ, તત્પ્રધાન આચાર કે સમાધિનો આચાર-અનુષ્ઠાન તે શીલ વડે કે સ્વભાવ વડે આચાર. તેના નિર્દૂષણત્વથી આનું ઉન્નતત્વ છે, વાચનાંતરમાં શીલ અને આચાર સૂત્ર ભેદ વડે કહેવાય છે.

વ્યવહાર - અન્યોન્ય લેવું-દેવું અથવા વિવાદ, આનું ઉન્નતપણું તો પ્રશંસા-યોગ્યત્વ વડે છે...પરાક્રમ-પરાક્રમ વિશેષ અથવા શત્રુઓનું આક્રમણ કરવું, તેનું ઉન્નતપણું અપ્રતિહતત્વ અને શોભન વિષયત્વથી છે. ઉન્નતથી વિરુદ્ધ પ્રણતત્વ સર્વત્ર વિચારવું. - x - આ મન વગેરે ચૌભંગીના સાત સૂત્રોમાં એક જ પુરુષજાત આલાપક જાણવો - પ્રતિપક્ષ - દૃષ્ટાંતભૂત વૃક્ષ સૂત્ર નથી, કેમકે દૃષ્ટાંતભૂત વૃક્ષોમાં દાર્ષ્ટાન્તિક પુરુષના ધર્મોનો - મન વગેરેનો અસંભવ છે.

ઋજુ-પૂર્વવત્ કોઈક સરળ વૃક્ષ, ઋજુ-અવિપરીત સ્વભાવ, ઔચિત્ય વડે ફલ આદિના સંપાદનથી એક ભંગ.. બીજા ભંગમાં બીજું પદ - વક્ર અર્થાત્ ફલાદિમાં વિપરીત, ત્રીજા ભંગમાં પહેલું પદ - વક્ર એટલે કુટિલ અને ચોથો ભંગ સુગમ છે. અથવા પહેલા ઋજુ એટલે અવક્ર, પછી પણ ઋજુ એટલે અવક્ર અથવા મૂળમાં સરળ અને અંતે પણ સરળ એમ ચઉભંગી કરવી.

ઉક્ત દૃષ્ટાંતરૂપ છે. પુરુષ તો ઋજુ એટલે બહારથી શરીર, ગતિ, વાણી અને ચેષ્ટા વગેરેથી સરળ તેમજ અંતરથી માયારહિતત્વથી સુસાધુ માફક ઋજુ, આ એક ભંગ.. તથા ઋજુ તો બહારથી વક્ર અને અંતરથી કારણવશાત્ સરલભાવ બતાવનાર દુષ્ટ સાધુવત્, એ બીજો ભંગ.. ત્રીજો ભંગ કારણવશાત્ બહારથી વક્ર પણ અંતરથી માયારહિત, પ્રવચન ગોપનની રક્ષામાં પ્રવર્તેલ સાધુવત્.. ચોથો ભંગ તો ઉભયથી વક્ર, તથાવિધ શઠવત્ અથવા કાળભેદ વડે પણ વ્યાખ્યા કરવી.

હવે ઋજુ અને ઋજુ પરિણત આદિ અગિયાર ચતુર્ભંગી લાઘવ માટે અતિદેશ વડે કહે છે - આ શબ્દ વડે ઋજુનામ ઋજુ ઇત્યાદિથી બતાવેલ ક્રમભંગ ક્રમ વડે જે પ્રકારે પરિણત રૂપાદિ વિશેષણ વડે વિશેષિતપણાએ ઋજુ-વક્ર છે, ઉન્નત અને પ્રણત વડે પરસ્પર પ્રતિપક્ષભૂત સદૃશ પાઠ છે. તથા તે પ્રકાર વડે પરિણત-રૂપાદિ બે વિશેષણવાળાથી ઋજુ-વક્ર શબ્દ વડે પણ પાઠ કહેવો. તે પાઠ યાવત્ 'પરાક્રમ' શબ્દ સુધી કહેવો.

ઋજુ-વક્ર વૃક્ષ સૂત્રથી યાવત્. તેર સૂત્ર પર્યન્ત, તેમાં ઋજુ - ૨, ઋજુ પરિણત-૨, ઋજુરૂપ-૨ લક્ષણવાળા છ સૂત્રો, વૃક્ષદૃષ્ટાંત - પુરુષ દાર્ષ્ટાંતિક સ્વરૂપ છે અને મન પ્રમુખ સાત સૂત્રો દૃષ્ટાંત રહિત છે.

**● સૂત્ર-૨૫૧ થી ૨૫૩ :-**

***[૨૫૧] પ્રતિમાધારી અણગારને ચાર ભાષા બોલવી કલ્પે, તે આ -***

***યાચની, પ્રચ્છની, અનુજ્ઞાપની, વ્યાકરણી...[૨૫૨] ચાર પ્રકારે ભાષા કહી છે - સત્યાભાષા, મૃષાભાષા, સત્યા-મૃષાભાષા, અસત્યા-અમૃષા ભાષા.***

***[૨૫૩] ચાર પ્રકારે વસ્ત્રો કહ્યા છે - એક શુદ્ધ-શુદ્ધ, એક શુદ્ધ-અશુદ્ધ, એક અશુદ્ધ-શુદ્ધ, એક અશુદ્ધ-અશુદ્ધ.. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષો કહ્યા છે - એક શુદ્ધ-શુદ્ધ ઇત્યાદિ ચાર ભંગ જાણવા... એ રીતે પરિણત અને રૂપથી વસ્ત્રની ચૌભંગી કહેવી - એ રીતે પુરુષો પણ જાણવા.***

***ચાર પ્રકારે પુરુષ કહ્યા છે - શુદ્ધ અને શુદ્ધ મનવાળા, ઇત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે સંકલ્પ યાવત્ પરાક્રમના ચાર ભંગ જાણવા.***

**● વિવેચન-૨૫૧ થી ૨૫૩ :-**

[૨૫૧] પ્રતિમા-સિદ્ધાંત પ્રસિદ્ધ બાર ભિક્ષુ પ્રતિમા, તેને સ્વીકારનાર વડે જે યાચના કરાય છે, તે યાચની - પાણી વગેરેની યાચના, મને આમાંથી આટલું પાણી આપો ઇત્યાદિ સિદ્ધાંત પ્રસિદ્ધ ક્રમ વડે..તથા પ્રચ્છની-માર્ગ આદિ અથવા કથંચિત્ સૂત્રાર્થ..તથા અનુજ્ઞાપની - અવગ્રહની..વ્યાકરણી-કોઈએ પૂછેલા અર્થ આદિનું પ્રતિપાદન કરવું તે.

[૨૫૨] ભાષાના પ્રસ્તાવથી ભાષાના ભેદોને કહે છે - ચાર ભાષાદિ૦ जात - ઉત્પતિ ધર્મક, તે વ્યક્તિરૂપ વસ્તુ, તેથી ભાષાથી ઉત્પન્ન થયેલ વ્યક્તિરૂપ વસ્તુ, भेद - પ્રકારો તે ભાષાજાત, તેમાં વિધમાન મુનિઓ, ગુણો કે પદાર્થોના માટે હિતરૂપ તે સત્ય, સૂત્રની અપેક્ષાએ પ્રથમ અથવા જેના વડે જે બોલાય તે ભાષા અથવા બોલવું તે ભાષા, કાય યોગ વડે ગૃહિત અને વચનયોગ વડે નીકળેલ ભાષાદ્રવ્ય વર્ગણાનો જે પ્રકાર તે ભાષાજાત ''આત્મા છે'', ઇત્યાદિ વત્. સૂત્રક્રમથી બીજું મૃષા-અસત્ય, 'આત્મા નથી' ઇત્યાદિવત્. ત્રીજી સત્યમૃષા-તદુભય સ્વભાવ - ''આત્મા છે - અકર્તા છે.'' ઇત્યાદિવત્. ચોથી અસત્યા-અમૃષા-અનુભય સ્વભાવ [વ્યવહારભાષા કહેવાય છે.] આ સંબંધે બે ગાથા છે—

સત્પુરુષોના હિતને માટે તે સત્યા અથવા સારા મુનિ માટે ગુણો તથા પદાર્થો માટે હિતરૂપ, - તેનાથી વિપરીત તે મૃષા અને સત્ય-અસત્ય બંને સ્વભાવવાળી તે મિશ્રભાષા. જે ત્રણ ભાષામાં સ્વીકારેલ નથી, માત્ર શબ્દરૂપ છે, તે અસત્યામૃષા. આ ચારે સભેદ-સલક્ષણ-સોદાહરણ જેમ સૂત્રમાં કહેલી છે તેમ જાણવી.

પુરુષભેદ નિરુપણ માટે તેર સૂત્રો છે—

સૂત્રો સ્પષ્ટ છે, વિશેષ એ કે - શુદ્ધ વસ્ત્ર-પવિત્ર તંતુ વગેરે કારણ વડે બનાવેલ હોવાથી, વળી શુદ્ધ-નવીન મલના અભાવથી અથવા પહેલા શુદ્ધ હતું અને હાલ પણ શુદ્ધ જ છે. વિપક્ષ સુગમ જ છે. હવે દાર્ષ્ટાન્તિક યોજના કહે છે - જાત્યાદિથી શુદ્ધ અને નિર્મળ જ્ઞાનાદિ ગુણપણે શુદ્ધ અથવા કાળની અપેક્ષાએ શુદ્ધ. ચાર ભાંગાનો સમુદાય તે ચતુર્ભંગી - x -.

તેનો આ અર્થ છે - વસ્ત્ર માફક ચાર ભાંગા પુરુષને વિશે કહેવા. જેમ શુદ્ધ પદથી શુદ્ધ પદમાં દાર્ષ્ટાન્તિક સહિત ચાર ભાંગાવાળું વસ્ત્ર કહ્યું એ રીતે જેના



પૂર્વપદમાં શુદ્ધ પદ છે એવા પરિણતપદ અને રૂપપદમાં ચાર ભાંગાવાળા વસ્ત્રો પ્રતિપક્ષ સહિત દાર્ષ્ટાન્તિક સહિત કહેવા - તે આ રીતે - ચાર વસ્ત્રો કહ્યા છે - એક શુદ્ધ-શુદ્ધ પરિણતની ચતુર્ભંગી. એ રીતે પુરુષજાત સૂત્રની ચૌભંગી, એ રીતે શુદ્ધ વસ્ત્ર અને શુદ્ધ રૂપની ચૌભંગી એ પ્રમાણે જ પુરુષમાં ચૌભંગી કરવી. વ્યાખ્યા પૂર્વવત્ જાણવી.

चत्तारी० આદિ-બહારથી શુદ્ધ અને અંતર્થી શુદ્ધ મનવાળો. એ રીતે શુદ્ધ સંકલ્પ, શુદ્ધ પ્રજ્ઞ, શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ શીલાચાર, શુદ્ધ વ્યવહાર, શુદ્ધ પરાક્રમ આ સૂત્રોમાં વસ્ત્રોને છોડીને પુરુષો જ ચાર ભંગવાળા કહેવા. વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. આ જ કારણથી કહે છે एवं० - પુરુષ ભેદાધિકારે સૂત્ર—

**● સૂત્ર-૨૫૪ થી ૨૫૬ :-**

***[૨૫૪] ચાર પુત્રો કહ્યા છે - અતિજાત, અનુજાત, અવજાત, કુલાંગાર.***

***[૨૫૫] ચાર પ્રકારે પુરુષો કહ્યા છે - એક સત્ય - સત્ય, એક સત્ય-અસત્ય ઇત્યાદિ ચાર ભંગ..એ પ્રમાણે પરિણત યાવત્ પરાક્રમ જાણવા.***

***વસ્ત્રો ચાર પ્રકારે કહ્યા - એક શુચિ-શુચિ, એક શુચિ-અશુચિ, ઇત્યાદિ ચાર ભંગ જાણવા. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા છે - એક શુચિ-શુચિ, ઇત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે શુદ્ધ વસ્ત્રવત્ શુચિ યાવત્ પરાક્રમ કહેવા.***

***[૨૫૬] ચાર પ્રકારના કોરક કહ્યા છે - આમ્રફલ કોરક, તાડફલ કોરક, વલ્લીફલ કોરક, મેંઢવિષાણ કોરક. આ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા છે - આમ્રફળ કોરક સમાન યાવત્ મેંઢવિષાણ કોરક સમાન.***

**● વિવેચન-૨૫૪ થી ૨૫૬ :-**

[૨૫૪] सुता - પુત્રો, ૧- अइजात - પિતાની સંપદાને ઉલ્લંઘીને થયેલ અથવા - x - પિતાથી અતિ વિશેષ સંપદાને પામેલ - અતિ સમૃદ્ધિવાન્, તેથી અતિજાત કે અતિયાત - ઋષભદેવવત્. ૨- अनुजात - પિતાની સમાન સંપત્તિવાળો તે અનુજાત અથવા અનુગત-પિતાની ઋદ્ધિ વડે અનુસરનાર - પિતા સમાન, મહાયશાવત્, આદિત્યયશા પિતા વડે તેનું તુલ્યપણું હોવાથી,

૩- अवजात - અપ એટલે હીન, પિતાની સંપત્તિથી હીન થયેલ, પિતાથી કંઈક હીન ગુણવાળો, ભરતચક્રીની તુલનાએ હીનપણું હોવાથી આદિત્યયશા માફક. ૪- કુલાંગાર - પોતાના કુળમાં અંગારા જેવો, દોષ અથવા સંતાપનો કરનાર હોવાથી - કંડરીકની માફક. આ રીતે શિષ્યો ચાર પ્રકારે છે—

સુત શબ્દથી શિષ્ય અર્થ પણ પ્રવૃત્ત છે. તેમાં ૧- અતિજાત - સિંહગિરિ અપેક્ષાએ વજસ્વામી, ૨- અનુજાત - શય્યંભવ અપેક્ષાએ યશોભદ્ર માફક,

૩- અપજાત - ભદ્રબાહુસ્વામી અપેક્ષાએ સ્થુલભદ્ર માફક. ૪- કુલાંગાર - કુલવાલક વત્ અને ઉદાયિનૃપ મારક વત્.

[૨૫૫] યથાવત્ વસ્તુને કહેવાથી અને યથાપ્રતિજ્ઞા કરવાથી સત્ય, વળી સત્ય એટલે સંયમીપણા વડે સત્વોને હિત હોવાથી અથવા પૂર્વે સત્ય હતું, હમણાં પણ સત્ય

જ છે એવી રીતે ચૌભંગી કરવાથી. એ રીતે સૂત્રોનો અતિદેશ કરતા કહે છે - 'एव'मित्यादि॰ સ્પષ્ટ છે, વિશેષ આ રીતે સૂત્રો છે - ચાર પ્રકારે પુરુષ કહ્યા - એક સત્ય - સત્ય પરિણત - ૪-, એ પ્રમાણે સત્યમન, સત્યસંકલ્પ, સત્યપ્રજ્ઞા, સત્યદૃષ્ટિ, સત્ય શીલાચાર, સત્ય વ્યવહાર, સત્ય પરાક્રમ એ બધાંની ચૌભંગી જાણવી. પુરુષોના અધિકારમાં જ આ બીજું સૂત્ર કહે છે—

ચાર વસ્ત્રો॰ ઇત્યાદિ॰ શુચિ એટલે સ્વભાવથી પવિત્ર, વળી સંસ્કાર અથવા કાળભેદ વડે. પુરુષની ચૌભંગીમાં શુચિ પુરુષ દુર્ગન્ધરહિત શરીર વડે અને શુચિ સ્વભાવ વડે. શુચિ પરિણત અને શુચિરૂપ આ બે સૂત્રો દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક સહિત છે. શુચિમન॰ ઇત્યાદિ, પુરુષ માત્રને આશ્રિત જ સાત સૂત્ર અતિદેશથી કહ્યા છે. - x -

[૨૫૬] પુરુષાધિકારમાં જ અન્યસૂત્ર કહે છે - ૧. આંબો, તેનું प्रलम्ब - ફળ, તેનું कोरक - ઉત્પન્ન કરનાર મુકુલ - કલિકા, એ રીતે બીજા પણ જાણવા. વિશેષ એ કે - ताल - वृक्ष વિશેષ, वल्ली - કાલિંગાદિની વેલડી, મેંઢ વિષાણ-મેંઢાના શીંગડા સમાન ફળવાળી વનસ્પતિની જાતિ-આવળ, તેનું કોરક. આ ચાર જ કોરક દૃષ્ટાંતપણે ગ્રહણ કરેલા છે, માટે ચાર કહ્યું, પણ લોકમાં ચાર જ કોરક નથી, ઘણાં જણાય છે. एवे॰ त्यादि સુગમ છે, વિશેષ એ કે - ઉપનય આ પ્રમાણે જાણવો - જે પુરુષ, સેવાયો હોય અને યોગ્ય કાળમાં ઉચિત ઉપકાર રૂપ ફળને આપે છે તે આમ્રપ્રલંબ કોરક સમાન છે, જે પુરુષ, સેવકને દીર્ઘકાળે કષ્ટથી મહાન્ ઉપકારક ફળને કરે છે, તે તાલપ્રલંબ કોરક સમાન, જે કલેશ વિના તત્કાળ ફળને આપે તે વલ્લી પ્રલંબ કોરક સમાન, જે સેવાયા છતાં સારા વચન માત્ર કહે પણ ઉપકાર ન કરે તે મેંઢવિષાણકોરક સમાન છે. - x - હવે પુરુષ અધિકારમાં જ ઘુણના સૂત્રને કહે છે—

● સૂત્ર-૨૫૭ :-

***ચાર પ્રકારે ઘુણ કહેલા છે - ત્વચા ખાનાર, છાલ ખાનાર, કાષ્ઠ ખાનાર, સાર ખાનાર.. આ પ્રમાણે ચાર ભિક્ષુ કહ્યા છે - ત્વચા ખાનાર સમાન યાવત્ સાર ખાનાર સમાન, ત્વચા ખાનાર સમાન ભિક્ષુનું તપ સાર ખાનાર સમાન કહ્યું છે, સાર ખાનાર સમાન ભિક્ષુનું તપ ત્વચા ખાનાર સમ કહ્યું છે, છાલ ખાનાર સમાન ભિક્ષુનું તપ કાષ્ઠ ખાનાર સમાન કહ્યું, કાષ્ઠ ખાનાર સમાન ભિક્ષુનું તપ છાલ ખાનાર સમાન કહ્યું છે.***

● વિવેચન-૨૫૭ :-

ત્વચા-બહારની છાલ, જે ખાય છે તે 'ત્વક્‌ખાદ'. એ રીતે ત્રણે જાણવા. વિશેષ એ કે - 'છલ્લિ'-અંદરની છાલ, કાષ્ઠ-લાકડું, સાર-કાષ્ઠનો મધ્ય ભાગ. एवमेवे આદિ ઉપનય સૂત્ર છે ભિક્ષણશીલ-ભિક્ષણધર્મી કે ભિક્ષામાં સાધુ તે ભિક્ષાક. ત્વચાને ખાનાર ઘુણા સમાન - અત્યંત સંતોષીપણે - આયંબિલ આદિમાં તુચ્છ આહાર ખાનાર હોવાથી ત્વચા ખાનાર જેવા.

એ રીતે છાલ ખાનાર સમાન-લેપરહિત આહારક હોવાથી. કાષ્ઠ ખાદ સમાન-



વિગઈ રહિત આહારકતાથી. સાર ખાદ સમાન - સર્વકામગુણ આહારત્વથી. આ ચારે ભિક્ષુઓના તપ વિશેષને કહેનારું સૂત્ર - तयक्खाय॰ સુગમ છે. ભાવાર્થ એ છે કે - બહારની છાલ જેવા અસાર આહાર વાપરનારને આસક્તિપણું ન હોવાથી કર્મના ભેદને સ્વીકારીને વજ્રસાર જેવું તપ હોય છે, માટે કહે છે—

સાર ખાનાર હોવાથી સાર ખાનાર ઘુણાનું સામર્થ્ય, વજ્ર મુખત્વથી સારને ખાનાર સમાન ઉક્ત લક્ષણવાળા સાધુનું સરાગપણાએ બહારની છાલ ખાનાર સમાન તપ હોય છે, તે કર્મસાર ભેદ પ્રતિ અસમર્થ છે. અંતર્ છાલને ખાનાર ઘુણા જેવા સાધુને બહારની છાલ ખાનાર ઘુણા જેવાની અપેક્ષાએ કંઈક વિશિષ્ટ ભોજન કરવા વડે કંઈક સરાગપણું હોવાથી અને કાષ્ઠના સાર અને કાષ્ઠને ખાનાર ઘુણા સમાન સાધુ અપેક્ષાએ હલકા ભોજન વડે આસક્તિ ન હોવાથી કર્મના ભેદન પ્રત્યે કાષ્ઠ ખાનાર સમ તપ કહ્યું. - x - કાષ્ઠને ખાનાર ઘુણા જેવા સાધુને સારને ખાનાર ઘુણા જેવાની અપેક્ષાએ સારરહિત ભોજન કરવા વડે આસક્તિ ન હોવાથી ત્વક્ અને અંતરછાલને ખાનાર ઘુણા જેવા સાધુની અપેક્ષાએ વિશેષ સારા ભોજન વડે સરાગપણું હોવાથી છાલને ખાનાર ઘુણા સમાન તપ કહ્યું. - x - ઇત્યાદિ.

પ્રથમ વિકલ્પમાં પ્રધાનતર તપ, બીજામાં અપ્રધાનતર, ત્રીજામાં પ્રધાન અને ચોથા વિકલ્પમાં અપ્રધાન તપ છે - હવે વનસ્પતિ પ્રરૂપણા —

● સૂત્ર-૨૫૮ થી ૨૬૦ :-

***[૨૫૮] તૃણ વનસ્પતિકાયિકો ચાર ભેદે કહેલ છે - અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ અને સ્કંધબીજ.***

***[૨૫૯] ચાર કારણે તત્કાળ ઉત્પન્ન નારક, નરકલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને ઇચ્છે, પણ તે મનુષ્યલોકમાં આવવાને સમર્થ ન થાય, ૧. હમણાં ઉત્પન્ન નૈરયિક નરકલોકમાં ઉત્પન્ન વેદના વેદતો મનુષ્ય લોકમાં શીઘ્ર આવવા ઇચ્છે પણ તે આવી ન શકે.. ૨. હમણાં ઉત્પન્ન નૈરયિક, નરકલોકમાં નરકપાલો વડે વારંવાર આક્રમણ કરાતા મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઇચ્છે પણ આવી ન શકે.. ૩. હમણાં ઉત્પન્ન નૈરયિક નરકવેદનીય કર્મ ક્ષીણ ન થવાથી અવેદન-અનિર્જરાને કારણે મનુષ્યલોકમાં આવવા સમર્થ થતો નથી. ૪. આ પ્રમાણે નરકાયુ કર્મ ક્ષીણ ન હોવાથી યાવત્ આવવા સમર્થ થતો નથી. આ ચાર કારણે હમણાં ઉત્પન્ન નૈરયિક યાવત્ મનુષ્યલોકમાં શીઘ્ર આવવા સમર્થ ન થાય.***

***[૨૬૦] સાધ્વીઓને ચાર સંઘાટિકા ધારવી અને પહેરવી કલ્પે બે હાથ પહોળી એક, ત્રણ હાથ પહોળી બે, ચાર હાથ પહોળી એક.***

● વિવેચન-૨૫૮ થી ૨૬૦ :-

[૨૫૮] વનસ્પતિ પ્રસિદ્ધ છે. તે જ કાય-શરીર જેઓનું છે તે વનસ્પતિકાય, તે જ વનસ્પતિકાયિકો, તૃણ જાતિના તે તૃણ વનસ્પતિકાયિકો અર્થાત્ બાદરો. જેને આગળ બીજ છે તે અગ્રબીજ - કોરંટક આદિ, અથવા જેઓનું આગળ બીજ છે તે અગ્રબીજો - વ્રીહી આદિ. જેઓને મૂલમાં બીજ છે તે મૂલબીજ-કમલ કંદ આદિ.

એ રીતે પર્વબીજ-શેલડી વગેરે, સ્કંધબીજ - સલ્લકી આદિ. સ્કંધ એટલે થડ. આ સૂત્રો બીજા વનસ્પતિ જીવોનો નિષેધ કરનારા નથી. તેથી બીજરૂહ અને સમ્મૂર્ચ્છનજ આદિનો અભાવ ન માનવો. જેથી સૂત્રાંતર વિરોધ ન થાય. વનસ્પતિજીવ કહ્યા.

હવે જીવના સામર્થ્યથી નરકજીવાશ્રિત કથન—

[૨૫૯] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - ઠાણ - કારણ, તત્કાળ ઉત્પન્ન - નીકળી ગયેલ છે શુભકર્મમાંથી તે નિરય - નરક, તેમાં ઉત્પન્ન તે નૈરયિક. તેનું અનન્ય ઉત્પત્તિ સ્થાનત્વ બતાવવા કહે છે - નરકલોકમાં, ત્યાંથી આ મનુષ્યલોક-ક્ષેત્રમાં શીઘ્ર આવવા ઇચ્છે. नो - नहीं संचाएइ - આવી શકે નહીં समुब्भूय - અત્યંત પ્રબળપણાએ ઉત્પન્ન, પાઠાંતરથી - થોડીવારમાં ઉત્પન્ન થયેલી, પાઠાંતરથી જે મહાન્ નથી તેને મહાન્ થવું તે મહદ્‌ભૂત, તેની સાથે જે તે સમહદ્‌ભૂતા, એવી દુઃખરૂપ વેદનાને અનુભવતો ઇચ્છા કરે. આ મનુષ્યલોકમાં આવવાની ઇચ્છાનું પહેલું કારણ.

અસમર્થનું કારણ છે, કેમકે તીવ્ર વેદનાથી પરાભવ પામેલ આવવા સમર્થ નથી. અંબ આદિ નરકપાલો વડે વારંવાર આક્રમણ કરાયેલો નારક મનુષ્યલોકમાં આવવાને ઇચ્છે, આ આગમનની ઇચ્છાનું બીજું કારણ.

આગમન અશક્તિનું એ જ કારણ છે, કેમકે તેઓ વડે દબાયેલ છે તથા નરકભૂમિમાં જે અનુભવાય કે જે વેદનીય તે નિરય વેદનીય, અત્યંત અશુભ નામકર્મ આદિ કે અસાતા વેદનીય, તે કર્મસ્થિતિ વડે અક્ષીણ, વિપાક વડે ન અનુભવેલ, જીવપ્રદેશોથી ન નિર્જરેલ હોવાથી મનુષ્યલોકમાં આવવા ઇચ્છા કરે, પણ આવી ન શકે. અવશ્ય વેદ્ય કર્મ બેડીને કારણે અસમર્થ.

- x - નરકાયુષ્ કર્મ ક્ષીણ ન થવાથી યાવત્ અવેદ્ય ઇત્યાદિ પાઠ જોવો. નિચોડ કહે છે - આ ચાર પ્રકારના કારણોથી આવી ન શકે.

[૨૬૦] હમણાં નરકનું સ્વરૂપ કહ્યું - નારકો અસંયમ સહાયક પરિગ્રહ થકી ઉત્પન્ન થાય છે. માટે તેના વિપક્ષીભૂત પરિગ્રહ વિશેષને કહે છે—

કલ્પે છે - યુક્ત છે, ગ્રન્થથી - બંધના હેતુભૂત સુવર્ણાદિથી અને મિથ્યાત્વ આદિથી નિર્ગત તે નિર્ગ્રન્થી - સાધ્વીઓ, તેણીને સંઘાટી - ઉત્તરીય વસ્ત્ર વિશેષ [કપડો] સ્વીકારવા અને પહેરવાનું, બે હાથની પહોળાઈવાળી - x - ઇત્યાદિ. ધારણ કરવા કે પરિભોગ કરવાનું, તેમાં પહેલી ઉપાશ્રયમાં ઓઢવા યોગ્ય છે, ત્રણ હાથ પહોળી બેમાંથી એક ગૌચરી જવામાં, બીજી સ્થંડિલ ભૂમિ જવામાં અને ચોથી સમવસરણમાં. - x - ઓઢ્યા સિવાય ક્યારેય ખુલ્લા શરીરે ન રહેવું. - - નારકપણું ધ્યાન વિશેષથી હોય, ધ્યાન વિશેષાર્થે જ સંઘાટી આદિ પરિગ્રહ છે, એ હેતુથી હવે ધ્યાનનું વર્ણન કરે છે—

● સૂત્ર-૨૬૧ :-

***ધ્યાન ચાર ભેદે છે - આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.***

***૧. આર્ત્તધ્યાન ચાર ભેદે છે - અમનોજ્ઞ વસ્તુનો સંબંધ થવાથી તેને દૂર કરવાની ચિંતાથી થતું, મનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિ થતાં તે દૂર ન થાય તેની ચિંતા, આતંક-રોગની પ્રાપ્તિ થતા તેનો વિયોગ થવાની ચિંતા, સેવાયેલા કામભોગનો સંબંધ થવાથી તેનો વિયોગ ન થવાની ચિંતારૂપ.***



***આર્ત્તધ્યાનના ચાર લક્ષણો છે - ક્રંદનતા, શોચનતા, તિપ્પણતા, વિલાપ.***

***૨. રૌદ્રધ્યાન ચાર ભેદે છે - હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી, સારક્ષણાનુબંધી.. રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે - અવસન્ન દોષ, બહુ દોષ, અજ્ઞાન દોષ, આમરણંત દોષ.***

***૩. ધર્મધ્યાન ચાર ભેદે છે - આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય.. ધર્મ ધ્યાનના ચાર લક્ષણો છે - આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ, અવગાઢરુચિ.. ધર્મધ્યાનના ચાર આલંબન છે - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા.. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ છે - એકત્વાનુપ્રેક્ષા, અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.***

***૪. શુક્લધ્યાન ચાર પ્રકારે, ચાર પદોમાં પ્રત્યાવતારિત છે - પૃથક્ત્વ વિતર્ક સવિચારી, એકત્વવિતર્ક, અવિચારી, સુક્ષ્મક્રિયા અનિવૃત્તિ, સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી.. શુક્લ ધ્યાનના ચાર લક્ષણો છે - અવ્યથ, અસંમોહ, વિવેક, વ્યુત્સર્ગ.. શુક્લ ધ્યાનના ચાર આલંબન છે - ક્ષમા, મુક્તિ, માર્દવ, આર્જવ.. શુક્લ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે - અનંતવૃત્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા, અશુભાનુપ્રેક્ષા, અપાયાનુપ્રેક્ષા.***

● વિવેચન-૨૬૧ :-

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - ધ્યાવવું તે ધ્યાન - અંતર્મુહૂર્ત માત્ર કાલ ચિત્તસ્થિરતા લક્ષણયુક્ત. કહ્યું છે કે - કોઈ એક વસ્તુમાં અંતર્મુહૂર્ત માત્ર ચિત્તની સ્થિરતા તે છદ્મસ્થોનું ધ્યાન અને યોગનિરોધ તે કેવલીનું ધ્યાન છે તેમાં - (૧) ઋત-દુઃખ, તેનું નિમિત્ત અથવા નિમિત્તે થયેલ કે પીડિતતામાં થયેલ તે આર્ત્તધ્યાન - દૃઢ અધ્યવસાય રૂપ. (૨) હિંસાઆદિ અતિ ક્રુરતા વડે આવેલું ધ્યાન તે રૌદ્ર. (૩) શ્રુત અને ચારિત્ર ધર્મથી યુક્ત ધ્યાન તે ધર્મ ધ્યાન. (૪) આઠે પ્રકારના કર્મમલને શોધે તે શુક્લ.

જેના ચાર ભેદો છે તે. અમનોજ્ઞ - અનિષ્ટ, આત્માને અપ્રિય શબ્દાદિ વિષય કે તેના સાધનવસ્તુનો સંબંધ તે અમનોજ્ઞ [અસ્વમનોજ્ઞ] સંપ્રયોગ સંપ્રયુક્ત. અમનોજ્ઞ શબ્દાદિના વિપ્રયોગાર્થે ચિંતાને જે જીવ સંપ્રાપ્ત થાય છે તે અભેદ ઉપચારથી આર્ત્ત કહેવાય છે - x - અથવા અમનોજ્ઞ સંપ્રયોગ સંપ્રયુક્ત જે પ્રાણી તે પ્રાણીને અનુક્રમથી અમનોજ્ઞ શબ્દાદિ વસ્તુના વિયોજનમાં જે ચિંતન, તેનું સમાગમન તે વિપ્રયોગ સ્મૃતિ સમન્વાગત. અથવા અમનોજ્ઞ વસ્તુના સંયોગયુક્ત પ્રાણીમાં અમનોજ્ઞ શબ્દાદિના વિપ્રયોગની ચિંતાવાળું આર્ત્તધ્યાન થાય છે. - x - આ પહેલો ભેદ.

આ રીતે પછીના ભેદો જાણવા. વિશેષ એ કે - મનોજ્ઞ એટલે વલ્લભ. ધન-ધાન્યાદિના અવિયોગની ચિંતા તે આર્ત્તધ્યાનનો બીજો ભેદ. આતંકરોગ એ ત્રીજું તથા સેવાયેલા જે કામો-ઇચ્છવા યોગ્ય, ભોગો-શબ્દાદિ અથવા કામ-શબ્દ અને રૂપ,

ભોગ-ગંધ, રસ, સ્પર્શ. - x - શબ્દાદિ ભોગમાં જોડાયેલ કે કામભોગોના સંબંધ વડે જે યુક્ત તે નિષેવિત કામભોગ સંપ્રયોગ સંપ્રયુક્ત અથવા જરાદિ વડે ક્ષીણ થયેલ અને કામભોગો વડે જોવાયેલ જીવ તેને કામભોગના જ અવિયોગની સ્મૃતિ તે પણ આર્તધ્યાન કહેવાય.

બીજો ભેદ ધન આદિના વિષયવાળો અને ચોથો ભેદ ધનાદિથી મળેલ શબ્દાદિ ભોગના વિષયવાળો છે. આ પ્રમાણે આ બંનેનો ભેદ છે. શાસ્ત્રાંતરમાં બીજા અને ચોથા ભેદનું એકપણું ત્રીજા વડે કહેલું છે અને ચોથો ભેદ ત્યાં નિદાન કહેલ છે. કહ્યું છે કે - અમનોજ્ઞ શબ્દાદિ વિષયના સાધનભૂત વસ્તુઓની દ્વેષ વડે મલિન થયેલ જીવને એના વિયોગની અતિ ચિંતા - x - તે પ્રથમ ભેદ... શૂળ-મસ્તક રોગાદિની પીડાના વિયોગનું દૃઢ ચિંતન અને ભવિષ્યમાં રોગ ન થવા રૂપ ચિંતા કે તે રોગ પ્રતિકાર કરવામાં વ્યાકુલ મનવાળાને હોય, તે આ બીજો ભેદ..

ઇષ્ટ વિષયાદિ અનુભવ વડે રાગરક્ત થયેલને તેનો વિયોગ ન થવાનો અધ્યવસાય અને તેના સંયોગના અભિલાષરૂપ ધ્યાન તે આ ત્રીજો ભેદ.. દેવેન્દ્ર, ચક્રવર્તીત્વાદિ ગુણ અને ઋદ્ધિની પ્રાર્થનારૂપ અધમ નિયાણાનું ચિંતન, તે અત્યંત અજ્ઞાનથી થયેલું હોય છે. આ ચોથો ભેદ.

હવે આર્તધ્યાનનાં લક્ષણો કહે છે - ચિત્તની વૃત્તિરૂપ હોવાથી પરોક્ષ છતાં પણ જેના વડે આર્તધ્યાન કરાય છે તે લક્ષણો, તેમાં -૧- ક્રંદનતા - મોટા શબ્દોથી રડવું, ૨- શોચનતા - દીનપણું, ૩- તેપનતા - तिप् ધાતુ ક્ષરણ અર્થમાં હોવાથી આંસુનું ખરવું, ૪- પરિદેવનતા - વારંવાર ખેદથી બોલવું. આ જણાવેલ ક્રંદનતાદિ ઇષ્ટ વિયોગ, અનિષ્ટસંયોગ, રોગવેદના જનિત શોક રૂપ આર્તધ્યાનનાં લક્ષણો છે. - x - અન્ય નિદાનના બીજા લક્ષણોને કહે છે. કહ્યું છે કે - નિજ કાર્યોને નિંદે, બીજાની વિભૂતિને વિસ્મય સહ પ્રશંસે, પ્રાર્થના કરે અને પ્રાપ્ત ઋદ્ધિમાં રાગવાળો, મેળવવા તત્પર બને છે.

હવે રૌદ્રધ્યાનના ભેદો કહે છે - હિંસા એટલે વિવિધ વધબંધનાદિ વડે પ્રાણીઓને પીડા પ્રત્યે નિરંતર પ્રવૃત્ત કરે છે, એવા સ્વભાવવાળું પ્રણિધાન અથવા હિંસાનો અનુબંધ જેમાં છે, તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન. કહ્યું છે કે - પ્રાણીનો વધ, વેધ, બંધન, બાળવું, અંકન કરવું, મારવું વગેરેમાં અતિ ક્રોધરૂપ ગ્રહથી ગૃહીત દૃઢ અધ્યવસાયરૂપ રૌદ્રધ્યાન નિર્દય મનવાળાને હોય છે અને તે અધમ ફળવાળું થાય છે.

તથા મૃષા - અસત્ય, તેનો અનુબંધ કરાવે, જે પિશુન-અસભ્ય-અછતું આદિ વચન ભેદે કહેવાય છે, તે મૃષાનુબંધી ધ્યાન છે કહ્યું છે કે - પિશુન, અસભ્ય, અસદ્ભૂત, ઘાતાદિ વચનના પ્રણિધાનરૂપ રૌદ્રધ્યાન માયાવી, કોઈને ઠગવામાં તત્પર અને ગુપ્ત પાપ કરનારને હોય છે.

સ્તેન-ચોરનું કાર્ય તે સ્તેય, તે પ્રત્યે તીવ્ર ક્રોધાદિથી વ્યાકુળપણે અનુબંધવાળું જે ધ્યાન તે સ્તેયાનુબંધી. કહ્યું છે - તીવ્ર ક્રોધ - લોભથી વ્યાકુળ થયેલને અનાર્યરૂપ,



પ્રાણીઘાતરૂપ, પરદ્રવ્યહરણચિત્તવાળું અને પરલોકના અપાયથી અપેક્ષારહિત એવું રૌદ્રધ્યાન તે ત્રીજો ભેદ.

સંરક્ષણ - સર્વ ઉપાયો વડે વિષયના સાધનભૂત ધનનું રક્ષણ કરવામાં અનુબંધ છે જેમાં તે સંરક્ષણાનુબંધી. કહ્યું છે કે - શબ્દાદિ વિષયના સાધનભૂત, ધન રક્ષમાં ઉદ્યમવાળું, સારા માણસોને ઇચ્છવા યોગ્ય નહીં એવું, બધાં પરત્વે શંકારૂપ, ઉપઘાત કલુષ વડે આકુળ ચિત્તરૂપ એવું રૌદ્રધ્યાન હોય છે.

હવે રૌદ્ર ધ્યાનનાં લક્ષણો કહે છે - અવસન્નદોષ - હિંસાદિ ચારમાંથી કોઈપણ ભેદમાં બહુલતાએ વિરામ ન પામવાથી જે દોષ અથવા હિંસાદિ કોઈ એકને વિશે પ્રવૃત્તિનું જે બહુલપણું તે જ દોષ તે અવસન્ન દોષ.

વળી હિંસાદિ સર્વમાં પ્રવૃત્તિરૂપ દોષ તે બહુદોષ અથવા ઘણા પ્રકારે હિંસા અને અસત્યાદિ દોષ તે બહુદોષ... અજ્ઞાન-કુશાસ્ત્રના સંસ્કારથી નરકાદિના કારણભૂત અધર્મસ્વરૂપ હિંસાદિને વિશે ધર્મ બુદ્ધિ વડે અભ્યુદય અર્થે પ્રવૃત્તિરૂપ જે દોષને અજ્ઞાન દોષ અથવા કહેલ લક્ષણ વિશિષ્ટ અજ્ઞાન જ દોષ, તે અજ્ઞાન દોષ અન્યત્ર 'નાનાવિધ દોષ' પાઠ છે - કહેલ લક્ષણવાળા હિંસાદિ દોષને વિશે અનેકવાર પ્રવૃત્તિ તે નાનાવિધ દોષ... મરણ એ જ અંત તે મરણાંત, મરણના અંત સુધી તે આમરણાંત, જેને ખેદ નથી તે કાલસૌરિકાદિની હિંસાદિમાં જે પ્રવૃત્તિ તે આમરણાંત દોષ.

હવે સ્વરૂપ વડે ધર્મધ્યાન ચાર પ્રકારે કહે છે - સ્વરૂપ, લક્ષણ, આલંબન, અનુપ્રેક્ષા રૂપ ચાર પદોનો વિશે વિચારણીયપણાએ જેનો અવતાર છે, તે ચતુષ્પદાવતાર અથવા 'ચાર પ્રકારનો' જ આ પર્યાયવાચી શબ્દ છે. પાઠાંતરથી ચાર પદોને વિશે પ્રત્યવતાર છે જેનો - એમ જાણવું.

(૧) આજ્ઞાવિચય - आ - અભિવિધિથી જણાય છે અર્થો જેના વડે તે 'આજ્ઞા, તે વિચીયતે - નિર્ણય કરાય છે અથવા જેના વિશે વિચારાય છે તે, પ્રાકૃતપણાથી વિજય શબ્દ છે. જે આજ્ઞા વિજીયતે - અધિગમ દ્વારા પરિચિત કરાય છે જેમાં તે આજ્ઞા વિજય. એ રીતે શેષ ત્રણ ભેદો જાણવા.

વિશેષ એ કે - (૨) અપાય - પ્રાણીઓને રાગાદિથી ઉત્પન્ન થયેલ આલોક તથા પરલોકના અનર્થો.. (૩) વિપાક - કર્મોનું ફળ - જ્ઞાનાદિને રોકવું.. (૪) સંસ્થાન - લોક દ્વીપ સમુદ્ર અને જીવાદિના આકારો. કહ્યું છે - આપ્ત વચન સ્વરૂપ પ્રવચનના અર્થનો નિર્ણય કરવો તે આજ્ઞા વિચય., આશ્રવ વિકથા ગૌરવ પરીષહાદિથી થતા દોષનું ચિંતન તે અપાય વિચય., શુભાશુભ કર્મ વિપાકનું અનુચિંતન તે વિપાક વિચય., દ્રવ્ય-ક્ષેત્ર આકૃતિનું ચિંતન તે સંસ્થાન વિચય.

- - હવે ધર્મધ્યાનના લક્ષણો કહે છે—

૧. આજ્ઞારુચિ - आज्ञा - સૂત્ર વ્યાખ્યાનરૂપ નિર્યુક્તિ આદિ, આજ્ઞામાં કે આજ્ઞા વડે, રુચિ - શ્રદ્ધા. તે આજ્ઞારુચિ. એમ બીજી રુચિમાં પણ જાણવું. વિશેષ એ કે - निसर्ग - સ્વાભાવિક, ઉપદેશ વિના. सूत्र - આગમ, તેમાં કે તેથી. अवगाढ - અવગાહવું તે, દ્વાદશાંગીને વિસ્તારથી જાણવી, તે વડે રુચિ અથવા ओगाढ - સાધુની

સમીપમાં રહીને સાધુના ઉપદેશથી રુચિ. કહ્યું છે - આગમથી, ઉપદેશથી, નિસર્ગથી જે જિનપ્રણીત ભાવોનું શ્રદ્ધાન કરવું તે ધર્મધ્યાનના લક્ષણો છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન્રૂપ સમ્યક્ત્વ તે ધર્મનું લક્ષણ છે.

હવે ધર્મના આલંબનો કહે છે - ધર્મધ્યાનરૂપ મહેલ પર ચડવા માટે જે આલંબન લેવાય તે આલંબન કહેવાય, તે આ -૧- શિષ્યને કર્મની નિર્જરા માટે થતું સૂત્રનું દાન તે વાચના. -૨- સૂત્રાદિમાં શંકા થતા શંકા દૂર કરવા ગુરુને પૂછવું તે પ્રતિપ્રચ્છના. -૩- અહીં પ્રતિ શબ્દ ધાતુના જ અર્થવાળો છે, તથા પૂર્વે ભણેલ સૂત્રાદિની વિસ્મૃતિ ન થાય, નિર્જરા થાય માટે જે અભ્યાસ તે પરિવર્તના. -૪- સૂત્રના અર્થનું ચિંતન તે અનુપ્રેક્ષા.

હવે ચાર અનુત્પ્રેક્ષા છે -૧- अनु - ધ્યાનની પાછળ, प्रेक्षणानि - સારી રીતે વિચારો કરવા તે અનુપ્રેક્ષા. તેમાં હું એકલો છું, મારું કોઈ નથી, હું અન્ય કોઈનો નથી, જેનો હું છું, તેને જોતો નથી, ભાવિમાં મારું કોઈ થાય એમ નથી. એ રીતે એકાકી આત્માની અનુપ્રેક્ષા-ભાવના તે એકાનુપ્રેક્ષા. -૨- કાયા, તરત નાશ પામનારી છે, સંપત્તિ આપત્તિનું સ્થાન છે, સંયોગો વિયોગવાળા છે, જે ઉત્પન્ન થાય છે તે ક્ષણ ભંગુર છે, એ રીતે અનિત્ય જીવન આદિની અનુપ્રેક્ષા તે અનિત્યાનુપ્રેક્ષા. -૩- જન્મ, જરા, મરણ ભયથી પરાભવ થતાં વ્યાધિની પીડા વડે ગ્રસ્ત થતા આ લોકમાં જીવને જિનવચન સિવાય કોઈ શરણ લોકમાં નથી, એ રીતે શરણરહિત આત્માની અનુપ્રેક્ષા-અશરણાનુપ્રેક્ષા. -૪- આ સંસારમાં માતા થઈને પુત્રી, બહેન અને પત્ની થાય છે, દીકરો થઈને પિતા, ભાઈ કે શત્રુ પણ થાય છે. આ રીતે ચાર ગતિમાં, સર્વાવસ્થામાં ભ્રમણ રૂપ સંસારની અનુપ્રેક્ષા તે સંસારાનુપ્રેક્ષા.

હવે શુક્લ ધ્યાન કહે છે - (૧) પૃથક્ત્વ - એક દ્રવ્ય આશ્રિત ઉત્પાદ આદિ પર્યાયોના ભેદ વડે કે પૃથુત્વથી - વિસ્તારપણે, વિતર્ક એટલે વિકલ્પ, તે પૂર્વગત શ્રુતના અવલંબનરૂપ વિવિધ નયના અનુસરણ લક્ષણ વડે જેને વિશે છે તે પૃથક્ત્વ વિતર્ક. વિતર્કને શ્રુત પણ કહ્યું છે - x - વિચરણ એટલે અર્થથી શબ્દમાં, શબ્દથી અર્થમાં તથા મન આદિ કોઈ એક યોગથી બીજા યોગમાં જવું તે વિચાર. - x - વિચાર સહિત તે સવિચારી. - x -

કહ્યું છે કે - ઉત્પાત્, સ્થિતિ, નાશ આદિ પર્યાયોને જે એક દ્રવ્યમાં પૂર્વગત શ્રુતાનુસાર વિવિધ નય વડે અનુસરણ. વિચાર-અર્થ અને શબ્દનું, તેમજ યોગાંતરમાં સંક્રમણ તે શુક્લ ધ્યાનનો પ્રથમ ભેદ પૃથક્ત્વ વિતર્ક, અરાગભાવવાળાને હોય છે - બીજો ભેદ - એકત્વવિતર્ક. તે આ—

અભેદ વડે ઉત્પાદાદિ પર્યાયોમાંથી કોઈ એક પર્યાયના અવલંબનપણાએ વિતર્ક-પૂર્વગત શ્રુતાશ્રયવાળો શબ્દ કે અર્થરૂપ, જે જીવને છે તે એકત્વ વિતર્ક. તથા અર્થ કે શબ્દ અને મન વગેરે યોગોનું પરસ્પર ગમન વિદ્યમાન નથી - x - જેને તે અવિચારી, પૂર્વવત્ જાણવું. - x -

હવે ત્રીજો ભેદ - સૂક્ષ્મક્રિય એટલે નિર્વાણગમન કાલે મનોયોગ, વચનયોગનો



નિરોધ અને કાયયોગનો અર્ધનિરોધ કરેલ એવા કેવલીને સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિ ધ્યાન હોય છે. કાયાસંબંધી ઉચ્છ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા હોવાથી સૂક્ષ્મક્રિય, પ્રવર્ધમાન પરિણામથી અનિવૃત્તિ સ્વભાવ છે.

હવે ચોથો ભેદ - સમુચ્છિન્નક્રિય-શૈલેશીકરણમાં યોગનિરુદ્ધત્વથી કાયિકાદિ ક્રિયા જેને વિશે નાશ થયેલ છે તે સમુચ્છિન્નક્રિય, જેનો વિરામ નહીં પામવાવાળો સ્વભાવ છે તે; સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી. - x -

શુક્લધ્યાનના છેલ્લા બે ભેદમાં કેવલીને અંતર્મુહૂર્ત કાલે મોક્ષ જવાનું હોય ત્યારે વેદનીયાદિ ભવોપગ્રાહી કર્મ, સમુદ્ઘાતથી કે સ્વભાવે જે સમાન સ્થિતિક હોવા છતાં યોગનિરોધ કરે છે. પર્યાપ્ત માત્ર સંજ્ઞી જઘન્ય યોગવાળા જીવને મનોદ્રવ્ય અને તેનો વ્યાપાર જે પ્રમાણમાં હોય તેનાથી અસંખ્યાત ગુણહીનનું સમયે સમયે રુંધન કરતા અસંખ્યાત સમયે સર્વ મનોયોગ રુંધે છે. પર્યાપ્ત બેઇન્દ્રિય જીવના વચનયોગના પર્યાયોથી અસંખ્યાતગુણહીન વચનયોગને સમયે સમયે રુંધતા અસંખ્યાત સમયે સર્વથા વચનયોગને રુંધે છે. પછી પ્રથમ સમયોત્પન્ન સૂક્ષ્મ પનકનો જે નિશ્ચે જઘન્ય યોગ છે, તેથી અસંખ્યાત ગુણહીન એકૈક સમયમાં નિરોધ કરતા દેહના ત્રીજા ભાગને મૂકતા સંખ્યાતીત સમયમાં સ્વકાય યોગનો નિરોધ કરતા શૈલેશીભાવને પ્રાપ્ત થાય છે.

મેરુ માફક સ્થિરતા તે શૈલેશી. મધ્યમ રીતે પાંચ હ્રસ્વાક્ષર જેટલા કાળ વડે ઉચ્ચાર કરાય, તેટલો કાળ શૈલેશી અવસ્થા હોય છે. કાયયોગ નિરોધથી સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિરૂપ ધ્યાવે છે, પછી શૈલેશી અવસ્થામાં સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી ધ્યાન કરે છે.

હવે શુક્લધ્યાનનાં લક્ષણો કહે છે - દેવાદિ કૃત ઉપસર્ગાદિ જનિત ભય કે ચલનરૂપ વ્યથાનો અભાવ તે અવ્યથ, તથા દેવાદિ કૃત માયાજનિત સૂક્ષ્મ પદાર્થ વિષયક મૂઢતાનો નિષેધ તે અસંમોહ તથા દેહથી આત્માનું કે આત્માથી સર્વ સંયોગોનું બુદ્ધિ વડે પૃથક્કરણ તે વિવેક તથા નિઃસંગપણે દેહ-ઉપધિનો ત્યાગ તે વ્યુત્સર્ગ.

અહીં વિવરણ ગાથા કહે છે—

પરિષહ-ઉપસર્ગોથી ધીર પુરુષ ચલિત થતો કે ભય પામતો નથી, સૂક્ષ્મ ભાવો અને દેહ માયામાં સંમોહ પામતો નથી, દેહ-આત્માને પૃથક્ તથા આત્માને સર્વ સંજોગોથી ભિન્ન માને છે, દેહ-ઉપધિનો ત્યાગ તે વ્યુત્સર્ગ.

આલંબન સૂત્ર સ્પષ્ટ છે, તે સંબંધી ગાથા-ક્ષાંતિ, માર્દવ, આર્જવ, નિર્લોભતા આ ચાર જિનમતમાં પ્રધાન છે, આ આલંબન દ્વારા શુક્લ ધ્યાન પ્રત્યે જીવ આરોહણ કરે છે. હવે ધર્મધ્યાનની અનુપ્રેક્ષા કહે છે—

અત્યંત વિસ્તૃત વૃત્તિ જેની છે, તે અથવા અનંતપણે વર્તે છે, તે અનંતવર્તી, તેનો ભાવ તે અનંતવર્તિતા, જે ભવ પરંપરાની જાણવી, તેની અનુપ્રેક્ષા તે અનંતવર્તિતાનુ-પ્રેક્ષા. કહ્યું છે - આ અનાદિ જીવ સાગરવત્ દુસ્તર સંસારમાં નારક, તિર્યંચ, મનુષ્ય, દેવના ભવોને વિશે પરિભ્રમણ કરે છે. એ રીતે બીજી અનુપ્રેક્ષામાં પણ જાણવું. વિશેષ

એ કે - વિવિધ પ્રકારે પરિણમન થવું તે વિપરિણામ. કહ્યું છે કે - આ લોક અને દેવલોકમાં સર્વે સ્થાનો અશાશ્વત છે, સુર-અસુર-મનુષ્યાદિકની ઋદ્ધિ અને સુખ અશાશ્વત છે.

સંસારનું અશુભત્વ જાણવું. જેમકે - સંસારને ધિક્કાર છે, કે જેને વિશે પરમ રૂપ ગર્વિત યુવાન મરીને પોતાના જ કલેવરમાં કીડો થાય છે તથા અપાય-આશ્રવના દોષો કહે છે - અનિગૃહીત ક્રોધ અને માન, વૃદ્ધિ પામતા માયા અને લોભ આ ચારે દુષ્ટ કષાયો પુનર્ભવવૃક્ષના મૂલને સિંચે છે. ભાવના સંબંધી ગાથા છે, પૂર્વવત્ જાણવી.

- હવે દેવસ્થિતિ કહે છે.

● **સૂત્ર-૨૬૨,૨૬૩ :-**

***[૨૬૨] દેવોની સ્થિતિ ચાર ભેદે છે - કોઈ સામાન્ય દેવ, કોઈ સ્નાતક દેવ, કોઈ પુરોહિત દેવ, કોઈ સ્તુતિપાઠક દેવ... ચાર પ્રકારે સંવાસ કહ્યા છે - કોઈ દેવ દેવી સાથે સંવાસ કરે, કોઈ દેવ સ્ત્રી કે તિર્યંચણી સાથે સંવાસ કરે, મનુષ્ય કે તિર્યંચ દેવી સાથે સંવાસ કરે, કોઈ મનુષ્ય-તિર્યંચ માનુષી કે તિર્યંચણી સાથે સંવાસ કરે.***

***[૨૬૩] ચાર કષાયો કહ્યા - ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય, એ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય... ક્રોધના ચાર આધાર કહ્યા :- આત્મા-પર-તદુભય-પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય... એ પ્રમાણે યાવત્ - લોભને વૈમાનિક પર્યન્ત જાણવો... ચાર સ્થાને ક્રોધોત્પતિ થાય છે - ક્ષેત્ર નિમિત્તે, વસ્તુ નિમિત્તે, શરીર નિમિત્તે, ઉપધિ નિમિત્તે, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય. એ પ્રમાણે યાવત્ લોભને વૈમાનિક પર્યન્ત જાણવો...ક્રોધ ચાર ભેદે છે - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનવરણ, સંજ્વલન ક્રોધ, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને જાણવું. એ રીતે યાવત્ લોભમાં, વૈમાનિક પર્યન્ત... ક્રોધ ચાર પ્રકારે - આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત, ઉપશાંત, અનુપશાંત, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને જાણવા. એ રીતે યાવત્ લોભમાં યાવત્ વૈમાનિકને જાણવું.***

● **વિવેચન-૨૬૨,૨૬૩ :-**

[૨૬૨] સ્થિતિ - ક્રમ, મનુષ્ય સ્થિતિવત્ દેવોમાં પણ રાજા, પ્રધાન વગેરે મર્યાદા છે. દેવ-સામાન્ય, કોઈ એક દેવ પ્રધાન, દેવ કે દેવોનો સ્નાતક એવો વિગ્રહ છે, એમ બાકીના ભેદોમાં પણ જાણવું. વિશેષ એ - પુરોહિત એટલે શાંતિકર્મ કરનાર, पज्जलण - ચારણની જેમ પ્રશંસા કરીને બીજા દેવોને તેજસ્વી કરે. દેવની સ્થિતિના પ્રસ્તાવથી તેના વિશેષભૂત સંવાસ સૂત્રને કહે છે—

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - સંવાસ - મૈથુન માટે એકત્ર વસવું. छवि - ત્વચાના યોગથી ઔદારિકાદિ શરીર, તેથી યુક્ત નારી કે તિર્યંચણી અથવા નર કે તિર્યંચ. સંવાસ કહ્યો, તે વેદલક્ષણ મોહના ઉદયથી થાય. તેથી મોહના વિશેષભૂત કષાય પ્રકરણને કહે છે—





[૨૬૩] ચાર કષાય૦ કર્મરૂપ ક્ષેત્રને ખેડે તે - સુખદુઃખ ફલને યોગ્ય કરે કે જીવને મલિન કરે તે નિરુક્ત વિધિથી કષાય કહેવાય. કહ્યું છે - x - પ્રાણીને હણે છે તે कष - કર્મ કે સંસાર, તેના લાભનો હેતુ હોવાથી આય તે કષાય, પ્રાણીને ઉક્ત कष પ્રતિ લઈ જાય તે કષાય. - x - તેમાં—

ક્રોધન કે જેનાથી ક્રુદ્ધ થાય તે ક્રોધ, ક્રોધ મોહનીયના ઉદયથી સંપાદ્ય જીવની પરિણતિ વિશેષ અથવા ક્રોધમોહનીયકર્મ એ જ ક્રોધ. એ રીતે અન્યત્ર પણ જાણવું. વિશેષ એ કે - "હું જાત્યાદિ ગુણવાન્ છું" એમ માનવું કે જેના વડે મનાય તે માન. માયા - હિંસા, ઠગવું, જેની દ્વારા ઠગે તે માયા. લોભ - અભિકાંક્ષા અથવા જેના વડે લુબ્ધ થાય તે લોભ.

આ પ્રમાણે સામાન્યથી ચાર કષાય કહ્યા. વિશેષથી નારકો, અસુરો યાવત્ ચોવીશમાં પદમાં વૈમાનિકોને [આ ચાર કષાય હોય.]

चउपइट्ठिए - આત્મ, પર, ઉભય અને તેનો અભાવ એ ચારમાં રહેલ તે ચતુઃપ્રતિષ્ઠિત, તેમાં-૧-આત્મપ્રતિષ્ઠિત - પોતાના અપરાધ વડે પોતાના વિષયમાં આલોક પરલોકના દોષના દર્શનથી. ૨- પર પ્રતિષ્ઠિત - બીજા વડે આક્રોશ આદિથી ઉદીરિત અથવા બીજાના વિષયવાળો. ૩- ઉભય પ્રતિષ્ઠિત - આત્મ અને પર વિષયક - આક્રોશાદિ કારણ નિરપેક્ષ. ૪- અપ્રતિષ્ઠિત - માત્ર ક્રોધ વેદનીયના ઉદયથી જે થાય તે. કહ્યું છે કે—

ફળના અનુભવોમાં કર્મ સાપેક્ષ અને નિરપેક્ષ છે. જેમ આયુષ્ય કર્મ સોપક્રમ અને નિરુપક્રમ કહ્યું છે. આ ચોથો ભેદ જીવ પ્રતિષ્ઠિત હોવા છતાં આત્માદિ વિષયમાં અનુત્પન્ન હોવાથી અપ્રતિષ્ઠિત કહ્યો. પણ સર્વથા અપ્રતિષ્ઠિત નથી, કેમકે તેથી ચાર પ્રતિષ્ઠિતપણાના અભાવનો પ્રસંગ આવે.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિયને ક્રોધનું આત્માદિ પ્રતિષ્ઠિતત્વ પૂર્વભવમાં તે પરિણામ પરિણત મરણ વડે ઉત્પન્ન છે. એ રીતે માન, માયા, લોભ વડે પણ ત્રણ દંડક સૂત્રો કહેવા. - - ક્ષેત્ર - નારકાદિને પોત-પોતાના ઉત્પત્તિ સ્થાનને આશ્રીને, એમ વસ્તુ-સચિત્તાદિ પદાર્થ કે વાસ્તુ-ઘર, દુઃસંસ્થિત કે વિરૂપ શરીર, જે જેનું ઉપકરણ તે ઉપધિ એકેન્દ્રિયોને ભવાંતરાપેક્ષાએ છે.

એવી રીતે માન આદિ ત્રણ દંડકો પણ જાણવા. - - અનંત ભવની પરંપરાને કરે છે એવા સ્વભાવવાળો જે કષાય તે અનંતાનુબંધી અથવા અનંત અનુબંધ છે જેનો તે અનંતાનુબંધી, સમ્યગ્દર્શનના સહભાવી ક્ષમાદિ સ્વરૂપ ઉપશમ વગેરે ચારિત્રના લેશને અટકાવનાર છે, કેમકે અનંતાનુબંધી ચારિત્રમોહનીયરૂપ છે. ઉપશમાદિ વડે જ ચારિત્રી ન કહેવાય. કેમકે અલ્પત્વાદિ કે અમનસ્ક સંજ્ઞી નથી, પણ મહાન્ મૂલગુણાદિરૂપથી ચારિત્ર વડે ચારિત્રી કહેવાય છે. આ કારણથી જ ત્રણ પ્રકારે દર્શનમોહનીય અને પચ્ચીશ પ્રકારે ચારિત્ર મોહનીય છે.

શંકા-પ્રથમ કષાયના ઉદયે નિશ્ચયે સમકિતનો અભાવ હોય, પણ ચારિત્ર આવરકની સમ્યકત્વ આવરકત્વથી ઉત્પત્તિ નહીં થાય, તેથી સાત પ્રકારે દર્શન

મોહનીય અને એકવીશ પ્રકારે ચારિત્ર મોહનીય છે, એ મત યોગ્ય લાગે છે.

સમાધાન-પ્રથમ કષાયના ઉદયે૦ આદિ કહ્યું તે અનંતાનુબંધી કષાયોનો સમ્યકત્વ આવરકપણે નહીં, પણ સમ્યકત્વ સહભાવી ઉપશમાદિના અટકાવ વડે કહ્યું, અન્યથા અનંતાનુબંધી વડે જ સમ્યકત્વનું આવૃત્તપણું હોવાથી અન્ય મિથ્યાત્વથી શું પ્રયોજન છે ? - x - કષાયોનો ક્ષય થયા સિવાય કેવલજ્ઞાનનો લાભ ન થાય, અહીં કષાયોનું કેવલજ્ઞાનને આવરણ કરવાપણું નથી છતાં કષાયનો ક્ષય કેવલજ્ઞાનના કારણપણે કહ્યો છે. - x - એ રીતે અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમમાં જ સમ્યકત્વનો લાભ કહેવાય છે. જેથી અનંતાનુબંધીના ઉદયે મિથ્યાત્વ ક્ષયોપશમને ન પામે અને ક્ષયોપશમના અભાવે સમ્યકત્વ થતું નથી. જે સપ્તવિધ દર્શન મોહનીય કહેલ છે તે - x - ચારિત્રના અંશરૂપ ઉપશમાદિ ગુણોને વિશે સમ્યકત્વ કહ્યું છે, તેમ માનવું.

અણુવ્રતાદિ પ્રત્યાખ્યાન જેને વિદ્યમાન નથી તે અપ્રત્યાખ્યાન કષાય, તે દેશવિરતિ આવરક છે...પ્રત્યાખ્યાનાવરણ - મર્યાદા વડે જે સર્વવિરતિને આવરણ કરે તે...સંજ્વલનકષાય-સર્વ સાવધની વિરતિને તપાવે અથવા ઇન્દ્રિયના વિષયની પ્રાપ્તિને વિશે પ્રદીપ્ત થાય તે યથાખ્યાત ચારિત્રને આવરક છે. એ રીતે માન, માયા, લોભમાં પણ અનંતાનુબંધી આદિ ચારે કહેવા.

આ ચારેને પૂજ્યોએ આ પ્રમાણે કહ્યા - જે અનંત જન્મોનો અનુબંધ કરાવે તેથી અનંતાનુબંધી કહેવાય, તે ક્રોધાદિમાં પ્રથમ કહ્યા. અલ્પ પણ પ્રત્યાખ્યાનને ન સ્વીકારે તે 'અપ્રત્યાખ્યાન' નામે કહ્યા એ બીજો ભેદ છે. સર્વ સાવધ વિરતિ વિષયક પ્રત્યાખ્યાનને આવરે તે પ્રત્યાખ્યાનાવરણ એ ત્રીજા કહ્યા. શબ્દાદિ વિષયોને મેળવીને વારંવાર પ્રદીપ્ત કરે તે સંજ્વલન ચોથો કષાય કહ્યો. - x -

જ્ઞાનપૂર્વક થયેલ તે આભોગ નિર્વર્તિત, તે ક્રોધના વિપાકાદિ જાણવા છતાં દોષ કરે. જે અજાણપણે કરે તે અનાભોગ નિર્વર્તિત, ઉદય અવસ્થાને ન પામેલ, તે ઉપશાંત, ઉદયમાં ન આવેલ તે અનુપશાંત. એકેન્દ્રિયાદિને આભોગ નિર્વર્તિત, સંજ્ઞીના પૂર્વભવની અપેક્ષાએ કહેલ છે. અનાભોગ નિર્વર્તિત તે ભવની અપેક્ષાએ પણ છે. વિશિષ્ટ ઉદયના અભાવે નારકાદીને ઉપશાંત ક્રોધ છે, અનુપશાંત માટે વિચારવા જેવું નથી. એ રીતે માનાદિ પણ કહેવા.

હવે કષાયોનાં જ ત્રણ કાળ સંબંધી ફળ વિશેષને કહે છે—

● સૂત્ર-૨૬૪,૨૬૫ :-

*[૨૬૪] જીવો ચાર કારણો વડે આઠ કર્મપ્રકૃતિઓ એકઠી કરતા હતા - ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું. એ રીતે એકઠી કરે છે અને એકઠી કરશે. એ રીતે ત્રણ દંડકો જાણવા...*

*એ જ રીતે - ઉપચય, બંધ, ઉદીરણા, વેદન, નિર્જરા કર્યા છે - કરે છે - કરશે યાવત્ વૈમાનિક, ચોવીશે દંડકમાં ''નિર્જરા'' પર્યન્ત ત્રણ-ત્રણ દંડકો કહેવા જોઈએ.*

*[૨૬૫] ચાર પ્રતિમા કહી છે - સમાધિ, ઉપધાન, વિવેક અને વ્યુત્સર્ગ..ચાર*



*પ્રતિમાઓ કહી છે - ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા...ચાર પ્રતિમાઓ કહી છે - લઘુમોકપ્રતિમા, મહામોકપ્રતિમા, જવમધ્યા, વજમધ્યા.*

● વિવેચન-૨૬૪,૨૬૫ :-

[૨૬૪] સૂત્રનો અર્થ પૂર્વે કહેવાયેલ છે. વિશેષ - चयन - કષાય પરિણત જીવને કર્મપુદ્ગલોનું ઉપાદાન માત્ર... उपचयन - ચયિત અબાધાકાળ છોડીને જ્ઞાનાવરણીયાદિ રૂપે નિષેક. તે આ રીતે - પ્રથમ સ્થિતિમાં અત્યંત કર્મદલિક સ્થાપે, બીજી સ્થિતિમાં વિશેષહીનને, એ રીતે યાવત્ ઉત્કૃષ્ટ વિશેષહીનને સ્થાપે. - x - ... बन्धन - જ્ઞાનાવરણીયાદિ રૂપે નિષિક્તને ફરી પણ કષાય પરિણતિ વિશેષથી નિકાચન કરે... उदीरण - અનુદય પ્રાપ્તને કરણ વડે ખેંચીને ઉદયમાં લાવવા... वेदन - સ્થિતિ ક્ષયથી ઉદયમાં આવેલ કે ઉદીરણા કરણ વડે ઉદયમાં લાવેલ કર્મોને અનુભવવા... निर्जरा - કર્મનું અકર્મત્વ થવું, અહીં દેશનિર્જરા લેવી.

સર્વનિર્જરા ચોવીશે દંડકમાં અસંભવ છે. નિર્જરામાં ક્રોધાદિ કારણ થતાં નથી, ક્રોધાદિનો ક્ષય જ તેના કારણપણે છે. - x -

[૨૬૫] નિર્જરા કહી, તે વિશિષ્ટ પ્રતિમાદિથી થાય માટે પ્રતિમા સૂત્ર—

આ સૂત્રો બીજા સ્થાનમાં કહ્યા છે, અહીં ચાર સ્થાનને આશ્રીને તે કહે છે. એની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. માત્ર સ્મરણાર્થે કંઈક કહે છે - समाधि - શ્રુત અને ચારિત્રરૂપ છે, તે સંબંધી પ્રતિજ્ઞા-અભિગ્રહ તે સમાધિપ્રતિમા અથવા દ્રવ્યસમાધિ પ્રસિદ્ધ છે, તે વિષયક અભિગ્રહ તે સમાધિપ્રતિમા.

એ રીતે બીજી પણ જાણવી. વિશેષ એ કે - उपधान એટલે તપ. विवेक - અશુદ્ધ, અતિરિક્ત ભક્તપાન, વસ્ત્ર, શરીર, શરીરના મળ આદિનો ત્યાગ. विउस्सग्ग - કાયોત્સર્ગ. - - तथा - પૂર્વાદિ ચાર દિશા સન્મુખ રહેલ સાધુને પ્રત્યેક દિશામાં ચાર-ચાર પ્રહર કાયોત્સર્ગરૂપ भद्रा પ્રતિમા, બે અહોરાત્રિ વડે તે સમાપ્ત થાય. सुभद्रा પ્રતિમા એમ જ સંભવે છે, સ્વરૂપ જાણેલ નથી. महाभद्रा - એ રીતે અહોરાત્ર પ્રમાણ કાયોત્સર્ગ, ચાર રાત્રિએ સમાપ્ત થાય, જે દશે દિશાએ અહોરાત્ર પ્રમાણ કાયોત્સર્ગ કરવારૂપ છે તે સર્વ તો ભદ્રા પ્રતિમા, જે દશ અહોરાત્રિએ સમાપ્ત થાય છે... मोक પ્રતિમા - પ્રશ્રવણ પ્રતિજ્ઞા, તેમાં ''लघु'' સોળભક્ત વડે અને ''महा'' અઢાર ભક્ત વડે સમાપ્ત થાય છે. जवमध्या - જવની જેમ દત્તિ-કવલ વડે આદ્યન્તે હીન, મધ્યે વૃદ્ધિવાળી છે, वज्रमध्या - આદ્યન્તે વૃદ્ધિવાળી, મધ્યે હીન છે - - પ્રતિમા જીવાસ્તિકાયમાં જ હોય, તેથી વિપરીત અજીવાસ્તિકાયનું સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૬૬ થી ૨૬૮ :-

*[૨૬૬] ચાર અસ્તિકાયને અજીવકાય કહ્યા છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિ-કાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય... ચાર અસ્તિકાય અરૂપીકાય કહ્યા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય.*

*[૨૬૭] ચાર ફળો કહ્યા - કાચું છતાં કંઈક મીઠું, કાચુ છતાં અધિક મીઠું, પાકુ છતાં કંઈક મીઠું, પાકું છતાં અધિક મીઠું. આ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ*

*કહ્યા છે - [શ્રુત અને વયથી] કાચો છતાં અલ્પ મીઠા ફળ સમાન; ઇત્યાદિ.*

*[૨૬૮] ચાર ભેદે સત્ય છે - કાયસરળતા, ભાષાસરળતા, ભાવસરળતા, અવિસંવાદનાયોગ... ચાર ભેદે મૃષા છે - કાય વક્રતા, ભાષા વક્રતા, ભાવ વક્રતા વિસંવાદના યોગ... ચાર ભેદે પ્રણિધાન કહ્યું છે - મનપ્રણિધાન, વચન પ્રણિધાન, કાયપ્રણિધાન, ઉપકરણપ્રણિધાન; એ રીતે નૈરયિક, પંચેન્દ્રિય યાવત્ વૈમાનિકને હોય છે... ચાર સુપ્રણિધાન કહ્યા. મન સુપ્રણિધાન યાવત્ ઉપકરણ સુપ્રણિધાન; એ પ્રમાણે સંયત મનુષ્યોને પણ હોય છે... ચાર ભેદે દુષ્પ્રણિધાન કહ્યા - મન દુષ્પ્રણિધાન યાવત્ ઉપકરણ દુષ્પ્રણિધાન; એ રીતે પંચેન્દ્રિયોને યાવત્ વૈમાનિકોને હોય છે.*

**● વિવેચન-૨૬૬ થી ૨૬૮ :-**

[૨૬૬] अस्ति - ત્રિકાળ વચન નિપાત છે - હતા, છે, થશે. તેથી अस्ति એટલે પ્રદેશોની કાયોની રાશિ. अस्ति શબ્દથી ક્વચિત્ પ્રદેશો કહેવાય છે. તેથી તેના काय તે અસ્તિકાય. અચેતનત્વથી તે અજીવકાય છે.

અસ્તિકાય મૂર્ત્ત-અમૂર્ત્ત હોય છે, અમૂર્ત્ત પ્રતિપાદનાર્થે અસ્તિકાય સૂત્ર છે. રૂપ એટલે આકારવાળું-વર્ણવાળું, તે જેને છે તે રૂપી, તેના નિષેધથી અરૂપી. જીવાસ્તિકાય કહ્યું, તદ્વિશેષભૂત પુરુષના નિરૂપણાર્થે ફળ સૂત્ર—

[૨૬૭] आम - અપક્વ છતાં થોડું મધુર [આદિ ચારે મૂલાર્થ મુજબ છે.] પુરુષ તે -૧- आम - વય અને શ્રુતથી અવ્યક્ત, આમ મધુર ફલ સમાન કેમકે અલ્પ ઉપશમરૂપ માધુર્યનો ભાવ છે. -૨- વય અને શ્રુતથી અવ્યક્ત છતાં - x - શ્રેષ્ઠ ઉપશમાદિ ગુણયુક્ત, -૩- વય-શ્રુતથી પરિણત - x - ઉપશમ આદિ માધુર્યનું અલ્પત્વ, -૪- વય-શ્રુતથી પરિણત અને શ્રેષ્ઠ ઉપશમાદિ ગુણયુક્ત - એ રીતે પક્વ મધુર કહ્યો, તે સત્યગુણના યોગથી હોય છે. તેથી સત્ય અને વિપરીત મૃષા તથા સત્યાસત્ય પ્રણિધાનને કહે છે—

[૨૬૮] સૂત્રનો અર્થ કહેલો છે. વિશેષ એ - ऋजु - અમાયીનો ભાવ કે કર્મ, કાયાની સરળતા તે કાય-ઋજુકતા... ભાવ એટલે મન, કાયઋજુકતા આદિ શરીર, વાણી, મનની યથાર્થ સ્વરૂપ જણાવવાની પ્રવૃત્તિ. તથા અનાભોગ આદિથી ગાય આદિને અશ્વ આદિ જે કહેવું અથવા કોઈના માટે કંઈક સ્વીકારીને જે ન કરે તે વિસંવાદન, તેનો વિપક્ષ તે અવિસંવાદના યોગ.

મૃષા - અસત્ય, કાયાની વક્રતા. प्रणिधि - પ્રણિધાન એટલે પ્રયોગ. તેમાં મનનું પ્રણિધાન - આર્ત્ત, રૌદ્ર ધર્માદિરૂપથી પ્રયોગ તે મનપ્રણિધાન. એ રીતે વચન, કાયાનું પણ છે. उपकरण - લૌકિક અને લોકોત્તરરૂપ વસ્ત્ર, પાત્રાદિ સંયમ અને અસંયમના ઉપકારને માટે પ્રણિધાન તે ઉપકરણપ્રણિધાન, જેમ સામાન્યથી કહ્યું તેમ નૈરયિકોને પણ કહેવું. તથા ચોવીશ દંડકમાં પણ જે પંચેન્દ્રિયો છે, તેઓને વૈમાનિક પર્યન્ત આ રીતે કહેવું. એકેન્દ્રિયાદિને મન વગેરેનો અસંભવ હોવાથી પ્રણિધાનનો પણ અસંભવ છે.



પ્રણિધાન-સુપ્રણિધાન અને દુષ્પ્રણિધાન બે ભેદે છે. સંયમના હેતુવાળું પ્રણિધાન-મન વગેરે પ્રયોજન તે સુપ્રણિધાન. તે સંયત મનુષ્યોને જ હોય કેમકે સુપ્રણિધાન ચારિત્ર પરિણતિરૂપ હોય. દુષ્પ્રણિધાન સૂત્ર સામાન્ય સૂત્રવત્ જાણવું. વિશેષ એ કે - તે અસંયમ મનોવ્યાપારાદિ છે - હવે પુરુષ સૂત્રો—

**● સૂત્ર-૨૬૯ :-**

*ચાર પ્રકારે પુરુષ કહ્યા - આપાત ભદ્રક પણ સંવાસે અભદ્રક, સંવાસ ભદ્રક પણ આપાતે અભદ્રક, આપાતભદ્રક અને સંપાતભદ્રક, આપાતઅભદ્રક અને સંપાતઅભદ્રક... ચાર પ્રકારે પુરુષ કહ્યા - પોતાના પાપ જુએ બીજાના નહીં, ઇત્યાદિ ચાર ભેદ... ચાર પ્રકારે પુરુષ કહ્યા - પોતાના પાપને ઉદીરે, બીજાના નહીં આદિ ચાર... પોતાના પાપ ઉપશમાવે બીજાના નહીં તેવા ચાર...*

*ચાર પ્રકારે પુરુષ કહ્યા - પોતે ઉભો થાય, બીજાને ન થવા દે આદિ ચાર૦ આ રીતે વંદન, સત્કાર, સન્માન, પૂજા, વાચના, પ્રતિપૃચ્છના, વ્યાકરણ આદિની ચૌભંગી કહેવી. કોઈ સૂત્રધર હોય અર્થધર ન હોય, અર્થધર હોય સૂત્રધર ન હોય૦ ઇત્યાદિ.*

**● વિવેચન-૨૬૯ :-**

સૂત્રો સુગમ છે. વિશેષ એ -૧- आपात - પ્રથમ મિલાપ. તેમાં દર્શન-આલાપ આદિથી સુખકર હોવાથી ભદ્રકારી, संवास - લાંબા સહવાસે ભદ્રક નહીં, કેમકે હિંસક હોવાથી સંસારના કારણમાં જોડનાર છે. -૨- સંવાસભદ્રક - સાથે વસનારાઓને અતિ ઉપકારી પણ અનાલાપ અને કઠોર ભાષણથી પહેલા મિલનમાં ભદ્રક નહીં, -૩,૪- એ રીતે બીજા બે ભંગ. - - वज्ज - છોડાય તે વર્જ્ય, અવદ્યમાં અકારનો લોપથી વજ - હિંસા, જૂઠ આદિ વજ જેવા ભારે પાપથી. કોઈ પોતાના પાપકર્મને કલહ આદિમાં જુએ છે, કેમકે પશ્ચાત્તાપ સહિત હોય છે, પણ ઉદાસીન હોવાથી બીજાના પાપને ન જુએ. અહંકારી બીજાના પાપને જુએ, પોતાના નહીં. યથાવસ્તુના બોધથી કોઈ ઉભયના પાપને જુએ, વિમૂઢતાથી કોઈ બંનેના પાપ ન જુએ... કોઈ પોતાના પાપને જોઈને કહે કે - મેં આ પાપ કર્યુ, કે શાંત થયેલમાં ફરી પ્રવૃત્ત થાય કે વજરૂપ કર્મને ઉદીરે આદિ.

એ રીતે -૩- ઉપશમાવે - પાપકર્મ દૂર કરે... -૪- પોતે ઉભો થાય, પણ બીજાને ન કરાવે તે સંવિજ્ઞપાક્ષિક કે લઘુપર્યાયી, ઉભા કરાવે તે ગુરુ. ઉભા થાય અને કરાવે તે ગીતાર્થાદિ, અનુભયવૃત્તિ - જિનકલ્પી, અવિનિત.

એ રીતે વંદનાદિ સૂત્રોમાં પણ ચાર ભંગ. વિશેષ એ - દ્વાદશાવર્ત્તાદિ વડે વંદન, વસ્ત્રાદિ દાનથી સત્કાર, સ્તુત્યાદિથી સન્માન, ઉચિત દ્રવ્યોથી પૂજા, वाचयति - ભણાવે છે પણ ભણે નહીં તે ઉપાધ્યાય, બીજો ભેદ-શિષ્ય, ત્રીજા ભેદે-વિદ્વાન્, ચોથા ભેદે - જિનકલ્પી છે. એમ બધે જાણવું. - x - x -.

**● સૂત્ર-૨૭૦ થી ૨૭૨ :-**

*અસુરેન્દ્ર અસુરરાજ ચમરને ચાર લોકપાલો કહ્યા - સોમ, યમ, વરુણ,*

*વૈશ્રમણ.. બલીન્દ્રના પણ ચાર - સોમ, યમ, વૈશ્રમણ, વરુણ.. ધરણેન્દ્રના કાલપાલ, કોલપાલ, શૈલપાલ, શંખપાલ.. ભૂતાનંદના ચાર-કાલપાલ, કોલપાલ, શંખપાલ, શૈલપાલ.. વેણુદેવના - ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ.. વેણુદાલિના - ચિત્ર, વિચિત્ર, વિચિત્રપક્ષ, ચિત્રપક્ષ.. હરિકાંતના-પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.. હરિસ્સહના-પ્રભ-સુપ્રભ, સુપ્રભકાંત, પ્રભકાંત..*

*અગ્નિશિખના-તેજસ્, તેજઃશિખ, તેજસ્કાંત, તેજપ્રભ.. અગ્નિમાનવના - તેજસ્, તેજઃશિખ, તેજપ્રભ, તેજસ્કાંત.. પૂર્ણના-રૂપ, રૂપાંશ, રૂપકાંત, રૂપપ્રભ.. વિશિષ્ટના રૂપ, રૂપાંશ, રૂપપ્રભ, રૂપકાંત.. જલકાંતના જલ, જલરત, જલકાંત, જલપ્રભ.. જલપ્રભના - જલ, જલરત, જલપ્રભ, જલકાંત.. અમિતગતિના - ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમગતિ.. અમિત વાહનના - ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહવિક્રમગતિ, સિંહગતિ.. વેલંબના - કાલ, મહાકાલ, અંજન, રિષ્ટ, પ્રભંજનના - કાલ, મહાકાલ, રિષ્ટ, અંજન.. ઘોષના-આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત.. મહાઘોષના-આવર્ત્ત, વ્યાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત, નંદિકાવર્ત્ત.*

*શક્રેન્દ્રના-સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.. ઇશાનેન્દ્રના - સોમ, યમ, વૈશ્રમણ, વરુણ.. એવી રીતે એકાંતરિત યાવત્ અચ્યુતેન્દ્રના [ચાર-ચાર લોકપાલો.]*

*વાયુકુમાર ચાર ભેદે છે - કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન.*

*[૨૭૧] ચાર ભેદે દેવો કહ્યા - ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*[૨૭૧] ચાર ભેદે પ્રમાણ - દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાળપ્રમાણ, ભાવપ્રમાણ.*

**● વિવેચન-૨૭૦ થી ૨૭૨ :-**

[૨૭૦] દેવપુરુષ વિશેષ - લોકપાલ સૂત્રાદિ સુગમ છે. વિશેષ એ કે - પરમ ઐશ્વર્ય યોગથી પ્રભુ તે ઇન્દ્ર... દીપતો કે શોભાવાળો હોવાથી અથવા આરાધ્ય હોવાથી રાજા. બંને એકાર્થક છે. દક્ષિણના લોકપાલોના નામથી જે ત્રીજો લોકપાલ છે, તે ઉત્તરના નામથી ચોથો છે અને ચોથો તે ત્રીજો છે. એ રીતે જે નામવાળા શક્રના લોકપાલ છે, તે નામવાળા ત્રીજા, પાંચમા, સાતમા, નવમા કલ્પના છે. જે નામવાળા ઇશાનના છે, તે નામના ચોથા, છટ્ઠા, આઠમાદિના છે. કાલ આદિ વાયુકુમારો પાતાળકળશના સ્વામી છે.

[૨૭૧] દેવો ચાર પ્રકારે કહ્યા, તે સંખ્યા પ્રમાણ માટે છે, માટે પ્રમાણ—

[૨૭૨] જે પ્રમાણ કરે અથવા જેના વડે પદાર્થ નિર્ણય કરાય તે પ્રમાણ. તેમાં દ્રવ્ય એ જ પ્રમાણ, દંડાદિ દ્રવ્યદિ કે ધનુષ્યાદિથી શરીરાદિનું પ્રમાણ કે હસ્ત આદિથી નિર્ણય તે દ્રવ્ય પ્રમાણ. જીવ આદિ દ્રવ્યોનું પ્રમાણ કે પરમાણુ આદિ પર્યાયોનો નિર્ણય, તે દ્રવ્ય પ્રમાણ, એ રીતે ક્ષેત્રાદિમાં જાણવું.

ત્યાં દ્રવ્યપ્રમાણ બે ભેદે - પ્રદેશનિષ્પન્ન, વિભાગ નિષ્પન્ન. તેમાં પહેલું પરમાણુથી આરંભી અનંતપ્રદેશિક સ્કંધ પર્યન્ત, બીજું વિભાગનિષ્પન્ન પાંચ પ્રકારે - ૧- માન-ધાન્યનું સેતિકાદિ, રસનું કર્ષાદિ. ૨- ઉન્માન-તુલાકર્ષાદિ. ૩- અવમાન-હસ્તાદિ,



૪- ગણિત - એક, બે આદિ, ૫- પ્રતિમાન-ગુંજાદિ.

ક્ષેત્ર-આકાશ-બે ભેદે - (૧) પ્રદેશ નિષ્પન્ન - એક પ્રદેશથી અસંખ્ય પ્રદેશ અવગાઢાંત. (૨) વિભાગ નિષ્પન્ન - અંગુલાદિ... કાલ-સમયનું માન બે ભેદે - (૧) પ્રદેશ નિષ્પન્ન - એકથી અસંખ્યાત સમય સ્થિતિ. (૨) વિભાગનિષ્પન્ન - સમય, આવલિકા આદિ. ક્ષેત્ર-કાળમાં દ્રવ્યત્વ છતા ભેદ નિર્દેશ જીવાદિ દ્રવ્ય વિશેષપણાએ ક્ષેત્ર અને કાલમાં તે દ્રવ્યોનું પર્યાયપણું છે. ભાવ એ જ પ્રમાણ - x - તે ગુણ, નય, સંખ્યા ભેદે ત્રણ પ્રકારે છે. તેમાં ગુણ - જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન, ઉપમા, આગમરૂપ છે. નય-નૈગમાદિ ઇત્યાદિ. - x -

**● સૂત્ર-૨૭૩ થી ૨૭૫ :-**

*[૨૭૩] ચાર પ્રધાન દિશાકુમારી છે - રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપાવતી... ચાર પ્રધાન વિદ્યુત્કુમારી છે - ચિત્રા, ચિત્રકનકા, શતેરા, સૌદામિની.*

*[૨૭૪] દેવેન્દ્ર દેવરાજ શક્રની મધ્યમ પર્ષદાના દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ છે. દેવેન્દ્ર દેવરાજ ઇશાનની મધ્યમ પર્ષદાની દેવીને સ્થિતિ તે જ છે.*

*[૨૭૫] સંસાર ચાર ભેદે છે - દ્રવ્યસંસાર, કાલ-ક્ષેત્ર-ભાવસંસાર.*

**● વિવેચન-૨૭૩ થી ૨૭૫ :-**

[૨૭૩] સુગમ છે. વિશેષ - દિશાકુમારી એવી અત્યંત શ્રેષ્ઠ દેવી - x - તે દિક્કુમારી મહત્તરિકા. તે મધ્યરુચકમાં રહેનારી છે, જન્મેલ અરિહંતની નાલ છેદનાદિ કરે છે. વિદ્યુત્કુમારી રુચકની વિદિશામાં વસનારી છે, જન્મેલ ભગવંતની ચારે દિશાઓમાં ઉભી રહીને હાથમાં દીપ લઈ ગીતો ગાય છે.

[૨૭૪-૨૭૫] આ દેવો સંસારી છે, તેથી સંસાર સૂત્ર, અહીં-તહીં ભમવું તે સંસાર, તેમાં 'સંસાર' શબ્દાર્થ જ્ઞાતા, પણ તેમાં ઉપયોગ ન હોય અથવા જીવ અને પુદ્ગલ લક્ષણ દ્રવ્યોનું યથાયોગ્ય ભ્રમણ તે દ્રવ્ય સંસાર.. તેઓનું જ ચૌદ રાજ પ્રમાણ ક્ષેત્રમાં સંસરણ કે જે ક્ષેત્રમાં સંસારની વ્યાખ્યા થાય તે જ ક્ષેત્ર સંસાર.. - x - દિવસ, પક્ષ, માસ આદિ લક્ષણ કાળનું સંસરણ અથવા કોઈ જીવનું નરકાદિને વિશે પલ્યોપમાદિ કાળ વડે ભમવું તે અથવા પોરસિ આદિ જે કાળમાં સંસારની વ્યાખ્યા કરાય તે કાળ સંસાર - x - x - સંસાર શબ્દાર્થ જ્ઞાતા અને તેમાં ઉપયુક્ત અથવા જીવ અને પુદ્ગલ સંબંધી સંસરણ માત્ર. ગૌણ કરાયેલ અથવા ઔદાયિકાદિ કે વર્ણાદિ સંસરણ પરિણામ તે ભાવસંસાર છે. આ સંસાર અનેક નયો વડે દૃષ્ટિવાદમાં વિચારાય છે તેથી—

**● સૂત્ર-૨૭૬,૨૭૭ :-**

*[૨૭૬] દૃષ્ટિવાદ ચાર ભેદે છે - પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ.*

*[૨૭૭] પ્રાયશ્ચિત્ત ચાર ભેદે - જ્ઞાન, દર્શન, ચારિત્ર, વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત... પ્રાયશ્ચિત્ત ચાર ભેદે - પ્રતિસેવના, સંયોજના, આરોપણ, પરિકુંચન.*

**● વિવેચન-૨૭૬,૨૭૭ :-**

[૨૭૬] જેના વડે દૃષ્ટિ-દર્શનો અર્થાત્ નયો કહેવાય અથવા જેને વિશે નયો

અવતરે તે દૃષ્ટિવાદ કે દૃષ્ટિપાત - બારમું અંગ, -૧- તેમાં સૂત્રાદિ ગ્રહણ યોગ્યતા સંપાદન સમર્થ પરિકર્મ, ગણિત પરિકર્મવત્. -૨- તે સિદ્ધસેનિક આદિ, ઋજુસૂત્રાદિ બાવીશ સૂત્રો છે, અહીં સર્વ દ્રવ્ય-પર્યાય-નયાદિ અર્થના સૂચનથી સૂત્રો છે. -૩- સમસ્ત શ્રુતથી પહેલાં રચાયેલ હોવાથી પૂર્વો, તે ચૌદ છે. તેના નામો આ પ્રમાણે - ઉત્પાદ, અગ્રાયણીય, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુવાદ, અવંધ, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, અને લોકબિંદુસાર.

ઉત્પાદ-ક્રોડ પદ, અગ્રાયણીય-૯૬ લાખ, વીર્ય-૭૦ લાખ, અસ્તિ નાસ્તિ-૬૦ લાખ, જ્ઞાનપ્રવાદ - એક પદ ન્યૂન ક્રોડ, સત્યપ્રવાદ-૧ ક્રોડ, છ પદ, આત્મપ્રવાદ-૨૬ ક્રોડ, કર્મપ્રવાદ-૧ ક્રોડ-૮૦ લાખ, પ્રત્યાખ્યાન પ્રવાદ-૮૪ લાખ, વિદ્યાનુવાદ-૧ ક્રોડ-દશ હજાર, અવંધ્ય-૨૬ ક્રોડ, પ્રાણાયુ-૧ ક્રોડ-૫૬ લાખ, ક્રિયાવિશાલ-૯ ક્રોડ, બિંદુસાર-૧૨॥ લાખ પદ સંખ્યા છે.

તેઓને વિશે રહેલું જે શ્રુત તે પૂર્વગત - પૂર્વો - અંગપ્રવિષ્ટ - x - સૂત્રનો પોતાના વિષય સાથે યોગ તે અનુયોગ. તીર્થંકરોને પ્રથમ સમકિત પ્રાપ્તિ અને પૂર્વભવાદિ જે વર્ણન તે મૂલ પ્રથમાનુયોગ કહેવાય છે. જે કુલકર આદિ વક્તવ્યતા જણાવનાર તે ગંડિકાનુયોગ.

[૨૭૭] પૂર્વગત શ્રુત કહ્યું, તેમાં પ્રાયશ્ચિત્ત પ્રરૂપણા હતી, પ્રાયશ્ચિત્ત સૂત્ર કહે છે - તેમાં જ્ઞાન જ પ્રાયશ્ચિત્ત, કેમકે તે જ પાપને છેદે છે, અથવા પ્રાયઃ ચિત્તને શુદ્ધ કરે તે જ્ઞાન પ્રાયશ્ચિત્ત. એમ દર્શનાદિમાં પણ જાણવું. ભાવથી ગીતાર્થનું જે કૃત્ય તે વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત, ગુરુ-લઘુ પર્યાલોચન વડે જે કંઈ કરે, તે બધું પાપ વિશોધક જ હોય અથવા જ્ઞાનાદિ અતિચાર વિશુદ્ધિ અર્થે જે પ્રાયશ્ચિત્ત - આલોચનાદિ વિશેષ તે જ્ઞાન પ્રાયશ્ચિત્ત.

વિયત્ત - વિશેષ અવસ્થાદિ ઔચિત્યથી ન કહેલ છતાં આપ્યું, - x - જે કંઈ મધ્યસ્થ ગીતાર્થ વડે કરાયેલ, તે વિદત્તકૃત્ય પ્રાયશ્ચિત્ત. પાઠાંતર થકી ‘‘પ્રીતિકૃત્ય વૈયાવૃત્ય’’ અર્થ થાય છે. પ્રતિષેવણ - અકૃત્યનું આસેવન. તે પરિણામ ભેદથી કે પ્રતિસેવનીય ભેદથી બે પ્રકારે છે.

પ્રતિસેવના ભાવ છે, તે કુશલ-અકુશલ બે ભેદે છે. કુશલ વડે જે થાય તે કલ્પ પ્રતિસેવના, અકુશલ ભાવ વડે થાય તે દર્પ પ્રતિસેવના. સંક્ષેપથી પ્રતિસેવનાના બે ભેદ મૂલગુણા-ઉત્તરગુણા. મૂલગુણા પાંચ ભેદે છે, ઉત્તરગુણા પિંડવિશોધ્યાદિરૂપ છે. પ્રતિસેવનામાં પ્રાયશ્ચિત્ત, આલોચના આ રીતે - આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત. એ પ્રતિસેવના પ્રાયશ્ચિત્ત છે.

બીજું સંયોજન એક જાતિવાળા અતિચારોનું મિલન તે સંયોજના, જેમ શય્યાતર પિંડ લીધેલ, તે પણ ભીના હાથ આદિ વડે, તે પણ સામે લાવેલ, તે પણ આધાકર્મી; તેનું જે પ્રાયશ્ચિત્ત, તે સંયોજના પ્રાયશ્ચિત્ત, તથા—



આરોપણા, એક અપરાધના પ્રાયશ્ચિત્તમાં ફરી ફરી દોષ સેવનથી અન્ય પ્રાયશ્ચિત્તનું આરોપણ. જેમ પાંચ અહોરાત્ર પ્રાયશ્ચિત્તને પામેલ, ફરી તે દોષ સેવે તો દશ અહોરાત્ર પ્રમાણ, એ રીતે - x - છ માસ પર્યન્ત આપવું. અધિક નહીં. - x - કેમકે વર્તમાન તીર્થમાં છ માસનું જ તપ કહેલ છે. - x - આરોપણા વડે પ્રાયશ્ચિત્ત તે આરોપણા પ્રાયશ્ચિત્ત... પરિકુંચન - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી અપરાધનું ગોપવવું, એક રીતે હોવા છતાં બીજી રીતે કહેવું. - x - આ પરિકુંચના કે પરિવંચના ચાર ભેદે - સચિત્તને અચિત્ત કહે, જનપદને બદલે માર્ગમાં સેવ્યો કહે, સુભિક્ષને બદલે દુર્ભિક્ષમાં કહે, નિરોગપણે સેવવા છતાં ગ્લાનપણે સેવ્યો કહે, તે અનુક્રમે દ્રવ્યાદિ પરિકુંચના છે. પરિકુંચનાનું પ્રાયશ્ચિત્ત તે પરિકુંચના પ્રાયશ્ચિત્ત. અહીં વિશેષ વ્યવહાર સૂત્રથી જાણવું. પ્રાયશ્ચિત્ત કાલની અપેક્ષાએ અપાય છે. માટે કાળનિરૂપણ સૂત્ર—

**● સૂત્ર-૨૭૮ થી ૨૮૦ :-**

***[૨૭૮] કાળ ચાર ભેદે - પ્રમાણ, યથાયુષ્યનિર્વૃત્તિ, મરણ, અદ્ધા-કાળ.***

***[૨૭૯] પુદ્ગલ પરિણામ ચાર ભેદે - વર્ણ, ગંધ, રસ, સ્પર્શ-પરિણામ.***

***[૨૮૦] ભરત અને ઐરવત વર્ષક્ષેત્રમાં પહેલા - છેલ્લા વર્જીને વચ્ચેના બાવીશ અરહંત ભગવંતો ચાર યામ ધર્મને પ્રરૂપે છે - સર્વથા પ્રાણાતિપાત્ વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા બહિદ્ધાદાન [પરિગ્રહ] વિરમણ... સર્વ મહાવિદેહ ક્ષેત્રને વિશે અરિહંત ભગવંત ચારયામ ધર્મ પ્રરૂપે છે - સર્વથા પ્રાણાતિપાત વિરમણ યાવત્ સર્વથા બહિદ્ધાદાન વિરમણ.***

**● વિવેચન-૨૭૮ થી ૨૮૦ :-**

[૨૭૮] જેના વડે વર્ષશત, પલ્યોપમાદિ મપાય, તે પ્રમાણ. તે જ કાળ તે પ્રમાણકાળ. તે દિવસાદિ લક્ષણવાળો અને મનુષ્યક્ષેત્રવર્તી અદ્ધાકાળ વિશેષ જ છે. બે ભેદે પ્રમાણકાળ છે - દિવસ પ્રમાણ, રાત્રિ પ્રમાણ. તે બંને ચાર-ચાર પોરિસી પ્રમાણ છે... જે પ્રકારે નારકાદિ ભેદે આયુષ્ય તે યથાયુઃ, તેને રૌદ્રાદિ ધ્યાનથી બાંધવું, તેના સંબંધથી જે કાળ-જીવોની નારકાદિત્વ સ્થિતિ તે યથાનિર્વૃત્તિકાળ છે. અથવા આયુષ્યની નિર્વૃત્તિ મુજબ નારકાદિ ભવમાં રહેવું તે યથાનિર્વૃત્તિકાળ, આ પણ આયુકર્મના અનુભાવ વિશિષ્ટ સર્વ સંસારી જીવોના વર્તનાદિરૂપ અદ્ધાકાલ જ છે - x -

મૃત્યુનો જે સમય તે મરણકાળ, આ પણ અદ્ધા સમય વિશેષ જ છે. અથવા મરણ વિશિષ્ટ કે મરણ એ જ કાળ, કેમકે તે કાળનો પર્યાયવાચી શબ્દ છે. કહ્યું છે - ‘કાળ’ શબ્દ મરણવાચક છે, જેમ મરણ ગતને કાલગત કહેવાય છે. પ્રાણીનો મરણકાળ કાળ-કાળ કહેવાય છે... આ અદ્ધાકાળ સૂર્યના ભ્રમણ વિશિષ્ટ મનુષ્ય ક્ષેત્રમાં વર્તતો સમયાદિરૂપ જાણવો. કહ્યું છે - સૂર્યક્રિયા વિશિષ્ટ, ગોદોહાદિ ક્રિયાથી નિરપેક્ષ એવો સમયક્ષેત્રમાં જે સમયાદિ કહેવાય તે અદ્ધાકાળ જાણવો.

સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, [પુદ્ગલ] પરાવર્ત્ત થાય છે.

દ્રવ્ય પર્યાયભૂતકાળના ચાર સ્થાનક કહ્યા, પર્યાય અધિકારથી પુદ્‌ગલના પર્યાયભૂત પરિણામોના ચાર સ્થાનકો કહે છે—

[૨૭૯] પરિણામ - એક અવસ્થાથી બીજી અવસ્થાને પામવું. કહ્યું છે કે - બીજી અવસ્થાને પામવું તે પરિણામ, સર્વથા મૂલ સ્વરૂપે ન રહેવું, સર્વથા નાશરૂપ પણ નહીં એવો જે પરિણામ તે જ્ઞાનીઓને ઇષ્ટ છે... પરિણામમાં કાલાદિ વર્ણનો પરિણામ-અન્યથા થવું અથવા બીજા વર્ણના ત્યાગપૂર્વક કાલાદિ વર્ણ વડે પુદ્‌ગલનો પરિણામ તે વર્ણ પરિણામ, એ રીતે ગંધાદિમાં પણ જાણવું. અજીવદ્રવ્યપરિણામો કહ્યા.

હવે જીવદ્રવ્યના વિચિત્ર પરિણામો કહે છે—

[૨૮૦] ભરત આદિ સૂત્ર સ્પષ્ટ છે - પહેલા અને છેલ્લાને વર્જીને - x - મધ્યે બાવીશ તીર્થંકર કહ્યા. યમ એ જ યામ તે ચાર છે. જેમાં હિંસાદિ નિવૃત્તિ છે. बहिद्धा - મૈથુન, પરિગ્રહ વિશેષ. आदान - પરિગ્રહ. તે બંનેનું એકત્વ છે. અથવા ગ્રહણ કરાય તે આદાન-પરિગ્રાહ્ય વસ્તુ, તે ધર્મોપકરણ હોય છે. તેથી ધર્મોપકરણ સિવાય તે પરિગ્રહ. મૈથુન, પરિગ્રહની અંતર્ગત્ છે. કેમકે અપરિગૃહીતા સ્ત્રી ભોગવાતી નથી. પ્રત્યાખ્યાન દ્વારા - x - ધર્મ-ચતુર્યામ છે.

અહીં આ ભાવના છે - મધ્યમ બાવીશ અને મહાવિદેહના તીર્થંકરો ચતુર્યામ ધર્મની અને આદિ-અંત્ય તીર્થંકરો પંચયામ ધર્મ શિષ્યાપેક્ષાએ પ્રરૂપે છે, પરમાર્થથી તો બંનેની પાંચયામની પ્રરૂપણા છે. પહેલા-છેલ્લા તીર્થંકરના તીર્થમાં સાધુ ઋજુ જડ અને વક્ર જડ હોય છે. તેથી પરિગ્રહ-વર્જનના ઉપદેશ છતાં મૈથુનત્યાગ જાણવા સમર્થ થતા નથી. જ્યારે - x - શેષ તીર્થના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી મૈથુનને જાણવા-તજવા સમર્થ હોય છે.

કહ્યું છે કે - પ્રથમ તીર્થંકરના સાધુઓ ઋજુ-જડ છે, છેલ્લાના વક્ર-જડ. મધ્યમના ઋજુ-પ્રાજ્ઞ હોવાથી બે ભેદે તેમનો ધર્મ કહ્યા છે. પ્રથમ તીર્થંકરના સાધુને ધર્મ દુર્બોધ્ય છે, છેલ્લાને દુઃખે પાળી શકાય છે, મધ્યમના સાધુને ધર્મ સુબોધ્ય અને સુખ પાલ્ય છે - - અનંતરોક્ત પ્રાણાતિપાતાદિથી અટકેલા - ન અટકેલાને સુગતિ-દુર્ગતિ થાય છે. તે ગતિવાળા જીવો સુગત-દુર્ગત હોય છે માટે દુર્ગતિ-સુગતિ, દુર્ગત-સુગતના ભેદો કહે છે.

● **સૂત્ર-૨૮૧,૨૮૨ :-**

***[૨૮૦] ચાર દુર્ગતિઓ કહી છે - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-દુર્ગતિ... ચાર સુગતિઓ કહી છે - સિદ્ધ, દેવ, મનુષ્ય, સુકુલમાં જન્મ-સુગતિ... ચાર દુર્ગત કહ્યા છે - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-દુર્ગત... ચાર સુગત કહેલ છે - સિદ્ધ, દેવ, મનુષ્ય, સુકુલ જન્મ પ્રાપ્ત-સુગત...***

***[૨૮૨] પ્રથમ સમય જિનની ચાર કર્મ પ્રકૃતિ નાશ પામે છે - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય... ઉત્પન્ન જ્ઞાન-દર્શન અર્હન્ત જિન કેવલી ચાર કર્મપ્રકૃતિને વેદે છે - વેદનીય, આયુ, નામ, ગોત્ર... પ્રથમ સમય સિદ્ધની ચાર કર્મ પ્રકૃતિ સાથે ક્ષય પામે - વેદનીય, આયુ, નામ, ગોત્ર.***



● **વિવેચન-૨૮૧,૨૮૨ :-**

[૨૮૧] 'દુર્ગતિ' આદિ કહેવાઈ ગયેલ છે. વિશેષ એ કે - નિંદિત મનુષ્ય અપેક્ષાએ મનુષ્યદુર્ગતિ અને કિલ્બિષિકાદિ અપેક્ષાએ દેવ દુર્ગતિ છે.

सुकुल० દેવલોકાદિમાં જઈને ઇક્ષ્વાકુ આદિ સુકુલમાં આવવું. પ્રત્યાજાતિ એટલે પ્રતિજન્મ. આ તીર્થંકરાદિને હોય છે. મનુષ્યની સુગતિ ભોગભૂમિમાં મનુષ્ય જન્મરૂપ છે. દુર્ગતિ જેઓને છે, તે દુર્ગત અથવા "દુઃસ્થ" તે દુર્ગત. એ રીતે સુગત જાણવા. અનંતર સિદ્ધ સુગતો કહ્યા, તે સિદ્ધો અષ્ટકર્મના ક્ષયથી થાય છે, તેથી ક્ષય પરિણામ ક્રમ કહે છે—

[૨૮૨] સૂત્ર સ્પષ્ટ છે - વિશેષ એ કે - પ્રથમ સમય જેનો છે તે તથા તેવા જિન, તે સયોગિ કેવલી, તે પ્રથમ સમય જિનના સામાન્ય કર્માંશો-જ્ઞાનાવરણીયાદિ ભેદો છે, તે ક્ષય પામે છે. તેથી જ્ઞાન-દર્શનને ધારણ કરે છે, તે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર, આ વાક્યથી અનાદિ સિદ્ધ કેવલજ્ઞાનને માનનારનું ખંડન કરે છે - - જેને કશું ગોપ્ય નથી તે "અરહ". - x - કેમકે સમીપ, દૂર, સ્થૂલ, સૂક્ષ્મરૂપ સમસ્ત પદાર્થસમૂહના સાક્ષાત્કાર કરનાર હોવાથી અથવા દેવાદિ વડે પૂજાને યોગ્ય હોવાથી અર્હન્, રાગાદિ જિતવાથી જિન. કેવલ-પરિપૂર્ણ જ્ઞાનાદિ છે જેને તે કેવલી. સિદ્ધત્વ અને કર્મના ક્ષયનો એક સમયે સંભવ હોવાથી પ્રથમ સમય સિદ્ધ ઇત્યાદિ કથન કરાય છે.

અસિદ્ધ જીવોને હાસ્યાદિ વિકારો હોય છે, તેથી હાસ્યને કહે છે—

● **સૂત્ર-૨૮૩ થી ૨૮૬ :-**

***[૨૮૩] ચાર કારણે હાસ્યોત્પત્તિ થાય - જોઈને, બોલીને, સાંભળીને અને સ્મરીને... [૨૮૪] ચાર ભેદે અંતર કહ્યું - કાષ્ઠાંતર, પક્ષ્માંતર, લોહાંતર, પત્થરાંતર. એ પ્રમાણે સ્ત્રીઓમાં, પુરુષોમાં ચાર પ્રકારે અંતર છે - કાષ્ઠાંતર સમાન, પક્ષ્માંતર સમાન, લોહાંતર સમ, પત્થરાંતર સમ.***

***[૨૮૫] ભૃતક [નોકર] ચાર પ્રકારે છે - દિવસભૃતક, યાત્રાભૃતક, ઉચ્ચતાભૃતક, કબ્બાડભૃતક... [૨૮૬] ચાર પ્રકારે પુરુષ કહ્યા - સંપાડગ પ્રતિસેવી પણ પ્રચ્છન્ન પ્રતિસેવી નહીં, પ્રચ્છન્ન પ્રતિસેવી પણ સંપાડગ પ્રતિસેવી નહીં, સંપાડગ અને પ્રચ્છન્ન પ્રતિસેવી, બંને પ્રતિસેવી નહીં.***

● **વિવેચન-૨૮૩ થી ૨૮૬ :-**

[૨૮૩] હસવું તે હાસ્ય, હાસ્ય મોહનીય કર્મના ઉદયજન્ય વિકારની ઉત્પત્તિ તે હાસ્યોત્પત્તિ. તે -૧- વિદુષકાદિની ચેષ્ટાને ચક્ષુ વડે જોઈને, ૨- કોઈ અસૂરિ વચન બોલીને, ૩- બીજાએ કહેલ તેવા હાસ્યકારી વાક્યને સાંભળીને, ૪- હાસ્યકારી ચેષ્ટા અને વાક્યાદિ યાદ કરીને. આ રીતે જોવું વગેરે હાસ્યના કારણો છે.

[૨૮૪] સંસારીના જ ધર્માન્તરના નિરૂપણને માટે બે સૂત્રોને કહે છે—

કાષ્ઠ કાષ્ઠના અંતર-વિશેષરૂપ રચનાદિ વડે વિશેષ તે કાષ્ઠાંતર. એ રીતે પક્ષ્મ-કપાસ, રૂ વગેરેનો-પક્ષ્મનો વિશિષ્ટ સુકુમારતાદિ વડે અંતર, અત્યંત છેદ

કરનાર હોવાથી લોઢાનું અંતર, ચિંતિત વસ્તુની પ્રાપ્તિ આદિથી પાષાણનો અંતર તે પ્રસ્તરાંતર.. એ રીતે કાષ્ઠાદિ અંતરવત્ સ્ત્રીની અપેક્ષાએ સ્ત્રીનું અંતર, પુરુષોની અપેક્ષાએ પુરુષનું અંતર, - x - કાષ્ઠાંતર તુલ્ય, અંતર વિશેષ અર્થાત્ વિશિષ્ટ પદવી યોગ્યતાદિ વડે સમાન. વચનની સુકોમળતા વડે પક્ષ્માંતર સમાન. સ્નેહછેદ અને પરિષહાદિમાં ધૈર્યાદિથી લોહાંતર સમાન, ઇચ્છાથી અધિક મનોરથના પૂર્ણ કરવા વડે, વિશિષ્ટ પુરુષ વડે વંદન યોગ્ય પદવી વડે પ્રસ્તરાંતર સમાન. - હમણાં જ અંતર કહ્યું.

પુરુષાંતરથી ભૃતક સૂત્ર કહે છે—

[૨૮૫] भ्रियते - પોષણ કરાયો હોય તે ભૃત, તે જ અનુકંપાથી ભૃતક એટલે કામવાળા. નિયત મૂલ્યથી પ્રતિદિન કાર્ય માટે રખાય તે દિવસભૃતક. દેશાંતર ગમનમાં સહાય માટે નિયત મૂલ્યથી પોષણ કરાય તે યાત્રાભૃતક. મૂલ્ય અને કાળના નિર્ણયથી કાર્ય કરાવાય તે ઉચ્ચતાભૃતક. પૃથ્વી ખોદનાર ઓડ વગેરે તે કબ્બાડ ભૃતક, જે બે કે ત્રણ હાથ ભૂમિ ખોદે છે. - x - x - x -

[૨૮૬] લૌકિક પુરુષ વિશેષનું અંતર કહ્યું, લોકોત્તરનું તેનાથી અંતર બતાવવા માટેનું સૂત્ર કહે છે - તેમાં સંપ્રકટ - અગીતાર્થ સમક્ષ અકલ્પ્ય આહારાદિ પ્રતિસેવવાનો સ્વભાવ જેનો છે, તે સંપ્રકટપ્રતિસેવી. એમ બધે જાણવું. વિશેષ એ કે - પ્રચ્છન્ન એટલે અગીતાર્થ સમક્ષ, અહીં પહેલા ત્રણ ભંગમાં પુષ્ટાલંબન બકુશ આદિ અથવા ખાસ કારણ સિવાય પાસત્થાદિ, ચોથા ભંગે નિર્ગ્રન્થ કે સ્નાતક હોય. - અંતરના અધિકારથી જ દેવપુરુષોનું સ્ત્રીકૃત્ અંતર કહે છે—

**● સૂત્ર-૨૮૭ થી ૨૯૧ :-**

***અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના સોમ મહારાજા [લોકપાલ] ની ચાર અગ્રમહિષીઓ કહી છે - કનકા, કનકલતા, ચિત્રગુપ્તા, વસુંધરા... એ જ રીતે યમ, વરુણ, વૈશ્રમણ [લોકપાલ] ની અગ્રમહિષી જાણવી... વૈરોચનેન્દ્ર વૈરોચન રાજાના સોમ [લોકપાલ] ની ચાર અગ્રમહિષી છે - મિત્રકા, સુભદ્રા, વિદ્યુતા, અશની, એ રીતે જ યમ, વૈશ્રમણ, વરુણની અગ્રમહિષીઓ જાણવી.***

***નાગકુમારેન્દ્ર નાગકુમારરાજા ધરણેન્દ્રના કાલવાદ લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે - અશોકા, વિમલા, સુપ્રભા, સુદર્શના. એ રીતે શંખપાલ પર્યન્ત લોકપાલની ચાર-ચાર અગ્રમહિષી કહી છે... નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદના કાલવાલ લોકપાલની ચાર અગ્રમહિષીઓ કહી - સુનંદા, સુભદ્રા, સુજાતા, સુમના, એ રીતે શૈલપાલ લોકપાલ પર્યન્ત જાણવું.***

***ધરણેન્દ્રની માફક દક્ષિણેન્દ્રના લોકપાલોની ઘોષપર્યન્ત અને ભૂતાનંદ માફક મહાઘોષ પર્યન્ત તે પ્રમાણે ચાર-ચાર અગ્રમહિષી જાણવી.***

***પિશાચેન્દ્ર પિશાચરાજા કાલની ચાર અગ્રમહિષીઓ છે - કમલા, કમલ પ્રભા, ઉત્પલા, સુદર્શના. એ રીતે મહાકાલની પણ જાણવી... ભૂતેન્દ્ર ભૂતરાજા સુરૂપની ચાર અગ્રમહિષીઓ કહી - રૂપવતી, બહુરૂપા, સુરૂપા, સુભગા. એ રીતે પ્રતિરૂપની પણ જાણવી... યક્ષેન્દ્ર યક્ષરાજ પૂર્ણભદ્રની ચાર અગ્રમહિષીઓ કહી***



***- પુત્રા, બહુપુત્રિકા, ઉત્તમા, તારકા. એ રીતે મણિભદ્રની પણ જાણવી... રાક્ષસેન્દ્ર રાક્ષસરાજ ભીમની ચાર અગ્રમહિષીઓ કહી - પદ્મા, વસુમતી, કનકા, રત્નપ્રભા, એ રીતે મહાભીમની પણ જાણવી...કિન્નરેન્દ્ર કિન્નરની ચાર અગ્રમહિષીઓ કહી - વડેંસા, કેતુમતી, રતિસેના, રતિપ્રભા, એ રીતે કિંપુરુષની પણ જાણવી... કિંપુરુષેન્દ્ર સત્પુરુષની ચાર અગ્રમહિષીઓ કહી છે - રોહિણી, નવમિતા, હિરી, પુષ્પવતી, એ રીતે મહાપુરુષની પણ જાણવી.***

***અતિકાય મહોરગેન્દ્રની ચાર અગ્રમહિષીઓ છે - ભુજગા, ભુજગવતી, મહાકચ્છા અને સ્ફુટા. એ રીતે મહાકાયની પણ છે... ગંધર્વેન્દ્ર ગીતરતિની ચાર અગ્રમહિષી છે - સુઘોષા, વિમલા, સુસ્વરા, સરસ્વતી, એ રીતે ગીતયશની પણ છે... - - જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્ રાજ ચંદ્રની ચાર અગ્રમહિષીઓ છે - ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા, એ રીતે સૂર્યની પણ છે - સૂર્યપ્રભા જ્યોત્સ્નાભા આદિ... મહાગ્રહ અંગારકની ચાર અગ્રમહિષી છે - વિજયા, વૈજયંતિ, જયંતિ, અપરાજિતા. એ રીતે ભાવકેતુ પર્યન્ત જાણવું.***

***દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલની ચાર અગ્રમહિષી છે - રોહિણી, મદના, ચિત્રા, સોમા, એ રીતે વૈશ્રમણ પર્યન્ત જાણવું.***

***દેવેન્દ્ર દેવરાજ ઇશાનેન્દ્રના સોમ લોકપાલની ચાર અગ્રમહિષી છે - પૃથ્વી, રાત્રિ, રજની, વિદ્યુત્. એ રીતે વરુણ પર્યન્ત જાણવું.***

***[૨૮૮] ચાર ગોરસ વિગઈઓ કહી છે - ખીર, દહીં, ઘી, નવનીત... ચાર સ્નિગ્ધ વિગઈઓ કહી છે - તેલ, ઘી, વસા, માખણ... ચાર મહાવિગઈઓ કહી છે - મધુ, માંસ, મદ્ય, માખણ.***

***[૨૮૯] ચાર કૂટાગાર કહ્યા છે - કોઈ ગુપ્ત અને ગુપ્ત, કોઈ ગુપ્ત અને અગુપ્ત, કોઈ અગુપ્ત-ગુપ્ત, કોઈ અગુપ્ત-અગુપ્ત.. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા - કોઈ ગુપ્ત-ગુપ્ત ઇત્યાદિ... ચાર કૂટાગાર શાળા કહી છે - કોઈ ગુપ્ત અને ગુપ્તદ્વારવાળી, કોઈ ગુપ્ત-અગુપ્તદ્વારવાળી, કોઈ અગુપ્ત-ગુપ્તદ્વારા, કોઈ અગુપ્ત-અગુપ્તદ્વારા.. એ રીતે ચાર સ્ત્રીઓ જાણવી કોઈ ગુપ્ત અને ગુપ્તેન્દ્રિયા, કોઈ ગુપ્ત અને અગુપ્તેન્દ્રિયા. ઇત્યાદિ.***

***[૨૯૦] અવગાહના ચાર પ્રકારે છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - અવગાહના.***

***[૨૯૧] ચાર પ્રજ્ઞપ્તિ અંગબાહ્ય કહી - ચંદ્ર, સૂર્ય, જંબૂદ્વીપ, દ્વીપસાગર.***

**● વિવેચન-૨૮૭ થી ૨૯૧ :-**

[૨૮૭] સૂત્ર વિસ્તાર સરળ છે. વિશેષ એ કે - महारन्नो - લોકપાલ, अग्रभूत - પ્રધાન, महिषा - રાજાની સ્ત્રી, वइरोयण - વિવિધ પ્રકારે, रोच्यन्ते - દીપે છે, તે વૈરોચન - ઉત્તર દિગ્વાસી અસુરો, તેનો ઇન્દ્ર... 'ધરણ'ના સૂત્રમાં एवं इति - કાલપાલની જેમ કોલવાલ, શૈલપાલ, શંખપાલની આ જ નામવાળી ચાર-ચાર અગ્રમહિષીઓ જાણવી...ભૂતાનંદના સૂત્રમાં કહ્યું - "કાલવાલની માફક બીજાની પણ." તેમાં માત્ર લોકપાલનો ક્રમ બદલાશે, ત્રીજાના સ્થાને ચોથો.

દક્ષિણ દિશાના નાગકુમાર નિકાયના ઇન્દ્ર ધરણના લોકપાલોની અગ્રમહિષીઓ જે નામવાળી છે તેમ દક્ષિણ દિશાના બીજા આઠ-વેણુદેવ, હરિકાંત, અગ્નિશીખ આદિ ઇન્દ્રોના જે લોકપાલો સૂત્રમાં કહ્યા છે, તે બધાંની તેમજ જાણવી.. જેમ ઉત્તર દિશાનો નાગરાજ ભૂતાનંદેન્દ્રના લોકપાલોની અગ્રમહિષીઓના નામ કહ્યા છે, તેમ બાકીના - વેણુદાલી, હરિસ્સહ આદિ આઠ ઇન્દ્રોના લોકપાલોની પણ તેમજ જાણવી. તેથી જ કહે છે - जहा धरणस्स०

સચેતનનું અંતર કહ્યું. હવે અચેતન વિશેષ વિગઈનું અંતર કહે છે—

[૨૮૮] ગાયોનો રસ તે ગોરસ, આ વ્યુત્પત્તિ માત્ર છે. પ્રવૃત્તિથી ભેંસ વગેરેના દૂધ દહીં આદિ રસ પણ છે. શરીર અને મનને પ્રાયઃ વિકારનો હેતુ હોવાથી વિકૃતિ [વિગઈ] કહેવાય છે. શેષ સ્પષ્ટ છે. વિશેષ એ સર્પિ - ઘી, નવનીત - માખણ, વસા - હાડકાના મધ્યભાગનો રસ, મહારસ વડે મહાવિકાર કરનારી હોવાથી અને મહાન્ જીવોપઘાતનું કારણ હોવાથી મહાવિગઈ કહે છે. અહીં વિગઈનો પ્રસંગ હોવાથી વૃદ્ધ ગાથાઓ વડે વિગઈને કહે છે—

દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, દારુ, મધ, માંસ તથા કડાવિગઈ. ગાય, ભેંસ, ઉંટડી, બકરી, ઘેટી સંબંધી દૂધ એ પાંચ ભેદ કહ્યા. ઉંટડીના દૂધમાંથી દહીં વગેરે ન થતા હોવાથી, દહીં આદિના ચાર ભેદ કહ્યા.

તલ, અલસી, કુસુંભ, સરસવના તેલ એ ચાર ભેદો છે, શેષ ડોલા આદિના તેલને વિગઈમાં ગણેલ નથી... ગોળના બે ભેદ-દ્રવ્ય ગોળ, પિંડગોળ... મધ-દારુ બે ભેદે - કાષ્ઠ નિષ્પન્ન, પિષ્ઠ નિષ્પન્ન... મધ ત્રણ ભેદે - માક્ષિક, કૌંતિક, ભ્રામરિક... માંસ ત્રણ ભેદે - જલચર, સ્થલચર, ખેચરનું અથવા માંસ, ચરબી, લોહી એમ ત્રણ ભેદે છે. વળી ઘી કે તેલ ભરેલ કડાઈમાં ત્રણ ઘાણ સુધી તળાય ત્યાં સુધી કડાવિગઈ કહેવાય. ચોથા આદિ ઘાણમાં તળેલ પકવાન વિગઈ ન કહેવાય. યોગવહન કરનારને પ્રાયઃ કલ્પે છે. - x - એક પુડલા વડે જે તવો પુરાય છે, તેથી બીજો પુડલો જે કરાય તે વિગઈના ત્યાગ કરનાર મુનિને કલ્પે છે, કેમકે તે લેપકૃત કહેવાય છે.

[૨૮૯] અચેતન અંતરના અધિકારથી જ ઘર વિશેષના અંતરને દૃષ્ટાંત વડે કહેવા તથા પુરુષ-સ્ત્રીના અંતરને દાર્ષ્ટાન્તિક પણ કહેવાનું સૂત્ર—

કૂટ-શિખરવાળું ઘર અથવા જીવને બાંધવાના સ્થળ જેવા ઘર તે કૂટાગાર, તેમાં ગુપ્ત-ગઢ આદિથી વીંટાયેલું અથવા ભૂમિગૃહાદિ, વળી બંધ બારણા વડે ગુપ્ત કે પૂર્વકાળ-પશ્ચાતકાળ અપેક્ષાએ ગુપ્ત છે... એમ જ બીજા ત્રણ ભેદ જાણવા. પુરુષ તો વસ્ત્રાદિ દ્વારા આચ્છાદિત હોવાથી ગુપ્ત વળી ઇન્દ્રિયોને વશ કરવા વડે ગુપ્તેન્દ્રિય અથવા પહેલાં પણ ગુપ્ત અને હાલ પણ ગુપ્ત છે. અગુપ્ત પણ એમજ છે. તથા કૂટના આકાર વાળી શાળા તે કૂટાગાર શાળા, આ સ્ત્રી લિંગ દૃષ્ટાંત છે. સ્ત્રીલક્ષણ દાર્ષ્ટાન્તિક સામ્ય છે.

તેમાં ગુપ્તા એટલે પરિવાર વડે આવૃત્ત, ઘરમાં રહેલી, વસ્ત્રાદિ આચ્છાદિત અંગવાળી કે ગૂઢ સ્વભાવા કે ગુપ્તેન્દ્રિયા કે અનુચિત્ત પ્રવૃત્ત ઇન્દ્રિયોને કાબૂમાં



રાખનારી. એ રીતે બાકીના ભેદ જાણવા.

[૨૯૦] ગુપ્તેન્દ્રિયત્વ કહ્યું, ઇન્દ્રિયો અવગાહનાના આશ્રયવાળી છે માટે અવગાહના નિરૂપણ કરે છે - જીવો જેનો કે જેમાં આશ્રય કરે તે અવગાહના અર્થાત્ શરીર. દ્રવ્યથી અવગાહના તે દ્રવ્યાવગાહના, એમ જ સર્વત્ર જાણવું. તેમાં દ્રવ્યથી અનંત દ્રવ્યરૂપ છે. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી અસંખ્યાત સમય સ્થિતિક. ભાવથી વર્ણાદિ અનંતગુણા. - અથવા -

વિવક્ષિત દ્રવ્યના આધારભૂત આકાશપ્રદેશો તે અવગાહના. તેમાં દ્રવ્યોની અવગાહના તે દ્રવ્યાવગાહના, ક્ષેત્ર એ જ અવગાહના-ક્ષેત્રાવગાહના. કાલની અવગાહના મનુષ્યક્ષેત્રમાં વર્તતી તે કાલાવગાહના, ભાવવાળા દ્રવ્યોની અવગાહના તે ભાવાવગાહના. - x - અથવા આશ્રય માત્ર અવગાહના, પર્યાયો વડે દ્રવ્યની અવગાહના તે આશ્રય અવગાહના. - x - x -

[૨૯૧] અવગાહનાની પ્રરૂપણા પ્રજ્ઞપ્તિઓમાં કરેલી છે, માટે પ્રજ્ઞપ્તિનું સૂત્ર કહે છે - જેમાં વિશેષથી અર્થો જણાય છે તે પ્રજ્ઞપ્તિઓ, આચારાદિ અંગસૂત્રથી બાહ્ય તે અંગબાહ્ય, નામ પ્રમાણે વર્ણનવાળી કાલિક સૂત્ર રૂપ છે. તેમાં સૂર્યપ્રજ્ઞપ્તિ-જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પાંચમા-છઠ્ઠા અંગના ઉપાંગ રૂપ છે. બાકીની બે પ્રજ્ઞપ્તિ પ્રકીર્ણકરૂપ છે. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પાંચમી છે - x -

**સ્થાન-૪ - ઉદ્દેશો-૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સ્થાન-૪ - ઉદ્દેશો-૨ ❀

-- x -- x -- x -- x -- x --

૦ ચોથા સ્થાનનો ઉદ્દેશો-૧ કહ્યો. હવે બીજો કહીએ છીએ. તે બંનેનો સંબંધ આ છે - અનંતર ઉદ્દેશામાં જીવાદિ દ્રવ્ય-પર્યાયોના ચાર સ્થાનો કહ્યાં. અહીં પણ તેના જ ચાર સ્થાનકો કહે છે. તેનું આદિ સૂત્ર—

• **સૂત્ર-૨૯૨,૨૯૩ :-**

*ચાર પ્રતિસંલીનો કહ્યા છે - ક્રોધ પ્રતિસંલીન, માન પ્રતિસંલીન, માયા પ્રતિસંલીન, લોભ પ્રતિસંલીન...*

*ચાર અપ્રતિસંલીનો છે - ક્રોધ અપ્રતિસંલીન યાવત્ લોભ અપ્રતિસંલીન...*

*ચાર પ્રતિસંલીનો છે - મન, વચન, કાય, ઇન્દ્રિય - પ્રતિસંલીન...*

*ચાર અપ્રતિસંલીનો છે - મન યાવત્ ઇન્દ્રિય અપ્રતિસંલીન.*

*[૨૯૩] ચાર પ્રકારે પુરુષો કહ્યા - -૧- કોઈ દીન અને દીન, કોઈ દીન - અદીન, કોઈ અદીન-દીન, કોઈ અદીન-અદીન... -૨- ચાર પ્રકારે પુરુષો કહ્યા - કોઈ દીન-દીન પરિણત, કોઈ દીન-અદીન પરિણત, કોઈ અદીન-દીન પરિણત, કોઈ અદીન-અદીન પરિણત... -૩- ચાર પ્રકારે પુરુષો કહ્યા - કોઈ દીન-દીનરૂપ,*

*એ પ્રમાણે -૪- દીનમન, -૫- દીનસંકલ્પ, -૬- દીનપ્રજ્ઞ, -૭- દીનશીલાચાર, -૮- દીનવ્યવહાર [એ સર્વેની ચતુર્ભંગી સમજવી]*

*-૧૦- ચાર પ્રકારે પુરુષો કહ્યા - કોઈ દીન-દીન પરાક્રમ, એ રીતે -૧૧- દીન-દીનવૃત્તિ, -૧૨- દીનજાતિ, -૧૩- દીનભાષી, -૧૪- દીનાવભાષી, -૧૫- ચાર પ્રકારે પુરુષો કહ્યા - કોઈ દીન-દીન સેવી, -૧૬- દીન-દીન પર્યાય, -૧૭- દીન-દીન પરિવાર. એ રીતે સર્વત્ર ચાર-ચાર ભેદ જાણવા.*

● વિવેચન-૨૯૨,૨૯૩ :-

[૨૯૨] આનો પૂર્વ સૂત્ર સાથેનો સંબંધ આ છે - ત્યાં પ્રજ્ઞપ્તિઓ કહી તે પ્રતિસંલીન પુરુષો વડે જ સમજાય છે, તેથી આ સૂત્રમાં પ્રતિસંલીન અને અપ્રતિસંલીન કહેવાય છે. સૂત્ર સુગમ છે. વિશેષ આ—

પ્રત્યેક વસ્તુમાં ક્રોધાદિનો નિરોધ કરનારા તે પ્રતિસંલીન, તેમાં ક્રોધના ઉદયના નિરોધ વડે અને ઉદય પ્રાપ્ત ક્રોધને નિષ્ફળ કરવા વડે તેઓ ક્રોધ પ્રતિસંલીન છે. કહ્યું છે કે - કષાયોના ઉદયનો નિરોધ અને ઉદયપ્રાપ્ત કષાયોને નિષ્ફળ કરવા તે કષાયસંલીનતા છે. કુશલ મનની ઉદીરણા અને અકુશલ મનના નિરોધ વડે જેનું મન કાબૂવાળુ છે અથવા મન વડે નિરોધ કરે તે મનઃપ્રતિસંલીન, એમ જ વચન, કાયા અને ઇન્દ્રિયમાં જાણવું.

વિશેષ એ કે - મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દાદિમાં રાગદ્વેષને દૂર કરવા તે ઇન્દ્રિય પ્રતિસંલીન. એક ગાથા છે - અપ્રશસ્ત યોગનો નિરોધ, કુશલયોગે પ્રવૃત્તિ, કાર્ય પ્રસંગે વિધિથી ગમન, આ યોગ સંબંધી પ્રતિસંલીનતા જાણવી. શ્રોત્રેન્દ્રિય વિષયમાં સારા-ખરાબ શબ્દો પ્રાપ્ત થતા સાધુ રાગ-દ્વેષ ન કરે. એ રીતે બાકી ઇન્દ્રિયોના વિષયમાં જાણવું. એ રીતે વિપરીતપણાથી અસંલીનતા જાણવી.

[૨૯૩] પ્રકારાંતરથી અસંલીનને ચતુર્ભંગીરૂપ ૧૭-સૂત્રો વડે કહે છે—

(૧) દીન-ગરીબીયુક્ત, ધન વડે ક્ષીણ, પહેલા અને પછી પણ દીન જ, અથવા બાહ્યવૃત્તિથી દીન-અંતર્વૃત્તિથી પણ દીન ઇત્યાદિ ચતુર્ભંગી જાણવી.

(૨) દીન-બાહ્યવૃત્તિથી નિસ્તેજ મુખાદિ, પણ શરીરથી ગુણયુક્ત એ રીતે પ્રજ્ઞાસૂત્ર પર્યન્ત પ્રથમ દીનપદની વ્યાખ્યા છે, દીન પરિણત - અદીન છતાં અંતર્વૃત્તિથી દીનપણે પરિણત આદિ ચતુર્ભંગી.. (૩) દીનરૂપ-મલિન જીર્ણ વસ્ત્ર આદિ અપેક્ષાએ.. (૪) દીનમન- સ્વભાવથી જ તુચ્છ.. (૫) દીનસંકલ્પ-સ્વભાવે ઉદાર મન છતાં કંઈક દીન વિચારયુક્ત.. (૬) દીનપ્રજ્ઞ-સૂક્ષ્માર્થ વિચારમાં હીન.. (૭) ચિત્ત વડે દીન. એ રીતે 'દીન'ની વ્યાખ્યા આગળ પણ કરવી. દીનદૃષ્ટિ-ઓછી નજરવાળો.. (૮) દીન શીલાચાર-હીન ધર્માનુષ્ઠાનવાળો.

(૯) દીનવ્યવહાર - અન્યોન્ય લેણ-દેણ ક્રિયામાં હીન કે હીનવિવાદી.. (૧૦) દીન પરાક્રમ - હીન ઉધમવાળો, (૧૧) દીનવૃત્તિ-દીન માફક આજીવિકા.. (૧૨) દીનયાચી - દૈન્યવત્ પુરુષ પાસે કે દીનતાથી યાચે અથવા દીનયાચી - દીન પાસે જનાર અથવા દીનજાતિ - જે જાતિથી હીન છે.. (૧૩) દીનભાષી - દીનવત્ કે દીન





પુરુષ પ્રત્યે બોલે તે.. (૧૪) દીનાવભાષી - દીન જેવો દેખાય કે દીન જેવો થઈને યાચે તે.. (૧૫) દીનસેવી - દીન નાયકને સેવે તે, (૧૬) દીનપર્યાય - જેની પ્રવ્રજ્યા અવસ્થા દીન જેવી છે તે, (૧૭) દીનપરિયાલ - જેનો પરિવાર દીન છે તે. — આ બધામાં ચાર ભંગ જાણવા. - હવે પુરુષના ભેદના ૧૮ સૂત્રો કહે છે—

● સૂત્ર-૨૯૪ થી ૩૦૦ :-

*[૨૯૪] -૧- ચાર ભેદે પુરુષો કહ્યા - કોઈ આર્ય-આર્ય. ૨- ચાર ભેદે પુરુષો કહ્યા - કોઈ આર્ય-આર્ય પરિણત, [એ બંને સૂત્રોમાં ચઉભંગી જાણવી, જેમકે આર્ય-આર્ય, આર્ય-અનાર્ય, અનાર્ય-આર્ય, અનાર્ય-અનાર્ય. એ રીતે આગળ આર્ય શબ્દ સાથે ચઉભંગી બતાવે છે.] ૩- આર્યરૂપ, ૪- આર્યમન, ૫- આર્યસંકલ્પ, ૬- આર્યપ્રજ્ઞ, ૭- આર્યદૃષ્ટિ, ૮- આર્યશીલાચાર, ૯- આર્યવ્યવહાર, ૧૦- આર્યપરાક્રમ, ૧૧- આર્યવૃત્તિ, ૧૨- આર્યજાતિ, ૧૩- આર્યભાષી, ૧૪- આર્યઅવભાષી, ૧૫- આર્યસેવી, ૧૬- આર્ય પર્યાય, ૧૭- આર્ય પરિવાર, આ પ્રમાણે ૧૭-આલાવા જેમ દીનના કહ્યા તેમ આર્યની [ચૌભંગી પણ] જાણવી.*

*૧૮- ચાર ભેદે પુરુષ કહ્યા - આર્ય અને આર્યભાવ, આર્ય પણ અનાર્યભાવ, અનાર્ય પણ આર્યભાવ, અનાર્ય અને અનાર્યભાવ.*

*[૨૯૫] -૧- વૃષભ ચાર ભેદે કહ્યા - જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન અને રૂપસંપન્ન. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે - જાતિ યાવત્ રૂપસંપન્ન.*

*-૨- વૃષભ ચાર ભેદે કહ્યા - જાતિસંપન્ન પણ કુલસંપન્ન નહીં, કુલસંપન્ન પણ જાતિ સંપન્ન નહીં, જાતિસંપન્ન અને કુલસંપન્ન, જાતિસંપન્ન નહીં અને કુલસંપન્ન નહીં. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે - જાતિસંપન્ન-કુલસંપન્ન આદિ.*

*-૩- વૃષભ ચાર ભેદે છે - જાતિસંપન્ન પણ બલસંપન્ન નહીં - એ ચૌભંગી એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે છે... -૪- વૃષભ ચાર ભેદે છે - જાતિસંપન્ન પણ રૂપસંપન્ન નહીં. - એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે જાણવા.*

*-૫- વૃષભ ચાર ભેદે છે - કુળસંપન્ન પણ બળસંપન્ન નહીં - એ ચૌભંગી. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો પણ જાણવા... -૬- વૃષભ ચાર ભેદે છે - કુળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં - એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે જાણવા.*

*-૭- વૃષભ ચાર ભેદે છે - બળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં - એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો ચાર ભેદે જાણવા - બળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં આદિ.*

*-૧- હાથી ચાર ભેદે છે - ભદ્ર, મંદ, મૃગ, સંકીર્ણ, એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે - ભદ્ર, મંદ, મૃગ, સંકીર્ણ... -૨- હાથી ચાર ભેદે છે - ભદ્ર અને ભદ્રમન, ભદ્ર અને મંદમન, ભદ્ર અને મૃગમન, ભદ્ર અને સંકીર્ણમન, એ રીતે પુરુષો ચાર ભેદે છે - ભદ્ર અને ભદ્રમન, ભદ્ર અને મંદમન - - ઇત્યાદિ ૪-*

*-૩- હાથી ચાર ભેદે છે - મંદ અને ભદ્રમન, મંદ અને મંદમન, મંદ અને મૃગમન, મંદ અને સંકીર્ણમન. આ પ્રમાણે જ પુરુષોને ચાર ભેદે જાણવા.*

*-૪- હાથી ચાર ભેદે છે - મૃગ અને ભદ્રમન, મૃગ અને મંદમન, મૃગ*

*અને મૃગમન, મૃગ અને સંકીર્ણમન. આ જ ચાર ભેદે પુરુષો પણ જાણવા.*

*-૫- હાથી ચાર ભેદે જાણવા - સંકીર્ણ અને ભદ્રમન, સંકીર્ણ અને મંદમન, સંકીર્ણ અને મૃગમન, સંકીર્ણ અને સંકીર્ણમન. આ પ્રમાણે જ ચાર પુરુષો છે.*

*[૨૯૬] ભદ્ર હાથીના લક્ષણો - મધની ગોળી સમાન પિંગલ આંખ, અનુક્રમે સુંદર લાંબુ પૂંછળુ, ઉન્નત મસ્તક, ધીર, સર્વાંગ સમાધિત હોય તે.*

*[૨૯૭] મંદ હાથીના લક્ષણો - ચંચળ, સ્થૂળ, વિષમ ચર્મ, સ્થૂળ મસ્તક, સ્થૂળ પૂંછ, સ્થૂળ નખ-દાંત-કેશવાળો, પિંગલ લોચનવાળો હોય તે.*

*[૨૯૮] મૃગ હાથીના લક્ષણો - કૃશ શરીર, કૃશ ગ્રીવા, કૃશ ત્વચા, કૃશ દાંત-નખ-વાળયુક્ત, ભીરૂ, ત્રાસેલો, ખેદવાળો, બીજાને ત્રાસ દેનારો હોય તે.*

*[૨૯૯] સંકીર્ણ હાથીના લક્ષણો - ઉક્ત ત્રણે હાથીના થોડા-થોડા લક્ષણ જેનામાં હોય, વિચિત્ર રૂપ અને શીલ વડે તે સંકીર્ણ છે.*

*[૩૦૦] ભદ્ર હાથી શરદઋતુમાં, મંદ હાથી વસંતઋતુમાં, મૃગ હાથી હેમંત ઋતુમાં અને સંકીર્ણ હાથી સર્વ ઋતુમાં મદોન્મત્ત હોય છે.*

● વિવેચન-૨૯૪ થી ૩૦૦ :-

[૨૯૪] સૂત્રનો અર્થ કહેવાયેલ છે. વિશેષ આ - આર્યો નવ ભેદે છે - ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, ચરણ, દર્શન વડે આર્ય.

ક્ષેત્રથી આર્ય, વળી પાપકર્મથી રહિત હોવાથી નિષ્પાપ. એ રીતે સત્તર સૂત્રો જાણવા. ક્ષાયિકાદિ જ્ઞાનાદિ યુક્ત, તે આર્યભાવ, ક્રોધાદિ, તે અનાર્યભાવ. દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક અર્થ સહિત પુરુષજાત કહે છે—

[૨૯૫] સૂત્ર પાઠ સિદ્ધ છે - વિશેષ એ કે - ઋષભ એટલે બળદ. જાતિ એટલે ગુણવાન્ માતૃપક્ષ. કુળ એટલે ગુણવાન્ પિતૃપક્ષ. બલ - ભારવહન આદિ સામર્થ્ય, રૂપ - શરીર સૌંદર્ય. પુરુષો સ્વયં વિચારી લેવા.

ઉક્ત દૃષ્ટાંત સૂત્રો પુરુષના દાર્ષ્ટાન્તિક સૂત્રો સહિત જાતિ વગેરે ચાર પદોને સ્થાપીને છ દ્વિક સંયોગી સ્થાનના ક્રમથી છ જ ચતુર્ભંગીથી જાણવા. હાથીના સૂત્રમાં ભદ્ર આદિ હાથી વિશેષ, વનાદિ વિશેષિત અને કહેવાનાર લક્ષણવાળા છે. કહે છે - હાથી, ભદ્ર-મંદ-મૃગ ત્રણ ભેદે જાણવા. તે વનમાં ફરવાથી, આકારથી, પરાક્રમ ભેદથી જણાય છે. તેમાં ભદ્ર હાથી ધીરત્વાદિ ગુણ વડે યુક્ત, મંદ હાથી ધૈર્ય અને વેગથી મંદ, મૃગ-મૃગ માફક પાતળા અને બીકણ, સંકીર્ણ - ભદ્રાદિ હાથીઓના ગુણથી મિશ્રિત છે. - x - x -

તેમાં એક ભદ્ર અને ભદ્ર મનવાળો ઇત્યાદિ ક્રમે-૧૬ ભેદ થશે. ભદ્ર - જાતિ, આકારથી પ્રશસ્ત તથા જેનું મન ભદ્ર છે અથવા ભદ્રના જેવું મન જેને છે તે ભદ્રમન - ધીર... મંદ છે મન જેનું અથવા મંદની જેમ મન જેનું છે તે મંદમન - અત્યંત ધીર નહીં. એ રીતે મૃગમન - ભીરુ, સંક્રીર્ણમન - ભદ્રાદિ વિચિત્ર લક્ષણયુક્ત - વિચિત્ર ચિત્ત. પુરુષો તો કહેવાતા ભદ્રાદિ લક્ષણ મુજબ પ્રશસ્ત-અપ્રશસ્ત સ્વરૂપવાળા જાણવા. તે લક્ષણો—



[૨૯૬] મધની ગોળી જેવા પિંગલ નેત્ર જેને છે તે, પરંપરા એ સારી રીતે ઉત્પન્ન થયેલ તે અનુપૂર્વ સુજાત, સ્વજાતિ ઉચિત કાળક્રમે થયેલ બળ, રૂપાદિ ગુણયુક્ત, લાંબા પૂંછડાવાળા, અનુક્રમે સ્થૂળ-સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ લક્ષણથી જેનું પૂંછડું લાંબુ છે તે. અગ્રભાગે ઉન્નત, ધીર, સર્વે અંગોથી પ્રમાણોપેત અને લક્ષણયુક્ત સર્વાંગ સમાહિત ભદ્ર નામે હાથી છે.

[૨૯૭] ચલ - શિથિલ, સ્થૂલ અને ચીમળાયેલ ચર્મવાળો, સ્થૂલ મસ્તક, સ્થૂલ પૂંછડાના મૂળથી યુક્ત, સ્થૂળ નખ-દાંત-કેશવાળો, સિંહની માફક પિંગલ નેત્રવાળો મંદ નામક હાથી હોય છે.

[૨૯૮] કૃશ શરીર, કૃશ ગ્રીવા, પાતળી ત્વચા, પાતળા નખ - દાંત - કેશવાળો, બીકણ, ભયથી સ્તબ્ધ કાન, ડરેલો, ચાલવામાં ઉદ્વેગવાળો, સ્વયં ત્રાસેલો અને બીજાને ત્રાસ આપનારો તે ત્રાસી, મૃગ નામક હાથી છે.

[૨૯૯,૩૦૦] બંને ગાથા સરળ છે. [મૂલાર્થ પ્રમાણે જાણવું]

ભદ્ર હાથી દાંત વડે હણે છે, મંદ હાથી હાથ વડે હણે છે, મૃગ હાથી શરીર અને હોઠથી હણે છે, સંકીર્ણ હાથી સર્વાંગથી હણે છે. - - હમણાં સંકીર્ણ મનવાળો હાથી કહ્યો. મનનું સ્વરૂપ બતાવી વચનને વિકથાથી કહે છે.

● સૂત્ર-૩૦૧ :-

*વિકથાઓ ચાર કહી છે - સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, રાજ કથા.*

*સ્ત્રીકથા ચાર ભેદે છે - સ્ત્રીઓની જાતિ કથા, સ્ત્રીઓની કુળ કથા, સ્ત્રીઓની રૂપકથા, સ્ત્રીઓની નેપથ્ય કથા...*

*ભક્ત [ભોજન] કથા ચાર ભેદે છે - ભોજનની ૧- આવાપ કથા, ૨- નિર્વાપ કથા, ૩- આરંભ કથા, ૪- નિષ્ઠાન કથા...*

*દેશ કથા ચાર ભેદે છે - દેશવિધિ કથા, દેશવિકલ્પ કથા, દેશછંદક કથા, દેશનેપથ્ય કથા...*

*રાજ કથા ચાર ભેદે છે - રાજાની -૧- અતિયાન કથા, -૨- નિર્યાણ કથા, -૩- બલવાહન કથા, -૪- કોશ કોષ્ઠાગાર કથા.*

*ધર્મકથા ચાર ભેદે છે - આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, નિર્વેદની.*

*આક્ષેપણી કથા ચાર ભેદે - આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ, દૃષ્ટિવાદ.*

*વિક્ષેપણી કથા ચાર ભેદે - (૧) સ્વ સિદ્ધાંતના ગુણોનું અને પરસિદ્ધાંતના દોષોનું કથન, (૨) પર સિદ્ધાંત ખંડન અને સ્વ સિદ્ધાંત સ્થાપના, (૩) પર સિદ્ધાંતનો સમ્યગ્વાદ કહીને, તેમાં રહેલ મિથ્યાવાદ કહેવો. (૪) પર સિદ્ધાંતનો મિથ્યાવાદ કહીને ત્યાં સમ્યગ્વાદને સ્થાપવો.*

*સંવેદની કથા ચાર ભેદે છે - આલોક સંવેદની, પરલોક સંવેદની, આત્મશરીર સંવેદની, પર શરીર સંવેદની... નિર્વેદની કથા ચાર ભેદે કહેલી છે - (૧) આ લોકમાં સંચિત દુષ્ટકર્મનું ફળ આ જન્મમાં મળે, (૨) આ લોકમાં સંચિત દુષ્કર્મનું ફળ પરલોકમાં મળે, (૩) પરજન્મમાં સંચિત દુષ્કર્મનું ફળ*

***આલોકમાં મળે, (૪) પરજન્મમાં સંચિત દુષ્કર્મનું ફળ પરલોકમાં મળે - [તે તે સંબંધી કથા તે નિર્વેદની કથા.], - - - (૧) આલોકમાં આચરેલા સત્કર્મોના ફળ આ જન્મમાં મળે, (૨) આલોકમાં આચરેલ સત્કર્મોના ફળ પરલોકમાં મળે, ઇત્યાદિ ચઉભંગી જાણવી.***

● વિવેચન-૩૦૧ :-

સૂત્ર સુગમ છે. વિશેષ આ - સંયમને બાધક હોવાથી વિરુદ્ધ કથા - વચનપદ્ધતિ તે વિકથા, તેમાં સ્ત્રીઓની કે સ્ત્રી સંબંધી કથા તે સ્ત્રી કથા. આ કથા કહેલી છે, તો પણ સ્ત્રીના વિષયપણાએ સંયમ વિરુદ્ધ હોવાથી વિકથા છે... એ રીતે ભોજનની, દેશની, રાજાની જે કથા તે વિકથા છે.

બ્રાહ્મણી આદિમાંથી કોઈપણની પ્રશંસા કે નિંદા, જે જાતિ વડે કરાય તે જાતિ કથા. જેમ - પતિના અભાવે જીવતી આ બ્રાહ્મણીને ધિક્કાર છે, અમે શુદ્ર સ્ત્રીને ધન્ય માનીએ છીએ, જે લાખપતિ છતાં અનિંદિત છે.

એ રીતે ઉગ્ર કુલાદિમાં ઉત્પન્ન સ્ત્રીમાંથી કોઈ સ્ત્રીની પ્રશંસા તે કુલકથા. જેમકે - અહો ! જગત્‌માં ચૌલુક્ય વંશજાનું સાહસ અધિક છે, પતિનું મૃત્યુ થતા તે પ્રેમરહિત સ્ત્રીઓ અગ્નિમાં પ્રવેશ કરે છે.

તથા આંદ્ર વગેરેમાં ઉત્પન્ન સ્ત્રીઓમાંથી કોઈ સ્ત્રીના રૂપની પ્રશંસા તે રૂપકથા. જેમકે - ચંદ્ર જેવા મુખવાળી, કમલ જેવા નેત્રોવાળી ઇત્યાદિ.

તે સ્ત્રીઓમાંથી કોઈ એક સ્ત્રીના પહેરવાના વસ્ત્રની જે પ્રશંસા તે નેપથ્યકથા. જેમકે - ઉત્તરદેશની સ્ત્રીઓને ધિક્કાર છે, જે ઘણાં વસ્ત્રોથી ઢંકાયેલ હોવાથી જેનું યૌવન યુવાન પુરુષોની આંખને હર્ષદાયી થતું નથી.

સ્ત્રીની કથામાં દોષો આ પ્રમાણે - સ્ત્રી કથા સ્વ-પરના મોહને ઉદીરે છે, લોકમાં ઉડ્ડાહ થાય, સૂત્રાદિની હાનિ, બ્રહ્મવ્રતની અગુપ્તિ આદિ થાય.

આ રસોઈમાં આટલા શાક અને ઘૃતાદિ ઉપયોગી થાય છે, આવી કથા તે આવાપ કથા... તેમાં આટલા પકવાન્ન, વ્યંજનાદિનો ઉપયોગ થાય છે એવી કથા તે નિર્વાપકથા... તેમાં આટલા તિત્તિરાદિનો ઉપયોગ થયો તે આરંભકથા... આટલો દ્રવ્ય-ખર્ચાદિ થશે તે નિષ્ઠાન કથા. - x -

ભોજન કથામાં આ દોષો છે - આહાર કર્યા વિના ગૃદ્ધિથી અંગાર દોષ થાય, આ સાધુ પેટભરા આદિ છે, તેવો લોકાપવાદ થાય, દોષ પરંપરા થાય.

મગધાદિ દેશમાં વિધિ - ભોજનાદિની રચના અથવા અમુક ભોજન પ્રથમ ખવાય છે, ઇત્યાદિ કથા તે દેશવિધિ કથા. એમ બીજી કથામાં પણ જાણવું. વિશેષ એ કે - ધાન્યોત્પત્તિ, ગઢ-કૂવા-દેવકૂલાદિની કથા તે દેશ-વિકલ્પ કથા... છંદ - ગમ્યાગમ્ય વિભાગ, અમુક કન્યા પરણવા યોગ્ય છે કે પરણવા યોગ્ય નથી તે દેશછંદ કથા... નેપથ્ય - વેષ સંબંધી કથા.

આ કથામાં આ દોષ છે - રાગદોષોત્પત્તિ, સ્વ-પર પક્ષનો કલહ, કોઈ દેશને ગુણવાણો જાણી સાધુ તે દેશે ગમન કરે, ઇત્યાદિ દોષ.



નગરાદિમાં પ્રવેશ સંબંધી કથા - અતિયાન કથા. જેમકે - શ્વેત હાથીના સ્કંધે બેઠેલો, ધોળા ચામરથી વિંઝાતો - x - x - રાજા નગરમાં પ્રવેશે છે.

આ રીતે બધે જાણવું. વિશેષ આ - નિર્ગમન સંબંધી, તે નિર્યાણ કથા. જેમકે - વાજીંત્રો વગાડતા, બિરુદાવલી બોલાતા - x - x - રાજા નીકળે છે.

બલ-હાથી આદિ અને વાહન-અશ્વાદિની કથા તે બલવાહન કથા. જેમકે - હે મિત્ર ! લાખો ઘોડાઓના હણહણાટ, હાથીનો ગર્જારવ, રથોના ઘણઘણાટ, શત્રુના લશ્કરનો નાશ કરનાર સૈન્ય કોનું છે ?

કોશ-ભંડાર, કોષ્ઠાગાર - ધાન્યગૃહ, તેની જે કથા તે કોશકોષ્ઠાગાર કથા. જેમકે - પુરુષ પરંપરા પ્રાપ્ત, વડિલોપાર્જિત ભંડાર - x - રાજા સમાન બીજો કોણ ?

રાજકથામાં આ દોષ છે - તેથી રાજપુરુષોને શંકા થાય છે કે - આ જાસુસ છે, ચોર છે, છુપા ઘાતક છે - x - ઇત્યાદિ શંકા થાય છે, ભુક્ત ભોગી દીક્ષિત રાજાને પૂર્વ સુખની સ્મૃતિ થાય, અભુક્ત ભોગી નિયાણું કરે આદિ.

આક્ષેપણી - જે કથા વડે શ્રોતા મોહ છોડી તત્ત્વ પ્રત્યે આકર્ષાય છે તે.

વિક્ષેપણી - જે કથા વડે શ્રોતા કુમાર્ગમાંથી સન્માર્ગમાં લઈ જવાય.

સંવેગની - જે કથા સંવેગને પ્રગટાવે, શ્રોતા બોધ કે સંવેગને પામે.

નિર્વેદની - જે કથા વડે શ્રોતા સંસારાદિથી ઉદાસીન કરાય તે.

આચાર આક્ષેપણી - લોચ, અસ્નાનાદિ આચારના પ્રકાશન વડે કહેવું તે, એ રીતે બીજા ભેદોમાં પણ જાણવું. વિશેષ એ કે - કંઈક થયેલ દોષના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત લક્ષણ જે કથન તે વ્યવહાર આક્ષેપણી. સંશય પ્રાપ્ત શ્રોતાને મધુર વચનો વડે સમજાવવું તે પ્રજ્ઞપ્તિ આક્ષેપણી, શ્રોતાની અપેક્ષાએ નય-અનુસાર જીવાદિ સૂક્ષ્મ ભાવ કથન તે દૃષ્ટિવાદ આક્ષેપણી. બીજા એમ કહે છે કે ‘આચાર’ આદિ નામથી આચાર આદિ ગ્રંથો ગ્રહણ કરાય છે. સારાંશ એ કે—

જ્ઞાન, ચારિત્ર, તપ, પુરસ્કાર અને સમિતિ-ગુપ્તિનો શ્રોતા અપેક્ષાએ જે ઉપદેશ તે આક્ષેપણી કથાસાર. પહેલા સ્વસિદ્ધાંત કહી તેના ગુણોનું સ્વરૂપ કહીને પરસમયને કહે છે, તેના દોષોને દેખાડે છે, આ વિક્ષેપણી કથાનો પ્રથમ ભેદ, એ રીતે પરસમયના કથન સહ સ્વસમય સ્થાપના તે બીજો ભેદ. પરસમયોમાં જિનાગમ તત્ત્વની સદેશતાથી અવિપરીત-તત્ત્વોનો વાદ તે સમ્યગ્‌વાદ, તે કહીને પરસમયોના જિનપ્રણીતતત્વોથી વિરુદ્ધ જે મિથ્યાવાદ, તેના દોષનું કથન તે ત્રીજો ભેદ. પરસમયના મિથ્યાવાદનું કથન કરીને સમ્યગ્વાદની સ્થાપના તે ચોથો ભેદ.

અથવા સમ્યગ્વાદ તે અસ્તિપણું, મિથ્યાવાદ-નાસ્તિપણું, તેમાં આસ્તિકવાદની દૃષ્ટિ કહી નાસ્તિકવાદીની દૃષ્ટિઓ કહે છે. તે ત્રીજો ભેદ, તેથી વિપરીત તે ચોથો ભેદ.

ઇહલોક - મનુષ્ય જન્મના સ્વરૂપના કથનથી સંવેગની તે ઇહલોક-સંવેગની, આ સર્વ મનુષ્યપણું અસાર છે, અધ્રુવ છે, કેળના સ્તંભ જેવું છે ઇત્યાદિ સ્વરૂપવાળી છે. એમ જ દેવાદિ ભવના સ્વરૂપના કથન રૂપ - દેવો પણ ઇર્ષ્યા, ખેદ, ભયાદિથી પરાભવ પામેલા છે, તો તિર્યંચનું શું કહેવું ? - એ પરલોક સંવેગની. આ મારું શરીર

પણ અશુચિ છે, અશુચિ કારણથી ઉત્પન્ન, અશુચિથી જન્મેલું ઇત્યાદિ આત્મશરીર સંવેગની કથા, મૃતકશરીરના કથનરૂપ પરશરીર સંવેગની.

આલોકમાં દુષ્કૃત્યો, આ લોકમાં દુઃખ એ જ કર્મરૂપ વૃક્ષથી ઉત્પન્ન થયેલ હોવાથી - x - તે દુઃખ ફળ વિપાક વડે સંયુક્ત થાય છે. ચોર આદિ માફક આ નિર્વેદની કથાનો પહેલો ભેદ. નારકોની માફક એ બીજો ભેદ, ગર્ભથી લઈને વ્યાધિ, દારિદ્રાદિથી પરાભૂત એ ત્રીજો ભેદ, અશુભ કર્મથી ઉત્પન્ન અને નરકને યોગ્ય કર્મને બાંધતા ગીધાદિ માફક ચોથો ભેદ.

આ લોકમાં સુચીર્ણ૦ ચૌભંગી - ૧- તીર્થંકરને દાન દાતા, ૨- સુસાધુ, ૩- તીર્થંકર, ૪- દેવ ભવસ્થ તીર્થંકરાદિ. વચન કહીને કાય વિશેષ કહે છે–

**● સૂત્ર-૩૦૨,૩૦૩ :-**

***[૩૦૨] ચાર પ્રકારે પુરુષો કહ્યા - કોઈ કૃષ અને કૃષ હોય, કોઈ કૃષ પણ દૃઢ હોય, કોઈ દૃઢ પણ કૃશ હોય, કોઈ દૃઢ અને દૃઢ હોય... ચાર ભેદે પુરુષ છે - કોઈ કૃશ અને કૃશ શરીર હોય, કોઈ કૃશ અને દૃઢ શરીર હોય, કોઈ દૃઢ અને કૃશ શરીર હોય, કોઈ દૃઢ અને દૃઢ શરીર હોય...***

***ચાર પ્રકારે પુરુષ છે - (૧) કોઈ કૃશ શરીરને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, પણ દૃઢ શરીરીને નહીં, (૨) કોઈ દૃઢ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, પણ કૃશ શરીરીને નહીં, (૩) કોઈ કૃશ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, દૃઢ શરીરીને પણ થાય છે, (૪) કોઈ કૃશ શરીરને જ્ઞાન દર્શન ઉત્પન્ન થતા નથી અને દૃઢશરીરીને પણ ઉત્પન્ન થતા નથી.***

***[૩૦૩] ચાર કારણે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીને આ સમયમાં કેવળ જ્ઞાનદર્શનની ઉત્પત્તિની ઇચ્છા છતાં ઉત્પન્ન ન થાય. તે આ - (૧) વારંવાર સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, રાજ કથાને કહેનાર હોય છે. (૨) જે પોતાના આત્માને વિવેક અને વ્યુત્સર્ગથી ભાવિત ન કરે, (૩) રાત્રિના પૂર્વ-પશ્ચિમ ભાગમાં ધર્મજાગરિકા કરતા નથી. (૪) પ્રાસુક, એષણીય, અલ્પ આહાર માટે સામુદાનિક સમ્યક્ ગવેષણા ન કરે. આ ચાર કારણે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓને યાવત્ કેવળ ઉત્પન્ન ન થાય.***

***ચાર કારણે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓને અતિશય જ્ઞાનદર્શનની ઇચ્છા હોય તો ઉત્પન્ન થાય છે - (૧) સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, રાજ કથા ન કહે, (૨) વિવેક અને વ્યુત્સર્ગપૂર્વક આત્માને ભાવિત કરે, (૩) રાત્રિના પૂર્વ-પશ્ચિમ ભાગમાં ધર્મજાગરિકા કરે અને (૪) પ્રાસુક, એષણીય, અલ્પ આહાર માટે સામુદાનિક સમ્યક્ ગવેષણા કરે.***

***આ ચાર સ્થાને નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ યાવત્ જ્ઞાનાદિ પામે.***

**● વિવેચન-૩૦૨,૩૦૩ :-**

[૩૦૨] સૂત્ર સુગમ છે. વિશેષ આ - કૃશ - પાતળું શરીર, પૂર્વે પણ કૃશ અને પછી પણ કૃશ, અથવા ભાવથી સત્ત્વાદિ વડે હીન, શરીરાદિથી પણ કૃશ. એ રીતે વિપરીતપણે દૃઢને જાણવો... પૂર્વસૂત્રના અર્થથી વિશેષ શરીરને આશ્રીને બીજું સૂત્ર છે, તેમાં ભાવથી કૃશ આદિ જાણવું. શેષ સુગમ છે.



ચતુર્ભંગી વડે કૃશના જ્ઞાનોત્પાદને કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - વિશેષ તપ વડે ભાવિત કૃશ શરીરીને શુભ પરિણામના સંભવ વડે જ્ઞાનાવરણ આદિ ક્ષયોપશમાદિ ભાવથી જ્ઞાન અને દર્શન કે જ્ઞાન સહ દર્શન, તે છાદ્મસ્થિક અથવા કૈવલિક ઉત્પન્ન થાય છે. દૃઢ શરીરવાળાને થતું નથી. કેમકે અત્યંત મોહ વડે તથાવિધ શુભ પરિણામ અભાવથી ક્ષયોપશમાદિનો અભાવ છે.

તથા દૃઢ સંઘયણવાળાને અલ્પમોહ હોય તો પણ જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, કેમકે સ્વસ્થ શરીરથી મન સ્વાસ્થ્ય વડે શુભ પરિણામના ક્ષયોપશમ આદિ ભાવ હોય છે, કૃશ શરીરવાળાને અસ્વાસ્થ્યથી જ્ઞાનાદિ ઉત્પન્ન ન થાય.

ત્રીજો ભેદ કૃશ કે દૃઢ શરીરવાળાને પણ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય. કેમકે વિશિષ્ટ સંઘયણ સહિત અલ્પમોહવાળાને શુભ પરિણામ ભાવથી કૃશત્વ કે દૃઢત્વની અપેક્ષા રહેતી નથી... ચોથો ભંગ સ્પષ્ટ છે.

જ્ઞાનદર્શનના ઉત્પાદ કહ્યો. હવે તેનો વ્યાઘાત કહે છે–

[૩૦૩] સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - નિર્ગ્રન્થીના ગ્રહણથી સ્ત્રીઓને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય તે કહ્યું. પ્રત્યક્ષની જેમ આ વર્તમાન સમયમાં શેષમતિ આદિ, ચક્ષુર્દર્શનાદિને અતિક્રાંત - અવબોધાદિ ગુણોથી આગળ વધી અતિશયવાળું - કેવલજ્ઞાન, દર્શન, અહીં જ્ઞાનની ઇચ્છાવાળાને પણ ઉત્પન્ન થતું નથી એવો અર્થ જાણવો. જ્ઞાનાદિના અભિલાષના અભાવથી–

(૧) વિકથા કરવાના સ્વભાવવાળાને, (૨) અશુદ્ધિના ત્યાગ વડે, (૩) કાયાના વ્યુત્સર્ગ વડે, રાત્રિનો પહેલો ભાગ અને પાછલો ભાગ, તે કાલ સમયમાં, કુટુંબ જાગરિકાના નિષેધ વડે ધર્મપ્રધાન જાગરિકા-ભાવ ચિંતવના કરે.

કહ્યું છે કે - મેં શું કર્યુ ? બાકી શું છે ? શું કરવા યોગ્ય છે ? હું તપ તો કરતો નથી. એવી રીતે પૂર્વ-પશ્ચિમ રાત્રિમાં જાગૃત રહી વિચારે. અથવા મારે શું અવસર છે ? અવસર યોગ્ય ઉચિત શું છે ? વિષયો અસાર છે, સાથે જનારા નથી, પરિણામે વિરસ છે, મૃત્યુથી ભયંકર છે, એમ ચિંતવે. - x - તે ધર્મજાગરિકા કરનાર જાણવો. તથા પ્રાસુક-જેમાંથી ઉચ્છ્વાસાદિ પ્રાણો ગયેલ છે - તે નિર્જીવ વસ્તુ, ઉદ્ગમાદિ દોષરહિતપણે ગવેષણા કરાય છે તે એષણીય, થોડું-થોડું ગ્રહણ કરાય તે ઉંછ-ભક્તપાન, ભિક્ષાની યાચના તે સામુદાનિક, તે સમ્યગ્ રીતે ન શોધી, એ રીતે કેવળજ્ઞાન ન થાય. આનાથી વિપરીત સૂત્ર સુગમ છે.

હવે નિર્ગ્રન્થ માટે નિષેધ સૂત્રો કહે છે.

**● સૂત્ર-૩૦૪ થી ૩૦૭ :-**

***[૩૦૪] સાધુ-સાધ્વીને ચાર મહા પડવાએ સ્વાધ્યાય કરવો ન કલ્પે, તે આ - અષાઢી પડવો, આસોનો પડવો, કાર્તિકી પડવો, ચૈત્રી પડવો [પડવો એટલે વદ એકમ.]...***

***સાધુ-સાધ્વીને ચાર સંધ્યાએ સ્વાધ્યાય કરવો ન કલ્પે, તે આ - સૂર્યોદયે, મધ્યાહ્ને, સંધ્યાએ, મધ્યરાત્રિએ. [પૂર્વ પશ્ચાત્ ઘડી].***

***[૩૦૫] લોક સ્થિતિ ચાર ભેદે છે - આકાશ પ્રતિષ્ઠિત વાયુ, વાયુ પ્રતિષ્ઠિત ઉદધિ, ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી, પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ સ્થાવર પ્રાણી.***

***[૩૦૬] ચાર પ્રકારે પુરુષો કહ્યા - તથાપુરુષ, નોતથાપુરુષ, સૌવસ્તિક, પ્રધાન... ચાર ભેદે પુરુષો કહ્યા - (૧) આત્માંતકર પણ પરાંતકર નહીં, (૨) પરાંતકર, આત્માંતકર નહીં, (૩) આત્માંતકર અને પરાંતકાર, (૪) આત્માંતકર નહીં અને પરાંતકર નહીં... ચાર ભેદે પુરુષ - સ્વયં ચિંતા કરે, બીજાને ન કરાવે. ઇત્યાદિ ચાર પ્રકારે... ચાર ભેદે પુરુષ - આત્મંદમ પણ પરંદમ નહીં ઇત્યાદિ.***

***[૩૦૭] ગર્હા ચાર ભેદે છે - (૧) પ્રાયશ્ચિત્ત લેવા ગુરુ પાસે જઉં તે એક ગર્હા. (૨) ગર્હણીય દોષ દૂર કરું તે બીજી ગર્હા, (૩) જે કંઈ અનુચિત હોય તેનું મિથ્યાદુષ્કૃત આપું તે ત્રીજી ગર્હા, (૪) સ્વદોષ ગર્હાથી શુદ્ધિ થાય તે માનવું તે ચોથી.***

● **વિવેચન-૩૦૪ થી ૩૦૭ :-**

[૩૦૪] સૂત્ર સરળ છે. પણ મહોત્સવ પછી થનાર ઉત્સવની અનુવૃત્તિ વડે બીજા પડવાઓથી વિલક્ષણરૂપે મહાપ્રતિપદાઓમાં - x - નંદી આદિ સૂત્રવિષય વાચનાદિ સ્વાધ્યાય ન કલ્પે, અનુપ્રેક્ષાનો નિષેધ નથી. બધી પ્રતિપદા - પૂનમ પછીની એકમ જાણવી. ઇન્દ્રમહ - આસો માસની, સુગ્રીષ્મ એટલે ચૈત્ર માસની. જે દેશમાં જે દિવસથી મહોત્સવ પ્રવર્તે, તે દિવસથી સ્વાધ્યાય ન કરવો, તે પૂર્ણિમા પર્યન્ત જ સમાપ્ત થાય. પ્રતિપદાઓ તો ક્ષણની અનુવૃત્તિથી વર્જાય છે. - x -

અકાલે સ્વાધ્યાયના દોષ—

શ્રુતજ્ઞાન વિરાધના, લોકવિરુદ્ધ, પ્રમાદથી છલના, ઇત્યાદિ - x -

પહેલી સંધ્યા-સૂર્યોદય થયા પૂર્વે, પશ્ચિમ સંધ્યા-સૂર્યાસ્તકાળે, સ્વાધ્યાય કરવાનું સૂત્ર સુગમ છે. વિશેષ આ - દિવસનો પહેલો અને છેલ્લો પ્રહર, રાત્રિનો પહેલો અને છેલ્લો પ્રહર.

[૩૦૫] સ્વાધ્યાય પ્રવૃત્તને લોકસ્થિતિ પરિજ્ઞાન થાય, તેથી તેને પ્રતિપાદન કરે છે - ક્ષેત્ર લક્ષણ લોકવ્યવસ્થા તે લોક સ્થિતિ. આકાશાધારે ઘનવાત, તનુવાત છે. ઉદધિ-ઘનોદધિ. પૃથ્વી એટલે રત્નપ્રભાદિ, ત્રસ એટલે બેઇન્દ્રિયાદિ જીવો. - x - વળી વિમાન, પર્વતાદિ પૃથ્વી પ્રતિષ્ઠિત જ છે. અથવા - x - વિમાનમાં રહેલ દેવાદિ ત્રસોની વિવક્ષા નથી અને સ્થાવર જીવો તો અહીં બાદર વનસ્પતિ આદિ ગ્રાહ્ય છે. કેમકે સૂક્ષ્મ જીવોનું સર્વલોકમાં રહેવાપણું છે. - x -

આ ત્રસ પ્રાણીને ચતુર્ભંગીરૂપે કહે છે.

[૩૦૬] સૂત્રો સરળ છે. વિશેષ આ - तह - સેવક થઈ, જેમ આજ્ઞા કરાય તેમ પ્રવર્તે તે.. તે પ્રમાણે ન પ્રવર્તે તે नोतथा.. स्वस्ति - મંગલપાઠકો.. એ ત્રણેના આરાધ્યપણાએ પ્રધાન તે સ્વામી એ ચોથો ભંગ.



૧- आयंतकर - પોતાના ભવનો અંત કરે તે, પણ બીજાના ભવનો અંત ન કરે તે ધર્મદેશના ન દેનાર - પ્રત્યેક બુદ્ધાદિ. ૨- માર્ગ પ્રવર્તનથી બીજાના ભવનો અંત કરે, પોતાનો નહીં તે परांतकर - અચરમશરીરી આચાર્યાદિ. ૩- તીર્થંકર કે અન્ય, ૪- દુષમકાળના આચાર્યાદિ. - - અથવા પોતાના મરણને કરે તે આત્માંતકર, બીજાનું મરણ કરે તે પરાંતકર. એ રીતે આત્મવધક, પરવધક, ઉભયવધક, અવધક એ ચાર ભેદ જાણવા.

અથવા સ્વતંત્ર થઈને કાર્ય કરે તે આત્મતંત્રકર, એ રીતે પરતંત્રકર. અહીં જિન, ભિક્ષુ, આચાર્યાદિ, કાર્યવિશેષાપેક્ષાએ શઠ એ ચાર ભેદ છે. અથવા आत्मतन्त्रकर - ધન, ગચ્છાદિ પોતાને સ્વાધીન કરે તે, એ રીતે બીજા ભાંગા સ્વયં વિચારવા... આત્માને ખેદ કરે તે આત્મતમ - આચાર્યાદિ, શિષ્યાદિને ખેદ કરાવે તે પરતમ. અથવા આત્માને વિશે અજ્ઞાન કે ક્રોધ જેને છે તે આત્મતમ એ રીતે બીજા ભેદ પણ વિચારવા.

આત્માને દમે-સમતાવાળો કરે કે શિક્ષા આપે તે આત્મદમ - આચાર્ય કે અશ્વનો દમક, એ રીતે બીજા ભેદ પણ જાણવા. - x -

[૩૦૭] ગર્હા યોગની ગર્હાથી दम થાય, માટે ગર્હા સૂત્ર - ગુરુની સાક્ષીએ આત્મનિંદા તે ગર્હા. પોતાના દોષના નિવેદન માટે ગુરુનો આશ્રય કરું કે ઉચિત પ્રાયશ્ચિત્ત સ્વીકારું એવા પરિણામ તે એક ગર્હા છે. ગર્હાના જેવું જ ફળ હોવાથી પરિણામનું ગર્હાપણું સમજવું. ભગવતી સૂત્રમાં કહ્યું છે—

ગૃહપતિના કુળમાં આહારાર્થે પ્રવેશીને કોઈ એક અકૃત્ય સ્થાન સેવીને તેને એવો વિચાર આવે કે - હું અહીં જ આ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદાદિ કરું, પછી સ્થવીરો પાસે આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કરીશ, તે સાધુ પ્રયાણ કરે પણ પહોંચ્યા પહેલા કાળ કરે તો તે આરાધક કે વિરાધક ? - હે ગૌતમ ! તે આરાધક થાય, વિરાધક નહીં.

વિશેષથી કે વિવિધ રીતે નિંદનીય દોષોને દૂર કરું તે વિકલ્પાત્મક એવી બીજી ગર્હા... જે કંઈ અનુચિત કર્યુ હોય તે દુષ્કૃતનું ફળ મિથ્યા થાઓ આવા વાસનાગર્ભિત વચનો તે ત્રીજી ગર્હા.. સ્વદોષની ગર્હાના પ્રકાર વડે જિનેશ્વરોએ દોષની શુદ્ધિ કહી છે એમ સ્વીકારવું તે ચોથી ગર્હા.

બીજી રીતે - ''જે કંઈ પાપ કર્યુ હોય તે મિથ્યા થાઓ'' - આવી પ્રરૂપણા કરવાથી એક ગર્હા થાય છે - x - અથવા હું અતિચારોનો નિષેધ કરું છું એ રીતે સ્વદોષ સ્વીકારરૂપ એક ગર્હા... જિનભાષિત ભાવોને વિશે કે ગુરુ આદિ વિશે દોષ જોવારૂપ હું શંકા કરું છું, આવા પ્રકારે જે ગર્હા તે પોતાના દોષને સ્વીકારવારૂપ હોવાથી બીજી ગર્હા... જે કંઈ સાધુઓને કરવા યોગ્ય નથી તે હું ઇચ્છુ છું - સાક્ષાત્ ન કરવા છતાં મનથી અભિલાષા કરું છું અથવા જે કંઈ સાધુ કૃત્ય આશ્રિત વિપરીત થાઉં છું કે ખોટું કરું છું, મ્લેચ્છની જેમ આચરણ કરું છું ઇત્યાદિ તે मिच्छामि० શેષ પૂર્વવત્, તે ત્રીજી ગર્હા.

અસત્ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઈ, કોઈ વડે પ્રેરાઈ, - x - અયથાર્થ અનુષ્ઠાનના સમર્થન માટે ક્લિષ્ટ ચિત્તવૃત્તિ વડે એવી રીતે પ્રરૂપણા કે ભાવના કરું છું જેમકે જિનાગમમાં આમ પણ છે, એ રીતે અસ્થાનાભિનિવેશી કે ઉત્સૂત્ર પ્રરૂપક હું છું, તે ચોથી ગર્હા. એ રીતે સર્વત્ર સ્વદોષ સ્વીકારરૂપ ગર્હા છે.

ગર્હા, દોષ વર્જનારને જ સમ્યગ્ હોય છે, બીજાને નહીં. તેથી દોષ ટાળનાર જીવોના સ્વરૂપના નિરૂપણ માટે સત્તર ચઉભંગી કહે છે—

● **સૂત્ર-૩૦૮ :-**

***૧- ચાર ભેદે પુરુષો છે - કોઈ પોતાને દુષ્પ્રવૃત્તિથી બચાવે છે, બીજાને નહીં. કોઈ બીજાને દુષ્પ્રવૃત્તિથી બચાવે છે, પોતાને નહીં. કોઈ બંનેને દુષ્ટ પ્રવૃત્તિથી બચાવે છે. કોઈ બંનેને દુષ્પ્રવૃત્તિથી બચાવતો નથી.***

***૨- ચાર ભેદે માર્ગ છે - એક ઋજુ અને ઋજુ, એક ઋજુ પણ વક્ર, એક વક્ર પણ ઋજુ, એક વક્ર અને વક્ર. -૩- એ રીતે ચાર ભેદે પુરુષો છે.***

***૪- ચાર ભેદે માર્ગ છે - એક ક્ષેમ અને ક્ષેમ, એક ક્ષેમ પઅ અક્ષેમ, એક અક્ષેમ પણ ક્ષેમ, એક અક્ષેમ અને અક્ષેમ. -૫- એ રીતે ચાર ભેદે પુરુષ છે.***

***૬- ચાર ભેદે માર્ગ છે - કોઈ ક્ષેમ અને ક્ષેમરૂપ, કોઈ ક્ષેમ પણ અક્ષેમરૂપ, ઇત્યાદિ ચાર ભેદ છે. -૭- એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે.***

***૮- શંખ ચાર ભેદે છે - કોઈ વામ અને વામાવર્ત્ત, કોઈ વામ પણ દક્ષિણાવર્ત્ત, કોઈ દક્ષિણ પણ વામાવર્ત્ત, કોઈ દક્ષિણ પણ દક્ષિણાવર્ત્ત. -૯- એ દૃષ્ટાંતે ચાર પ્રકારે પુરુષો કહ્યા છે - કોઈ વામ અને વામાવર્ત્ત આદિ.***

***૧૦- ચાર ભેદે ધૂમ્રશિખાઓ છે - કોઈ વામ અને વામાવર્ત્ત આદિ, ચાર. -૧૧- એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે - વામ અને વામાવર્ત્ત આદિ.***

***૧૨- ચાર ભેદે અગ્નિશિખા છે - કોઈ વામ અને વામાવર્ત્ત ઇત્યાદિ ચાર.***

***-૧૩- એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે - વામ અને વામાવર્ત્ત આદિ.***

***૧૪- ચાર ભેદે વાતમંડલિકા છે - કોઈ વામ અને વામાવર્ત્ત ઇત્યાદિ ચૌભંગી. -૧૫- એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે - કોઈ વામ અને વામાવર્ત્ત૦***

***૧૬- ચાર ભેદે વનખંડો છે - કોઈ વામ અને વામાવર્ત્ત ઇત્યાદિ ચૌભંગી.***

***૧૭- એ રીતે પુરુષો ચાર ભેદે છે - વામ અને વામાવર્ત્ત૦ આદિ.***

● **વિવેચન-૩૦૮ :-**

સૂત્રો સ્પષ્ટ છે. માત્ર 'નિષેધ થાઓ' એમ જે કહે છે તે અલમસ્તુ કહેવાય છે - અર્થાત્ નિષેધક. દુષ્ટ કાર્યોમાં પ્રવર્તમાનનો નિષેધ કરનાર અથવા અલમંથુ એટલે સમર્થ. તેથી કોઈ એક પોતાના નિગ્રહમાં સમર્થ.

એક માર્ગ આરંભે ઋજુ-અંતે પણ ઋજુ અથવા સરળ જણાય છે અને તત્ત્વથી પણ સરળ છે.. પુરુષ પૂર્વ-ઉત્તર કાળ અપેક્ષાએ સરળ છે અથવા અંતઃકરણ અને બાહ્ય સ્વરૂપ અપેક્ષાએ સરળ છે... ક્યાંક સરળ અને સરળ મન એવો પાઠ છે, ત્યાં પણ બાહ્યતત્ત્વ - અંતર્ તત્ત્વાપેક્ષાએ વ્યાખ્યા કરવી... કોઈ માર્ગ આરંભે



નિરૂપદ્રવતાથી ક્ષેમ છે, અંતે પણ ક્ષેમ છે. અથવા પ્રસિદ્ધિ અને તત્ત્વથી ક્ષેમ છે. એ રીતે પુરુષ પણ ક્રોધાદિ ઉપદ્રવરહિતતા વડે ક્ષેમ છે.. ભાવથી અનુપદ્રવત્વથી ક્ષેમરૂપ અને આકારથી સુંદર માર્ગ..

પુરુષ પણ પહેલો ભાવદ્રવ્યલિંગ યુક્ત સાધુ, બીજો કારણે દ્રવ્યલિંગ વર્જિત સાધુ, ત્રીજો નિહ્નવ અને ચોથો અન્યતીર્થિક કે ગૃહસ્થ.

शम्बुक - શંખ, ડાબા પડખે રહેલ હોવાથી કે પ્રતિકૂળ ગુણવાળો હોવાથી વામ, વામાવર્ત્ત પ્રસિદ્ધ છે. એ રીતે દક્ષિણાવર્ત્ત પણ જાણવો. दक्षिण - દક્ષિણ ભાગે સ્થાપન કરવાથી કે અનુકૂળ ગુણવાળો હોવાથી.. પુરુષ પ્રતિકૂળ સ્વભાવ વડે વામ, વામ વર્તે તે વામાવર્ત્ત, કેમકે એક વિપરીત પ્રવૃત્તિથી અને બીજો સ્વભાવથી વિપરીત અને કારણવશાત્ અનુકૂળ પ્રવૃત્તિ કરનાર. ત્રીજો અનુકૂળ સ્વભાવ વડે દક્ષિણ પણ કારણવશાત્ અનુકૂળ વૃત્તિ. ચોથો સ્વભાવથી અને પ્રવૃત્તિથી અનુકૂળ જાણવો.

ધૂમશિખા વામભાગમાં રહેવા વડે કે પ્રતિકૂળ સ્વભાવથી વામા અને ડાબા ભાગથી ઘૂમરી ફરે છે તે વામાવર્ત્તા... સ્ત્રીની વ્યાખ્યા પુરુષ માફક કરવી, અહીં - x - ધૂમશિખાદિ દૃષ્ટાંતોનું સ્ત્રીરૂપ દાર્ષ્ટાન્તિકોને વિશે શબ્દના સમાનપણાથી વિશેષયુક્ત હોવાથી સ્વીકારેલ છે. એ રીતે અગ્નિશિખાની વ્યાખ્યા જાણવી... ઘૂમરી વડે ઉંચો જતો વાયુ, અહીં સ્ત્રીઓ મલિનતા, ઉપતાપ અને ચપળતાના સ્વભાવવાળી હોય છે, આ અભિપ્રાયથી સ્ત્રીઓના વિષયમાં ધૂમશિખાદિ ત્રણ દૃષ્ટાંતો ઉપન્યાસ કરેલ છે.

દીપશિખાની જેમ સ્ત્રી ભયને આપે છે, ચપળ સ્વભાવવાળી છે, મલિનતા કરનારી છે, સ્નેહથી પૂરાયેલી છતાં સંતાપ કરે છે, અવસર મળતાં ભયને દેનારી છે... વનખંડ શિખા માફક જાણવું. વિશેષ એ કે - વામ વલણ વડે ઉત્પન્ન થવાથી કે વાયુ વડે ધૂમિત થવાથી વામાવર્ત્ત પુરુષમાં પૂર્વવત્.

અનુકૂલ સ્વભાવ અને અનુકૂલ પ્રવૃત્તિવાળો પુરુષ કહ્યો. આવા નિર્ગ્રન્થ સામાન્યથી અનુચિત્ત પ્રવૃત્તિ વડે પોતાના આચારને ન ઉલ્લંઘે, તે કહે છે—

● **સૂત્ર-૩૦૯,૩૧૦ :-**

***[૩૦૯] ચાર કારણે [એકલો] સાધુ [એકલી] સાધ્વી સાથે આલાપ, સંલાપ કરતા [જિનાજ્ઞા] ઉલ્લંઘન કરતો નથી, તે આ - માર્ગ પૂછતાં, માર્ગ બતાવતા, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આહાર આપતા, અશનાદિ અપાવતા.***

***[૩૧૦] તમસ્કાયના ચાર નામ છે - તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર... તમસ્કાયના ચાર નામ છે - લોકાંધકાર, લોકતમસ્, દેવાંધકાર અને દેવતમસ્... તમસ્કાયના ચાર નામ છે - વાતપરિઘ, વાતપરિઘ ક્ષોભ, દેવારણ્ય, દેવવ્યૂહ... તમસ્કાય ચાર કલ્પોને આવરીને રહ્યો છે - સૌધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેન્દ્ર.***

● **વિવેચન-૩૦૯,૩૧૦ :-**

[૩૦૯] સૂત્ર સ્પષ્ટ છે. પરંતુ આલવ - થોડું કે પહેલીવાર બોલતો, સંલવ - વારંવાર બોલતો, નિર્ગ્રન્થાચારને ઉલ્લંઘતો નથી. એકલો સાધુ એકલી સ્ત્રી સાથે ઉભો ન રહે, ન બોલે. વિશેષથી સાધ્વી સાથે નિષેધ છે. પણ માર્ગ પ્રશ્નાદીમાં પુષ્ટ

આલંબનપણું હોવાથી આચાર ઉલ્લંઘન થતું નથી, તેમાં પૂછવા યોગ્ય સાધુ, ગૃહસ્થના અભાવે, હે આર્યે ! અમોને અહીંથી જવાને કયો માર્ગ છે ? ઇત્યાદિ ક્રમે માર્ગને પૂછતો, હે ધર્મશીલે ! તમારે જવાનો આ માર્ગ છે, ઇત્યાદિ ક્રમે માર્ગને દેખાડતો, હે ધર્મશીલે ! તું આ અશનાદિને ગ્રહણ કર એમ કહી આહારાદિ આપતો, હે આર્યે ! આ ઘર આદિમાં આવ, તારા માટે આહારાદિ અપાવું. એમ કહે.

[૩૧૦] તમસ્કાયને તમઃ ઇત્યાદિ શબ્દ વડે વ્યવહાર કરતો સાધુ યથાર્થપણે ભાષાચારને ઉલ્લંઘતો નથી. ત્રણે સૂત્ર સુગમ છે. વિશેષ આ - તમસઃ અપ્કાય પરિણામરૂપ અંધકારનો સમૂહ તે તમસ્કાય, જે અસંખ્યાતતમ અરુણવરદ્વીપની બાહ્ય વેદિકાના અંતથી અરુણોદ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન પર્યન્ત જઈને પાણીના ઉપરના ભાગથી એકપ્રદેશિક શ્રેણી વડે તમસ્કાય નીકળીને ૧૭૨૧ યોજન ઉંચો જઈને, ત્યાંથી તિર્છો વિસ્તરતો સૌધર્માદિ ચાર દેવલોકને ઘેરીને ઉંચે પણ બ્રહ્મલોકના રિષ્ટ વિમાનપ્રતર સુધી પહોંચે છે. તેના નામો એ જ નામધેયો છે.

તમ૰ તમોરૂપ હોવાથી રૂપ પ્રદર્શનમાં તમઃ કહેલ છે. તમ સ્વરૂપને પહેલા ચાર નામો વિકલ્પે છે. વળી બીજા ચાર નામો અત્યંત તમ સ્વરૂપ બતાવનારા છે. લોકમાં એ જ અંધકાર છે, બીજો નથી માટે લોકાંધકાર કહેલ છે. દેવોને પણ એ જ અંધકાર છે, કેમકે દેવોના શરીરની પ્રભાનો પણ ત્યાં પ્રકાશ પડતો નથી માટે દેવાંધકાર કહેલ છે. આ કારણે બલવાન્ દેવના ભયથી દેવો તમસ્કાયમાં નાશી જાય છે.

અન્ય ચાર નામો કાર્યને આશ્રીને છે - વાયુને હણવાથી અર્ગલા, વાયુના પરિઘ માફક પરિઘ તે વાતપરિઘ, વાયુને પરિઘવત્ ક્ષોભ કરે તે વાત પરિઘક્ષોભ અથવા વાયુ સ્વરૂપ જ પરિઘને જે રોકે, તે વાતપરિક્ષોભ અથવા વાયુરૂપ પરિઘને જે રોકે તે વાતપરિક્ષોભ. - x -

ક્યાંક દેવપરિઘ, દેવપરિક્ષોભ. આ નામો પ્રથમના બે પદના સ્થાનમાં કહેવાય છે. દેવોને અરણ્ય માફક બલવાન્‌ના ભયથી નાશવાનું સ્થાન હોવાથી જે તમસ્કાય તે દેવારણ્ય છે. સાગર આદિ સંગ્રામના વ્યૂહની જેમ દૂરધિગમ્ય હોવાથી તે દેવવ્યૂહ છે. તમસ્કાય સ્વરૂપ પ્રતિપાદન કરવા તમુક્કાયેણં૰ સૂત્રનો અર્થ કહેલો છે, પણ સૌધર્માદિ કલ્પને તે આવરીને રહેલ છે, કુકડાના પાંજરા આકારે સ્થિત છે, તેના પ્રતિપાદન માટે કહ્યું છે - હે ભગવન્ ! તમસ્કાય કેવા આકારે છે ? હે ગૌતમ ! નીચે સરાવલાના મૂળના આકારે, ઉપર કુકડાના પાંજરાના આકારે છે.

વચન પર્યાય વડે તમસ્કાય કહ્યો, હવે અર્થપર્યાય વડે પુરુષ કહે છે.

**● સૂત્ર-૩૧૧ :-**

***૧- ચાર ભેદે પુરુષો કહ્યા - સંપ્રકટ પ્રતિસેવી, પ્રચ્છન્ન પ્રતિસેવી, પ્રત્યુત્પન્ન નંદી, નિસ્સરણનંદી...***

***૨- સેના ચાર ભેદે છે - જીતનારી પણ પરાજિત ન થનાર, પરાજિત થનાર પણ ન જીતનાર, જીતનારી અને પરાજય પામનારી, ન જીતનાર - ન પરાજિત થનાર...***



***૩- આ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે - જીતનાર પણ પરાજિત ન થનાર આદિ.***

***૪- ચાર ભેદે સેનાઓ કહી - જીતીને ફરી જીતનાર, જીતીને પરાજય પામનાર, પરાજય પામીને જીતનાર, પરાજય પામીને ફરી હારનાર... ૫- એ પ્રમાણે ચાર ભેદે પુરુષો - જીતીને ફરી જિતનાર આદિ.***

**● વિવેચન-૩૧૧ :-**

સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - કોઈ ગચ્છવાસી સાધુ સંપ્રકટ-અગીતાર્થ આગળ મૂલગુણ - ઉત્તરગુણોમાં અભિમાન કે કલ્પ વડે દોષને સેવે તે સંપ્રકટ પ્રતિસેવી, બીજો છાની રીતે દોષને સેવે છે તે પ્રચ્છન્ન પ્રતિસેવી. ત્રીજો વસ્ત્ર અને શિષ્યાદિની પ્રાપ્તિ વડે કે શિષ્ય-આચાર્યાદિ રૂપે વૃદ્ધિ પામે તે પ્રત્યુત્પન્નનંદી અથવા આનંદ, લાભ વડે જે આનંદ પામે છે, તે પ્રત્યુત્પન્ન નંદી, તથા પ્રાઘુર્ણક સાધુનો, શિષ્યાદિનો, પોતાનો ગચ્છાદિથી નિર્ગમન વડે જે આનંદ પામે તે નિઃસરણ નંદી, પાઠાંતરથી પ્રાપ્ત થાય તેમ સેવે, પણ અનુચિત્તને જુદો ન કરે તે પ્રત્યુત્પન્નસેવી.

એક સેના શત્રુના બલને જીતે, પણ શત્રુ બલથી ન હારે, બીજી સેના બીજાથી હારનારી છે, તેથી જીતનારી નથી. ત્રીજી કારણવશાત્ ઉભય સ્વભાવવાળી છે, ચોથી જીતવાની ઇચ્છાવાળી ન હોવાથી બંને નથી.

પુરુષ - સાધુ, પરિષહોને જીતનાર તે જેતા, પણ તેથી પરાજય ન પામનાર. તે એક, બીજો કંડરીકવત્, ત્રીજો ક્યારેક જીતનાર, ક્યારેક કર્મવશાત્ હારનાર- શૈલકરાજર્ષિવત્, ચોથો તે નહીં ઉત્પન્ન થયેલ પરિષહવાળો.

એક વખત શત્રુના બળને જીતીને ફરીથી જીતે તે પહેલી સેના ઇત્યાદિ મૂલાર્થ પ્રમાણે જાણવું... પુરુષના સંબંધમાં પરિષહાદિમાં આ રીતે વિચારવું. અહીં તત્ત્વથી તો કષાયો જ જીતવા યોગ્ય છે, તેનું સ્વરૂપ દર્શાવવા ક્રોધને આગળ કહેવાનો હોવાથી અહીં માયાદિ ત્રણ કષાયો કહે છે—

**● સૂત્ર-૩૧૨ :-**

***ચાર ભેદે વસ્તુનું વક્રત્વ છે - વાંસના મૂલનું વક્રત્વ, ઘેટાના શીંગડાનું વક્રત્વ, ગોમૂત્રનું વક્રત્વ, વાંસની છાલનું વક્રત્વ.. એ પ્રમાણે ચાર ભેદે માયા છે - વંસમૂલ સમ વક્ર યાવત્ વાંસછાલ સમાન વક્રત્વ. વંસમૂલ સમાન માયામાં પ્રવેશેલ જીવ કાળ કરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે, ઘેટાના શીંગડા સમાન માયાવાળો જીવ મરીને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. ગોમૂત્ર સમાન માયાવાળો મરીને મનુષ્યમાં ઉપજે છે. વાંસની છાલ સમાન માયાવાળો જીવ મરીને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે.***

***સ્તંભ ચાર ભેદે છે - શૈલસ્તંભ, અસ્થિસ્તંભ, દારુસ્તંભ અને નેતરસ્તંભ, એ પ્રમાણે માન ચાર ભેદે છે - શૈલસ્તંભ સમ યાવત્ નેતરસ્તંભ સમાન. શૈલ સ્તંભ સમાન માનવાળો જીવ મરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે યાવત્ નેતર સ્તંભ સમાન માનવાળો જીવ મરીને દેવયોનિમાં ઉપજે છે.***

***વસ્ત્ર ચાર ભેદે છે - કૃમિરાગથી રંગેલું, કર્દમરાગથી રંગેલું, ખંજન રાગથી રંગેલ, હાલિદ્રરાગથી રંગેલ, એ રીતે લોભ ચાર ભેદે છે - કૃમિરાગરક્ત વસ્ત્ર સમાન, કર્દમરાગરક્ત વસ્ત્ર સમાન, ખંજનરાગરક્ત સમાન, હાલિદ્ર રાગરંગ સમ. કૃમિરાગ રક્ત વસ્ત્ર સમાન લોભવાળો જીવ મૃત્યુ પામીને નૈરયિકમાં ઉપજે છે, એ રીતે યાવત્ હાલિદ્રરાગરક્ત સમાન લોભવાળો દેવલોકમાં ઉપજે છે.***

**● વિવેચન-૩૧૨ :-**

સૂત્ર સ્પષ્ટ છે. પરંતુ केतन - સામાન્યથી વક્ર, વસ્તુ કે પુષ્પકરંડક સંબંધી મૂઠમાં ગ્રહણ કરવાનું સ્થાન વાંસાદિના ખંડવાળું પણ વક્ર હોય, પણ અહીં સામાન્યથી વસ્તુનું વક્રત્વ केतन શબ્દથી ગ્રાહ્ય છે.

તેમાં વાંસના મૂળરૂપ વક્રત્વ તે વંશીમૂલ કેતન, એમ સર્વત્ર જાણવું. વિશેષ એ કે મેંઢ વિષાણ એટલે મેંઢ શીંગડું, ગોમૂત્રિકા પ્રતીત છે, છોલાયેલ વાંસની સળી વગેરેની જે પાતળી છાલ તે અવલેખનિકા, વંશીમૂલ આદિ સમાન માયાનું વક્રપણું તો માયાવાળાના વક્રપણાના ભેદથી છે. તે આ પ્રમાણે - વાંસનું મૂળ અતિ ગુપ્ત વક્ર છે, એ રીતે કોઈ જીવની માયા પણ અતિ ગુપ્ત વક્ર છે, એ રીતે અલ્પ, અલ્પતર, અલ્પતમ માયા વડે અન્ય માયા પણ વિચારવી. આ માયા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાન આવરણી અને સંજ્વલનીરૂપે અનુક્રમે જાણવી. અન્ય આચાર્યો કહે છે - પ્રત્યેક અનંતાનુબંધી આદિ માયામાં અત્યલ્પ, અલ્પ, અલ્પતર, અલ્પતમ એમ ચાર ભેદો હોય છે. તે કારણે જ અનંતાનુબંધી માયાનો ઉદય છતે પણ દેવાદિમાં ઉત્પન્ન થાય છે. એ રીતે માન આદિ પણ જાણવા.

વાંચનાંતરમાં તો પ્રથમ ક્રોધ અને માનના સૂત્રો છે. પછી માયાના સૂત્રો છે. તેમાં ક્રોધ સૂત્રો चत्तारि राइओ पन्नत्ता॰ આદિ છે. ચાર પ્રકારે રાજિફાટ કહેલી છે, પર્વતરાજિ, પૃથ્વીરાજિ, રેણુરાજિ, જલરાજિ. આ પ્રમાણે ક્રોધ ચાર ભેદે કહ્યો છે. ઇત્યાદિ માયા સૂત્રોની જેમ કહેવા.

ફળ સૂત્રોમાં તો અનુપ્રવિષ્ટ - તેના ઉદયમાં વર્તનાર. શૈલ એ જ સ્થંભ, તે શૈલસ્થંભ, એ રીતે બીજા પણ જાણવા. વિશેષ એ કે - અસ્થિ, દારુ [લાકડું] પ્રસિદ્ધ છે. तिनिश - એક વૃક્ષ, लता - છડી, તે નેતરની છડી, તે અત્યંત મૃદુ હોય છે. માનની પણ શૈલસ્તંભાદિ સમાનતા છે, કેમકે માનવાળાને નમન અભાવ વિશેષથી સમાનતા જાણવી. માન પણ અનંતાનુબંધી આદિ ક્રમથી જાણવું, તેનું ફલસૂત્ર સ્પષ્ટ છે.

कृमि - રંગ, વૃદ્ધ સંપ્રદાય આ છે - મનુષ્યાદિનું લોહી લઈ કોઈક વસ્તુ વડે સંયુક્ત કરીને ભાજનમાં રાખે છે, તેમાં કૃમિ ઉપજે છે, તે કીડા વાયુ માટે છિદ્રો દ્વારા નીકળીને મુખથી લાળ મૂકે છે, તે કૃમિસૂત્ર કહેવાય છે. તે સ્વપરિણામ રંગ વડે રંગિત જ હોય છે, બીજા કહે છે - લોહીમાં ઉત્પન્ન કૃમિને લોહીમાં જ મસળી, કચરો દૂર કરી, તેમાં કંઈક ભેળવીને પટ્ટ સૂત્રને રંગે છે, તે નહીં ઉતારેલ રસ કૃમિરાગ કહેવાય છે. તેના વડે રંગાયેલ તે કૃમિરાગરક્ત. એ રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ



કે - કર્દમ એટલે કાદવ, ખંજન એટલે દીવા આદિની મેષ, હળદર પ્રસિદ્ધ છે.

લોભની કૃમિરાગાદિ રંગાયેલ વસ્ત્રની સમાનતા છે, કેમકે અનંતાનુબંધી આદિ લોભના ભેદવાળા જીવોનું ક્રમ વડે દૃઢ, હીન, હીનતર અને હીનતમ અનંતબંધપણું છે, તે આ રીતે - કૃમિરાગરક્ત વસ્ત્ર બળવા છતાં રાગાનુબંધ મુક્તું નથી, તેની ભસ્મ પણ લાલ હોય છે, એ રીતે જે મરવા છતાં લોભાનુબંધ છોડતો નથી, તેને કૃમિરાગ રક્ત વસ્ત્ર સમાન અનંતાનુબંધી લોભ જાણવો. એ રીતે સર્વત્ર વિચારવું. ફળસૂત્ર સ્પષ્ટ છે.

આ કષાય પ્રરૂપણા ગાથા - ક્રોધ, જળ-રેણુ-પૃથ્વી-પર્વતરાજિ સમ ચાર ભેદે છે. માન, નેતરની છડી-કાષ્ઠ-અસ્થિ-શૈલસ્તંભ સમાન છે. માયા, વાંસની ઝીણી છાલ-ગોમુત્ર-મેંઢ-શ્રૃંગ-વંસમૂલ સમાન છે. લોભ, હાલિદ્ર-ખંજન-કર્દમ-કૃમિરાગ સમાન છે. ક્રમશઃ આ સર્વે પક્ષ-ચાતુર્માસ-સંવત્સર-જાવજ્જીવ અનુગામી અને દેવ-નર-તિર્યંચ-નારક ગતિને સાધવાના હેતુરૂપ કહ્યો છે - કષાય કહ્યા.

કષાય વડે સંસાર થાય છે, માટે સંસારનું સ્વરૂપ કહે છે—

**● સૂત્ર-૩૧૩,૩૧૪ :-**

***[૩૧૩] સંસાર ચાર ભેદે છે - નૈરયિક સંસાર યાવત્ દેવસંસાર.***

***— ચાર ભેદે આયુષ્ય કહે છે - નૈરયિકાયુ યાવત્ દેવાયુ.***

***[૩૧૪] આહાર ચાર ભેદે છે - અશન, પાન, ખાદિમ, સ્વાદિમ... ચાર ભેદે આહાર છે - ઉપસ્કરસંપન્ન, ઉપસ્કૃતસંપન્ન, સ્વભાવસંપન્ન અને પરિજુષિતસંપન્ન.***

**● વિવેચન-૩૧૩,૩૧૪ :-**

[૩૧૩] સૂત્ર સ્પષ્ટ છે. પરંતુ સંસરવું તે સંસાર-મનુષ્યાદિ પર્યાયથી નારકાદિ પર્યાયગમન. નૈરયિક પ્રાયોગ્ય આયુ, નામ, ગોત્ર કર્મનો ઉદય થતા જીવ નૈરયિક કહેવાય છે. કહ્યું છે કે - હે ભગવન્ ! નૈરયિક, નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થતો નથી. એ હેતુથી નૈરયિકોનું સંસરણ-ઉત્પત્તિ સ્થાનમાં જવું કે અન્ય અન્ય અવસ્થાને પામવું તે નૈરયિક સંસાર. અથવા જીવો જેમાં સંસરે તે ગતિચતુષ્ટયરૂપ સંસાર, તેમાં નૈરયિકનો અનુભવ કરાતો ગતિલક્ષણ કે પરંપરા વડે ચાર ગતિરૂપ સંસાર તે નૈરયિક સંસાર. એમ તિર્યંચાદિ જાણવા.

ઉક્ત સ્વરૂપ સંસાર આયુષ્યથી હોય છે, માટે આયુ સૂત્ર છે. તેમાં જે આવે છે અને જાય છે તે આયુ-કર્મ વિશેષ જેના વડે પ્રાણી નરકભવમાં ધારણ કરાય તે નિરયાયુ, એમ ભવસૂત્ર છે, તે સ્પષ્ટ છે. માત્ર भवनं - થવું તે ભવ - ઉત્પત્તિ. નરકને વિશે ઉત્પત્તિ તે નરકભવ. મનુષ્યોમાં ઉત્પત્તિ તે મનુષ્યભવ, ઇત્યાદિ.

[૩૧૪] બધા ભવોને વિશે જીવો આહાર કરનારા હોય છે માટે આહાર સૂત્ર કહે છે - ગ્રહણ કરાય તે આહાર. ખવાય તે અશન-ચોખા આદિ, પીવાય તે પાન-સૌવીર આદિ, ખાવું એ પ્રયોજન જેનું છે તે ખાદિમ-ફળ વગેરે, સ્વાદ એ જ પ્રયોજન છે જેનું તે સ્વાદિમ-તાંબૂલ.

જેના વડે સંસ્કાર કરાય તે ઉપસ્કર-હિંગ આદિ, તેનાથી યુક્ત તે ઉપસ્કર સંપન્ન-હિંગાદિથી સંસ્કારિત ઓદનાદિ તથા સંસ્કારવું તે ઉપસ્કૃત-પાક, તેના વડે સંપન્ન ભાત, પૂડલા આદિ તે ઉપસ્કૃત સંપન્ન પાઠાંતરથી નોઉપસ્કરસંપન્ન - હિંગાદિ વડે અસંસ્કૃત ઓદનાદિ. સ્વાભાવિક - પાક વિના તૈયાર કરાયેલ દ્રાક્ષાદિ તે સ્વભાવસંપન્ન. રાત્રિમાં રાખીને બનાવેલ તે પર્યુષિત સંપન્ન-ઇડ્ડરક આદિ, કેમકે રાત્રે પલાળી રાખેલા ખાટા રસવાળા થાય છે અથવા પરાળમાં રાખેલ આમ્રફળાદિ જાણવા-

હમણા કહેલ સંસારાદિ ભાવો કર્મવાળાને હોય છે તેથી બંધ ઇત્યાદિ કર્મ પ્રકરણને કહે છે—

● **સૂત્ર-૩૧૫ :-**

***ચાર પ્રકારે બંધ કહેલ છે - પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાવ બંધ, પ્રદેશ બંધ.. ચાર પ્રકારે ઉપક્રમ કહેલ છે - બંધનોપક્રમ, ઉદીરણોપક્રમ, ઉપશમોપક્રમ, વિપરિણામનોપક્રમ.. બંધનોપક્રમ ચાર ભેદે છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશ બંધનોપક્રમ.. ઉદીરણોપક્રમ ચાર ભેદે છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશ ઉદીરણોપક્રમ.. ઉપશમોપક્રમ ચાર ભેદે છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશોપશમોપક્રમ.. વિપરિણામ ઉપક્રમ ચાર ભેદે છે - પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશથી.***

***ચાર ભેદે અલ્પબહુત્વ કહ્યું છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશ અલ્પબહુત્વ.. ચાર ભેદે સંક્રમ કહ્યો છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશ સંક્રમ.. ચાર ભેદે નિધત્ત કહ્યો છે :- પ્રકૃતિ - સ્થિતિ - અનુભાવ - પ્રદેશનિધત્ત.. ચાર ભેદે નિકાચિત છે - પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ.***

● **વિવેચન-૩૧૫ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - જીવને સકષાયપણાથી કર્મને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ થવું તે બંધ. તેમાં કર્મની પ્રકૃતિના જ્ઞાનાવરણીયાદિ આઠ ભેદો છે. તે પ્રકૃતિઓનો કે સામાન્યથી કર્મનો બંધ તે પ્રકૃતિબંધ.. સ્થિતિ - પ્રકૃતિઓનું જ અવસ્થાન જઘન્યાદિ ભેદ ભિન્ન તેનો બંધ કે નિર્વર્તન તે સ્થિતિબંધ.. અનુભાવ એટલે વિપાક-તીવ્રાદિ ભેદે રસ, તેનો બંધ તે અનુભાવબંધ.. જીવના પ્રદેશોમાં પ્રત્યેક પ્રકૃતિના નિયત નિયત પરિણામવાળા અનંતાનંત કર્મપ્રદેશોનો બંધ થવો તે પરિમિત પરિણામ વિશિષ્ટ મોદકના બંધ જેવો પ્રદેશબંધ.

મોદક દૃષ્ટાંત વર્ણવે છે - જેમ કોઈ મોદક [લાડુ] લોટ, ગોળ, ઘી અને શૂંઠાદિથી બાંધ્યો હોય, કોઈ વાતહર, કોઈ પિત્તહર, કોઈ કફહર, કોઈ મારક, કોઈ બુદ્ધિકર, કોઈ વ્યામોહકર હોય છે. એ રીતે કોઈ કર્મપ્રકૃતિ જ્ઞાનને આવરે છે, કોઈ દર્શનને, કોઈ સુખદુઃખાદિ વેદનાને ઉત્પન્ન કરે છે. વળી જેમ તે જ મોદકના નાશ ન થવારૂપ સ્વભાવ વડે કાળની મર્યાદારૂપ સ્થિતિ હોય છે, એ રીતે કર્મનો પણ નિયતકાળ અવસ્થાન તે સ્થિતિ બંધ છે. તે જ મોદકનો સ્નિગ્ધ-મધુરાદિ એકગુણ-દ્વિગુણાદિ ભાવથી રસ હોય તેમ કર્મનો પણ દેશ-સર્વઘાતિ શુભાશુભ તીવ્રમંદાદિ





અનુભાગબંધ હોય છે. તથા તે મોદકના લોટ આદિ દ્રવ્યોનું પરિણામત્વ છે એ રીતે કર્મના પુદ્ગલોનું પ્રતિનિયત પ્રમાણ પ્રદેશબંધ છે.

જેના વડે કરાય છે તે ઉપક્રમ-કર્મનું બંધનત્વ, ઉદીરિતત્વાદિ પરિણમવાના હેતુભૂત જીવની શક્તિ વિશેષરૂપ. 'ઉપક્રમ' એ કરણ શબ્દથી રૂઢ છે. અથવા ઉપક્રમણ-બંધનાદિનો આરંભ. તેમાં બંધ કર્મપુદ્ગલ અને જીવપ્રદેશોના પરસ્પર સંબંધરૂપ છે. આ સૂત્ર માત્ર બદ્ધ લોહશલાકા સંબંધરૂપ ઉપમાવાળું જાણવું. તેનો ઉપક્રમ તે બંધનોપક્રમ અથવા ભિન્ન ભિન્ન અવસ્થામાં રહેલ કર્મનું બંધનરૂપ કરવું તે જ ઉપક્રમ - વસ્તુ પરિકર્મરૂપ બંધનોપક્રમ - x - એ રીતે બીજા ઉપક્રમ સંબંધે જાણવું—

— વિશેષ એ કે - કર્મના ફળોનો કાળ અપ્રાપ્ત છતાં ઉદયમાં લાવવો તે ઉદીરણા. કહ્યું છે - ઉદયાવલિકાની ઉપરની સ્થિતિથી આકર્ષીને ઉદયમાં લાવવું તે ઉદીરણા, તે પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશ ચાર ભેદે છે. તથા ઉદય-ઉદીરણા-નિધત્ત-નિકાચના કરણના અયોગ્યત્વથી કર્મનું અવસ્થાપન તે ઉપશમના છે. ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ એ ત્રણ કરણો ઉપશમનામાં હોય છે. તથા વિવિધ પ્રકાર - સતા, ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉદ્વર્તન, અપવર્તનાદિ સ્વરૂપ વડે કર્મોનું, પર્વત ઉપરથી પડતી નદી - પત્થર ન્યાયથી કે દ્રવ્યક્ષેત્રાદિ કરણવિશેષથી બીજી અવસ્થાને પમાડવું તે વિપરિણામના, તે બંધનાદિ અને અન્ય ઉદયાદિ વિશે હોય છે. તે સામાન્યરૂપે હોવાથી જુદી કહી છે.

— બંધનોપક્રમ અર્થાત્ બંધનકરણ ચાર ભેદે છે - પ્રકૃતિ બંધનનો ઉપક્રમ જીવનો યોગરૂપ પરિણામ છે, એ પ્રકૃતિબંધનો હેતુ છે, સ્થિતિ-બંધન પણ એમ જ છે. વિશેષ એ કે - તે કષાયરૂપ છે કેમકે સ્થિતિનો કષાય હેતુ છે. અનુભાગબંધનો ઉપક્રમ પણ પરિણામ જ છે. પણ તે કષાયરૂપ છે. પ્રદેશબંધન ઉપક્રમ યોગરૂપ જ છે. કહ્યું છે - યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ કરે છે, કષાયથી સ્થિતિ-અનુભાગ બંધ કરે છે. અથવા પ્રકૃતિ આદિ બંધનોના આરંભ તે ઉપક્રમ, એ રીતે બધે જાણવું.

જે મૂલપ્રકૃતિ કે પ્રકૃતિના દલિકોને, વીર્ય વિશેષ વડે આકર્ષીને ઉદયમાં લવાય તે પ્રકૃતિ ઉદીરણા, જે ઉદયમાં આવેલ સ્થિતિ સાથે વીર્યથી જ ઉદયમાં ન આવેલ સ્થિતિને અનુભવાય તે સ્થિતિઉદીરણા. ઉદય પ્રાપ્ત રસ સાથે અપ્રાપ્ત રસને જે ભોગવાય તે અનુભાગ ઉદીરણા. ઉદયપ્રાપ્ત નિયત પરિણામવાળા કર્મપ્રદેશો સાથે અપ્રાપ્ત ઉદયમાં ન આવેલ નિયત પરિણામવાળા કર્મપ્રદેશોનું ભોગવવું તે પ્રદેશઉદીરણા. અહીં પણ કષાય અને યોગ પરિણામ કે આરંભ એ ઉપક્રમ છે.

પ્રકૃતિ, ઉપશમન, ઉપક્રમ આદિ ચારે ઉપક્રમો, સામાન્ય ઉપશમનરૂપ ઉપક્રમ અનુસારે જાણવા. પ્રકૃતિ વિપરિણામના ઉપક્રમ આદિ સામાન્ય વિપરિણામનારૂપ ઉપક્રમના લક્ષણ મુજબ જાણવું. પ્રકૃતિપણા આદિ વડે પુદ્ગલોને પરિણમવા વડે સમર્થ જીવનું વીર્ય તે ઉપક્રમ.

અલ્પ - થોડું, બહુ - ઘણું, તે અલ્પબહુ, તેનો ભાવ તે અલ્પબહુત્વ, - x -

પ્રકૃતિના વિષયમાં અલ્પબહુત્વ બંધાદિ અપેક્ષાએ છે, સર્વથી થોડી પ્રકૃતિનો બંધક ઉપશાંત મોહાદિ છે, કેમકે તે એકવિધબંધક છે, અધિક પ્રકૃતિ બંધક ઉપશમકાદિ સૂક્ષ્મસંપરાય છે, કેમકે તે છ પ્રકારનો બંધક છે, તેથી અધિક સપ્તવિધબંધક, તેથી અધિક અષ્ટવિધ બંધક છે.

સ્થિતિવિષય અલ્પ બહુત્વ - સંયતને જઘન્ય સ્થિતિબંધ છે, એકેન્દ્રિય બાદર પર્યાપ્તાને જઘન્યથી અસંખ્યાતગણો બંધ છે - x -

અનુભાગ અલ્પ બહુત્વ - અનંતગુણવૃદ્ધિ સ્થાનો સર્વથી થોડા, અસંખ્યાતગુણ વૃદ્ધિ સ્થાનો અસંખ્યાતગુણા છે. યાવત્ અનંતભાગ વૃદ્ધિના સ્થાનો અસંખ્યાતગુણા છે.

પ્રદેશ અલ્પબહુત્વ - આઠ મૂલ પ્રકૃતિ બંધકને આયુકર્મના પ્રદેશોનો ભાગ સૌથી થોડો, નામ-ગોત્રના તુલ્ય, પણ આયુથી વિશેષાધિક, જ્ઞાનાવરણ - દર્શનાવરણ - અંતરાયના તુલ્ય, પણ નામ-ગોત્રથી વિશેષાધિક, તેથી મોહનીયના વિશેષાધિક, તેથી વેદનીયના પ્રદેશો વિશેષાધિક છે.

જીવ જે પ્રકૃતિને બાંધે છે, તેના અનુભાવથી પ્રકૃતિમાં રહેલ દલિકને વીર્ય વિશેષ વડે પરિણમાવે છે તે સંક્રમ છે. કહ્યું છે - કર્મ બંધનને કરનાર જીવ, પ્રયોગ વડે અન્ય પ્રકૃતિના દલિકોને બંધાતી પ્રકૃતિમાં તેને અનુભાવ વડે પરિણમાવે છે, તે સંક્રમ છે. તેમાં પ્રકૃતિ સંક્રમ સામાન્ય લક્ષણથી જાણવા. મૂલ પ્રકૃતિ કે ઉત્તર પ્રકૃતિની સ્થિતિનો જે ઉત્કર્ષ કે અપકર્ષ અથવા અન્ય પ્રકૃતિ અને સ્થિતિમાં લઈ જવું તે સ્થિતિસંક્રમ. - x - x - અનુભાગ સંક્રમ પણ એમ જ છે. કહ્યું છે - ઉદ્વર્તન કરાયેલા રસના અંશો ઉદ્વર્તીતા - અપવર્તીતા કે અન્ય પ્રકૃતિમાં લઈ જઈ તદ્‌રૂપ કરાયેલા તે અનુભાગ સંક્રમ. - x -

જે કર્મદ્રવ્ય અન્ય પ્રકૃતિ સ્વભાવથી પરિણમન કરાય છે, તે પ્રદેશ સંક્રમ. - x - નિધત્ત એટલે નિધાન કે નિહિત. ઉદ્વર્તન અને અપવર્તન રૂપ બે કરણ સિવાય શેષ કરણોના અયોગ્યપણાએ સ્થાપવું તે નિકાચિતકર્મ છે. - x - x - નિધત્તપણામાં સંક્રમણ અને ઉદીરણાદિકરણ પ્રવર્તતા નથી, પણ ઉદ્વર્તન અને અપવર્તનકરણ હોય છે. પણ નિકાચિતમાં કોઈ કરણ હોતું નથી. અથવા પૂર્વબદ્ધ કર્મને અગ્નિ વડે તપાવવાથી મળેલ લોહીની શલાકા સંબંધની જેમ નિધત્ત છે અને તપાવવાથી મળેલ અને ઘણથી કુટેલ લોહશલાકા જેવું કર્મ નિકાચિત છે.

નિધત્ત, નિકાચિતને વિશે પ્રકૃતિ, સ્થિતિ આદિ વિશેષ સ્વરૂપ સામાન્ય લક્ષણાનુસાર જાણવું. વિશેષથી બંધાદિ સ્વરૂપના જિજ્ઞાસુએ કર્મપ્રકૃતિ સંગ્રહણીથી જાણવું. - હમણાં અલ્પ બહુત્વ કહ્યું. તેમાં અત્યંત અલ્પ એક છે, બાકીના તે અપેક્ષાએ બહુ છે, તેથી અલ્પબહુત્વને કહેનાર एक, कति, सर्व શબ્દોને અવતારતા સૂત્ર કહે છે—

● સૂત્ર-૩૧૬ થી ૩૧૮ :-

***[૩૧૬] ચાર એક સંખ્યાવાળા છે - દ્રવ્ય એક, માતૃકાપદ એક, પર્યાય એક, સંગ્રહ એક... [૩૧૭] ચાર પ્રકારે कति [કેટલા] છે - દ્રવ્યકતિ, માતૃકા-***



***પદકતિ, પર્યાયકતિ, સંગ્રહકતિ... [૩૧૮] ચાર સર્વ કહ્યા - નામ સર્વ, સ્થાપના સર્વ, આદેશ સર્વ, નિરવશેષ સર્વ.***

● વિવેચન-૩૧૬ થી ૩૧૮ :-

[૩૧૬] - x - એક સંખ્યાવાળા દ્રવ્યાદિ એકેક કહેવાય છે. તેમાં દ્રવ્ય જ એક તે દ્રવ્ય - સચિત્તાદિ ભેદે ત્રણ પ્રકારે છે.. માતૃકાપદ એક તે માતૃકાપદ - उप्पन्ने इ वा ઇત્યાદિ, અહીં દૃષ્ટિવાદ પ્રવચનમાં સમસ્ત નયવાદના બીજભૂત માતૃકાપદો હોય છે - उप्पन्ने इ वा, विगमे इ वा, धुवेइ वा. આ માતૃકા પદોની જેમ अ, आ આદિ સકલ શબ્દ શાસ્ત્રના અર્થના વ્યાપાર વડે વ્યાપક હોવાથી માતૃકાપદો છે.

પર્યાય એકક તે એક પર્યાય. પર્યાય, વિશેષ અને ધર્મ પર્યાયવાચી છે. તે અનાદિષ્ટ - વર્ણાદિ અને આદિષ્ટ-કૃષ્ણાદિ.. સંગ્રહ એકક-શાલિ. અર્થાત્ સંગ્રહ-સમુદાયને આશ્રીને જેમ એકવચનપૂર્વક શબ્દ પ્રવૃત્તિ હોય છે, તેમ એક પણ શાલિનો કણ શાલિ કહેવાય છે, ઘણા શાલિ પણ શાલિ કહેવાય, કેમકે લોકમાં તેમ જ જણાય છે. - x -

[૩૧૭] कति - કેટલા ? પ્રશ્નપૂર્વક અચોક્કસની જેમ સંખ્યાવાચક બહુવચનાંત છે. તેમાં દ્રવ્યો કેટલા ? તે દ્રવ્યકતિ અર્થાત્ દ્રવ્યો કે દ્રવ્યના વિષયો કેટલા છે ? એ રીતે માતૃકાપદાદિ વિશે પણ જાણવું. વિશેષ એ કે - સંગ્રહ - શાલિ, યવ, ઘઉં, વગેરે.

[૩૧૮] નામરૂપ જે સર્વ તે નામસર્વ અથવા સચિત્તાદિ વસ્તુનું સર્વ એવું જે નામ તે નામસર્વ અથવા નામ વડે સર્વ કે સર્વ એવું નામ છે જેનું તે. - x - સ્થાપના - આ 'સર્વ' છે એવી અક્ષાદિ દ્રવ્યમાં સ્થાપના અથવા સ્થાપના જ અક્ષાદિ દ્રવ્યરૂપ સર્વ તે સ્થાપના સર્વ છે.

આદેશ - ઉપચારરૂપ વ્યવહાર, તે અતિ કે મુખ્ય દેશ વિભાગમાં આદેશ કરાય છે. જેમકે વિવક્ષિત ઘૃતને જોઈને ઘણું ઘી ખાધું હોય અને થોડું રહ્યું હોય છતાં બધું ઘી ખાધું એમ ઉપચાર કરાય છે. મુખ્યમાં પણ તેવો ઉપચાર કરાય છે. જેમકે મુખ્ય માણસો બહાર ગયા હોય ત્યારે બધાં બહાર ગયા છે, તેમ કહેવાય છે. આ કારણે આદેશથી સર્વ તે આદેશ સર્વ અથવા ઉપચાર સર્વ છે.

નિરવશેષપણે સમસ્ત વ્યક્તિના આશ્રય વડે તે નિરવશેષ સર્વ. જેમકે સર્વ દેવો અનિમેષ છે. - x - સર્વ શબ્દની પ્રરૂપણા કરી તેના પ્રસ્તાવ થકી સર્વ મનુષ્ય ક્ષેત્ર પર્યન્તના તિર્છી દિશાના કૂટ કહે છે—

● સૂત્ર-૩૧૯ થી ૩૨૨ :-

***[૩૧૯] માનુષોત્તર પર્વતની ચારે દિશામાં ચાર કૂટો કહ્યા છે. તે આ - રત્નકૂટ, રત્નોચ્ચયકૂટ, સર્વરત્નકૂટ, રત્નસંચયકૂટ.***

***[૩૨૦] જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં ગત ઉત્સર્પિણીમાં સુષમ સુષમાનામક છઠ્ઠા આરામાં ચાર કોડાકોડી સાગરોપમ કાળ હતો.. જંબૂદ્વીપમાં ભરત-ઐરવતમાં આ અવસર્પિણીમાં સુષમસુષમા નામક પહેલા આરામાં ચાર***

*કોડાકોડી સાગરોપમ કાલ હતો.. જંબૂદ્વીપના ભરત-ઐરવતમાં આગામી ઉત્સર્પિણીમાં સુષમસુષમા આરામાં ચાર સાગરોપમ કોડાકોડીનો કાળ હશે.*

*[૩૨૧] જંબૂદ્વીપમાં દેવકુરુ-ઉત્તરકુરુને છોડીને ચાર અકર્મભૂમિઓ કહી છે - હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યગ્ વર્ષ... ચાર વૃત્ત વૈતાઢ્ય પર્વતો છે - શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી, માલ્યવંત પર્યાય... ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે - સ્વાતિ, પ્રભાસ, અરુણ, પદ્મ... જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્ર ચાર ભેદે કહ્યું છે - પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ. બધા નિષધ અને નીલવંત પર્વતો ૪૦૦ યોજન ઉંચા અને ૪૦૦ ગાઉ ઉંડા કહ્યા છે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશાએ સીતા મહાનદીની ઉત્તરે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે - ચિત્રકૂટ, પક્ષ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ... જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે - ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે - અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ, સુખાવહ... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે - ચંદ્ર પર્વત, સૂર્ય પર્વત, દેવ પર્વત, નાગ પર્વત... જંબૂદ્વીપના મેરુની ચાર વિદિશાએ ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે - સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવંત.*

*જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્યથી ચાર અરિહંતો, ચાર ચક્વર્તીઓ, ચાર બળદેવો, ચાર વાસુદેવો ઉત્પન્ન થયા છે - થાય છે - થશે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતને વિશે ચાર વન કહ્યા છે - ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પાંડુકવન... જંબૂદ્વીપના મેરુના પંડકવનમાં ચાર અભિષેકશીલાઓ કહી છે - પંડુકંબલ શિલા, અતિપંડુકંબલ શિલા, રક્તકંબલ શિલા, અતિ-રક્તકંબલ શિલા... મેરુ ચૂલિકા ઉપરના ભાગે ચાર યોજનની પહોળાઈ વડે કહી છે.. એ રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં પણ કાળ સૂત્રથી આરંભીને યાવત્ મેરુ ચૂલિકા પર્યન્ત જાણવું.. એ પ્રમાણે યાવત્ પુષ્કરવર દ્વીપના પશ્ચિમાર્ધમાં યાવત્ મેરુ ચૂલિકામાં જાણવું.*

*[૩૨૨] જંબૂદ્વીપમાં અવશ્ય રહેલ વસ્તુ કાળસૂત્રથી ચૂલિકા સુધી કહી તેમજ યાવત્ ધાતકીખંડ અને પુષ્કરવરમાં પૂર્વ-પશ્ચિમ પડખે છે.*

**● વિવેચન-૩૧૯ થી ૩૨૨ :-**

[૩૧૯] સૂત્ર સ્પષ્ટ છે. પરંતુ - ચાર દિશાઓનો સમૂહ તે ચતુર્દિક્, તે ચાર દિશાઓમાં. કૂટ એટલે શિખર. અહીં દિશાગ્રહણથી વિદિશાઓમાં પણ કૂટ છે તેમ જાણવું. તેમાં અગ્નિકોણમાં રત્નકૂટ છે, ત્યાં વેણુદેવનું નિવાસસ્થાન છે. નૈઋત્યકોણમાં રત્નોચ્ચયકૂટ પર વેલંબ વાયુકુમાર ઇન્દ્રનો નિવાસ છે, જેનું બીજું નામ વેલંબસુખદ છે. ઇશાનકોણમાં વેણુદાલિ સુવર્ણકુમારેન્દ્રનો નિવાસ છે. વાયવ્ય કોણમાં પ્રભંજન



વાયુકુમારેન્દ્રનું રત્નસંચયકૂટ છે. એ રીતે દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ સંગ્રહણી અનુસાર આ વ્યાખ્યા બતાવી. - x - રત્નકૂટના પશ્ચિમ ભાગે ત્રણ કૂટોને ઉલ્લંઘીને વેલંબ વાયુકુમારેન્દ્રનું વેલંબ સુખદ નામે કૂટ છે. સર્વ રત્નકૂટના પશ્ચિમે ત્રણ કૂટને ઉલ્લંઘીને પ્રભંજન વાયુકુમારેન્દ્રનું ઋદ્ધિમાન પ્રભંજનકૂટ છે.

અહીં ચાર સ્થાનના અનુરોધથી માત્ર ચાર કૂટો કહ્યા છે. અન્યથા બીજા પણ બાર કૂટો છે. જે પૂર્વાદિ ચાર દિશામાં અને દેવાધિષ્ઠિત છે.

*[૩૨૦] આ સૂત્રની કોઈ વૃત્તિ વૃત્તિકારે નોંધી નથી.*

[૩૨૧] માનુષોત્તરે કૂટ દ્રવ્યો કહ્યા, હવે તેનાથી આવૃત્ત ક્ષેત્ર દ્રવ્યોને ચાર સ્થાન વડે કહે છે - જંબૂદ્વીપના ભરતથી આરંભી મેરુ ચૂલિકા પર્યન્ત ગ્રંથ વડે કહે છે. તે સ્પષ્ટ છે. વિશેષ એ - ચિત્રકૂટાદિ ૧૬ વક્ષસ્કાર પર્વતો આ પ્રમાણે છે - વિજય, વક્ષસ્કાર પર્વત, અંતર્નદી, વનમુખોનો આયામ ૧૬,૫૯૨ યોજન અને ૨-કળા છે. બધાં વક્ષસ્કાર પર્વતો રત્નમય છે.

જે દિશાએ વર્ષધર પર્વતો છે, ત્યાં ૧૦૦ યોજન ભૂમિમાં ઉંડા, ૪૦૦ યોજન ઊંચા છે, ત્યાંથી નદી તરફ ૫૦૦ ગાઉ ભૂમિમાં ઉંડા અને ૫૦૦ યોજન ઉંચા છે, તેથી અશ્વસ્કંધ આકારે રહેલ છે.

બધાં વિજયોમાં પ્રત્યેકનો વિષ્કંભ ૨૨૧૩ યોજન છે. વક્ષસ્કારની પહોળાઈ ૫૦૦ યોજન અને અંતર્નદીની ૧૨૫ યોજન છે.

જે જણાય છે તે પદ-સંખ્યાસ્થાન અનેક ભેદે છે. સર્વથી હીનપદ તે જઘન્ય પદ, તેમાં વિચારતા અવશ્ય ભાવથી અરિહંતાદિ ચાર હોય જ.

મેરુની તળભૂમિમાં ભદ્રશાલવન, મેખલાયુગલમાં નંદન અને સોમનસવન અને શિખરે પાંડુકવન છે. તેમાં મેરુ પર્વતનું ભદ્રશાલવન પૂર્વ-પશ્ચિમ ૨૨,૦૦૦ યોજન લાંબુ અને ઉત્તર-દક્ષિણ ૨૫૦ યોજન પહોળું છે. ત્યાંથી ૫૦૦ યોજન ઉંચે ૫૦૦ યોજન પહોળાઈથી નંદનવન છે, જે મેરુને વીંટીને રહેલું, રમ્ય છે. ત્યાંથી ૬૨,૫૦૦ યોજન ઉંચે નંદનવન સદૃશ સૌમનસ વન છે. તે ૫૦૦ યોજન પહોળાઈ વાળું છે. સોમનસથી ૩૬,૦૦૦ યોજન ઊંચે મેરુના શિખરે પંડકવન છે, તેમાં નિર્મળ, અગાધજળ ભરેલ કુંડો છે. તે ૪૯૪ યોજન વિસ્તારવાળું, ૩૧૬૨ યોજન પરિધિવાળું ચક્રવાલ છે.

ત્યાં તીર્થંકરોના અભિષેક માટેની અભિષેક શિલાઓ ચૂલિકાની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં ક્રમશઃ છે. આગળના ભાગમાં વિસ્તારવાળી છે. - જે રીતે કાલમાનથી આરંભીને ચૂલિકા પર્યન્ત કહેલ છે, તેમ ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્ધમાં પણ કહેવું. એક મેરુ સંબંધી કથન અન્ય ચાર મેરુની સમાન છે. આ વર્ણન સંગ્રહ ગાથા વડે કહે છે—

[૩૨૨] જંબૂદ્વીપનું આ વર્ણન તે જંબૂદ્વીપક અથવા જંબૂદ્વીપ પ્રત્યે પ્રાપ્ત થાય તે જંબૂદ્વીપગ. જંબૂદ્વીપમાં જે વર્ણન કહેવા યોગ્ય હોવાથી આવશ્યક છે, તે જંબૂદ્વીપકાવશ્યક. - x - કયું આદિ ? કયું અંત્ય ? તે કહે છે - સુષમસુષમા લક્ષણકાળથી આરંભીને યાવત્ મેરુચૂલિકા પર્યન્ત વર્ણન ધાતકીખંડ અને પુષ્કરવર-

દ્વીપમાં પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધ અથવા પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્ધના ખંડના ક્ષેત્રોમાં અન્યૂનાધિક જાણવું.

● સૂત્ર-૩૨૩ થી ૩૨૬ :-

*[૩૨૩] જંબૂદ્વીપના ચાર દ્વારો કહ્યા છે - વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. તે દરવાજા ચાર યોજન પહોળા અને પ્રવેશ માર્ગ ચાર યોજન છે. ત્યાં ચાર મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે - વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામે છે.*

*[૩૨૪] જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ચુલ્લહિમવંત વર્ષધર પર્વતની ચારે વિદિશામાં લવણસમુદ્રમાં ૩૦૦-૩૦૦ યોજન જતાં આ ચાર અંતરદ્વીપો છે - એકોરુકદ્વીપ, આભાષિકદ્વીપ, વૈષાણિકદ્વીપ અને લાંગુલિકદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે - એકોરુકા, આભાષિકા, વૈષાણિકા અને લાંગુલિકા. તે દ્વીપોથી ચારે વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૪૦૦-૪૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે - હયકર્ણદ્વીપ, ગજકર્ણદ્વીપ, ગોકર્ણદ્વીપ, શષ્કુલીકર્ણદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે - હયકર્ણા, ગજકર્ણા, ગોકર્ણા, શષ્કુલીકર્ણા.*

*ઉક્ત દ્વીપોથી આગળ ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૫૦૦-૫૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે - આદર્શમુખદ્વીપ, મેંઢકમુખદ્વીપ, અયોમુખદ્વીપ અને ગોમુખદ્વીપ. ત્યાં ચાર પ્રકારના મનુષ્યો કહેવા. તે દ્વીપોથી ચાર વિદિશામાં લવણસમુદ્રમાં ૬૦૦-૬૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે - અશ્વમુખદ્વીપ, હસ્તિમુખદ્વીપ, સીહમુખદ્વીપ, વ્યાઘ્રમુખદ્વીપ. તે દ્વીપમાં પણ ચાર પ્રકારે મનુષ્યો કહેવા. તે દ્વીપોથી ચાર વિદિશામાં આગળ ૭૦૦-૭૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે - અશ્વકર્ણદ્વીપ, હસ્તિકર્ણદ્વીપ, અકર્ણદ્વીપ, કર્ણપ્રાવરણદ્વીપ. ત્યાં મનુષ્યો કહેવા.*

*તે દ્વીપોથી આગળ ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૮૦૦-૮૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે - ઉલ્કામુખદ્વીપ, મેઘમુખદ્વીપ, વિદ્યુન્મુખદ્વીપ, વિદ્યુદંતદ્વીપ, તે દ્વીપમાં પણ મનુષ્યો કહેવા. ત્યાંથી આગળ ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૯૦૦-૯૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે - ઘનદંતદ્વીપ, લષ્ટદંતદ્વીપ, ગૂઢદંતદ્વીપ, શુદ્ધદંતદ્વીપ. ત્યાં પણ મનુષ્યો વસે છે - ઘનદંતા, લષ્ટદંતા, ગૂઢદંતા, શુદ્ધદંતા.*

*જંબૂદ્વીપના મેરુની ઉત્તરે શિખરી વર્ષધરની ચારે વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૩૦૦-૩૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે - એકોરુકદ્વીપ આદિ ઉપર મુજબ જ શુદ્ધદંત પર્યન્ત કહેવું.*

*[૩૨૫] જંબૂદ્વીપની બહારની વેદિકાના અંતથી ચારે દિશાઓમાં લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જતાં ત્યાં અતિ મોટા, ઉદક કુંભાકારે રહેલા ચાર મહાપાતાળ કળશો છે - વડવામુખ, કેતુક, યૂપક, ઈશ્વર. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક ચાર દેવો વસે છે - કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન... જંબૂદ્વીપની બાહ્ય વેદિકાના અંતથી ચારે દિશામાં ૪૨,૦૦૦ યોજન જતાં ચાર વેલંધરનાગરાજીય ચાર આવાસ પર્વતો છે - ગોસ્તૂપ, ઉદકભાસ, શંખ, ઉદકસીમ. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક ચાર દેવો વસે છે - ગોસ્તૂપ, શિવક, શંખ, મનઃશિલ.*



*જંબૂદ્વીપની બાહ્ય વેદિકાંતથી ચાર વિદિશામાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જતાં ચાર અનુવેલંધર નાગરાજીય આવાસ પર્વતો છે - કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ, અરુણપ્રભ. ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે - કર્કોટક, કર્દમ, કૈલાસ, અરુણપ્રભ.*

*લવણસમુદ્રમાં ચાર ચંદ્રો પ્રકાશ્યા-પ્રકાશે છે અને પ્રકાશશે.. ચાર સૂર્યો તપ્યા, તપે છે, તપશે... ચાર કૃતિકા યાવત્ ચાર ભરણી નક્ષત્રો છે... ચાર અગ્નિ યાવત્ ચાર યમ [નક્ષત્રાધિપતિ] છે.. ચાર અંગારક યાવત્ ચાર ભાવકેતુ [ગ્રહો] છે.*

*લવણસમુદ્રના ચાર દ્વારો છે - વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. તે દ્વાર ચાર યોજન પહોળા, ચાર યોજન પ્રવેશથી છે, ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમસ્થિતિક છે - વિજય આદિ.*

*[૩૨૬] ધાતકીખંડદ્વીપ ચક્રવાલ વિષ્કંભથી ચાર લાખ યોજન છે. જંબૂદ્વીપની બહાર ચાર ભરત, ચાર ઐરવત ક્ષેત્રો છે, એવી રીતે જેમ શબ્દોદ્દેશક બીજા સ્થાનમાં કહ્યું, તેમજ અહીં બધું કહેવું.*

● વિવેચન-૩૨૩ થી ૩૨૬ :-

[૩૨૩] પૂર્વાદિ ચારે દિશાઓમાં ક્રમશઃ વિજયાદિ દ્વારો છે, દ્વારની બે તરફની શાખનો જે અંતર-વિષ્કંભ ચાર યોજન છે. પ્રવેશ-બંને બાજુ ભીંતની એક-એક કોશ જાડાઈ અને ઊંચાઈ આઠ યોજન છે. - x - આ ચાર દ્વારોમાં દ્વારના નામવાળા, પલ્યોપમસ્થિતિક, દેવી સહિત પરિવારયુક્ત દેવોસહિત, મહર્દ્ધિક દેવો વસે છે.

[૩૨૪] મહા હિમવંત અપેક્ષાએ નાનો, તે ચુલ્લહિમવંત. પૂર્વ-પશ્ચિમના ભાગને વિશે દરેકની બે બે શાખા છે. ઇશાનાદિ વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૩૦૦-૩૦૦ યોજન ઉલંઘીને જે શાખારૂપ ભાગો વર્તે છે. આ શાખાવિભાગોમાં સમુદ્ર મધ્યના દ્વીપો અથવા પરસ્પર વિભાગ પ્રધાન દ્વીપો તે અંતરદ્વીપો. તેમાં ઇશાન કોણમાં એકોરૂક નામક દ્વીપ ૩૦૦ યોજન લાંબો-પહોળો છે. એ રીતે આભાષિક, વૈષાણિક, લાંગૂલિક દ્વીપ ક્રમથી અગ્નિ-નૈઋત્ય-વાયવ્ય ખૂણામાં છે. સમુદાય અપેક્ષાએ ચાર છે, એક એક વિભાગમાં નહીં. તેથી ક્રમ વડે દ્વીપો યોજવા યોગ્ય છે.

દ્વીપના નામથી પુરુષોના નામો છે, તેઓ સર્વ અંગોપાંગથી સુંદર અને જોવામાં સ્વરૂપથી મનોહર છે, પણ એક ઉરુવાળા આદિ નથી.

આ દ્વીપોથી જ ૪૦૦ યોજન ઉલ્લંઘીને પ્રત્યેક વિદિશાએ ૪૦૦ યોજન લાંબા-પહોળા ચાર દ્વીપો છે. તથા જે દ્વીપોનું જેટલું અંદર છે તેટલું તેનું લંબાઈ-પહોળાઈનું પ્રમાણ છે. યાવત્ ચારે વિદિશાઓના સાતમાં અંતરદ્વીપોનું ૯૦૦ યોજન અંતર છે અને તેટલું જ લંબાઈ-પહોળાઈ પ્રમાણ છે. બધાં મળીને ૨૮ અંતરદ્વીપો છે.

ત્યાં મનુષ્યો જોડલામાં જન્મે છે, તેઓ પલ્યોપમના અસંખ્યાત ભાગ વિશિષ્ટ આયુ-વાળા છે, ૧૦૦ ધનુષ્ ઉંચાઈ છે. તથા ઐરવત ક્ષેત્રનો વિભાગ કરનાર શિખરી પર્વતના પણ એમ જ ઇશાન કોણ આદિ વિદિશાઓમાં પૂર્વોક્ત નામવાળા ૨૮ અંતરદ્વીપો છે. - x -

આ અંતરદ્વીપોની પરિધિ કિંચિત્ ન્યૂન ૯૪૯ યોજન છે.

*[વૃત્તિકારે નોંધેલ ગાથા-૧ થી ૮માં ગાથા-૨-ના પૂર્વાર્દ્ધમાં પરિધિનું માપ છે, તે અહીં નોંધ્યુ, તે સિવાયનું સર્વ કથન મૂળ-સૂત્રાર્થમાં આવી ગયેલ હોવાથી તેની અત્રે પુનરુક્તિ કરી નથી. ગાથા-૯-નો અર્થ આ છે—]*

અંતરદ્વીપવાસી મનુષ્યો ૮૦૦ ધનુષ્ ઉંચા, સદા આનંદી, યુગલિક ધર્મને પાળનાર અને પલ્યોપમના અસંખ્યાતભાગ આયુવાળા હોય છે, તેમને ૬૪ પાંસળી હોય છે, ૭૯ દિન અપત્યનું પાલન કરે છે.

[૩૨૫] મધ્યના ૧૦,૦૦૦ યોજનમાં ''મહામહાંત'' કહેવાને બદલે સિદ્ધાંત ભાષા વડે ''મહઈમહાલયા'' એમ કહ્યું છે. મહાન પાણીના કળશ તે મહાલિંજર, તેના જેવા આકાર વડે રહેલા તે મહાલિંજર સંસ્થાન સંસ્થિત. તેનાથી બીજા નાના કળશનો નિષેધ કરવા વડે મહાંત શબ્દ કહેલ છે. પાતાળની જેમ અગાધ ગંભીર કે પાતાળની અંદર રહેલો હોવાથી પાતાળો, મહાન્ એવા પાતાળો તે મહાપાતાળો-વડવામુખ, કેતુક, યૂપક અને ઈશ્વર ક્રમશઃ પૂર્વાદિ ચાર દિશાઓમાં છે.

આ ચાર કળશો મુખમાં અને મૂળમાં ૧૦,૦૦૦ યોજન, મધ્યમાં તથા ઉંચાઈ વડે એક લાખ યોજન છે. આ કળશોના ઉપરના ત્રીજા ભાગે માત્ર પાણી છે, મધ્યના ત્રીજા ભાગે વાયુ અને જળ છે તથા મૂળમાં ત્રીજા ભાગે ફક્ત વાયુ છે, તેમાં વસનાર કાલ આદિ વાયુકુમાર દેવરો છે.

લવણસમુદ્રમાં ચારે દિશામાં ૯૫,૦૦૦ યોજન ઉલ્લંઘીને કળશના આકારે રહેલ ચાર મહાપાતાળ કળશો છે. - x - આ ચારે કળશો વજમય છે, તેની ઠીકરીઓ જાડાઈથી ૧૦૦૦ યોજન છે. - x - x - લવણસમુદ્રમાં બીજા પણ લઘુકળશો જેવા છે. તે બધાં મળીને ૭૮૮૪ છે. આ લઘુ કળશો મૂળમાં અને ઉપરના ભાગે ૧૦૦ યોજન અને મધ્યે તથા ભૂમિમાં ૧૦૦૦ યોજન પહોળા છે અને તેની ઠીકરી દશ યોજન જાડી છે.

બધાં પાતાળ કળશોના ત્રણ ત્રણ વિભાગ જાણવા. અધો ભાગે વાયુ, મધ્યભાગે વાયુ તથા પાણી, ઉપરી ભાગે પાણી છે, તેમ કહ્યું છે. પ્રત્યેક કળશોના પહેલા-બીજા ભાગમાં વાયુ ખળભળે છે, પવનો વડે પાણી ઉછળે છે, જલનિધિ ક્ષુભિત થાય છે, વાયુ શાંત થતા પાણી ફરી તે સ્થાનમાં આવે છે, તેથી સમુદ્રની વેલા વધે છે અને ઘટે છે.

વેલા-લવણ સમુદ્ર શિખાને અથવા અંતરમાં પ્રવેશતી અને બહાર-નીકળતી અગ્રશિખાને વેલંધર દેવો ધારણ કરે છે, તે નાગરાજો વેલંધર નાગરાજાના આવાસ પર્વતો પૂર્વાદિ દિશામાં ક્રમશઃ ગોસ્તૂપ આદિ છે, ઇશાન કોણાદિ વિદિશામાં વેલંધરોની



પાછળ વર્તનારા અનુનાયકપણે નાગરાજો તે અનુવેલંધર નાગરાજો. વેલંધર કથન ગાથા-લવણસમુદ્રની શિખા ચક્રવાલથી ૧૦,૦૦૦ યોજન પહોળી, ૧૬,૦૦૦ યોજન ઉંચી, ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડી છે.

ઉપર્યુક્ત શિખા ઉપરી ભાગે કિંચિત્ ન્યૂન અર્ધયોજન અહોરાત્રમાં બે વખત ક્રમશઃ વિશેષ-વિશેષ વધે છે અને ઘટે છે. લવણસમુદ્રની અંદરની વેળાને નાગકુમારના ૪૨,૦૦૦ દેવો અટકાવે છે. બહારની વેલાને ૭૨,૦૦૦ દેવો અટકાવે છે. ૬૦,૦૦૦ નાગકુમાર દેવો સમુદ્રની શિખાના અગ્રભાગના પાણીને ધારણ કરે છે.

*વૃત્તિ ગાથા-૪- ઉત્તરાર્ધથી ગાથા-૭ સુધીનો અર્થ સૂત્રાર્થમાં કહ્યો છે.*

ગોસ્તૂપાદિ આઠે પર્વતો ૪૩૦ યોજન અને એક કોશ ભૂમિમાં ઉંડા છે અને ૧૭૨૧ યોજન ઉંચા છે.

સૌમ્યપણું હોવાથી ચંદ્રોનું પ્રકાશવું કહ્યું અને તીક્ષ્ણ કિરણ હોવાથી સૂર્યોનું તપવું કહ્યું. ચંદ્રોની ચાર સંખ્યા હોવાથી તેના પરિવારરૂપ નક્ષત્રો આદિની સંખ્યા ચાર જ છે. તેથી કહ્યું - ચાર કૃતિકા છે, તે નક્ષત્ર અપેક્ષાએ છે, તારાની અપેક્ષાએ નહીં. એ રીતે ૨૮ નક્ષત્રો જાણવા. કૃતિકા નક્ષત્રનો દેવ અગ્નિ છે, યાવત્ ભરણી નક્ષત્રનો દેવ યમ છે. મંગળ પ્રથમ ગ્રહ છે અને ભાવકેતુ અઠ્યાસીમો ગ્રહ છે. શેષ વર્ણન સ્થાન-૨ મુજબ સમજી લેવું.

[૩૨૬] ચક્રવાક-વલયનો વિસ્તાર, જંબૂદ્વીપથી બહાર ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધદ્વીપમાં ચાર ભરત, ચાર ઐરવત ક્ષેત્ર છે. શબ્દોદ્દેશક તે બીજા સ્થાનના ત્રીજા ઉદ્દેશા માફક કહેવું. - x -

મનુષ્ય સંબંધી ચતુઃસ્થાનક કહ્યું. હવે ક્ષેત્રના સાધર્મ્યથી નંદીશ્વરદ્વીપ સંબંધી વસ્તુના સામીપ્યથી સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૨૭ થી ૩૨૯ :-**

***ચક્રવાલ વિષ્કંભવાળા નંદીશ્વરદ્વીપના મધ્યમાં ચારે દિશામાં ચાર અંજનક પર્વત છે :- પૂર્વમાં-દક્ષિણમાં-પશ્ચિમ-ઉત્તરનો અંજનક પર્વત. તે અંજનકપર્વત ૮૪,૦૦૦ યોજન ઉંચો છે, ૧૦૦૦ યોજન ભૂમિમાં છે. વિષ્કંભ પણ ૧૦,૦૦૦ યોજન છે. પછી ક્રમશઃ ઘટતા-ઘટતા ઉપર તેનો વિષ્કંભ ૧૦૦૦ યોજનનો છે. તે પર્વતોની પરિધિ મૂલમાં ૩૧,૬૨૩ યોજન છે, પછી ક્રમશઃ ઘટતા-ઘટતા ઉપરની પરિધિ ૩૧૬૬ યોજન થાય છે. તે પર્વતો મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સાંકડા અને ઉપર પાતળા અર્થાત્ ગોપુચ્છ આકૃતિવાળા છે. સર્વે અંજનરત્નમય, સ્વચ્છ, કોમળ, ઘુંટેલ, ઘસેલ, નિરજ, નિષ્પંક, નિરાવરણ શોભાવાળા, સ્વપ્રભાવાળા, કિરણો સહિત, સઉદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ પ્રતિરૂપ છે.***

***તે અંજનક પર્વતના ઉપરીતલે સમરમણિય ભૂમિભાગ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગની બહુ મધ્યદેશ ભાગમાં ચાર સિદ્ધાયતન [જિનાલયો] કહ્યા છે. તે સિદ્ધાયતનની લંબાઈ ૧૦૦ યોજનની છે, પહોળાઈ ૫૦ યોજન, ઉંચાઈ ૭૨ યોજનની છે.***

*તે સિદ્ધાયતનની ચારે દિશામાં એક-એક દ્વાર છે - દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુવર્ણદ્વાર. ત્યાં ચાર પ્રકારના દેવ રહે છે - દેવ, અસુર, નાગ, સુવર્ણ. તે દ્વારો આગળ ચાર મુખમંડપ છે. તે મુખમંડપની આગળ ચાર પ્રેક્ષાગૃહમંડપ છે. તે પ્રેક્ષાઘર મંડપના મધ્ય ભાગમાં ચાર વજ્રમય અખાડા છે. તે વજ્રમય અખાડા મધ્યે ચાર મણિપીઠિકા છે. તે મણિપીઠિકા ઉપર ચાર સિંહાસન છે. તે સિંહાસનો પર ચાર વિજયદૂષ્ય છે. તે વિજયદૂષ્યોની મધ્યમાં ચાર વજ્રમય અંકુશ છે. તે વજ્રમય અંકુશો પર લઘુ કુંભાકારે મોતીઓની ચાર માલા છે. પ્રત્યેક માળા અન્ય અડધી ઉંચાઈવાળી ચાર-ચાર માળાઓથી ઘેરાયેલી છે.*

*તે પ્રેક્ષાઘર મંડપોની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકાઓ ઉપર ચાર-ચાર ચૈત્યસ્તૂભ છે. તે પ્રત્યેક ચૈત્ય સ્તૂભની ચારે દિશામાં ચાર-ચાર મણિપીઠિકાઓ છે. તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર સર્વ રત્નમય ચાર જિનપ્રતિમાઓ છે, જે પલ્યંક આસને સ્તૂપાભિમુખ રહેલી છે. તેમના નામો-ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ છે.*

*તે ચૈત્ય સ્તૂપોની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકા ઉપર ચાર ચૈત્યવૃક્ષો છે, તે ચૈત્યવૃક્ષોની આગળ ચાર મણિપીઠિકા છે, તે મણિપીઠિકા ઉપર ચાર મહેન્દ્રધ્વજ છે. તે મહેન્દ્ર ધ્વજ આગળ ચાર નંદા પુષ્કરિણી છે, તે પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશામાં ચાર વનખંડો છે - પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં વનખંડ.*

*[૩૨૮] પૂર્વમાં અશોકવન, દક્ષિણે સપ્તપર્ણવન, પશ્ચિમે ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન.*

*[૩૨૯] ત્યાં પૂર્વદિશાવર્તી અંજનકપર્વતની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરિણીઓ છે. તે આ - નંદુત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના. તે નંદા પુષ્કરિણીઓની લંબાઈ એક લાખ યોજન છે, પહોળાઈ ૫૦,૦૦૦ યોજન, ઉંડાઈ ૧૦૦૦ યોજન છે. તે પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશામાં ત્રિસોપાન-પ્રતિરૂપક છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકની સામે ચાર તોરણો છે - પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં. તે પ્રત્યેક પુષ્કરિણીના ચારે દિશામાં ચાર વનખંડો છે - પૂર્વનું, દક્ષિણનું, પશ્ચિમનું, ઉત્તરનું. નામો પૂર્વવત્ છે.*

*તે પુષ્કરિણીના મધ્યભાગમાં ચાર દધિમુખ પર્વતો છે. તે દધિમુખ પર્વત ૬૪,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન ભૂમિમાં, સર્વત્ર પલ્યંક સમાન આકારવાળા છે, તેની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે, ૩૧,૬૨૩ યોજન તેની પરિધિ છે, તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દધિમુખ પર્વતની ઉપર બહુસમરમણિય ભૂમિભાગ છે. શેષ સમગ્ર કથન અંજનક પર્વતની સમાન આમ્રવન પર્યન્ત કહેવું.*

*દક્ષિણના અંજનક પર્વતની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણીઓ છે - ભદ્રા, વિશાલા, કુમુદા, પૌંડરિકિણી. તે નંદાપુષ્કરિણી એક લાખ યોજન લાંબી છે. શેષ વર્ણન યાવત્ દધિમુખ પર્વત યાવત્ વનખંડ કહેવું. ત્યાં પશ્ચિમના અંજનક પર્વતની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે - નંદિસેના, અમોઘા, ગોસ્તૂભા, સુદર્શના, શેષ વર્ણન પૂર્વવત્. તે રીતે દધિમુખ પર્વત તેમજ સિદ્ધાયતન યાવત્ વનખંડ કહેવા.*



*તેમાં જે ઉત્તરનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે. તેના નામ - વિજયા, વેજયંતી, જયંતી, અપરાજિતા. તે પુષ્કરિણી એક લાખ યોજન લાંબી છે. દધિમુખપર્વતાદિ પૂર્વવત્.*

*નંદીશ્વરદ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુમધ્ય ભાગે ચારે ખૂણામાં ચાર રતિકર પર્વતો છે. ઇશાન ખૂણામાં, અગ્નિખૂણામાં, નૈઋત્ય ખૂણામાં અને વાયવ્યખૂણામાં રતિકર પર્વત. તે રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ ગાઉ ભૂમિમાં, ઝાલર સમાન સર્વત્ર સમ સંસ્થાનવાળા છે, તેની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે. ૩૧,૬૨૩ યોજન પરિધિ છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*ઇશાન કોણમાં રહેલ રતિકર પર્વતની ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ ઇશાનેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાનીઓ છે - નંદુત્તરા, નંદા, ઉત્તરકુરા, દેવકુરા. ચાર અગ્રમહિષીઓ છે - કૃષ્ણા, કૃષ્ણારાજી, રામા, રામરક્ષિતા... અગ્નિકોણમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ શક્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ જેવા પ્રમાણની ચાર રાજધાનીઓ છે - સમણા, સોમણસા, અર્ચિમાલી, મનોરમા, ત્યાં ચાર અગ્રમહિષી છે - પદ્મા, શિવા, શચી, અંજૂ.*

*તેમાં જે નૈઋત્યકોણનો રતિકર પર્વત છે ત્યાં ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ શક્રની ચાર અગ્રમહિષીની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાની છે– ભૂતા, ભૂતવડિંસા, ગોસ્તૂપા, સુદર્શના. અગ્રમહિષીઓ છે - અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી... વાયવ્યકોણના રતિકર પર્વત ચારે દિશામાં દેવેન્દ્ર, દેવરાજ ઇશાનની ચાર અગ્રમહિષીની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાનીઓ છે. રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના, રત્નસંચયા. ત્યાં ચાર અગ્રમહિષીઓ છે - વસુ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા.*

● વિવેચન-૩૨૭ થી ૩૨૯ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - ૧- જંબૂદ્વીપ-લવણસમુદ્ર, ૨- ધાતકી ખંડ-કાલોદસમુદ્ર, ૩- પુષ્કરવરદ્વીપથી આરંભી ૪- વારુણી, ૫- ક્ષીર, ૬- ઘૃત, ૭- ઇક્ષુ, ૮- નંદીશ્વર, ૯- અરુણ નામે દ્વીપ-સમુદ્રો છે.

આ ગણનાએ નંદીશ્વરદ્વીપ આઠમો છે, તે જ પ્રધાન છે. કેમકે અહીં મનુષ્યદ્વીપ અપેક્ષાએ ઘણાં જિનભવનાદિના સદ્‌ભાવથી તેનું પ્રધાનત્વ છે. તેનો ચક્રવાલ વિષ્કંભ - ૧,૬૩,૮૪,૦૦,૦૦૦ યોજન છે. - x -

મધ્ય એવો દેશ ભાગ તે મધ્યદેશ ભાગ, તે ખાસ મધ્ય ભાગ નહીં. પ્રદેશાદિની ચોક્કસ ગણનાથી નક્કી કરેલ નથી. પણ પ્રાયઃ છે અથવા અત્યંત મધ્યદેશ ભાગ

તે બહુમધ્યદેશભાગ જાણવો.

અહીં અંજનક પર્વત મૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા કહ્યા. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ સંગ્રહણી ગાથામાં કહ્યું છે - ૮૪,૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ યોજન ભૂમિમાં, કિંચિત્ ન્યૂન ૧૦,૦૦૦ યોજન ભૂમિતલે છે.

અંજનક પર્વતોનું મૂલ [કંદમાં] ૯૫૦૦ યોજન પહોળાઈ છે. ભૂમિતલે ૯૪૦૦ યોજન પહોળાઈ છે. આ મતાંતર છે. તેનું કારણ કેવલીગમ્ય.

ગાયનું પૂંછડું આરંભે સ્થૂળ, અંતે પાતળું હોય તેવા ગોપુચ્છ સંસ્થાન અંજનક પર્વતો છે, તે સર્વે કૃષ્ણરત્ન વિશેષ તન્મય છે અથવા સર્વથા અંજનમય-પરમકૃષ્ણ છે. કહ્યું છે - ભમરો, ભેંસશ્રૃંગ, કાળો સુરમો, તેના જેવા કાળા, સુંદર અંજનક પર્વતો ગગનતલને સ્પર્શતા હોય તેમ શોભે છે.

તે આકાશ સ્ફટિકવત્ સ્વચ્છ, કોમળ તંતુથી બનેલા, કોમળવસ્ત્ર સમાન, ઘુંટેલ વસ્ત્ર સમ શ્લક્ષ્ણ, ઘસેલ પાષાણ પ્રતિમા જેવા ધૃષ્ટ અથવા પ્રમાર્જનિકા વડે શુદ્ધ કરાયેલા, તેથી જ રજહિત, કઠણ મલના અભાવે કે ધોયેલ વસ્ત્ર સમ નિર્મળ, કાદવના અભાવે કે કલંકરહિત હોવાથી નિષ્પંક, નિષ્કંટક કે નિષ્કવચ અર્થાત્ આવરણ રહિત શોભાવાળા અથવા અકલંક શોભાવાળા, દેવોને આનંદ કરનાર આદિ પ્રભાવાળા કે પોતાના જ સ્વરૂપથી દીપતા, કિરણો સહિત, ઉધોતસહિત - વસ્તુના પ્રકાશથી વર્તતા મનને પ્રસાદ કર્તા, નેત્ર વડે જોવાતા છતાં શ્રમને ન કરનાર, મનોહર, જોનારને રમણીય લાગે છે. તેમ યાવત્ શબ્દથી જાણવું.

ત્યાં અત્યંત રમણીય ભૂમિભાગ છે. તથા શાશ્વતા કે શાશ્વતી અરિહંત પ્રતિમાના સ્થાનો તે સિદ્ધાયતનો છે. કહ્યું છે - દરેક અંજનક પર્વતોના શિખરની ઉપર બેઠેલા સિંહ જેવા આકારે અને ઉંચા અરિહંતના આયતનો [જિનાલયો] હોય છે.

मुख - અગ્રદ્વારે આયતનના મંડપો તે મુખમંડપો - પટ્ટશાલો, પ્રેક્ષણક-તે માટેના ગૃહરૂપ મંડપો તે પ્રેક્ષાગૃહ મંડપો. वैर - વજરત્નમય, आखाटक - જોનાર મનુષ્યના બેઠકભૂત. विजयदूष्य - ચંદરવારૂપ વસ્ત્રો, તેના મધ્યભાગે જ અવલંબન માટેના અંકુશો છે. જે દામમાં મોતીઓના પરિમાણ વડે કુંભ વિધમાન જેમાં છે તે કુંભિકારૂપ મોતીની માળા, કુંભ પ્રમાણ આ છે—

બે અસતીથી એક પસલી, બે પસલીથી એક સેતિકા, ચાર સેતિકાથી કુડવ, ચાર કુડવે એક પ્રસ્થ, ચાર પ્રસ્થે એક આઢક, ચાર આઢકે એક દ્રોણ. સાઠ આઢકનો એક જઘન્યકુંભ, ઍંશી આઢકે એક મધ્યમ કુંભ, ૧૦૦ આઢકે એક ઉત્કૃષ્ટ કુંભ, તે મોતીની માળાનું અર્ધ ઉંચપણાનું પ્રમાણ છે.

પૂર્વોક્ત જે માળા અર્ધ ઉચ્ચત્વ પ્રમાણવાળી અને અર્ધકુંભવાળા મુક્તા ફળ વાળી છે, તેવી માળા વડે સર્વ દિશાઓમાં વીંટાયેલી છે.

ચૈત્ય અર્થાત્ સિદ્ધાયતનની નજીક રહેલ સ્તૂપો તે ચૈત્યસ્તૂપો અથવા ચિત્તને આહ્લાદક હોવાથી ચૈત્યસ્તૂપો. પદ્માસને બેઠેલી જિનપ્રતિમા. - x - महेन्द्रा - સિદ્ધાંત ભાષા વડે અતિ મોટા એવા ધ્વજો અથવા શક્રાદિ મોટા ઇન્દ્રોની ધ્વજા જેવા તે મહેન્દ્ર



ધ્વજો. પછી બધી શાશ્વતી પુષ્કરિણી સામાન્યથી નંદા કહેવાય છે. તેના ફરતું સપ્તચ્છદવન જાણવું.

તે વાવોમાં નીકળવા-પ્રવેશવા ત્રણ દિશાઓમાં ત્રણ ત્રણ સોપાનની પંક્તિઓ છે. તે વાવોમાં રૂપામય હોવાથી દહીં જેવા શ્વેત મુખવાળા તે દધિમુખ પર્વતો જાણવા. વિમલ શંખદલ, નિર્મળ દહીં, ઘનદૂધ, મોતના હાર જેવા ઉજળા ગગનતલને સ્પર્શીને રહેલા મનોહર દધિમુખ પર્વતો છે.

અંજનગિરિના મધ્ય ભાગે ઇશાનકોણમાં રતિને કરનારા હોવાથી રતિકર પર્વતો કહેવાય. તે પર્વતો પાસે ક્રમથી કૃષ્ણાદિ ઇન્દ્રાણીઓની રાજધાનીઓ છે. દક્ષિણ લોકાર્દ્ધનાયક હોવાથી શક્ર, તેના અગ્નિ, નૈઋત કોણમાં રહેલ બે રતિકર પર્વતો પાસે શક્રેન્દ્રની ઇન્દ્રાણીની રાજધાની છે. ઉત્તર લોકાર્દ્ધનો સ્વામી ઈશાનેન્દ્ર હોવાથી વાયવ્ય અને ઇશાન કોણનો રહેલ પર્વતોની પાસે ઇશાનેન્દ્રની ઇન્દ્રાણીની રાજધાની છે.

એમજ નંદીશ્વર દ્વીપે અંજનક પર્વત ઉપર ચાર અને દધિમુખ પર્વતો ઉપર સોળ મળીને વીશ જિનાલયો છે. અહીં ચાતુર્માસિક પડવા, સંવત્સર, બીજા ઘણાં જિન જન્માદિ એ સમુદાય સહિત દેવો અષ્ટાહ્નિકા મહોત્સવો કરતા વિચરે છે, એવું જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે. બીજા પણ તેવા પ્રકારે સિદ્ધાયતનો હોય તો વિરોધ નથી. વિજયનગરી માફક રાજધાનીમાં પણ સિદ્ધાયતનો સંભવે છે. વળી પંચદશ સ્થાનો દ્વારમાં કહ્યું છે—

સોળ દધિમુખ પર્વતો શ્વેત - x - છે, તેની બહાર બે બે વાવડીમાં બહારના બે કોણની નજીકમાં સુવર્ણકાંતિ સમ બે-બે રતિકર પર્વતો છે. અંજનકાદિ પર્વતોમાં વિવિધ મણિ વડે કાંતિવાળા શિખરો ઉપર બાવન જિનગૃહો છે. તે મણિરત્નમય, હજાર યોજનવાળા છે. તત્ત્વ બહુશ્રુત જાણે. - - ઉક્ત સર્વે જિનકથિત સત્ય હોવાથી સત્ય છે. માટે હવે સત્ય સૂત્ર કહે છે—

**• સૂત્ર-૩૩૦ થી ૩૩૨ :-**

***[૩૩૦] સત્ય ચાર ભેદે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવસત્ય.***

***[૩૩૧] આજીવિકોનું તપ ચાર ભેદે છે - ઉગ્રતપ, ઘોરતપ, રસત્યાગ તપ અને જિહ્વેન્દ્રિય પ્રતિસંલીનતા.***

***[૩૩૨] સંયમ ચાર ભેદે કહ્યો છે - મન, વચન, કાય, ઉપકરણ સંયમ. ત્યાગ ચાર ભેદે કહ્યો છે - મન, વચન, કાય અને ઉપકરણ ત્યાગ. અકિંચનતા ચાર ભેદે કહી - મન, વચન, કાય ઉપકરણ અકિંચનતા.***

**• વિવેચન-૩૩૦ થી ૩૩૨ :-**

[૩૩૦] નામ, સ્થાપના સત્ય સુગમ છે. ઉપયોગરહિત વક્તાનું સત્ય તે દ્રવ્ય સત્ય. સ્વ-પર અનુપરોધથી ઉપયોગયુક્ત તે ભાવસત્ય.

[૩૩૧] सत्य - ચારિત્ર વિશેષ, ચારિત્રના વિશેષને યાવત્ ઉદ્દેશકના અંત પર્યન્ત કહે છે. આજીવિકા - ગોશાળાના શિષ્યો, અટ્ઠમ આદિ તે ઉગ્રતપ. અથવા उदार - આ લોકાદિની આશંસારહિતનો શોભનતપ.. આત્મ નિરપેક્ષ તે ઘોરતપ..

ઘૃતાદિ રસના ત્યાગરૂપ તપ.. મનોજ્ઞ-અમનોજ્ઞ આહારોને વિશે રાગ-દ્વેષનો ત્યાગ. અરિહંતનો બાર ભેદે તપ છે.

[૩૩૨] મન-વચન-કાયાના અકુશલત્વનો નિરોધ, કુશલત્વની ઉદીરણા તે સંયમ. ઉપકરણ સંયમ-મહામૂલ્યાદિ વસ્ત્રાદિનો ત્યાગ કે પુસ્તક-વસ્ત્ર-તૃણ-ચર્મ ચારે પંચકનો ત્યાગ. પુસ્તકપંચક તે - ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટફલક, સૃપાટિકા આ પાંચ ભેદે પુસ્તકો વીતરાગે કહ્યા છે.

જાડાઈ, પહોળાઈ, લંબાઈથી સમાન છે તે ગંડી પુસ્તક. અંતે પાતળા, મધ્યે પહોળું તે કચ્છપી પુસ્તક જાણવું. ચાર આંગળ લાંબુ કે ગોળ અથવા ચાર આંગળ લાંબુ-પહોળું એટલે ચતુષ્કોણ તે મુષ્ટિ પુસ્તક. બે ફલકમાં હોય તે સંપુટ પુસ્તક. થોડા પત્ર વડે, કંઈક ઉંચુ તે સૃપાટિકા પુસ્તક છે. પહોળાઈમાં મોટું હોય કે નાનું પણ જે પુસ્તક જાડાઈમાં થોડું હોય તેને સિદ્ધાંતસારના જ્ઞાતા પુરુષો છિવાડી-સૃપાટિકા પુસ્તક કહે છે.

વસ્ત્રપંચક અપ્રત્યુપેક્ષિત અને દુષ્પ્રત્યુપેક્ષિતના ભેદથી બે પ્રકારે છે - તેમાં અપ્રત્યુપેક્ષિત વસ્ત્ર પાંચ ભેદે - તળાઈ [શય્યાવિશેષ], ઓશીકું, ગાલ-મસુરિયું, આલિંગિનિ, ચાકળો.. દુષ્પ્રત્યુપેક્ષિત વસ્ત્ર પણ પાંચ પ્રકારે - પલ્હવિ, કુતુપ, પ્રાવરક, નવત્વક્ અને દૃઢગાલી.

હાથીની પીઠ ઉપર નાખવાનું આસ્તરણ, તે પલ્હવી. રૂથી ભરેલ તે કુતુપ, ધોતપોતિકા તે દૃઢગાલી, પ્રાવરક અને નવત્વક્ પ્રસિદ્ધ છે - હવે તૃણપંચક કહે છે—

અષ્ટ કર્મરૂપ ગ્રંથિનું મથન કરનાર જિનેશ્વરોએ પાંચ ભેદે તૃણો કહ્યા છે - શાલી, વ્રીહી, કોદ્રવ, કાંગ અને શ્યામક આદિ ઘાસ.

હવે ચર્મપંચક કહે છે - બકરાનું, ઘેટાનું, ગાયનું, ભેંસનું, હરણનું ચામડું અથવા તલિકા, પગરખા, વાઘ, કોશક, કૃતિકારૂપ ચર્મ ઉપકરણ.

चियाए - અશુભ મન વગેરેનો ત્યાગ અથવા મન વગેરેથી સાધુઓને અશનાદિનું દાન તે ત્યાગ. એ રીતે પાત્રાદિ ઉપકરણ વડે અન્નાદિનું દાન તે ઉપકરણ ત્યાગ. કંઈ વિધમાન નથી - સુવર્ણાદિ દ્રવ્યનો પ્રકાર જેને નથી તે અકિંચન તેનો ભાવ તે અકિંચનતા - નિષ્પરિગ્રહત્વ. તે મન આદિ અપેક્ષાએ છે.

**સ્થાન-૪-ઉદ્દેશો-૨-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 સ્થાન-૪-ઉદ્દેશો-૩ 卐

-- x -- x -- x -- x -- x --

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. આ ઉદ્દેશાનો પૂર્વ ઉદ્દેશક સાથે સંબંધ આ છે - પૂર્વે જીવ અને ક્ષેત્રના પર્યાયો કહ્યા. અહીં તો જીવના પર્યાયો કહેવાય છે. આ સંબંધે પ્રાપ્ત આ ઉદ્દેશાના પહેલાં બે સૂત્રો કહે છે—

**● સૂત્ર-૩૩૩,૩૩૪ :-**

*[૩૩૩] રેખાઓ ચાર ભેદે કહી છે - પર્વતરેખા, પૃથ્વીરેખા, વાલુકારેખા, ઉદકરેખા. એ રીતે ક્રોધ ચાર ભેદે છે - પર્વતરેખા સમાન, પૃથ્વીરેખા સમાન, વાલુકારેખા સમાન, ઉદકરેખા સમાન... પર્વત રેખા સમાન ક્રોધવાળો જીવ મરીને નૈરયિકમાં ઉપજે છે. પૃથ્વીરેખા સમાન ક્રોધવાળો તિર્યંચયોનિકોમાં ઉપજે છે. વાલુકારેખા સમાન ક્રોધવાળો મનુષ્યમાં ઉપજે છે. ઉદકરેખા સમાન ક્રોધવાળો દેવોમાં ઉપજે છે.*

*ઉદક [પાણી] ચાર ભેદે કહેલ છે - કર્દમોદક, ખંજનોદક, વાલુકોદક, શૈલોદક. એ રીતે ભાવ ચાર ભેદે કહ્યા છે - કર્દમોદક સમાન, ખંજનોદક સમાન, વાલુકોદક સમાન, શૈલોદક સમાન... કર્દમોદક સમાન ભાવવાળો જીવ મરીને નૈરયિકમાં યાવત્ શૈલોદક સમાન ભાવવાળો દેવમાં ઉપજે છે.*

*[૩૩૪] પક્ષી ચાર કહ્યા - કોઈ સ્વરસંપન્ન પણ રૂપસંપન્ન નહીં, કોઈ રૂપસંપન્ન પણ સ્વરસંપન્ન નહીં, કોઈ રૂપસંપન્ન અને સ્વરસંપન્ન, કોઈ સ્વરસંપન્ન નહીં અને રૂપસંપન્ન નહીં... એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે - કોઈ સ્વરસંપન્ન પણ રૂપસંપન્ન નહીં.*

*પુરુષો ચાર ભેદે છે - કોઈ પોતે તૃપ્ત થાય પણ બીજાને નહીં, કોઈ બીજાને તૃપ્ત કરે પણ પોતાને નહીં ઇત્યાદિ ચાર ભેદ.*

*પુરુષો ચાર ભેદે છે - કોઈ વિચારે કે હું બીજાને વિશ્વાસ ઉપજાવું અને ઉપજાવે, કોઈ વિચારે કે બીજાને વિશ્વાસ ઉપજાવું પણ ન ઉપજાવે આદિ.*

*પુરુષો ચાર ભેદે - કોઈ પોતામાં વિશ્વાસ ઉપજાવે બીજામાં નહીં - આદિ.*

**● વિવેચન-૩૩૩,૩૩૪ :-**

[૩૩૩] આ સૂત્રનો સંબંધ આ છે - પૂર્વે ચારિત્ર કહ્યું, તેનો પ્રતિબંધ કરનાર ક્રોધાદિ ભાવ છે, તેથી ક્રોધ સ્વરૂપ પ્રરૂપણા કરે છે. તે સંબંધવાળા આ દૃષ્ટાંતભૂતાદિ સૂત્રની વ્યાખ્યા - राजी - રેખા. ક્રોધનું બાકીનું વ્યાખ્યાન માયા આદિ માફક જાણવું. માયાદિ પ્રકરણથી અન્યત્ર ક્રોધને વિચારાયું કેમકે સૂત્રની ગતિ વિચિત્ર છે... બીજું સૂત્ર પણ સુગમ છે.

આ ક્રોધ ભાવવિશેષ જ છે. ભાવ પ્રરૂપણા માટે દૃષ્ટાંતાદિ બે સૂત્ર કહે છે. સૂત્ર પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - જેમાં ખૂંચેલ પગ વગેરે ખેંચી ન શકાય અથવા કષ્ટેથી ખેંચી શકાય તે કર્દમ. દીવાની મેશની જેમ પગ આદિનો લેપકારી તે ખંજન-કર્દમ વિશેષ જ છે.. વાલુકા-રેતી. તે ચોંટે તો પણ પાણી સુકાતા પગમાંથી અલ્પ પ્રયત્ને

દૂર થાય છે. કેમકે અલ્પ લેપકારી છે.. શૈલ એટલે કોમળ પાષાણ, તે પગ આદિને સ્પર્શ વડે જ કિંચિત્ દુઃખ આપે છે. પણ તથાવિધ લેપને ઉત્પન્ન કરતાં નથી.

કર્દમ આદિની પ્રધાનતાવાળા ઉદકો તે કર્દમોદક આદિ કહેવાય છે. ભાવ - જીવનો રાગાદિ પરિણામ, તેનું કર્દમોદક આદિ સાથે સામ્ય, તેના સ્વરૂપાનુસારે કર્મના લેપને અંગીકાર કરીને માનવું.

[૩૩૪] હમણાં ભાવ સ્વરૂપ કહ્યું. હવે ભાવવાળા દૃષ્ટાંતસહિત પુરુષને चत्तारि पक्खी થી લઈને છેવટના સૂત્ર વડે કહે છે, તેનો ભાવસ્પષ્ટ છે. વિશેષ એ કે - શબ્દ અને રૂપ બધા પક્ષીઓને હોય છે, તેથી વિશિષ્ટ શબ્દ અને રૂપ ગ્રહણ કરવા યોગ્ય છે. મનોજ્ઞ શબ્દ વડે સંપન્ન એક પક્ષી છે, પણ મનોજ્ઞરૂપ વડે નહીં - કોકિલની જેમ. રૂપસંપન્ન પણ શબ્દ સંપન્ન નહીં - પોપટવત્. ઉભયસંપન્ન - મોરની જેમ. અનુભય-કાકવત્.

અહીં પુરુષ યથાયોગ્ય યોજવો. મનોજ્ઞ શબ્દ અને પ્રશસ્ત રૂપ - x - સાધુ, સિદ્ધ સિદ્ધાંત પ્રસિદ્ધ શુદ્ધ ધર્મદિશનાદિ સ્વાધ્યાય શબ્દસંપન્ન, લોચ વડે અલ્પ કેશવાળું ઉત્તમાંગ, તપ વડે કૃશકાયા, મેલથી મલિન દેહ, અલ્પ ઉપકરણતા લક્ષણ વડે સુવિહિત સાધુરૂપધારી. - x -

હું પ્રીતિ કરું કે હું વિશ્વાસ કરું એવો પરિણત પ્રીતિ કે વિશ્વાસને કરે છે, કેમકે સ્થિર પરિણામવાળો કે ઉચિત પ્રતિપત્તિ નિપુણ કે સૌભાગ્યવાળો હોય છે. બીજો પ્રીતિ કરવામાં પરિણત છતાં અપ્રીતિ જ કરે છે કેમકે ઉક્તથી વિપરીત હોય છે. ત્રીજો અપ્રીતિ પરિણત છતાં પ્રીતિ જ કરે છે, કેમ કે ઉત્પન્ન થયેલ પૂર્વભાવ નિવૃત્ત થયો હોય છે. પ્રીતિ ઉત્પત્તિનો સ્વભાવ હોય છે. ચોથો પુરુષ તો સુગમ છે.

કોઈ ભોજન, વસ્ત્રાદિ વડે પોતાના આત્માને પ્રીતિ ઉત્પન્ન કરે છે. પણ સ્વાર્થમાં તત્પર હોવાથી બીજાને આનંદ ઉત્પન્ન કરતો નથી. બીજો પરમાર્થ પ્રધાન હોવાથી બીજાને આનંદ આપે છે, પોતાને નહીં. ત્રીજો સ્વાર્થ અને પરમાર્થ તત્પરતાથી બંનેને આનંદ આપે છે, ચોથો બંનેને નહીં.

કોઈ પોતાનો વિશ્વાસ કરે છે, બીજાનો નહીં ઇત્યાદિ ચતુર્ભંગી.

આ પુરુષ મારા ઉપર પ્રીતિ કે વિશ્વાસ કરે છે એવી ખાત્રી કરાવવી.

● **સૂત્ર-૩૩૫,૩૩૬ :-**

***[૩૩૫] ચાર ભેદે વૃક્ષો કહ્યા - પત્રયુક્ત, પુષ્પયુક્ત, ફલયુક્ત, છાયાયુક્ત એ જ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા - પત્રયુક્ત વૃક્ષ સમાન, પુષ્પયુક્તવૃક્ષ સમાન, ફળયુક્ત વૃક્ષસમાન, છાયાવાળા વૃક્ષ સમાન.***

***[૩૩૬] ભારને વહન કરનાર ચાર વિશ્રામો કહ્યા છે - ૧- જ્યારે એક ખભાથી બીજે ખભે ભારને મૂકે તે એક વિશ્રામ, ૨- જ્યારે મળ-મૂત્રનો ત્યાગ કરે ત્યારે તે ભારને મૂકે તે એક વિશ્રામ, ૩- માર્ગમાં નાગકુમાર કે સુવર્ણકુમારના મંદિરમાં રાત્રિએ વસે તે એક વિશ્રામ, ૪- જ્યારે ભાર ઉતારીને યાવજ્જીવ ઘેર આવીને રહે તે એક વિશ્રામ. આ પ્રમાણે શ્રાવકને ચાર વિશ્રામ કહ્યા - ૧- જ્યારે***





***શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકારે ત્યારે એક વિશ્રામ, ૨- જ્યારે સામાયિક, દેશાવગાસિક, સારી રીતે પાળે ત્યારે એક વિશ્રામ, ૩- જ્યારે ચૌદશ-આઠમ-પૂનમ, અમાસ પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાળે ત્યારે એક વિશ્રામ, ૪- જ્યારે અપશ્ચિમ મારણાંતિક સંલેખના આરાધના કરી ભોજનનું પ્રત્યાખ્યાન કરી પાદોપગત અનશન કરી મરણની આકાંક્ષા ન કરતો વિચરે તે એક વિશ્રામ.***

● **વિવેચન-૩૩૫,૩૩૬ :-**

[૩૩૫] પાંદડાને પામે તે પત્રોપગ અર્થાત્ ઘણાં પત્રવાળો. એ રીતે બાકીના પણ જાણવા. એ રીતે લૌકિક અને લોકોત્તર પુરુષોની પત્રવાળાદિ વૃક્ષ સાથે સમાનતા ક્રમશઃ જાણવી. તે આ -૧- અર્થીઓને વિશે તથાવિધ ઉપકાર ન કરવા વડે સ્વ સ્વભાવ લાભમાં જ સમાપ્ત થવાથી, ૨- સૂત્રદાનાદિ ઉપકારક હોવાથી, ૩- અર્થદાનાદિ વડે મહાન્ ઉપકારક હોવાથી, ૪- જ્ઞાનાદિ કાર્યમાં પ્રવર્તાવવું અને દોષથી બચાવવા આદિથી.

[૩૩૬] ધાન્યાદિ ભારને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જનાર પુરુષના વિશ્રામ, અવસરના ભેદથી વિશ્રામ ભેદો છે - ૧- એક ખભેથી બીજા ખભે ભારને ફેરવતા, તે અવસરે તે વહન કરનારને એક વિશ્રામ, ૨- મળ મૂત્રાદિ તજતા, ૩- નાગકુમાર આવાસાદિ કે અન્ય આવાસમાં રાત્રિના વસે ત્યારે, ૪- જ્યાં સુધી આ મનુષ્ય છે. એવા કથન વડે યાવજ્જીવ વસે છે તે. આ દૃષ્ટાંત છે, તેનું દાર્ષ્ટાન્તિક સૂત્ર આ પ્રમાણે—

સાધુની ઉપાસના કરે તે શ્રાવક, તે સાવધ વ્યાપારના ભારથી દબાયેલાને, તેને છોડવા વડે ચિત્ત સ્વાસ્થ્યરૂપ વિશ્રામો છે. પરલોકથી ભય પામેલ મને આ ત્રાણ છે એવા આ વિશ્રામો છે - તે જિનાગમના સંગના સદ્ભાવથી સ્વચ્છ બુદ્ધિ વડે આરંભ-પરિગ્રહને દુઃખ પરંપરાકારી સંસાર કાંતાર કારણભૂત માની ત્યાજ્ય છે એમ જાણી ઇન્દ્રિય સુભટ વશ તે બંનેમાં પ્રવર્તતો મહા ખેદ, સંતાપ અને ભયને વહન કરે છે.

આ રીતે ભાવના ભાવે - હૃદયમાં જિનેશ્વરની આજ્ઞા છતાં અપુણ્ય એવું મારું વર્તન તો આવું છે, વિશેષ શું કહું ? આશ્ચર્ય છે, અમારું જ્ઞાન હણાયું, અમારું માનુષ્ય માહાત્મ્ય હણાયું. વિવેક પ્રાપ્ત છતાં અમે નાના બાળકની જેમ વર્તીએ છીએ.

જે અવસરમાં શીલ કે બ્રહ્મચર્ય વિશેષ, સ્થૂલ પ્રાણાતિપાતાદિ વિરમણ રૂપ વ્રત, શીલ - અણુવ્રત અને સાત શિક્ષાવ્રત [કે જેની વ્યાખ્યા અહીં નથી કરી], ગુણવ્રત-દિગ્વ્રત-ભોગોપભોગ વ્રત લક્ષણ, વિરમણ-અનર્થદંડ વિરતિ પ્રકારે કે રાગાદિની વિરતિ જાણવી. પ્રત્યાખ્યાન-નવકારશી આદિ, પૌષધ-પર્વદિન આઠમ આદિ, આહાર ત્યાગરૂપ ઉપવાસ, તે પૌષધોપવાસને સ્વીકારે તેને એક વિશ્રામ કહ્યો.

જ્યારે સાવધ યોગનો ત્યાગ અને નિરવધયોગના સેવનરૂપ સામાયિકમાં જે વ્યવસ્થિત શ્રાવક તે શ્રમણભૂત થાય છે. તથા દિગ્વ્રત ગૃહિતને દિક્પરિમાણના

વિભાગમાં અવસ્થાન વિષય જે અવકાશ તે દેશાવકાશિક - દિશા પરિમાણનો પ્રતિદિન સંક્ષેપ કરવો કે સર્વ વ્રતનો સંક્ષેપ કરવો, અખંડ આસેવના કરવી, તે બીજો વિશ્રામ કહ્યો. અમાસે અહોરાત્ર યાવત્ આહાર-શરીર સત્કાર ત્યાગ - બ્રહ્મચર્ય - અવ્યાપાર - રૂપ ચાર ભેદે પૌષધ કરે, તે ત્રીજો વિશ્રામ.

જ્યારે પશ્ચિમ જ, પણ અમંગલના પરિહારાર્થે અપશ્ચિમ-છેલ્લી, મરણ જ અંત તે મરણાંત, તેમાં થાય તે મારણાંતિકી, જેના વડે શરીર અને કષાયાદિ કૃશ કરાય તે સંલેખના - તપ વિશેષ, તે અપશ્ચિમ મારણાંતિક સંલેખના, તેનું આસેવન લક્ષણ જે ધર્મ, તે વડે સેવિત કે દેહને શોષનાર તે જોષણા તથા જેણે ભક્ત-પાનનું પ્રત્યાખ્યાન કરેલ છે તે, વૃક્ષની માફક નિશ્ચેષ્ટપણે રહેલ છે, તે પાદપોપગત-અનશનનો સ્વીકાર. काल - મરણ કાળની આકાંક્ષા ન કરતો, તેમાં ઉત્સુક ન થઈને વિચરે છે.

**● સૂત્ર-૩૩૭ થી ૩૪૧ :-**

***[૩૩૭] ચાર ભેદે પુરુષ કહ્યા - (૧) ઉદિતોદિત, (૨) ઉદિતાસ્તમિત, (૩) અસ્તમિતોદિત, (૪) અસ્તમિતાસ્મિત.. (૧) ઉદિતોદિત તે ચાતુરંગ ચક્વર્તી રાજા ભરત, (૨) ઉદિતાસ્તમિત તે ચાતુરંત ચક્વર્તી બ્રહ્મદત્ત, (૩) અસ્તમિતોદિત તે હરિકેશબલ, (૪) અસ્તમિતાસ્તમિત-કાલસૌકરિક.***

***[૩૩૮] ચાર યુગ્મ કહ્યા-કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ. નૈરયિકોને ચાર યુગ્મ કહ્યા - કૃતયુગ્મ યાવત્ કલ્યોજ, એ રીતે અસુર કુમાર યાવત્ સ્તનિતકુમારો તથા પૃથ્વી આદિ પાંચ કાય, બે - ત્રણ - ચાર ઇન્દ્રિયોવાળા, પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષ્કો, વૈમાનિક એ બધાને ચાર યુગ્મો કહેવા.***

***[૩૩૯] ચાર ભેદે શૂરો છે - ક્ષમાશૂર, તપશૂર, દાનશૂર, યુદ્ધશૂર. અરિહંતો ક્ષમાશૂર, સાધુ તપશૂર, વૈશ્રમણ દાનશૂર, વાસુદેવ યુદ્ધશૂર છે.***

***[૩૪૦] ચાર ભેદે પુરુષો છે - -૧- ઉચ્ચ અને ઉચ્ચછંદ, -૨- ઉચ્ચ પણ નીચછંદ, -૩- નીચ પણ ઉચ્ચછંદ, -૪- નીચ અને નીચછંદ.***

***[૩૪૧] અસુરકુમારોને ચાર લેશ્યાઓ કહી છે :- કૃષ્ણ-નીલ-કાપોત-તેજોલેશ્યા, એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, એ રીતે પૃથ્વી-અપ્ અને વનસ્પતિકાયિકો તથા વ્યંતરો, એ બધાંને ચાર લેશ્યાઓ છે.***

**● વિવેચન-૩૩૭ થી ૩૪૧ :-**

[૩૩૭] ઉન્નત્ત કુલ, બલ, સમૃદ્ધિ, નિરવધ કાર્યો વડે ઉદિત-અભ્યુદયવાળો અને પરમ સુખના સમૂહના ઉદય વડે ઉદિત - તે ઉદિતોદિત જેમ ભરતચક્રી. તથા ઉદિત અને પછી અસ્ત પામેલ-સૂર્યની જેમ, કેમકે સર્વ સમૃદ્ધિ વડે ભ્રષ્ટ થવાથી અને દુર્ગતિમાં જવાથી ઉદિત-અસ્તમિત, બ્રહ્મદત્ત ચક્વર્તી માફક. તે પહેલા ઉન્નત કુલાદિમાં ઉત્પન્ન થયો, સ્વભુજા વડે સામ્રાજ્ય ઉપાર્જિત કર્યુ. પછી ખાસ કારણ વિના ક્રોધિત બ્રાહ્મણદ્વારા પ્રેરિત ગોવાળે છોડેલ ગોળીથી ફૂટેલ આંખ વડે અને મરણ પછી



અપ્રતિષ્ઠાન નરકની વેદના પામ્યો.

હીન કુલોત્પત્તિ, દુર્ભાગ્ય, દારિદ્ર વડે પ્રથમ અસ્તમિત અને પછી સમૃદ્ધિ, કીર્તિ, સદ્ગતિની પ્રાપ્તિથી હરિકેશ નામક ચાંડાલ, કુલપણાથી, દુર્ભાગ્ય, દારિદ્રથી પહેલા અસ્ત પામેલ, પછીથી દીક્ષિત થઈ નિશ્ચલચારિત્ર. તથા અસ્ત પામેલ સૂર્યની જેમ નીચ કુળપણું, દુષ્ટકર્મકારીતાથી, કીર્તિસમૃદ્ધિ લક્ષણ તેજથી વર્જિત અને પછીથી દુર્ગતિમાં જવાથી અસ્ત પામેલ, તે અસ્તમિત-અસ્તમિત - જેમ કાલ સૌકરિક, સૂકર - શિકારને કરતો માટે સૌકરિક. દુષ્કુલોત્પન્ન અને રોજ ૫૦૦ પાડા મારનાર, પહેલા અસ્તમિત અને પછીથી પણ સાતમી નરકભૂમિમાં જવાથી અસ્તમિત.

[૩૩૮] જે જીવો આમ વિચિત્ર ભાવોથી ચિંતવાય છે, તે બધા ચાર રાશિઓમાં અવતરે છે, તે દર્શાવે છે जुम्म - રાશિ વિશેષ. જે રાશિને ચારની સંખ્યા વડે ભાંગતા શેષ ચાર રહે તે કૃતયુગ્મ કહેવાય. જે રાશિમાં ત્રણ શેષ રહે તે ત્ર્યોજ, બે શેષ રહે તો દ્વાપરયુગ્મ, એક રહે તો કલ્યોજ.

અહીં ગણિતની પરિભાષામાં સમરાશિ યુગ્મ અને વિષમરાશિ તે ઓજ કહેવાય છે. આ જૈન સિદ્ધાંતની સ્થિતિ છે. લોકમાં તો કલિયુગમાં ૪,૩૨,૦૦૦ વર્ષ, દ્વાપરયુગ આદિમાં બે-ત્રણ-ચાર ગણાં વર્ષ થાય છે. આ રાશિયોનું નારકાદિને વિશે પણ નિરૂપણ કરે છે. નારકાદિમાં ચાર પ્રકારની રાશિવાળા પણ હોય છે કેમકે જન્મ-મરણ વડે હીનાધિકત્વ સંભવ છે.

[૩૩૯] વળી જીવોને જ ભાવો વડે કહે છે - "ચાર ભેદે શૂર" આદિ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે શૂર - વીર પુરુષો. ક્ષમામાં શૂર - અરિહંત મહાવીરની માફક, તપમાં શૂર - દૃઢપ્રહારી મુનિ માફક, દાનમાં શૂર - વૈશ્રમણ કુબેર માફક, તે તીર્થંકરના જન્મ, પારણા આદિ સમયે રત્નાદિની વૃષ્ટિ કરે છે. કહ્યું છે - વૈશ્રમણના વચની પ્રેરાયેલ તિર્યક્ જૃંભક દેવો ક્રોડોગમે સુવર્ણ અને રત્નો તીર્થંકર ગૃહે લઈ જાય છે. યુદ્ધમાં શૂર વાસુદેવ-કૃષ્ણવત્ - x -

[૩૪૦] શરીર, કુળ, વૈભવાદિ વડે ઉચ્ચ પુરુષ તથા ઔદાર્યાદિ ગુણ યુક્ત હોવાથી ઉચ્ચ અભિપ્રાયવાળો તે ઉચ્ચછંદ, તેથી વિપરીત તે નીચછંદ, નીચ પણ ઉચ્ચ કુલાદિથી વિપરીત છે.

[૩૪૧] ઉચ્ચ-નીચ અભિપ્રાય કહ્યો, તે લેશ્યા વિશેષથી થાય છે, માટે લેશ્યા સૂત્રો કહેલ છે, તે સુગમ છે, વિશેષ એ કે - અસુરાદિને દ્રવ્યાશ્રયથી ચાર લેશ્યાઓ હોય છે, ભાવથી બધાં દેવોને છ લેશ્યા હોય છે. મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચોને દ્રવ્ય અને ભાવથી પણ છ લેશ્યા છે. પૃથ્વી-અપ્ અને વનસ્પતિના જીવોને તેજોલેશ્યા હોય છે, કેમકે તેઓમાં દેવોની ઉત્પત્તિ થતી હોવાથી તે જીવોને ચાર લેશ્યા હોય છે. - - કહેલ લેશ્યા વિશેષથી મનુષ્યો વિચિત્ર પરિણામવાળો થાય માટે વાહનાદિ દૃષ્ટાંતરૂપ ચતુર્ભંગી કહે છે—

**● સૂત્ર-૩૪૨ :-**

***યાન ચાર ભેદે છે - કોઈ યુક્ત અને યુક્ત, કોઈ યુક્ત અને અયુક્ત,***

કોઈ અયુક્ત અને યુક્ત, કોઈ અયયુક્ત અને અયુક્ત.. આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે - કોઈ યુક્ત અને યુક્ત ઇત્યાદિ ચાર.

યાન ચાર ભેદે છે - યુક્ત અને યુક્ત પરિણત, યુક્ત અને અયુક્ત પરિણત આદિ ચાર. એ રીતે ચાર ભેદે પુરુષ છે - યુક્ત, યુક્તપરિણત.

યાન ચાર ભેદે છે - યુક્ત અને યુક્તરૂપ, યુક્ત અને અયુક્તરૂપ, અયુક્ત અને યુક્તરૂપ, અયુક્ત અને અયુક્તરૂપ, એ રીતે પુરુષો પણ ચાર ભેદે જાણવા - યુક્ત અને યુક્તરૂપ ઇત્યાદિ.

ચાર ભેદે યાન કહ્યા - યુક્ત અને યુક્ત શોભા આદિ ચાર. આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે - યુક્ત અને યુક્ત શોભાદિ ચાર.

ચાર ભેદે યુગ્ય કહ્યા છે - યુક્ત અને યુક્ત, એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા છે - યુક્ત અને યુક્ત આદિ ચાર... આ રીતે જેવા યાનના ચાર આલાવા કહ્યા તેમ યુગ્યના પણ કહેવા. તે રીતે ચાર ભેદે પુરુષો પણ કહેવા.

સારથી ચાર ભેદે છે - જોડનાર પણ છોડનાર નહીં, છોડનાર પણ જોડનાર નહીં, જોડનાર અને છોડનાર, ન જોડનાર - ન છોડનાર.

ચાર પ્રકારે ઘોડા કહ્યા - યુક્ત અને યુક્ત, યુક્ત અને અયુક્તાદિ ચાર. આ પ્રમાણે ચાર ભેદે પુરુષો કહ્યા - યુક્ત અને યુક્ત, - એ રીતે યુક્ત પરિણત, યુક્તરૂપ, યુક્તશોભા તે બધાંના દાર્ષ્ટાન્તિક ચાર પુરુષો કહેવા.

ચાર ભેદે હાથી કહ્યા - યુક્ત અને યુક્ત, આદિ ચાર. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો કહ્યા - યુક્ત અને યુક્ત આદિ ચાર. ઘોડામાં કહ્યું તેમ હાથીમાં પણ બધું કહેવું અને તે બધાંના દાર્ષ્ટાન્તિક પુરુષો પણ કહેવા.

યુગ્યચર્યા ચાર ભેદે છે - ૧- માર્ગમાં ચાલે પણ ઉન્માર્ગમાં ન ચાલે, ૨- ઉન્માર્ગમાં ચાલે પણ માર્ગે ન ચાલે, ૩- માર્ગ અને ઉન્માર્ગ બંનેમાં ચાલે, ૪- માર્ગ કે ઉન્માર્ગ બંનેમાં ન ચાલે... એ પ્રમાણે પુરુષો ચાર પ્રકારે જાણવા.

પુષ્પો ચાર ભેદે કહ્યા - ૧- રૂપસંપન્ન પણ ગંધ સંપન્ન નહીં, ૨- ગંધ સંપન્ન પણ રૂપ સંપન્ન નહીં, ૩- રૂપ અને ગંધ બંનેથી સંપન્ન, ૪- રૂપ કે ગંધ એકેથી સંપન્ન નહીં... આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા - ૧- રૂપ સંપન્ન પણ શીલ સંપન્ન નહીં, ઇત્યાદિ- ચાર... ચાર ભેદે પુરુષો કહ્યા -૧- જાતિસંપન્ન પણ કુલ સંપન્ન નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષો કહ્યા -૧- જાતિ સંપન્ન પણ બલ સંપન્ન નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષો કહ્યા -૧- જાતિ સંપન્ન પણ બલ સંપન્ન નહીં આદિ ચાર... એ પ્રમાણે - જાતિ અને રૂપ.. જાતિ અને શ્રુત.. જાતિ અને શીલ.. જાતિ અને ચારિત્ર... એ પ્રમાણે કુલ અને બળ.. કુલ અને રૂપ.. કુલ અને શ્રુત.. કુલ અને શીલ.. કુલ અને ચારિત્ર.

એ બધાંના ચાર-ચાર આલાપકો કહેવા.

ચાર ભેદે પુરુષો કહ્યા -૧- બલસંપન્ન પણ રૂપસંપન્ન નહીં, આદિ ચાર.. એ રીતે બળ અને શ્રુત.. બલ અને શીલ.. બલ અને ચારિત્રના ચાર આલાવા



કહેવા... ચાર ભેદે પુરુષો કહ્યા - ૧- રૂપ સંપન્ન પણ શ્રુત સંપન્ન નહીં આદિ ચાર... એ રીતે રૂપ અને શીલ.. રૂપ અને ચારિત્રના ચાર આલાવા... ચાર ભેદે પુરુષો કહ્યા -૧- શ્રુત સંપન્ન પણ શીલ સંપન્ન નહીં આદિ -૪-.. એ રીતે શ્રુત અને ચારિત્રના ચાર આલાવા.

ચાર ભેદે પુરુષો કહ્યા - શીલ સંપન્ન પણ ચારિત્ર સંપન્ન નહીં આદિ ચાર. આ એકવીસ ભેદોની ચઉભંગી કહેવી.

ચાર ફળ કહ્યા - ૧- આમલક જેવું મધુર, દ્રાક્ષ જેવું મધુર, દૂધ જેવું મધુર, ખાંડ જેવું મધુર... એમ આચાર્યો ચાર ભેદે - આમલક મધુર ફળ સમાન યાવત્ ખંડમધુર ફળ સમાન... ચાર ભેદે પુરુષ કહ્યા -૧- આત્મ વૈયાવચ્ચકર પણ પરવૈયાવચ્ચકર નહીં આદિ ચાર... પુરુષો ચાર ભેદે કહ્યા -૧- કોઈ વૈયાવચ્ચ કરે પણ પોતે ન ઇચ્છે, ૨- કોઈ પોતે ઇચ્છે પણ વૈયાવચ્ચ ન કરે આદિ ચાર... ચાર ભેદે પુરુષો કહ્યા - અર્થકર પણ માનકર નહીં, માનકર પણ અર્થકર નહીં, કોઈ અર્થકર અને માનકર બંને, કોઈ બંને નહીં.

ચાર ભેદે પુરુષ કહ્યા - ગણઅર્થકર પણ માનકર નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષ કહ્યા - ગણસંગ્રહકર પણ માનકર નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષ કહ્યા - ગણશોભાકર પણ માનકર નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષ કહ્યા - ગણશુદ્ધિકર પણ માનકર નહીં આદિ ચાર ભંગ જાણવા.

ચાર ભેદે પુરુષ કહ્યા - કોઈ વેશ છોડે છે ધર્મ નહીં, કોઈ ધર્મ છોડે છે વેશ નહીં, કોઈ વેશ અને ધર્મ બંને છોડે છે, કોઈ વેશ કે ધર્મ એકે છોડતા નથી... ચાર ભેદે પુરુષ કહ્યા - કોઈ ધર્મ છોડે છે ગણ મર્યાદા નહીં આદિ ચાર... ચાર ભેદે પુરુષ કહ્યા - પ્રિયધર્મી પણ દૃઢધર્મી નહીં, આદિ ચાર ભેદ.

આચાર્યો ચાર ભેદે કહ્યા - પ્રવ્રજ્યાચાર્ય પણ ઉપસ્થાનાચાર્ય નહીં, ઉપસ્થાપનાચાર્ય પણ પ્રવ્રજ્યાચાર્ય નહીં, બંને હોય, બંને ન હોય.

આચાર્યો ચાર ભેદે કહ્યા - ઉદ્દેશનાચાર્ય પણ વાચનાચાર્ય નહીં -૪-

અંતેવાસી ચાર કહ્યા - પ્રવ્રાજનાંતેવાસી પણ ઉપસ્થાપનાંતેવાસી નહીં આદિ ચાર... અંતેવાસી ચાર ભેદે કહ્યા - ઉદ્દેસનાંતેવાસી પણ વાચના અંતેવાસી નહીં આદિ ચાર... ચાર નિર્ગ્રન્થો કહ્યા -૧- રાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ, મહાકર્મી, મહા ક્રિયાવાળો, અનાતાપી, અસમિત, તે ધર્મ આરાધક ન થાય. -૨- રાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ, અલ્પકર્મી, અલ્પક્રિયાવાળો, આતાપી, સમિત, તે ધર્મના આરાધક થાય. -૩- લઘુરાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ મહાકર્મી, મહા ક્રિયાવાળો, અનાતાપી, અસમિત, ધર્મના આરાધક ન થાય. -૪- લઘુરાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ અલ્પકર્મી, અલ્પક્રિયાવાળો, આતાપી, સમિત, ધર્મના આરાધક થાય છે...

નિર્ગ્રન્થી ચાર ભેદે છે - રાત્નિકાશ્રમણી નિર્ગ્રન્થી પણ શ્રમણવત્ કહેવી... શ્રાવકો ચાર ભેદે છે - રાત્નિક શ્રાવક આદિ શ્રમણવત્. શ્રાવિકા ચાર ભેદે છે - રાત્નિકા શ્રાવિકા આદિ શ્રમણવત્ ચાર ગમ.

● **વિવેચન-૩૪૨ :-**

સૂત્ર સરળ છે. વિશેષ આ - યાન - ગાડા આદિ, તે બળદ આદિથી યુક્ત, વળી સમગ્ર સામગ્રી સહિત અથવા પૂર્વાપર કાલ અપેક્ષાએ જોડેલું. બીજું બળદથી જોડેલ પણ સામગ્રીથી નહીં, એ રીતે... પુરુષ પણ ધનાદિ વડે યુક્ત અને ઉચિત અનુષ્ઠાનથી યુક્ત અથવા પહેલા પણ ધન અને ધર્માનુષ્ઠાનાદિથી યુક્ત અને પછી પણ યુક્ત, તે રીતે ચતુર્ભંગી.

અથવા દ્રવ્યલિંગથી યુક્ત અને ભાવલિંગથી યુક્ત તે પ્રથમ સાધુ, દ્રવ્યલિંગથી યુક્ત ભાવથી નહીં તે નિહ્નવાદિ, દ્રવ્યલિંગથી નહીં પણ ભાવલિંગે યુક્ત તે પ્રત્યેક બુદ્ધાદિ, ઉભયવિયુક્ત તે ગૃહસ્થાદિ.

બળદ વડે યુક્ત અને યુક્ત પરિણત સામગ્રી વડે પ્રથમ રહિત થઈ યુક્તપણે પરિણત પુરુષ પૂર્વવત્ જાણવો.. યુક્તરૂપ - સંગત સ્વભાવી કે પ્રશસ્ત યુક્ત તે યુક્તરૂપ, પુરુષ પક્ષે ધનાદિ અથવા જ્ઞાનાદિથી યુક્ત અને યુક્તરૂપ તે ઉચિત વેષ.. યુક્ત પૂર્વવત્ અને શોભે છે કે જેની શોભા છે તે યુક્ત શોભા, પુરુષ તો ગુણ વડે યુક્ત અને જેની શોભા ઉચિત છે તે યુક્ત શોભ.

યુગ્ય - અશ્વાદિ વાહન અથવા ગૌડદેશમાં ચોરસ બે હાથ પ્રમાણ અને વેદિકા સહિત તે યુગ્યક કહેવાય છે, તે વડે યુક્ત બેસવાની સામગ્રી વડે - પલાણસહિત, વળી વેગાદિથી યુક્ત, એ રીતે યાનની જેમ વ્યાખ્યા કરવી. પ્રતિપક્ષ - દાર્ષ્ટાન્તિક તેમજ જાણવું. તે કોણ ? - પુરુષના પ્રકારો પરિણત, રૂપ અને શોભા સૂત્રો વડે પ્રતિપક્ષસહ ચૌભંગી કહેવી. તે શોભા સૂત્રની ચતુર્ભંગી પર્યન્ત કહેવું - x -.

સારથિ - ખેડનાર, ગાડામાં બળદાદિને જોડનાર પણ છોડનાર નહીં - x - એમ શેષ ભંગ પણ જાણવા. વિશેષ એ કે ચોથો ખેડે છે. અથવા ગાડા આદિને જોતરવાની તૈયારી કરનાર પ્રત્યે જોડાવનાર તે યોત્કાપયિતા અને છોડનારાને જે પ્રેરણા કરનાર તે વિયોત્કાપયિતા. લોકોત્તર પુરુષ વિવક્ષામાં સારથી માફક સંયમ યોગમાં સાધુને પ્રવર્તાવનાર તે યોજયિતા, અનુચિતથી અટકાવનાર તે વિયોજયિતા.

યાન સૂત્ર માફક ઘોડા, હાથીના સૂત્રો જાણવા... અશ્વાદિનું વહન અર્થાત્ ગમન - x - એક યુગ્ય માર્ગમાં જનાર હોય છે, ઉન્માર્ગમાં નહીં આદિ ચૌભંગી. અહીં વાહનની ગતિ વડે જ નિર્દેશમાં ચતુર્વિધપણે કહેલ હોવાથી તેની ચર્ચાને ઉદ્દેશ વડે યુક્ત ચાતુર્વિધમ જાણવું. ભાવયુગ્ય પક્ષે યુગ્ય - સંયમ યોગનો ભાર વહન કરનાર સાધુ. માર્ગમાં જનાર તે અપ્રમત્ત મુનિ, ઉન્માર્ગે જનાર તે દ્રવ્યલિંગી, બંનેમાં જનાર તે પ્રમત્ત અને ચોથા ભંગે સિદ્ધ છે. ક્રમશઃ સત્ - અસત્ - ઉભય - અનુભય અનુષ્ઠાનવાળા હોવાથી અથવા પથ-ઉત્પથનું સ્વસમય-પરસમય હોવાથી અને યાયિ શબ્દનો ગતિરૂપ અર્થ વડે બોધ પર્યાયથી - x - ચતુર્ભંગી છે.

એક પુષ્પ રૂપવાન્ કે સુંદર આકાર યુક્ત છે, ગંધ સંપન્ન નથી - આવળના ફૂલની જેમ, બીજું બકુલ જેવું, ત્રીજું જાઈ જેવું, ચોથું બોરડીના પુષ્પ જેવું.. પુરુષ રૂપાળો કે સુવિહિતરૂપ યુક્ત, જાતિ, કુલ, બળ, રૂપ, શ્રુત, શીલ, ચારિત્ર એ સાત



પદ સાથે દ્વિકસંયોગી એકવીશ ચૌભંગી કરવી સુગમ છે.

આમળા જેમ મધુર કે આમળો જ મધુર તે આમલકમધુર. મુદ્દિય - દ્રાક્ષ, તેની જેમ કે તે જ મધુર તે મૃદ્વીકામધુર, એ રીતે ક્ષીરવત્, ખંડવત્. આ ક્રમથી થોડું - બહુ - બહુતર - બહુતમ મધુર છે. જે આચાર્યો થોડા - બહુ - બહુતર - બહુતમ ઉપશમાદિ ગુણરૂપ મધુરતાવાળા છે, તેનું સામ્ય કહ્યું.

પોતાની વૈયાવચ્ચ કરનાર તે આળસુ કે વિસંભોગી સાધુ, અન્યની વૈયાવચ્ચ કરનાર તે સ્વાર્થનિરપેક્ષ, સ્વ-પર વૈયાવચ્ચી તે સ્થવિરકલ્પી, બંને પ્રકારથી નિવૃત્ત તે અનશનાદિ સ્વીકારેલ મુનિ... નિસ્પૃહ હોવાથી વૈયાવચ્ચ કરે જ છે, આચાર્ય કે ગ્લાનપણાને લઈને વૈયાવચ્ચ ઇચ્છે જ છે, કરે છે અને ઇચ્છે પણ છે તે સ્થવિર વિશેષ, બંનેથી નિવૃત્ત - જિનકલ્પી.

અટ્ઠકર - દિગ્યાત્રાદિને વિશે રાજાદિને હિતાહિત પ્રાપ્તિ-પરિહારના અર્થને તથાવિધ ઉપદેશથી જે કરે તે અર્થકર-મંત્રી કે નૈમિત્તિક, તેઓ અર્થકર છે પણ માન કરતા નથી. ''હું વણપૂછ્યે કેમ કહું ?'' એમ માન કરતા નથી એ પ્રથમ, બીજા ત્રણ ભાંગા સુગમ હોવાથી જાણી લેવા. અહીં વ્યવહાર ભાષ્યની ગાથા છે - યાત્રાવિષયમાં રાજાએ પૂછેલ હોય કે ન પૂછેલ હોય તો પણ શુભાશુભને કહે, ત્રીજો ભંગ પૂછતા કહે, બીજો-ચોથો નિષ્ફળ છે.

ગણ-સાધુ સમુદાયના કાર્યો કરે, તે ગણાર્થકર-આહારાદિથી સહાય કરે પણ પ્રાર્થનાની અપેક્ષાવાળો ન હોવાથી માન ન કરે. આ રીતે બીજા ત્રણ ભંગ પણ જાણી લેવા. કહ્યું છે કે - આહાર, ઉપધિ, શય્યાદિથી ગચ્છને મદદ કરે છે પણ માન ન કરે, બીજો મદદ ન કરે પણ માન કરે, ત્રીજો બંને કરે, ચોથો બંને ન કરે. અથવા હું ગચ્છનો કાર્ય કરનાર છું એમ માન ન કરે.

હમણાં જ ગચ્છનું કાર્ય કહ્યું તે સંગ્રહ. આહારાદિ અને જ્ઞાનાદિ વડે ગચ્છ સંબંધી સંગ્રહ કરે તે ગણસંગ્રહકર. શેષ પૂર્વવત્. કહ્યું છે - ગચ્છને માટે સંગ્રહ દ્રવ્ય અને ભાવથી બે ભેદે. તેમાં દ્રવ્યથી આહારાદિ અને ભાવથી જ્ઞાનાદિ. - x - પણ માન કરતો નથી.

ગચ્છને નિર્દોષ સાધુસામાચારીમાં પ્રવર્તાવીને અથવા વાદી, ધર્મકથી, નૈમિત્તિક, વિદ્યા અને સિદ્ધાદિપણાથી ગચ્છની શોભા કરવાના શીલવાળો તે ગણ શોભાકર છે પણ માનકર નથી, કેમકે પ્રાર્થનાનો અભિલાષી નથી, અથવા મદનો અભાવ છે...ગણને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધિ કરે તે ગણશોધિકર અથવા આહારાદિને વિશે દોષની શંકા થતાં ગૃહસ્થ કુળમાં જઈને જે આહારની શુદ્ધિ કરે તે પ્રથમપુરુષ, જે માનથી શુદ્ધિ માટે જતો નથી તે દ્વિતીય, ગૃહસ્થની પ્રાર્થનાથી જે જાય તે તૃતીય અને જે પ્રાર્થનાને ઇચ્છતો નથી અને જતો નથી તે ચતુર્થ.

રૂપ-સાધુવેશ, તેને કારણવશ છોડે પણ ચારિત્રલક્ષણ ધર્મને ન છોડે તે - બોટિકમતમાં રહેલ મુનિવત્, બીજા ધર્મને છોડે પણ વેશને નહીં તે નિહ્નવ જેવો, ત્રીજો બંનેને છોડે-દીક્ષા છોડનાર, બંનેને ન છોડે-સુસાધુવત્... કોઈ જિનાજ્ઞારૂપ

ધર્મને છોડે પણ સ્વગચ્છકૃત મર્યાદા ન છોડે, કેટલાંક આચાર્યો તીર્થંકરના ઉપદેશ વિના ગચ્છ વ્યવસ્થા આ રીતે કરે છે - જેમકે અતિશયવાળું મહાકલ્પાદિ શ્રુત અન્ય ગચ્છવાળાને ન આપવું. આમ કરવાથી તે જિનાજ્ઞાપાલનરૂપ ધર્મને છોડે છે પણ ગચ્છમર્યાદા છોડતો નથી કેમકે સર્વ યોગ્ય મુનિને શ્રુત આપવું તે જિનની આજ્ઞા છે. આ પહેલો પુરુષ. જે યોગ્યને શ્રુત આપે છે તે બીજો, જે અયોગ્યને આપે છે તે ત્રીજો અને શ્રુતનો નાશ ન થાય તે માટે શ્રુત રક્ષામાં સમર્થ અન્ય ગચ્છના શિષ્યને પોતાના ગચ્છની ક્રિયા કરીને શ્રુત આપે છે તે ધર્મ અને ગચ્છમર્યાદાને છોડતો નથી તે ચતુર્થ.

કહ્યું છે કે - સ્વયમેવ દિગ્બંધ કરીને અન્ય ગચ્છવાળાને જે શ્રુત આપે છે, તે ઉભયને ધારણ કરતો હોવાથી અમે તેને પૂજીએ છીએ.

ધર્મમાં પ્રીતિ અને સુખ વડે સ્વીકૃતિ હોવાથી જેને ધર્મપ્રિય છે તે પ્રિયધર્મી છે પણ દૃઢધર્મી નથી, આપત્તિમાં પણ ધર્મના પરિણામથી જે ચલિત ન થાય - ક્ષોભ ન પામે તે દૃઢધર્મી. કહ્યું છે - દશવિધ વૈયાવચ્ચમાં કોઈ એકમાં જલ્દી ઉધમ કરે, પણ દૃઢધર્મી ન હોવાથી ધૈર્ય અને વીર્ય - વડે કૃશ હોવાથી પરિપૂર્ણ નિર્વાહ ન કરી શકે, એ પ્રથમ ભંગ.

બીજો દૃઢધર્મી છે - અંગીકૃત કાર્યનું પાલન કરે છે, પણ પ્રિયધર્મી નથી, કેમકે કષ્ટ વડે ધર્મને સ્વીકારતો નથી. શેષ ભંગ સુગમ છે. કહ્યું છે - મહા કષ્ટે ધર્મ ગ્રહણ કરે છે, પણ ગ્રહણ કરેલાને બરોબર પાળે છે તે બીજો, ત્રીજો ઉભયપ્રકારે કલ્યાણરૂપ છે, ચોથો ઉભયથી પ્રતિકૂળ છે.

આચાર્ય સૂત્રના ચોથા ભંગ વડે - જે દીક્ષા અને ઉત્થાપના આચાર્ય નથી તે કોણ ? તે કહે છે. ધર્માચાર્ય - પ્રતિબોધક. કહ્યું છે - જેને ધર્મનો ઉપદેશ કર્યો છે, તે ગૃહસ્થ કે શ્રમણ ધર્મગુરુ છે. કોઈક ત્રણ ભેદે કહે છે - ધર્માચાર્ય, દીક્ષાચાર્ય, ઉપસ્થાપનાચાર્ય. કોઈ બે ભેદે, કોઈ એક ભેદે હોય.

ઉદ્દેશન - અંગાદિ સૂત્ર ભણાવવામાં અધિકારી કરવો, તેમાં કે તેના વડે જે આચાર્ય તે ઉદ્દેશનાચાર્ય. ઉભયશૂન્ય કોણ ? તે કહે છે - ધર્માચાર્ય.

અંતેવાસી - ગુરુ સમીપે વસવાના શીલવાળો - શિષ્ય. દીક્ષા વડે અંતેવાસી તે પ્રવ્રાજનાંતેવાસી - દીક્ષિત અને મહાવ્રતારોપણથી ઉપસ્થાપના અંતેવાસી - શિષ્ય. ચોથાભંગવાળો કોણ ? ધર્મના પ્રતિબોધથી કે ધર્મની ઇચ્છાથી આવેલ શિષ્ય તે ધર્માન્તેવાસી.. જે ઉદ્દેશનાંતેવાસી કે વાચના અંતેવાસી નથી તે ચોથા ભંગવાળો કોણ ? - ધર્માન્તેવાસી.

બાહ્ય - અભ્યંતર પરિગ્રહથી મુક્ત તે નિર્ગ્રન્થ - સાધુઓ. ભાવથી જ્ઞાનાદિ રત્નો વડે વિચરે તે રાત્નિક - પર્યાય જ્યેષ્ઠ. શ્રમણ તે નિર્ગ્રન્થ. સ્થિતિ આદિથી મહાન્ અને તથાવિધ પ્રમાદાદિ વડે પ્રગટ જણાતાં કર્મો જેને છે તે મહાકર્મી કર્મબંધનના હેતુભૂત કાયિકયાદિ મહાક્રિયા જેને છે, તે મહા ક્રિયાવાળો. શીતાદિ સહન કરવા રૂપ આતાપના જે નથી કરતો તે અનાતાપી કેમકે તે મંદશ્રદ્ધાવાળો છે. તેથી સમિતિ



વડે અસમિત, આવા પ્રકારનો સાધુ ધર્મનો આરાધક થતો નથી. બીજો પર્યાય જ્યેષ્ઠ, અલ્પકર્મા, અલ્પક્રિય હોવાથી ધર્મનો આરાધક થાય છે. અવમરાત્નિક તે લઘુપર્યાયવાળો રાત્નિક. આ રીતે નિર્ગ્રન્થી, શ્રમણોપાસક, શ્રમણોપાસિકા સંબંધી ત્રણે સૂત્રોમાં ચાર-ચાર આલાવા થાય છે.

● **સૂત્ર-૩૪૩ થી ૩૪૫ :-**

***[૩૪૩] ચાર પ્રકારે શ્રાવકો કહ્યા - માતાપિતા સમાન, ભાઈ સમાન, મિત્ર સમાન, શોક સમાન... ચાર ભેદે શ્રાવકો કહ્યા - અરીસા સમાન, પતાકા સમાન, સ્થાણુ સમાન અને ખરકંટક સમાન.***

***[૩૪૪] શ્રમણ ભગવંત મહાવીરના [દશ] શ્રાવકોની સૌધર્મકલ્પમાં અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે.***

***[૩૪૫] ચાર કારણે દેવલોકમાં તુરંતનો ઉત્પન્ન દેવ મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને ઇચ્છે તો પણ આવી ન શકે -૧- દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત થયેલો તે દેવ માનુષ્ય કામભોગોમાં આદરવાળો થતો નથી, શ્રેષ્ઠ માનતો નથી, પ્રયોજન નથી એવો નિશ્ચય કરે છે, નિદાન કરતો નથી, સ્થિતિ પ્રકલ્પ કરતો નથી.. -૨- તુરંતનો ઉત્પન્ન દેવ દેવલોકના કામભોગોમાં મૂર્છિત યાવત્ આસક્ત થઈને તેને માતાપિતાનો પ્રેમ નષ્ટ થાય છે અને દિવ્ય પ્રેમનો સંક્રમ થાય છે.. -૩- દેવલોકમાં તુરંતનો ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગોમાં મૂર્છિત યાવત્ આસક્ત થઈ એમ વિચારે કે હમણાં જઉં, મુહૂર્તમાં જઉં, તેટલા કાળમાં અલ્પાયુષ્ક મનુષ્યો મરણ પામ્યા હોય છે.. -૪- તુરંતનો ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગોમાં મૂર્છિત યાવત્ આસક્ત થાય, તેને મનુષ્ય લોકની ગંધ પ્રતિકૂળ, પ્રતિલોમ થાય છે, મનુષ્યલોકની ગંધ પણ યાવત્ ૪૦૦-૫૦૦ યોજન પર્યન્ત આવે છે... આ ચાર કારણે તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઇચ્છે તો પણ ન આવી શકે.***

***ચાર કારણે તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્ય લોકમાં શીઘ્ર આવવા ઇચ્છે તો શીઘ્ર આવી શકે છે -૧- તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં અમૂર્છિત યાવત્ અનાસક્ત હોય, તેને એમ થાય કે - મનુષ્યભવને વિશે મારા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર કે ગણાવચ્છેદક છે, જેના પ્રભાવથી મેં આવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ મેળવી છે, પ્રાપ્ત કરી છે, સન્મુખ આવી છે, હું ત્યાં જઉં, તે ભગવંતને વંદન કરું યાવત્ પર્યુપાસના કરું.. -૨- તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકમાં યાવત્ આસક્ત ન થઈને એમ વિચારે કે - આ મનુષ્યભવમાં વર્તતા જ્ઞાની કે તપસ્વી કે અતિ દુષ્કરકારક છે, ત્યાં જઈને હું તે ભગવંતોને વાંદુ યાવત્ પર્યુપાસના કરું.. -૩- તત્કાળ ઉત્પન્ન ભવના માતા યાવત્ પુત્રવધૂ છે ત્યાં જઉં, તેમની પાસે પ્રગટ થાઉં, તેમને આવા સ્વરૂપની આ દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ મેળવી છે - પામ્યો છું - અભિમુખ થઈ છે તે બતાવું.. -૪- તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકમાં યાવત્ અનાસક્ત થઈને એમ વિચારે કે***

***મનુષ્યભવના મારા મિત્ર, સખા, સુહૃત, સહાયક, સાંગતિક છે, તેઓને મારે પરસ્પર સંકેત છે કે જો હું પહેલા ચ્યવું તો મારે પ્રતિબોધ કરવો. આ ચાર કારણે યાવત્ જલ્દી આવવા સમર્થ થાય.***

**● વિવેચન-૩૪૩ થી ૩૪૫ :-**

[૩૪૩-૩૪૪] માતા પિતા સમાન, ઉપચાર વિના સાધુ માટે એકાંત વત્સલભાવ-વાળા હોય છે.. ભાઈ સમાન-તત્વ વિચારાદિમાં નિષ્ઠુર વચનથી અપ્રીતિને લીધે અલ્પતર પ્રેમ હોય પણ તથાવિધ પ્રયોજનમાં અતિ વત્સલ ભાવ હોય.. મિત્ર સમાન-ઉપચારસહિત વચન વડે પ્રીતિની ક્ષતિ થતાં આપદામાં પણ ઉપેક્ષા કરનાર હોવાથી.. જે બંનેનો સમાન પતિ હોવાથી સપત્ની, જેમ તે શોક્યપત્ની ઈર્ષ્યાવશ તેના છિદ્રોને જુએ, તેમ જે સાધુમાં દૂષણ જોવામાં તત્પર અને અનુપકારી હોવાથી સપત્ની સમાન.

अद्दाग - અરીસો, તેના સમાન, જે વર્ણવાતા ઉત્સર્ગ - અપવાદાદિ આગમોના ભાવોને યથાવત્ સ્વીકારે, સમીપ રહેલા પદાર્થોને અરીસા સમાન ગ્રહણ કરે તે.. પતાકા સમાન - જે વિચિત્ર દેશનાદિ વાયુ વડે ચોતરફથી ખેંચાતો હોવાથી જેનો બોધ અનિશ્ચિત છે.. સ્થાણુ સમાન-ગીતાર્થની દેશના વડે પણ જે કદાગ્રહથી ચલાવી શકાતો નથી, તે અનમન સ્વભાવ બોધને લઈને સમજાવવા યોગ્ય નથી..

ખરકંટક સમાન - જે સમજાવવા છતાં પોતાના કદાગ્રહથી ચલિત થતો નથી, એટલું જ નહીં પણ પ્રજ્ઞાપકને દુર્વચનરૂપ કંટક વડે વીંધે છે તે. खर - નિરંતર કે નિષ્ઠુર, જેમાં કાંટા છે તે ખરકંટક -બાવળ આદિની ડાળ. તે લોકમાં ખરણ કહેવાય છે, તે કપડાને લાગતા તેને ફાડે છે અને તેને મૂકાવનાર પુરુષાદિના હાથ પણ વીંધાય છે, અથવા બીજાને જે ખરડે છે તે ખરંટ - અશુચિ જેવો, તેના કુબોધને નિવારવા તત્પર પુરુષને સંસર્ગ માત્રથી દૂષણવાળો કરે છે, કુબોધ - કુશીલતા - અપકીર્તિને ઉત્પન્ન કરે છે વગેરે.

[૩૪૫] શ્રાવકના અધિકારથી કહે છે - चउही - આદિ, ત્રીજા સ્થાનકના ત્રીજા ઉદ્દેશાને વિશે પ્રાયઃ આ વ્યાખ્યાન કરાયેલું છે, તો પણ કંઈક કહે છે - અહીં સંબધ એ છે કે - દેવલોકને વિશે - દેવમધ્યે, हव्वं - શીઘ્ર, संचाएइ - સમર્થ છે, कामभोग - મનોજ્ઞ શબ્દાદિ, मूर्छित - મૂઢ, કેમકે અનિત્યાદિ સ્વરૂપવાળા બોધમાં સમર્થ ન હોવાથી. गृद्ध - તેની ઇચ્છાવાળો - અતૃપ્ત. ग्रथित - શબ્દાદિ વિષયમાં સ્નેહરૂપ દોરડા વડે ગુંથાયેલ. अध्युपपन्न - અત્યંત તન્મય [આદિ કારણે માનુષી કામભોગોમાં] આદરવાન્ ન થાય, આ વસ્તુભૂત છે એમ પણ ન માને, તેઓને વિશે અર્થબંધન ન કરે - મારે તેનું કંઈ પ્રયોજન નથી એમ નિશ્ચય કરે. ન તેના વિશે નિદાન કરે - કે આ મને પ્રાપ્ત થાઓ.

તેઓને વિશે હું રહું કે તે મારામાં રહે, આવા પ્રકારે સ્થિતિ મર્યાદા વડે પ્રકૃષ્ટ કલ્પને ન કરે - અર્થાત્ તે કરવા આરંભ ન કરે. - x -

- એવી રીતે દિવ્ય વિષય પ્રસક્તિ એ એક કારણ છે, જેથી તત્કાળ ઉત્પન્ન કામભોગમાં મૂર્છિતાદિ આ દેવ, તથા તેનો માનુષી પ્રેમ વિચ્છિન્ન થયેલ છે, માટે દિવ્ય



પ્રેમનું સંક્રમણ એ બીજું કારણ છે.

તથા આ દેવ જે હેતુથી કામભોગમાં મૂર્છિતાદિ હોય, તેથી તેના પ્રતિબંધને લઈને દેવના કાર્યને વિશે આધીન થવાથી, મનુષ્યના કાર્યમાં આધીનપણું નથી, આ ત્રીજું કારણ છે. તથા દિવ્યભોગમાં મૂર્છિતાદિ તેને માનુષી ગંધ પ્રતિકૂળ - દિવ્ય ગંધથી વિપરીત અને પ્રતિલોમ છે કેમકે તે ઇન્દ્રિય-મનને આહ્લાદકર નથી અથવા બંને શબ્દો એકાર્થવાચી છે પણ અતિ અમનોજ્ઞત્વ સૂચવવા બે શબ્દો કહ્યા છે.

चत्तारि पंचे० વિકલ્પ બતાવવા છે. કદાચ ભરતાદિ ક્ષેત્રમાં એકાંત સુષમાદિ સમયમાં ૪૦૦ યોજન જ, અન્યકાળે ૫૦૦ યોજન છે કેમકે મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચોની બહુલતાથી ઔદારિક શરીરોની બહુલતા અને તેના મળની પુષ્કળતાથી દુરભિગંધની પ્રચુરતા હોય છે. મનુષ્ય ક્ષેત્રમાં આવવા ઇચ્છતા દેવોને મનુષ્યક્ષેત્રની ગંધ આવે છે, આમ મનુષ્ય ક્ષેત્રનું અશુભ સ્વરુપત્વ કહ્યું. પણ દેવ કે મનુષ્યાદિ નવ યોજન કરતા વિશેષ દૂરથી આવતી ગંધને જાણતા નથી અથવા આ વચનથી જે ઇન્દ્રિયના વિષયનું પ્રમાણ કહ્યું છે, તે ઔદારિક શરીર સંબંધી ઇન્દ્રિયોની અપેક્ષાએ સંભવિત છે. અન્યથા લક્ષાદિ યોજન પ્રમાણવાળા વિમાનોમાં દૂર રહેલા દેવો ઘંટાના શબ્દને કેમ સાંભળી શકે ? - x - નરભવનું અશુભપણું દેવોને અહીં ન આવવા માટેનું ચોથું કારણ છે. શેષ સુગમ.

આવવાના કારણો પ્રાયઃ પૂર્વવત્ છે, તો પણ કંઈક વિશેષ કહે છે કામભોગમાં અમૂર્છિત દેવને એમ થાય કે - મારા ઉપકારી કોણ ? કહે છે - આચાર્ય. इति - સમીપપણું બતાવવા, वा - વિકલ્પાર્થે. સૂત્ર સુગમ છે.. અહીં આચાર્ય - પ્રતિબોધક, દીક્ષાદાતા કે અનુયોગાચાર્ય.. ઉપાધ્યાય - સૂત્રદાતા.. પ્રવર્તક - આચાર્ય ઉપદિષ્ટ વૈયાવચ્ચાદિમાં સાધુને પ્રવર્તાવે.. સ્થવિર - સંયમયોગમાં સીદાતા સાધુને સ્થિર કરે તે સ્થવિર.. ગણિ - ગણ છે વિદ્યમાન જેને તે ગણી - ગણાચાર્ય.. ગણધર - જિનેશ્વરના શિષ્ય વિશેષ કે આર્યિકા પ્રત્યે સાવધાન સિદ્ધાંત પ્રસિદ્ધ સાધુ વિશેષ. ગણાવચ્છેદક - ગણનો વિભાગ, અમુક મુનિનો સમુદાય જેને છે તે. તે અમુક સાધુને લઈને ગચ્છના આધાર માટે ઉપધિ આદિ ગવેષણા કરે.

इम त्ति० આ પ્રત્યક્ષ રહેલ રૂપવાળી - કાલાંતરે પણ અન્ય સ્વરૂપને નહીં ભજનારી તે દિવ્યા-સ્વર્ગને વિશે થયેલ કે પ્રધાન વિમાન, રત્ન આદિ રૂપ દેવઋદ્ધિ, ધુતિ - શરીરથી ઉત્પન્ન કાંતિ અથવા ઇષ્ટ પરિવાર આદિ સંયોગલક્ષણ યુતિ. लब्धा - જન્માંતરે ઉપાર્જિત. प्राप्ता - વર્તમાનમાં મળેલ. अभिसमन्वागता - ભોગ્ય અવસ્થાને પ્રાપ્ત.. તે કારણે તે પૂજ્યોને સ્તુતિ વડે વંદના, પ્રણામ વડે નમન, આદર કે વસ્ત્રાદિ વડે સત્કાર, ઉચિત્ત પ્રતિપતિ કે સેવા વડે સન્માન કરું અને કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ એવી બુદ્ધિ વડે સેવા કરું. આ દેવને આવવાનું એક કારણ... શ્રુત જ્ઞાનાદિ વડે જ્ઞાની આદિ બીજું કારણ જાણવું.

તથા ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, તેમની સમીપે હું પ્રગટ થાઉં મારી ઋદ્ધિને તેઓ જુએ તે ત્રીજું કારણ... તથા મિત્ર-પછીથી સ્નેહી થયેલ, સખા-

બાળપણના સ્નેહી, સુહૃત્ - હિતૈષી, સહાય - સહચારી. અથવા એક કાર્યમાં બને પ્રવર્તનાર, સંગત - સાંગતિક - પરિચિત, તેઓને અમારી સાથે પરસ્પર સંકેત, પ્રતિશ્રુત - અંગીકાર કરેલ છે.

જે ભો - દેવલોકથી આપણા બંનેમાં જે પહેલો ચ્યવે, તે બીજાને પ્રતિબોધ કરે, તે ચોથું કારણ. - x - x - x - ઇત્યાદિ નિગમન સૂત્ર.

હમણાં દેવાગમન કહ્યું, તેના વડે ઉધોત થાય, વિપક્ષે અંધકાર થાય—

● સૂત્ર-૩૪૬ :-

*ચાર કારણે લોકમાં અંધકાર થાય - અરિહંતનું નિર્વાણ થતાં, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મ નષ્ટ થતાં, પૂર્વોનો વિચ્છેદ થતાં, અગ્નિ નષ્ટ થતાં.*

*ચાર કારણે લોકમાં ઉધોત થાય - અરિહંતનો જન્મ થતા, અરિહંતો દીક્ષા લે ત્યારે, અરિહંતોના જ્ઞાનોત્પન્ન ઉત્સવે, અરિહંત નિર્વાણોત્સવે.*

*એવી રીતે દેવાંધકાર, દેવોધોત, દેવસન્નિપાત, દેવોનું એકત્ર થવું, દેવોનો કોલાહલ [આ બધામાં ચાર કારણો કહેવા.]*

*ચાર કારણે દેવેન્દ્રો મનુષ્યલોકમાં જલ્દી આવે છે. એમ જે ત્રીજા સ્થાનમાં કહ્યું તેમ યાવત્ લોકાંતિક દેવ મનુષ્યલોકમાં જલ્દી આવે છે - (૧) અરિહંતોનો જન્મ થતાં - યાવત્ - (૪) અરિહંત નિર્વાણ મહોત્સવમાં.*

● વિવેચન-૩૪૬ :-

સૂત્ર સ્પષ્ટ છે. પણ લોકને વિશે દ્રવ્યથી અને ભાવથી અંધકાર જ્યાં જે થાય તે જાણવું. અરિહંતાદિના વિચ્છેદમાં દ્રવ્યથી અંધકાર થાય છે, કેમકે તેના ઉત્પાદરૂપ છે. છત્રભંગાદિ રજોદ્ઘાતની જેમ. અગ્નિ વિચ્છેદમાં દ્રવ્યથી જ અંધકાર થાય છે કેમકે તેનો તેવો સ્વભાવ છે. - x - ભાવથી પણ અંધકાર થાય, કેમકે દુષમકાળમાં આગમાદિનો અભાવ હોય છે.

પૂર્વે દેવાગમન કહ્યું, હવે દેવાધિકાર વિશિષ્ટ સૂત્રને વિસ્તારથી કહે છે - સૂત્ર સુગમ છે. વિશેષ આ - લોકોધોત ચારે સ્થાનોમાં દેવના આગમથી છે. જન્મ આદિ ત્રણમાં તો સ્વ-રૂપથી પણ થાય છે. જેમ લોકાંધકાર તેમ દેવાંધકાર પણ ચાર કારણે થાય છે. દેવ સ્થાનોમાં પણ અરિહંતાદિ વિચ્છેદકાળે વસ્તુમાહાત્મ્યથી ક્ષણ માત્ર અંધકાર થાય, એમ અર્હંતના જન્માદિમાં દેવોના સ્થાનમાં ઉધોત થાય છે.

દેવ સન્નિપાત - મિલાપ, દેવોત્કલિકા - દેવોની લહેરી - કલ્લોલ, દેવકહકહ - પ્રમોદપૂર્વક કલકલ.. એમ જ દેવેન્દ્રો, મનુષ્યલોકમાં અર્હત્ આદિના જન્માદિમાં આવે, જેમ સ્થાન-૩, ઉદ્દેશો-૧-માં કહ્યું, તેમ દેવેન્દ્રોના આગમનથી લોકાંતિક સૂત્રપર્યન્ત કહેવું. પરિનિર્વાણ મહોત્સવમાં આવે તે ચોથું કારણ અહીં વિશેષ છે - - અરિહંતોના જન્માદિમાં દેવાગમન કહ્યું હવે અરિહંતોના પ્રવચનાર્થે દુઃસ્થિત સાધુને દુઃખશય્યાદિ બે સૂત્ર કહે છે—

● સૂત્ર-૩૪૭,૩૪૮ :-

*ચાર પ્રકારે દુઃખશય્યા કહી - તેમાં આ પહેલી દુઃખશય્યા - કોઈ મુંડિત*



*થઈને ઘેરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લઈ શંકા, કાંક્ષા, વિચિકિત્સા, દ્વિધાભાવને પામે, કલુષતા પામી નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા ન કરે, પ્રતીતિ ન કરે, રુચિ ન કરે, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા ન કરતો, પ્રીતિ ન કરતો રુચિ ન કરતો મનને ઉંચુ-નીચું કરે છે, ધર્મથી ભ્રષ્ટ થાય તે દુઃશય્યા-૧.*

*હવે બીજી દુઃખશય્યા - તે મુંડ થઈને ઘેરથી નીકળી યાવત્ પ્રવ્રજિત થઈ સ્વકીય લાભથી તુષ્ટ ન થાય, બીજાના લાભની આશા કરે, સ્પૃહા-પ્રાર્થના-અભિલાષા કરે, બીજાના લાભની આશા યાવત્ અભિલાષા કરતો મનને ઉંચુ-નીચું કરે, ધર્મથી ભ્રષ્ટ થાય તે બીજી દુઃખશય્યા-૨.*

*હવે ત્રીજી દુઃખશય્યા - તે મુંડ થઈ યાવત્ દીક્ષા લઈ દિવ્યમાનુષ્ય કામભોગની આશા યાવત્ અભિલાષા કરે, દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા કરતો મનને ઉંચુ-નીચું કરે, ભ્રષ્ટ થાય તે દુઃખશય્યા-૩.*

*હવે ચોથી દુઃખશય્યા - તે મુંડ થઈ યાવત્ દીક્ષા લે, તેને એમ થાય કે જ્યારે હું ગૃહવાસમાં વસતો હતો ત્યારે સંબાધન-પરિમર્દન-ગાત્રઅભ્યંજન, ગાત્ર પ્રક્ષાલન પામતો હતો. જ્યારથી હું મુંડ યાવત્ પ્રવ્રજિત થયો છું ત્યારથી સંબાધન યાવત્ સ્નાન પામતો નથી. તે સંબાધનાદિની આશા યાવત્ અભિલાષા કરે. આ સંબાધન યાવત્ સ્નાનની આશા કરતો યાવત્ મનને ઉંચુ-નીચું કરે અને ધર્મભ્રષ્ટ થાય તે ચોથી દુઃખશય્યા.*

*ચાર સુખશય્યાઓ કહી - તેમાં આ પહેલી સુખશય્યા - તે મુંડ થઈને ઘેરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લઈને નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સક, દ્વિધા ભાવને અપ્રાપ્ત, કલુષતા ન પામેલ, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરે, પ્રીતિ કરે, રુચિ કરે, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરતો, પ્રીતિ કરતો, રુચિ કરતો મનને ઉંચુ-નીચું ન કરે, ધર્મથી ભ્રષ્ટ ન થાય તે પહેલી સુખ શય્યા.*

*હવે બીજી સુખશય્યા - તે મુંડ યાવત્ પ્રવ્રજિત થઈને પ્રાપ્ત લાભથી તુષ્ટ થાય, બીજાના લાભની આશા ન કરે, સ્પૃહા ન કરે, પ્રાર્થના ન કરે, અભિલાષા ન કરે, બીજાના લાભની આશા યાવત્ અભિલાષા ન કરતો મનને ઉંચુ-નીચું ન કરે, ભ્રષ્ટ ન થાય તે બીજી સુખશય્યા.*

*હવે ત્રીજી સુખશય્યા - તે મુંડ યાવત્ પ્રવ્રજિત થઈને દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા ન કરે. દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા ન કરતો મનને ઉંચુ-નીચું ન કરે, ધર્મભ્રષ્ટ ન થાય તે ત્રીજી સુખશય્યા.*

*હવે ચોથી સુખશય્યા - તે મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થઈને, તેને એમ થાય કે - જો તે હૃષ્ટ, નિરોગી, બલિષ્ઠ, શ્રેષ્ઠશરીરી એવા અરહંત ભગવંત કોઈપણ ઉદાર, કલ્યાણકારી, વિપુલ, આદરપૂર્વક, અચિંત્ય શક્તિયુક્ત અને કર્મક્ષયના કારણભૂત તપોકર્મ અંગીકાર કરે છે, હું આભ્યુપગમિક - ઔપક્રમિક વેદનાને સમ્યક્ સહેતો નથી, ખમતો નથી, તિતિક્ષતો નથી, અધ્યાસિત કરતો*

*નથી. આભ્યુપગમિક - ઔપક્રમિક વેદનાને સમ્યક્ રીતે ન સહેનાર યાવત્ અધ્યાસિત ન કરનાર એવા મને શું પ્રાપ્ત થાય છે ? એકાંતથી મને પાપકર્મ થાય છે. આભ્યુપગમિક યાવત્ સમ્યક્ સહેતા યાવત્ અધ્યાસિત કરતા મને શું પ્રાપ્ત થાય ? એકાંતથી નિર્જરા થાય છે. આ ચોથી સુખશય્યા.*

*[૩૪૮] વાચનાને અયોગ્ય ચાર છે - અવિનીત, વિગઈ આસક્ત, અનુપશાંત અને માયાવી... વાચનાને યોગ્ય ચાર છે - વિનીત, વિગઈમાં આસક્ત, ઉપશાંત અને કપટરહિત.*

● **વિવેચન-૩૪૭,૩૪૮ :-**

[૩૪૭] દુઃખ દેનારી શય્યા તે દુઃખશય્યા ચાર છે, દ્રવ્યથી તેવા પ્રકારની ખાટ વગેરે, ભાવથી દુષ્ટચિત્ત વડે - દુષ્ટ શ્રમણપણા સ્વભાવવાળી શય્યા ૧- પ્રવચન અશ્રદ્ધા, ૨- પરલાભ પ્રાર્થના, ૩- કામાશંસા, ૪- સ્નાનાદિ પ્રાર્થના, સૂત્રમાં કહી છે. તે ચાર શય્યા મધ્યે કોઈક ભારેકર્મી - x - શાસનને વિશે એક ભાવ વિષયક સંશયસહિત, અન્યમત પણ સારો છે એવી બુદ્ધિવાળો, ફળ પ્રત્યે શંકાવાળો બુદ્ધિ વડે દ્વિધાભાવને પામેલ - આ બધું આ પ્રમાણે છે કે બીજી રીતે ?

'આ એમ નથી જ' એવી વિપરીત બુદ્ધિવાળો, આ એમ છે એવી શ્રદ્ધા કરતો નથી, પ્રીતિથી સ્વીકારતો નથી, અભિલાષા અતિરેકથી આસેવનાના સન્મુખપણે રુચિ કરતો નથી. મનને અસમંજસ કરે છે. તેથી ધર્મનાશ અથવા સંસારને પામે છે. એ રીતે તે શય્યામાં દુઃખે રહે છે.

પોતાના વડે જે મેળવાય કે મેળવવું તે લાભ - અન્નાદિ કે રત્નાદિ, તેની આશા કરે છે, તે અવશ્ય મને આપશે એ રીતે આસ્વાદે છે - બીજાથી મળે તો જ ખાય છે, વાંછે છે, યાચે છે, પ્રાપ્ત થાય તો પણ અધિકતર લાભને ઇચ્છે છે. શેષ ઉક્ત અર્થ પ્રમાણે, એ રીતે તે દુઃખમાં રહે છે.

ત્રીજી સુગમ છે. ચોથી આ - ઘરવાસમાં હતો ત્યારે શરીરના હાડકાંને સુખત્વાદિ વડે નિપુણતાથી મર્દન વિશેષ, લોટ વગેરેથી મસળવા માત્ર, તેલ આદિ વડે અંગને ચોપડવું, અંગને ધોવું. આ લાભમાં મને કોઈ નિષેધ કરતું ન હતું. શેષ સુગમ છે. આ ચોથી દુઃખશય્યા છે.

દુઃખશય્યાથી વિપરીત સુખશય્યા પૂર્વવત્ જાણવી. વિશેષ આ - શોકના અભાવે હર્ષિત, જ્વરાદિ રહિત, પ્રાણવાન્, સુંદર શરીરી, અનશનાદિ મધ્યે કોઈ એક તપ, આશંસાદિ દોષના અભાવે ઉદાર ચિત્તયુક્ત, મંગલરૂપ, ઘણા દિવસ કરવાથી વિપુલ, ઉત્કૃષ્ટ સંયમ યુક્ત, આદરથી સ્વીકારેલ, અચિન્ત્ય શક્તિ યુક્ત, ઋદ્ધિ વિશેષના કારણભૂત, કર્મક્ષયના કારણભૂત, મોક્ષસાધક [હોવાથી] તપ ક્રિયાનો આશ્રય કરે છે. किं - પ્રશ્નાર્થે છે, अंग - સંબોધનાર્થે છે. पुनः - પૂર્વોક્ત શબ્દથી ભિન્ન અર્થને દેખાડે છે.

આભ્યુપગમિકી - શિરના લોચ અને બ્રહ્મચર્યાદિનો સ્વીકાર જેમાં કરાય છે તે. ઔપક્રમિકી - જેના વડે આયુષ્યનો ઉપક્રમ થાય તે - જ્વર અને અતિસારાદિ



વ્યાધિમાં થયેલ તે. એવી તે બંને વેદનામાં સન્મુખ જવા વડે હું સહન કરું છું. - x - x - અર્થાત્ તેનાથી ભાગતો નથી, પોતાના કે પરના વિશે ક્રોધ વિના ક્ષમા કરું, અદીનપણે તિતિક્ષા કરું, અત્યંત સ્વસ્થતા વડે તે જ વેદનામાં હું રહું છું અથવા આ શબ્દો એકાર્થક છે.

मन्ये - વિતર્ક અર્થમાં નિપાત છે. क्रियते - શું થાય છે ? एगंतसो એકાંતે કે સર્વથા. આ દુઃખશય્યાવાળા નિર્ગુણ અને સુખશય્યાવાળા સગુણ છે. આ કારણથી નિર્ગુણ અને સગુણને વાચના યોગ્યતા બતાવે છે.

[૩૪૮] સૂત્ર સુગમ છે. વિશેષ આ - વિગઈ તે દૂધ વગેરે. પ્રાકૃત એટલે અધિકરણ કરનાર કોપ... હમણાં વાચનાને યોગ્ય અને અયોગ્ય પુરુષો કહ્યા. પુરુષના અધિકારથી પુરુષવિશેષનું પ્રતિપાદન કરે છે—

● **સૂત્ર-૩૪૯ :-**

*[૧] ચાર ભેદે પુરુષો કહ્યા - પોતાને પોષે બીજાને નહીં, બીજાને પોષે પોતાને નહીં, પોતાને અને પરને પોષે, બંનેને ન પોષે તે.*

*[૨] ચાર ભેદે પુરુષો કહ્યા - કોઈ દુર્ગત અને દુર્ગત, કોઈ દુર્ગત અને સુગત, કોઈ સુગત અને દુર્ગત, કોઈ સુગત અને સુગત.. [૩] ચાર ભેદે પુરુષો કહ્યા - દુર્ગત અને દુર્વ્રત, દુર્ગત અને સુવ્રત, સુગત અને દુર્વ્રત, સુગત અને સુવ્રત.*

*[૪] ચાર ભેદે પુરુષો કહ્યા - દુર્ગત અને દુષ્પ્રત્યાનંદ, દુર્ગત અને સુપ્રત્યાનંદ આદિ ચાર.. [૫] ચાર ભેદે પુરુષો કહ્યા - દુર્ગત અને દુર્ગતિગામી, દુર્ગત અને સુગતિગામી આદિ ચાર.. [૬] ચાર ભેદે પુરુષો કહ્યા - દુર્ગત અને દુર્ગતિ ગત, દુર્ગત અને સુગતિગત આદિ ચાર.*

*[૭] ચાર ભેદે પુરુષ કહ્યા - અજ્ઞાની અને અજ્ઞાની, અજ્ઞાની અને જ્ઞાની. જ્ઞાની અને અજ્ઞાની, જ્ઞાની અને જ્ઞાની.. [૮] ચાર ભેદે પુરુષ કહ્યા - અજ્ઞાની અને અજ્ઞાન બલ, અજ્ઞાની અને જ્ઞાન બલ, જ્ઞાની અને અજ્ઞાનબલ, જ્ઞાની અને જ્ઞાનબલ.. [૯] ચાર ભેદે પુરુષ કહ્યા - અજ્ઞાની અને અજ્ઞાનબલમાં આનંદ માનનાર, અજ્ઞાની અને જ્ઞાનબલમાં આનંદ માનનાર આદિ ચાર.*

*[૧૦] ચાર ભેદે પુરુષ કહ્યા - પરિજ્ઞાતકર્મા પણ પરિજ્ઞાત સંજ્ઞા નહીં, પરિજ્ઞાત સંજ્ઞા પણ પરિજ્ઞાતકર્મા નહીં આદિ ચાર.. [૧૧] ચાર ભેદે પુરુષ કહ્યા - પરિજ્ઞાતકર્મા પણ પરિજ્ઞાત ગૃહાવાસ નહીં, પરિજ્ઞાત ગૃહાવાસ પણ પરિજ્ઞાત કર્મા નહીં આદિ ચાર.. [૧૨] ચાર ભેદે પુરુષ કહ્યા - પરિજ્ઞાન સંજ્ઞા પણ નોપરિજ્ઞાત ગૃહવાસ, પરિજ્ઞાત ગૃહાવાસ પણ નોપરિજ્ઞાતસંજ્ઞા -૪-*

*[૧૩] ચાર ભેદે પુરુષો કહ્યા - ઇહસ્થ પણ પરસ્થ નહીં, પરસ્થ પણ ઇહસ્થ નહીં આદિ ચાર.. [૧૪] ચાર ભેદે પુરુષ કહ્યા - કોઈ એકથી વધે પણ એકથી ઘટે, કોઈ એકથી વધે પણ બે થી ઘટે, કોઈ બે થી વધે પણ એકથી ઘટે, કોઈ બે થી વધે અને બેથી ઘટે..*

*[૧૫] ચાર કંથક [ઘોડા] કહ્યા - આકીર્ણ અને આકીર્ણ, આકીર્ણ અને ખલુંક, ખલુંક અને આકીર્ણ, ખલુંક અને ખલુંક.. એ રીતે [૧૬] ચાર ભેદે પુરુષો કહ્યા - આકીર્ણ અને આકીર્ણ આદિ ચાર ભેદ.*

*[૧૭] ચાર કંથગ [ઘોડા] કહ્યા - આકીર્ણ અને આકીર્ણતાથી વિચરનાર, આકીર્ણ અને ખલુંકતાથી વિચરનાર આદિ-૪-.. [૧૮] એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા - આકીર્ણ અને આકીર્ણતાથી વિચરનાર આદિ ચાર ભંગ.*

*[૧૯] ચાર પ્રકંથક [ઘોડા] કહ્યા - જાતિ સંપન્ન પણ કુળસંપન્ન નહીં, આદિ ચાર ભંગ.. [૨૦] એ રીતે પુરુષોના પણ ચાર ભેદ જાણવા.*

*[૨૧] ચાર કંથક કહ્યા - જાતિસંપન્ન પણ બળસંપન્ન નહીં આદિ ચાર ભંગ.. [૨૨] એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.*

*[૨૩] ચાર ભેદે કંથક કહ્યા - જાતિસંપન્ન પણ રૂપસંપન્ન નહીં આદિ ચૌભંગી.. [૨૪] એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.*

*[૨૫] ચાર ભેદે કંથક કહ્યા - જાતિસંપન્ન પણ જયસંપન્ન નહીં, આદિ ચૌભંગી.. [૨૬] એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.*

*[૨૭] એ રીતે કુલસંપન્ન અને બલસંપન્નની ચૌભંગી.. [૨૮] કુલ સંપન્ન અને રૂપ સંપન્નની ચૌભંગી.. [૨૯] કુલ સંપન્ન અને જય સંપન્નની ચૌભંગી.. [૩૦] બલ સંપન્ન અને રૂપ સંપન્નની ચૌભંગી.. [૩૧] બલ સંપન્ન અને જય સંપન્નની ચૌભંગી.. [૩૨ થી ૩૬] એ રીતે પ્રતિપક્ષરૂપ પુરુષમાં પણ કુલ-બલ, કુલ-રૂપ, બલ-રૂપ આદિ ચૌભંગીઓ કહેવી.*

*[૩૭] ચાર કંથકો કહ્યા - રૂપ સંપન્ન પણ જય સંપન્ન નહીં આદિ ચાર એ પ્રમાણે [૩૮] ચાર ભેદે પુરુષ કહ્યા - રૂપ સંપન્ન પણ જય સંપન્ન નહીં.*

*[૩૯] ચાર ભેદે પુરુષ કહ્યા - સિંહની જેમ નીકળી સિંહની જેમ વિચરે, સિંહની જેમ નીકળી શિયાળની જેમ વિચરે, શિયાળની જેમ નીકળી સિંહની જેમ વિચરે, શિયાળની જેમ નીકળી શિયાળની જેમ વિચરે.*

● **વિવેચન-૩૪૯ :-**

[૧] આત્માને ભરે છે - પોષણ કરે છે તે આત્મંભરી, બીજાને પોષે છે તે પરંભરી, તેમાં પ્રથમ ભંગમાં સ્વ કાર્યને જ કરનાર તે જિનકલ્પી, બીજો ભંગ પરના કાર્યને જ કરનાર તે ભગવંત અરિહંત, કેમકે તેનું પોતાનું સર્વ કાર્ય સમાપ્ત થયું હોવાથી બીજાને પ્રયોજન પ્રાપ્તિ દક્ષતાપૂર્વક કહેનાર છે, ત્રીજો ભંગ સ્વ-પર કાર્ય કારી છે, તે સ્થવિરકલ્પી, કેમકે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનથી પોતાનું કાર્ય કરનાર અને વિધિવત્ સિદ્ધાંત દેશનાથી બીજાના કાર્ય સંપાદક પણ હોય છે. ચોથા ભંગમાં ઉભય અનુપકારી છે, તે મૂઢમતિ અથવા યથાછંદ છે. આ રીતે લૌકિક પુરુષને યોજવો.

[૨] ઉભય અનુપકારી દુર્ગત-દરિદ્ર જ હોય માટે દુર્ગત સૂત્ર કહે છે-દુર્ગત-પૂર્વે ધનરહિત, પછી જ્ઞાનાદિરત્નવિહીન હોવાથી દરિદ્ર છે. અથવા દ્રવ્યથી દરિદ્ર અને ભાવથી પણ દરિદ્ર તે પ્રથમ ભંગ. એ રીતે બીજા ત્રણ પણ જાણવા. વિશેષ આ -





सुगत - ધનિક. દ્રવ્યથી ધની, ભાવથી જ્ઞાનાદિવાન.

[૩] કોઈ દુર્ગત વ્રતવાળો થાય માટે દુર્વ્રત સૂત્ર કહે છે. દુર્વ્રત એટલે અયથાર્થ વ્રતવાળો અથવા દુર્વ્યય - આયને વિચાર્યા વિના વ્યય કરનાર. અથવા કુસ્થાનને વિશે વ્યય કરનાર તે એક, બીજો દરિદ્ર છતાં સુવ્રત-નિરતિચાર નિયમવાળો કે ઉચિત પ્રવૃત્તિથી સુવ્યય કરનાર, શેષ સ્પષ્ટ.

[૪] દુર્ગત પૂર્વવત્, દુષ્પ્રત્યાનંદ - ઉપકારીએ કરેલ ઉપકારને ન માનનાર, જે માને છે તે સુપ્રત્યાનંદ.

[૫] દુર્ગત - દરિદ્ર થઈને જે દુર્ગતિમાં જશે તે દુર્ગતિગામી. એમ બીજા ત્રણ ભાંગા જાણવા. વિશેષ આ - સુગતિમાં જશે તે સુગતિગામી, સુગત એટલે ઈશ્વર [ઐશ્વર્યવાન્]

[૬] દુર્ગત - પૂર્વવત્, દુર્ગતિમાં જનાર તે યાત્રિક ઉપર કોપ થવાથી તેને મારવા તત્પર થયેલ દ્રમક જેવો. એમ બીજા ત્રણ ભાંગા જાણવા.

[૭] तमस् - અંધકાર, પૂર્વે અજ્ઞાન કે અંધકારરૂપ, પછી પણ અંધકારરૂપ, એ એક ભંગ બીજો ભંગ - પહેલા તમરૂપ, પછી જ્યોતિરૂપ કેમકે જ્ઞાન મેળવવાથી કે પ્રસિદ્ધિ પામવાથી. શેષ બે ભંગ સુગમ છે.

[૮] तमस् - કુકર્મ કરવાથી મલિન સ્વભાવવાળો, तम - અજ્ઞાત છે સામર્થ્ય જેનું તે તમઃબલ અથવા तमस् - અંધકારમાં જેનું બલ છે તે, तमःबल - અસત્ આચારવાન્ અજ્ઞાની અથવા રાત્રિચર - ચોર આદિ તે એક ભંગ. બીજો तमस् - પૂર્વવત્, જ્યોતિબલ - જેનું જ્ઞાનબલ છે તે અથવા સૂર્યાદિનો પ્રકાશ, તે જ છે બલ અથવા તેમાં - પ્રકાશમાં બલ જેનું છે તે જ્યોતિબલ. આ અસદાચારી જ્ઞાનવાન્ કે દિનચારી તે બીજો ભંગ. ત્રીજો-જ્યોતિ-સત્કર્મને કરનાર હોવાથી ઉજ્જ્વલ સ્વભાવવાળા અને તમોબલ પૂર્વવત્, આ સદાચારવાળો અજ્ઞાની કે કારણવશાત્ રાત્રિમાં ગમન કરનાર એ ત્રીજો ભંગ. ચતુર્થભંગ સુગમ છે - સદાચારીજ્ઞાની, દિનચર.

[૯] તથા तमस् - तमः મિથ્યાજ્ઞાન કે અંધકાર, તે જ કે તેમાં બલ છે અર્થાત્ તમોબલમાં અથવા ઉક્તરૂપ તમમાં અને સામર્થ્યમાં રતિ કરે છે તે તમોબલપ્રરંજન તે એક ભંગ. એ રીતે જ્યોતિબલપ્રરંજન પણ જાણવા. વિશેષ આ - ज्योति - સમ્યગ્જ્ઞાન કે સૂર્યાદિ પ્રકાશ. એમ જ બીજા બે ભંગ જાણવા. અહીં પણ તે જ પૂર્વસૂત્રોક્ત પુરુષ-વિશેષ પ્રરંજન વિશેષિત સમજવા અથવા तमस् પૂર્વવત્ કે અપ્રસિદ્ધ. તમોબલ - અંધકારના બલ વડે ચાલતો જે લજાય તે તમોબલ પ્રલંજન-પ્રકાશચારી તે એક ભંગ, એમ બીજા પણ જાણવા. વિશેષ એ કે - બીજો પુરુષ અંધકારમાં ચાલનાર, ત્રીજો પ્રકાશચારી, ચોથે કારણે અંધકારચારી છે, पज्जलण પાઠ છે - ત્યાં तमः અજ્ઞાન કે અંધકારના બલ વડે અને ज्योति - જ્ઞાન કે પ્રકાશના બલ વડે, प्रज्वलित - મદવાળો થાય છે તે.

[૧૦] જ્ઞપરિજ્ઞાથી સ્વરૂપથકી જાણેલા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડેલા છે કૃષિ આદિ કર્મ જેણે તે પરિજ્ઞાતકર્મા, આહાર સંજ્ઞાદિ નથી જાણેલ જેણે તે

અપરિજ્ઞાતસંજ્ઞ, અભાવિતાસ્થ પ્રવ્રજિત કે શ્રાવક તે એક ભંગ. પરિજ્ઞાતસંજ્ઞ - સદ્‌ભાવનાથી ભાવિત હોવાથી પરિજ્ઞાતકર્મા નહીં - કૃષ્યાદિથી અનિવૃત્ત શ્રાવક, તે બીજો ભંગ. ત્રીજા ભંગમાં સાધુ અને ચોથા ભંગમાં અસંયત છે.

[૧૧] પરિજ્ઞાત કર્મા - સાવધનું કરણ - કરાવણ - અનુમોદનથી નિવૃત્ત અથવા કૃષિ આદિથી નિવૃત્ત પણ ગૃહવાસને છોડેલ નથી તે અપ્રવ્રજિત આ એક ભંગ, બીજા ભંગમાં ગૃહવાસને છોડેલ પણ આરંભને ન છોડેલ દુષ્ટ સાધુ, ત્રીજા ભંગમાં સુસાધુ અને ચોથા ભંગમાં અસંયત.

[૧૨] વિશિષ્ટ ગુણનું સ્થાનક હોવાથી સંજ્ઞાને છોડનાર, પણ ગૃહસ્થ હોવાથી ગૃહવાસને છોડેલ નથી તે એક ભંગ, બીજો યતિ હોવાથી ગૃહવાસને છોડેલ છે પણ અભાવિત હોવાથી સંજ્ઞાને છોડેલ નથી તે બીજો ભંગ, ત્રીજો ભંગ - તે બંનેને છોડેલ છે, ચોથો - તે બંનેને છોડેલ નથી.

[૧૩] આ જન્મમાં જ ભોગ સુખાદિ પ્રયોજન અથવા ''આ જ સારું છે'' એવી આસ્થા, બુદ્ધિ જેની છે તે ઈહાર્થ કે ઈહાસ્થ ભોગપુરુષ અથવા લોકમાં પ્રતિબંધ પામેલ, પરત્ર-જન્માંતરને વિશે જ પ્રયોજન કે આસ્થા જેને છે તે પરાર્થ અથવા પરાસ્થ તે સાધુ કે બાલતપસ્વી, ઉભયલોકને વિશે પ્રયોજન કે આસ્થા જેને છે તે સુશ્રાવક, ઉભય પ્રતિબદ્ધ કે ઉભય પ્રયોજન રહિત તે કાલશૌકરિકાદિ મૂઢ - અથવા - કોઈ વિવક્ષિત ગ્રામ આદિમાં જ રહે તે इहस्थ, તેમાં બંધાયેલ ન હોવાથી न परस्थ. તે એક ભંગ. બીજો પરત્ર-પ્રતિબંધથી परस्थ. ત્રીજો - ઉભયસ્થ અને ચોથો તો સર્વત્ર અપ્રતિબદ્ધ હોવાથી અનુભયસ્થ-સાધુ.

[૧૪] કોઈ એક વડે - શ્રુત વડે વૃદ્ધિ પામે છે અને એક - સમ્યગ્દર્શનથી હીન થાય છે, કહ્યું છે - જેમ જેમ બહુશ્રુત હોય, સંમત હોય, શિષ્યગણથી સંપરિવૃત્ત, સિદ્ધાંતમાં અવિનિશ્ચિત, તે સિદ્ધાંતનો પ્રત્યનિક છે. આ એક ભંગ. બીજો - એક વડે એટલે શ્રુતથી વૃદ્ધિ પામે છે અને બે - સમ્યગ્ દર્શન તથા વિનયથી હીન થાય છે. ત્રીજો બે વડે એટલે શ્રુત, અનુષ્ઠાન વડે વૃદ્ધિ પામે છે, પણ બે - સમ્યગ્દર્શન અને વિનયથી હીન થાય છે.

- અથવા - જ્ઞાનથી વૃદ્ધિ અને રાગથી હીન તે એક, જ્ઞાનથી વૃદ્ધિ અને રાગદ્વેષથી હીન તે બીજો, જ્ઞાન-સંયમથી વૃદ્ધિ અને રાગથી હીન તે ત્રીજો, જ્ઞાન-સંયમથી વૃદ્ધિ અને રાગદ્વેષથી હીન તે ચોથો.

અથવા - ક્રોધથી વૃદ્ધિ અને માયાથી હીન, ક્રોધથી વૃદ્ધિ અને માયા લોભથી હીન, ક્રોધ-માનથી વૃદ્ધિ અને માયાથી હીન, ક્રોધ-માનથી વધે છે અને માયા-લોભથી ઘટે છે.

[૧૫] પ્રકંથક કે કંથક - અશ્વ વિશેષ. આક્રીર્ણ - વેગ આદિ ગુણોથી પૂર્વે વ્યાપ્ત પછી પણ વ્યાપ્ત, તે પ્રથમ ભેદ. બીજો પ્રથમ અકીર્ણ પણ પછીથી ખલુંક-ગળિઓ કે અવિનીત. ત્રીજો પહેલા ખલુંક પણ પછીથી આકીર્ણ-ગુણવાન્, ચોથો પહેલા અને પછી પણ ખલુંક-ગળિઓ.



[૧૬] આક્રીર્ણ - ગુણવાન્ અને આકીર્ણતાથી - વિનય, વેગાદિ ગુણવાનપણે પ્રવર્તે છે કે વિચરે છે. બીજો આકીર્ણ પણ આરોહ દોષ વડે ગળિયાપણે વહે છે. ત્રીજો ખલુંક છે પણ આરોહક ગુણથી આકીર્ણગુણથી વર્તે છે.

[૧૭/૧૮] બંને સૂત્રમાં પણ દાર્ષ્ટાન્તિકરૂપ પુરુષો જોડવા. સૂત્રમાં ક્યાંક નથી કહ્યા, કેમકે સૂત્રની ગતિ વિચિત્ર હોય છે.

[૧૯ થી ૩૮] જાતિના-૪ - કુળના-૩ - બળના-૨ - રૂપ અને જયનો-૧ - એ પાંચ પદને વિશે દ્વિક સંયોગી દશ ભંગ વડે પ્રકંથકના દૃષ્ટાંતરૂપ દશ ચતુર્ભંગી સૂત્રો છે. તે પ્રત્યેકને અનુસરતા દાર્ષ્ટાન્તિકરૂપ દશ પુરુષ સૂત્રો થાય છે. વિશેષ આ - જય એટલે બીજાનો પરાભવ કરવો.

[૩૯] સિંહપણે - શૌર્યપણે ગૃહવાસથી નીકળેલ અને તેમજ ઉદ્યત વિહાર વડે વિચરે. શીયાળપણે - દીનવૃત્તિથી વિચરે છે.

પૂર્વે જાત્યાદિ ગુણથી અશ્વાદિથી પુરુષોની સમાનતા કહી, હવે અપ્રતિષ્ઠાન આદિની સમાનતાને પ્રમાણથી કહે છે—

**● સૂત્ર-૩૫૦,૩૫૧ :-**

***[૩૫૦] લોકમાં ચાર સ્થાન સમાન છે, તે આ છે - અપ્રતિષ્ઠાન નરક, જંબૂદ્વીપ દ્વીપ, પાલક યાન વિમાન, સર્વાર્થસિદ્ધ... લોકમાં ચાર વસ્તુ દિશા અને વિદિશાએ સમાન કહી છે - સીમંતક નરક, સમયક્ષેત્ર, ઉડુ વિમાન, ઈષત્ પ્રાગ્ભરા પૃથ્વી.***

***[૩૫૧] ઉર્ધ્વલોકમાં ચાર [જીવો] બે શરીરવાળા કહ્યા છે, તે આ- પૃથ્વીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયકિ, ઉદારત્રસજીવો... અધોલોકે ચાર [જીવો] બે શરીરવાળા છે, એ પ્રમાણે... એ રીતે તિર્છાલોકમાં પણ.***

**● વિવેચન-૩૫૦,૩૫૧ :-**

[૩૫૦] સૂત્ર પ્રાયઃ વ્યાખ્યાયિત છે, તો પણ કહે છે - સાતમી નરક પૃથ્વીમાં કાલ આદિ પાંચ નરકાવાસના મધ્યમાં રહેલ અપ્રતિષ્ઠાન નામક નરકાવાસ છે, તે એક લાખ યોજન છે... પાલક દેવ નિર્મિત સૌધર્મેન્દ્ર સંબંધી યાન-વિમાન અથવા જવા માટેનું વિમાન, તે યાન વિમાન છે. પણ શાશ્વત નથી.. પાંચ અનુત્તર વિમાનો મધ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાન છે.

લોકને વિશે ચાર વસ્તુ સમાન છે. કેવી રીતે ? સમાન છે પાર્શ્વદિશા જેમાં તે સપક્ષ, તથા સમાન છે વિદિશાઓ જેમાં તે સપ્રતિદિક્ તે જેમ હોય છે તેમ સમાન હોય છે અથવા પક્ષો વડે સરખા તે સપક્ષ - x - નીચે-ઉપરના વિભાગ વડે રહેલ, વિસ્તારવાળા અને સાંકડા બે દ્રવ્યોની અથવા વિષમતાએ રહેલા તુલ્ય પ્રમાણવાળા બે દ્રવ્યોની દિશા-વિદિશા હોતી નથી માટે અત્યંત સમાનતા દેખાડવા બે વિશેષણ કહ્યા છે. પ્રથમ પૃથ્વીના પહેલા પ્રસ્તટમાં ૪૫ લાખ યોજન પ્રમાણ સીમંતક છે. સમય - કાળ ઉપલક્ષિત ક્ષેત્ર તે સમયક્ષેત્ર-મનુષ્યક્ષેત્ર.. સૌધર્મકલ્પના પ્રથમ પ્રસ્તટમાં રહેલ ઉડુ વિમાન.. રત્નપ્રભાદિ પૃથ્વીની અપેક્ષાએ ईषत् - અલ્પ, प्राग्भार - ઉંચાઈ આદિ

જેણીમાં છે તે ઇષત્ પ્રાગભારા.

[૩૫૧] ઇષત્ પ્રાગ્ભાર પૃથ્વી ઉર્ધ્વલોકમાં હોય છે માટે ઉર્ધ્વ લોકના પ્રસ્તાવથી કહે છે - જેઓના બે શરીર છે, તે બે શરીરી, પૃથ્વીકાયિક આદિનું જ એક શરીર અને બીજું જન્માંતરભાવિ મનુષ્ય શરીર. ત્રીજું શરીર કેટલાંક જીવોને થતું નથી કારણ કે અંતરરહિત મોક્ષમાં જાય છે. ઉદારસ્થૂલ બેઇન્દ્રિયાદિ જીવો, પણ તેઉ, વાયુ લક્ષણ સૂક્ષ્મ જીવો નહીં કેમકે તેઓને બીજા ભવમાં માનુષત્વ પ્રાપ્ત થતું નથી માટે મોક્ષ ન થાય, તેથી અન્ય શરીરનો સંભવ હોય છે તથા ઉદારત્રસના ગ્રહણથી બેઇન્દ્રિયના પ્રતિપાદન છતાં પણ અહીં બે શરીરપણાથી પંચેન્દ્રિયો જ ગ્રાહ્ય છે. કેમકે વિકલેન્દ્રિયોને અનંતરભવે સિદ્ધિનો અભાવ હોય છે.

કહ્યું છે - વિકલેન્દ્રિયો અનંતર ભવે વિરતિ પામી શકે, પણ સૂક્ષ્મ ત્રસો ન પામે... લોકના સંબંધે પ્રાપ્ત અધોલોક, તિર્યક્લોક સંબંધી બે અતિદેશ સૂત્રો ઉક્તાર્થ છે. તિર્છાલોકના અધિકારથી તેમાં ઉત્પન્ન થયેલ સંયતાદિ પુરુષોને ભેદો વડે કહે છે—

● **સૂત્ર-૩૫૨ થી ૩૫૬ :-**

***[૩૫૨] ચાર ભેદે પુરુષો કહ્યા છે - હ્રીસત્વ, હ્રીમનસત્વ, ચલસત્વ, સ્થિરસત્વ... [૩૫૩] ચાર શય્યાપ્રતિમા કહી છે, ચાર વસ્ત્રપ્રતિમા કહી છે, ચાર પાત્રપ્રતિમા કહી છે, ચાર સ્થાનપ્રતિમા કહી છે.***

***[૩૫૪] ચાર શરીરો જીવ સ્પૃષ્ટ છે - વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. ચાર શરીરો કાર્મણ-મિશ્ર કહેલ છે - ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ.***

***[૩૫૫] ચાર અસ્તિકાય વડે લોક સ્પૃષ્ટ છે - ધર્માસ્તિકાય વડે, અધર્માસ્તિકાય વડે, જીવાસ્તિકાય વડે, પુદ્ગલાસ્તિકાય વડે... ચાર બાદરકાય વડે લોક સ્પૃષ્ટ છે :- પૃથ્વી - અપ્ - વાયુ - વનસ્પતિકાય વડે.***

***[૩૫૬] ચાર દ્રવ્યો પ્રદેશ વડે તુલ્ય છે, તે આ-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને એક જીવ.***

● **વિવેચન-૩૫૨ થી ૩૫૬ :-**

[૩૫૨] હ્રિ - લજ્જા વડે, સત્વ - પરિષહાદિ સહેવામાં કે રણાંગણમાં રહેવારૂપ બળ જેનું છે, તે હ્રીસત્વ.. ઉત્તમ કુલોત્પન્ન એવા મને મનુષ્યો હસશે એમ મનમાં જ લજ્જા વડે પણ કાયામાં સત્ત્વ નહીં, કેમકે રોમહર્ષ, કંપ આદિ ભયના ચિહ્ન દેખાવાથી કેવલ મન વડે જેનું સત્વ છે, તે હ્રીમનસત્વ.. પરિષહાદિની પ્રાપ્તિમાં બળનો નાશ થવાથી જેનું સત્વ ચલે છે તે ચલસત્ત્વ. તેનાથી વિપરીત તે સ્થિર સત્વ.

[૩૫૩] હમણાં સ્થિર સત્વી કહ્યો, તે અભિગ્રહોને સ્વીકારીને પાળે છે, તે બતાવતા આ ચાર સૂત્રો સુગમ છે. વિશેષ આ - જેમાં સૂવાય તે શય્યાસંસ્તારક, તેની પ્રતિમા - અભિગ્રહો તે શય્યાપ્રતિમા. તેમાં પાટિયા વગેરેમાં કોઈપણ એક ઉદ્દિષ્ટ જ લઈશ, બીજું નહીં, તે પહેલી પ્રતિમા. જે પૂર્વોદ્દિષ્ટ છે તે જ જ્યારે હું જોઈશ ત્યારે તે જ લઈશ, બીજું નહીં - તે બીજી પ્રતિમા. તે પણ જો શય્યાતરના ઘેર હોય તો લઈશ, બીજેથી લાવીને ત્યાં સૂઈશ નહીં તે ત્રીજી પ્રતિમા.. તે ફલક આદિ જેમ જોઈએ



તેમ પાથરેલું હોય તો તેની પાસેથી ગ્રહણ કરીશ, બીજી રીતે નહીં, તે ચોથી પ્રતિમા.

આ ચારમાં પહેલી બે પ્રતિમાઓ ગચ્છથી નીકળેલ સાધુને ગ્રહણ કરવા યોગ્ય નથી, પાછલી બેમાંથી કોઈપણ એકનો અભિગ્રહ કરે. અન્ય ગચ્છમાં ગયેલ સાધુઓને તો ચારે કલ્પે છે.. વસ્ત્રના ગ્રહણ વિષયમાં પ્રતિજ્ઞા, તે વસ્ત્રપ્રતિમા. કપાસાદિનું ઉદ્દિષ્ટ વસ્ત્ર હું યાચીશ તે પહેલી. જોયેલ વસ્ત્રને યાચીશ તે બીજી, શય્યાતરે પ્રાયઃ સારી રીતે વાપરેલ વસ્ત્ર જ લઇશ તે ત્રીજી, ફેંકવા યોગ્ય વસ્ત્રને જ ગ્રહણ કરીશ તે ચોથી.

પાત્ર પ્રતિમા - ઉદ્દિષ્ટ કાષ્ઠપાત્રાદિ યાચીશ તે પહેલી, જોયેલને તે બીજી, દાતારની માલિકીનું, વાપરેલ પાત્ર યાચીશ તે ત્રીજી, ફેંકી દેવા યોગ્ય પાત્ર યાચીશ તે ચોથી... સ્થાન - કાયોત્સર્ગાદિ માટે આશ્રય, તેની પ્રતિમા તે સ્થાન પ્રતિમા, તેના અભિગ્રહો - અચિત્ત સ્થાનનો આશ્રય કરી, ત્યાં આકુંચન-પ્રસારણાદિ કરીશ તથા અચિત્ત ભીંતાદિનું આલંબન કરીશ, ત્યાંજ સ્તોક પાદ વિહાર કરીશ તે પહેલી પ્રતિમા. ઉક્ત ક્રિયામાં પાદ વિહાર નહીં કરું. તે બીજી, ઉક્ત ક્રિયામાં પાદ વિહાર અને ભીંતાદિ અવલંબન નહીં કરું તે ત્રીજી, ઉક્ત એકે ક્રિયા નહીં કરું તે ચોથી પ્રતિમા.

[૩૫૪] અનંતર શરીર ચેષ્ટા નિરોધ કહ્યો, શરીર પ્રસ્તાવથી આ સૂત્ર કહે છે, તે સ્પષ્ટ છે. પરંતુ જીવ વડે વ્યાપ્ત તે જીવસ્પૃષ્ટ શરીર. વૈક્રિયાદિ શરીરો અવશ્ય જીવ વડે જ વ્યાપ્ત હોય છે, પણ જેમ જીવ વડે છોડાયેલ છતાં મૃતાવસ્થામાં ઔદારિક શરીર હોય તેમ વૈક્રિય ન હોય. કાર્મણ વડે ઔદારિકાદિ શરીરો મિશ્ર જ હોય, એકલા ન હોય - x - x -.

[૩૫૫] શરીરો, કાર્મણ વડે ઉન્મિશ્ર જ હોય, ઉન્મિશ્રકો સ્પૃષ્ટ જ હોય, સ્પૃષ્ટના પ્રસ્તાવથી કહે છે - સૂત્ર ઉક્તાર્થ છે. કેવલ સ્પૃષ્ટ એટલે પ્રતિપ્રદેશ વ્યાપ્ત, પૃથ્વી આદિ પાંચે સૂક્ષ્મોનો સર્વલોકથી સર્વલોકમાં ઉત્પાદ હોવાથી બધા લોકમાંથી નીકળીને મનુષ્ય ક્ષેત્રમાં ઋજુ અને વક્રગતિ વડે ઉત્પન્ન થતા બાદર તેજસ્કાયિકોનો બે ઉર્ધ્વ કપાટને વિશે બાદર તેજસ્કાયત્વરૂપ વ્યપદેશ ઇષ્ટ હોવાથી ''ચાર બાદરકાય'' કહ્યું. બાદર પૃથ્વી-અપ્-વાયુ-વનસ્પતિના જીવો સમસ્ત લોકથી નીકળીને પૃથ્વી આદિ, ઘનોદધિ આદિ, ઘનવાત વલય આદિ, ઘનોદધિ આદિમાં યથાયોગ્ય પોતાના ઉત્પત્તિ સ્થાનોમાં કોઈ ગતિ વડે ઉત્પન્ન થતા અપર્યાપ્તક અવસ્થામાં અતિ બહુપણાથી સર્વલોકમાં દરેકને સ્પર્શે છે. આ પૃથ્વી આદિ પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો અને ત્રસ જીવો લોકના અસંખ્યાતા ભાગને જ સ્પર્શે છે. પન્નવણાસૂત્રમાં કહ્યું છે—

બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા - x - ઉત્પત્તિ વડે લોકનો અસંખ્યાતમો ભાગ છે તથા બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તકો ઉત્પત્તિ વડે સર્વલોકમાં છે. આ રીતે વાયુ અને વનસ્પતિના સ્થાનો જાણવા. બાદર પર્યાપ્તક તેજસ્કાયિકના સ્થાનો ઉત્પત્તિથી લોકનો અસંખ્યાતમો ભાગ છે. બાદર અપર્યાપ્તક તેજસ્કાયિકોના સ્થાનો લોકના બે ઉર્ધ્વ કપાટમાં રહેલા તિર્છાલોકમાં કહ્યા છે. - x - x - સૂક્ષ્મ પૃથ્વીકાયિકો પર્યાપ્તક અને અપર્યાપ્તક બધાં એક પ્રકારે, વિશેષ રહિત, સર્વલોકમાં વ્યાપીને રહેલા કહ્યા

છે. એમજ બીજા અપ્કાયાદિ ચારે સૂક્ષ્મો જાણવા. પર્યાપ્ત - અપર્યાપ્ત બેઇન્દ્રિયના સ્થાનો ઉત્પત્તિ વડે લોકનો અસંખ્યાત ભાગ છે, એમ જ શેષ ત્રસોના સ્થાનો જાણવા.

[૩૫૬] ચાર લોક વડે સ્પૃષ્ટ કહ્યા. લોકના પ્રસ્તાવથી લોકની અને ધર્માસ્તિકાયાદિની પરસ્પર પ્રદેશથી સમાનતા કહે છે. સૂત્ર સરળ છે. વિશેષ આ - પ્રદેશના પરિમાણ વડે તુલ્ય છે, કેમકે બધાંના અસંખ્યાત પ્રદેશ છે. આકાશનું અનંત પ્રદેશપણું હોવાથી ધર્માસ્તિકાય આદિ સાથે અતુલ્યતાની પ્રાપ્તિ થવાથી લોકનું ગ્રહણ કર્યુ છે. સર્વજીવોના અનંતપ્રદેશ હોવાથી વિવક્ષિત તુલ્યતામાં અભાવ પ્રસંગથી એક જીવનું ગ્રહણ કર્યુ છે - પૃથ્વી આદિથી લોક સ્પર્શાયેલ કહ્યો માટે પૃથ્વી આદિ સૂત્ર—

● **સૂત્ર-૩૫૭ થી ૩૫૯ :-**

***[૩૫૭] ચાર પ્રકારના જીવોનું શરીર આંખોથી જોઈ શકાતું નથી, તે આ - પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વનસ્પતિકાયિક.***

***[૩૫૮] ચાર ઇન્દ્રિયોનો વિષય સ્પૃષ્ટ થઈને ગ્રાહ્ય છે - શ્રોત્રેન્દ્રિયનો, ઘ્રાણેન્દ્રિયનો, જિહ્વેન્દ્રિયનો, સ્પર્શનેન્દ્રિયનો.***

***[૩૫૯] ચાર કારણે જીવ અને પુદ્‌ગલ લોકની બહાર જઈ શકતા નથી - ગતિઅભાવથી, નિરુપગ્રહતાથી, રૂક્ષતાથી, લોકાનુભાવથી.***

● **વિવેચન-૩૫૭ થી ૩૫૯ :-**

[૩૫૭] સૂત્ર સરળ છે. વિશેષ આ - અતિ સૂક્ષ્મ હોવાથી આંખ વડે જોઈ ન શકાય અથવા આંખ વડે સુખેથી દેખી ન શકાય, પણ અનુમાનાદિ પ્રમાણથી દૃશ્ય છે, બાદર વાયુકાય તથા પાંચે સૂક્ષ્મજીવોના એક કે અનેક શરીરો પણ અદૃશ્ય છે માટે વાયુને છોડીને શેષ ચારનું કહ્યું. અહીં વનસ્પતિ શબ્દ વડે સાધારણ જ ગ્રાહ્ય છે, પ્રત્યેકનું શરીર તો દેખાય છે.

[૩૫૮] પૃથ્વી આદિનું ચક્ષુ ઇન્દ્રિય વડે અવિષયત્વ કહ્યું, ઇન્દ્રિયના પ્રસ્તાવથી કહે છે - સૂત્રાર્થ સ્પષ્ટ છે. વિશેષ આ - ઇન્દ્રિયો વડે જણાય તે ઇન્દ્રિયોના અર્થો - શબ્દાદિ, ઇન્દ્રિયો સંબદ્ધ છે, તે આત્મા વડે જણાય છે કેમકે નેત્ર અને મન સિવાય શ્રોત્રાદિનો પ્રાપ્ત વિષયના બોધરૂપ સ્વભાવ હોય. કહ્યું છે - શ્રોત્ર, સ્પૃષ્ટ શબ્દને સાંભળે છે, ચક્ષુ અસ્પૃષ્ટ રૂપને જુવે છે. ગંધ, રસ, સ્પર્શ બદ્ધસ્પૃષ્ટ હોય તો જણાય છે - ઇન્દ્રિય અને પુદ્‌ગલ સંબંધ કહ્યો, હવે તે બંનેના ગતિધર્મને વિચારતા કહે છે—

[૩૫૯] ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની ગતિ નથી માટે 'જીવો અને પુદ્‌ગલો' એમ કહ્યું, લોકની બહાર અલોકમાં જવા સમર્થ નથી. કેમકે ગતિનો અભાવ છે, લોકના છેડાથી આગળ ગતિલક્ષણ સ્વભાવનો અભાવ છે, - x - તથા નિરુપગ્રહપણાથી - ધર્માસ્તિકાયના અભાવથી ગતિ સહાયના અભાવથી ગાડી આદિ રહિત પાંગળાની જેમ ગમન અભાવ છે. રૂક્ષપણાથી - રેતીની મૂઠીની જેમ, લોકના છેડે પુદ્‌ગલો એ રીતે પરિણમે છે, જેથી આગળ જવા સમર્થ થતાં નથી. કર્મપુદ્‌ગલો પણ તથાભાવે જીવોથી છૂટા પડી જાય છે અને સિદ્ધો નિરુપગ્રહતાથી આગળ જતા નથી. લોકમર્યાદા વડે પોતાના વિષયક્ષેત્રથી બીજે સ્થળે સૂર્યમંડળની જેમ આગળ ન જઈ શકે.



કહેલ અર્થમાં પ્રાયઃ પ્રાણીને વિશ્વાસ ઉત્પન્ન થાય માટે - x - સૂત્ર—

● **સૂત્ર-૩૬૦ :-**

***૧- જ્ઞાત [દૃષ્ટાંત] ચાર ભેદે કહ્યા છે - આહરણ, આહરણતદ્દેશ, આહરણ તદ્દોષ, ઉપન્યાસોપનય... ૨- આહારણ ચાર ભેદે કહ્યા - અપાત, ઉપાત, સ્થાપનાકર્મ, પ્રત્યુત્પન્ન વિનાશી... ૩- આહારણતદ્દેશ ચાર ભેદે કહ્યા - અનુશિષ્ટી, ઉપાલંભ, પૃચ્છા, નિશ્રાવચન... ૪- આહરણતદ્દોષ, ચાર ભેદે કહ્યા - અધર્મયુક્ત, પ્રતિલોમ, આત્મોપનીત, દુરુપનીત... ૫- ઉપન્યાસ ઉપનય ચાર ભેદે કહ્યા - તદ્‌વસ્તુક, તદન્યવસ્તુક, પ્રતિનીભ, હેતુ.***

***હેતુ ચાર ભેદે કહ્યા - યાપક, સ્થાપક, વ્યંસક, લૂસક.. અથવા.. હેતુ ચાર ભેદે કહ્યા - પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, આગમ.. અથવા.. હેતુ ચાર ભેદે કહ્યા - અસ્તિત્વ અસ્તિત્વહેતુ, અસ્તિત્વ નાસ્તિત્વ હેતુ, નાસિત્વ અસ્તિત્વ હેતુ, નાસ્તિત્વ નાસ્તિત્વહેતુ.***

● **વિવેચન-૩૬૦ :-**

તેમાં જેના હોવાથી દાર્ષ્ટાન્તિક અર્થ જણાય તે જ્ઞાત-દૃષ્ટાંત, સાધન સદ્‌ભાવે સાધ્યનો અવશ્ય ભાવ છે અથવા સાધ્ય અભાવે સાધનનો અવશ્ય અભાવ હોય છે. આ ઉપદર્શન લક્ષણ છે. કહ્યું છે - સાધ્યથી હેતુનો બોધ થાય અને સાધ્ય અભાવે નહીં. દૃષ્ટાંત સાધર્મ્ય-વૈધર્મ્ય બે ભેદે છે. સાધર્મ્ય દૃષ્ટાંત અહીં અગ્નિ છે, જેમ રસોડામાં ધૂમાડો. વૈધર્મ્ય દૃષ્ટાંત - અગ્નિ અભાવે ધૂમાડો ન હોય - જેમકે જળાશય. અથવા કથાનક રૂપ જ્ઞાત - તે ચરિત્ર અને કલ્પિત ભેદે બે પ્રકારે. તેમાં ચરિત્ર - જેમ બ્રહ્મદત્તની જેમ નિયાણું દુઃખને માટે છે અને કલ્પિત-પ્રમાદવાળાને યૌવન અનિત્ય છે, તે બતાવવું—

જેમ પાંડુ પત્રે કુમળા પત્રોને કહ્યું - જેમ તેમ તેમ અમે, તમે પણ તેવા થશો, એ ન્યાયે પાડું પત્રો કુંમળા પત્રોને બોધ આપે છે.

અથવા ઉપમાન જ્ઞાત-કોમળ પત્રની જેમ સુકુમાર હાથ છે, ઇત્યાદિ. અથવા જ્ઞાત-ઉપપત્તિ માત્ર જ્ઞાત હેતુ હોવાથી - "શા માટે યવ ખરીદો છો ?" કેમકે મફત મળતા નથી, ઇત્યાદિ અનેક પ્રકારે છે - સાધ્યને જણાવવારૂપ દૃષ્ટાંત, ઉપાધિના ભેદથી ચાર પ્રકારે સૂત્રકાર બતાવે છે - તેમાં -

આ - અભિવિધિ વડે, હ્રિયતે - અપ્રતીત અર્થ જેના વડે પ્રતીતિમાં લઈ જવાય છે, તે આહરણ. જેમાં સમુદિત જ દાર્ષ્ટાન્તિક અર્થ લેવાય છે. જેમ પાપ દુઃખને માટે છે - બ્રહ્મદત્તવત્. - - આહરણ અર્થનો દેશ તે તદ્દેશ, તે ઉપચારથી દેશ આહરણ છે - x - ભાવાર્થ આ છે - જ્યાં દૃષ્ટાંતરૂપ અર્થના દેશ વડે જ દાર્ષ્ટાન્તિક અર્થનો ઉપનયન કરાય તે તદ્દેશોદાહરણ છે. જેમ આ સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું છે. અહીં સૌમ્યત્વ લક્ષણથી દેશથી મુખનું ઉપનયન કરાય છે, પણ નેત્ર-નયન રહિતતા કે કલંકાદિથી નહીં.

તે આહરણ સંબંધી સાક્ષાત્ કે પ્રસંગથી પ્રાપ્ત દોષ તે તદ્દોષ, ધર્મને વિશે

ધર્મીના ઉપચારથી તદ્દોષઆહરણ છે. - x - અથવા આહરણ દોષ જેમાં છે તે આહરણતદ્દોષ, બાકી પૂર્વવત્. ભાવાર્થ - સાધ્યના વિકલપણાદિ દોષથી જે દુષ્ટ છે તે તદ્દોષ આહરણ. જેમ ઘટ માફક અમૂર્તપણાથી શબ્દ નિત્ય છે, અહીં સાધ્ય-સાધન વિકલતા નામક દૃષ્ટાંતદોષ છે. વળી અસભ્યાદિ વચનરૂપ છે, તે તદ્દોષ આહરણ જેમ હું સર્વથા અસત્યપરિહાર કરું છું - x - અથવા સાધ્યની સિદ્ધિ કરતો અન્ય દોષ લાવે તે તદ્દોષાહરણ. જેમ લૌકિક મુનિઓ પણ સત્ય ધર્મને ઇચ્છે છે - x - x - "સો યજ્ઞથી એક પુત્ર શ્રેષ્ઠ, સો પુત્રોથી એક સત્ય શ્રેષ્ઠ" એવા વચન બોલે. આવા વચનો શ્રોતાને પ્રાયઃ સંસારના કારણભૂત પુત્ર, યજ્ઞાદિમાં ધર્મની પ્રતીતિ બતાવે છે, તેથી આહરણ તદ્દોષતા છે. વળી જેમ કોઈ કહે કે ઘટવત્ આ જગત્ કરાયેલ છે, તેનો કર્તા ઈશ્વર છે, આ રીતે તે ઈશ્વરને કુંભાર તુલ્ય કહે છે.

વાદીએ સ્વસંમત અર્થ સાધવા વસ્તુનો ઉપન્યાસ કરતા તેના ખંડન માટે પ્રતિવાદી દ્વારા જે વિરુદ્ધ અર્થનો ઉપનય કરાય કે પૂર્વપક્ષમાં ઉત્તરરૂપ ઉપનય કરે તે ઉપન્યાસોપનય, ઉત્તરરૂપ યુક્તિ માત્ર છતાં દૃષ્ટાંત ભેદ છે. કેમકે જ્ઞાતનો હેતુ હોય છે. જેમકે આત્મા અમૂર્તપણાથી આકાશવત્ અકર્તા છે. એમ કહે ત્યારે બીજો કહે છે - આકાશની માફક અભોક્તા પણ થશે અને અભોક્તૃત્વ તમને પણ ઇષ્ટ નથી. - x - x - x - [ઇત્યાદિ, ચર્ચા વૃત્તિથી જાણવી.] - x - x -.

अवाय :- અપાય - અનર્થ, તે જે દૃષ્ટાંતમાં દ્રવ્યાદિને વિશે કહેવાય છે, તે આ - આ દ્રવ્યાદિ વિશેષોને વિશે વિવક્ષિત દ્રવ્યાદિ વિશેષોની જેમ અપાય છે અથવા હેયતા જેમાં કહેવાય તે અપાય નામક આહરણ છે. તે દ્રવ્યાદિ ચાર ભેદે છે. તેમાં દ્રવ્યથી કે દ્રવ્યમાં અપાય અથવા તેનું કારણ હોવાથી દ્રવ્ય જ અપાય તે દ્રવ્ય અપાય. - x - x - દ્રવ્ય અપાય છોડવા યોગ્ય છે અથવા દ્રવ્યમાં અનર્થ વર્તે છે, દૃષ્ટાંત-કોઈ બે વણિકભાઈ દેશાંતર જઈ, ધન મેળવીને, ધનના લોભથી પરસ્પર મારવા તૈયાર થયા. ગામ પાસે આવતા વિચાર્યુ કે આ દ્રવ્ય અનર્થકારણ છે. ધનને દ્રહમાં ફેંક્યુ, તે કોઈ મત્સ્ય મળી ગયો, તે મત્સ્ય તે ભાઈઓની બહેનો ખરીદી લાવી, મત્સ્ય ચીરતા ધન મળ્યું, દ્રવ્ય લોભથી માતાને મારી નાંખી. તે અનર્થ જોઈને બંને ભાઈઓએ વૈરાગ્યથી દીક્ષા લીધી. તે અપાય પરિહાર.

- x - ક્ષેત્રથી, ક્ષેત્રમાં કે ક્ષેત્ર જ અપાય તે ક્ષેત્ર અપાય. શેષ પૂર્વવત્ - x - અપાયવાળું ક્ષેત્ર વર્જવું. જેમ જરાસંઘ નામક પ્રતિવાસુદેવના સંભવિત અપાય જ્યાં છે તે મથુરાનગરી દશાર્હો-યાદવોએ છોડી હતી.

- x - અપાય સહિત અનર્થવાળા કાળના ત્યાગમાં યત્ન કરે તે કાળ અપાય. બાર વર્ષમાં દ્વૈપાયન દ્વારિકાને બાળશે - એવી નેમિનાથના વચન સાંભળી બાર વર્ષ લક્ષણ અપાય સહિત સમયને ત્યજવા માટે ઉતરાપથને વિશે ગયેલ દ્વૈપાયનની જેમ - x - અપાયસહિત કાળ હોય.

ભાવ અપાય - મહાનાગની જેમ તજવો. દૃષ્ટાંત-કોઈ તપસ્વી પારણે ક્ષુલ્લકમુનિ સાથે ભિક્ષા ભ્રમણાર્થે નીકળ્યા. કોઈ રીતે દેડકી મરી ગઈ, ક્ષુલ્લકે પ્રેરણા કરી તો



પણ તપસ્વી મુનિએ તે ન સ્વીકાર્યુ, ફરી સાંજે યાદ કરાવ્યુ, ક્રોધ ચડ્યો, ક્ષુલ્લકને મારવા દોડ્યા, થાંભલા સાથે અથડાઈ મૃત્યુ પામી જ્યોતિષ્કમાં ઉપજીને ચ્યવીને જાતિસ્મરણવાળા દૃષ્ટિવિષ સર્પ થયા, સર્પ ડંશથી મરેલા પુત્રને જોઈને રાજાએ બધાં નાગોને મારવા આદેશ આપ્યો. - x - આ નાગે વિચાર્યુ કે મારી દૃષ્ટિથી આ મનુષ્ય ભસ્મ થઈ જશે. સર્પે પૂછડું કાઢ્યું. કટકા-કટકા કરાયા. છતાં તે નાગે પૂર્વકૃત્ ક્રોધનો અપાય જાણી ક્રોધ લક્ષણ ભાવ અપાયનો ત્યાગ કર્યો - x - x - નાગદત્ત રાજપુત્ર થયો, દીક્ષા લીધી, તિર્યંચપણાના અભ્યાસથી અતિભુખ્યો રહેવા લાગ્યો. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખા-ખા કરતો - x - x - બીજા મુનિએ ઇર્ષ્યાથી આહારમાં થૂંકવા છતાં ઉપશાંત ભાવે કેવળજ્ઞાન પામ્યા.

उवाए - ઉપાય - કાર્ય પ્રત્યે પુરુષના વ્યાપારાદિ સામગ્રીરૂપ. તે દ્રવ્યાદિ ઉપેયમાં છે, એ રીતે જે આહરણમાં કહેવાય તે ઉપાય આહરણ. જેમકે - આ સાધવા યોગ્ય દ્રવ્યાદિ વિશેષોને વિશે ઉપાય છે, વિવક્ષિત દ્રવ્યાદિ વિશેષ માફક અથવા દ્રવ્યની ઉપાદેયતા જેમાં કહેવાય છે તે આહરણ ઉપાય છે. તે પણ દ્રવ્યાદિથી ચાર ભેદે છે. તેમાં સુવર્ણ આદિ દ્રવ્યનો કે પ્રાસુક ઉદકનો અથવા દ્રવ્ય એ જ ઉપાય તે દ્રવ્ય ઉપાય. દ્રવ્યનું સાધન કે દ્રવ્યની ઉપાદેયતારૂપ સાધન પણ તેમજ છે - x - x -

એ રીતે ક્ષેત્રોપાય - ક્ષેત્રમાં પરિકર્મ વડે ઉપાય. જેમ આ ક્ષેત્રનો ક્ષેત્રીકરણરૂપ ઉપાય હળ વગેરે છે અથવા તથાવિધ સાધુના વ્યાપાર વડે તથાવિધ અન્ય ક્ષેત્રની માફક પ્રવર્તવું તે.

એ રીતે કાલોપાય - કાલ જ્ઞાનનો ઉપાય. જેમ કાલજ્ઞાનમાં ધાન્ય આદિની જેમ ઉપાય છે, અથવા ઘટિકાની છાયાદિ ઉપાયથી કાળને જાણ.

એ રીતે ભાવોપાય - જે ભાવને જાણવામાં ઉપાય છે અથવા ઉપાયથી તું ભાવને જાણ, તે બૃહત્કુમારિકા કથા-કથનથી જાણેલ છે ચોર આદિનો ભાવ જેણે એવા અભયકુમાર માફક. [તે કથાનો સાર-] રાજગૃહીના સ્વામી શ્રેણિક રાજાને અભયકુમાર પુત્ર છે. રાજાને દેવકૃપાથી સર્વઋતુ સંબંધી ફલાદિથી સમૃદ્ધ બગીચો હતો. અકાળે ઉત્પન્ન આમ્રફળ ખાવાના દોહદવાળી સ્ત્રીના પતિ ચાંડાલ ચોરે આમ્રફળ ચોર્યા, ચોરને જાણવા ઘણાં મનુષ્યો મધ્યે અભયકુમારે મોટી કુમારિકાની કથા કહી *[કથા વૃત્તિથી જાણી લેવી, પ્રસિદ્ધ છે.]* કથા કહીને અભયકુમારે પૂછ્યું કે આમાં દુષ્કરકારક કોણ ? - x - x - ચોરે કહ્યું ચોર દુષ્કરકારક છે, તેથી અભયકુમારે પણ આ ઉપાય વડે ભાવને ઓળખી, આ જ ચોર છે તેવો નિર્ણય કર્યો - x - x -.

સ્થાપના કર્મ - સ્થાપવું તે સ્થાપના, તેનું કર્મ તે સ્થાપનાકર્મ. જે જ્ઞાત દ્વારા પરમતને દૂષિત કરીને સ્વમતની સ્થાપના કરાય છે તે સ્થાપના કર્મ. બીજા અંગસૂત્રમાં બીજા શ્રુતસ્કંધમાં પુંડરીક નામક પહેલું અધ્યયન છે, તેમાં કહેલું છે કે - કોઈ કાદવ અને પ્રચુર જલવાળી વાવ છે, તેના મધ્યભાગે મહાપુંડરીક કમળને લેવા માટે ચારે દિશાથી ચાર પુરુષો કાદવવાળા માર્ગે પ્રવેશ્યા, પણ કમળ મેળવ્યા સિવાય કાદવમાં ખૂંચી ગયા. અન્ય પુરુષે કાંઠે રહીને કાદવને સ્પર્શ્યા વિના અમોઘ વચનથી કમળને

મેળવ્યું. આ દૃષ્ટાંત છે. તેનો ઉપનય આ પ્રમાણે - કર્દમ સ્થાને વિષયો લેવા, પુંડરીક તે રાજાદિ ભવ્યપુરુષ, ચાર પુરુષો તે પરતીર્થિકો, પાંચમો પુરુષ તે સાધુ, અમોઘ વચન સમાન ધર્મદેશના અને પુષ્કરણી સમાન સંસાર. તેનાથી ઉદ્ધાર સમાન નિર્વાણ છે. આ દૃષ્ટાંતથી વિષયઅભિલાષી અન્યતીર્થિકોને સંસારનું તારકપણું નથી, સાધુ તારક છે. આમ કહીને આચાર્યએ પરમતના દૂષણ વડે સ્વમતનું સ્થાપન કર્યું.

ઉક્ત દૃષ્ટાંતે સ્થાપનાકર્મ કહ્યું. અથવા પ્રાપ્ત દૂષણને દૂર કરીને સ્વ અભિપ્રાયની સ્થાપના કરવી, આવા પ્રકારની અર્થની પ્રાપ્તિ જેનાથી થાય તે સ્થાપના કર્મ. કોઈ માળીએ રાજમાર્ગમાં વડીનીતિ કરવારૂપ અપરાધને નિવારવા તે સ્થાને ફુલનો ઢગલો કર્યો. આ શું છે ? એમ પૂછનારાને 'આ હિંગુશિવ દેવ છે' એમ બોલતા તેણે વ્યંતરાયતનની સ્થાપના કરી. આ આખ્યાનથી ઉક્ત અર્થ નિશ્ચિત થાય છે, તે સ્થાપના કર્મ.

તથા નિત્યાનિત્ય વસ્તુ છે એમ જિનમત કહે છે, તે અસંગત છે - x - એમ વાદીએ કહ્યું, તે દૂષણને દૂર કરવા માટે કહેવાય છે કે - વિરુદ્ધ ધર્માધ્યાસ વિકલ્પની જેમ ભેદનું કારણ નથી, વિકલ્પ જ ક્રમ વડે થનાર વર્ણનો ઉલ્લેખ કરનાર વિરુદ્ધ ધર્મસહિત હોય છે - x - x - કોઈપણ શબ્દના દરેક અક્ષરોને જુદા પાડવાથી મુખ્ય અર્થનો અભાવ થાય, ઇત્યાદિ - x - એ રીતે વિરુદ્ધ ધર્માધ્યાસનું કથંચિત્ અભેદપણું છતાં કેવલ નિત્યાનિત્ય થતું નથી. આ દૂષણ દૂર કર્યુ એટલું જ નહીં પણ સર્વ વસ્તુ અનેકાંતાત્મક છે એમ વિકલ્પજ્ઞાત વડે સ્વમત સ્થાપન કર્યુ, એ રીતે - x - વિકલ્પજ્ઞાત સ્થાપના કર્મ છે. - x - x - x - સવ્યભિચાર હેતુને કહીને, - x - અન્ય હેતુથી પુષ્ટ કરે.

તે આ પ્રમાણે - 'શબ્દ' કરેલ હોવાથી અનિત્ય છે. વર્ણાત્મક શબ્દને વિશે કૃતકત્વ વિદ્યમાન નથી, કેમકે વર્ણોને નિત્યપણાએ કહેલ છે. કૃતકત્વ હેતુ વ્યભિચારી છે. - x - ઘટાદિ દૃષ્ટાંત વડે જ વર્ણોનું કૃતકત્વ સ્થાપન કર્યુ માટે સ્થાપના કર્મ છે. તત્કાળ ઉત્પન્ન વસ્તુનો વિનાશ જેમાં કથનપણાએ છે, તે પ્રત્યુત્પન્નવિનાશી આહરણ. જેમ કોઈ વણિકે પુત્રી આદિ સ્ત્રી પરિવારના શીલની રક્ષાર્થે - x - સ્વગૃહે કુલદેવતાનું મંદિર બનાવ્યું. ત્યાં મોટા વાજિંત્ર વગડાવવા લાગ્યો અને રાજના અપરાધનો પરિહાર કરી [પ્રત્યુત્પન્ન દોષનો] વિનાશ કર્યો. એ રીતે ગુરુએ શિષ્યોને કોઈ વસ્તુમાં આસક્ત થયેલ જોઈને તેમની આસક્તિનું નિમિત્તપણું નાશ કરવા યોગ્ય છે. એ રીતે પ્રત્યુત્પન્ન વિનાશનીયતા જણાવનાર હોવાથી પ્રત્યુત્પન્ન વિનાશીરૂપ જ્ઞાતતા કહી.

ઉપાય વડે ગુરુએ શિષ્યને આસક્તિથી વારવા યોગ્ય છે અથવા આત્મા આકાશની જેમ અમૂર્ત્તપણાથી અકર્તા છે. આ રીતે આત્માને અકર્તૃત્વ પ્રાપ્તિ રૂપ દૂષણ ઉત્પન્ન થયે છતે તેના વિનાશ માટે કહેવાય છે - આત્મા કથંચિત્ મૂર્ત્તપણાથી કર્તા જ છે. આહરણતા અને તેના ભેદોનું દેશ વડે દોષવત્ત્વપણાએ ઉપનય ન્યાયે આહારણનું વ્યાખ્યાન કર્યુ.

હવે આહરણ તદ્દેશ કહેવાય છે, તે ચાર પ્રકારે છે -૧- अनुशासन - તે



સદ્‌ગુણોના ઉત્કીર્તન વડે પ્રશંસવા યોગ્ય છે, આ પ્રકારે જેમાં ઉપદેશાય છે, તે અનુશાસ્તિ - x - જેમ સાધુના નેત્રમાં પડેલ રજકણને દૂર કરવા વડે લોકો દ્વારા શીલમાં શંકા થતા - x - દેવની સહાયવાળી, ચાલણી વડે ભરેલ પાણીને છાંટવાથી જેણે ચંપાપુરીના દરવાજા ઉઘાડેલા, એવી જે સુભદ્રા, 'અહો શીલવતી' એમ મહાજન લોક વડે પ્રશંસા પામી. કહ્યું છે કે - અનુશાસ્તિ, ઉપાલંભ, પૃચ્છા, નિશ્રાવચન એ ચાર ભેદે આહરણતદ્દેશ છે, તેમાં અનુશાસ્તિમાં સુભદ્રાનું દૃષ્ટાંત છે.- x - x -

અહીં તથાવિધ વૈયાવચ્ચાદિ વડે ઉપનય સંભવે છે, તેના ત્યાગ વડે મહાજન દ્વારા કરાયેલ પ્રશંસા માત્રથી ઉપનય કરેલ છે. તે આહારણ-તદ્દેશતા છે, એ રીતે અસંમત અંશના ત્યાગથી સંમત અંશનું ઉપનયન ભાવવું.. ઓલંભો દેવો તે ઉપાલંભ, પ્રકારાંતર વડે અનુશાસન જ છે. તે જેમાં કહેવાય છે તે ઉપાલંભ આહરણ તદ્દેશ છે. જેમ કોઈ અપરાધી શિષ્ય ઉપાલંભનીય છે. જેમ મહાવીરસ્વામીના સમવસરણમાં વિમાન સહિત આવેલા ચંદ્ર-સૂર્યના ઉદ્યોતથી કાળ વિભાગને ન જાણતી મૃગાવતી સાધ્વી ત્યાં રહ્યા, પછી અતિકાળ થયો જાણી, મૃગાવતી સાધ્વીઓ સાથે આર્યા ચંદનાની પાસે ગયા, તેણીએ ઉપાલંભ આપ્યો - x - x -.

પૃચ્છા - શું ?, કેવી રીતે ? કોણે કર્યુ ? ઇત્યાદિ. જેમાં વિધેયપણે ઉપદેશાય છે તે પૃચ્છા. - x - જે રીતે કોણિકે ભગવંતને પૂછ્યું હતું - શ્રેણિક રાજાના પુત્ર કોણિકે ભગવંતને પૂછ્યું - અપરિત્યક્ત કામવાળા ચક્રવર્તી મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ? ભગવંતે કહ્યું - સાતમી નરકે. હું ક્યાં ઉત્પન્ન થઈશ ? છઠ્ઠી નરકે. - x - x - તે કૃત્રિમ રત્નો બનાવી ભરત ક્ષેત્રને સાધવા પ્રવૃત્ત થયો, કૃતમાલ દેવે તેને તમિસ્રા ગુફાના દ્વારે મારી નાંખ્યો અને તે છઠ્ઠી નરકે ગયો.

નિશ્રાવચન - નિશ્રા વડે વચન. કોઈ સુશિષ્યને અવલંબીને બીજાને બોધ કરવા માટે જે વચન તે નિશ્રાવચન છે. તે જેમાં વિધેયપણાએ કહેવાય તે આહરણ નિશ્રાવચન. વિનયસંપન્ન અન્ય શિષ્યને અવલંબીને નહીં સહન કરનાર શિષ્યો પ્રત્યે કિંચિત્ કહે. જેમ ગૌતમને આશ્રીને ભગવંતે કહેલ. દીક્ષિત તાપસાદિને કેવલજ્ઞાન થતાં અને પોતાને કેવલજ્ઞાન ન થવાથી અધૈર્યવાળા ગૌતમને કહ્યું. હે ગૌતમ ! તું ઘણા કાળથી સંશ્લિષ્ટ છે, ચિરકાળથી પરિચિત છે આદિ વચનથી બીજા પણ અનુશાસિત કરાયા, તેમના બોધ માટે દ્રુમપત્રક અધ્યયન કહ્યું. - x - ત્રીજું તદ્દેશોદાહરણનું વ્યાખ્યાન કરાયું.

હવે તદ્દોષોદાહરણનું વ્યાખ્યાન કરાય છે. તે ચાર ભેદે છે - ૧- અધર્મયુક્ત - કોઈક અર્થને સાધવાને જે ઉદાહરણ કેવળ પાપના કથનરૂપ કહેવાય, જેને કહેવાથી શ્રોતાને અધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય છે તે. જેમકે - x - સ્વપુત્રને કરડનાર મંકોડાની શોધ કરવાથી જોયેલ બિલમાં રહેલા બધાં મંકોડાને મારવા માટે ઉષ્ણ પાણી રેડવાનું કાર્ય જોઈને ખુશ થયેલ ચાણક્યે તે નલદામ કોલિકને કોટવાલ પદ આપ્યું. તેણે ચોરીના કાર્યમાં સહકારી થવારૂપ ઉપાય વડે વિશ્વાસિત ચોરોને વિષમિશ્રિત ભોજન આપી બધાને મારી નાંખ્યા. આ આહરણ તદ્દોષતા. આ દૃષ્ટાંત અધર્મયુક્ત

અને તથાવિધ શ્રોતાને અધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરાવનાર છે. સાધુએ આવું દૃષ્ટાંત ન આપવું.

૨- પ્રતિલોમ - જેમાં પ્રતિકુલ પ્રત્યે પ્રતિકુલપણું ઉપદેશાય છે. જેમ - શઠ પ્રત્યે શઠતા કરવી. જેમકે - ચંડપ્રદ્યોતના અપહરણ માટે તેના વડે અપહૃત અભયકુમારે તેની સાથે શઠતા કરી. શ્રોતાને અન્યનો અપકાર કરવામાં નિપુણબુદ્ધિને ઉત્પન્ન કરનાર હોવાથી તદ્દોષતા છે. અથવા ધૃષ્ટ પ્રતિવાદીએ જીવ અને અજીવ બે જ રાશિ કહ્યું, ત્યારે તેનું ખંડન કરવા 'નોજીવ' નામક ત્રીજી રાશિ પણ છે. આ વિપરીત સિદ્ધાંતના કથનથી આ દૃષ્ટાંતને પણ તદ્દોષતા છે.

૩- આત્મોપનીત - પોતે જ ઉપનીત - જેમ નિવેદન કરેલ તેમ સ્વયં જોડાયેલ છે જેને વિશે તે આત્મોપનીત. અન્યમનના દૂષણ માટે સ્વીકારેલ દૃષ્ટાંતથી સ્વમતને દુષ્ટપણે લઈ જાય. જેમકે - રાજાએ પૂછ્યું - તળાવ અભેદ કેમ થશે ? પિંગલ સ્થપતિએ કહ્યું કે - ભેદસ્થાનમાં કપિલાદિ ગુણવાળો પુરુષ દાટતાં અભેદ થશે. પિંગલ તેવા ગુણવાળો હોવાથી પ્રધાને તેને જ દાટી દીધો. એમ પોતાના વચનદોષથી પોતે જ જોડાયો. આ રીતે આત્મોપનીત છે. અહીં ઉદાહરણ - જેમ 'સર્વ જીવોને હણવા નહીં' આ પક્ષને દૂષિત કરવા કોઈ કહે છે - વિષ્ણુએ દાનવો હણ્યા તેમ અન્યધર્મીને હણવા, એમ કહી ધર્માંતરણ સ્થિત પુરુષોને સ્વ આત્મા હણવા યોગ્યપણાએ સ્થાપ્યો, આની તદ્દોષતા પ્રસિદ્ધ છે.

દુરુપનીત - દુષ્ટ ઉપનીત, નિશ્ચિત રૂપ યોજેલ છે જેને વિશે તે. જેમ કોઈ પરિવ્રાજક જાળ લઈને મત્સ્ય પકડવા ચાલ્યો. કોઈ ધૂર્તે તેને કંઈક કહ્યું, તેનો તેણે અસંગત ઉત્તર આપ્યો. અહીં વૃત્તાંત છે - હે ભિક્ષુ ! આ તારી કંથા જીર્ણ કેમ છે ? મત્સ્યના વધ માટે જાલ છે. - શું તું મત્સ્ય ખાય છે ? હું દારુ સાથે માંસ ખાઉં છું - દારુ પીએ છે ? વેશ્યા સાથે પીઉં છું - વેશ્યાને ઘેર જાય છે ? - x - x - ઇત્યાદિ પ્રશ્નોત્તર થયા તે સાધ્યમાં અનુપયોગી અને સ્વમતમાં દૂષણ લાવનાર દૃષ્ટાંત છે. તે દાર્ષ્ટાન્તિક સાથે સાધર્મ્યના અભાવથી દુરુપનીત છે. જેમ ઘટની માફક શબ્દ નિત્ય છે, અહીં ઘટમાં નિત્યત્વ નથી, તો શબ્દનું નિત્યપણું કેમ સિદ્ધ થાય ? - x - x - x - વૃત્તિમાં અહીં બૌદ્ધમત ખંડન પણ છે, ત્યાં દીપનું દૃષ્ટાંત, તે દૃષ્ટાંતનું સ્વમતમાં દૂષણપણું પણ બતાવ્યું છે - x - x - x - અહીં આહરણ તદ્દોષ કહ્યો. હવે ઉપન્યાસ ઉપનય કહે છે.

તે ચાર પ્રકારે છે -૧- જે ઉપન્યાસોપનયમાં વાદી વડે સ્થાપન કરાયેલ સાધનરૂપ વસ્તુ છે તે જ ઉત્તરભૂત વસ્તુ છે તે તદ્વસ્તુક. અથવા તે જ અન્ય વડે સ્થપાયેલ વસ્તુ તે તદ્વસ્તુક. તે વસ્તુયુક્ત ઉપન્યાસ ઉપનય પણ તદ્વસ્તુક કહેવાય છે. આગળ પણ તેમ જ જાણવું. જેમ કોઈ કહે છે - સમુદ્ર કિનારે એક મહાવૃક્ષ છે, તેની શાખાઓ જળ અને સ્થળ ઉપર રહેલી છે. તેના પાંદડા જળમાં પડે છે, તે જળચર - જીવો થાય છે અને જે સ્થળમાં પડે છે, તે સ્થળચર જીવો થાય છે. અન્ય વાદી તેમનું ખંડન કરવા પૂછે છે - જે પત્રો મધ્યમાં પડે છે તેની શી સ્થિતિ ? તે



કહો. આ યુક્તિ માત્ર ઉત્તરભૂત તદ્વસ્તુક ઉપન્યાસ ઉપનય છે.

જ્ઞાત નિમિત્તપણાથી આનું જ્ઞાતપણું છે અથવા આ જ્ઞાત યથારૂઢ છે. તે કહે છે - જળ, સ્થલમાં પડેલાં પત્રો, જલ-સ્થલ મધ્યે પડેલાં પત્ર માફક જલચરાદિ જીવોરૂપ સંભવતા નથી, મધ્યે પડેલ પત્રોને ઉભયરૂપ પ્રસંગ આવશે, પણ ઉભય સ્વરૂપ જીવો તો સ્વીકારેલા નથી અથવા જીવ આકાશની જેમ અમૂર્તપણાથી નિત્ય છે. આ રીતે વાદીએ કહ્યું ત્યારે તેનો ઉત્તર આપે છે - જીવ મૂર્તપણથી કર્મના માફક અનિત્ય જ થાઓ. અન્ય વડે સ્થપાયેલ વસ્તુથી ઉત્તરભૂત અન્ય વસ્તુ છે જે ઉપન્યાસ-ઉપનયમાં તે તદન્ય વસ્તુક. - - જેમ જલમાં પડેલ પત્રો જલચર જીવો થાય છે, એમ કહ્યું ત્યારે, તેનું નિરસન કરવાને માટે પતનથી અન્ય ઉત્તર કહે છે - જે પત્રોને પડાવીને ખાય છે કે લઈ જાય છે, તે પાંદડાનું શું થશે ? કયા રૂપમાં આવશે ? કંઈ નહીં થાય. આ પણ જ્ઞાપકપણે જ્ઞાત કહેલ છે. અથવા આ જ્ઞાત યથારૂઢ જ છે. તે કહે છે—

જલ અને સ્થલમાં પડેલ પત્રો મનુષ્યાદિથી આશ્રિત પત્રોની માફક જલચરાદિ જીવો રૂપે સંભવતા નથી. - x - x - ભાવાર્થ એ કે - જલ આદિમાં પડેલાં પત્રોનું પણ જલચરત્વાદિ અસંભવ છે - - જે ઉપન્યાસ ઉપનયમાં વાદીએ સ્થાપેલ વસ્તુની સમાન વસ્તુ ઉત્તર દેવા માટે સ્થાપન કરાય છે તે પ્રતિનિભ. જેમ કોઈ પ્રતિજ્ઞા કરે છે કે - જે પુરુષ મને અપૂર્વ વસ્તુ સંભળાવે તેને એક લાખના મૂલ્યનો કટોરો આપુ. તે અપૂર્વ સંભળાવ્યુ તો પણ અપૂર્વ નથી એમ સ્વીકારે. ત્યારપછી એક સિદ્ધપુત્રે કહ્યું - તારા પિતાએ મારા પિતા પાસેથી એક લાખ દ્રવ્ય લીધેલ છે, તેં જો પૂર્વે સાંભળ્યુ હોય તો લાખ દ્રવ્ય આપ, અન્યથા કટોરો આપ.

ઉક્ત દૃષ્ટાંતની પ્રતિનિભતા આ રીતે - કોઈએ બધું કહ્યું ત્યારે મેં આ પહેલા સાંભળેલ છે, એ રીતે અસત્ય વચન બોલનારના નિગ્રહ માટે સિદ્ધપુત્રે યુક્તિ કરી. આ રીતે બે તરફથી બંધન સમાન અસત્ય વચનનું જ સ્થાપનપણું હોવાથી આ દૃષ્ટાંતની પ્રતિનિભતા છે. યુક્તિ માત્રરૂપ આ પ્રતિનિભનું પણ અર્થને જણાવનાર હોવાથી જ્ઞાતપણું છે અથવા યથારૂઢ જ આ જ્ઞાત છે, તે કહે છે—

મને કોઈપણ શ્લોકાદિ અશ્રુતપૂર્વ નથી, એવા અભિમાન ધનીને અમે કહીએ છીએ - તને અશ્રુતપૂર્વ વચન છે, તારા પિતા મારા પિતાનો દેવાદાર છે. જે ઉપન્યાસોપનયમાં પ્રશ્નનો ઉત્તરરૂપે હેતુ કહેવાય છે તે હેતુ. - - કોઈ વડે પ્રશ્ન પૂછાયો - તું યવ કેમ ખરીદે છે ? તે કહે છે મફત મળતા નથી માટે. - x - આ પણ યુક્તિમાત્ર છે, અર્થને જણાવનાર હોવાથી જ્ઞાતરૂપે કહેલ છે અથવા યથારૂઢ જ્ઞાત જ છે, તે કહે છે—

તું કેમ દીક્ષા ક્રિયા કરે છે ? સાધુ કહે છે કે - દીક્ષા સિવાય મોક્ષ થાય નહીં માટે ક્રિયા કરે છે. - x - જેમ મફત નથી મળતા માટે તું યવ ખરીદે છે, તેમ પ્રવ્રજ્યા વિના મોક્ષલાભ ન થવાથી સંયમ ક્રિયા કરું છું. અહીં મફત ખરીદવામાં યવના અલાભરૂપ હેતુને દૃષ્ટાંતરૂપે આપેલ હોવાથી હેતુ ઉપન્યાસોપનય જ્ઞાતતા છે. અહીં

કિંચિત્ વિશેષણ વડે આવા પ્રકારના અન્ય જ્ઞાતભેદો પણ સંભવે છે, પણ તે વિવક્ષિત નથી.

હવે જ્ઞાત પછી દૃષ્ટાંતવાળા હેતુને સાધ્ય સિદ્ધિનું અંગ હોવાથી તેના ભેદોને 'હેઉ' ઇત્યાદિ ત્રણ સૂત્રો વડે કહે છે - તે સ્પષ્ટ છે. વિશેષ આ - हिनोति - જ્ઞેય વસ્તુને જણાવે છે માટે હેતુ, અન્યથા અનુપપત્તિ લક્ષણરૂપ છે. કહ્યું છે કે - અન્યથા હેતુનું અનુપપત્તિરૂપ લક્ષણ કહેલ છે તેની અપ્રસિદ્ધિ, સંદેહ અને વિપર્યાસ વડે હેત્વાભાસપણું કહેલ છે. પૂર્વે કહેલ હેતુ પ્રશ્નના ઉત્તરરૂપ ઉપપત્તિ માત્ર છે અને આ હેતુ તો સાધ્ય પ્રત્યે અન્વય-વ્યતિરેકવાળો છે. તથાવિધ દૃષ્ટાંત વડે તદ્‌ભાવનું સ્મરણ થાય છે, તે એક લક્ષણવાળો છે, પણ વિશેષથી ચાર ભેદે છે.

યાપક - વાદીને કાળનો વિલંબ કરાવે છે, જેમ કોઈ અસતી સ્ત્રી એકૈક રૂપિયા વડે એકેક ઉંટનું લીંડુ દેવું એમ કહી મોકલે, તે ઉપાય વડે પોતે કોઈ વિટ પુરુષની સેવામાં કાળયાપન કરતી હતી. તે યાપક હેતુ. અહીં વૃદ્ધ વ્યાખ્યા આ છે - પ્રતિવાદીને જાણીને તેવા તેવા વિશેષણ બહુલ હેતુ કરવા યોગ્ય છે કે જેથી કાળની યાપના થાય છે - x -.

તે સંભાવના આવા પ્રકારે છે - પવનો સચેતન છે, બીજાથી પ્રેરાઈને તિર્છો અને અનિયતપણે ગોશરીરવત્ ગતિમાન હોય છે. આ હેતુ, વિશેષણ બહુલતાથી બીજાને દુરધિગમત્વથી વાદીને કાળની યાપના કરે છે. હેતુના સ્વરૂપને ન જાણતો વાદી જલ્દીથી અનૈકાંતિકત્વાદિ દૂષણો પ્રગટ કરવા સમર્થ થતો નથી, માટે આ હેતુથી વાદીને કાળયાપના થાય છે. અથવા વ્યાપ્તિની પ્રતીતિ ન થવા વડે વ્યાપ્તિ સાધક પ્રમાણાંતરની વિશેષાપેક્ષા સહિત હોવાથી વાદી જલ્દીથી સાધ્યની પ્રતીતિ કરતો નથી પણ કાલક્ષેપ થાય છે. આ હેતુ સાધ્યની પ્રતીતિ પ્રત્યે વિલંબ કરાવતો હોવાથી યાપક છે - x - x - ઇત્યાદિ.

स्थापयति - વ્યાપ્તિ પ્રસિદ્ધ હોવાથી કાલક્ષેપ વિના પક્ષનું સમર્થન કરે છે. જેમ કોઈ ધૂર્ત પરિવ્રાજક એમ કહે કે - લોકના મધ્યભાગે આપેલ બહું ફળવાળું થાય છે, તે મધ્યભાગને હું જ જાણું છું, એમ માયા વડે દરેક ગામમાં ભિન્ન ભિન્ન લોકના મધ્યભાગને પ્રરૂપતો હતો. તેનો નિગ્રહ કરવા માટે કોઈક શ્રાવકે કહ્યું કે - લોકના મધ્યભાગનું એકપણું હોવાથી ઘણા ગામોમાં તેનો સંભવ કેવી રીતે હોય ? આ રીતે યુક્તિથી તારા વડે બતાવેલ ભૂલોકનો મધ્યભાગ થતો નથી. આ પ્રમાણે પક્ષનું સ્થાપન કર્યુ માટે સ્થાપક હેતુ છે. - x - ધૂમ હોવાથી અહીં અગ્નિ છે વળી દ્રવ્ય અને પર્યાયથી વસ્તુ નિત્યાનિત્ય છે, તે પ્રતીયમાનત્વથી આ બે હેતુની પ્રસિદ્ધ વ્યાપ્તિ વડે કાલક્ષેપ વિના સાધ્યના સ્થાપનથી સ્થાપકપણું છે. - તથા -

व्यंसयति - બીજાને જે વ્યામોહ ઉત્પન્ન કરે છે તે શકટ અને તીતરને ગ્રહણ કરનાર ધૂર્તની જેમ વ્યંસક છે. કોઈ પુરુષ માર્ગમાં મળેલ મૃત તીતરયુક્ત શકટ વડે નગરમાં પ્રવેશ કર્યો. ધૂર્તે કહ્યું - શકટતિતરી કેમ મળે છે ? તે પુરુષે આ શકટ સંબંધી તીતર માગે છે એમ વિચારી કહ્યું - પાણી આદિથી મસળેલ સાથવા વડે મળે



છે. ધૂર્તે સાક્ષીને બોલાવી તીતરસહિત શકટને ગ્રહણ કર્યુ. - x - કહ્યું કે મેં તો શકટ સહિત તીતર તે શકટતિતરી ગ્રહણ કરેલ છે. આ પ્રમાણે બનવાથી ગાડાવાળો ખેદ પામ્યો. એ રીતે જીવ છે, ઘટ છે, એમ સ્વીકાર કરતા જીવ અને ઘટને વિશે અસ્તિતત્વ સમાનપણે વર્તે છે, તેથી તે બંનેનું એકપણું થયું. અભિન્ન શબ્દનો વિષય હોવાથી વ્યંસક હેતુ. વળી અસ્તિતત્વ જીવાદિમાં વર્તતું નથી, તેથી જીવાદિનો અભાવ થાય, કેમકે અસ્તિત્વનો અભાવ હોવાથી વ્યંસક હેતુ છે - x -

તથા लूसक - વ્યંસક વડે પ્રાપ્ત થયેલ અનિષ્ટ ચોરે છે અર્થાત્ ગયેલ વસ્તુને પાછી મેળવે છે તે લૂષકહેતુ. તે જ ગાડાવાળાએ જેમ બીજા ધૂર્તે તેને શીખવ્યું ત્યારે તે ધૂર્ત પાસે જઈને માંગ્યુ કે મને "તર્પણાલોડિકા" આપ. ત્યારે તે ધૂર્તે પોતાની સ્ત્રીને કહ્યું આને સત્કુ મસળેલ પિંડ આપ, તેમ કરતી એવી તેની પત્નીને લઈ તે ચાલતો થયો અને ધૂર્તને કહ્યું કે - આ સ્ત્રી મારી છે કેમકે સત્કુ વડે જે મસળે છે તે તર્પણાલોડિકા છે અને તે તેં જ આપેલ છે. કેમકે અસ્તિતત્વની વૃત્તિ વડે જીવ અને ઘટને વિશે તું એકત્વની સંભાવના કરે છે ત્યારે સર્વે ભાવોનું એકત્વ થશે - x - પણ એમ થતું નથી. અહીં અસ્તિત્વવૃત્તિની સમાનતાથી આ લૂષક હેતુ છે - x - x -

પ્રકારાંતર વડે હેતુને જણાવનાર વિકલ્પ અર્થવાળો 'અથવા' શબ્દ છે. हिनोति - પ્રમેયરૂપ પદાર્થને જે જણાવે છે તે હેતુ - પ્રમેયની પ્રમિતિમાં જે કારણ તે પ્રમાણ. તે સ્વરૂપાદિ ચાર ભેદે છે. તેમાં અર્થો પ્રત્યે જે વ્યાપ્ત થાય તે અક્ષ-આત્મા, તે પ્રત્યે જે જ્ઞાન વર્તે છે તે પ્રત્યક્ષ જ્ઞાન છે. તે નિશ્ચયથી અવધિ, મનઃપર્યાય, કેવલરૂપ છે. અથવા अक्ष - ઇન્દ્રિયો પ્રત્યે જે જ્ઞાન વર્તે છે, તે વ્યવહારથી પ્રત્યક્ષ છે. તે ચક્ષુ વગેરેથી થયેલું છે. તેનું લક્ષણ - પદાર્થનું અપરોક્ષતાથી ગ્રહણ કરનાર જે જ્ઞાન તે પ્રત્યક્ષ અને ઇન્દ્રિયો વડે ગ્રહણની અપેક્ષાએ પરોક્ષ જાણવું.

अनु - લિંગ દર્શન અને સંબંધ અનુસ્મરણ પછી માન - જે જ્ઞાન તે અનુમાન છે. તેનું લક્ષણ - સાધ્ય વિના હેતુથી ન થનાર અને સાધ્યનો નિશ્ચય કરાવનાર અનુમાન છે, પ્રમાણ હોવાથી પ્રત્યક્ષ માફક ભ્રાંતિરહિત છે. આ સાધ્ય વિના ન થનાર હેતુથી ઉત્પન્ન થવા વડે ઉપચારથી હેતુ છે.

ઉપમાન તે ઉપમા, તે જ ઉપમ્ય. રોઝ જેવો આ બળદ છે, એ સાદૃશ્ય નિર્ણયરૂપ છે. કોઈ બળદને જોઈને જંગલમાં ઘણા અવયવોની સમાનતા ધારણ કરનાર અને ગોળ કંઠવાળા અન્ય રોઝને જ્યારે જુએ છે ત્યારે તે જ અવસ્થામાં આ પશુના જેવો આ બળદ છે, એવું જે જ્ઞાન તે ઉપમાન છે.

અથવા સાંભળેલ અતિદેશ વાક્ય સમાન અર્થની પ્રાપ્તિ વિશે સંજ્ઞા-સંજ્ઞી સંબંધનું જે જ્ઞાન તે ઉપમાન કહેવાય.

જેના વડે પદાર્થો જણાય તે આગમ - આપ્તવચનથી સંપાદ્ય વિપ્રકૃષ્ટ અર્થ પ્રત્યય. કહ્યું છે - તત્વગ્રાહિતાથી ઉત્પન્ન દૃષ્ટબાધ-ઇષ્ટબાધરહિત તેમજ પરમાર્થને કહેનાર વાક્ય વડે થતું જે જ્ઞાન તે શાબ્દ પ્રમાણ છે. આપ્તપુરુષે કહેલ અનુલ્લંઘ્ય,

દૃષ્ટ-ઇષ્ટનું અવિરોધક, તત્ત્વોપદેશ કરનારું અને કુમાર્ગનો નાશ કરનારું સમસ્ત શાસ્ત્ર છે. અહીં જેના વિના ઉત્પન્ન ન થવાય તે હેતુ વડે જન્ય હોવાથી અનુમાન છે, પણ કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી હેતુ છે. તે ચતુર્ભંગીરૂપ છે. -૧- अस्ति - વિધમાન છે, લિંગભૂત ધૂમ વગેરે વસ્તુ એમ કરીને अस्ति सः અગ્નિ આદિ સાધ્ય પદાર્થ છે માટે આ હેતુ અનુમાન છે. -૨- અગ્નિ આદિ છે, તેથી વિરુદ્ધ શીતાદિ પદાર્થ નથી, આ હેતુ પણ અનુમાન છે. -૩- અગ્નિ આદિ નથી. તેથી શીતકાળને વિશે તે શીતાદિ પદાર્થ છે, આ હેતુ પણ અનુમાન છે. -૪- વૃક્ષત્વાદિ નથી માટે શીશમના ઝાડ આદિ નથી, આ હેતુ અનુમાન છે.

અહીં -૧- શબ્દમાં કૃતકત્વનું અસ્તિપણું હોવાથી ઘટવત્ અનિત્યતા છે. -૨- અગ્નિ કે ધૂમનું અસ્તિતત્વ હોવાથી શીતસ્પર્શ નથી ઇત્યાદિ વિરુદ્ધ ભાવ પ્રાપ્તિરૂપ અનુમાન છે. અગ્નિ કે ધૂમનું અસ્તિત્વ ન હોવાથી શીતસ્પર્શ જનિત દાંત-રોમહર્ષાદિનું કંપન મહાનસની જેમ પુરુષના વિકારો નથી, ઇત્યાદિ કારણથી વિરુદ્ધની પ્રાપ્તિનું અનુમાન કહ્યું.

-૩- છત્રાદિ કે અગ્નિનું નાસ્તિપણું હોવાથી કોઈ કાલાદિ વિશેષમાં આ તપ કે શીત સ્પર્શ છે. પૂર્વોપલબ્ધ પ્રદેશની જેમ, ઇત્યાદિ વિરુદ્ધ કારણાનુપલંભમાન અને વિરુદ્ધાનુપલંભાનુમાન ત્રીજા ભંગથી કહ્યું.

-૪- જોવાની સામગ્રી છતાં ઘટની પ્રાપ્તિના અભાવત્વથી વિવક્ષિત પ્રદેશની જેમ અહીં ઘટ નથી - ઇત્યાદિ સ્વભાવાનુપલબ્ધિ અનુમાન. - x - ઇત્યાદિ કાર્યાનુપલબ્ધિ અનુમાન. વૃક્ષના અભાવે શીશમનું વૃક્ષ નથી ઇત્યાદિ વ્યાપકાનુપલંભ અનુમાન તથા અગ્નિ અભાવે ધૂમ નથી ઇત્યાદિ કારણાનુપલંભ અનુમાન ચોથા ભંગ વડે કહેલ છે. - x - x -

અહીં હેતુ શબ્દથી જ્ઞાનવિશેષ કહ્યું, તે અધિકારથી જ્ઞાનવિશેષના નિરુપણને માટે કહે છે—

● **સૂત્ર-૩૬૧ :-**

***સંખ્યા ગણિત ચાર ભેદે છે - પ્રતિકર્મ, વ્યવહાર, રજ્જૂ, રાશિ.***

***અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે - નરકાવાસો, નૈરયિકો, પાપકર્મો, અશુભપુદ્‌ગલો... તિર્છાલોકમાં ચાર વસ્તુ ઉધોત કરે છે - ચંદ્રો, સૂર્યો, મણિ, અગ્નિ... ઉર્ધ્વલોકમાં ચાર વસ્તુ ઉધોત કરે છે - દેવો, દેવીઓ, વિમાનો, આભરણો.***

● **વિવેચન-૩૬૧ :-**

જેના વડે સંખ્યા કરાય છે તે સંખ્યાન અર્થાત્ ગણિત. તેમાં પરિકર્મ સંકલનાદિ પાટી પ્રસિદ્ધ છે, એમ વ્યવહાર પણ મિશ્રક વ્યવહારાદિ અનેક પ્રકારે છે. रज्जु - રજ્જુ ગણિત અર્થાત્ ક્ષેત્રગણિત. રાશિ-ત્રિરાશિ વગેરે. રજ્જુ શબ્દથી ક્ષેત્રગણિત કહ્યું, ક્ષેત્રના સંબંધથી ત્રણ પ્રકારે વિભાગ કૃત્ લોકરૂપ ક્ષેત્રની, અંધકાર અને ઉધોતને આશ્રીને ત્રણ સૂત્રથી કહે છે—





સૂત્રો સુગમ છે. વિશેષ આ - પૂર્વોક્ત લક્ષણવાળા અધોલોકમાં ચાર વસ્તુ છે - નરકાવાસ, નૈરયિક આ બે કૃષ્ણ સ્વરૂપ હોવાથી અંધકાર કરે છે તથા જ્ઞાનાવરણાદિ પાપકર્મો, મિથ્યાત્વ, અજ્ઞાનલક્ષણ ભાવ અંધકારના કરનારા હોવાથી અંધકાર કરે છે એમ કહ્યું. અથવા અંધકારસ્વરૂપ અધોલોકને વિશે પ્રાણીઓને ઉત્પન્ન કરનારા હોવાથી પાપકર્મોને અંધકારનું કર્તાપણું છે, અશુભ પુદ્‌ગલો અંધકાર ભાવે પરિણત છે.

**સ્થાન-૪-ઉદ્દેશો-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સ્થાન-૪-ઉદ્દેશો-૪ ❁

-- x -- x -- x -- x --

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ છે - અનંતર ઉદ્દેશકમાં વિવિધ ભાવોને ચાર સ્થાન વડે કહ્યા. અહીં પણ તે જ રીતે કહેવાય છે. આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર—

● સૂત્ર-૩૬૨ થી ૩૬૪ :-

*[૩૬૨] ચાર પ્રસર્પકો કહ્યા છે -૧- અનુત્પન્ન ભોગોને મેળવવા સંચરે છે, -૨- પૂર્વોત્પન્ન ભોગોને રક્ષણ કરવા સંચરે છે, -૩- અનુત્પન્ન સુખોને પામવા સંચરે છે, અને -૪- પૂર્વોત્પન્ન સુખોના રક્ષણાર્થે સંચરે છે.*

*[૩૬૩] નૈરયિકોને ચાર ભેદે આહાર છે - અંગારા જેવો, મુર્મુર જેવો, શીતલ અને હિમશીતલ... તિર્યંચયોનિકને ચતુર્વિધ આહાર કહ્યો છે - કંકોપમ, બિલોપમ, પ્રાણમાંસોપમ, પુત્રમાંસોપમ... મનુષ્યોને ચતુર્વિધ આહાર કહ્યો છે - અશન, પાન, ખાદિમ, સ્વાદિમ... દેવોને ચતુર્વિધાહાર કહ્યો છે - વર્ણવાન્, ગંધવાન્, રસવાન્, સ્પર્શવાન્.*

*[૩૬૪] જાતિ આશીવિષો ચાર ભેદે કહ્યા છે - વીંછું જાતિય આશીવિષ, મંડુક જાતિય આશીવિષ, ઉરગ જાતિય આશીવિષ, મનુષ્ય જાતિ આશીવિષ.*

*હે ભગવન્ ! વીંછી જાતિના આશીવિષનો વિષય કેટલો કહ્યો છે ? વીંછી જાતિનો આશીવિષ અર્ધભરત પ્રમાણ શરીરને વિષમય કરી, શરીર વિદારવા સમર્થ છે, આ વિષના અર્થપણાની શક્તિમાત્ર છે, પણ નિશ્ચયથી તેમ કર્યુ નથી - કરતા નથી - કરશે નહીં—*

*મંડુક જાતિના આશીવિષનો પ્રશ્ન. મંડુક જાતિય આશીવિષ ભરત ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષમય કરવા સમર્થ છે યાવત્ કરશે નહીં.*

*ઉરગ જાતિના આશીવિષનો પ્રશ્નઃ ઉરગ જાતિય આશીવિષ પોતાના વિષ વડે જંબૂદ્વીપ પ્રમાણ શરીરને વિષમય કરવા સમર્થ છે. શેષ પૂર્વવત્.*

*મનુષ્યજાતિના આશીવિષનો પ્રશ્નઃ મનુષ્ય જાતિનો આશીવિષ સમયક્ષેત્ર પ્રમાણ શરીરને વિષમય કરવા અને શરીરને વિદારવા સમર્થ છે, પણ નિશ્ચયથી તેણે એમ કર્યુ નથી યાવત્ કરશે નહીં.*

● વિવેચન-૩૬૨ થી ૩૬૪ :-

[૩૬૨] આ સૂત્રનો અનંતર સૂત્રનો સંબંધ આ છે - અનંતર સૂત્રમાં દેવ-દેવી કહ્યા. તેઓ ભોગ અને સુખવાળા હોય છે. માટે ભોગ-સુખોને આશ્રીને પ્રસર્પકના ભેદો કહે છે. આ સંબંધે આવેલ સૂત્રની આ વ્યાખ્યા—

પ્રકર્ષથી ભોગાદિ અર્થે દેશાનુદેશ સંચરે છે અથવા આરંભ-પરિગ્રહથી વિસ્તારને પ્રાપ્ત થાય તે પ્રસર્પકો. પ્રાપ્ત નહીં થયેલ શબ્દાદિ ભોગોને કે તેના કારણભૂત ધન અને સ્ત્રી આદિને સંપાદન કરવા માટે અથવા અનુત્પન્ન ભોગોને સંચરે છે. કહ્યું છે કે - ધનલુબ્ધ પુરુષ રોહણગિરિ પ્રતિ દોડે છે, સમુદ્ર તો છે, ગુફાઓમાં ભટકે છે



અને ભાઈને પણ મારે છે. ઘણું રખડે છે, ભારને વહે છે, ક્ષુધા સહે છે, પાપ આચરે છે, લોભમાં આસક્ત અને ધૃષ્ટ થઈને કુલ-શીલ અને જાતિની મર્યાદાને પણ છોડે છે.

વળી પૂર્વોત્પન્ન કે પાઠાંતરથી વર્તમાનમાં મળેલનું રક્ષણ કરવાને, ભોગ વડે પ્રાપ્ત કરવા યોગ્ય આનંદ વિશેષ માટે સંચરે છે. શેષ સુગમ છે.

[૩૬૩] ભોગ-સૌખ્યાર્થે સંચરનારા કર્મ બાંધીને નારકપણે ઉત્પન્ન થાય છે માટે નારકોના આહારનું નિરૂપણ કરતાં કહે છે - સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - અલ્પકાળ દાહ હોવાથી અંગારાની ઉપમા જેવો, ઘણાં કાળ પર્યન્ત બળતરા થવાથી મુર્મુર જેવો, શીતવેદનાનો ઉત્પાદક હોવાથી શીતળ અને અતિ શીતવેદનાના ઉત્પાદક હોવાથી હિમશીતળ છે. ઉક્ત ચારે ક્રમશઃ એક-એકથી અધિક વેદનાવાળા છે. - - આહાર અધિકારથી તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી આહારનું નિરૂપણ કરવા માટે ત્રણ સૂત્ર સ્પષ્ટ છે—

— વિશેષ એ કે - કંક પક્ષીની આહાર વડે ઉપમા જેમાં છે તે કંકોપમ. અર્થાત્ કંકપક્ષીને સ્વરૂપથી દુર્જર આહાર પણ સુખભક્ષ્ય અને સુખરૂપ પરિણામવાળો થાય છે. એ રીતે જે આહાર તિર્યંચોને સુભક્ષ, સુખપરિણામી હોય છે, તે કંકોપમ.. બિલમાં પ્રવેશતું દ્રવ્ય તે બિલ જ છે. તેની ઉપમા જેને છે તે બિલોપમ. જેમ બિલમાં રસનો આસ્વાદ મળ્યા સિવાય જલ્દીથી કિંચિત્ પ્રવેશ થાય છે. એ રીતે જે આહાર, ગળારૂપ બિલમાં પ્રવેશે છે તે બિલોપમ.. ચાંડાલ, તેનું માંસ, અસ્પર્શ્યપણાએ નિંદનીય હોવાથી દુઃખપૂર્વક ખાવાયોગ્ય હોય, એ રીતે તેઓને દુઃખાદ્ય આહાર તે પાણમાંસોપમ.. પુત્ર પર અતિ સ્નેહ હોવાથી તેનું માંસ અતિ દુઃખપૂર્વક ખાવા યોગ્ય હોય, એ રીતે જે દુઃખાદ્યતર આહાર તે પુત્રમાંસોપમ. ક્રમથી આ આહાર શુભ, સમ, અશુભ, અશુભતર જાણવો.

[૩૬૪] આહાર ભક્ષણીય છે, માટે ભક્ષણના અધિકારથી આશીવિષ સૂત્ર કહેલ છે. તે સુગમ છે. વિશેષ આ - આશ્ય અર્થાત્ દાઢાઓમાં વિષ છે જેઓને તે આશીવિષ. તેઓ કર્મથી અને જાતિથી હોય છે.

તેમાંથી કર્મથી તિર્યંચો અને મનુષ્યો કોઈપણ ગુણથી આશીવિષ થાય છે. સહસ્રાર પર્યન્તના દેવો શાપાદિ દ્વારા અન્યનો નાશ કરવાથી કર્મથી આશીવિષો છે. જાતિથી આશીવિષો વીંછી આદિ છે.

વિષનો કેટલો વિષય છે ? પ્રભુ - સમર્થ, અર્ધભરતનું પ્રમાણ સાધિક ૨૬૩ યોજન છે. તેટલા પ્રમાણવાળા શરીરને પોતાની સાધનભૂત દાઢાથી ઉત્પન્ન થયેલ વિષ વડે વિષમય કરી શકે છે અથવા પાઠાંતરથી ત્યાં વિષ વડે વ્યાપ્ત છે - તથા વિદારણ કરવા માટે સમર્થ હોય છે. અથવા વીંછીનું વિષ, એ જ અર્થનો ભાવ તે વિષાર્થતા. તેના વિષનો અથવા તેમાં નહીં જ એવા પ્રકારના શરીરની પ્રાપ્તિ દ્વારા વીંછીએ કરેલ નથી અર્થાત્ તેવી તેની શક્તિ હોય છે, છતાં કદાપિ કર્યુ નથી. - x - કરતા નથી, કરશે નહીં. ત્રિકાળ નિર્દેશ ત્રૈકાલિકત્વ જણાવવા માટે છે. સમયક્ષેત્ર એટલે મનુષ્ય ક્ષેત્ર. - - વિષનો પરિણામ વ્યાધિ છે, તેથી વ્યાધિ સૂત્ર—

● સૂત્ર-૩૬૫,૩૬૬ :-

*[૩૬૫] વ્યાધિ ચાર પ્રકારે છે - વાતજન્ય, પિત્તજન્ય, શ્લેષ્મજન્ય, સંનિપાતિક... ચિકિત્સા ચાર ભેદે છે - વૈદ્ય, ઔષધ, રોગી, પરિચારક.*

*[૩૬૬] ચિકિત્સકો ચાર કહ્યા - (૧-૧) પોતાની ચિકિત્સા કરે બીજાની નહીં. ૨- બીજાની ચિકિત્સા કરે છે, પોતાની નહીં - આદિ ચાર.. (૧-૨) પુરુષો ચાર પ્રકારે કહ્યા - વ્રણ કરે પણ વ્રણને સ્પર્શે નહીં, વ્રણને સ્પર્શે પણ વ્રણ કરે નહીં, વ્રણ કરે અને વ્રણને સ્પર્શે, વ્રણ કરે નહીં કે વ્રણને સ્પર્શે પણ નહીં.*

*(૨-૧) ચાર ભેદે પુરુષો કહ્યા - વ્રણ કરે પણ વ્રણની રક્ષા ન કરે આદિ ચાર.. (૨-૨) ચાર ભેદે પુરુષો કહ્યા - વ્રણ કરે પણ વ્રણને રુઝાવે નહીં આદિ ચાર.*

*(૨-૩) ચાર ભેદે વ્રણો કહ્યા - અંતઃશલ્ય પણ બાહ્યશલ્ય નહીં, આદિ ચાર .. (૩-૧) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા - અંતઃશલ્ય, બાહ્યશલ્ય નહીં -૪-.*

*(૩-૨) વ્રણો ચાર ભેદે કહ્યા - અંતર્દુષ્ટ પણ બહિર્દુષ્ટ નહીં, બહિર્દુષ્ટ પણ અંતર્દુષ્ટ નહીં, આદિ ચાર.. (૩-૩) એ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા - અંતરથી દુષ્ટ પણ બહારથી દુષ્ટ નહીં આદિ ચાર.. (૪-૧) ચાર ભેદે પુરુષો કહ્યા - શ્રેયસ્ અને શ્રેયસ્, શ્રેયસ્ પણ પાપી, પાપી પણ શ્રેયસ્, પાપી અને પાપી.*

*(૪-૧) ચાર ભેદે પુરુષો કહ્યા - શ્રેયસ્ અને શ્રેયસ્ તુલ્ય, શ્રેયસ્ અને પાપતુલ્ય આદિ ચાર.. (૪-૩) ચાર ભેદે પુરુષો કહ્યા - શ્રેયસ્ અને પોતાને શ્રેષ્ઠ માનનાર, શ્રેયસ પણ પોતાને પાપી માનનાર આદિ ચાર.*

*(૪-૪) ચાર ભેદે પુરુષો કહ્યા - શ્રેષ્ઠ અને લોકમાં શ્રેષ્ઠતુલ્ય મનાય છે, શ્રેષ્ઠ અને લોકમાં પાપીતુલ્ય મનાય છે.. (૪-૫) ચાર ભેદે પુરુષો કહ્યા - આખ્યાયક પણ પ્રભાવક નહીં, પ્રભાવક પણ આખ્યાયક નહીં આદિ ચાર..*

*(૪-૬) ચાર ભેદે પુરુષો કહ્યા - સૂત્રાર્થ પ્રરૂપક પણ શુદ્ધ એષણા તત્પર નહીં, શુદ્ધ એષણા તત્પર પણ શુદ્ધ પ્રરૂપક નહીં આદિ ચાર.*

*વૃક્ષની વિકુર્વણા ચાર ભેદે છે :- પ્રવાલ-પત્ર-ફૂલ-ફલપણાએ.*

● વિવેચન-૩૬૫,૩૬૬ :-

[૩૬૫] સૂત્ર સુગમ છે. વિશેષ આ - જે રોગનું નિદાન વાયુ છે તે વાતિક, એમ સર્વત્ર જાણવું. વિશેષ આ - બે કે ત્રણનો સંયોગ તે સંનિપાત. વાયુનું સ્વરૂપ આ છે - રૂક્ષ, લઘુ, શીત, કર્કશ, સૂક્ષ્મ, ચલ છે.

પિત્ત - સ્નેહલ, તીક્ષ્ણ, ઉષ્ણ, લઘુ, વિશ્ર, સર, દ્રવ છે.

કફ - ભારે, હિમ, સ્નિગ્ધ, મંદ, સ્થિર, પિચ્છિલ્લ છે.

સન્નિપાત - બે કે તેથી વધુ દોષના મળવાથી મિશ્ર લક્ષણ.

— વળી વાતના કાર્યો આ છે - ફરુસતા, સંકોચન, પીડા, શૂળ, શ્યામત્વ, અંગવ્યથા, ચેષ્ટાભંગ, સુપ્તત્વ, શીતત્વ, ખરત્વ, શોષ.



— પરિસ્રવ, સ્વેદ, બળતરા, દુર્ગન્ધ, ખેદ, પાચક, કોપ, પ્રલાપ, મૂર્છા, ભ્રમરી, પીળાપણું, એ પિત્તના કાર્યો છે, તેમ તજ્જ્ઞો કહે છે.

— શ્વેતત્વ, શીતત્વ, ગુરુત્વ, ખરજ, ચીકાશ, સોજો, સ્થિરપણું, લેપ, ઉત્સેધ - સંપાત લાંબા કાળે થવો, આ કફના કાર્યો કહ્યા.

વ્યાધિ કહ્યો. હવે વ્યાધિની ચિકિત્સા કહે છે. સૂત્ર સુગમ છે. વિશેષ આ - ચિકિત્સા તે રોગનો પ્રતિકાર, તેનું કારણ ભેદનું ચતુર્વિધપણું છે. બીજાઓએ પણ આ સૂત્રને મળતું સૂત્ર કહેલું છે - વૈદ્ય, ઔષધ, સેવા કરનાર, રોગી આ ચાર ચરણો ચિકિત્સિતના બતાવ્યા. તે દરેકના ચાર ગુણ છે - દક્ષ, વિજ્ઞાતશાસ્ત્રાર્થ, દૃષ્ટકર્મા, શુચિઃ, આ ચાર વૈદ્યના ગુણો છે... બુહકલ્પ, બહુગુણ, સંપન્ન, યોગ્ય - આ ચાર ઔષધના ગુણો છે... અનુરક્ત, શુચિ, દક્ષ, બુદ્ધિમાન્ - આ ચાર પરિચારના ગુણો છે... આઢ્ય, રોગી-ભિષગ્વશ્ય, જ્ઞાપક, સત્વવાન્ આ ચાર રોગીના ગુણો છે. આ દ્રવ્યરોગ ચિકિત્સા કહી.

મોહરૂપ ભાવરોગની ચિકિત્સા આ પ્રમાણે - વિગઈ ત્યાગ, નિર્બલ આહાર, ઉણોદરી, આયંબિલતપ, કાયોત્સર્ગ, ભિક્ષાચર્યા, વૈયાવૃત્ય, વિચરણ, મંડલીમાં પ્રવેશ. આ પ્રમાણે મોહરોગની ચિકિત્સા છે.

[૩૬૬] ચિકિત્સકો દ્રવ્યથી જ્વારાદિ રોગોને અને ભાવથી રાગાદિ પ્રત્યે, તેમાં આત્મસંબંધી - જ્વરાદિની અથવા કામાદિની ચિકિત્સા કરનાર તે આત્મ ચિકિત્સક. હવે આત્મચિકિત્સકના ત્રણ સૂત્રો—

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - વ્રણ - દેહને વિશે લોહી કાઢવા માટે ક્ષતને પોતે કરે તે વ્રણકર, વ્રણને સ્પર્શ કરતો નથી એવા સ્વભાવવાળો તે. નોવ્રણ પરિમર્શી - આ એક. બીજો, બીજાએ કરેલ વ્રણને સ્પર્શ કરે છે. પરંતુ વ્રણ કરતો નથી. એ રીતે અતિચાર લક્ષણ ભાવવ્રણને કાયાથી કરે છે પણ તે વ્રણને પુનઃપુનઃ સંભારવા વડે સ્પર્શતો નથી, બીજો તેને વારંવાર સંભારીને સ્પર્શે છે, પણ કાયાથી અભિલાષને કરતો નથી, કેમકે સંસારનો ભય આદિ હોય છે.

એક વ્રણ કરે છે પણ તેને પાટો બાંધવા આદિથી સંરક્ષતો નથી. બીજો કરેલ વ્રણનું સંરક્ષણ કરે છે, વ્રણને કરતો નથી. ભાવવ્રણને આશ્રીને અતિચારને કરે છે, પણ અનુબંધને થનારો કુશીલાદિનો સંસર્ગ અને તેનું નિદાન પરિહારથી રક્ષતો નથી - આ એક. બીજો પૂર્વે કરેલ અતિચારને નિદાનના પરિહારથી રક્ષે છે, નવા અતિચાર કરતો નથી.

ઔષધિના દેવા વડે વ્રણનો સંરોહ કરતો નથી તે નોવ્રણસંરોહી. ભાવવ્રણની અપેક્ષાએ પ્રાયશ્ચિત્ત અસ્વીકારથી વ્રણસંરોહી નથી, અન્ય પૂર્વકૃત્ અતિચારના પ્રાયશ્ચિત્તના સ્વીકાર વડે વ્રણસંરોહી - અતિચાર ટાળનાર છે કેમકે નોવ્રણકર - નવા અતિચારને કરનાર નથી.

આત્મચિકિત્સકો કહ્યા, હવે ચિકિત્સ્ય વ્રણ દૃષ્ટાંતથી પુરુષના ભેદોનો કહે છે. ચાર સૂત્રો સુગમ છે. વિશેષ આ - અંદર શલ્ય છે જેનું અર્થાત્ અદૃશ્ય તે અંતઃશલ્ય.

જે શલ્ય વ્રણની અંદર અલ્પ છે અને બહાર ઘણું છે તે બાહ્યશલ્ય. જો વ્રણ સર્વથા બહાર હોય તો શલ્યપણું જ ન હોય, અથવા શલ્યોદ્ધાર કરવા છતાં ભૂતભાવિપણે હોય છે. જે વ્રણમાં અંદર ઘણું શલ્ય છે અને બહાર પણ દેખાય છે તે ઉભયશલ્ય અને ચોથો ભંગ શૂન્ય છે.

ગુરુ સમક્ષ આલોચના વડે અતિચારરૂપ જેને છે તે અંતઃશલ્ય, આલોચના વડે જેને બહાર શલ્ય છે તે બહિશલ્ય, આલોચના કરવા - ન કરવા વડે અંતઃ અને બાહ્ય શલ્ય છે જેને તે અંતઃ બહિશળ્ય, ચતુર્થભંગ શૂન્ય છે. - - લૂતાદિ રોગના દોષથી જે વ્રણ છે, તે અંતર્દુષ્ટ વ્રણ છે, રાગાદિ અભાવથી સૌમ્યપણું હોવાથી બાહ્ય દુષ્ટ નથી. - - પુરુષ શઠતાથી અંતર્દુષ્ટ છે પણ આકારને છુપાવવાથી બાહ્ય દુષ્ટ નથી તે એક, બીજો તો કારણવશ વચનનું કઠોરપણું આદિ દેખાડવાથી બાહ્ય દુષ્ટ છે.

પુરુષના અધિકારથી તેના ભેદો કહેતા છ સૂત્ર સરળ છે, પરંતુ -૧- કોઈ એક અતિ પ્રશસ્ય - પ્રશંસા કરવા યોગ્ય છે - સદ્બોધત્વથી પ્રશસ્ય ભાવવાળો છે. વળી પ્રશસ્ત અનુષ્ઠાનથી શ્રેષ્ઠ છે - સાધુવત્. -૨- પૂર્વવત્ પ્રશસ્ય ભાવવાળો છે પણ અવિરતિપણાને લઈને દુષ્ટ અનુષ્ઠાન કરનાર હોવાથી અત્યંત પાપી છે. -૩- મિથ્યાત્વાદિ વડે હણાયેલ હોવાથી ભાવથી અતિ પાપી છે અને કારણવશ સદનુષ્ઠાયિ હોવાથી શ્રેષ્ઠ છે, ઉદાયી નૃપના મારકવત્. -૪- તે જ નૃપને મારવાથી પાપ કરનારો છે.

અથવા -૧- ગૃહસ્થપણે શ્રેષ્ઠ કે દીક્ષા કાળે, પ્રવ્રજ્યા કે વિહારમાં શ્રેષ્ઠ છે... - (૧) કોઈ ભાવથી શ્રેષ્ઠ છે કોઈ દ્રવ્યથી શ્રેષ્ઠ - પશસ્યતર છે આવી બુદ્ધિ ઉત્પન્ન કરવા વડે સદૃશક - અન્ય શ્રેષ્ઠ પુરુષ તુલ્ય, પણ સર્વથા શ્રેષ્ઠ નહીં. બીજો ભાવથી શ્રેષ્ઠ પણ દ્રવ્યથી અત્યંત પાપી, એવી બુદ્ધિને ઉત્પન્ન કરવા વડે અન્ય પાપી તુલ્ય છે. ત્રીજો ભાવથી અતિ પાપી છે, પણ દ્રવ્યથી આકારને છુપાવવા વડે બીજા શ્રેષ્ઠ પુરુષતુલ્ય, ચોથો સુજ્ઞાત છે.

(૨) કોઈ સદ્વૃત્તિવાળો હોવાથી અતિ શ્રેષ્ઠ અને પોતાને શ્રેષ્ઠ માને, અથવા લોકવડે શ્રેષ્ઠ મનાય કેમકે નિર્મળ સદનુષ્ઠાનવાળો હોય છે. - x - બીજો અતિ શ્રેષ્ઠ છે પણ પોતાને વિશે અરુચિ પરાયણ હોવાથી સ્વાત્માને અતિ પાપી માને છે અથવા લોકો તેનો દોષ જાણીને પાપી મનાય છે. જેમ - દૃઢપ્રહારી, ત્રીજો મિથ્યાત્વાદિથી હણાયેલ હોવાથી અતિ પાપી છે, પણ સ્વાત્માને શ્રેષ્ઠ માને છે - કુતીર્થિવત્, ચોથો અવિરતિ હોવાથી અતિપાપી છે, પણ સદ્બોધત્વથી સ્વાત્માને પાપી માને છે, અસંયત મનાય છે.

(૩) કોઈ ભાવથી અતિ શ્રેષ્ઠ અને દ્રવ્યથી કિંચિત્ સદનુષ્ઠાનવાળો હોવાથી શ્રેષ્ઠ છે એમ વિકલ્પ વડે બીજા અતિ શ્રેષ્ઠ તુલ્ય મનાય છે, મનુષ્ય વડે શ્રેષ્ઠ જણાય છે અથવા વિભક્તિ પરિણામથી અન્ય શ્રેષ્ઠ પુરુષ સમાન પોતાના આત્માને માને છે. એ રીતે શેષ ભંગ છે.

(૪) કોઈ એક પ્રવચન પ્રરૂપક છે, શાસન પ્રભાવક નથી. કેમકે ઉદાર ક્રિયા



અને પ્રતિભાદિ વડે રહિત હોય છે અથવા પ્રવિભાજયિતા-પ્રવચનના અર્થને નય-ઉત્સર્ગાદિ વડે વિવેચન કરનાર અથવા આખ્યાયયક સૂત્રને કહેનાર અને પ્રવિભાજયિતા - અર્થને કહેનાર.

(૫) કોઈ એક સૂત્રાર્થનો કહેનાર છે, પણ એષણા માટે તત્પર નથી. તે દુર્ભિક્ષાદિ પ્રસંપરૂપ આપત્તિ પ્રાપ્ત સાધુ કે સંવિજ્ઞપાક્ષિક છે. કહ્યું છે - શરીર દૌર્બલ્યથી અસમર્થ, ચરણ-કરણમાં અશુદ્ધ હોય તો પણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરે. સાધુ આચાર પાલનમાં અસમર્થ છતાં ચરણ કરણ વડે વિશુદ્ધ સાધુ માર્ગની પ્રશંસા અને પ્રરૂપણા કરતા તે કર્મને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે. બીજો યથાછંદક, ત્રીજો સાધુ અને ચોથો ગૃહસ્થાદિ. પૂર્વ સૂત્રમાં સાધુરૂપ પુરુષના આખ્યાપકત્વ અને ઉંછજીવિકા સંપન્ન સાધુપુરુષ કહ્યા, તે વૈક્રિયલબ્ધિમત્ને તથાવિધ પ્રયોજનમાં વૃક્ષની વિકુર્વણા કરનાર થતી વિકુર્વણા કહે છે—

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - પ્રવાલ - નવા અંકુર હવે અન્યતીર્થિક—

● **સૂત્ર-૩૬૭ :-**

***ચાર ભેદે વાદી સમોસરણો કહ્યા - ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનિકવાદી, વૈનયિકવાદી... નૈરયિકોને ચાર વાદીના સમોસરણો કહ્યા છે - ક્રિયાવાદી યાવત્ વૈનયિકવાદી. એ રીતે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમારના પણ ચાર છે. એ રીતે વિકલેન્દ્રિયવર્જિત યાવત્ વૈમાનિક.***

● **વિવેચન-૩૬૭ :-**

તીર્થિકોનો સમવતાર થાય છે જેઓને વિશે તે સમવસરણો-વિવિધ મતના મિલાપો. તેઓના સમવસરણો તે વાદી સમોસરણો.

ક્રિયા - જીવ, અજીવાદિ પદાર્થ છે, એમ અસ્તિ રૂપ ક્રિયા કહે. તે ક્રિયાવાદી અર્થાત્ આસ્તિકો, તેઓનું સમોસરણ તે ક્રિયાવાદી જ છે.. તેના નિષેધથી અક્રિયાવાદી અર્થાત્ નાસ્તિક.. સ્વીકાર દ્વારા અજ્ઞાન જેમને છે તે અજ્ઞાનિકવાદી અર્થાત્ અજ્ઞાન જ શ્રેય છે એવી પ્રતિજ્ઞાવાળા.. વિનય જ વૈનયિક, તે જ મોક્ષને માટે છે તેમ કહે તે વૈનયિકવાદી. તેની ભેદ સંખ્યા આ પ્રમાણે - ક્રિયાવાદીના ૧૮૦ ભેદ, અક્રિયાવાદીના- ૮૪ ભેદ, અજ્ઞાનિકના-૬૭, વૈનયિકના-૩૨.

ક્રિયાવાદીના ૧૮૦ ભેદ આ રીતે - જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, પુન્ય, પાપ, મોક્ષ એ નવ ભેદો, સ્વ-પરથી, નિત્ય-અનિત્યથી, તેને કાળ, ઈશ્વર, આત્મ, નિયતિ, સ્વભાવ એ રીતે ૯ x ૨ x ૨ x ૫ = ૧૮૦ ભેદ. તેના વિકલ્પો આ રીતે - કાળથી નિત્ય અને સ્વતઃ જીવ છે, આ એક ભેદ. અર્થાત્ આત્મા નિશ્ચયે પોતાના રૂપથી વિદ્યમાન છે, પર અપેક્ષાએ નહીં. બીજો વિકલ્પ ઈશ્વર કારણિકોનો છે, ત્રીજો વિકલ્પ આત્મવાદીનો છે. - x - ચોથો નિયતિવાદીનો છે - x - પાંચમો વિકલ્પ સ્વભાવવાદીનો છે.

એ રીતે સ્વતઃ પદને ન છોડતા પાંચ વિકલ્પો થયા. પરતઃ પદ વડે પણ આ જ પાંચ વિકલ્પો થાય. તેમાં પરત એટલે - અહીં બધાં પદાર્થો પર રૂપની અપેક્ષાએ

સ્વરૂપનો પરિચ્છેદ છે. - x - એ પ્રમાણે આત્માને સ્તંભ, કુંભાદી જોઈને તેનાથી જુદી વસ્તુમાં જ આત્મબુદ્ધિ પ્રવર્તે છે, આ રીતે આત્માનું સ્વરૂપ છે, તે પરતઃ જ નિશ્ચય કરાય છે, સ્વતઃ નહીં.

અહીં નિત્ય પદને ન છોડતાં દશ વિકલ્પો છે, એ રીતે અનિત્ય પદથી પણ દશ વિકલ્પો થાય છે. એ રીતે જીવ પદાર્થ વડે વીશ વિકલ્પો થયા. એ રીતે અજીવાદિ નવે પદાર્થો વડે ૨૦ x ૯ એમ ૧૮૦ વિકલ્પો થયા. - x -

અક્રિયાવાદીના ૮૪ ભેદે જાણવા. પુન્ય-પાપ સિવાયના સાત પદાર્થો, સ્વથી-પરથી, [આત્માનું અસ્તિત્વ ન માનતા હોય નિત્ય-અનિત્ય ભેદ નથી.] કાલાદિ ઉક્ત પાંચ ભેદ, છઠ્ઠી યદચ્છા-એ છ વિકલ્પોથી-૮૪-ભેદ થશે [૭ x ૨ x ૬]. જીવ સ્વતઃ અને કાલથી નથી આ એક વિકલ્પ, એ રીતે ઈશ્વરાદિ છ વિકલ્પો વડે જીવના સ્વતઃ અને પરતઃ બાર વિકલ્પો, એ રીતે અજીવાદિ સહિત સાત ભેદે ગણતાં -૮૪- ભેદો થાય છે.

અજ્ઞાનિકના ૬૭ ભેદો છે. તેમાં જીવાદિ નવ પદાર્થો પૂર્વવત્ છે, તેના સાત ભેદો - સત્વ, અસત્વ, સદસત્વ, અવાચ્યત્વ, સદવાચ્યત્વ, અસદવાચ્યત્વ, સદસદ-વાચ્યત. એ રીતે ૯ x ૭ = ૬૩, ઉત્પત્તિથી તો સત્વાદિ ચાર વિકલ્પ છે. તેને ૬૩માં ઉમેરતા ૬૭ ભેદો થયા. વિકલ્પથી અભિલાપ આ પ્રમાણે છે - કોણ જાણે છે જીવ સત્ છે ?, એ રીતે અસત્, સદસત્ અને અવક્તવ્ય જાણવા. - - સત્ત્વાદિ સપ્ત-ભંગનો અર્થ—

સ્વ-રૂપ માત્ર અપેક્ષાએ વસ્તુનું સત્ત્વ છે, પર-રૂપ માત્ર અપેક્ષાએ અસત્ત્વ છે. તથા એક ઘટાદિ દ્રવ્યદેશના ગ્રીવાદિના સદ્‌ભાવ પર્યાયથી ગ્રીવાત્વાદિ વડે આદિષ્ટ સત્ત્વથી તથા ઘટાદિ દ્રવ્ય દેશના અપર બુધ્નાદિ દેશને જ અસદ્‌ભાવ પર્યાયરૂપ વૃત્તત્વાદિથી પરગત પર્યાયથી આદિષ્ટ અસત્ત્વ હોવાથી વસ્તુનું સદસત્ત્વ છે. તથા સમસ્ત અખંડિત જ ઘટાદિ વસ્તુને અર્થાન્તરભૂત પટાદિ પર્યાયો વડે પોતાના ઉર્ધ્વ, કુંડલ, ઓષ્ઠ, આયત, વૃત્ત, ગ્રીવાદિ પર્યાયો વડે યુગવત્ વિવક્ષિત વસ્તુનું સત્ત્વ કે અસત્ત્વ વડે કહેવા માટે અશક્ય હોવાથી ઘટાદિનું અવક્તવ્યત્વ છે.

સદ્‌ભાવપર્યાય વડે આદેશ કરાયેલ ઘટાદિ દ્રવ્યનું એક દેશનું સત્ત્વ અને બીજા દેશનું સ્વ પર પર્યાયો વડે સત્ત્વ-અસત્ત્વ કહેવું અશક્ય હોવાથી ઘટાદિનું સદ્ અવક્તવ્યપણું છે. તે જ ઘટાદિનું એકદેશ પરપર્યાયથી વિશેષિત ઘટનું અસત્પણું હોવાથી અને અપરદેશનું સ્વપર પર્યાયથી - x - કહેવાને અશક્ય હોવાથી ઘટાદિનું અસદ્ અવક્તવ્યત્વ છે. ઘટાદિ દ્રવ્યના એક દેશનું સ્વપર્યાયોથી આદિષ્ટત્વ વડે સત્ત્વ હોવાથી અને બીજા દેશનું પર પર્યાયોથી આદિષ્ટતાથી અસત્ત્વ હોવાથી અને અન્ય દેશનું સ્વ-પર પર્યાયો વડે યુગપત્ વિશેષિત ઘટનું તેમજ કહેવા માટે અશક્ય હોવાથી અવક્તવ્ય હોવાથી ઘટાદિનું સત્ અસત્ અવક્તવ્યત્વ છે.

અહીં પહેલો, બીજો, ચોથો ભંગ એ ત્રણે અખંડ વસ્તુ આશ્રિત છે, બાકીના ચાર વસ્તુદેશ આશ્રિત છે. વળી ત્રીજો ભંગ પણ અખંડ વસ્તુ આશ્રિત જ છે, તેમ



બીજા કહે છે. તે રીતે સ્વપર્યાય-પરપર્યાયો વડે વિવક્ષિત અખંડ વસ્તુંનું સત્અસત્પણું છે. આ કારણે "આચાર"ની ટીકામાં કહ્યું છે - અહીં ઉત્પત્તિને સ્વીકારીને પાછલા ત્રણ વિકલ્પો સંભવતા નથી. કેમકે પદાર્થના અવયવની અપેક્ષા તેમજ ઉત્પત્તિના અવયવનો અભાવ છે, એમ અજ્ઞાનિકવાદીના-૬૭ વિકલ્પો થયા.

વૈનયિકના ૩૨-વિકલ્પો છે - તે આ - દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, વૃદ્ધ, અધમ, માતા, પિતા એ આઠેનું કાયા-વાણી-મન-દાન વડે દેશ-કાલ મુજબ વિનય કરવો. એ રીતે ૮ x ૪ = ૩૨ થયાં. ચારે વાદીની સંખ્યા-૩૬૩ થઈ. પૂજ્યોએ કહ્યું - નિત્યાનિત્યાત્મક આત્માદિ નવ પદાર્થો, સ્વ-પરથી સ્થાપેલા, કાલ-નિયતિ-સ્વભાવ-ઈશ્વર-આત્મકૃત આ રીતે ૧૮૦ ભેદ આસ્તિક મતના થાય છે, ઇત્યાદિ ગાથાર્થ ઉપર કહેવાયો છે. આ જ ચાર સમવસરણોને ચોવીશ દંડકમાં કહેતા જણાવે છે—

સૂત્ર સુગમ છે. વિશેષ આ - સમનસ્કત્વથી નારકાદિ પંચેન્દ્રિયોમાં આ ચારે સમવસરણો સંભવે છે. એક-બે-ત્રણ-ચાર ઇન્દ્રિયોવાળાને મન ન હોવાથી તે સંભવતા નથી... - પુરુષના અધિકારથી પુરુષ વિશેષના પ્રતિપાદન માટે પ્રાયઃ દૃષ્ટાંત સહિત ૪૩-પુરુષ સૂત્રોને કહે છે—

**• સૂત્ર-૩૬૮ થી ૩૭૯ :-**

*[૩૬૮] - (૧) મેઘ ચાર ભેદે કહ્યા - ગર્જે પણ વરસે નહીં, વરસે પણ ગર્જે નહીં, ગરજે અને વરસે, ગરજે નહીં - વરસે પણ નહીં... (૨) આ દૃષ્ટાંતે ચાર ભેદે પુરુષો કહ્યા - ગરજે પણ વરસે નહીં, આદિ ચાર.*

*(૩) મેઘ ચાર ભેદે કહ્યા - ગરજે પણ વીજળી ન કરે, વીજળી કરે પણ ગરજે નહીં, આદિ ચાર... (૪) એ રીતે પુરુષો પણ ચાર ભેદે કહ્યા છે.*

*(૫) મેઘ ચાર ભેદે કહ્યા - વરસે પણ વીજળી ન કરે આદિ ચાર... (૬) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા - વરસે પણ વીજળી ન કરે આદિ-૪*

*(૭) મેઘ ચાર ભેદે કહ્યા - કાલવાસી પણ અકાલવાસી નહીં આદિ ચારે... (૮) એ રીતે પુરુષો પણ ચાર ભેદે કહ્યા - કાલવાસી પણ અકાલવાસી નહીં.*

*(૯) મેઘ ચાર ભેદે કહ્યા - ક્ષેત્રવાસી પણ અક્ષેત્રવાસી નહીં આદિ ચાર...*

*(૧૦) એ રીતે પુરુષો પણ ચાર ભેદે જાણવા.*

*(૧૧) મેઘ ચાર ભેદે કહ્યા - અંકુરિત કરે પણ નિષ્પન્ન ન કરે. નિષ્પન્ન કરે પણ અંકુરિત ન કરે આદિ ચાર... (૧૨) એ પ્રમાણે માતાપિતા ચાર ભેદે કહ્યા - જન્મ આપે પણ પાલન ન કરે આદિ ચાર.*

*(૧૩) મેઘ ચાર ભેદે કહ્યા - દેશવાસી પણ સર્વવાસી નહીં આદિ ચાર... (૧૪) એ પ્રમાણે રાજા ચાર ભેદે છે - દેશાધિપતિ પણ સર્વાધિપતિ નહીં.*

*[૩૬૯] - (૧૫) મેઘ ચાર ભેદે કહ્યા છે - પુષ્કલ સંવર્તક, પર્જન્ય, જીમૂત, જિમ્હ.. પુષ્કલ સંવર્તક મહામેઘ એક વૃષ્ટિ વડે ૧૦,૦૦૦ વર્ષ ભાવિત કરે છે, પર્જન્ય મહામેઘ એક વૃષ્ટિ વડે ૧૦૦૦ વર્ષ વરસે છે, જીમૂત મહામેઘ એક વૃષ્ટિથી દશ વર્ષ વરસે છે, જિમ્હ મહામેઘ ઘણી વૃષ્ટિ વડે એક વર્ષ પર્યન્ત વરસે*

*કે ન પણ વરસે.*

*[૩૭૦] - (૧૬) કરંડક ચાર ભેદે છે - શ્વપાક કરંડક, વેશ્યા કરંડક, ગૃહસ્થ કરંડક, રાજ કરંડક... (૧૭) એ રીતે આચાર્યો ચાર ભેદે છે - શ્વપાક - વેશ્યા - ગૃહસ્થ - રાજ [એ ચારે] કરંડક સમાન.*

*[૩૭૧] - (૧૮) વૃક્ષો ચાર ભેદે કહ્યા - શાલ અને શાલ પર્યાય, શાલ અને એરંડ પર્યાય, એરંડ અને શાલ પર્યાય, એરંડ અને એરંડ પર્યાય... (૧૯) એ પ્રમાણે આચાર્યો પણ ચાર ભેદે કહ્યા - શાલ અને શાલપર્યાયાદિ.*

*(૨૦) શાલ અને શાલ પરિવાર, શાલ અને એરંડ પરિવાર આદિ ચાર... (૨૧) એ રીતે આચાર્યો ચાર ભેદે છે - શાલ અને શાલ પરિવાર.*

*[૩૭૨] મહાવૃક્ષોની મધ્યે જેમ વૃક્ષરાજ શાલ સુશોભિત છે, તેમ શ્રેષ્ઠ શિષ્યોની મધ્યે ઉત્તમ આચાર્ય સુશોભિત હોય છે.*

*[૩૭૩] એરંડક વૃક્ષોની મધ્યે જેમ વૃક્ષરાજ શાલ શોભે છે, તેમ કનિષ્ઠ શિષ્યોની મધ્યે ઉત્તમ આચાર્ય શોભે છે.*

*[૩૭૪] મહાવૃક્ષોની મધ્યે જેમ એરંડક દેખાય છે, તેમ શ્રેષ્ઠ શિષ્યો મધ્યે કનિષ્ઠ આચાર્ય દેખાય છે... [૩૭૫] એરંડક વૃક્ષ મધ્યે જેમ એરંડો દેખાય છે તેમ કનિષ્ઠ શિષ્યો મધ્યે કનિષ્ઠ આચાર્ય દેખાય છે.*

*[૩૭૬] મત્સ્યો ચાર ભેદે છે - અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી... (૨૩) એ રીતે ચાર ભેદે સાધુ કહ્યા - અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી.*

*(૨૪) ચાર પ્રકારે ગોળા કહ્યા છે - મીણનો ગોળો, લાખનો ગાળો, કાષ્ઠનો ગોળો, માટીનો ગોળો... (૨૫) એ રીતે ચાર ભેદે પુરુષ કહ્યા - મીણના ગોળા સમાન આદિ ચાર... (૨૬) ચાર ભેદે ગોળા કહ્યા - લોઢાનો ગોળો, કલાઈનો ગોળો, ત્રાંબાનો ગોળો, સીસાનો ગોળો... (૨૭) એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા - લોઢાના ગોળ સમાન આદિ ચાર... (૨૮) ચાર ભેદે ગોળા કહ્યા - રૂપાનો, સોનાનો, રત્નનો, હીરાનો... (૨૯) એ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા - રૂપાના ગોળા સમાન યાવત્ હીરાના ગોળા સમાન.*

*(૩૦) પત્ર ચાર ભેદે કહ્યા - અસિપત્ર, કરપત્ર, ક્ષુરપત્ર, કદંબચીરિકાપત્ર... (૩૧) એ રીતે ચાર ભેદે પુરુષ - અસિપત્ર સમાન આદિ ચાર.*

*(૩૨) કટ ચાર ભેદે છે - સુંબકટ, વિદલકટ, ચર્મકટ, કંબલકટ... (૩૩) આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા - સુંબકટસમાન આદિ ચાર.*

*[૩૭૭] - (૩૪) ચતુષ્પદો ચાર ભેદે કહ્યા - એક ખુરા, બે ખુરા, ગંડીપદા, સનખપદા... (૩૫) ચાર ભેદે પક્ષી કહ્યા - ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્ગક પક્ષી, વિતતપક્ષી... (૩૬) ચાર ભેદે ક્ષુદ્ર પ્રાણી કહ્યા - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક.*

*[૩૭૮] - (૩૭) ચાર ભેદે પક્ષી કહ્યા - નિવર્તિત પણ પરિવર્તિત નહીં,*



*પરિવર્તિત પણ નિવર્તિત નહીં, નિવર્તિત અને પરિવર્તિત બંને, નિવર્તિત કે પરિવર્તિત એકે નહીં... (૩૮) એ રીતે સાધુ ચાર ભેદે જાણવા.*

*[૩૭૯] - (૩૯) ચાર ભેદે પુરુષો કહ્યા - કૃશ અને કૃશ, કૃશ અને સ્થૂળ, આદિ ચાર... (૪૦) ચાર ભેદે પુરુષો કહ્યા - કૃશ અને કૃશાત્મા, કૃશ અને અકૃશાત્મા, આદિ ચાર... (૪૧) ચાર ભેદે પુરુષો કહ્યા - બુધ અને બુધ, બુધ પણ અબુધ આદિ ચાર... (૪૨) ચાર ભેદે પુરુષો કહ્યા - બુધ અને બુધહૃદય આદિ ચાર... (૪૩) ચાર ભેદે પુરુષો કહ્યા છે - આત્માનુંકંપ પણ પરાનુકંપ નહીં, ઇત્યાદિ ચાર ભેદે.*

**● વિવેચન-૩૬૮ થી ૩૭૯ :-**

[૩૬૮] - સૂત્રો સુગમ છે. વિશેષ આ - (૧) મેઘા - વરસાદો, ગર્જારવ કરે છે, પણ વૃષ્ટિ કરતા નથી.. (૨) એમ કોઈ પુરુષ ગર્જનારની જેમ ગર્જારવ કરે છે અર્થાત્ દાન, જ્ઞાન, વ્યાખ્યાન, અનુષ્ઠાન, શત્રુ નિગ્રહાદિ વિષયમાં શબ્દો વડે પ્રતિજ્ઞા કરે, પણ મેઘની જેમ વરસે નહીં - સ્વીકૃત્ કાર્ય કરે નહીં, બીજો કાર્ય કરે પણ શબ્દથી પ્રતિજ્ઞા ન કરે, તેમ અન્ય પણ જાણવા.

(૩) વીજળીનો કરનાર... (૪) કોઈ પુરુષ શબ્દ વડે પ્રતિજ્ઞા કરે, પણ વીજળી કરનાર મેઘની જેમ દાનાદિ પ્રતિજ્ઞાત કાર્યના આરંભનો આડંબર કરે પણ પ્રતિજ્ઞા ન કરે, એમ અન્યો જાણવા.

(૫-૬) કોઈ દાનાદિથી વરસે પણ દાનાદિ આરંભનો આડંબર ન કરે, બીજો આડંબર કરે પણ દાનાદિ ન કરે, ત્રીજો બંને કરે, ચોથો ન કરે.

(૭) અવસરે વરસનાર તે કાલવર્ષી, એમ અન્યો પણ... (૮) કોઈ પુરુષ અવસરે દાન, વ્યાખ્યાનાદિ પરોપકારર્થે પ્રવૃત્તિ કરે તે એક, બીજો તેથી વિપરીત, આદિ ચાર... (૯) ક્ષેત્ર-ધાન્યાદિ ઉત્પત્તિ સ્થાન... (૧૦) કોઈ પુરુષ ક્ષેત્રવર્ષી-પાત્રમાં દાન, શ્રુતાદિ વાવનાર તે એક, બીજો તેથી વિપરીત, ત્રીજો તથાવિધ વિવેક રહિતતાથી અતિ ઔદાર્યથી અથવા પ્રવચન પ્રભાવનાદિ કારણથી ઉભયસ્વરૂપ અને ચોથો દાનાદિ કાર્યમાં અપ્રવૃત્તિક.

(૧૧) જે મેઘ વૃષ્ટિ વડે ધાન્યને અંકુરાદિરૂપે ઉત્પન્ન કરે તે જનયિતા, નિર્માપયિતા - જે મેઘ વૃષ્ટિ વડે સફળતાને પામે... (૧૨) એ રીતે માતાપિતા પણ પ્રસિદ્ધ છે. એમ આચાર્ય પણ શિષ્ય પ્રતિ યોજવા.

(૧૩) વિવક્ષિત ભરતાદિ ક્ષેત્રના કે પ્રાવૃટ્ આદિ કાળમાં કે દેશમાં મેઘના દેશ વડે જે વર્ષે તે દેશવર્ષી. જે મેઘ સર્વક્ષેત્ર-કાળમાં સર્વાત્મ વડે વર્ષે તે સર્વ વર્ષી અથવા - ક્ષેત્રથી દેશમાં, કાળથી સર્વત્ર વર્ષે છે, ક્ષેત્રથી દેશમાં, પોતાથી સર્વત્ર વર્ષે, કાળથી દેશમાં-ક્ષેત્રથી સર્વત્ર, કાળથી દેશમાં-પોતાથી સર્વાત્મ વડે અથવા પોતાથી દેશ વડે - ક્ષેત્રથી સર્વત્ર, પોતાથી દેશ વડે - કાલથી સર્વત્ર, ક્ષેત્ર-કાળથી દેશમાં અને પોતાથી સર્વત્ર, ક્ષેત્રથી દેશમાં - પોતાથી દેશ વડે અને કાલથી સર્વત્ર, કાળથી દેશમાં પોતાથી દેશ વડે અને ક્ષેત્રથી સર્વત્ર. ઉક્ત નવ વિકલ્પે જે મેઘ વર્ષે તે દેશવર્ષી અને

સર્વવર્ષી. ચોથો ભંગ સુજ્ઞાત છે.

(૧૪) રાજા - જે વિવક્ષિત ક્ષેત્રમાં જ યોગક્ષેમ કરવા સમર્થ છે, તે દેશાધિપતિ પણ સર્વાધિપતિ નહીં, તે પલ્લી પતિ આદિ. જે પલ્લી આદિ વિભાગમાં સમર્થ થતો નથી, બીજે સર્વત્ર સમર્થ છે, તે સર્વાધિપતિ પણ દેશાધિપતિ નહીં, ત્રીજો ઉભય અધિપતિ છે - વાસુદેવાદિ માફક, દેશ અધિપતિ અને સર્વાધિપતિ. ચોથો રાજ્ય ભ્રષ્ટ જાણવો.

[૩૬૯] - (૧૫) પુષ્કલ આદિ. એક વૃષ્ટિ વડે ઉદક સ્નેહવર્તી કરે છે. અર્થાત્ ધાન્યાદિ ઉત્પન્ન કરવામાં સામર્થ્યવાળી કરે છે. જિમ્હમેઘ ઘણાં વખત વરસવા વડે એક વર્ષ યાવત્ ભૂમિને ચીકાશવાળી કરે છે અથવા તેના જલના રૂક્ષપણાંથી રસવાળી કરતી નથી. આ વર્ણન પછી પુરુષના અધિકારથી મેઘાનુસારે પુરુષો પુષ્કલાવર્ત્ત આદિ સમાન જાણવા. તેમાં એક જ વખતના ઉપદેશ કે દાન વડે દીર્ઘકાળ પર્યન્ત પ્રાણીને શુભ સ્વભાવ કે સમૃદ્ધિવાળો જે કરે છે તે આધમેઘ સમાન જાણવો.

આ રીતે અલ્પતર અને અલ્પતમ કાલાપેક્ષાએ બીજા અને ત્રીજા મેઘ સમાન છે. અનેક વખત ઉપદેશાદિ વડે પ્રાણીને અલ્પકાળ પર્યન્ત ઉપકારને કરતો કે ન કરતો ચોથા મેઘ સમાન છે.

[૩૭૦] - (૧૬) કરંડક - વસ્ત્રાભરણાદિનું સ્થાન, પ્રસિદ્ધ છે. ૧- ચાંડાલનો કરંડક, તે પ્રાયઃ ચામડાને સંસ્કારવાના ઉપકરણરૂપ વઘ્રાદિ ચર્માંશના સ્થાન વડે અતિ અસાર છે. ૨- વેશ્યાકરંડક, લાખ વડે પૂરિત સોનાના આભરણાદિનું સ્થાન હોવાથી કિંચિત્ સારભૂત છતાં કહેવાનાર કરંડકની અપેક્ષાએ અસાર છે. ૩- ગૃહપતિ - શ્રીમંતનો કરંડક, તે વિશિષ્ટ મણિ, સુવર્ણ આભરણાદિથી યુક્ત સારતર છે. ૪- રાજકરંડક, અમૂલ્ય રત્નાદિનું ભાજન હોવાથી સારતમ છે.

(૧૭) એ રીતે જે આચાર્ય સૂત્રાર્થધારી, વિશિષ્ટ ક્રિયાથી હીન છે, તે પ્રથમ કરંડક સમાન, તે અત્યંત અસાર છે. બીજો દુઃખપૂર્વક શ્રુતના અંશને ભણેલ છે પણ વાક્ આડંબરથી મુગ્ધ લોકોને આકર્ષે છે, તે, કેમકે તે પરીક્ષામાં અસમર્થ હોવાથી અસાર છે. ત્રીજા - જે આચાર્ય સ્વ-પર સમયજ્ઞ અને ક્રિયાદિ ગુણયુક્ત છે તે સારતર હોવાથી છે. ચોથો - સુધર્માદિવત્.

[૩૭૧] - (૧૮) કોઈ શાલ નામક વૃક્ષની જાતિયુક્તતાથી શાલ છે અને શાલના જ પર્યાયો - બહુ છાયાપણું, સેવવાપણું આદિ ધર્મો જેને છે તે શાલપર્યાય, તે એક. કોઈ નામથી પૂર્વવત્ શાલ પણ એરંડના જ પર્યાયો અલ્પછાયા, અસેવન યોગ્ય આદિ ધર્મો જેને છે તે એરંડ પર્યાય, તે બીજો. કોઈ એરંડ વૃક્ષ જાતિય હોવાથી એરંડ છે. પણ શાલપર્યાય હોય છે તે ત્રીજો. કોઈ એરંડ વૃક્ષ પૂર્વવત્ એરંડ ધર્માદિ યુક્ત હોય છે, તે ચોથો.

(૧૯) આચાર્ય શાલની જેમ આચાર્ય પણ સુકુલીન અને સદ્‌ગુરુકુલવાળા છે તે જ શાલ કહેવાય છે. તથા શાલના ધર્મવાળો છે. જેમ શાલછાયા આદિ ધર્મ સહિત છે, તેમ જે આચાર્ય જ્ઞાન-ક્રિયાજનિત યશાદિ ગુણોયુક્ત હોય છે તે શાલ પર્યાય



છે - આ એક. તથા એક આચાર્ય પૂર્વવત્ શાલ છે અને પૂર્વોક્તથી વિપરીત હોવાથી એરંડ પર્યાયવાળા છે. આ બીજો ભંગ. ત્રીજો-ચોથો ભંગ પણ એ રીતે જાણવો.

(૨૦) તથા પૂર્વવત્ જ શાલ અને શાલરૂપ જ પરિવાર છે જેનો તે શાલ પરિવાર, એ રીતે શેષ ત્રણ ભંગ જાણવા.

(૨૧) આચાર્ય, શાલની જેમ ગુરુકુલ અને શ્રુતાદિથી ઉત્તમ હોવાથી શાલ છે અને શાલ સમાન મહાનુભાવ સાધુ પરિવારથી, શાલ પરિવાર છે તથા એરંડ તુલ્ય નિર્ગુણ સાધુપરિવારથી એરંડ પરિવાર છે. ત્રીજો શ્રુતાદિ વડે હીનત્વથી આચાર્ય એરંડ જેવો છે, અને ચોથો સુજ્ઞાત છે.

[૩૭૨ થી ૩૭૫] ચાર ગાથા છે, તે સુગમ છે. મંગુલ - અસુંદર.

[૩૭૬] - (૨૨) અનુશ્રોત વડે જે ચાલે, તે અનુશ્રોતચારી - નદી આદિ પ્રવાહગામી. એ રીતે અન્ય ત્રણ ભેદ... (૨૩) એ રીતે સાધુ, જે અભિગ્રહ વિશેષથી ઉપાશ્રય સમીપે ક્રમ વડે કુળોમાં ભિક્ષા કરે તે અનુશ્રોતચારી મત્સ્ય વત્ અનુશ્રોતચારી છે. જે સાધુ ઉત્ક્રમથી ઘરોને વિશે ભિક્ષા કરતો ઉપાશ્રયમાં આવે તે બીજો. જે ક્ષેત્રના અંતથી ભિક્ષા કરે તે ત્રીજો. ક્ષેત્ર મધ્યે [ભિક્ષા કરે - ગવેષ] તે ચોથો.

(૨૪) મીણનો ગોળાકાર પિંડ, એ રીતે અન્ય ગોળા પણ જાણવા. વિશેષ આ કે - લાખ, કાષ્ઠ, માટી પ્રસિદ્ધ છે... (૨૫) જેમ તે ગોળાઓ મૃદુ, કઠિન, કઠિનતર, કઠિનતમ ક્રમ વડે હોય છે, જે પુરુષો પરિષહાદિમાં મૃદુ, દૃઢ, દૃઢતર, દૃઢતમ સત્યવાળા હોય છે તે મીણાદિ ગોળા સમાન છે.

(૨૬) લોઢાના ગોળા આદિ પ્રસિદ્ધ છે... (૨૭) આ લોઢાના ગોળા આદિના ક્રમ વડે ગુરુ, ગુરૂતર, ગુરૂતમ અને અત્યંત ગુરૂ વડે જે પુરુષો આરંભાદિ પ્રવૃત્તિથી ઉપાર્જિત કર્મ-ભારવાળા હોય છે તે લોઢાના ગોળા સમાન આદિ વ્યપદેશવાળા છે અથવા સ્નેહભારથી ભારે છે.

(૨૮-૨૯) રૂપાદિ ગોળાઓમાં ક્રમશઃ અલ્પ ગુણ, ગુણાધિક, ગુણઅધિકતર, ગુણાધિકતમને વિશે પુરુષો સમૃદ્ધિ કે જ્ઞાનાદિ ગુણથી સમાનપણે યોજવા... (૩૦) પાંદડા માફક પાતળાપણે જે તલવારાદિ છે તે પત્રો - ખડ્‌ગ જે છે તે અસિપત્ર, જેના વડે લાકડું છેદાય તે કરપત્ર ક્ષુરપત્ર, કદંબચીરિકાદિ શસ્ત્ર... (૩૧) ખડ્‌ગના શીઘ્ર છેદકપણાથી જે જલ્દી સ્નેહપાશને છેદે તે અસિપત્ર સમાન, જેમ સનત્કુમાર - x - ફરી ફરી ઉપદેશથી ભાવના અભ્યાસથી સ્નેહતરુને છેદે તે કરપત્ર સમાન, તથાવિધ શ્રાવકવત્. - x - જે શ્રુતધર્મનો માર્ગ સાંભળે તો પણ સર્વથા સ્નેહ છેદનમાં અસમર્થ છે, દેશવિરતિ માત્ર સ્વીકારે છે. તે ક્ષુરપત્ર સમાન. ક્ષુર, અલ્પ કેશાદિને છેદે છે, તેમ જે સ્નેહનું છેદન માત્ર મનોરથ વડે કરે છે તે ચોથો - અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ અથવા જે ગુરુ આદિને વિશે શીઘ્ર, મંદ, મંદતર, મંદતમપણે સ્નેહ છેદે છે તે.

(૩૨) કાંબ આદિથી જે બનાવાય તે કટ - સાદડી, - x - ઘાસથી બનેલ તે સુંબકટ, વાંસના કટકાથી બનેલ તે વિદલકટ, ચર્મથી બનેલ ચર્મકટ, કંબલ તે કંબલકટ... (૩૩) આ સુંબકટાદિને વિશે અલ્પ, બહુ, બહુતર, બહુતમ અવયવો વડે

પ્રતિબંધમાં પુરુષો યોજવા, તે આ રીતે - ગુરુ આદિમાં જેનો અલ્પ પ્રતિબંધ છે તે અલ્પ અસત્યાદિ વડે નાશ થવાથી સુંબકટ સમાન છે, એ રીતે સર્વત્ર ભાવવું.

(૩૪) ચતુષ્પદો - સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો, એક ખુરવાળા તે એકખુરા - અશ્વાદિ. બે ખૂરવાળા તે ગાય આદિ. સોનીના અધિકરણરૂપ એરણ, તેના જેવા પગવાળા - હાથી આદિ. નખવાળા તે સનખપદ - સિંહ આદિ. આ સૂત્ર અને પછીના બે સૂત્રોમાં જીવોને પુરુષ શબ્દ વડે વાચ્ય હોવાથી પુરુષાધિકારપણું છે... (૩૫) ચર્મમય પાંખવાળા - વાગુલી આદિ, લોમની પાંખવાળા - હંસાદિ, બીડાયેલ પાંખવાળા તે સમુદ્ગક પક્ષી, તે બહારના દ્વીપ સમુદ્રોને વિશે જાણવા, એ રીતે વિતતપક્ષી પણ.

(૩૬) ક્ષુદ્ર - અનંતર ભવમાં મોક્ષ ગમન અભાવથી અધમ પ્રાણવાળા તે ક્ષુદ્રપ્રાણા. સંમૂર્છ વડે થયેલ તે સંમૂર્છિમ. તિર્યંચ સંબંધી યોનિ જેમની છે તે સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક... (૩૭) માળાથી ઉતરનાર, કોઈ પક્ષી માળાથી નીચે આવે પણ બાળક હોવાથી પરિભ્રમણ કરવાને અસમર્થ-તે એક. બીજો પરિભ્રમણ કરવા સમર્થ છે, પણ બીકણ હોવાથી માળામાંથી ઉતરતો નથી. ત્રીજો ઉભય સમર્થ છે, ચોથો ઉભય અસમર્થ છે.

(૩૮) ભિક્ષાચર્યાએ જનાર પણ ગ્લાન, પ્રમાદાદિ કારણે પરિભ્રમણ ન કરનાર તે એક. બીજો ઉપાશ્રયથી નીકળતો પરિભ્રમણ શીલ છે, પણ સૂત્રાર્થ આસક્તિથી ભિક્ષાચર્યાએ જવા અસમર્થ. ત્રીજો-ચોથો ભંગ સ્પષ્ટ છે.

(૩૯) તપ વડે કૃશ દેહ અને કષાયને કૃશ કરેલ, એ રીતે ત્રણ ભંગ છે.

(૪૦) શરીરથી કૃશ, કષાયાદિથી કૃશ આત્મા તે નિકૃષ્ટાત્મક અથવા તપથી કૃશ દેહ પૂર્વે હતો - પછી પણ છે. અહીં પ્રથમ સૂત્ર વ્યાખ્યા કરવી. - x -

(૪૧) બુધત્વના કાર્યભૂત સત્ક્રિયાના યોગથી બુધ - x - વળી બુધવિવેક સહિત મન તે એક, બીજો બુધ, તેમજ છે, અબુધ તે વિવિક્તમનથી છે ત્રીજો અસત્ ક્રિયાવાળો છે માટે અબુધ, વિવેકી હોવાથી બુધ - x -

(૪૨) અનંતર સૂત્ર વડે એ જ કહે છે - સત્ ક્રિયાવાળો હોવાથી બુધ, જેનું મન બુદ્ધ છે, તે બુદ્ધ હૃદય - વિવેકયુક્ત મન હોવાથી અથવા શાસ્ત્રજ્ઞ હોવાથી બુધ અને કાર્યમાં અમૂઢ લક્ષણ હોવાથી બુદ્ધહૃદય.

(૪૩) આત્માના હિતમાં પ્રવર્તનાર, તે આત્માનુકંપક - પ્રત્યેક બુદ્ધ, જિનકલ્પી કે નિર્દય.. પરાનુકંપક - નિષ્ઠિતાર્થતાથી તીર્થંકર કે આત્માની અપેક્ષા વિના, દયાવાળા - મેતાર્યમુનિવત્.. ઉભયાનુકંપક તે સ્થવિરકલ્પી.. ઉભયની અનુકંપા ન કરનાર પાપાત્મા, કાલશૌકરિકાદિ.

અનંતર પુરુષના ભેદ કહ્યા. પુરુષના વ્યાપાર વિશેષને કહે છે—

● **સૂત્ર-૩૮૦,૩૮૧ :-**

***[૩૮૦] - (૧) સંભોગ ચાર ભેદે છે - દિવ્ય, આસુર, રાક્ષસ, મનુષ્યનો. - (૨) સંભોગ ચાર ભેદે છે - દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ અસુરી સાથે સંવાસ કરે, અસુર દેવી સાથે સંવાસ કરે, અસુર અસુરી સાથે સંવાસ કરે.***



***(૩) સંભોગ ચાર ભેદે છે - દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ રાક્ષસી સાથે સંવાસ કરે, રાક્ષસ દેવી સાથે સંવાસ કરે, રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે.***

***(૪) સંભોગ ચાર ભેદે છે - દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ માનુષી સાથે સંવાસ કરે, મનુષ્ય દેવી સાથે સંવાસ કરે, મનુષ્ય માનુષી સાથે સંવસે.***

***(૫) સંભોગ ચાર ભેદે છે - અસુર અસુરી સાથે સંવાસ કરે, અસુર રાક્ષસી સાથે સંવાસ કરે આદિ ચાર... (૬) સંભોગ ચાર ભેદે છે - અસુર અસુરી સાથે સંવાસ કરે, અસુર માનુષી સાથે સંવાસ કરે આદિ ચાર.***

***(૭) સંભોગ ચાર ભેદે છે - રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે, રાક્ષસ માનુષી સાથે સંવાસ કરે - આદિ ચાર ભેદ.***

***[૩૮૧] ચાર ભેદે અપધ્વંસ કહ્યો - આસુરી, અભિયોગ, સંમોહ, દેવકિલ્બિષ... ચાર કારણે જીવો અસુરપણાને યોગ્ય કર્મ કરે છે, તે આ - ક્રોધી સ્વભાવથી, કલહ સ્વભાવથી, આસક્તિથી તપ કરતાં, નિમિત્તાદિથી આજીવિકા કરવાથી... ચાર કારણે જીવો આભિઓગતા યોગ્ય કર્મ કરે છે - આત્મ ગર્વ વડે, પરનિંદા વડે, ભૂતિકર્મ વડે, કૌતુકકરણ વડે... ચાર કારણે જીવ સંમોહપણા યોગ્ય આયુ ઉપાર્જે છે - ઉન્માર્ગ દેશનાથી, માર્ગના અંતરાય વડે, કામભોગની આશંસાથી, લોભ વડે નિયાણું કરવા વડે... ચાર કારણે જીવ દેવકિલ્બિષિકતાનું આયુ ઉપાર્જે છે - અરિહંતનો અવર્ણવાદ કરતા, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદથી, આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણ-વાદથી, ચાતુર્વર્ણ સંઘના અવર્ણવાદથી.***

● **વિવેચન-૩૮૦,૩૮૧ :-**

[૩૮૦] સૂત્ર સરળ છે. વિશેષ આ - સ્ત્રી સાથે સંવસન - શયન કરવું તે સંવાસ. સ્વર્ગ, તેમાં વસનાર દેવ પણ ઉપચારથી દ્યૌ, તેમાં થયેલ તે દિવ્ય અર્થાત્ વૈમાનિક સંબંધી. ભવનપતિ વિશેષ અસુર સંબંધી. એ રીતે અન્ય બે. વિશેષ આ - રાક્ષસ તે વ્યંતર વિશેષ. દેવ, અસુરાદિના સંયોગથી છ ચતુર્ભંગી સૂત્રો થાય છે. પુરુષક્રિયાધિકારથી અપધ્વંસ સૂત્ર—

[૩૮૧] વિનાશ થવો તે અપધ્વંસ - ચારિત્રનો કે તેના ફળનો અસુર આદિ ભાવનાજનિત વિનાશ. અસુર ભાવના જનિત તે આસુર, અથવા જે અનુષ્ઠાનમાં વર્તતો અસુરત્વને ઉત્પન્ન કરે, તેના વડે આત્માને વાસિત કરવો તે આસુરભાવના, એ રીતે બીજી ભાવના પણ છે. અભિયોગ ભાવજનિત તે આભિયોગ. સંમોહભાવના જનિત તે સંમોહ. દેવકિલ્બિષ ભાવના જનિત તે દૈવકિલ્બિષ. કંદર્પ ભાવનાજનિત તે કાંદર્પ.. અપધ્વંસ પાંચમો છે, પણ ચતુઃસ્થાનકને લીધે કહી નથી. ભાવના આગમમાં પાંચ કહી - કંદર્પી, દેવકિલ્બિષી, અભિઓગી, આસુરી, સંમોહી. આ પાંચ સંક્લિષ્ટ ભાવના કહી છે.

આ પાંચ ભાવનાઓને પૈકી જે ભાવનામાં જીવ વર્તે છે, તે અલ્પ ચારિત્રના પ્રભાવથી તેવા પ્રકારના દેવોને વિશે જાય છે. કહ્યું છે કે - આ અપ્રશસ્ત ભાવનામાં વર્તતા સંયત, તેવા દેવોને વિશે જાય છે, તેઓ ચારિત્રથી હીન છે, તેથી દેવોમાં

જવાની તેને ભજના છે.

આસુરાદિનો અપધ્વંસ કહ્યો. તે અસુરત્વાદિનો હેતુ છે. માટે અસુરાદિ ભાવનાના સાધનભૂત કર્મોના કારણોને ચાર સૂત્રો વડે કહે છે - સૂત્ર સુગમ છે. વિશેષ આ - અસુરોને વિશે થયેલ તે આસુર-અસુર વિશેષનો જે ભાવ તે આસુરત્વ, અસુરપણાને અર્થે કે અસુરપણાએ તેના આયુષ્કાદિ કર્મ કરવા માટે આરંભ કરે છે, તે આ - ક્રોધના સ્વભાવપણાથી, કલહના સંબંધથી, આહાર-ઉપધિ-શય્યાદિમાં પ્રતિબદ્ધ ભાવરૂપ તપશ્ચર્યા વડે અને ત્રણ કાળ સંબંધી લાભ-અલાભ આદિ વિષયક નિમિત્તથી મેળવેલ આહારાદિ વડે ઉપજીવન.

આ અર્થ અન્યત્ર આ પ્રમાણે છે - કલહમાં અનુબદ્ધ, આસક્તિથી તપ કરનાર, નિમિત્તભાષી, કૃપા અને અનુકંપા રહિત તે આસુરી ભાવના.

જે કાર્ય પ્રત્યે યોગ્ય છે તે આભિયોગ્ય - કિંકર દેવવિશેષો, તેઓનો જે ભાવ તે આભિયોગ્યતાએ.. પોતાના ગુણના અભિમાન વડે.. પરના દોષના કહેવાથી.. જ્વરવાળા આદિને રાખ આદિથી રક્ષા કરવા વડે.. સૌભાગ્યાદિના નિમિત્તે બીજાના મસ્તકે હસ્ત ભ્રમણાદિ વડે મંત્રક્રિયા આદિ કરવા વડે... - અન્યત્ર આ પ્રમાણે કહ્યું છે - કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્ન, સ્વપ્નાદિ કથન, નિમિત્તથી આજીવિકા ચલાવે તથા ઋદ્ધિ-રસ-સાતા ગૌરવ સહિત ઉક્ત પ્રવૃત્તિથી આભિયોગ્ય ભાવના કરે છે.

સંમોહ પામે છે તે સંમોહ-મૂઢાત્મા દેવ વિશેષ, તેનો જે ભાવ તે સંમોહતા, તેને માટે કે સંમોહપણાએ.. ઉન્માર્ગ દેશના-સમ્યગ્દર્શનાદિ ભાવમાર્ગથી વિરુદ્ધ ધર્મના કથન વડે.. મોક્ષમાર્ગમાં પ્રવૃત્તને વિઘ્ન કરીને, શબ્દાદિ વિષયોની અભિલાષા કરવા દ્વારા.. ગૃદ્ધિ વડે નિયાણું કરવું તે - આ તપ આદિથી મને ચક્રવર્તીપણું આદિ મળો એવી દૃઢ કામના કરીને.

આ ભાવના અન્યત્ર આ રીતે છે - ઉન્માર્ગદેશક, માર્ગનાશક, વિપરીત માર્ગનો સ્વીકાર, મોહ વડે બીજાને મોહિત કરે, તે સંમોહભાવના કરે છે.

દેવો મધ્યે કિલ્બિષ-પાપ, તેથી જ અસ્પૃશ્યાદિ ધર્મવાળો દેવ તે દેવકિલ્બિષ. શેષ વર્ણન તેમજ જાણવું. अवर्ण - નિંદા, ખોટા દોષનું આરોપણ કરવું.. અન્યત્ર કહ્યું છે કે - જ્ઞાનની, કેવલીની, ધર્માચાર્યની, સર્વ સાધુની નિંદા કરનાર તથા માયાવી પ્રાણી કિલ્બિષિકી ભાવના કરે છે. ચાર સ્થાનક હોવાથી અહીં કંદર્પભાવના કહી નથી, ભાવનાનું વર્ણન છે માટે કહે છે—

કંદર્પ - કામકથા કરનાર, કૌકુત્સ્ય-ભાંડવત્ ચેષ્ટા કરનાર, દ્રવશીલ-ગર્વથી શીઘ્રગમન અને ભાષણાદિ કરનાર, વેશ-વચનાદિ વડે સ્વ-પરને હાસ્ય ઉત્પન્ન કરનાર, બીજાને ઇન્દ્રજાલાદિ વડે વિસ્મય કરાવનાર એવો જીવ કંદર્પી ભાવના કરનાર.. આ અપધ્વંસ પ્રવ્રજ્યાવાળાને છે માટે પ્રવ્રજ્યા સૂત્ર—

**● સૂત્ર-૩૮૨ :-**

***(૧) પ્રવ્રજ્યા ચાર ભેદે છે - આલોક પ્રતિબદ્ધ, પરલોક પ્રતિબદ્ધ, ઉભયલોક પ્રતિબદ્ધ, અપ્રતિબદ્ધ.. (૨) પ્રવ્રજ્યા ચાર ભેદે છે - અગ્રતઃ પ્રતિબદ્ધ,***





***માર્ગતઃ પ્રતિબદ્ધ, ઉભય પ્રતિબદ્ધ, અપ્રતિબદ્ધ.. (૩) પ્રવ્રજ્યા ચાર ભેદે છે - અવપાત પ્રવ્રજ્યા, આખ્યાત પ્રવ્રજ્યા, શ્રૃંગાર પ્રવ્રજ્યા, વિહગગતિ પ્રવ્રજ્યા.. (૪) ચાર ભેદે પ્રવ્રજ્યા કહી - પીડા આપીને, ભગાડીને, ઋણ મૂકાવીને, ભોજનની લાલચ વડે.. (૫) પ્રવ્રજ્યા ચાર ભેદે છે - નટખાદિતા, ભટખાદિતા, સિંહખાદિતા, શ્રૃંગાલખાદિતા...***

***(૬) કૃષિ ચાર ભેદે છે - વાવિતા, પરિવાવિતા, નિંદિતા, પરિનિંદિતા... (૭) એ પ્રમાણે પ્રવ્રજ્યા ચાર ભેદે કહી - વાવિતા - યાવત્ - પરિનિંદિતા... (૭) ચાર ભેદે પ્રવ્રજ્યા કહી - ધાન્યના પુંજ સમાન, ધાન્યના પુંજ નહીં કરેલ સમાન, વેરાયેલા ધાન્ય સમાન, ખળામાં મુકેલ ધાન્ય સમાન.***

**● વિવેચન-૩૮૨ :-**

સૂત્ર સુગમ છે. પરંતુ -૧- નિર્વાહ આદિ માત્રના અર્થીની દીક્ષા તે ઇહલોક પ્રતિબદ્ધ. -૨- જન્માંતરે કામાદિના અર્થીની દીક્ષા. પરલોક પ્રતિબદ્ધ. -૩- ઉભયના અર્થીની દીક્ષા તે ઉભયલોક પ્રતિબદ્ધ. -૪- વિશિષ્ટ સામાયિકવાળાની દીક્ષા તે અપ્રતિબદ્ધ... (૧) પુરતઃ - દીક્ષા લેવાથી ભાવિમાં શિષ્ય, આહાર આદિમાં જે પ્રતિબદ્ધ તે... (૨) માર્ગતઃ - પાછળથી, સ્વજનાદિમાં પ્રતિબદ્ધ... (૩) કોઈ બંનેમાં પ્રતિબદ્ધ... (૪) અપ્રતિબદ્ધ - પૂર્વવત્.

(૧) અવપાત - સદ્ગુરુની સેવા, તેથી જે પ્રવ્રજ્યા તે... (૨) આખ્યાત - 'તું દીક્ષા લે' એમ કહેવાથી દીક્ષા લેનાર - આર્યરક્ષિતના ભાઈ ફલ્ગુરક્ષિત માફક... (૩) શ્રૃંગાર - સંકેતથી પ્રવ્રજ્યા - મેતાર્યાદિ માફક અથવા તું દીક્ષા લે ત્યારે હું લઈશ એવા સંકેતથી... (૪) વિહગગતિ - પક્ષી જેમ બીજે જાય છે તે ન્યાય વડે પરિવારાદિની વિયોગથી એકલા દેશાંતરગમનથી જે દીક્ષા તે. અથવા પક્ષીની જેમ અથવા પરાજય પામીને દીક્ષા લે તે.

(૧) तुयावइत्त - પીડા ઉત્પન્ન કરીને દેવાય તે પ્રવ્રજ્યા - જે રીતે સાગરચંદ્ર મુનિએ મુનિચંદ્ર રાજાના પુત્રને દીક્ષા આપી. પાઠાંતરથી શારીરી કે વિદ્યાબલથી દેવાતી દીક્ષા તે... (૨) पुयावइत्त - આર્ય રક્ષિતની જેમ બીજે સ્થળે લઈ જઈને અથવા પૂત - દૂષણને દૂર કરવા પવિત્ર કરીને અપાતી દીક્ષા... પાઠાંતરથી बुयावइत्त - ગૌતમસ્વામીએ સમજાવીને ખેડૂતને આપી તેમ અથવા પ્રતિજ્ઞા કરાવીને દીક્ષા અપાય તે... (૩) मोयावइत्त - સાધુ વડે છોડાવીને જે દીક્ષા અપાય છે તે, તેલને માટે દાસત્વ પામેલ બહેનની જેમ... (૪) परिवुयावइत्त - ઘૃતાદિ વડે પરિપૂર્ણ ભોજનને માટે જે દીક્ષા અપાય તે - આર્યસુહસ્તિએ ગરીબને આપેલ દીક્ષાની જેમ.

(૧) નટ ખાદિતા - નટની જેમ સંવેગરહિત ધર્મકથા કરીને મેળવેલ ભોજનાદિનું ખાવું તે... અથવા નટવત્ સંવેગશૂન્ય ધર્મકથનરૂપ જેનો સ્વભાવ છે તે નટસ્વભાવા.. એ રીતે ભટ આદિમાં પણ જાણવું. - વિશેષ આ - તથાવિધ બલ બતાવીને મેળવેલ ભોજનાદિનું ખાવું જેને છે તે... ભટખાદિતા - ભાટ વૃત્તિરૂપ સ્વભાવવાળી, સિંહવત્ શૌર્યના અતિશય વડે અન્યની અવજ્ઞા વડે મેળવેલ કે ભક્ષણ વડે જેમ શરૂ કર્યું

તેમ ખાવું તે... શીયાળવત્ - દીનવૃત્તિથી મેળવેલું કે અન્ય સ્થળે ખાવું.

વાવિત - એક વખત ધાન્ય વવાય એવી... પરિવાવિત - બે કે ત્રણ વાર ઉખેડીને અન્ય સ્થાને રોપવાથી - શાલિની ખેતીવત્... નિંદિત - એક વખત વિજાતિય ઘાસ આદિને દૂર કરવા વડે શોધેલ... પરિનિંદિત - બે કે ત્રણ વખત તૃણાદિના શોધન વડે કૃષી.

પ્રવ્રજ્યા તો સામાયિકના આરોપણ વડે તે વાવિતા... નિરતિચાર ચારિત્રીને મહાવ્રતારોપણ વડે કે સાતિચાર ચારિત્રીને મૂલ પ્રાયશ્ચિત્ત દાનથી... નિંદિતા-એક વખત અતિચારના આલોચનથી... અને પરિનિંદિતા - વારંવાર અતિચાર આલોચના કરવી.

ધાન્યપુંજ સમાન - ખળામાં તૂસ વગેરે કચરો કાઢીને નિર્મળ કરેલ તે. - સમસ્ત અતિચારરૂપ કચરાના અભાવ વડે મેળવેલ સ્વભાવપણાથી. તે એક... બીજી - ખળામાં જ વાયુ વડે કચરાને ઉડાવેલ પણ ઢગલો નહીં કરેલ એવા ધાન્ય સમાન પ્રવ્રજ્યા, જે અલ્પ પ્રયત્ન વડે સ્વ સ્વભાવને પ્રાપ્ત કરશે... ત્રીજી - બળદના ખુરથી છૂટા થયેલા ધાન્યસમાન, જે સહજ ઉત્પન્ન અતિચારરૂપ કચરાવાળી હોવાથી સામગ્રી વડે કાલ વિલંબથી સ્વસ્વભાવને મેળવવા યોગ્ય છે તે ધાન્ય વિકિર્ણ સમાન છે... ચોથી, ક્ષેત્રથી લાવેલ અને ખળામાં રાખેલ ધાન્ય જેવી પ્રવ્રજ્યા, તે બહુતર અતિચાર સહ હોવાથી ઘણાં કાળે પ્રાપ્ય સ્વસ્વભાવવાળી છે, તે ધાન્ય સંકર્ષિત સમાન જાણવી.

આ પ્રવ્રજ્યા સંજ્ઞાના વશથી આ પ્રકારે છે, માટે સંજ્ઞા નિરૂપણ કરે છે—

**● સૂત્ર-૩૮૩,૩૮૪ :-**

***[૩૮૩] - (૧) સંજ્ઞા ચાર ભેદે કહી - આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા... (૨) ચાર કારણે જીવને આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે - ઉદર ખાલી થવાથી, ક્ષુધાવેદનીય કર્મોદયથી, તેવી મતિથી, તેની ચિંતાથી.***

***(૩) ચાર કારણે ભય સંજ્ઞા ઉત્પન્ન થાય - હીનસત્વપણાથી, ભય વેદનીય કર્મોદયથી, તેવી મતિથી, ભયની જ વિચારણા કરવાથી.***

***(૪) ચાર કારણે મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થાય - માંસ અને રક્તની વૃદ્ધિથી, મોહનીય કર્મોદયથી, તેવી મતિથી, નિરંતર વિષયોના ચિંતનથી.***

***(૫) ચાર કારણે પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય - અવિમુક્તતાથી, લોભવેદનીય કર્મના ઉદયથી, તેવી મતિથી, સતત ધનનું ચિંતન કરવાથી.***

***[૩૮૪] કામ ચાર ભેદે કહ્યા છે - શ્રૃંગાર, કરુણ, બિભત્સ, રૌદ્ર, શ્રૃંગાર કામ દેવોને હોય છે, કરુણ કામો મનુષ્યોને હોય છે, બીભત્સ કામો તિર્યંચોને હોય છે, રૌદ્ર કામો નૈરયિકોને હોય છે.***

**● વિવેચન-૩૮૩,૩૮૪ :-**

[૩૮૩] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - જાણવું તે સંજ્ઞા - ચૈતન્ય. તે અસાતા વેદનીય અને મોહનીય કર્મના ઉદયજન્ય વિકારયુક્ત છે, આહારાદિ સંજ્ઞા રૂપે કહેવાય છે. તેમાં આહારનો અભિલાષ તે આહારસંજ્ઞા, ભયમોહનીય વડે સંપાદ્ય જીવ



પરિણામ તે ભયસંજ્ઞા, વેદોદય જનિત મૈથુન અભિલાષ તે મૈથુન સંજ્ઞા, ચારિત્રમોહોદય જન્ય પરિગ્રહનો અભિલાષ તે પરિગ્રહ સંજ્ઞા છે. [તે ચારે આ પ્રમાણે છે-]

૧- ખાલી ઉદર વડે, આહાર કથા શ્રવણથી થયેલ મતિ વડે, આહારની સતત ચિંતા વડે [આહાર સંજ્ઞા થાય છે]... ૨- સત્ત્વના અભાવથી, ભયવાર્તા શ્રવણ અને ભયંકર વસ્તુને જોવાથી થયેલ મતિ વડે, ઇહલોકાદિ ભયરૂપ અર્થની વિચારણાથી [ભય સંજ્ઞા થાય છે.]... ૩- જેના માંસ, શોણિત વૃદ્ધિ પામ્યા છે તે ચિત્તમાંસ શોણિત, તેના ભાવપણે માંસ, રક્તની વૃદ્ધિ થવા વડે, કામક્રીડા કથાશ્રવણાદિ થયેલ બુદ્ધિ વડે, મૈથુનરૂપ અર્થનું વારંવાર ચિંતન કરવાથી [મૈથુન સંજ્ઞા થાય છે]... ૪- સપરિગ્રહ-પણાએ, સચેતનાદિ પરિગ્રહ દર્શનથી થયેલ મતિ વડે, પરિગ્રહના ચિંતનથી.

[૩૮૪] સંજ્ઞાઓ જ કામગોચર છે, માટે કામનિરૂપણ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - काम - શબ્દ આદિ, દેવોને શ્રૃંગાર-કામ છે. એકાંતિક અને આત્યંતિક મનોજ્ઞત્વથી અત્યંત રતિરસનું સ્થાન હોવાથી રતિરૂપ જ શ્રૃંગાર છે. કહ્યું છે - અન્યોન્ય આસક્ત સ્ત્રી-પુરુષ સંબંધી રતિ સ્વભાવ તે શ્રૃંગાર... મનુષ્યોને કરુણ-કામ છે, તુચ્છપણાથી, ક્ષણમાં જોયેલ નષ્ટ થવાથી અને શુક્ર-શોણિતાદિથી યુક્ત દેહના શોચનાત્મક હોવાથી તથાવિધ મનોજ્ઞપણું હોતું નથી, કરુણ રસ શોક સ્વભાવ જ છે... તિર્યંચોને બિભત્સ કામ હોય છે, કેમકે તે જુગુપ્સા સ્થાન છે. - x - નૈરયિકોને અત્યંત અનિષ્ટપણાએ ક્રોધોત્પાદક હોવાથી રૌદ્રદારુણ કામ હોય છે. કહ્યું છે કે - રૌદ્ર રસ જ ક્રોધરૂપ છે.

આ કામો તુચ્છ અને ગંભીરના બાધક-સાધક છે, માટે તુચ્છને તથા ગંભીરને કહેવા ઇચ્છતા સૂત્રકાર દૃષ્ટાંત સહિત સૂત્ર કહે છે—

**● સૂત્ર-૩૮૫ :-**

***(૧) ઉદક ચાર પ્રકારે છે - કોઈ ઉત્તાન અને ઉત્તાનોદક, કોઈ ઉત્તાન અને ગંભીરોદક, ગંભીર અને ઉત્તાનોદક, ગંભીર અને ગંભીરોદક.***

***(૨) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે - ઉત્તાન અને ઉત્તાનહૃદય, ઉત્તાન અને ગંભીર હૃદય. આદિ ચાર.***

***(૩) ઉદક ચાર ભેદે છે - ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી આદિ ચાર... (૪) એ રીતે પુરુષો ચાર ભેદે છે - ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી આદિ ચાર.***

***(૫) ઉદધિ ચાર ભેદે છે - ઉત્તાન અને ઉત્તાનોદધિ, ઉત્તાન અને ગંભીરોદધિ આદિ ચાર... (૬) એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા - ઉત્તાન અને ઉત્તાન હૃદય આદિ ચાર... (૭) ઉદધિ ચાર ભેદે છે - ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી... (૮) એ પ્રમાણે ચાર ભેદે પુરુષો કહ્યા - ઉત્તાન અને ઉત્તાન અવભાસી, આદિ ચાર.***

**● વિવેચન-૩૮૫ :-**

સૂત્ર સ્પષ્ટ છે, પરંતુ उदक - પાણી કહેલા છે. (૧) उत्तान - તુચ્છપણાથી છીછરું, વળી સ્વચ્છતાથી મધ્યસ્વરૂપમાં દેખાતું પાણી તે ઉત્તાનઉદક છે. - x - મૂળમાં

સ્વીકારેલ ઉદક શબ્દથી આ પદનો અર્થ કહેવાયેલો છે, તેના બહુવચનાંતપણા વડે અહીં અસંબંધ્યમાનપણું છે - x - એ રીતે ઉદધિસૂત્ર પણ વિચારવું... (૨) उत्तान - પૂર્વવત્ ગંભીર ઉદક મલિન હોવાથી તેનું સ્વરૂપ જણાતું નથી... (૩) गंभीर - અગાધ, ઘણું પાણી હોવાથી અને સ્વચ્છપણાથી મધ્ય સ્વરૂપ દેખાતું હોવાથી ઉત્તાનોદક છે... (૪) અગાધ હોવાથી ગંભીર, મલિન હોવાથી ગંભીરોદક.

(૧) પુરુષ તો उत्तान - બહારથી દેખાડેલ મદ અને દીનતા આદિથી થયેલ વિકૃત શરીર, કાય ચેષ્ટાથી અગંભીર છે, વળી દૈન્યાદિ ગુણથી યુક્ત અને ગુહ્યને ધારણ કરવામાં અસમર્થ ચિત્તવાળો હોવાથી ઉત્તાન હૃદય છે, તે એક. બીજો કારણવશાત્ દર્શિત વિકૃત ચેષ્ટાથી ઉત્તાન છે અને સ્વભાવથી ઉત્તાન હૃદયની વિપરીતતાથી ગંભીર હૃદય છે. ત્રીજો દૈન્યાદિત્વ છતાં કારણવશ આકારને ગોપવવા વડે ગંભીર અને ઉત્તાનહૃદય પૂર્વવત્ અર્થાત્ સ્વભાવથી તુચ્છહૃદય. ચોથો પ્રથમથી ઉલટો.

તથા થોડું પાણી હોવાથી ઉત્તાન અને સ્થાનવિશેષથી ઉત્તાન જેવો દેખાય છે તે એક, બીજો - ઉત્તાન પૂર્વવત્ પણ સાંકડા સ્થાનાદિથી અગાધ જેવો દેખાય છે. ત્રીજો ગંભીર છે, તથાવિધ સ્થાનાશ્રિતપણાથી ઉત્તાનની માફક દેખાય છે. ચોથો ગંભીર અને ગંભીરવત્ છે.

પુરુષ તો તુચ્છ અને તુચ્છ દેખાય છે તે એક, બીજો તુચ્છ છે પણ વિકાર ગોપવવાથી ગંભીર દેખાય છે, ત્રીજો ગંભીર છે પણ કારણવશ વિકારને દેખાડવાથી તુચ્છ જેવો દેખાય છે. ચોથો સુગમ છે.

ઉદક સૂત્ર માફક ઉદધિ સૂત્ર પણ જાણવા. અથવા એક ઉદધિ છીછરો હોવાથી પહેલા અને પછી પણ ઉત્તાન છે કેમકે મનુષ્ય ક્ષેત્ર બહાર સમુદ્રોમાં વેલાનો અભાવ હોય છે, તે એક. બીજો - પહેલા છીછરો, પછી ગંભીર છે, ત્રીજો-પ્રથમ ગંભીર, પછી છીછરો છે, ચોથો સુગમ છે.

સમુદ્રના પ્રસ્તાવથી હવે તરનારાનું વર્ણન કરે છે—

● **સૂત્ર-૩૮૬ થી ૩૯૧ :-**

***[૩૮૬] - (૧) તરક ચાર ભેદે છે - સમુદ્ર તરુ છું કહીને તરે, સમુદ્ર તરુ છું કહીને ખાડી તરે છે, આદિ ચાર.. (૨) તરક ચાર ભેદે છે - સમુદ્ર તરીને વળી સમુદ્રમાં સીદાય છે, સમુદ્ર તરીને ખાડીમાં સીદાય છે. આદિ ચાર.***

***[૩૮૭] કુંભ ચાર ભેદે કહ્યા - (૧) પૂર્ણ અને પૂર્ણ, પૂર્ણ અને તુચ્છ, તુચ્છ અને પૂર્ણ, તુચ્છ અને તુચ્છ.. (૨) એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે જાણવા... (૩) કુંભ ચાર ભેદે કહ્યા - પૂર્ણ અને પૂર્ણ અવભાસી, પૂર્ણ અને તુચ્છોવભાસી, તુચ્છ અને પૂર્ણ અવભાસી, તુચ્છ અને તુચ્છ અવભાસી.. (૪) આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે - પૂર્ણ અને પૂર્ણ અવભાસી.***

***(૫) કુંભ ચાર ભેદે છે - પૂર્ણ અને પૂર્ણરૂપ, પૂર્ણ અને તુચ્છ રૂપ, આદિ ચાર... (૬) એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે - પૂર્ણ અને પૂર્ણરૂપ આદિ.***



***(૭) કુંભ ચાર ભેદે છે - પૂર્ણ અને પ્રીતિકર, પૂર્ણ અને અપદલ, તુચ્છ અને પ્રીતિકર, તુચ્છ અને અપદલ.. (૮) એ રીતે પુરુષો ચાર ભેદે જાણવા.***

***(૯) કુંભ ચાર ભેદે કહ્યા - પૂર્ણ પણ ઝરે છે, પૂર્ણ અને ઝરતો નથી, તુચ્છ અને ઝરે છે, તુચ્છ છતાં ઝરતો નથી.. (૧૦) એ રીતે પુરુષો ચાર ભેદે જાણવા.***

***(૧૧) કુંભ ચાર ભેદે કહ્યા - ભાંગેલ, જર્જરિત, પરિસ્રાવિ, અપરિસ્રાવિ.. (૧૨) એ રીતે ચારિત્ર ચાર ભેદે છે - ખંડિત યાવત્ નિરતિચાર ચારિત્ર.***

***(૧૩) કુંભ ચાર ભેદે કહ્યા - મધનો કુંભ અને મધનું ઢાંકણ, મધુકુંભ અને વિષનું ઢાંકણ, વિષકુંભ અને મધુ ઢાંકણ, વિષકુંભ અને વિષ ઢાંકણ... (૧૪) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે - મધુકુંભ અને મધુઢાંકણ આદિ ચાર.***

***[૩૮૮] જે પુરુષ નિષ્પાપ અને નિર્મલ હૃદયી છે, જેની જીભ મધુરભાષિણી છે, તે મધુ ઢાંકણવાળો, મધુકુંભી સમાન છે.***

***[૩૮૯] જે પુરુષનું હૃદય નિષ્પાપ અને નિર્મલ છે, પણ જેની જીભ સદા કટુભાષિણી છે, તે વિષવાળા ઢાંકણયુક્ત મધુકુંભ સમાન છે.***

***[૩૯૦] જે પુરુષનું હૃદય પાપી અને મલિન છે અને જેની જીભ સદા મધુર ભાષિણી છે તે મધુયુક્ત ઢાંકણવાળા વિષકુંભ સમાન છે.***

***[૩૯૧] જેનું હૃદય પાપી અને મલિન છે તથા જેની જીભ સદા કટુભાષિણી છે, તે પુરુષ વિષયુક્ત ઢાંકણાવાળા વિષકુંભ સમાન છે.***

● **વિવેચન-૩૮૬ થી ૩૯૧ :-**

[૩૮૬] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - (૧) તરે છે તે તરક - તરનારા છે. સમુદ્ર માફક દુસ્તર - સર્વવિરતિ આદિ કાર્યોને तरामि - તરું છું, એમ સ્વીકારી તેમાં સમર્થ કોઈક સમુદ્રને તરે છે અર્થાત્ તે જ સમર્થન કરે છે એ એક. બીજો તેને સ્વીકારીને અસમર્થપણાથી ગોષ્પદ [ખાડી] સમાન દેશવિરતિ આદિ અલ્પતમને તરે છે-પાળે છે. ત્રીજો ગોષ્પદ પ્રાયને સ્વીકારીને વીર્યાતિરેકથી સમુદ્રપ્રાયઃને સાધે છે, ચોથો ભંગ સુગમ છે.

(૨) સમુદ્ર પ્રાય કાર્યને નિર્વાહીને સમુદ્રપ્રાય અન્ય પ્રયોજનમાં ખેદ પામે છે - ક્ષયોપશમની વિચિત્રતાથી નિર્વાહ કરતો નથી, એ રીતે શેષભંગ.

- [૩૮૭] કુંભના દૃષ્ટાંતથી પુરુષોને જ પ્રતિપાદન કરવા સૂત્રકાર સૂત્રને વિસ્તારે છે, સૂત્રો સુગમ છે. વિશેષ આ કે - (૧) પૂર્ણ - સર્વ અવયવયુક્ત કે પ્રમાણોપેત, વળી પૂર્ણ - મધુ આદિથી ભરેલ તે પ્રથમ. બીજા ભંગમાં તુચ્છ-ખાલી, ત્રીજા ભંગમાં તુચ્છ - અપૂર્ણ અવયવવાળો કે લઘુ અને ચોથા ભંગ સુગમ છે અથવા પૂર્ણ ભરેલ, પહેલાં અને પછી પણ પૂર્ણ આદિ ચાર.

(૨) પુરુષ-જાતિ આદિ ગુણોથી પૂર્ણ, વળી જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ અથવા ધનથી કે જ્ઞાનાદિ ગુણોથી પહેલા અને પછી પૂર્ણ, એ રીતે બીજા છે.

(૩) અવયવો વડે કે દહીં આદિથી પૂર્ણ અને જોનારાઓને પૂર્ણ જ જણાય

છે તે પૂર્ણાવભાસી એ એક. બીજો પૂર્ણ છે પણ કોઈ હેતુથી ચોક્કસ પ્રયોજનના અસાધકપણાદિથી તુચ્છ જણાય છે, એમ બીજો બે ભંગ છે.

(૪) પુરુષ તો ધન, શ્રુતાદિ વડે પૂર્ણ અને તેના વિનિયોગથી પૂર્ણ જ જણાય છે, તે એક. બીજો ધનાદિના અવિનિયોગથી તુચ્છ જ જણાય છે, ત્રીજો-ધનાદિથી તુચ્છ છે, પણ કોઈ રીતે પ્રસંગને ઉચિત પ્રવૃત્તિથી પૂર્ણ જેવો જણાય છે અને ચોથો તુચ્છ છે અને ઉક્ત રીતે તુચ્છ જણાય છે.

(૫) પાણી આદિથી પૂર્ણ, વળી પૂર્ણ અથવા પવિત્ર રૂપ જેનું છે તે પૂર્ણરૂપ કે પવિત્રરૂપ, તે પ્રથમ બીજા ભંગમાં તુચ્છ - જેનો આકાર હીન છે તે તુચ્છરૂપ. એમ શેષ બે ભંગ જાણવા... (૬) પુરુષ તો જ્ઞાનાદિ વડે પૂર્ણ અને પૂર્ણરૂપ અથવા વિશિષ્ટ રજોહરણાદિ દ્રવ્યલિંગના સદ્‌ભાવથી પુણ્યરૂપ-સુસાધુ તે એક. બીજો કારણવશ તજેલ વેશવાળો સુસાધુ. ત્રીજો ભંગ-જ્ઞાનાદિ રહિત નિહ્નવાદિ અને ચોથો જ્ઞાનાદિથી હીન અને દ્રવ્યલિંગથી હીન.

(૭) પૂર્ણ - પૂર્વવત્. - x - કોઈ ઘટ પ્રીતિને માટે થાય તે પ્રિયાર્થ, કેમકે કનકાદિમય હોવાથી સારભૂત છે, તથા अपदल - જેનું કારણભૂત માટી આદિ દ્રવ્ય અસુંદર છે તે અથવા વિદારાય છે તે અવદલ, કંઈક ઓછો પાકેલ હોવાથી અસાર છે, તુચ્છ ઘટ પણ એ રીતે જાણવો.

(૮) પુરુષ ધન, શ્રુતાદિ વડે પૂર્ણ અને પ્રિયાર્થ - કોઈક પ્રિયવચન તથા દાનાદિ વડે પ્રિયકારી - સારભૂત છે, બીજો તેવા નથી માટે અપદલ છે - પરોપકાર કરવામાં અયોગ્ય છે, તુચ્છ પણ તે રીતે સમજવો.

(૯) ઘટ પૂર્ણ છે, તો પણ જલાદિ ઝરે છે, અહીં જલાદિ વડે તુચ્છ ઓછો તે જ ઝરે છે. अपि શબ્દ સર્વત્ર પ્રતિયોગીની અપેક્ષાએ છે.

(૧૦) કોઈ પુરુષ ધન કે શ્રુતાદિથી પૂર્ણ છે અને તેને આપે છે, તે એક. બીજો તો પૂર્ણ છે પણ ધનાદિ આપતો નથી, ત્રીજો અલ્પ ધનાદિવાળો છે, તો પણ ધન, શ્રુતાદિને આપે છે, ચોથો ધનાદિ રહિત છે - આપતો નથી.

(૧૧) भिन्न - ફૂટેલો, जर्जरित - ફાટવાળો, परिश्रावी - દુષ્પક્વ હોવાથી ઝરનારો, अपरिश्रावी - કઠિન હોવાથી ન ઝરનારો.

(૧૨) ચારિત્ર, भिन्न - મૂલ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિવાળુ - ભાંગેલું, બીજું જર્જરિત - છેદાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ યોગ્ય - નબળું. પરિશ્રાવિ - તે સૂક્ષ્મ અતિચારપણાથી - અલ્પ દોષવાળું ચારિત્ર અને નિરતિચારપણે ચારિત્ર તે અપરિશ્રાવી છે. અહીં પુરુષના અધિકારમાં પણ જે ચારિત્રલક્ષણ પુરુષધર્મ કહેલ છે, તે ધર્મ અને ધર્મીનું કથંચિત અભેદપણું હોવાથી જાણવું.

(૧૩) મધુનો કુંભ તે મધુકુંભ અર્થાત્ મધુથી ભરેલ કે મધુ છે. पिधान - ઢાંકણ જેનું તે મધુપિધાન. એમ બીજા ત્રણ ભાંગા જાણવા.

(૧૪) પુરુષ સૂત્ર સ્વયમેવ સૂત્રકારશ્રી हिय આદિ ગાથાથી કહે છે.

[૩૮૮ થી ૩૯૧] ગાથા ચતુષ્ટમાં - हृदय - મન, अपाप - હિંસારહિત, अकलुष



- અપ્રીતિ રહિત અને મધુરભાષિણી જિહ્વા જે પુરુષને વિદ્યમાન છે તે પુરુષ મધુકુંભની જેમ મધુકુંભ છે અને મધુપિધાનની જેમ મધુપિધાન છે. એમ પ્રથમભંગ યોજવો. સૂત્ર-૩૯૦માં હૃદય કલુષમય - અપ્રીતિવાળું, ઉપલક્ષણથી પાપવાળું અને જે મધુરભાષિણી જિહ્વા તે જે પુરુષમાં નિત્ય વિદ્યમાન છે તે પુરુષ વિષકુંભ અને મધુપિધાન છે.

અહીં કહેલ ચોથો પુરુષ ઉપસર્ગ કર્તા થાય, માટે ઉપસર્ગ પ્રરૂપણા-

● **સૂત્ર-૩૯૨ :-**

***(૧) ઉપસર્ગો ચાર ભેદે કહ્યા :- દિવ્યા-મનુષ્યા-તિર્યંચયોનિકા - આત્મ સંચેતનીયા... (૨) દિવ્ય ઉપસર્ગો ચાર ભેદે કહ્યા - હાસ્યથી, દ્વેષથી, વિમર્શથી, ઉપહાસથી... (૩) મનુષ્ય સંબંધી ઉપસર્ગો ચાર ભેદે કહ્યા. હાસ્યથી, પ્રદ્વેષથી, વીમંસાથી, કુશીલ પ્રતિસેવનાથી...***

***(૪) તિર્યંચ સંબંધી ઉપસર્ગો ચાર ભેદે કહ્યા - ભયથી, પ્રદ્વેષથી, આહાર હેતુથી, સ્વ સ્થાનની રક્ષા માટે... (૫) આત્મ સંચેતનીય ઉપસર્ગો ચાર ભેદે કહ્યા - સંઘટ્ટનથી, પડી જવાથી, સ્તંભનતાથી, લેશનતાથી.***

● **વિવેચન-૩૯૨ :-**

સૂત્ર સરળ છે. વિશેષ આ - સમીપે પ્રાપ્ત થવારૂપ અથવા ધર્મથી જેઓ વડે ભ્રષ્ટ કરાય છે તે ઉપસર્ગો - બાધા વિશેષ. તે કર્તાના ભેદે ચાર પ્રકારે છે - x - દિવ્ય, મનુષ્ય, તિર્યંચસંબંધી, આત્મસંચેતનીય.

આત્મા વડે કરાય છે તે આત્મ સંચેતનીય, તેમાં દિવ્યઉપસર્ગો હાસ્યથી થાય છે અથવા હાસ્ય વડે ઉત્પન્ન થવાથી હાસ્ય ઉપસર્ગો. એ રીતે અન્ય ઉપસર્ગોમાં જાણવું. જેમ ભિક્ષાર્થે ગ્રામાંતર ગયેલ ક્ષુલ્લક મુનિઓએ વ્યંતરીને પ્રાર્થના કરી - જો અમે ઇચ્છિત ભોજન મેળવશું તો તને ઉંડરેક આદિ આપશું, એમ સ્વીકારીને ઇષ્ટ ભોજન પ્રાપ્ત થતાં 'આ તારું છે' એમ કહીને ઉંડેરકાદિ તેઓએ પોતે ખાધુ. દેવીએ હાસ્ય વડે તેઓના રૂપને છુપાવીને તેઓની સાથે ક્રીડા કરી. ક્ષુલ્લક મુનિ ન આવતા ગચ્છ મુનિઓએ આચાર્ય પાસે નિવેદન કર્યુ, દેવીએ ક્ષુલ્લકોને વિઘ્ન કરેલ છે, પછી સમર્થ મુનિએ ઉંડેરકાદિ યાચીને દેવીને આપતા તેણીએ ક્ષુલ્લક મુનિને છોડ્યા.

પ્રદ્વેષથી - જેમ સંગમે ભગવંત મહાવીરને ઉપસર્ગો કર્યા.

વિમર્ષથી - જેમ વર્ષાઋતુમાં કોઈ દેવકૂલિકામાં કેટલાંક મહાનુભાવ સાધુ ચાતુર્માસ રહ્યા. પછી તેઓ અન્યત્ર ગયા. તેમાંથી એક સાધુ પુનઃ ત્યાં આવીને રહ્યા, દેવીએ વિચાર્યુ કે - આ સાધુના સ્વરૂપની પરીક્ષા કરું, તેણી ઉપસર્ગ કરવા લાગી તે.

પૃથક્ - ભિન્ન ભિન્ન માત્રા-હાસ્યાદિ વસ્તુરૂપ છે જેઓને વિશે તે પૃથગ્ વિમાત્રા અથવા વિવિધ માત્રા વડે હાસ્યાદિ ઉપસર્ગ કરે. જેમ સંગમ દેવ જ વિમર્ષ દ્વારા પ્રદ્વેષ વડે ઉપસર્ગ કરતો હતો.

મનુષ્ય સંબંધી - હાસ્યથી, જેમ ગણિકા પુત્રી ક્ષુલ્લક મુનિને ઉપસર્ગ કરતી હતી. મુનિએ તેણીનો દંડ માર્યો. રાજા પાસે વિવાદ ગયો ઇત્યાદિ. પ્રદ્વેષથી સોમિલ બ્રાહ્મણે ગજસુકુમારને માર્યા. પરીક્ષા માટે - ચાણક્યના કહેવાથી ચંદ્રગુપ્તે ધર્મપરિક્ષા

કરી, જૈન સાધુ ક્ષોભ ન પામ્યા.

કુશીલ એટલે અબ્રહ્મનું પ્રતિસેવન, તેનો ભાવ તે પ્રતિસેવનતા ઉપસર્ગ અથવા કુશીલનું પ્રતિસેવન છે જેઓને તે પ્રતિસેવનકો - x - જેમ વસતિ માટે, પ્રોષિતભર્તૃકા સ્ત્રીના ઘરને વિશે સાંજે સાધુ આવ્યા ત્યારે ઇર્ષ્યાળુ એવી ચાર સ્ત્રીએ સાધુને વસતિ આપી. દરેક સ્ત્રીએ ચાર પ્રહર સુધી સાધુને ઉપસર્ગ કર્યો પણ તે ક્ષોભ ન પામ્યા.

ભયથી શ્વાનાદિ તિર્યંચો કરડે છે. દ્વેષથી ચંડકૌશિક ભગવંતને ડશ્યો, આહાર હેતુથી સિંહાદિ અને સ્થાન રક્ષાર્થે કાગડી ઉપસર્ગ કરે.

આત્મસંચેતનીય - ઘટ્ટનતા એટલે ઘસવા વડે, જેમ આંખમાં રજ પડતા આંખને મશળી પીડા પામે છે - x - પડવા વડે - જેમ ઉપયોગ વિના ચાલનારનું પતન થતા દુઃખી થાય છે. સ્તંભન વડે - ત્યાં સુધી બેઠો, ઉભો કે સૂતો, જ્યાં સુધી પગ વગેરે અકડાઈ જાય તે સ્તંભનતા. શ્લેષણા વડે - જેમ પગને સંકોચીને રહ્યો, જેથી વાયુ વડે પગ રહી ગયા.

વૃત્તિકારે ચાર ગાથા નોંધી છે, જેનો અર્થ પ્રાયઃ ઉપર કહેવાઈ ગયો.

ઉપસર્ગો સહેવાથી કર્મક્ષય થાય છે, તેથી કર્મસ્વરૂપ બતાવે છે—

**● સૂત્ર-૩૯૩ થી ૩૯૬ :-**

***[૩૯૩] કર્મો ચાર ભેદે કહ્યા - શુભ અને શુભ, શુભ અને અશુભ, અશુભ અને શુભ, અશુભ અને અશુભ... કર્મો ચાર ભેદે કહ્યા - શુભ અને શુભવિપાકી, શુભ પણ અશુભ વિપાકી, અશુભ પણ શુભવિપાકી, અશુભ અને અશુભવિપાકી... કર્મ ચાર ભેદે - પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ.***

***[૩૯૪] સંઘ ચાર ભેદે છે - શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા.***

***[૩૯૫] બુદ્ધિ ચાર ભેદે છે - ઔત્પાતિકી, વૈનયિક, કાર્મિકી, પારિણામિકી... મતિચાર ભેદે છે - અવગ્રહમતિ, ઈહામતિ, અપાયમતિ, ધારણામતિ - અથવા - મતિ ચાર ભેદે છે - ઘડાના પાણી સમાન, વિરડાના પાણી સમાન, તળાવના પાણી સમાન, સાગરના પાણી સમાન.***

***[૩૯૬] સંસારી જીવો ચાર ભેદે છે - નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ... સર્વ જીવો ચાર ભેદે કહ્યા - મનોયોગી, વચનયોગી, કાયયોગી, અયોગી - અથવા - સર્વજીવો ચાર ભેદે કહ્યા - સ્ત્રી વેદવાળા, પુરુષ વેદવાળા, નપુંસક વેદવાળા, અવેદકા - અથવા - સર્વે જીવો ચાર ભેદે કહ્યા - ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, કેવલદર્શની - અથવા - સર્વે જીવો ચાર ભેદે કહ્યા - સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયતાસંયત.***

**● વિવેચન-૩૯૩ થી ૩૯૬ :-**

[૩૯૩] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - કરાય તે કર્મ-જ્ઞાનાવરણીયાદિ. -૧- તે શુભ - પુન્ય પ્રકૃતિરૂપ, પુનઃ શુભ - શુભાનુબંધીત્વથી - ભરતાદિ જેમ. -૨- શુભ પૂર્વવત્ પણ અશુભ - બ્રહ્મદત્તની જેમ. -૩- અશુભ - પાપપ્રકૃત્તિ રૂપ, પણ શુભાનુબંધીત્વથી શુભ - દુઃખીને અકામ નિર્જરા થવાથી. -૪- અશુભ પૂર્વવત્,



અશુભાનુબંધી, જેમ ધીવર.

૧- શુભ - સાતા આદિ, સાતાદિપણે બાંધ્યુ, તેમજ ઉદયમાં જે આવે તે શુભવિપાક. -૨- શુભપણે જે બાંધેલ તે સંક્રમણકરણથી અશુભપણે ઉદયમાં આવે. -૩- સંક્રમકરણથી કર્મમાં બીજા કર્મનો પ્રવેશ. કહ્યું છે કે - મૂલપ્રકૃતિ વડે અભિન્ન, ઉત્તર પ્રકૃત્તિઓને આત્મા, પ્રકૃતિના સ્વભાવથી સંક્રમાવે છે. આત્મા અમૂર્ત હોવાથી કઈ રીતે સંક્રમાવે ? અધ્યવસાયથી. મતાંતરે આ પ્રમાણે - આયુકર્મ પ્રકૃત્તિ અને દર્શન અને ચારિત્રમોહની પ્રકૃત્તિનો સંક્રમ ન થાય. શેષ પ્રકૃત્તિનો સ્વજાતિમાં સંક્રમ થાય.

અશુભપણે બાંધેલ અને શુભપણે ઉદયમાં આવે ત્રીજુ-ચોથું સુગમ છે. ત્રીજું કર્મસૂત્ર, ચોથા સ્થાનના ઉદ્દેશા-૨-ના બંધસૂત્રવત્ જાણવું. ચાર પ્રકારના કર્મના સ્વરૂપને સંઘ જ જાણે છે માટે સંઘસૂત્ર—

[૩૯૪] સંઘ સર્વત્ર પુરુષના વચન વડે સંસ્કારિત બુદ્ધિથી હોય.

બુદ્ધિ, મતિવિશેષથી હોય માટે મતિ સૂત્ર. બુદ્ધિ અને મતિના સૂત્રો સુગમ છે. વિશેષ આ - સંઘ એટલે ગુણરત્નના પાત્રભૂત જીવોનો સમુદાય. તે સંઘમાં - તપશ્ચર્યા કરે તે શ્રમણ અથવા શોભન મન વડે - નિદાન પરિણામ લક્ષણ પાપરહિત ચિત્ત સહિત વર્તે છે તે સમનસ તથા સ્વજન-પરજન વિશે જેનું મન તુલ્ય છે તે સમનસ. કહ્યું છે - સુમનવાળો, ભાવ વડે પાપ-મન ન હોય, સ્વજન-પરજનમાં કે માન-અપમાનમાં સમ હોય તે શ્રમણ અથવા શત્રુ-મિત્ર પ્રત્યે સમપણે વર્તે તે સમણ. કહ્યું છે - સર્વ જીવોમાં જેને કોઈ દ્વેષ યોગ્ય કે પ્રિય નથી, તે સમભાવ વડે સમન છે - શ્રમણની જેમ શ્રમણી જાણવી.

શ્રાવક - જે જિનવચનને સાંભળે તે. કહ્યું છે - પ્રાપ્ત કરેલ દૃષ્ટિ આદિ વિશુદ્ધ સંપત્તિ, સાધુજન પાસે રોજ પ્રભાતે ઉત્કૃષ્ટ સિદ્ધાંત સાંભળે તેને જિનેન્દ્રો શ્રાવક કહે છે. અથવા તત્ત્વાર્થના શ્રદ્ધાનથી સ્થિર થાય તે શ્રા, ગુણવાન્ સાત ક્ષેત્રોમાં ધનને વાવે તે વ, ક્લિષ્ટ કર્મરજને ફેંકી દે તે ક. આવો હોય તે શ્રાવક - પદાર્થ ચિંતનથી શ્રદ્ધાલુતાને દૃઢ કરે, નિરંતર પાત્રોમાં ધનને વાવે, સાધુ સેવનથી પાપને દૂર કરે, તેને જ્ઞાનીઓ શ્રાવક કહે છે. - - આ રીતે શ્રાવિકા પણ જાણવી.

[૩૯૫] ઉત્પત્તિ છે પ્રયોજન જેનું તે ઔત્પાતિકી. શું આ બુદ્ધિ ક્ષયોપશમજન્ય નથી ? સત્ય છે, પણ તે સાધારણ કારણ હોવાથી તેની અહીં વિવક્ષા નથી. વળી અન્ય શાસ્ત્ર કે કર્માભ્યાસમાં આ બુદ્ધિની અપેક્ષા નથી પણ બુદ્ધિની ઉત્પત્તિ પૂર્વે અદૃષ્ટ, અશ્રુત, અનાલોચિત અર્થને તે જ ક્ષણમાં જેમ છે તેમ જેના વડે ગ્રહણ કરાય તે ઉભય લોક અવિરુદ્ધ, એકાંતિક ફળવાળી એ ઔત્પતાતિકી બુદ્ધિ છે. - x - આ બુદ્ધિ નટપુત્રરોહક આદિની જેમ જાણવી.

ગુરુની સેવારૂપ વિનય જેમાં કારણ છે અથવા વિનયપ્રધાન છે જેમાં તે વૈનયિકી બુદ્ધિ કાર્યભાર નિસ્તરણ સમર્થ, ધર્મ-અર્થ-કામના શાસ્ત્રો સંબંધી સૂત્રાર્થનો પરમાર્થ ગ્રાહી અને ઉભયલોકમાં ફળવાળી આ વૈનયિકી બુદ્ધિ છે - x - નૈમિત્તિક સિદ્ધપુત્ર શિષ્યાદિની જેમ જાણવી.

શિક્ષક વિના શીખેલ તે કર્મ, આચાર્ય પાસે શીખેલ તે શિલ્પ કે કોઈ વખત કરાતું તે કર્મ અને નિરંતર વ્યાપાર તે શિલ્પ. કાર્યથી ઉત્પન્ન તે કર્મજા બુદ્ધિ. વિવક્ષિત કાર્યમાં મનને જોડવાથી, પરમાર્થને જાણનારી, કાર્ય અભ્યાસ અને વિચારથી વિસ્તરેલ - x - તે કર્મજા બુદ્ધિ છે. - x - સોનાચાંદીની પરીક્ષા કરનાર અને ખેડૂત આદિ જેવી બુદ્ધિ.

પરિણામ - દીર્ઘકાળ પર્યન્ત પૂર્વાપર પદાર્થના અવલોકનથી ઉત્પન્ન આત્મધર્મ, તે જેનું પ્રયોજન છે કે તે પ્રધાન છે તે પારિણામિકી બુદ્ધિ. વળી અનુમાન, કારણ માત્ર અને દૃષ્ટાંતો વડે સાધ્ય સાધિકા, વય વિપાકથી પુષ્ટ, અભ્યુદય-મોક્ષ ફળવાળી આ બુદ્ધિ છે. અભયકુમારવત્.

મનન કરવું તે મતિ. તેમાં સમસ્ત વિશેષાપેક્ષા રહિત નિર્દેશ ન કરાયેલ એવા રૂપ આદિ સામાન્ય અર્થનું પ્રથમ ગ્રહણ તે અવગ્રહ, તદ્રૂપ મતિ તે અવગ્રહમતિ, એ રીતે સર્વત્ર જાણવું. વિશેષ આ - ગૃહિત અર્થનું વિશેષ આલોચન તે ઇહા. આલોચિત અર્થનો નિશ્ચય તે અપાય. નિશ્ચિત અર્થ વિશેષનું અવિચ્યુતપણે ધારવું તે ધારણા.

अरंजर - ઉદકનો કુંભ, તેમાં રહેલ ઉદક જેવી મતિ. કેમકે પ્રભૂત અર્થગ્રહણ, ઉત્પ્રેક્ષણ ધરણ સામર્થ્ય અભાવથી અલ્પત્વ અને અસ્થિરપણાથી હોય છે. અરંજરોદક થોડું છે અને શીઘ્ર ખાલી થઈ જાય છે.

બીજી મતિ - નદી કિનારાદિમાં પાણી માટે કરેલ ખાડામાં રહેલ પાણી જેવી મતિ. કેમકે અલ્પત્વ છતાં અન્ય અન્ય અર્થ વિચારણામાં સમર્થ છે અને જલ્દી ખાલી થતું નથી. તેમાં પાણી અલ્પ છે પણ બીજું થોડું-થોડું પાણી તેમાં ઝરે છે, માટે જલ્દી ખાલી થતું નથી.

ત્રીજી મતિ - સરોવરના પાણી જેવી. કેમકે તે વિપુલ હોવાથી ઘણાં જનને ઉપકારક છે અને ખાલી થતું નથી. - - ચોથી મતિ - સાગરજલ સમાન, તે સમસ્ત પદાર્થ વિષયત્વથી અતિ વિપુલ, અક્ષય અને મધ્યપણું ન જણાય તેવી છે. સમુદ્રજળનું પણ એવું જ સ્વરૂપ છે.

[૩૯૬] ઉક્ત મતિવાળા જીવો જ હોય છે, માટે જીવસંબંધી સૂત્ર —

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - મનોયોગી એટલે મનસહિત, ત્રણ યોગમાં મનોયોગનું પ્રાધાન્ય હોવાથી, વચનયોગી બેઇન્દ્રિયાદિ, કાયયોગી તે એકેન્દ્રિય અને અયોગી - નિરુદ્ધયોગવાળા અને સિદ્ધો છે. - - અવેદક જીવો સિદ્ધ આદિ છે. - - ચક્ષુથી સામાન્ય અર્થનું ગ્રહણ તે અવગ્રહ અને ઇહારૂપ દર્શન તે ચક્ષુદર્શન, તે ચઉરિન્દ્રિયાદિ છે. अचक्षु - સ્પર્શન આદિ ઇન્દ્રિયો, તે દર્શનવાળા એકેન્દ્રિયાદિ. - - संयत - સર્વવિરતિ, असंयत - અવિરતિ. संयतासंयत - દેશવિરતિ, આ ત્રણેના નિષેધવાળા તે સિદ્ધો જાણવા. - - જીવના અધિકારથી જીવ વિશેષ પુરુષો કહે છે—

● **સૂત્ર-૩૯૭ થી ૪૦૨ :-**

***[૩૯૭] ચાર ભેદે પુરુષો કહ્યા - મિત્ર અને મિત્ર, મિત્ર અને અમિત્ર, અમિત્ર અને મિત્ર, અમિત્ર અને અમિત્ર... ચાર ભેદે પુરુષ કહ્યા - મિત્ર અને મિત્રરૂપ આદિ ચાર ભંગ... ચાર ભેદે પુરુષો કહ્યા - મુક્ત અને મુક્ત, મુક્ત અને અમુક્ત આદિ ચાર... ચાર ભેદે પુરુષો છે - મુક્ત - મુક્તરૂપ.***



***[૩૯૮] પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ચાર ગતિ અને ચાર આગતિવાળા કહ્યા - પંચેન્દ્રિય તિર્યંચયોનિકો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પદ્યમાન [જીવો] નૈરયિક - તિર્યંચયોનિક - મનુષ્ય - દેવોમાંથી ઉત્પન્ન થાય છે.. પંચેન્દ્રિય તિર્યંચયોનિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિત્વને છોડતો નૈરયિક યાવત્ દેવપણે ઉત્પન્ન થાય છે.***

***મનુષ્યો ચાર ગતિક, ચાર આગતિક છે, તેને તિર્યંચવત્ જાણવા.***

***[૩૯૯] બેઇન્દ્રિય જીવોના આરંભને ન કરનારને ચાર ભેદે સંયમ થાય છે. - (૧) જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરતો નથી, (૨) જિહ્વાના દુઃખ સાથે તેમને જોડનાર ન થાય, (૩) સ્પર્શેન્દ્રિય સુખનો વિનાશ ન કરે. (૪) સ્પર્શનેન્દ્રિયના દુઃખ સાથે તેમને જોડનાર ન થાય.***

***બેઇન્દ્રિય જીવોનો આરંભ કરનારને ચાર ભેદે અસંયમ થાય છે - (૧) જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરે છે, (૨) જિહ્વા સંબંધી દુઃખ સાથે જોડનાર થાય છે, (૩) સ્પર્શનેન્દ્રિય સંબંધી સુખનો વિનાશ કરે છે, (૪) સ્પર્શ ઇન્દ્રિય સંબંધી દુઃખ સાથે જોડનાર થાય છે.***

***[૪૦૦] સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોને ચાર ક્રિયાઓ કહી છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાનક્રિયા... સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારોને ચાર ક્રિયાઓ કહી - પૂર્વવત્. વિકલેન્દ્રિય છોડીને વૈમાનિક સુધી.***

***[૪૦૧] ચાર કારણે બીજાના છતા ગુણનો અપલાપ કરે - (૧) ક્રોધથી, (૨) પ્રતિનિસેવથી, (૩) અકૃતજ્ઞતાથી, (૪) મિથ્યાભિનિવેશથી.***

***ચાર કારણે બીજાના છતાં ગુણ પ્રગટ કરે છે - પ્રશંસાના સ્વભાવથી, પરછંદાનુંવર્તિત્વ, કાર્ય હેતુ, કૃત-પ્રતિકૃતતાથી.***

***[૪૦૨] નૈરયિકોને ચાર કારણે શરીરની પૂર્ણતા કહી - ક્રોધ વડે નિર્વર્તિત યાવત્ લોભ વડે નિર્વર્તિત. એ રીતે વૈમાનિક સુધી જાણવું.***

● **વિવેચન-૩૯૭ થી ૪૦૨ :-**

[૩૯૭] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - मित्र - આ લોકમાં ઉપકારિત્વ, પુનઃ मित्र - પરલોક ઉપકારિત્વ - સદ્ગુરુવત્. બીજો मित्र - સ્નેહવત્ત્વથી, પણ अमित्र - પરલોકના સાધનનો નાશક હોવાથી - સ્ત્રીની જેમ. ત્રીજો તો अमित्र - પ્રતિકૂળત્વથી પણ નિર્વેદતા ઉત્પાદન વડે, પરલોક સાધનને વિશે ઉપકાર કરવાથી - અવિનીત સ્ત્રીની જેમ. ચોથો अमित्र - પ્રતિકૂળતાથી અને પુનઃ સંકલેશના હેતુપણાથી દુર્ગતિનું નિમિત્તપણાથી. - x -

मित्र - અંતરંગ સ્નેહથી, બાહ્ય ઉપચાર કરવાથી મિત્રની જેવું જ રૂપ તે मित्ररूप તે એક. બીજો બાહ્યોપચાર અભાવે अमित्ररूप. ત્રીજો સ્નેહ રહિતતાથી अमित्र. ચોથું પ્રતીત છે. - - मुक्त - દ્રવ્યથી ત્યક્ત સંગ, मुक्त - આસક્તિના અભાવથી -

સુસાધુવત્, अमुक्त - આસક્તિત્વથી રંકવત્. ત્રીજો દ્રવ્યથી અમુક્ત. પણ ભાવથી મુક્ત - કેવલી ભરતચક્રીવત્ ચોથો ગૃહસ્થ. કાલ અપેક્ષાથી પણ આ સૂત્ર વિચારવું.

આસક્તિ ન હોવાથી મુક્ત અને વૈરાગ્ય સૂચક આકાર વડે મુક્ત-યતિવત્ ઉક્તથી વિપરીત એવો અમુક્ત-ગૃહસ્થાવસ્થામાં મહાવીરવત્. ત્રીજો આસક્તિ હોવાથી અમુક્ત-શઠયતિવત્. ચોથો ગૃહસ્થ.

[૩૯૮] જીવાધિકારથી પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્ય સંબંધી સૂત્ર સુગમ.

[૩૯૯] બેઇન્દ્રિય સૂત્રો સુગમ છે. વિશેષ આ - x - જિહ્વાનો વિકાર તે જિહ્વામય, રસના અનુભવમય આનંદરૂપ સૌખ્યથી નાશ ન કરનાર તથા જિહ્વેન્દ્રિયની હાનિરૂપ દુઃખ વડે ન જોડનાર થાય છે.

[૪૦૦] જીવના અધિકારથી જ સમ્યગ્દષ્ટિ જીવોના ક્રિયાસૂત્રો છે, તે સુગમ છે. વિશેષ આ - સમ્યગ્દૃષ્ટિ જીવોને મિથ્યાત્વક્રિયાના અભાવે ચાર ક્રિયાઓ છે. એકથી ચાર ઇન્દ્રિયવાળાને મિથ્યાદષ્ટિપણાથી પાંચે ક્રિયાઓ હોય છે. બેઇન્દ્રિયાદિને સાસ્વાદન સમ્યક્ત્વના અલ્પત્વથી વિવક્ષા કરી નથી. એ રીતે અહીં વિકલેન્દ્રિયના વર્જનથી સોળ ક્રિયાસૂત્રો થાય છે.

[૪૦૧] અનંતર ક્રિયાઓ કહી. ક્રિયાવાળો બીજાના છતાં ગુણોનો નાશ કરે છે અને અવગુણોને પ્રકાશે છે, તે સૂત્રો સુગમ છે. વિશેષ આ - सतः- અન્યના વિધમાન ગુણોનો અપલાપ કરે છે, માનતો નથી - ક્રોધ વડે, તથા પ્રતિનિવેશ - "આ પૂજાય છે, હું પૂજાતો નથી." એવી પૂજા ન સહન કરીને તથા બીજાએ કરેલ ઉપકારને જે જાણતો નથી તે અકૃતજ્ઞ. તેના ભાવરૂપ અકૃતજ્ઞા વડે અને મિથ્યાત્વ અભિનિવેશ બોધના વિપર્યાસ વડે. - x -

असत - ન વિધમાન ગુણો પ્રત્યે, પાઠાંતરથી વિધમાન ગુણો પ્રત્યે બોલે. સ્વભાવ અથવા વર્ણન કરવા યોગ્યની સમીપતારૂપ નિમિત્ત છે બોલવામાં તે અભ્યાસ-પ્રત્યય, અભ્યાસથી નિર્વિષય અને નિષ્ફળ પણ પ્રવૃત્તિ દેખાય છે. સમીપ રહેનારના ગુણોનું જ પ્રાયઃ ગ્રહણ થાય છે તથા બીજાના અભિપ્રાયની અનુવૃત્તિ છે જેમાં તે પરછંદાનુવૃત્તિક તથા કાર્યના હેતુથી ઇચ્છિત કાર્યને અનુકૂલ કરવા માટે તથા ઉપકારને વિશે પ્રત્યુપકાર છે જેને તે કૃતપ્રતિકૃત અર્થાત્ ઉપકારનો પ્રતિઉપકાર કરવા માટે અથવા એકનો ઉપકાર કર્યો - ગુણો પ્રશંસ્યા, તે તેના અછતા ગુણો પણ પ્રશંસે.

[૪૦૨] આ ગુણોનો નાશ આદિ શરીર વડે કરાય છે માટે શરીરની ઉત્પત્તિ અને નિર્વૃત્તિ સૂત્રના બે દંડક છે, તે સુગમ છે. વિશેષ આ - ક્રોધ આદિ કર્મબંધના હેતુઓ છે, કર્મ શરીર ઉત્પત્તિનું કારણ છે માટે કારણમાં ઉપચારથી ક્રોધાદિને શરીર ઉત્પત્તિના નિમિત્તપણાએ કથન કરાય છે, આ હેતુથી "ચાર કારણે" ઇત્યાદિ કહ્યું. ક્રોધાદિજન્ય કર્મ પૂર્ણ થવાથી ક્રોધ આદિ વડે નિર્વર્તિત શરીર એમ કહ્યું. અહીં ઉત્પત્તિ - આરંભ માત્ર અને નિર્વૃત્તિ તો પૂર્ણતારૂપ છે - - ક્રોધાદિ શરીરની નિર્વૃત્તિના કારણો છે એમ કહ્યું, તેનો નાશ કરનારા ધર્મના કારણો છે, તે કહે છે—



**● સૂત્ર-૪૦૩ થી ૪૦૬ :-**

***[૪૦૩] ધર્મના ચાર દ્વારો કહ્યા - ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ.***

***[૪૦૪] ચાર કારણે જીવ નૈરયિકપણાનું કર્મ બાંધે છે - મહા આરંભથી, મહા પરિગ્રહથી, પંચેન્દ્રિયના વધથી, માંસાહારથી... ચાર કારણે જીવ તિર્યંચયોનિકપણાનું કર્મ બાંધે છે - માયા કરવાથી, વેશ બદલીને ઠગવાથી, જૂઠ બોલવાથી, ખોટા તોલ-માપ કરવાથી... ચાર કારણે જીવ મનુષ્યત્વ યોગ્ય કર્મ બાંધે છે - પ્રકૃતિ ભદ્રતાથી, પ્રકૃતિ વિનીતતાથી, દયાળુતાથી, મત્સર રહિતતાથી... ચાર કારણે જીવ દેવપણાને યોગ્ય કર્મ બાંધે છે - સરાગ સંયમથી, દેશવિરતિપણાથી, બાળતપોકર્મથી, અકામ-નિર્જરાથી.***

***[૪૦૫] ચાર પ્રકારે વાધ કહ્યા છે - તત, વિતત, ઘન, શુષિર... ચાર ભેદે નાટ્ય કહ્યા - અંચિત, રિભિત, આરભડ, ભિસોલ... ચાર ભેદે ગેય કહ્યા - ઉત્ક્ષિપ્ત, પત્રક, મંદ, રોવિંદક... ચાર ભેદે માલ્ય કહ્યા - ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ... ચાર ભેદે અલંકાર કહ્યા - કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર... ચાર ભેદે અભિનય કહ્યા છે - દાર્ષ્ટાન્તિક, પાંડુસુત, સામંતોવાયનિક, લોકમધ્યાવસાન.***

***[૪૦૬] સાનત્કુમાર અને માહેન્દ્રકલ્પે વિમાનો ચાર વર્ણવાળા કહ્યા - નીલા, પીળા, રાતા, ધોળા... મહાશુક્ર અને સહસ્રાર દેવોના ભવધારણીય શરીરો ઉત્કૃષ્ટથી ચાર હાથની ઉંચાઈવાળા કહ્યા છે.***

**● વિવેચન-૪૦૩ થી ૪૦૬ :-**

[૪૦૩] ચારિત્ર લક્ષણના દ્વાર જેવા દ્વાર - ઉપાયો કહેલ છે.

[૪૦૪] દ્વારો કહ્યા, તેમ હવે નારકત્વાદિના સાધનરૂપ આરંભાદિ કર્મના દ્વારો છે, તે વિભાગથી ચાર સૂત્રો વડે કહે છે. આ સૂત્રો સુગમ છે. વિશેષ આ - નૈરયિકપણાએ આયુષ્યાદિ કર્મ, પાઠાંતરથી નૈરયિકાયુ રૂપ કર્મદલિક.. महान् - ઇચ્છાના પરિમાણ વડે ન કરેલ, મર્યાદાપણાથી महारंभ - પૃથ્વી આદિના ઉપમર્દનરૂપ મોટો આરંભ જેને છે તે - ચક્રવર્તી આદિ, તેનો ભાવ તે મહારંભતા, તે મહારંભપણે નારકીનું આયુ બાંધે, એ રીતે મહાપરિગ્રહથી પણ વિશેષ આ - ચોતરફથી ગ્રહણ કરાય તે પરિગ્રહ-હિરણ્ય, સુવર્ણ, દ્વિપદાદિ.. कुणिम - માંસ, તેના આહાર વડે.

માયાવીપણે - માયા તે મનની કુટિલતા, નિકૃતિ એટલે બીજાને ઠગવા માટે શરીર ચેષ્ટાનું અન્યથા કરણ કે અભ્યુપચાર, ખોટા તોલા અને ખોટા માપ વડે જે વ્યવહાર તે કૂટતુલા - કૂટમાન કહેવાય, તેનાથી.

પ્રકૃતિ - સ્વભાવથી ભદ્રકતા, બીજાને અનુતાપ ન કરનારી તે પ્રકૃતિભદ્રકતા વડે, सानुक्रोशता - દયાળુતાથી, मत्सरिकता - અન્યના ગુણોને ન સહન કરવા, તેના પ્રતિષેધરૂપ મત્સરતા વડે.

सरागसंयम - કષાયયુક્ત ચારિત્ર વડે, કેમકે વીતરાગ સંયમીને આયુષ્યના બંધનો અભાવ હોય છે. संयमासंयम - તે દેશસંયમ. બાળક જેવા બાળ - મિથ્યાદૃષ્ટિ,

તેમનું તપકર્મ - તે બાલતપકર્મ વડે. અકામ - નિર્જરા પ્રત્યે અભિલાષા ન હોવાથી, કર્મ નિર્જરણ હેતુરૂપ ભૂખ આદિ સહેવા તે અકામનિર્જરા વડે.

[૪૦૫] હમણાં જ દેવોત્પત્તિ કારણો કહ્યા, દેવો તો વાદ્ય, નાટ્ય વગેરેમાં રતિવાળા હોય, તેથી વાદ્ય આદિ ભેદોને છ સૂત્રોથી કહે છે.

वज्ज - વાદ્ય, तत - વીણાદિ, वितत - ઢોલ આદિ, घन - કાંસ્ય તાલ આદિ, शुषिर - વાંસળી આદિ... નાટ્ય, ગેય, અભિનય સૂત્રોને સંપ્રદાય અભાવે કહ્યા નથી... માલામાં સુંદર તે માલ્ય, પુષ્પની રચના પણ માલ્ય, ग्रंथ - સંદર્ભ, સૂત્રથી ગુંથીને બનાવેલ તે ગ્રંથિમમાલાદિ. वेष्टन - વીંટવું, તેના વડે બનેલ-મુગટાદિ. पूर - પૂરવા વડે બનેલ-પૂરિમ, માટીવાળું અનેક છિદ્રોયુક્ત - x - કે જેમાં પુષ્પો પૂરાય છે તે પૂરિમ. संघात - એકત્રિત કરીને બનાવેલ, જે પરસ્પરથી પુષ્પનાલના જોડાણથી બનાવાય છે... જેના વડે શોભા કરાય તે અલંકાર - x - x -.

[૪૦૬] દેવના અધિકારવાળા બે સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - સનત્કુમાર, માહેન્દ્રકલ્પમાં ચાર વર્ણવાળા વિમાનો છે. અન્ય કલ્પોમાં જુદું કહ્યું છે. તે આ - સૌધર્મ-ઇશાનમાં પાંચ વર્ણવાળા, પછીના બબ્બે કલ્પે એક એક વર્ણની હાનિ જાણવી, પછીના બધાં શ્વેત વર્ણના છે.

ભવમાં કે ભવપ્રત્યે ધારણ કરાય તે ભવધારણીય - જન્મથી મરણ સુધી રહે.. ''બીડેલ મુઠ્ઠી તે રત્નિ, ખુલ્લી આંગળીવાળી તે અરત્નિ.'' એવું વચન હોવા છતાં અહીં રત્નિ શબ્દથી હાથ કહેવાય છે. શુક્ર, સહસ્રાર કલ્પે દેવો ચાર હાથ ઉંચા છે. બીજા કલ્પોમાં જુદું કહ્યું છે - ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ-ઇશાન કલ્પે સાત હાથ, પછી બબ્બે કલ્પે એક-એક હાથનો ઘટાડો, નવથી બારમાં ત્રણ હાથ, ગ્રૈવેયકમાં બે હાથ અને અનુત્તર વિમાનમાં એક હાથ પ્રમાણ શરીર હોય છે. ઉત્તરવૈક્રિય તો લાખ યોજન પણ સંભવે છે. જઘન્યથી ભવધારણીય શરીર ઉત્પતિ કાળે તો અંગુલનો અસંખ્યેય ભાગ હોય, તે બંને શરીર માટે જાણવું.

દેવ વક્તવ્યતા કહી, દેવો અપ્કાયપણે પણ ઉપજે માટે ઉદક સૂત્ર—

● **સૂત્ર-૪૦૭ થી ૪૧૧ :-**

***[૪૦૭] ચાર ઉદક ગર્ભો કહ્યા - ઓસ, મહિકા, શીતા, ઉષ્ણિતા... ઉદક ગર્ભો ચાર કહ્યા - હિમપાત, આકાશાચ્છાદન, શીતોષ્ણ, પંચરૂપિતા.***

***[૪૦૮] મહામાં હિમપાતગર્ભ, ફાગણમાં અભ્રસંસ્તૃત, ચૈત્રમાસમાં શીતોષ્ણ અને વૈશાખ માસમાં પંચરૂપિત ગર્ભ હોય છે.***

***[૪૦૯] માનીષુગર્ભ ચાર ભેદે છે - સ્ત્રીપણે, પુરુષપણે, નપુંસકપણે, બિંબપણે... [૪૧૦] અલ્પવીર્ય અને વિશેષ રજ હોય તો સ્ત્રીગર્ભ થાય અલ્પરજ - બહુ શુક્ર હોય તો પુરુષગર્ભ થાય... [૪૧૧] બંને તુલ્ય હોય તો નપુંસક ગર્ભ થાય, સ્ત્રીના વાયુદિ સમાયોગથી બિંબરૂપે ઉત્પન્ન થાય.***

● **વિવેચન-૪૦૭ થી ૪૧૧ :-**

[૪૦૭] ઉદકના ગર્ભની જેમ ગર્ભ તે ઉદકગર્ભ - કાલાંતરમાં જલવર્ષણ હેતુઓ વરસાદને સૂચવે છે તેમ તાત્પર્ય છે. અવશ્યાય - ઠારનું પાણી, મહિકા - ધુમસ, અતિ ઠંડી, અતિ ગરમી. જે દિવસે તે ઉદકના ગર્ભો ઉત્પન્ન થાય છે, ત્યારથી ઉત્કૃષ્ટતઃ છ મહિને ઉદકને વરસાવે છે. બીજાઓ કહે છે - પવન, વાદળા, વૃષ્ટિ, વીજળી, ગર્જારવ, શીત, ગરમી, કિરણ, પરિવેષ, જલ મત્સ્ય એ દશ, જળને ઉત્પન્ન કરવાના હેતુઓ કહ્યા છે. - x - x -.



हिम - બરફ, તે જ હિમક. તેના ગર્ભો તે હૈમકા-હિમપાતરૂપ.. अभ्र संस्थित - વાદળાઓ વડે આકાશના આચ્છાદનો, આત્યંતિક શીતોષ્ણ, પાંચ રૂપવાળા - ગર્જવું, વિદ્યુત્, જળ, વાયુ અને વાદળાંરૂપ લક્ષણોનું એકત્રિત થવું તે, જેઓનો છે તે પંચરૂપિકા ઉદક ગર્ભો. મતાંતર કહે છે—

[૪૦૮] માગસરમાં અતિ ઠંડી નહીં પોષમાં અતિ ઠંડી અને હિમપતન, મહામાં પ્રબળવાયુ અને તુષાર વડે કલુષ કાંતિવાળા સૂર્ય, ચંદ્ર તથા અતિ શીત અને વાદળા સહિત સૂર્ય અસ્ત અને ઉદય શ્રેષ્ઠ છે. ફાગણમાં લૂ અને આકરો પવન, સ્નિગ્ધ સજલ વાદળ અસંપૂર્ણ કુંડાળાઓ તથા કપિલ અને તામ્રવર્ણી સૂર્ય શુભ છે. ચૈત્રમાં પવન, વાદળા વૃષ્ટિયુક્ત તથા કુંડાળાસહિત ગર્ભો શુભ છે, વૈશાખમાં વાદળા, પવન, પાણી, વીજળી અને ગર્જના વડે ગર્ભો હિતને માટે થાય છે.

— વિશેષમાં માસભેદે સૂત્રકારે સૂત્રમાં કહ્યું જ છે.

[૪૦૯] ગર્ભના અધિકારથી નારી ગર્ભસૂત્ર કહ્યું, તે સ્પષ્ટ છે. માત્ર સ્ત્રીપણાએ, બિંબ - ગર્ભનું પ્રતિબિંબ - આકૃતિ છે. આર્તવ પરિણામ, પણ ગર્ભસ્વરૂપ નહીં જ. કહ્યું છે - વાયુ વડે સ્થિર સ્ત્રીના રક્તને અજ્ઞાન લોકો ગર્ભ કહે છે. વળી કટુ, તીક્ષ્ણાદિ આહારથી રક્તમાં જ પરિણમે છે. જડ પુરુષો ભૂત વડે હરણ કરાયેલ ગર્ભ કહે છે ઇત્યાદિ. ગર્ભનું વિચિત્રપણું કારણના ભેદથી બે શ્લોક વડે કહે છે.

[૪૧૦,૪૧૧] शुक्र - પુરુષનું વીર્ય, ओज - આર્તવ, ગર્ભાશયમાં સ્ત્રી સંબંધી રક્ત. સ્ત્રીના ઓજ વડે વાયુના વશથી સ્થિર થવું. ઉક્ત લક્ષણ સ્ત્રી ઓજનો સમાયોગ થતાં ગર્ભાશયમાં બિંબ ઉત્પન્ન થાય છે. બીજા પણ કહે છે કે - શુક્રની બહુલતાથી પુરુષ થાય, રક્તની બહુલતાથી સ્ત્રી થાય, બંનેની સમાનતાથી નપુંસક થાય. વાયુ વડે શુક્ર શોણિત અતિ ભિન્ન થતાં યથાયોગ્ય બહુ સંતતિ થાય ઇત્યાદિ

ગર્ભ, પ્રાણીઓનો જન્મવિશેષ છે, તે ઉત્પાદ કહેવાય. ઉત્પાદને ઉત્પાદ નામક પૂર્વમાં વિસ્તારથી કહ્યો છે, માટે તેનું સ્વરૂપ કહે છે—

● **સૂત્ર-૪૧૨ થી ૪૧૯ :-**

***[૪૧૨] ઉત્પાદપૂર્વની ચાર મૂલવસ્તુ કહી છે... [૪૧૩] કાવ્ય ચાર ભેદે છે - ગદ્ય, પદ્ય, કથ્ય, ગેય... [૪૧૪] નૈરયિકોને ચાર સમુદ્ઘાત કહ્યા છે - વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મારણાંતિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત... એ રીતે વાયુકાયિકોને પણ આ ચાર જાણવા.***

***[૪૧૫] અરિહંત અરિષ્ટનેમિને જિનસદૃશ, સર્વાક્ષર સંનિપાતિક, જિનની જેમ અવિતથ વચન કહેનારા ૪૦૦ ચૌદપૂર્વીની સંપદા હતી.***

*[૪૧૬] શ્રમણ ભગવંત મહાવીરને દેવ-મનુષ્ય-અસુરો સહિત પર્ષદામાં કોઈથી પરાજય ન પામનારા ૪૦૦ વાદીની ઉત્કૃષ્ટ સંપદા હતી.*

*[૪૧૭] નીચેના ચાર કલ્પો અર્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત કહ્યા છે - સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર. મધ્યના ચાર કલ્પો પરિપૂર્ણ ચંદ્રાકાર સંસ્થિત કહ્યા - બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, ઉપરના ચાર કલ્પો અર્ધચંદ્રાકાર સંસ્થિત કહ્યા - આનત, પ્રાણત, આરણ, અચ્યુત.*

*[૪૧૮] ચાર સમુદ્રો ભિન્ન રસવાળા કહ્યા - લવણોદ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ... [૪૧૯] ચાર આવર્ત્ત કહ્યા છે - ખરાવર્ત્ત, ઉન્નત્તાવર્ત્ત, ગૂઢાવર્ત્ત, આમિષાવર્ત્ત... એ દૃષ્ટાંતે કષાયો ચાર કહ્યા-ખરાવર્ત્ત સમ ક્રોધ, ઉન્નત્તાવર્ત્ત સમ માન, ગૂઢાવર્ત્ત સમ માયા, આમિસાવર્ત્ત સમાન લોભ. તેના ઉદયવાળો જીવ મરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે.*

**● વિવેચન-૪૧૨ થી ૪૧૯ :-**

[૪૧૨] સૂત્ર સરળ છે. વિશેષ આ - ઉત્પાદ પૂર્વ પહેલું છે, તેની ચૂલા-આચારના અગ્રભાગવત્ બોધ વિશેષ અધ્યયન માફક ચુલાવસ્તુ છે.

[૪૧૩] ઉત્પાદ પૂર્વ કાવ્ય છે, માટે કાવ્યસૂત્ર કહે છે, તે સુગમ છે. काव्य - ગ્રંથ, गद्य - છંદમાં ન બંધાયેલ - શસ્ત્ર પરિજ્ઞા અધ્યયનવત્ पद्य - છંદમાં બંધાયેલ - વિમુક્તિ અધ્યયનવત્, कथ्य - કથામાં સારું - જ્ઞાત અધ્યયનવત્, गेय - ગાવા યોગ્ય. અહીં ગદ્ય અને પદ્યમાં અંતર્ભાવ હોવા છતા પણ કથ્ય અને ગેયના, કથા અને ગાનધર્મના વિશિષ્ટપણાથી વિશેષ વિવક્ષા કરેલ છે..

[૪૧૪] ગેય કહ્યું, તે ભાષા સ્વભાવ હોવાથી દંડ અને મંથાનાદિના ક્રમ વડે લોકના એક દેશને પૂરે છે અને સમુદ્ઘાત પણ એમ જ છે. તેથી સમુદ્ઘાતના બે સૂત્રો કહે છે, તે સુગમ છે. વિશેષ આ - સમુદ્ઘનન તે સમુદ્ઘાત - શરીરની બહાર જીવપ્રદેશનો પ્રક્ષેપ. વેદના વડે સમુદ્ઘાત, મરણ એ જ અંત તે મરણાંત, તેમાં થનાર મારણાંતિક સમુદ્ઘાત. વૈક્રિય શરીર માટે સમુદ્ઘાત તે વૈક્રિય સમુદ્ઘાત.

[૪૧૫,૪૧૬] વૈક્રિય સમુદ્ઘાત લબ્ધિરૂપ કહેલ છે, તે લબ્ધિ પ્રસ્તાવથી વિશિષ્ટ શ્રુતલબ્ધિમાનોને કહેવા માટે अरहओ આદિ બે સૂત્ર સુગમ છે. વિશેષ આ - સર્વજ્ઞ નહીં હોવાથી અજિન, અવિરોધી વચન હોવાથી અને પૂછેલ પ્રશ્નને યથાતથ્ય કહેનાર હોવાથી જિનસદૃશ, અકારાદિ બધાય અક્ષરોના સન્નિપાતો - દ્વયાદિ સંયોગો, अभिधेय - કહેવા યોગ્ય ભાવોના અનંતપણાથી અનંતા અક્ષરના સંયોગો વિદ્યમાન છે જેઓને તે, એઓનું જિન સમાનપણું હોવાનું કારણ કહે છે. जिणो विव આદિ. उक्कोसिय - ક્યારેય પણ ઉક્ત સંખ્યાથી અધિક ચૌદપૂર્વીઓ થયા ન હતા.

[૪૧૭] તે મુનિઓ પ્રાયઃ દેવલોકમાં ગયેલા છે, માટે દેવલોકના સૂત્રો સુગમ છે. વિશેષ આ - અર્દ્ધચંદ્ર સંસ્થાન સંસ્થિત. - x - x -

[૪૧૮] દેવલોકો ક્ષેત્ર છે, માટે ક્ષેત્ર પ્રસ્તાવથી સમુદ્ર સૂત્ર કહ્યા છે. વિશેષ આ - એકમેક પ્રતિ ભિન્ન છે રસ જેઓના તે પ્રત્યેક રસો. લવણ રસનું ઉદક હોવાથી





લવણ અથવા લવણ માફક ઉદક જેમાં છે તે લવણોદ. वारुणि - સુરા, તેના સમાન વારુણ, સુરા સમાન ઉદક જેમાં છે તે વારુણોદ - આ ચોથો સમુદ્ર છે. જેમાં દૂધ સમાન ઉદક છે તે ક્ષીરોદ - પાંચમો સમુદ્ર અને જેમાં ઘૃત જેવું ઉદક છે તે ઘૃતોદ - છઠ્ઠો સમુદ્ર આદિ - x -.

[૪૧૯] અનંતર સમુદ્રો કહ્યા, તેમાં આવર્ત્તો થાય છે માટે આવર્ત્ત અને તેનાથી કષાય કહેવા બે સૂત્રો છે, તે સુગમ છે. વિશેષ આ खर - કઠણ, અતિ વેગથી પડનાર - તે આવર્ત્ત. તે સમુદ્રાદિ કે ચક્ર વિશેષો તે ખરાવર્ત્ત. उन्नत्त - ઉંચો, તદ્રૂપ આવર્ત્ત તે ઉન્નતાવર્ત્ત, તે પર્વતના શિખર ઉપર ચડવાના માર્ગનો કે વાતોત્કલિકા છે. ગૂઢ એવો આવર્ત્ત, તે ગૂઢાવર્ત્ત દડાના દોરાનો કે લાકડાની ગાંઠ આદિનો હોય છે. માંસ આદિ, તેને માટે શમળી આદિનો આવર્ત્ત તે આમિષાવર્ત્ત.

ખરાવર્ત્તાદિની સમાનતા ક્રમશઃ ક્રોધાદિની કહે છે. પર અપકાર કરવામાં કઠોર હોવાથી ક્રોધને, પત્રતૃણાદિવત્. જેમ મનને ઉન્નતપણામાં આરોપવાથી માનને, અતિ દુર્લક્ષ્ય હોવાથી માયાને અને સેંકડો અનર્થની પ્રાપ્તિ વડે વ્યાપ્ત સ્થાનને - x - લોભની ઉપમા ઘટે છે. આ ઉપમા ક્રમશઃ અતિશય ક્રોધાદિને છે. તેઓનું ફળ - અશુભ પરિણામ અને અશુભ કર્મબંધના નિમિત્તપણાએ દુર્ગતિ નિમિત્ત થાય છે.

નારકો કહ્યા, તેના વૈક્રિયાદિથી સમાનધર્મીત્વથી દેવો છે, માટે તેઓના વિશેષભૂત નક્ષત્ર દેવો સંબંધી ચાર સ્થાન કહેવા સૂત્ર—

**● સૂત્ર-૪૨૦ થી ૪૨૨ :-**

*[૪૨૦] અનુરાધા નક્ષત્રના ચાર તારા કહ્યા છે. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાને પણ એમ જ છે... [૪૨૧] જીવોએ ચાર સ્થાને નિર્વર્તિત પુદ્ગલો પાપકર્મપણાએ કર્યા છે - કરે છે - કરશે - જેમકે - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-નિર્વર્તિત... એ પ્રમાણે ઉપચય કર્યો છે - કરે છે - કરશે. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા [એ સર્વે કર્યા છે - કરે છે અને કરશે.]*

*[૪૨૨] ચાર પ્રદેશવાળા સ્કંધો અનંતા કહ્યા છે, ચાર આકાશ પ્રદેશ અવગાઢ પુદ્ગલો અનંત કહ્યા છે, ચાર સમય સ્થિતિક પુદ્ગલો અનંતા છે. યાવત્ ચાર ગુણ રૂક્ષ પુદ્ગલો અનંતા છે.*

**● વિવેચન-૪૨૦ થી ૪૨૨ :-**

[૪૨૦,૪૨૧] આ સૂત્ર સરળ છે. જીવોના દેવત્વ આદિ ભેદ, કર્મ આદિના ચય વગેરેથી કરાયેલ છે માટે તેનું પ્રતિપાદન કરવા માટે जीवाणं આદિ છ સૂત્ર છે, પૂર્વે વ્યાખ્યા કરેલી છે, તો પણ કંઈક કહીએ છીએ. निर्वर्तित - કર્મના પરિણામને પામેલા, તથાવિધ અશુભ પરિણામ વશથી બાંધેલા ચતુઃસ્થાન નિર્વર્તિત. તે પુદ્ગલોને કેવી રીતે બાંધેલા છે, તે કહે છે. પાપકર્મતાથી - અશુભ સ્વરૂપ જ્ઞાનાવરણાદિપણાએ. चिणिंसु - તથા પ્રકારના અપર પુદ્ગલ વડે વૃદ્ધિ કરેલા - અલ્પ પ્રદેશવાળી પાપ-પ્રકૃતિઓને બહુપ્રદેશવાળી કરેલી... નૈરયિકપણાએ વર્તતા તે નૈરયિક નિર્વર્તિતા એ રીતે સર્વત્ર સમાસ કરવો.

उवचिणिंसु - ચય સૂત્રના ન્યાયે ઉપચય સૂત્ર કહેવું. ઉપચય અર્થાત્ પુનઃ પુનઃ વૃદ્ધિ કરેલ છે. ચય આદિના ન્યાય વડે બંધાદિ સૂત્રો કહેવા. - x - x - बंधिंसु - શિથિલ બંધન વડે બાંધેલ કર્મોને ગાઢ બંધન વડે બંધવાળા કર્યા છે, કરે છે અને કરશે... उदीरिंसु - ઉદયમાં આવેલ દલિકોને વિશે જે ઉદયમાં નહીં આવેલા કર્મદલિકોને કરણ વડે આકર્ષીને વેદેલ છે... वेदिंसु - પ્રતિસમયે સ્વકીય રસવિપાક વડે અનુભવ કરેલ છે... निज्जरिंसु - દરેક સમયે બધાય કર્મોના રસોના નાશ વડે દૂર કરેલ છે - કરે છે - કરશે.

[૪૨૨] પુદ્‌ગલ અધિકારથી દ્રવ્યાદિથી પુદ્‌ગલોનું નિરૂપણ કરેલ છે.

સ્થાન-૪, ઉદ્દેશા-૩-નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

— x — x — x —

## 卐 સ્થાન-૪ - ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐



## 卐 સ્થાન-૫ 卐

— x — x — x —

● **ભૂમિકા :-**

ચોથું અધ્યયન કહ્યું. હવે સંખ્યાક્રમ સંબંધથી 'પંચસ્થાનક' નામક પાંચમું અધ્યયન કહે છે. તેનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં જીવ-અજીવ ધર્મરૂપ પદાર્થો ચાર સ્થાનકથી કહ્યા. હવે તે જ પંચસ્થાનક અવતારથી કહેવાય છે. આ સંબંધે આવેલ ત્રણ ઉદ્દેશાવાળા - x - આ અધ્યયનનો પહેલો ઉદ્દેશો કહે છે.

### ❁ સ્થાન-૫ - ઉદ્દેશો-૧ ❁

આ ઉદ્દેશાનો પૂર્વના ઉદ્દેશક સાથે સંબંધ અધ્યયનવત્ જાણવો.

● **સૂત્ર-૪૨૩ :-**

***પાંચ મહાવ્રતો કહ્યા છે — સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું યાવત્ સર્વથા પરિગ્રહથી વિરમવું... પાંચ અણુવ્રતો કહ્યા છે - સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂળ મૃષાવાદ વિરમણ, સ્થૂલ અદત્તાદાન વિરમણ, સ્વદારા સંતોષ, ઇચ્છા પરિમાણ [પરિગ્રહ મર્યાદા કરવી.]***

● **વિવેચન-૪૨૩ :-**

આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે આ સંબંધ છે - પૂર્વસૂત્રમાં અજીવોના પરિણામ વિશેષ કહ્યા, અહીં જીવના પરિણામ જ કહે છે. એ રીતે સંબંધથી આ સૂત્રની સંહિતાદિ ક્રમે આ વ્યાખ્યા છે, તે સુગમ છે. વિશેષ આ - પાંચ કહેવાથી અન્ય સંખ્યાનો નિષેધ છે - x - પહેલા, છેલ્લા જિનના તીર્થમાં પાંચનો જ સદ્‌ભાવ છે. મહાન્ એવા તે વ્રતો-નિયમો તે મહાવ્રતો. સર્વ જીવાદિના વિષયત્વથી મહાવિષયવાળા હોવાથી તેનું મહત્ત્વ છે.

કહ્યું છે - પહેલા મહાવ્રતમાં સર્વે જીવો છે, બીજા અને પાંચમામાં સર્વે દ્રવ્યો છે, શેષ મહાવ્રતો દ્રવ્યોના એક દેશ વડે વિષયપણે છે.

તથા યાવત્ જીવન ત્રિવિધ ત્રિવિધ પ્રત્યાખ્યાનરૂપ હોવાથી તેનું મહત્ત્વ છે. અથવા દેશવિરતિની અપેક્ષાએ મહાન્ ગુણીના વ્રતો તે મહદ્ વ્રતો. - x - પ્રજ્ઞપ્ત - તથાવિધ શિષ્યોની અપેક્ષાએ મહાવીર અને આદિ તીર્થંકરે પ્રરૂપેલ છે, બીજાએ નહીં. આ સ્વરૂપ સુધર્માસ્વામી, જંબૂસ્વામીને કહે છે. તે આ - (૧) सर्वस्मात् - સમસ્ત ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર ભેદથી કરેલ - કરાવેલ - અનુમતિના ભેદથી અથવા દ્રવ્યથી છજીવનિકાયના વિષયથી, ક્ષેત્રથી ત્રણ લોકના સંબંધથી, કાલથી અતીત આદિ કે રાત્રિ આદિ જન્ય અને ભાવથી રાગદ્વેષથી જન્ય, પરિસ્થૂલથી નહીં. प्राण - ઇન્દ્રિય, ઉચ્છ્‌વાસ, આયુ આદિ પ્રાણોનો અતિપાત - પ્રાણનો વિયોગ કરવો તે પ્રાણાતિપાત છે. તેનાથી વિરમવું - સમ્યગ્‌જ્ઞાન અને શ્રદ્ધાન પૂર્વક નિવર્તવું.

(૨) તથા सर्वस्मात - સદ્‌ભાવ પ્રતિષેધ, અસદ્‌ભાવ પ્રગટ કરવો, અર્થાન્તર કથન, ગર્હાનાભેદથી - કૃત આદિ ભેદથી કે દ્રવ્યથી સર્વ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યના વિષયથી, ક્ષેત્રથી સર્વ લોકાલોક વિષયથી, કાળથી અતીત આદિ રાત્રિ વગેરેમાં

વર્તનારથી, ભાવથી કષાય-નોકષાયાદિ થવાથી. મૃષા - જૂઠું બોલવું તે મૃષાવાદ, તેથી વિરમવું તે.

(૩) સર્વસ્માત - કૃતાદિ ભેદથી અથવા દ્રવ્યથી સચેતન અચેતન દ્રવ્ય વિષયથી, ક્ષેત્રથી ગામ-નગર-અરણ્યાદિના સંભવથી, કાળથી અતીત આદિ કે રાત્રિ આદિથી, ભાવથી રાગ-દ્વેષ મોહથી. અદત્ત - સ્વામી વડે ન અપાયેલ તેનું આદાન - ગ્રહણ. તે અદત્તાદાન.

(૪) સર્વસ્માત્ - કૃતાદિ ભેદથી અથવા દ્રવ્યથી દિવ્ય-માનુષ-તિર્યંચ ભેદથી રૂપ કે રૂપસહગત ભેદથી. તેમાં રૂપો-નિર્જીવ પ્રતિમા આકાર અને રૂપ સહગત - તે સજીવ, આભૂષણ સહિત કે રહિત તે. ક્ષેત્રથી ત્રણલોકમાં સંભવથી, કાળથી અતીતાદિ કે રાત્રિ આદિમાં થવાથી, ભાવથી રાગદ્વેષ વડે - મિથુન - સ્ત્રીપુરુષ યુગલ, તેનું કાર્ય તે મૈથુન, તેથી વિરતિ.

(૫) સર્વસ્માત્ - કૃતાદિ અથવા દ્રવ્યથી સર્વ દ્રવ્ય વિષયથી, ક્ષેત્રથી લોકના સંભવથી, કાલથી અતીત આદિ કે રાત્રિ આદિથી, ભાવથી રાગદ્વેષના વિષયથી ગ્રહણ કરાય છે તે પરિગ્રહ, તેથી વિરમવું.

વ્રતના પ્રસ્તાવથી અણુવ્રત સૂત્ર છે, તે સ્પષ્ટ છે. પરંતુ અણુ - લઘુ એવા વ્રત તે અણુવ્રત મહાવ્રત અપેક્ષાએ અલ્પ વિષયવાળા છે. કહ્યું છે - સર્વગત સમ્યક્ત્વ શ્રુત ચારિત્ર પણ સર્વ પર્યાય નહીં, દેશવિરતિને આશ્રીને બંનેનો નિષેધ કરવો અથવા મહાવ્રતકથન અનુ - પછી સ્વીકારાય માટે અણુવ્રત. યતિધર્મ ગ્રહણ અસમર્થને સાધુએ દેશવિરતિની દેશના આપવી યોગ્ય છે. - x - અથવા સર્વવિરતિ અપેક્ષાએ અણુ - લઘુ ગુણવાળા વ્રતો તે અણુવ્રતો.

(૧) સ્થૂલ - બેઇન્દ્રિયાદિ જીવો. - x - સ્થૂળ વિષયપણાથી સ્થૂળ તેના પ્રાણોનો અતિપાત (૨) સ્થૂલ - વસ્તુ વિષયના અતિ દુષ્ટ આશયથી થયેલ તે મૃષાવાદથી, (૩) ચોરપણાના આરોપણ હેતુથી પ્રસિદ્ધ અને દુષ્ટ અધ્યવસાયપૂર્વક સ્થૂલ વસ્તુ વિષયરૂપ સ્થૂલ અદત્તાદાનથી (૪) સ્વદાર સંતોષ - સ્વ પત્ની સિવાય બીજીની ઇચ્છાની નિવૃત્તિથી ઉપલક્ષણથી પરદારા વર્જન પણ લેવું. (૫) ધનાદિ વિષય ઇચ્છાનું પરિમાણ - નિયમન તે દેશથી પરિગ્રહ વિરતિ. - - ઇન્દ્રિયાર્થના વિષયમાં ઇચ્છાનું પરિમાણ શ્રેષ્ઠ છે, માટે ઇન્દ્રિયાર્થની વક્તવ્યતા —

● સૂત્ર-૪૨૪,૪૨૫ :-

*[૪૨૪] - (૧) પાંચ વર્ણો કહ્યા - કૃષ્ણ, નીલ, લાલ, પીળો, સફેદ... (૨) પાંચ રસો કહ્યા - તિક્ત યાવત્ મધુર... (૩) પાંચ કામ ગુણો કહ્યા - શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ... (૪) પાંચ સ્થાને જીવો આસક્ત થાય છે - શબ્દ યાવત્ સ્પર્શ... એ પ્રમાણે (૫) રાગ પામે છે, (૬) મૂર્ચ્છા પામે છે, (૭) ગૃદ્ધ થાય છે, (૮) આકાંક્ષાવાળા થાય છે. (૯) મૃત્યુ પામે છે.*

*(૧૦) પાંચ સ્થાનોને જાણ્યા સિવાય જીવોને અહિત-અશુભ-અક્ષમ-અકલ્યાણ-અનાનુગામિતતાને માટે થાય છે - શબ્દથી સ્પર્શ.*



*(૧૧) પાંચ સ્થાનોનું જ્ઞાન થવું તે જીવને હિત-શુભ - યાવત્ આનુગામિકતાને માટે થાય છે. શબ્દ યાવત્ સ્પર્શ.*

*(૧૨) પાંચ સ્થાનોનું અજ્ઞાન જીવને દુર્ગતિ માટે થાય છે તે શબ્દાદિ. (૧૩) પાંચ સ્થાનોનું જ્ઞાન જીવને સુગતિ માટે છે તે શબ્દાદિ.*

*[૪૨૫] પાંચ સ્થાનો વડે જીવો દુર્ગતિમાં જાય છે - પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહથી... પાંચ સ્થાનો વડે જીવ સદ્ગતિમાં જાય છે -*

● વિવેચન-૪૨૪,૪૨૫ :-

[૪૨૪] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - વર્ણો પાંચ, પાંચ રસો તેમાં સાંયોગિકની વિવક્ષા નથી. कामगुण - કામ સંબંધી અભિલાષ અથવા ઇચ્છા માત્રના સંપાદક પુદ્ગલોના ધર્મો. ઇચ્છા કરાય તે કામો. તે અને ગુણો તે કામગુણો. રાગાદિ આશ્રયભૂત પાંચને વિશે અથવા તેની સાથે સંબંધ કરે છે. પાંચ જ સ્થાનોમાં સંગના કારણરૂપ રાગને પામે છે. તેના દોષને ન જોઈને મોહ કે અચેતનત્વ પામે છે અથવા સંરક્ષણ અનુબંધવાળો થાય છે. પ્રાપ્તના અસંતોષથી અન્ય અપ્રાપ્તની આકાંક્ષાવાળો થાય છે. તેમાં એકચિત્ત થાય છે અથવા તેને મેળવવા અધિકતાથી જોડાય છે. મૃગાદિવત્ મરણને કે સંસારને પ્રાપ્ત કરે છે.

કહ્યું છે - હરણ શબ્દમાં, હાથી સ્પર્શમાં, જલચર રસમાં, રૂપમાં પતંગીયુ અને ગંધમાં સર્પ અસક્ત થઈને નિશ્ચે વિનાશ પામે છે.

अपरिज्ञया - સ્વરૂપને ન જાણતા કે પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પ્રત્યાખ્યાન ન કરેલા અહિતને માટે, પાપના અનુબંધને માટે. અસુખને માટે, અનુચિત્તપણાને માટે, અકલ્યાણ કે અમોક્ષને માટે, જે ઉપકારી છતા કાલાંતરમાં પાછળ જાય તે અનુગામિક, તેના પ્રતિષેધને માટે થાય છે.

બીજું તેનાથી વિપરીત સૂત્ર છે. પછીના બે સૂત્રો વડે એ જ અહિત અને હિત પ્રકાશે છે. તે નારકાદિ ભવની પ્રાપ્તિ માટે, સિદ્ધિ આદિની પ્રાપ્તિ માટે થાય છે. - - [૪૨૫] આ દુર્ગતિ, સુગતિના કારણાંતરને પ્રતિપાદન કરનારા બે સૂત્રો સુગમ છે.... અહીં સંવર અને તપ મોક્ષહેતુ છે, તેમાં અનંતર આશ્રવ નિરોધ લક્ષણ સંવર કહ્યો. હવે તપભેદાત્મક પ્રતિમા—

● સૂત્ર-૪૨૬ થી ૪૨૮ :-

*[૪૨૬] પાંચ પ્રતિમાઓ કહી - ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા, ભદ્રોત્તર પ્રતિમા... [૪૨૭] પાંચ સ્થાવરકાય કહ્યા - ઇન્દ્ર, બ્રહ્મ, શિલ્પ, સંમતિ અને પ્રાજાપત્ય-સ્થાવરકાય... પાંચ સ્થાવર કાયાધિપતિ કહ્યા - ઇન્દ્ર સ્થાવર કાયાધિપતિ યાવત્ પ્રાજાપત્ય સ્થાવરકાયાધિપતિ.*

*[૪૨૮] પાંચ કારણે અવધિદર્શન ઉત્પન્ન થવાના પ્રથમ સમયે ક્ષોભ પામે છે -૧- અલ્પ જીવવાળી પૃથ્વીને જોઈને, -૨- કુંથુઓથી વ્યાપ્ત પૃથ્વીને જોઈને, -૩- અતિ મોટા સર્પના શરીરને જોઈને, -૪- મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્યવાળા દેવને જોઈને, -૫- નગરોમાં પ્રાચીનકાળના અતિ મોટા નિધાનોને જોઈને, તે*

*નિધાનો - પ્રાયઃનાશ પામેલ છે સ્વામી જેના, જેની વૃદ્ધિ કરનાર કોઈ નથી, જેના વંશમાં કોઈ નથી, જેના સ્વામી - સ્વામીવંશજ અને ગોત્રીય કુળોનો સર્વથા ઉચ્છેદ થઈ ગયો છે તેવા તથા જે ગામ - આકર - નગર - ખેડ - કર્બટ - દ્રોણમુખ - પટ્ટણ - આશ્રમ - સંબાધ - સંનિવેશમાં તેમજ શ્રૃંગાટક, ત્રિક, ચકુષ્ટ, ચત્વર, ચતુર્મુખ, મહાપથોમાં, નગરની ખાળ - શ્મશાન - શૂન્યગૃહ - ગિરિકંદર - શાંતિગૃહ - શૈલગૃહ - ઉપસ્થાન-ભવનગૃહમાં સ્થાપેલા છે તેને જોઈને પ્રથમ સમયમાં સ્ખલના પામે. આ પાંચ કારણે ઉત્પન્ન થતાં અવધિ દર્શની પહેલા સમયે ક્ષોભ પામે.*

*પાંચ કારણે પ્રધાન કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થવાના પ્રથમ સમયે ક્ષોભ પામે - અલ્પ જીવવાળી પૃથ્વીને જોઈને પહેલા સમયે ક્ષોભ પામે, બાકી પૂર્વવત્ યાવત્ ભવનગૃહમાં સ્થાપેલા નિધાનોને જોઈને પ્રથમ સમયે ક્ષોભ પામે, બાકી પૂર્વવત્. આ કારણે ક્ષોભ પામે.*

**● વિવેચન-૪૨૬ થી ૪૨૮ :-**

[૪૨૬] સૂત્ર સરળ છે. વિશેષ આ - ભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા. અનુક્રમે બે, ચાર, દશ દિવસે પૂર્ણ થાય છે. સુભદ્રા શાસ્ત્રમાં ન જોવાથી કહી નથી, સર્વતોભદ્રા બીજી રીતે કહેવાય છે. બે પ્રકારે છે - નાની અને મોટી. તેમાં પહેલી ચતુર્થભક્તાદિથી દ્વાદશભક્ત પર્યંત ૭૫-દિન પ્રમાણ તપથી થાય છે, તેની સ્થાપના આ પ્રમાણે છે.

ક્રમશઃ આદિમાં એકથી પાંચ પર્યન્ત અંક સ્થાપીને જે અંક મધ્યે આવે તેને પ્રત્યેક પંક્તિમાં પ્રથમ સ્થાપીને ઉચિતક્રમે શેષ અંકો સ્થાપવા તે નાની સર્વતોભદ્રા. પારણાના દિવસો-૨૫-છે. મોટી તો ચોથભક્તાદિથી સોળભક્ત પર્યન્ત ૧૯૬ દિવસ પ્રમાણ તપથી થાય. તેની સ્થાપના આ પ્રમાણે - આદિમાં એકથી સાત સુધી અંકો સ્થાપવા પછી મધ્ય અંકને દરેક પંક્તિની આદિમાં સ્થાપી, ઉચિત ક્રમે શેષ અંકો સ્થાપવા તે મોટી સર્વતોભદ્રા. પારણાદિન ૪૯ થાય.

ભદ્રોત્તર પ્રતિમા બે ભેદે - નાની, મોટી. તેમાં પહેલી દ્વાદશભક્તથી વીશભક્ત સુધી ૧૭૫ દિવસ પ્રમાણ તપથી થાય. તેની સ્થાપના-આદિમાં પાંચથી નવનો અંક સ્થાપવો, મધ્ય અંકને પંક્તિની આદિમાં સ્થાપી, એવી પાંચ પંક્તિ ઉચિત ક્રમે સ્થાપો તે નાની ભદ્રોતર પ્રતિમા, પારણાદિન-૨૫ છે. મોટી ભદ્રોત્તર પ્રતિમામાં દ્વાદશભક્તથી ચોવીશભક્ત સુધી ૩૯૨ દિવસનો તપ છે. તેની સ્થાપના - પ્રથમ પંક્તિમાં પાંચથી ૧૧ સુધી અંક સ્થાપવા. મધ્યમ અંકને દરેક પંક્તિમાં આદિમાં સ્થાપવા આદિ. અહીં સાત પંક્તિ થાય છે. પારણા દિન-૪૯ છે.

[૪૨૭] કર્મ નિર્જરાનો હેતુ તપ કહ્યો. તેનું ગ્રહણ ન કરવામાં હેતુભૂત સંયમના વિષયભૂત એકેન્દ્રિય જીવોને કહે છે. સ્થાવર નામ કર્મોદયથી સ્થાવરો-પૃથ્વી આદિ, તેમની કાયા. અથવા જેઓનું શરીર સ્થાવર છે તે સ્થાવરકાય. ઇન્દ્ર સંબંધથી ઇન્દ્ર સ્થાવરકાય - પૃથ્વીકાય. એમ બ્રહ્માદિને અપ્કાયાદિપણે જાણવા. તેના નાયકો કહે છે. પૃથ્વી આદિના અધિપતિઓ દિશાઓના અગ્નિ આદિ નાયકોની જેમ, નક્ષત્ર



સ્વામીની જેમ - x - સ્થાવરકાયના પણ નાયકો સંભવે છે.

[૪૨૮] આ અધિપતિ અવધિજ્ઞાની હોય. માટે અવધિનું સ્વરૂપ કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - અવધિ વડે દર્શન - પદાર્થોનું અવલોકન, ઉત્પન્ન થતું તેની પ્રથમતામાં - અવધિદર્શન ઉત્પત્તિના પ્રથમ સમયે ક્ષોભ પામે. અથવા ઉત્પન્ન થવા રૂપ ઇચ્છા વિષયક અવધિ દર્શન છતે અવધિવાળો ક્ષોભ પામે.

થોડાં જીવવાળી પૃથ્વીને જોઈને અનેક જીવોથી વ્યાકુળ પૃથ્વીની સંભાવનાવાળો, અકસ્માત્ અલ્પજીવોવાળી પૃથ્વી જોવાથી અરે ! આ શું ? કેમ ? એ રીતે ક્ષોભ પામે કેમકે મોહનીય કર્મનો ક્ષય થયો નથી. અથવા ભૂત એટલે પ્રકૃત્તિ, હાલ પૃથ્વી થોડી છે, પહેલાં ઘણી હતી માટે.

કુંથુઆની અતિ પ્રચૂરતાવાળી પૃથ્વી જોઈને અતિ વિસ્મિત થઈ દયા વડે ચલિત થાય... મનુષ્ય ક્ષેત્ર બહાર રહેનાર અતિ મોટા સર્પનું શરીર જોઈને ભયથી વિસ્મિત થાય... મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાનુભાગ, મહાબલી, મહાસુખી દેવને જોઈને વિસ્મિત થાય.

નગરાદિના એકદેશભૂત પ્રાકારાવૃત્ત પુરાતન - લાંબા કાળના કે પાઠાંતરથી મનોહર, વિશાળ મહાનિધાનો - મહામૂલ્ય રત્નવાળા જેના સ્વામી નષ્ટ થયા છે, જેના સીંચનાર - તે નિધાનમાં ધનને ઉમેરનારા પુત્રાદિ નાશ પામ્યા છે તેવા, દીર્ઘકાળથી તેના રક્ષક અભાવે નિધાનના જણાવનાર પાજ કે માર્ગો નાશ થયેલ છે જેઓના તે પ્રહીણ સેતુકો. નિધાનો સ્થાપનારાઓ નાશ પામેલ છે. સગોત્રીના ઘરો જેઓના અથવા તેમના નામ-આકાર નાશ પામેલ છે જેઓના તે પ્રહીણ ગોત્રાગાર અર્થાત્ જેમના નામનિશાન રહ્યા નથી એવા નિધાનો. એ રીતે ઉચ્છિન્ન સ્વામિકો આદિ પણ જાણવા. વિશેષ આ - પ્રહીણા - કંઈક સત્તાવાળા અને ઉચ્છિન્ના - સર્વથા નષ્ટ સત્તાવાળા.

ગ્રામાદિને વિશે અનંતરોક્ત વિશેષણવાળા નિધાનો. તેમાં - જેમાં કર લેવાય તે ગામ, મનુષ્યો આવીને કામ કરે તે આકર-ખાણ. કર નથી લેવાતો જ્યાં તે નગર, ધૂળના ગઢ સહિત તે ખેટ, કુનગર તે કર્બટ, ચોતરફ અડધા યોજને ગામ હોય તે મડંબ, જેને જળ-સ્થળ બંને માર્ગ છે તે દ્રોણમુખ, જ્યાં જળ કે સ્થળ એક માર્ગે જવું-આવવું થાય તે પત્તન, તીર્થસ્થાન તે આશ્રમ, જ્યાં ધાન્ય સંગ્રહાય તે સંબાધ, જ્યાં ઘણાં કરિયાણા આવે તે સંનિવેશ.

શ્રૃંગાટક-ત્રિકોણ, - x - ત્રિક - જ્યાં ત્રણ રસ્તા મળે છે તે, ચત્વર - આઠ રસ્તાનો મધ્યભાગ, ચતુષ્ટ - જ્યાં ચાર રસ્તા મળે, મહાપથ તે રાજમાર્ગ, પથ-માત્ર શેરી આવા સ્થાનોમાં. નગરની ખાળોમાં, શ્મશાનગૃહ - પિતૃવન ગૃહ. - x - પર્વત ઉપરની ગુફા, ગિરિકંદર, જ્યાં રાજાઓ માટે શાંતિકર્મ કરાય છે તે શાંતિગૃહ, પર્વત ખોદીને બનાવેલ તે શૈલગૃહ. આસ્થાનમંડપ તે ઉપસ્થાનગૃહ, શૈલોપસ્થાન ગૃહ તે પત્થરનો મંડપ, કુટુંબી વસે છે તે ભવનગૃહ - x - ભવન - ચતુઃશાલાદિ, ગૃહ - આચ્છાદનાદિ માત્ર. - - ત્યાં સ્થાપેલા નિધાનો જોઈને ચલિત થાય કેમકે પૂર્વે જોયેલા

હોતા નથી તેથી વિસ્મય કે લોભ થાય છે. આ નિગમન રહસ્ય છે.

કેવળજ્ઞાન-દર્શન તો ચલિત ન થાય અથવા કેવલી યથાર્થપણે વસ્તુના દર્શનથી, ક્ષીણ મોહનીયત્વથી ભય, વિસ્મય, લોભાદિ અભાવે અતિ ગંભીરપણાથી ચલિત ન થાય. - સૂત્ર સુગમ છે.

નારકાદિના શરીર જોઈ કેવલદર્શન ક્ષોભ ન પામે, માટે શરીર સૂત્ર—

**● સૂત્ર-૪૨૯ :-**

***નૈરયિકોના શરીરો પાંચ વર્ણ-પાંચરસવાળા કહ્યા. તે આ-કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણીય, તિક્ત યાવત્ મધુર રસવાળા. એ રીતે વૈમાનિક પર્યન્ત જાણવું... શરીરો પાંચ કહ્યા - ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ... ઔદારિક શરીર પાંચ વર્ણ-પાંચ રસવાળુ છે. તે આ - કૃષ્ણ યાવત્ શુક્લ, તિક્ત યાવત્ મધુર. એ રીતે યાવત્ કાર્મણ શરીર જાણવું... બધાં સ્થૂળ દેહધારીના શરીરો પાંચ વર્ણવાળા, પાંચ રસવાળા, બે ગંધવાળા, આઠ સ્પર્શવાળા હોય છે.***

**● વિવેચન-૪૨૯ :-**

સૂત્રનો અર્થ કહેવાયેલ છે. વિશેષ આ - નારકથી વૈમાનિક સુધી જીવોના શરીરોનું નિશ્ચયનયથી પાંચ વર્ણત્વ છે. વ્યવહારથી તો એક વર્ણના બાહુલ્યથી કૃષ્ણાદિમાંથી નિયત એક વર્ણત્વ જ હોય. યાવત્ શબ્દથી કાળા, નીલા, રાતા, પીળા, ધોળા. તીખાં, કડવા, કષાયેલ, ખાટા અને મધુર રસ. વૈમાનિક સુધી અર્થાત્ ચોવીશે દંડકમાં જાણવું.

ઉત્પત્તિના સમયથી આરંભીને દરેક ક્ષણે હાનિ થાય છે તે શરીર. ઔદારિક- ઉદાર, પ્રધાન. તીર્થંકરાદિની અપેક્ષાએ તેની પ્રધાનતા છે, તેથી બીજું શરીર પ્રધાનતર નથી. સાધિક હજાર યોજન પ્રમાણત્વથી તેનો વિસ્તાર છે, અવસ્થિત અન્ય શરીરનો એ રીતે અસંભવ છે. કહ્યું છે કે - સાધિક હજાર યોજન શરીર સામાન્યથી એકેન્દ્રિય- વનસ્પતિમાં છે. ગર્ભજ મત્સ્ય અને ઉરપરિસર્પોનું હોય. વૈક્રિયનું એક લાખ પ્રમાણ છે પણ તે કાયમી નથી. - x - અલ્પપ્રદેશ વડે ઉચિતપણાથી અને મહાપણાથી ભિંડવત્. તે જ ઓરાલિક શબ્દથી નિપાત છે. અથવા માંસ, હાડકાં અને સ્નાયુથી બદ્ધ તે ઓરાલિક. કહ્યું છે—

ઔદારિક શરીરના સાર્થક નામો આ પ્રમાણે છે - ઉદાર, ઉરાલ, ઉરલ, ઓરાલ મહવ. ઉરાલ કે ઓરાલ તે જ ઔદારિક. હવે ઉદારાદિ નામોની અપેક્ષાના વિષયને ક્રમથી કહે છે - પ્રથમ ઉદાર શબ્દથી તીર્થેશ્વરનું શરીર છે. વિસ્તારવાળી વનસ્પતિ આશ્રીને સાધિક ૧૦૦૦ યોજન પ્રમાણ છે. સ્વાભાવિક. તેટલા પ્રમાણવાળા શરીરને અભાવે તે ઉરાલ કહેવાય છે. સ્તોકપ્રદેશ વડે બનેલું છતાં ભિંડવત્ મોટું છે તેથી ઉરલ અને માંસ, અસ્થિ તથા સ્નાયુ વડે બદ્ધ છે માટે સિદ્ધાંત પરિભાષાથી ઓરાલ કહેવાય.

વિવિધા કે વિશિષ્ટા ક્રિયા તે વિક્રિયા. તેમાં થયેલ તે વૈક્રિય શરીર. - x - દેવો અને નારકોને સ્વભાવથી વૈક્રિય શરીર હોય છે. વિવિધ કે વિશિષ્ટને જે કરે



છે તે વૈક્રિય અથવા વૈકુર્વિક.

આહારક - તથાવિધ કાર્ય ઉત્પન્ન થતા ચૌદપૂર્વી મુનિ યોગના બળથી આહરણ કરે છે તે. પ્રાણી દયાવાળા - તીર્થંકરોની ઋદ્ધિ જોવા, નવા-નવા અર્થ ગ્રહણના હેતુથી, સંશયનું છેદન કરવા તીર્થંકરના પાદમૂલે આહારક શરીરથી જાય છે તે શરીર માગેલ ઉપકરણની જેમ કાર્યની સમાપ્તિ થતા પુનઃ મૂકાય છે. [અર્થાત્ આહારક શરીરનો ત્યાગ કરાય છે.] - x -

તેજસ્‌નો ભાવ તે તૈજસ, તે ઉષ્ણ આદિ ચિહ્નથી પ્રસિદ્ધ છે કહ્યું છે કે - તે બધાંને ઉષ્ણતા વડે પ્રસિદ્ધ છે, રસાદિ આહારના પાકનું જનક અને તેજોલબ્ધિનું નિમિત્ત ભૂત તૈજસ શરીર જાણવું.

કર્મનો વિકાર તે કાર્મણ, તે સમસ્ત શરીરોનું કારણભૂત છે. કહ્યું છે કે - કર્મનો વિકાર તે કાર્મણ, તે વિચિત્ર પ્રકારના આઠ કર્મોથી થયેલું અને સર્વ શરીરોનું કારણભૂત જાણવું.

ઔદારિકાદિ શરીરનો ક્રમ ઉત્તરોત્તર સૂક્ષ્મ એટલે ઓછી ઓછી અવગાહનાવાળો છે અને પ્રદેશોના બાહુલ્યવાળો છે. તે બધા બાદર બોંદિ ધર - પર્યાપ્તપણાએ સ્થૂળ આકારને ધારણ કર્તા કલેવરો - મનુષ્યાદિના શરીરો અવયવોના ભેદથી પાંચ વર્ણવાળા છે. કેમકે ચક્ષુના ગોલક આદિને વિશે તેમજ પ્રત્યક્ષ છે. બે ગંધ - સુરભિ અને દુરભિથી યુક્ત છે. આઠ સ્પર્શ - કર્કશ, મૃદુ, શીત, ઉષ્ણ, ગુરુ, લઘુ, સ્નિગ્ધ, રૂક્ષ ભેદથી છે.

અબાદર - સ્થૂળ આકારને ધારણ નહીં કરનારા શરીરો તો નિયત વર્ણાદિ વ્યપદેશવાળા નથી. કેમકે અપર્યાપ્તપણે અવયવાભાવ છે. શરીરો કહ્યા, માટે શરીરી વિશેષગત્ ધર્મવિશેષોને કહે છે—

**● સૂત્ર-૪૩૦,૪૩૧ :-**

***[૪૩૦] પહેલા - છેલ્લા તીર્થંકરોના શિષ્યોને પાંચ કારણે ઉપદેશ દુર્ગમ છે. તે આ - દુરાખ્યેય, દુર્વિભાજ્ય, દુર્દર્શ, દુસ્તિતિક્ષ, દુરનુચર.***

***પાંચ કારણે મધ્યના ૨૨-તીર્થંકરોના શિષ્યોને ઉપદેશ સુગમ થાય છે તે આ - સુઆખ્યેય, સુવિભાજ્ય, સુદર્શ, સુતિતિક્ષ, સુરનુચર.***

***પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને નિત્ય વર્ણવેલા છે, નિત્ય કીર્તન કર્યા છે, નિત્ય વાણીથી કહ્યા છે, નિત્ય પ્રશંસેલા છે, નિત્ય અનુજ્ઞાપિત કર્યા છે - ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ.***

***પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે તે આ - સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ.***

***પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે. તે આ - ઉત્ક્ષિપ્ત ચરક, નિક્ષિપ્તચરક, અંતચરક, પ્રાંતચરક, રૂક્ષચરક.***

***પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે - અજ્ઞાત ચરક, અન્ય ગ્લાનચારી, મૌનચારી, સંસૃષ્ટકલ્પિક, તજ્જાત સંસૃષ્ટ કલ્પિક.***

***પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે - ઔપનિધિક, શુદ્ધૈષણિક, સંખ્યાદત્તિક, દૃષ્ટલાભિક, પૃષ્ઠલાભિક... પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે - આચામ્લિક, નિર્વિકૃતિક, પુરિમાર્ધિક, પરિમિત પિંડપાતિક, ભિન્નપિંડપાતિક... પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે - અરસાહાર, વિરસાહાર, અંતાહાર, પ્રાંતાહાર, લૂક્ષાહાર.***

***પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે - અરસજીવી વિરસજીવી, અંતજીવી, પ્રાંતજીવી, રૂક્ષજીવી... પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે, તે - સ્થાનાતિત, ઉત્કટુકાસનિક, પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક... પાંચ સ્થાન યાવત્ અનુજ્ઞાપિત છે - દંડાયતિક, લગડશાયી, આતાપક, અપ્રાવૃતક, અકંડૂયક.***

***[૪૩૧] પાંચ સ્થાનોમાં શ્રમણ નિર્ગ્રન્થ મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાનવાળા થાય છે, તે આ - આચાર્યની વૈયાવચ્ચ કરતા, એ રીતે ઉપાધ્યાય વૈયાવચ્ચ કરતા, સ્થવીર વૈયાવચ્ચ કરતા, તપસ્વી વૈયાવચ્ચ કરતા અને ગ્લાન વૈયાવચ્ચ કરતા... પાંચ સ્થાને શ્રમણ નિર્ગ્રન્થ મહાનિર્જરાવાળો, મહાપર્યવસાનવાળો થાય છે - અગ્લાનપણે (૧) શૈક્ષની, (૨) કુલની, (૩) ગણની, (૪) સંઘની, (૫) સાધર્મિકની વૈયાવચ્ચ કરતા.***

**● વિવેચન-૪૩૦,૪૩૧ :-**

[૪૩૦] સૂત્ર સુગમ છે. વિશેષ આ - પાંચ સ્થાનોમાં - આખ્યાન આદિ ક્રિયા વિશેષ લક્ષણોને ભરત અને ઐરવત ક્ષેત્રોમાં ૨૪ તીર્થકરોમાં પહેલા અને છેલ્લા તે પુરિમ-પશ્ચિમક, તે અરિહંતોને [તેના શિષ્યોને] દુઃખથી મળે છે તે દુર્ગમ-મુશ્કેલીથી થાય છે. શિષ્યોને ઋજુ-જડત્વથી અને વક્ર-જડત્વથી દુર્ગમ છે. તે સ્થાનકો આ - આખ્યાન. વિભજન, દર્શન, તિતિક્ષણ, અનુચરણ - એ પ્રમાણે વક્તવ્યમાં પણ જે સ્થાનોમાં કૃચ્છ્ર વૃત્તિથી થાય છે. તેના યોગથી તે સ્થાનો કૃચ્છ્રવૃત્તિ જ કહેવાય છે. કૃચ્છ્રવૃત્તિનો ધોતક દુઃશબ્દ વડે વિશેષિત કર્મસાધન શબ્દ વડે કહેવા યોગ્ય આખ્યાન આદિને શબ્દની પ્રવૃત્તિના વૈચિત્ર્યથી કહે છે.

તેમાં दुराख्येय - મુશ્કેલીથી કહેવા યોગ્ય વસ્તુતત્વ, કેમકે શિષ્યોને મહાવચન આટોપથી પ્રબોધત્વથી ભગવતોને પ્રયાસ ઉત્પત્તિ થકી એ રીતે આખ્યાનમાં કૃચ્છ્રવૃત્તિ કહી... એ રીતે વિભજનાદિને વિશે પણ વિચારણા કરવી. તથા કથન કહે છતે પણ તેમાં દુર્વિભજ-કષ્ટ વડે વિભાગ કરવા યોગ્ય, ઋજુ જડત્વાદિથી જ તેઓને થાય છે. શિષ્યોને વસ્તુતત્વના વિભાગ વડે સ્થાપવું દુઃશક્ય થાય છે. પાઠાંતરથી શિષ્યોને વિભાવના કરવા માટે દુષ્કર થાય છે એમ સમજવું.

दुप्पस्स - દુઃખે દેખાડાય છે માટે દુર્દશ. યુક્તિથી શિષ્યોને પ્રતીતિને વિશે તત્વનું આરોપણ દુષ્કર છે... दुत्तितिक्खे - દુઃખ વડે સહન કરાય છે તે - ઉત્પન્ન થયેલ પરિષહાદિને સહન કરાવવા માટે પરિષહાદિને સહન કરાવવા માટે શિષ્યને તેમાં ક્ષમા કરાવવા માટે દુષ્કર થાય છે.

दुरनुचर - દુઃખ વડે જે અનુષ્ઠાન કરાય તે દુરનુચર અર્થાત્ અંતર્ભૂત કરાવવારૂપ અર્થત્વથી અનુષ્ઠાન કરાવવું દુષ્કર છે અથવા તે પહેલા-છેલ્લા અરિહંતોના



તીર્થમાં શિષ્યો પ્રત્યે વસ્તુતત્વ, આચાર્ય આદિ દુરાખ્યેય અને દુર્વિભજ છે. પોતાને પણ દુર્દશ, દુસ્તિતિક્ષ અને દુરનુચર છે. માટે પ્રેરક અર્થને છોડીને વ્યાખ્યાન કરવું.

મધ્યના બાવીશ જિનોને તો સુગમ - મુશ્કેલીરહિત છે. કેમકે તેમના શિષ્યો ઋજુ-પ્રાજ્ઞ હોવાથી અલ્પ પ્રયત્ને બોધનીય છે અને વિહિત અનુષ્ઠાનમાં સુખે પ્રવર્તાવવા યોગ્ય છે. શેષ પૂર્વવત્. વિશેષ આ - અકૃચ્છ્રાર્થ વિશિષ્ટતા આખ્યાનાદિ વડે કહેવી.

સદા ફળ વડે વર્ણવેલા છે, નામથી કહેલા છે, સ્વરૂપથી સ્પષ્ટ વાણી વડે કહેલા છે, પ્રશંસા કરેલા છે. કર્તવ્યથી અનુમત કર્યા છે.

આ સૂત્રનો ઉત્ક્ષેપ વૈયાવચ્ચસૂત્ર પર્યંત દરેક સૂત્રમાં જાણવો. તેમાં ક્ષમા આદિ ક્રોધ, લોભ, માન, માયાના નિગ્રહથી જાણવા તથા લાઘવ ઉપકરણથી અને ત્રણ ગૌરવના ત્યાગથી જાણવું.

અન્ય પાંચ સ્થાનો જીવોને માટે હિત તે સત્ય-જૂઠ નહીં, તે ચાર ભેદે છે - અવિસંવાદન યોગ, કાયા-મન-વચનની અકુટિલતા, આ ચાર પ્રકારનું સત્ય જિનવરના મતમાં છે, અન્યમતમાં નહીં.

સંયમન તે સંયમ - હિંસાદિ નિવૃત્તિ, તે સત્તર પ્રકારે છે. કહ્યું છે - પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિય આ નવવિધ જીવોની હિંસા ન કરવી તે જીવસંયમ, અજીવસંયમ, પ્રેક્ષા-ઉપેક્ષા-પ્રમાર્જના-પરિષ્ઠાપના અને મન-વચ-કાયનિરોધ તે સત્તર પ્રકારે સંયમ અથવા પાંચ આશ્રવથી વિરમણ, પાંચ ઇન્દ્રિયનિગ્રહ, ચાર કષાય જય, ત્રણ દંડની વિરતિ એ રીતે સત્તર ભેદે સંયમ છે.

જેના વડે તપે તે તપ. રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર જેનાથી તપે છે અથવા અશુભ કર્મો તપે છે તે તપ સાર્થક છે આ તપ બાર ભેદે - અનશનાદિ બાહ્ય, પ્રાયશ્ચિત્તાદિ ભેદે છે.

તજવું તે ત્યાગ, એક સંવિગ્ન મુનિને આહારાદિ આપવું તે. સ્વયં પ્રત્યાખ્યાન કરેલ છે તો પણ આચાર્ય-ગ્લાન-બાલ-વૃદ્ધોને આહારાદિ લાવી આપે તે વીર્યાચારનો કરનાર થાય છે. અન્ય સાંભોગિક મુનિને શ્રાદ્ધકુળો બાતવે અને અશક્તોને સમાધિ પહોંચાડે.

બ્રહ્મચર્ય - મૈથુનવિરમણમાં કે બ્રહ્મચર્ય વડે વાસ તે બંભચેર વાસ. આ પાંચ અને પૂર્વોક્ત પાંચ એમ દશવિધ શ્રમણ ધર્મ કહ્યો.

અન્યત્ર બીજી રીતે દશવિધ શ્રમણ ધર્મ - ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, સૌચ, આકિંચન, બ્રહ્મ એ યતિધર્મ છે.

અહીં સાધુધર્મના ભેદરૂપ બાહ્ય તપવિશેષ વૃત્તિસંક્ષેપ નામક ભેદ - 'ઉત્ક્ષિપ્ત-ચરક' આદિથી કહેવાય છે. તેમાં उत्क्षिप्त - સ્વપ્રયોજન માટે પાકના ભાજનમાંથી કાઢેલ છે, તેજ લેવાના અભિગ્રહ વિશેષથી ફરે છે - ગવેષણાર્થે જાય છે. તે ઉત્ક્ષિપ્તચરક. એ રીતે બધે જાણવું. વિશેષ આ - निक्षिप्त - ન કાઢેલું, अंत - જમ્યા બાદ બચેલું - વાલ વગેરે. प्रांत - પ્રકૃષ્ટ અંત - તે જ પર્યુષિત, रुक्ष - ચિકાશ રહિત. - x - त्व પ્રત્યયથી અહીં અને આગળ ભાવપ્રધાનતા સમજવી.

અહીં પહેલા બે ભાવ અભિગ્રહો અને છેલ્લા ત્રણ દ્રવ્યઅભિગ્રહો છે, તેથી કહ્યું છે - ઉત્ક્ષિપ્ત ચરકત્વ આદિ અભિગ્રહ ભાવયુક્ત છે તથા ગાતો, રોતો, બેસતો આદિ ભાવે જે આપે, તે બધા ભાવ અભિગ્રહો છે.

લેપકૃત, અલેપકૃતાદિ અથવા 'આજે હું અમુક દ્રવ્ય ગ્રહણ કરીશ' એ રીતે અમુક દ્રવ્ય વડે કરેલ અભિગ્રહ તે દ્રવ્ય અભિગ્રહ જાણવો.

એ રીતે અન્યત્ર પણ વિચારવું. अज्ञात - અમુક મારા સ્વજન છે, હું ઋદ્ધિવાળો છું, અમુક પાસે મેં દીક્ષા લીધી છે આદિ ભાવ ન બતાવતો ભિક્ષા માટે જે ફરે તે અજ્ઞાતચરક... अन्नग्लानक - દોષિત અન્નને ભોગવનાર એમ ભગવતી ટીપ્પનકમાં કહ્યું છે. એવો થઈને અથવા અન્ન વિના ઉત્પન્ન થયેલ વેદનાદિ કારણવાળો કે અન્ય ગ્લાયક માટે ભોજન અર્થે જે ફરે તે અન્નગ્લાનકચરક, અન્નગ્લાયક ચરક અથવા અન્યગ્લાયકચરક જાણવો.

ક્યાંક अन्नवेल એવો પાઠ છે. ત્યાં ભોજન કાળની અપેક્ષાએ પહેલા અને છેલ્લા કાળરૂપ વેળાએ જે ભિક્ષા માટે જાય તે અન્યવેલચરક આદિ જાણવું. આ કાલાભિગ્રહ છે... મૌનવ્રતથી ફરે તે મૌનચરક. તથા संसृष्ट - ખરડાયેલ હાથ અને ભાજનાદિથી અપાતું. कल्पिक - કલ્પવાળું, કલ્પનીય અને ઉચિત આહારાદિ અભિગ્રહ વિશેષથી છે. જેને તે સંસૃષ્ટ કલ્પિક.

તથા तज्जातेन - દેવા યોગ્ય દ્રવ્યના પ્રકાર વડે તે ખરડાયેલ હસ્ત આદિથી અપાતો કલ્પનીય આહારાદિ છે જેને તે તજ્જાતસંસૃષ્ટકલ્પિક.

સમીપમાં લઈ જવાય તે उपनिधि - કોઈ રીતે નજીક લવાયેલને લેવાને જે ફરે તે ઔપનિધિક, અથવા સમીપમાં જ ગ્રહણ કરવું તે ઔપનિહિત.

તથા શુદ્ધ - અતિચાર રહિત एषणा - શંકિતાદિ દોષ વર્જનરૂપ. સંસૃષ્ટ, અસંસૃષ્ટાદિ સાત પ્રકાર કે તેમાંની કોઈ એક એષણા વડે શુદ્ધૈષણિક.

સંખ્યાના પ્રમાણવાળી જ दत्ति - એક વખત આહારાદિના ક્ષેપરૂપ ગ્રાહ્ય જેને છે તે સંખ્યાદત્તિક. - - અખંડિત ધારા વડે જેટલી વાર આહારાદિ અપાય તેટલી દત્તિ થાય. તે દત્તિ બે પ્રકારે - દ્રવ અને અદ્રવ.

જોયેલ આહારાદિ લાભથી જે ફરે તે દૃષ્ટલાભિક, દાતાર પૂછીને આપે તે લાભ વડે જે ફરે તે પૃષ્ટલાભિક. સિદ્ધાંતપ્રસિદ્ધ આયંબિલથી ફરે તે આચામ્લિક, વિગઈથી નિર્ગત તે નિર્વિકૃતિક. મધ્યાહ્ન લક્ષણ પ્રત્યાખ્યાન કરે તે પુરિમાર્દ્ધિક, परिमित - દ્રવ્યાદિ પરિમાણથી, पिंडपात - આહાર લાભ જેને છે તે પરિમિત પિંડપાતિક. વિભાગ કરેલ સાથવો આદિ દ્રવ્યનો લાભ જેને છે તે ભિન્નપિંડપાતિક. ગ્રહણ કર્યા પછી ભોગવાય માટે તેને કહે છે—

अरसं - હિંગ આદિ સંસ્કાર ન કરાયેલ આહાર વાપરે. અથવા રસ આહાર તે અરસાહાર, એમ સર્વત્ર જાણવું. વિશેષ આ - विरस - જેમાંથી રસ ગયેલ છે એવા જૂના ધાન્ય-ઓદનાદિ. તેલ આદિથી રહિત તે રૂક્ષાહાર. તથા રસરહિત જીવવાનો સ્વભાવ જેનો છે તે અરસજીવી. તેમ અન્ય.



स्थान - કાયોત્સર્ગ પ્રત્યે, જે કરે છે કે પ્રાપ્ત થાય છે તે સ્થાનાતિદ અથવા સ્થાનાતિગ. उत्कुटुकासन - પીઠાદિમાં પૂત ન લાગે તેમ બેસવું જેને અભિગ્રહથી છે તે ઉત્કુટુકાસનિક. તથા प्रतिमा - એકરાત્રિકી આદિ કાયોત્સર્ગ વિશેષથી ઉભા રહેવું એ રીતે સ્વભાવવાળો તે પ્રતિમાસ્થાયી. वीरासन - જમીન ઉપર પગ રાખીને સિંહાસને બેઠેલને તે આસન દૂર કરવાથી થતી કાયાની અવસ્થા, તે સ્થિર આસન દુષ્કર છે. તેથી વીરનું આસન તે વીરાસન કહેવાય છે, તે જેને છે તે વીરાસનિક.

निषद्या - બેસવું, તે પાંચ પ્રકારે છે - તેમાં જે નિષધામાં સમાન બંને પાદ વડે પૂત સ્પર્શે તે સમપાદપૂતા.. ગાયની માફક બેસે તે ગોનિષધિકા. જેમાં બંને પૂતાથી બેસી એક પાદને ઉપાડીને રહે તે હસ્તિસુંડિકા.. પર્યંક અને અર્દ્ધપર્યંક પ્રસિદ્ધ છે. નિષધા વડે રહે તે નૈષધિક.

દંડની જેમ લાંબાપણું - પાદ પસારવા વડે છે જેને તે દંડાયતિક. તથા લગંડ - વાંકું રહેલ લાકડું, તેની માફક મસ્તક અને પગની બંને પાનીઓનું ભૂમિમાં લાગવા વડે અને પીઠ ન લાગવા વડે જે શયન કરે તે તથાવિધ અભિગ્રહથી લગંડશાયી, તથા શીત અને તાપાદિના સહેવારૂપ આતાપનાને જે કરે તે આતાપક, જેને વસ્ત્ર વિધમાન નથી તે અપ્રાવૃતક. ખરજને ન ખણનાર તે અકંડુયક. સ્થાનાતિગ આદિ પદની કલ્પભાષ્ય-સ્થાનાદિક જ ઉર્ધ્વસ્થાન, પ્રતિમા માસાદિ હોય છે, નિષધા પાંચ જ છે.

સિંહાસન પર બેઠેલ માણસને તે કાઢી લઈને જેવી રીતે રહે તે વીરાસન, દંડ જેવો લાંબો તે દંડાસન, વાંકા લાકડા જેવો કૂબડો તે લગંડ.

આતાપના ત્રણ ભેદે - ઉત્કૃષ્ટા, મધ્યમા, જઘન્યા. સૂતેલાની ઉત્કૃષ્ટા, બેઠેલાની મધ્યમા, ઉભેલાની જઘન્યા... ઉત્કૃષ્ટા આતાપના ત્રણ ભેદે છે - અવમંથિતા, પાર્શ્વા, ઉત્તાના. મધ્યમા આતાપના પણ ત્રણ ભેદે - ગોદોહિકા, ઉત્કુટિકા, પર્યંકા. જઘન્યા આતાપના ત્રણ ભેદે - હસ્તિસોંડિકા આદિ.

આ નિષધાદિ ત્રિવિધિ આતાપના સ્વસ્થાનમાં ફરીથી પણ ઓમંથિયાદિ ભેદે ઉત્કૃષ્ટાદિભેદે જાણવી. અહીં જો કે સ્થાનાતિગત્વનો આતાપનામાં અંતર્ભાવ થાય છે, તો પણ મુખ્ય-ગૌણ વિવક્ષા જાણવી.

[૪૩૧] મહાન્ કર્મનો ક્ષય કરનાર તે મહાનિર્જર, મહાનિર્જરત્વથી ફરી ઉત્પન્ન થવાના અભાવથી આત્યંતિક અંત જેનો છે, તે મહાપર્યવસાન. તથા અગ્લાનપણે - ખેદરહિત બહુમાનથી.

આચાર્ય પાંચ ભેદે - પ્રવ્રાજનાચાર્ય, દિગાચાર્ય, સૂત્રના ઉદ્દેશનાચાર્ય, સૂત્રના સમુદ્દેશનાચાર્ય અને વાચનાચાર્ય. તેની વૈયાવચ્ચ-શુભ વ્યાપારવાળો ભાવ અથવા કર્મ તે વૈયાવચ્ચ અર્થાત્ ધર્મને મદદ કરનાર આહારાદિ વડે સહાય કરવા રૂપ આચાર્ય વૈયાવચ્ચને કરતો રહે આ પ્રમાણે પછીના પદોમાં પણ જાણવું. વિશેષ આ - उपाध्याय - સૂત્ર દાતા, स्थविर - સ્થિર કરનાર અથવા જન્મથી ૬૦ વર્ષ, દીક્ષાપર્યાય ૨૦ વર્ષ, શ્રુત વડે સમવાયાંગ ધારી. तपस्वी - માસક્ષમણાદિ, ग्लान - રોગાદિથી

અશક્ત. सेह - શૈક્ષક, નવદીક્ષિત, સાર્ધર્મિક - લિંગ અને પ્રવચનથી સમાન ધર્મી. कुल - સાધુ સમુદાય વિશેષ રૂપ, ચાંદ્રાદિ કુલો પ્રસિદ્ધ છે. गण - કુલનો સમુદાય, संघ - ગણનો સમુદાય. આ રીતે અભ્યંતર તપના ભેદરૂપ દશ પ્રકારે વૈયાવચ્ચ કહ્યું છે. - x -

● **સૂત્ર-૪૩૨ થી ૪૩૪ :-**

***[૪૩૨] પાંચ સ્થાનોમાં શ્રમણ નિર્ગ્રન્થ, સાધર્મિક સાંભોગિકને વિસંભોગિક કરતો જિનાજ્ઞા ઉલ્લંઘતો નથી. (૧) પાપકાર્યને સેવનાર હોય, (૨) સેવીને આલોચના ન કરે, (૩) આલોચીને પ્રાયશ્ચિત્ત ન કરે, (૪) પ્રાયશ્ચિત્ત લઈને તેને પરિપૂર્ણ ન કરે. (૫) જે આ સ્થવિરોનો સ્થિતિ કલ્પ છે તેને ઉલ્લંઘી - ઉલ્લંઘીને વિરુદ્ધ વર્તન કરે, ત્યારે જો તેને કોઈ તેમ ન કરવા પ્રેરણા કરે તો બોલે કે સ્થવિરો મને શું કરી લેશે ?***

***પાંચ સ્થાનોમાં શ્રમણ નિર્ગ્રન્થ સાધર્મિકને પારાંચિત કરતા જિન આજ્ઞાને ઉલ્લંઘતો નથી. (૧) જે કુળમાં વસે, તે જ કુળમાં ભેદ માટે તત્પર થાય. (૨) જે ગણમાં વસે તે ગણમાં ભેદ માટે તત્પર થાય. (૩) હિંસાપ્રેક્ષી, (૪) છિદ્ર પ્રેક્ષી, (૫) વારંવાર અંગુષ્ઠ પ્રશ્નાદિ સાવધનો પ્રયોગ કરે.***

***[૪૩૩] આચાર્ય-ઉપાધ્યાયના ગણને વિશે પાંચ વિગ્રહ સ્થાનો કહ્યા. - (૧) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં રહેલા શ્રમણોને આજ્ઞા કે નિષેધ સમ્યક્ પ્રકારે ન કરે, (૨) ગણમાં રહેલા શ્રમણો દીક્ષા પર્યાયના ક્રમે સમ્યક્ પ્રકારે વંદન ન કરે (૩) ગણમાં કાળ ક્રમે આગમની વાચના ન આપે. (૪) ગણમાં ગ્લાન કે શૈક્ષ્યની વૈયાવચ્ચની સમ્યક્ વ્યવસ્થા ન કરે. (૫) ગણમાં રહેલા શ્રમણો ગુરુની આજ્ઞા વિના વિહાર કરે, આજ્ઞા લઈને ન વિચરે.***

***આચાર્ય-ઉપાધ્યાયના ગણમાં અવિગ્રહના પાંચ કારણો કહ્યા - (૧) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં રહેલા શ્રમણોનો આજ્ઞા કે નિષેધ સમ્યક્ પ્રકારે કરે. (૨) ગણમાં રહેલ શ્રમણ દીક્ષાપર્યાયના ક્રમથી સમ્યક્ પ્રકારે વંદના કરે. (૩) ગણમાં જેને જે કાળે વાચના આપવાની છે તે આગમ વાચના આપે (૪) આચાર્ય-ઉપાધ્યાય પોતાના ગણમાં ગ્લાન કે શૈક્ષની વૈયાવચ્ચ માટે સમ્યક્ વ્યવસ્થા કરે. (૫) ગણમાં રહેનાર શ્રમણ ગુરુની આજ્ઞાથી વિચરે પણ અનાપૃચ્છિતચારી ન બને.***

***[૪૩૪] પાંચ નિષધાઓ કહી - ઉત્કુટિકા, ગોદોહિકા, સમપાદપુતા, પર્યકા, અર્ધપર્યકા... પાંચ આર્જવ સ્થાનો કહ્યા - શુભ આર્જવ, શુભ માર્દવ, શુભ લાઘવ, શુભ ક્ષાંતિ, શુભ ગુપ્તિ***

● **વિવેચન-૪૩૨ થી ૪૩૪ :-**

[૪૩૨] એક ભોજન મંડલીવાળા આદિ તે સાંભોગિકને વિસંભોગિક મંડલીની બહાર કરતા આજ્ઞાને ઉલ્લંઘતો નથી. કેમકે તે ઉચિતત્વ છે. (૧) सक्रिय - પ્રસ્તાવથી અશુભ કર્મના બંધયુક્ત સ્થાન - અકૃત્ય વિશેષને સેવનાર હોય. (૨)



સેવીને ગુરુ પાસે નિવેદન ન કરે. (૩) આલોચીને ગુરુ ઉપદિષ્ટ પ્રાયશ્ચિત્તનો આરંભ ન કરે. (૪) આરંભીને સંપૂર્ણ પ્રવેશ ન કરે અથવા આચરણ ન કરે. (૫) સુપ્રસિદ્ધપણે સ્થવિર કલ્પીઓના જે પ્રત્યક્ષ કલ્પો, સ્થિતૌ - સમ્યગ્ આચારમાં, વિશેષ કલ્પનીય યોગ્ય વિશુદ્ધ પિંડ, શય્યાદિ તે સ્થિતિ પ્રકલ્પનીયો અથવા માસકલ્પાદિ સ્થિતિ અને આહારાદિ પ્રકલ્પ્ય, તે સ્થિતિ પ્રકલ્પ્યો તેને ઉલ્લંઘી-ઉલ્લંઘી તેથી અન્ય અયોગ્ય કર્તવ્યોને સેવે છે, તેને સંઘાટકાદિ સાધુ એમ કહે - ''આ અકૃત્ય સેવવું ઉચિત નથી.'' ગુરુ આપણને બંનેને બહાર કરશે. ત્યારે તે કહેશે કે - હું સેવું છું તો ગુરુઓ મને શું કરશે ? તેઓ રોષવાળા થઈને પણ મને કંઈ કરી શકશે નહીં. એ રીતે બળનું પ્રદર્શન કરશે.

पारंचिय - દશમા પ્રાયશ્ચિત્તરૂપ ભેદવાળા, વેશ વગેરે ખેંચી લેવા રૂપ પારંચિક પ્રત્યે કરતો સામાચિકને ઉલ્લંઘતો નથી.. कुल - ચાંદ્રાદિમાં જે વસે છે તે ગચ્છવાસી. તે કુલમાં જ ભેદ પડાવવા તત્પર થાય.. હિંસા સાધુ આદિના વધને શોધે છે, તે હિંસા પ્રેક્ષી.. હિંસા માટે અથવા નિંદા માટે પ્રમત્તતાદિ છિદ્રોને જુએ તે છિદ્ર પ્રેક્ષી.. પુનઃ પુનઃ અંગુષ્ઠ અને ભીંત આદિના પ્રશ્નો અથવા સાવધ અનુષ્ઠાનનું પૂછવું, તે જ અસંયમના આયતનો, તે પ્રશ્નાયતનોનો પ્રયોગ કરનારો હોય છે.

[૪૩૩] આચાર્ય ઉપાધ્યાય. અહીં સમાહાર દ્વંદ કે કર્મધારય સમાસ છે. આચાર્ય અને ઉપાધ્યાયના ગણમાં વિગ્રહ - કલહના આશ્રયો અથવા આચાર્ય ઉપાધ્યાય બંનેના ગણમાં आज्ञा - હે સાધુ ! ''તારે આમ કરવું'', આવી વિધિરૂપ આજ્ઞાને તથા धारणा - ''તારે આમ ન કરવું.'' આવા પ્રકારની ધારણા પ્રત્યે, ઉચિતપણાએ પ્રયોજનાર થતો નથી, માટે સાધુ પરસ્પર કલહની આચરણા કરે છે, કેમકે યથાર્થ પ્રવૃત્તિ નથી અને દુઃખે જોડાયેલ છે. અથવા ઉચિતપણાએ પ્રવૃત્તિ ન કરનાર આચાર્યાદિ પ્રત્યે કલહ કરે છે.

અથવા ગીતાર્થ, દેશાંતરમાં રહેલ અન્ય ગીતાર્થને નિવેદન કરવા અગીતાર્થ પાસે જે અતિચારનું નિવેદન કરે છે તે આજ્ઞા. અનેક વખત આલોચના દાનથી પ્રાયશ્ચિત્ત વિશેષનું અવધારવું તે ધારણા. આ બંનેને સમ્યક્ પ્રયોગ ન કરનાર કલહ કરનાર થાય છે તે એક.

તથા તે જ રત્નો દ્રવ્યથી, ભાવથી બે પ્રકારે છે. તેમાં દ્રવ્યથી - કર્કેતનાદિ અને ભાવથી - જ્ઞાનાદિ. તેમાં જ્ઞાનાદિ રત્નોથી વ્યવહાર કરે છે. તે રાત્નિક - મોટા પર્યાયવાળો જે રાત્નિક તે યથારાત્નિક, તેનો ભાવ તે યથારાત્નિકતા. તેના વડે યથાજ્યેષ્ઠને વંદન કરવું... વિનય જ વૈનયિક, તેને સમ્યક્ પ્રયોક્તા નથી અથવા અંતર્ભૂતકારિત અર્થ હોવાથી પ્રયોક્તા ન થાય તે બીજું - તે જ સૂત્રાર્થના પ્રકારોને ધારણા વિષયી કરે છે. તેને યથાયોગ્ય સમયે સમ્યક્ રીતે ભણાવનાર થતો નથી, આ ત્રીજું.

કાળે વાચના આપનાર કહ્યું, તેની ગાથા - કાળ ક્રમથી સંવત્સરાદિ વડે જે સંવત્સરને વિશે સૂત્ર પ્રાપ્ત થાય તે જ કાળમાં ધીર પુરુષ વાચના કરે. [હવે તે

કાળ-] ત્રણ વર્ષના પર્યાયવાન્‌ને આચાર પ્રકલ્પની વાચના આપે. ચાર વર્ષનાને સમ્યક્ રીતે સૂયગડાંગની વાચના આપે. પાંચ વર્ષ પર્યાયીને દસા-કલ્પ-વ્યવહારની વાચના આપે. આઠ વર્ષના દીક્ષિતને ઠાણાંગ અને સમવાયાંગની વાચના આપે. દશ વર્ષનાને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિની, અગિયાર વર્ષનાને ક્ષુલ્લક વિમાન પ્રવિભક્તિ, મહદ્ વિમાન પ્રવિભક્તિ. આદિ પાંચ અધ્યયનોની બાર વર્ષનાને અરુણોપપાતાદિ પાંચ અધ્યયનની, તેર વર્ષનાને ઉત્થાનશ્રુતાદિ ચારની, ચૌદ વર્ષનાને અસીવિષભાવનાની, પંદર વર્ષનાને દિટ્ઠીવિષ ભાવનાની સોળ વર્ષનાને ચારણભાવનાની, સત્તર વર્ષનાને મહાસુમિણ ભાવનાની, અઢાર વર્ષનાને તેજોનિસર્ગની, ઓગણીશ વર્ષનાને દૃષ્ટિવાદ-બારમાં અંગની અને સંપૂર્ણ વીશ વર્ષ પર્યાયવાળાને સમગ્ર સૂત્રની વાચના આપવી.

તે જ વાચના ન આપનાર, ગ્લાન, શૈક્ષના વૈયાવૃત્યમાં સ્વયં સારી રીતે તત્પર થતો નથી તે ચોથું. તે જ સાધુ, ગણને પૂછ્યા વિના અન્ય ક્ષેત્રમાં ગમનાદિ કરે છે, આવા સ્વભાવવાળો તે અનાપૃચ્છ્યચારી. પૂછીને વિચરનાર નથી તે પાંચમું વિગ્રહનું સ્થાન જાણવું. એનાથી વ્યતિરેક વડે અવિગ્રહ સૂત્ર છે, તે સ્પષ્ટાર્થવાળું છે.

[૪૩૪] નિષધાસૂત્રમાં - બેઠકો તે નિષધા - બેસવાના પ્રકારો, તેમાં આસનને વિશે પુતને નહીં લગાડવાથી બંને પગથી રહે તે ઉત્કુટુક. તેની જે નિષધા તે ઉત્કુટુકા. તથા ગાયનું દોહવું તે ગોદોહિકા, તેની માફક આ નિષધા તે ગોદોહિકા. સમપણે બંને પગ અને બંને પુત જમીને લાગેલ છે જે નિષધામાં તે સમપાદપુતા પર્યંકા-જિનપ્રતિમાવત્ જે પદ્માસને રૂઢ છે તે. અર્ધપર્યંકા - સાથળ ઉપર એક પગ રાખવારૂપ.

ૠજોઃ રાગદ્વેષરૂપ વક્રત્વથી વર્જિત સામાયિકવાળાનું જે કર્મ કે ભાવ તે આર્જવ અર્થાત્ સંવર. તેના સ્થાનો તે આર્જવ સ્થાનો છે. સાધુ - સમ્યગ્દર્શન પૂર્વકત્વથી શોભન... આર્જવ - માયાનો નિગ્રહ તે સાધુઆર્જવ અથવા યતિનો આર્જવ તે સાધુઆર્જવ. એ રીતે ચારે જાણવા.

સરળતાયુક્ત પ્રાણી મરીને પ્રાયઃ દેવ થાય છે, માટે દેવ સૂત્રો—

● **સૂત્ર-૪૩૫ થી ૪૩૯ :-**

***[૪૩૫] જ્યોતિષ્ક દેવો પાંચ ભેદે કહ્યા - ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા... દેવો પાંચભેદે કહ્યા છે - ભવ્યદ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ, ભાવદેવ.***

***[૪૩૬] પરિચારણા પાંચ ભેદે કહી - કાય પરિચારણા, સ્પર્શપરિચારણા, રૂપ પ્રવિચારણા, શબ્દ પરિચારણા, મન પરિચારણા.***

***[૪૩૭] અસુરેન્દ્ર અસુરરાજ ચમરની પાંચ અગ્રમહિષીઓ કહી છે - કાલી, રાતી, રજની, વિદ્યુત્, મેઘા... વૈરોચનેન્દ્ર વૈરોચનરાજની પાંચ અગ્રમહિષીઓ કહી છે - શુંભા, નિશુંભા, રંભા, નિરંભા, મદના.***

***[૪૩૮] અસુરેન્દ્ર અસુરરાજ ચમરના પાંચ સંગ્રામિક સૈન્યો અને પાંચ સંગ્રામાધિપતિઓ કહ્યા - પદાતિ સૈન્ય, અશ્વ સૈન્ય, હસ્તિ સૈન્ય, મહિષ સૈન્ય, રથ સૈન્ય... દ્રુમ, પદાતિ સૈન્યાધિપતિ છે, સૌદામી, અશ્વ સૈન્યાધિપતિ, કુંથુ,***





***હસ્તિ સૈન્યાધિપતિ, લોહિતાક્ષ મહિષ સૈન્યાધિપતિ અને કિન્નર, રથ સૈન્યનો અધિપતિ છે.***

***વૈરોચનેન્દ્ર વૈરોચન રાજના પાંચ સંગ્રામિક સૈન્ય તથા પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ છે - પાયદળ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં - - મહાદ્રુમ, પદાતિ સૈન્યાધિપતિ મહાસૌદામા, અશ્વ સૈન્યાધિપતિ. માલંકાર, હસ્તિ સૈન્યાધિપતિ, મહાલોહિતાક્ષ, મહિષ સૈન્યાધિપતિ. કિંપુરિષ, રથ સૈન્યાધિપતિ છે.***

***નાગકુમારેન્દ્ર નાગરાજ ધરણના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ કહ્યા છે. પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં - ભદ્રસેન, પદાતિ સૈન્યાધિપતિ. યશોધર, અશ્વસૈન્યાધિપતિ. સુદર્શન, હસ્તિ સૈન્યાધિપતિ, નીલકંઠ, મહિષ સૈન્યાધિપતિ. આનંદ, રથનો - x -***

***નાગકુમારેન્દ્ર નાગરાજ ભૂતાનંદના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ કહ્યા છે - પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં - દક્ષ, પદાતિ સૈન્યાધિપતિ સુગ્રીવ, અશ્વસૈન્યાધિપતિ સુવિક્રમ, હસ્તિસૈન્ય અધિપતિ. શ્વેતકંઠ, મહિષ સૈન્યાધિપતિ. નંદોત્તર, રથ સૈન્યાધિપતિ છે.***

***સુપર્ણેન્દ્ર સુપર્ણરાજ વેણુદેવના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિઓ કહ્યા છે - પદાતિસૈન્યાદિ. એ રીતે જેમ ધરણેન્દ્ર કહ્યા તેમ વેણુદેવને કહેવા...વેણુદાલીને ભૂતાનંદવત્ કહેવા.***

***ધરણેન્દ્રવત્ બધા દક્ષિણ દિશાના ઇન્દ્રો ઘોષપર્યન્ત કહેવા. ભૂતાનંદને કહ્યા તેમ બધા ઉત્તર દિશાના ઇન્દ્રો મહાઘોષ પર્યન્ત કહેવા.***

***દેવેન્દ્ર દેવરાજ શક્રના પાંચ સંગ્રામિક સૈન્યો, પાંચ સંગ્રામિક સૈન્ય-અધિપતિઓ કહ્યા છે - પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં-હરિણેગમેષી પદાતિ સૈન્યાધિપતિ છે વાયુ, અશ્વસૈન્યાધિપતિ. ઐરાવત, હસ્તિસૈન્યાધિપતિ. દામર્દ્ધિ, વૃષભ સૈન્યાધિપતિ અને માઢર, રથ સૈન્યાધિપતિ છે.***

***દેવેન્દ્ર દેવરાજ ઈશાનના પાંચ સંગ્રામિક સૈન્યો, પાંચ સંગ્રામિક સૈન્ય અધિપતિ કહ્યા છે - પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં - લઘુપરાક્રમ, પદાતિ સૈન્યાધિપતિ. મહાવાયુ, અશ્વ સૈન્યાધિપતિ. પુષ્પદંત, હસ્તિ સૈન્યાધિપતિ. મહાદામર્દ્ધિ, વૃષભ સૈન્યાધિપતિ, મહામાઢર, રથ સૈન્યાધિપતિ છે.***

***જેમ શક્રેન્દ્રને કહ્યા તેમ બધાં દક્ષિણ દિશાના ઇન્દ્રો યાવત્ આરણેન્દ્ર સુધી કહેવું. જેમ ઇશાનેન્દ્ર કહ્યા તેમ ઉત્તરદિશાના બધા ઇન્દ્રો અચ્યુતેન્દ્ર સુધી કહેવા.***

***[૪૩૯] દેવેન્દ્ર દેવરાજ શક્રની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમ કહી છે. દેવેન્દ્ર દેવરાજ ઇશાનની અભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ પાંચ પલ્યોપમ કહી છે.***

● **વિવેચન-૪૩૫ થી ૪૩૯ :-**

[૪૩૫] સૂત્ર સુગમ છે. વિશેષ આ - જ્યોતિષી, વિમાન વિશેષોમાં ઉત્પન્ન થયેલ તે જ્યોતિષ્ક. તેઓ ક્રીડાદિ સ્વભાવવાળા હોય છે અથવા જે સ્તવાય છે તે

દેવો... ભવ્યા - ભાવિ દેવપર્યાય યોગ્ય, તેથી જ દ્રવ્યભૂત એવા દેવો તે ભવ્ય દ્રવ્ય દેવો, વૈમાનિકાદિમાં દેવપણે અનંતર ભવે ઉપજશે તે... નર - મનુષ્યના દેવ તે નરદેવ-ચક્રવર્તી... ધર્મમાં પ્રધાન દેવો તે ધર્મદેવો-ચારિત્રવંત... દેવો મધ્યે અતિશયવાળા દેવો તે દેવાધિદેવો - અરિહંત... ભાવદેવ-તે દેવરૂપે આયુ ભોગવતા.

[૪૩૬] વેદના ઉદયનો પ્રતિકાર, તેમાં સ્ત્રી અને પુરુષની કાયા વડે પરિચારણા - મૈથુનની પ્રવૃત્તિ, તે કાયપરિચારણા. તે ઇશાનકલ્પ પર્યન્ત છે. તેમ અન્યત્ર પણ જાણવું. વિશેષ આ - ઇશાન કલ્પ ઉપરના બે કલ્પે સ્પર્શ વડે, તેની ઉપરના બેમાં રૂપ વડે, તેથી ઉપરના બેમાં શબ્દ વડે, તેથી ઉપરના ચાર કલ્પમાં મન વડે પરિચારણા છે, તેથી ઉપર પરિચારણા નથી.

[૪૩૮] સંગ્રામના પ્રયોજનો, આ વિશેષણ ગાંધર્વ અને નાટ્ય સૈન્યને જુદા પાડવા માટે છે. સૈન્ય મધ્યે પ્રધાન પદાતિ આદિ તે અનિકાધિપતિ. પદાતિ - પગે ચાલનારનો સમૂહ, તે જ સૈન્ય તે પાદાતાનીક. પીઠાનીક - અશ્વસૈન્ય. ઉત્તમ પદાતિ તે તેના સૈન્યનો અધિપતિ. અશ્વરાજ - મુખ્ય અશ્વ, એમ બીજા સૈન્યોમાં જાણવું. દાહિણિલ્લ - સનત્કુમાર, બ્રહ્મ, શુક્ર, આનત, આરણ. ઉત્તરિલ્લ - માહેન્દ્ર, લાંતક, સહસ્રાર, પ્રાણત, અચ્યુત. વિષમ સંખ્યા પ્રવૃત્તિથી બ્રહ્મલોકાદિ કહ્યા. સમસંખ્યા પ્રવૃત્તિથી લાંતકાદિ કહ્યા... દેવેન્દ્રસ્તવ પયન્નાનુસાર બાર ઇન્દ્રોની વિવક્ષાથી આરણેન્દ્ર કહ્યું છે. - x -

** [૪૩૭, ૪૩૯માં સૂત્રની વૃત્તિકારે કોઈ અલગ વૃત્તિ કરેલ નથી.]*

દેવોને કહ્યા. દુષ્ટ અધ્યવસાયવાળાને દેવગતિનો પ્રતિઘાત થાય છે.

**● સૂત્ર-૪૪૦ થી ૪૪૨ :-**

***[૪૪૦] પ્રતિઘાત પાંચ ભેદે - ગતિ૦, સ્થિતિ૦, બંધન૦, ભોગ૦, બળ-વીર્ય-પુરુષકાર પરાક્રમ પ્રતિઘાત... [૪૪૧] આજીવિક પાંચ ભેદે - જાતિ-કુલ-કર્મ-શીલ્પ-લિંગ આજીવિક... [૪૪૨] રાજ ચિહ્નો પાંચ કહ્યા છે - ખડ્ગ, છત્ર, મુગટ, ઉપાનહ અને ચામર.***

**● વિવેચન-૪૪૦ થી ૪૪૨ :-**

[૪૪૦] સૂત્ર સુગમ છે. વિશેષ આ - પડિહા - પ્રતિઘાત, પ્રતિહનન. દેવગતિ આદિના પ્રકરણથી શુભનો પ્રતિઘાત, તેની પ્રાપ્તિની યોગ્યતા છતાં, ખરાબ કર્મ કરવાથી પ્રાપ્તિ ન થવાથી ગતિ પ્રતિઘાત. પ્રવ્રજ્યા આદિ પાલનથી પ્રાપ્ત કરવા યોગ્ય શુભ દેવગતિનો, નરકની પ્રાપ્તિ થતાં કંડરીકની જેમ પ્રતિઘાત થાય છે...

સ્થિતિ - શુભ દેવગતિ પ્રાયોગ્ય કર્મોની સ્થિતિને બાંધીને જે તેનો પ્રતિઘાત તે સ્થિતિ પ્રતિઘાત. અધ્યવસાય વિશેષથી સ્થિતિનો પ્રતિઘાત થાય છે.

કહ્યું છે - દીર્ઘકાલની સ્થિતિને હ્રસ્વકાલિન સ્થિતિવાળી કરે છે. તથા નામકર્મની ઉત્તરપ્રકૃતિરૂપ બંધન, ઔદારિકાદિ પાંચ ભેદે છે. તેના સંબંધથી પ્રશસ્ત બંધનનો પૂર્વની જેમ પ્રતિઘાત-બંધન પ્રતિઘાત. બંધનને ગ્રહણ કરવાના ઉપલક્ષણથી તેના સહચર પ્રશસ્ત શરીર, અંગોપાંગ, સંહનન, સંસ્થાનનો પણ પ્રતિઘાત કહેવો. તથા



પ્રશસ્ત ગતિ, સ્થિતિ, બંધનાદિના પ્રતિઘાતથી પ્રશસ્ત ગત્યાદિ સિવાય ન મળનાર ભોગોનો પ્રતિઘાત તે ભોગ પ્રતિઘાત કેમકે કારણાભાવે કાર્યાભાવ છે. પ્રશસ્ત ગત્યાદિના અભાવથી જ બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમનો પ્રતિઘાત થાય છે, તેમાં શરીર સંબંધી બળ, જીવ પ્રભવ વીર્ય, પુરુષકાર એટલે અભિમાન વિશેષ, તે જ પૂરણ કરેલ સ્વવિષયભૂત કાર્યરૂપ પરાક્રમ અથવા પુરુષકાર તે પુરુષનું કર્તવ્ય, બલ, વીર્યની પ્રવૃત્તિરૂપ પરાક્રમ.

[૪૪૧] દેવગત્યાદિનો પ્રતિઘાત ચારિત્ર અતિચારકારીને થાય છે માટે ઉત્તરગુણોને આશ્રીને તેને કહે છે - જાત્તિ - બ્રાહ્મણાદિ જાતિને આશ્રીને આજીવિકા ચલાવે છે, તે જાતિ વિશિષ્ટ પોતાના વચનોને વિશેષથી બતાવીને તેથી આહારાદિ ગ્રહણ કરે તે જાતિ આજીવિક. - એ રીતે સર્વત્ર જાણવું. વિશેષ આ - કુલ - ઉગ્ર આદિ કે ગુરુના કુળને કર્મ - ખેતી આદિ કાર્ય કે આચાર્ય સિવાય શીખેલ. શિલ્પ - વણવું, સીવવું આદિ કાર્ય અથવા આચાર્ય પાસે શીખેલ તે શિલ્પ, લિઙ્ગ - સાધુવેશ. તેનાથી આજીવિકા કરે છે, જ્ઞાનાદિથી શૂન્ય છે, માત્ર વેશથી આજીવિકા કરે છે. અન્યત્ર લિંગને બદલે ગણ કહ્યું છે. ગણ - મલ્લ આદિનો સમૂહ.

[૪૪૨] સાધુઓનું રજોહરણાદિ લિંગ કહ્યું. હવે ખડ્ગ આદિ રાજાના લિંગ કહે છે. તે સ્પષ્ટ છે. વિશેષ આ - રાજાઓના કકુદો-ચિહ્નો તે રાજકકુદો. મુગટ - શિરનું વેષ્ટન. ઉપાનહ - પગરખાં. બાલવ્યંજની - ચામર કહ્યું છે - ખડ્ગ, છત્ર, ઉપાનહ, મુગટ, ચામર આ પાંચ રાજચિન્હો ગુરુ પાસે જતાં રાજા દૂર કરે છે - - અનંતરોક્ત રાજચિહ્નને યોગ્ય, ઇક્ષ્વાક્વાદિ કુલોત્પન્ન થઈ દીક્ષિત થયેલ - x - પરિષહાદિને સહે છે, તેથી પરીષહ—

**● સૂત્ર-૪૪૩ :-**

***પાંચ કારણે છદ્મસ્થ સાધુ ઉદિર્ણ પરીષહ - ઉપસર્ગોને સમ્યક્ રીતે સહે, ખમે, તિતિક્ષે અને અધ્યાસિત કરે, તે આ - (૧) તે પુરુષ કર્મોદય થકી ઉન્મત્ત જેવો થઈ ગયો છે, તેથી મને તે આક્રોશ વચન બોલે છે, ઉપહાસ કરે છે, ફેંકી દે છે, મારી નિર્ભર્ત્સના કરે છે, બાંધે છે, રુંધે છે, શરીરને છેદે છે, મૂર્છા પમાડે છે, ઉપદ્રવ કરે છે, મારા વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ છીનવી લે છે, દૂર ફેંકી દે છે, ભાંગે છે, કે ચોરી જાય છે.***

***(૨) નિશ્ચે આ પુરુષ યક્ષાવિષ્ટ થયો છે, તેથી મને આ પુરુષ આક્રોશ કરે છે યાવત્ મારી વસ્તુઓ હરી લે છે...***

***(૩) મારા આ ભવમાં વેદવા યોગ્ય કર્મો ઉદયમાં આવેલા છે, તેથી આ પુરુષ મને આક્રોશ કરે છે યાવત્ મારી વસ્તુઓ લઈ જાય છે...***

***(૪) સારી રીતે ન સહન કરનાર, ન ક્ષમા કરનાર, ન તિતિક્ષા કરનાર, નિશ્ચલ ન રહેનાર એવા મને એકાંતે પાપકર્મનો બંધ થશે...***

***(૫) સમ્યગ્ રીતે સહન કરનાર યાવત્ નિશ્ચલ રહેનાર એવા મને એકાંતે નિર્જરા થશે.***

***આ પાંચ સ્થાન વડે છદ્મસ્થ ઉદીર્ણ પરીષહ-ઉપસર્ગોને સમ્યક્ સહન કરે યાવત્ અધ્યાસિત કરે [નિશ્ચલ રહે.]***

***પાંચ કારણે કેવલી ઉદયમાં આવેલ પરીષહ-ઉપસર્ગોને સમ્યક્ સહે યાવત્ અધ્યાસે. - (૧) આ પુરુષ ક્ષિપ્તચિત્ત છે. તેથી મને તે આક્રોશ કરે છે યાવત્ હરણ કરે છે. (૨) આ પુરુષ દૃપ્તચિત્ત છે, તેથી મને તે આક્રોશ કરે છે યાવત્ હરી લે છે. (૩) આ પુરુષ યક્ષાવિષ્ટ છે. તેથી તે મને આક્રોશ કરે છે યાવત્ હરી લે છે (૪) મારા તે ભવ વેદનીય કર્મનો ઉદય છે, તેથી આ પુરુષ મને આક્રોશ કરે છે યાવત્ હરી લે છે. (૫) સમ્યક્ સહેતા, ખમતા, તિતિક્ષતા, અધ્યાસતા મને જોઈને બીજા ઘણાં છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રન્થો ઉદયમાં આવેલ પરીષહ-ઉપસર્ગોને સમ્યક્ સહેશે યાવત્ અધ્યાસિત કરશે. આ પાંચ કારણે કેવલી ઉદયમાં આવેલા પરીષહો - ઉપસર્ગોને સમ્યક્ સહે યાવત્ નિશ્ચલ રહે.***

**● વિવેચન-૪૪૩ :-**

સ્પષ્ટ છે, વિશેષ આ - જેના વડે ઢંકાય તે છદ્મ - જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મ ચતુષ્ટય, તેમાં રહે તે છદ્મસ્થ-સકષાયી. ઉદયમાં આવેલ કહેલ સ્વરૂપવાળા પરીષહ - ઉપસર્ગોને સમ્યક્ - કષાયના ઉદયના નિરોધ કરવાદિથી સહે - ભય અભાવથી અચલ રહી સુભટની જેમ ક્ષમા વડે ખમે. - અદીનપણે તિતિક્ષા કરે. अध्यासीत - પરીષહાદિમાં અધિક સ્થિર રહે - અચલ રહે. उदीर्ण - ઉદયમાં આવેલ અથવા મિથ્યાત્વ મોહનીયાદિ પ્રબલ કર્મ જેને છે તે ઉદીર્ણકર્મા.

अयं - પ્રત્યક્ષ પુરુષ, उन्मत्त - મદિરાદિથી ભ્રમિત ચિત્તવાળા માફક ઉન્મત્તભૂત. અથવા ઉન્માદવાળો. જે કારણથી આ પુરુષ ઉદીર્ણકર્મા ઉન્મત્તભૂત છે તે કારણથી મારા પ્રત્યે આ પુરુષ આક્રોશ કરે છે - શાપ આપે છે, ઉપહાસ કરે છે, અપઘર્ષણ કરે છે, હાથેથી પકડીને બળપૂર્વક તે સ્થાનેથી દૂર કરે છે, દુર્વચનોથી તિરસ્કારે છે, દોરડાથી બાંધે છે, કેદમાં નાંખે છે, મૂર્છા વિશેષ કે વધસ્થાને લઈ જાય છે, શરીરના અવયવો છેદે છે, અપદ્રાવિત-ઉપદ્રાવિત કરે છે. पतद्ग्रह - પાત્ર, કંબલ, पादप्रोञ्छन - રજોહરણ બળથી ફેંકે છે, દૂર મૂકે છે અથવા વસ્ત્રને થોડું કે વિશેષ પાડે છે, પાત્રને ભાંગે છે, ચોરે છે. वा - બધે વિકલ્પાર્થે છે.

પરીષહાદિને સહેવામાં આક્રોશાદિવાળું આ એક આલંબનસ્થાન છે, તે પ્રાયઃ અહીં આક્રોશ અને વધ બે પરીષહ રૂપ માનવું. અને ઉપસર્ગ વિવક્ષામાં પ્રાદ્વેષિકાદિ માનુષ્યકૃત ઉપસર્ગરૂપ છે.

यक्षाविष्ट - આ પુરુષ દેવાધિષ્ઠિત છે, તેથી આક્રોશાદિ કરે છે. તથા પરીષહ ઉપસર્ગ કરનાર આ પુરુષ મિથ્યાત્વાદિ કર્મને વશ છે. મને વળી તે જ - મનુષ્યસંબંધી - આ ભવ વડે જે વેદાય છે, તે તદ્‌ભવ વેદનીય કર્મ ઉદયમાં આવેલું છે. તેથી તે મને આક્રોશ કરે છે. તથા પાપભીરુ ન હોવાથી આ અજ્ઞાની મને ભલે આક્રોશાદિ કરે. પણ જો હું સહન નહીં કરું તો મને - x - શું પ્રાપ્ત થાય ? નિશ્ચય કહે છે એકાંતથી સર્વથા પાપકર્મ થાય. આ પુરુષ જ્યાં સુધી ઉપસર્ગ કરે છે, ત્યાં સુધી પાપને



બાંધે છે અને ઉપસર્ગ સહન કરનારા મને નિર્જરા થાય છે - x - આદિ નિગમન છે.

છદ્મસ્થથી વિપર્યય તે કેવળી, માટે તેનું સૂત્ર - क्षिप्तचित्त - પુત્રના શોકાદિથી નષ્ટચિત્ત. दृप्तचित्त - પુત્ર જન્માદિથી અભિમાની તે ઉન્મત્ત જ છે. મને સહન કરતો જોઈ બીજા પણ સહેશે, કેમકે પ્રાયઃ બીજાઓ ઉત્તમ પુરુષોનું અનુકરણ કરે છે. કહ્યું છે - ઉત્તમ પુરુષે પ્રાપ્ત કરેલ માર્ગ બીજાઓને દુષ્કર નથી - x - ઇત્યાદિ.

હમણાં છદ્મસ્થ કેવલી કહ્યા. તેથી તેમનું જ સ્વરૂપ કહે છે—

**● સૂત્ર-૪૪૪ :-**

***(૧) હેતુ પાંચ કહ્યા - હેતુને જાણતો નથી, હેતુને દેખતો નથી, હેતુ પર શ્રદ્ધા કરતો નથી, હેતુને પ્રાપ્ત કરતો નથી, હેતુનો જાણ્યા વિના અજ્ઞાન મરણે મરે છે... (૨) હેતુ પાંચ કહ્યા - હેતુ વડે જાણતો નથી યાવત્ હેતુ વડે અજ્ઞાન મરણે મરે છે... (૩) હેતુ પાંચ કહ્યા - હેતુ જાણે છે યાવત્ હેતુ છદ્મસ્થ મરણે મરે છે... (૪) હેતુ પાંચ કહ્યા - હેતુ વડે જાણે છે યાવત્ હેતુ વડે છદ્મસ્થ મરણે મરે છે.***

***(૫) અહેતુ પાંચ કહ્યા - અહેતુને જાણતો નથી યાવત્ અહેતુને છદ્મસ્થ મરણે મરે છે... (૬) પાંચ અહેતુ કહ્યા - અહેતુ વડે જાણતો નથી યાવત્ અહેતુ વડે છદ્મસ્થમરણે મરે છે... (૭) પાંચ અહેતુ કહ્યા - અહેતુને જાણે છે યાવત્ અહેતુને કેવલિમરણે મરે છે... (૮) પાંચ અહેતુ કહ્યા - અહેતુ વડે જાણતો નથી યાવત્ અહેતુ વડે કેવલિમરણે મરે છે.***

***(૯) કેવલિને પાંચ ગુણ અનુત્તર છે - અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર તપ, અનુત્તર વીર્ય.***

**● વિવેચન-૪૪૪ :-**

નવ સૂત્રો છે. તેમાં ભગવતી સૂત્રના પાંચમાં શતકના સાતમા ઉદ્દેશકની ચૂર્ણિ અનુસાર કંઈ લખાય છે. પાંચ હેતુઓ અહીં છદ્મસ્થપણે જ અનુમાનથી વ્યવહાર કરનારના અનુમાનના અંગપણાએ હેતુ - ધૂમ્રાદિ ચિહ્નને જાણે છે તે હેતુ જ કહેવાય છે. એ રીતે જ દેખે છે, શ્રદ્ધા કરે છે, પ્રાપ્ત કરે છે તે જ હેતુ ચતુષ્ટય મિથ્યાદૃષ્ટિ જીવને આશ્રીને અયથાર્થ દ્વાર વડે કહે છે - હેતુ પ્રત્યે જાણતો નથી અર્થાત્ વિશેષતઃ યથાર્થ ગ્રહણ કરતો નથી. 'नत्र' શબ્દનો કુત્સિત અર્થ હોવાથી બરાબર જાણતો નથી.

એ રીતે સામાન્યતઃ દેખતો નથી, શ્રદ્ધા કરતો નથી - બોધિ શબ્દ શ્રદ્ધાનૂના પર્યાયરૂપે છે, સંસારના પાર પામવાના કારણપણે પ્રાપ્ત કરતો નથી. એ રીતે ચતુર્વિધ હેતુઓ થાય છે. તથા हेतुम् - અધ્યવસાન આદિ મરણના હેતુઓથી ઉત્પન્ન થવા વડે ઉપચારથી અજ્ઞાનમરણ, મિથ્યાદૃષ્ટિપણાએ નથી જાણેલ હેતુ અને હેતુઓ વડે જાણવા યોગ્ય ભાવ જેણે તેના મરણરૂપ હેતુવાળા અજ્ઞાન મરણ કરે છે. આવા પ્રકારનો જે જીવ તે પણ હેતુ જ છે માટે પાંચમો હેતુ વિધિ જ કહેલ છે.

પાંચ હેતુમાં ધૂમાદિ વડે જે અનુમેય પદાર્થને જાણે છે તે હેતુ જ છે. એ રીતે જે દેખે છે આદિ જાણવું. તે જ કુત્સાદ્વાર વડે મિથ્યાદૃષ્ટિને આશ્રીને હેતુ ચતુષ્ટય

કહે છે. હેતુ વડે અનુમેયને જાણતો નથી. નञ् શબ્દ કુત્સિત અર્થવાળો હોવાથી યથાર્થને જાણતો નથી. દેખતો નથી આદિ. તથા હેતુ-મરણના કારણ વડે જે અજ્ઞાન મરણ કરે છે તે હેતુ જ છે.

તથા પાંચ હેતુ સમ્યગ્દૃષ્ટિપણાએ હેતુને યથાર્થ જાણે છે તે હેતુ જ છે, એ રીતે બીજા પણ જાણવા. વિશેષ આ - હેતુવિશિષ્ટ છદ્મસ્થ મરણને કરે છે, પણ સમ્યગ્દૃષ્ટિપણાથી અજ્ઞાન મરણ નથી તેમ અનુમાનનો કરનાર હોવાથી કેવલી મરણ નથી. આ રીતે હેતુના - હેતુ વડે સૂત્ર પણ જાણવું. અહીં બે સૂત્રોમાં હેતુઓ સ્વરૂપથી કહ્યા છે.

તથા પાંચ અહેતુઓ સર્વજ્ઞપણાએ જે અનુમાન અપેક્ષારહિત છે તે, "આ હેતુ મને અનુમાનનો સાધક થતો નથી." એ રીતે ધૂમાદિ હેતુને જાણે છે, આ કારણથી તે હેતુઓને અહેતુને જાણતો હોવાથી તે અહેતુ જ કહેવાય છે. એવી રીતે દર્શન, બોધ અને પ્રાપ્તિની અપેક્ષાએ પણ અહેતુઓ જ છે. તે જ અહેતુ ચતુષ્ટય છદ્મસ્થને આશ્રીને દેશ વડે નિષેધથી કહે છે - ધૂમાદિ હેતુ પ્રત્યે, અહેતુભાવ વડે જાણતો નથી અર્થાત્ સર્વથા જાણતો નથી, પણ કથંચિત્ જ જાણે છે. 'નञ्' દેશનિષેધાર્થ છે.

અવધિ વગેરે કેવલીપણાએ અર્થાત્ સંપૂર્ણ અવધિજ્ઞાનાદિપણે અનુમાન પ્રમાણ વડે વ્યવહાર ન કરતો હોવાથી જ્ઞાતા સંબંધી એ એક હેતુ, દેશ વડે પ્રતિષેધથી કહ્યો. એવી રીતે અહેતુપણે ધૂમાદિક હેતુને દેખતો નથી તે બીજો, શ્રદ્ધાન્ કરતો નથી તે ત્રીજો, સાદ્ધ સિદ્ધિ પામતો નથી તે ચોથો અને નિરુપક્રમપણાએ અધ્યવસાનાદિ હેતુની અપેક્ષા રહિત છદ્મસ્થ મરણ - અનુમાન વડે વ્યવહાર કરનારપણામાં પણ કેવલી ન હોવાથી તેને કહેલ છે તે પાંચમો હેતુ સ્વરૂપથી જ કહ્યો છે.

પાંચ અહેતુઓ હેતુના અભાવ વડે કેવલીપણાથી જે જાણે છે તે અહેતુ જ છે. એ રીતે દેખે છે આદિ પ્રકારો પણ જાણવા.

એમ છદ્મસ્થને આશ્રીને ચાર પદ વડે અહેતુચતુષ્ટયને દેશ વડે પ્રતિષેધથી કહે છે તથા ઉપક્રમના અભાવ વડે છદ્મસ્થમરણને કરે છે. આ પાંચમો અહેતુ સ્વરૂપથી જ કહ્યો. - - તથા પાંચ અહેતુઓ, હેતુના ભાવ વડે વિકલ્પ ન કરાયેલ ધૂમાદિને જાણે છે કારણ કે કેવલીપણાને લઈને જે અનુમાનનો વ્યવહાર કરનાર નથી તે અહેતુ જ છે. એમ જે દેખે છે વગેરે જાણવું. નિરુપક્રમપણાથી હેતુરહિત અને અનુમાન વડે વ્યવહાર કરનાર ન હોવાથી કેવલી મરણને જે કરે છે તે પાંચમો અહેતુ છે અહીં પાંચે અહેતુ પણ સ્વરૂપથી કહેલા છે. - - એ રીતે अहेउणा - અહેતુ વડે - સૂત્ર પણ પૂર્વોક્ત રીતે અનુસરવું.

શબ્દાર્થ માત્ર આ વ્યાખ્યા કરેલ છે, તત્ત્વ તો યથાયોગ સર્વથા આવરણનો ક્ષય થવાથી બહુશ્રુતો જાણે. જેનાથી પ્રધાન બીજા નથી તે અનુત્તર. તેમાં પ્રથમના બે ક્રમશઃ જ્ઞાનાવરણ, દર્શનાવરણનો ક્ષય થવાથી પછીના બે - મોહનીયના ક્ષયથી કેમકે તપ એ ચારિત્રનો ભેદ છે અને કેવલીને અનુત્તર તપ શૈલેશી અવસ્થામાં શુકલ ધ્યાનના ભેદ સ્વરૂપ છે. કેમકે ધ્યાન એ અભ્યંતર તપનો ભેદ છે. વીર્ય તો



વીર્યાંતરાય કર્મના ક્ષયથી થાય છે. - - કેવલીના અધિકારથી તીર્થંકર સંબંધી સૂત્રો કહે છે—

**● સૂત્ર-૪૪૫ થી ૪૪૯ :-**

***[૪૪૫] પદ્મપ્રભ અરિહંતના પાંચ કલ્યાણક ચિત્રા નક્ષત્રમાં થયા - ચિત્રા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ચિત્રામાં જન્મ્યા, ચિત્રામાં મુંડ થઈને ગૃહવાસ છોડી અણગાર પ્રવ્રજ્યા પામ્યા, ચિત્રામાં અનંત અનુત્તર, અવ્યાબાધ, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ પ્રધાન કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા, ચિત્રા નક્ષત્રમાં જ નિર્વાણ પામ્યા.***

***પુષ્પદંત [સુવિધિ] અરિહંતના પાંચ કલ્યાણક મૂલ નક્ષત્રમાં થયા. મૂલ નક્ષત્રમાં દેવલોકથી ચ્યવી ગર્ભમાં આવ્યા. એ રીતે પૂર્વવત્ જાણવો.***

***[૪૪૬] અરિહંત - પદ્મપ્રભના ચિત્રામાં, પુષ્પદંતના મૂલમાં, શીતલના પૂર્વાષાઢામાં, વિમલના ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં [પાંચ કલ્યાણક થયા.]***

***[૪૪૭] અરિહંત-અનંતજિનના રેવતીમાં, ધર્મના પુષ્યમાં, શાંતિના ભરણીમાં, કુંથુના કૃતિકામાં, અરના રેવતીમાં [પાંચ કલ્યાણક થયા.]***

***[૪૪૮] અરિહંત-મુનિસુવ્રતના શ્રવણમાં, નમિના અશ્વિનીમાં, નેમિના ચિત્રામાં, પાર્શ્વના વિશાખા નક્ષત્રમાં [પાંચ કલ્યાણક થયા.]***

***[૪૪૯] શ્રમણ ભગવંત મહાવીરની પાંચ ઘટના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થઈ - ઉત્તરાફાલ્ગુનીમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા, ઉત્તરાફાલ્ગુનીમાં એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરાયા, ઉત્તરાફાલ્ગુનીમાં જન્મ્યા. ઉત્તરાફાલ્ગુનીમાં મુંડ થઈને યાવત્ દીક્ષા લીધી. ઉત્તરાફાલ્ગુનીમાં અનંત અનુત્તર યાવત્ પ્રધાન કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા.***

**● વિવેચન-૪૪૫ થી ૪૪૯ :-**

સૂત્રો સુગમ છે. વિશેષ આ - પદ્મપ્રભ, ઋષભ આદિમાં છઠ્ઠા, તેના ચ્યવન આદિ પાંચ દિવસોમાં ચિત્રા નક્ષત્ર છે જેને તે પંચચિત્ર. - x - च्युत - અવતર્યા. નવમા ગ્રૈવેયકથી ૩૧ સાગરોપમ સ્થિતિક દેવમાંથી ચ્યવીને ગર્ભમાં આવ્યા. કૌશાંબી નગરીમાં 'ધર' રાજાની સુશીમા નામે પત્નીની કૂક્ષિમાં મહા વદ છઠ્ઠે ઉત્પન્ન થયા. કાર્તિક વદ બારસે જન્મ્યા. તથા કેશ, કષાયાદિ અપેક્ષાએ મુંડ થઈને ઘેરથી નીકળીને સાધુપણાને પામ્યા અથવા કારતક વદ તેરસે અણગારપણાથી પ્રવ્રજિત થયા. તથા અનંત પર્યાયવાળુ હોવાથી અનંત, બધાં જ્ઞાનોમાં ઉત્તમ હોવાથી અનુત્તર, અપ્રતિપાતી હોવાથી નિર્વ્યાઘાત, સર્વથા સ્વ આવરણનો ક્ષય થવાથી અથવા કટ, ભીંત વગેરેના આવરણના અભાવથી નિવારણ, સકલ પદાર્થ વિષયત્વથી કૃત્સ્ન, પોતાના અવયવોથી પરિપૂર્ણ, પૂનમના ચંદ્ર માફક અખંડ એવી કેવલ - અન્ય જ્ઞાનોના અસહાયત્વથી એકલું અથવા સંશુદ્ધ-પણાથી. આ કારણે પ્રધાન, તે કેવલજ્ઞાન અને દર્શન, - x - ચૈત્રસુદ પૂનમે ઉત્પન્ન થયું. માગસર વદ-૧૧, મતાંતરે ફાગણવદ ચોથે નિર્વાણ પામ્યા. - - આ પ્રમાણે પુષ્પદંતનું સૂત્ર પણ કહેવું.

- x - x - ત્રણ સૂત્ર સંગ્રહણિ ગાથા વડે અનુસરણીય છે. શેષ સૂત્રના પાઠને બતાવવા માટે, પદ્મપ્રભના ચ્યવનાદિ પાંચ સ્થાનકોમાં ચિત્રા નક્ષત્ર છે, ઇત્યાદિ ગાથાનો અક્ષરાર્થ કહેવો. સૂત્રપાઠ પહેલા બે સૂત્રનો સાક્ષાત્ દેખાડેલ જ છે. તે મુજબ - x - બીજા તીર્થંકરોનો સૂત્રપાઠ કહેવો. વ્યાખ્યા આ પ્રમાણે - પુષ્પદંત નવમાતીર્થંકર આનતકલ્પથી ૧૯-સાગરોપમની સ્થિતિપૂર્ણ કરી ફાગણ વદ નોમે મૂલ નક્ષત્રમાં ચ્યવ્યા, ચ્યવીને કાકંદીનગરીમાં સુગ્રીવ રાજાની રામા નામની ભાર્યામાં ગર્ભપણે ઉત્પન્ન થયા, મૂલ નક્ષત્રમાં માગસર વદ પાંચમે જન્મ્યા. મૂલનક્ષત્રમાં જેઠ સુદ-૧૫, મતાંતરે માગસર વદ-૬ પાંચમે જન્મ્યા. મૂલનક્ષત્રમાં જ કાર્તિક સુદ ત્રીજે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આસો સુદ નોમે મતાંતરે વૈશાખ વદે છટ્ઠે નિર્વાણ પામ્યા.

શીતલનાથ દશમાં તીર્થંકર - પ્રાણતકલ્પ - ૨૦ સાગરોપમ સ્થિતિ - પૂર્વાષાઢા નક્ષત્ર - વૈશાખ વદ-૬ - ચ્યવન, ભદ્દિલપુર, દૃઢરથ રાજા, નંદારાણી, મહાવદ-૧૨ જન્મ, મહાવદ-૧૨-દીક્ષા, પોષસુદ મતાંતરે વદ-૧૪-કેવલજ્ઞાન, શ્રાવણસુદ-૫ મતાંતરે શ્રાવણ વદ-૨-મોક્ષ.

- x - x - x - ઇત્યાદિ વૃત્તિ સરળ છે - x - અનુવાદ કર્યો નથી.

**સ્થાન-૫ - ઉદ્દેશો-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સ્થાન-૫ ઉદ્દેશો-૨ ❀

— x — x — x — x —

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો આરંભે છે. તેનો સંબંધ આ છે - અનંતર ઉદ્દેશામાં વિવિધ જીવ વક્તવ્યતા કહી, અહીં પણ તે જ કહે છે. તે સંબંધે આવેલ આ બીજા ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૪૫૦,૪૫૧ :-**

*[૪૫૦] સાધુ, સાધ્વીઓને આ કહેલી, સંખ્યા કરેલી, સ્પષ્ટ નામવાળી સમુદ્ર જેવા જળવાળી પાંચ મહાનદીઓ એક માસમાં બે, ત્રણ વખત તરવાનું કે નાવાદિ વડે ઉતરવાનું ન કલ્પે -*

*ગંગા, યમુના, સરસ્વતી, ઐરાવતી, મહી.*

*પાંચ કારણે ઉતરવી કલ્પે - ભયમાં, દુર્ભિક્ષમાં, કોઈના દ્વારા પીડા કરાતા, નદીના પ્રવાહમાં વહેતા કોઈને કાઢવા માટે, કોઈ અનાર્ય દ્વારા પીડા કરાતા.*

*[૪૫૧] સાધુ, સાધ્વીને પ્રથમ વર્ષાકાળમાં ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે, પણ પાંચ કારણે કલ્પે - ભયમાં, દુર્ભિક્ષમાં યાવત્ અનાર્ય દ્વારા પીડા પહોચાતા...*

*વર્ષાવાસ રહેલ સાધુ-સાધ્વીને ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે, પણ પાંચ કારણે કલ્પે - જ્ઞાન પ્રાપ્તિ માટે, દર્શન પુષ્ટિ અર્થે, ચારિત્ર રક્ષાર્થે, આચાર્ય-ઉપાધ્યાયનું મરણ થતા બીજા આચાર્ય-ઉપાધ્યાયના આશ્રયાર્થે. આચાર્ય-ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવા માટે.*



● **વિવેચન-૪૫૦,૪૫૧ :-**

[૪૫૦] આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે આ સંબંધ છે - પૂર્વ સૂત્રમાં કેવલી નિર્ગ્રન્થ સંબંધી વસ્તુ કહી, અહીં છદ્મસ્થ નિર્ગ્રન્થ સંબંધી કહે છે. આ રીતે નિકટના સૂત્ર સાથે સંબંધ જોડવો. - સૂત્રની વ્યાખ્યા સરળ છે.

વિશેષ આ - કલ્પે નહીં - x - x - ગ્રંથિથી નીકળેલા તે નિર્ગ્રન્થ અર્થાત્ સાધુ, નિર્ગ્રન્થી-સાધ્વી. અહીં પ્રાયઃ બંનેનું તુલ્ય અનુષ્ઠાનત્વ છે તે બતાવવા માટે વા શબ્દ છે. इमा - નામથી કહેવાતી, નજીકમાં રહેલ. उद्दिट्ठा - સામાન્યથી કહેલ જે મહાનદીઓ. गणिता - પાંચ એમ ગણેલી. व्यंजिता - સ્પષ્ટ કરેલ - ગંગા આદિ. महार्णवा - બહુ પાણી હોવાથી મહા સમુદ્રવત્ અથવા સમુદ્રમાં જનારી તે મહાર્ણવા, महानदि - ઘણી ઉંડી માસમાં બે - ત્રણ વખત. उत्तरीतुं - તરીને જવું संतरितुं - નાવ વડે જવું અથવા એક વખત ઉતરવું અને અનેક વખત ઉતરવું. સંયમના ઘાતનો સંભવ હોવાથી ન કલ્પે. વળી શબલ ચારિત્ર થવાથી. કહ્યું છે—

એક માસમાં નાભિ પ્રમાણ જળમાં ઉતરવારૂપ ત્રણ વખતના ઉદક લેપને કરતો ચારિત્રને મલિન કરે છે.

આ સૂત્ર વિશે કલ્પભાષ્ય ગાથા-સૂત્રોક્ત ઉદ્દિષ્ટ નદીઓ ગણીને પાંચ કહેવાઈ છે તે ગંગા આદિ ઘણા જળવાળી છે આ પાંચના ગ્રહણથી બીજી પણ મહાસલિલા સૂચવેલી જાણવી.

હવે તેના દોષ કહે છે - નદીમાં હિંસક જીવો, મત્સ્ય, મગરાદિ હોય છે. તેઓ નાવને જળમાં લઈ જાય છે અથવા શરીર-ઉપધિ આદિને કે નાવને ચોરનારા હોય છે.

હવે અપવાદ કહે છે - ભય - રાજા તેમજ દ્વેષી આદિથી ઉપધિ આદિના અપહરણનો ભય ઉત્પન્ન થતા. दुर्भिक्ष - ભિક્ષાનો અભાવ થતા. पव्वहेज्ज - કોઈ પીડા કરે અથવા અંતર્ભૂતકારિત હોવાથી અથવા प्रवाहयेत् - કોઈ દ્વેષી તે જ ગંગા આદિમાં નાંખે. दओधंसि - ગંગાદિ નદી ઉન્માર્ગપણે આવે ત્યારે તેમાં તણાઈને આવે ત્યારે. अनारिएसुं - જીવન અને ચારિત્રનો નાશ કરનાર મ્લેચ્છ. આદિ વડે પરાભવ પામેલા કે મ્લેચ્છો આવે ત્યારે. - આ પાંચ પુષ્ટાલંબન છે. આવા કારણે તે નદીઓને તરવામાં દોષ નથી.

કહ્યું છે - પડનારને જે આશ્રયભૂત તે આલંબન. ગર્તાદિમાં પડતો પુષ્ટાલંબનથી આત્માને ધારે છે. આ આલંબનસેવી યતિ અશઠ ભાવને ધારણ કરે છે. પણ આલંબન સિવાય સ્ખલિત થયેલો દુષ્ટ સ્થાનમાં પડે છે. એ રીતે નિષ્કારણ સેવી અગાધ ભવસાગરમાં પડે છે.

[૪૫૧] અષાઢ અને શ્રાવણ બે પ્રાવૃટ્ ઋતુ છે. તેમાં અષાઢ તે પ્રથમ પ્રાવૃટ્

અથવા ઋતુમાં પ્રથમ તે પ્રથમ પ્રાવૃટ્ અથવા ચાતુર્માસ પ્રમાણ વર્ષાકાળ તે પ્રાવૃટ્ કહ્યો છે. તેમાં ૭૦ દિવસ પ્રમાણ પ્રાવૃટ્ બીજા ભાગમાં છે તેમાં વિહાર કરીને જવું ન જ કલ્પે. પહેલા ભાગમાં ૫૦ દિન પ્રમાણમાં પણ ૨૦ દિન પ્રમાણવાળા કાળમાં જવું ન કલ્પે, કેમકે પૃથ્વી જીવોથી વ્યાપ્ત હોય છે.

કહ્યું છે - વીસ દિવસ અથવા પચાશ દિવસ અનભિગૃહિત છે, પણ પછીનો કાળ અભિગૃહિત છે, ગૃહસ્થોને યાવત્ કારતક પૂનમ સુધી રહેવાનું જણાવવું. કોઈ મરકી આદિ ઉપદ્રવો વડે નીકળવું સંભવે તે અનભિગૃહિત કાળ છે.

કહ્યું છે - અશિવ આદિ કારણોથી અથવા વરસાદનો યોગ્ય આરંભ ન થયો હોય તો ૨૦ દિવસ અને અધિકમાસ હોય તો ૫૦ દિવસ અનભિગૃહિત રહે. - -

વર્ષાકાળમાં વિહાર કરવામાં લાગતા દોષો—

છકાય જીવની વિરાધના, કાદવમાં કે વિષમ સ્થાનમાં પડવું, ખીલા કે કાંટાઓમાં પગ વિંધાય, નદી આદિના પ્રવાહમાં તણાવું પડે, માર્ગમાં અભિગાત થાય, ભીંજાવાના ભયે વૃક્ષાશ્રય લે તો વૃક્ષનું વાયુથી પડવાનું બને, શ્વાપદ ભય, અન્ય લોકોને ચોર કે ગુપ્તચરની શંકા, અપ્કાયવિરાધના, અગ્નિ આરંભ ઇત્યાદિ - x - અનેક દોષ સંભવે છે.

તેથી પ્રાવૃટ્ ઋતુને વિશે શું કરવું ? તે કહે છે - અવધિ ભૂત એક ગામથી આગળના ગામોનું ઉલ્લંઘન ન કરવું તે ગ્રામાનુગ્રામ. તે ગામની પરંપરા વડે અથવા એક ગામથી બીજુ ગામ લઘુ અને પાછળથી વસેલ તે અનુગ્રામ તે ગ્રામાનુગ્રામે વિહાર કરવો ન કલ્પે. તે ઉત્સર્ગ માર્ગ.

અપવાદ માર્ગ - પૂર્વવત્. વિશેષ આ - ગામમાંથી કોઈ બહાર કાઢે અથવા પાણીનો પ્રવાહ આવતા નાશી જવું પડે. કહ્યું છે કે - માનસિક પીડા હોય, દુર્ભિક્ષ હોય, ભય હોય, પ્રાણીનો મહાપ્રવાહ આવે, કોઈ દ્વેષી પરાભવ કે તાડન કરે તો સાધુ વર્ષાકાળમાં પણ વિહાર કરે.

વર્ષાકાળમાં વૃષ્ટિ તે વર્ષાવર્ષો અથવા વર્ષાકાળમાં આવાસથી રહેવારૂપ તે વર્ષાવાસ, તે જઘન્યથી કાર્તિક સુધી ૭૦ દિવસ પ્રમાણ, મધ્યમવૃત્તિથી ચાતુર્માસ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યન્ત છે.

કહ્યું છે - જઘન્યથી ૭૦ દિવસ થાય, એંસી-નેવું- કે ૧૨૦ દિવસ એ બધા મધ્યમ છે. જો માગસરમાં વૃષ્ટિ થાય તો અપવાદે દશ દિન રહે, એ રીતે બીજા-બીજા દશ દિવસથી ૩૦ દિવસ રહે તે જ્યેષ્ઠાવગ્રહ કહ્યો અને જ્યાં માસકલ્પ કરેલ હોય, ત્યાં જ કારણે વર્ષાવાસ સ્થિત રહે અને કારણના આલંબનથી પછી પણ માસ પર્યન્ત રહે તો છમાસિક જ્યેષ્ઠાવગ્રહ.

पज्जोसवियाणं० - परि - સમસ્તપણે, उषित - રહેલાઓને અર્થાત્ પર્યુષણા કલ્પ વડે નિયમવાળી વસ્તુને ગ્રહણ કરનારા મુનિઓને પર્યુષણા કલ્પ તે ઉણોદરતાનું કરવું, નવ વિગઈઓનો પરિત્યાગ કરવો. પીઠ-ફલક-સંસ્તારકનું ગ્રહણ, ઉચ્ચારાદિ સંબંધી માત્રકનું ગ્રહણ, લોચ, શિષ્યદીક્ષા ન આપવી, પહેલાં લીધેલ ભસ્મ-રાખ-



ડગલાદિનું તજવું, નવીન ઉપકરણ ગ્રહણ કરવું, પાંચ કોશથી આગળ જવાનું તજવું. કહ્યું છે—

નિશીથ સૂત્રમાં દ્વાર ગાથા છે - દ્રવ્ય સ્થાપના તે આહાર વિશે ઉણોદરતા, વિગઈ ત્યાગ, સંસ્તારક-માત્રકનું ગ્રહણ, લોચકરણ, સચિત અચિતનું વોસિરણ-ગ્રહણ-ધારણ આદિ.

જ્ઞાન એ જ અર્થ - પ્રયોજન છે જેને તે જ્ઞાનાર્થ, તેનો જે ભાવ તે જ્ઞાનાર્થતા, જ્ઞાનાર્થપણા વડે, અન્ય આચાર્યાદિ પાસે અપૂર્વ શ્રુતસ્કંધ છે તે આચાર્ય, ભક્ત પ્રત્યાખ્યાન કરવાની ઇચ્છાવાળો છે, તે કારણથી તેની પાસેથી જો શ્રુતસ્કંધ ગ્રહણ ન કરાય તો તે આચાર્યાદિથી શ્રુતસ્કંધનો નાશ થાય, આ કારણે તેને ગ્રહણ કરવા ગ્રામાનુગ્રામ વિચરવું કલ્પે—

એ રીતે દર્શનના પ્રયોજન વડે - દર્શન પ્રભાવક શાસ્ત્રાર્થીપણાએ અને ચારિત્રાર્થતાથી તો જે ક્ષેત્રમાં રહેલ હોય તે ક્ષેત્રની અનેષણા અને સ્ત્રી આદિના દોષ વડે દુષ્ટતાથી ચારિત્રની રક્ષા માટે તેમજ તે સાધુના - x - આચાર્ય કે ઉપાધ્યાય મરણ પામે, તે કારણથી ગચ્છમાં અન્ય આચાર્યાદિના અભાવથી અન્ય ગણનો આશ્રય કરવા માટે કે તે સાધુનો આચાર્યાદિ વિશ્વાસ પામેલ હોય તે કારણથી અત્યંત રહસ્ય કાર્ય કરવાને તથા ચોમાસામાં ક્ષેત્રથી બહાર રહેનારા આચાર્ય-ઉપાધ્યાયોના વૈયાવચ્ચ કરવા માટે આચાર્યાદિ વડે મોકલેલ સાધુને વિહાર કરવો કલ્પે.

કહ્યું છે - અશિવ, આહારની અપ્રાપ્તિ, રાજદ્વેષ, ભય, ગ્લાનિ અથવા જ્ઞાનાદિ ત્રણને માટે, આચાર્યાદિનું મરણ કે તે મોકલે ત્યારે વિહાર કલ્પે.

**● સૂત્ર-૪૫૨ :-**

***પાંચ અનુદ્ઘાતિક કહ્યા છે - હસ્તકર્મ કરનારને, મૈથુન સેવનારને, રાત્રિભોજન કરનારને, સાગારિકપિંડ ભોગવતો, રાજપિંડ ભોગવતો.***

**● વિવેચન-૪૫૨ :-**

अणुग्घाइय - જે તપ વિશેષને લઘૂકરણ રૂપ ઉદ્ઘાત નથી તે - શ્રુતમાં કહ્યું છે તેમ પ્રાયશ્ચિત્ત તપ આપવું તે. તે પ્રતિસેવા વિશેષથી જેને છે તે અનુદ્ઘાતિકો. - (૧) હસ્તકર્મ, સિદ્ધાંત પ્રસિદ્ધ છે, તેને કરતો. (૨) મૈથુન-અતિક્રમ આદિ વડે અબ્રહ્મને સેવતો, (૩) ખવાય તે ભોજન, રાત્રિને વિશે તે રાત્રિભોજન, તે દ્રવ્યથી અશનાદિ, ક્ષેત્રથી સમય ક્ષેત્રમાં, કાળથી-ચતુર્ભંગ છે દિવસે લીધું દિવસે ખાધુ, દિવસે લીધું - રાત્રે ખાધું, રાત્રે લીધે દિવસે ખાધુ અને રાત્રે લીધું રાત્રે ખાધું. ભાવથી - રાગદ્વેષ વડે ભોજન કરતો.

અહીં ત્રણ ગાથા વડે દોષો જણાવ્યા છે તે ગાથા संतिमे सुहुमा पाणा० જો કે પ્રાસુક દ્રવ્ય હોય, તેમાં કુંથુઆ, પનક આદિ દુઃખે કરી જોઈ શકાય તેવા હોય છે. વળી પ્રત્યક્ષ જ્ઞાની-કેવલી આદિ પણ રાત્રિભોજન પરિહરે છે. જો કે દીવા આદિના પ્રકાશથી કીડી આદિ જોઈ શકાય છે, તો પણ નિશ્ચયે અનાચીર્ણ છે કેમકે તેથી મૂલવ્રતની વિરાધના થાય છે.

(૪) अगार - ગૃહસહિત વર્તે તે સાગાર, તે જ સાગારિક - શય્યાતર, તેનો પિંડ-આહાર અને ઉપધિ ન કલ્પે. તે સિવાયની વસ્તુ શય્યાતરની ન થાય. કહ્યું છે - વાસ, રાખ, તૃણ, મલ્લક, શય્યા, સંસ્તાર, પીઠ, લેપ અને ઉપધિ સહિત શિષ્ય - આ વસ્તુ શય્યાતર પિંડરૂપ ગણાતી નથી.

સાગારિક પિંડને ભોગવતા આ દોષો લાગે - તીર્થંકરે નિષેધેલ હોવાથી આજ્ઞા ભંગ, નજીકમાં વસવાથી ગૃહસ્થના ઘરના આહારને જાણે છે, પરિચયથી ઉદ્‌ગમાદિ દોષની શુદ્ધ ન થાય, આહાર લોલુપતા, શય્યાતરનું ઘર ન છોડે, લાઘવતા થાય અને વસતિ દુર્લભ બને કે તેનો છેદ થાય.

કેટલાંક શય્યાતર પિંડ પ્રતિબંધના નિરાકરણ દોષને કહે છે, કોઈ તેમાં અગ્રહણના ગ્રહણથી આસક્તિ દોષ કહે છે. કોઈ આવર્જન દોષ કહે છે આદિ.

રાજાનો પિંડ તે રાજપિંડ, તેને ભોગવે. અહીં ચક્રવર્તી આદિ રાજા જાણવા. કહ્યું છે - જે મૂર્ધાભિસિક્ત હોય, સેનાપતિ આદિ પાંચ સહિત રાજ્ય ભોગવતો હોય તેના ઘરનો આહાર વર્જવો છે. તેનાથી વિપરીત રાજા માટે ભજના.

હવે પિંડનું સ્વરૂપ કહે છે - અશન, પાન, ખાન, સ્વાદિમ તથા વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ આ આઠ પ્રકારે રાજપિંડ છે.

દોષ - આજ્ઞાભંગ આદિ, ઈશ્વર આદિ દ્વારા પ્રવેશ આદિ વ્યાઘાત, અમંગલપણાની બુદ્ધિ વડે હેલણા, પ્રેરણા લોભ, એષણા વ્યાઘાત, ચૌરાદિ શંકા.

**● સૂત્ર-૪૫૩ :-**

***પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ, રાજાના અંતઃપુરમાં પ્રવેશે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી - (૧) નગર પરસૈન્યથી ઘેરાયેલ હોય તેથી નગરના દ્વાર બંધ કરાયા હોય, ઘણાં શ્રમણ-બ્રાહ્મણ આહાર-પાણી માટે ક્યાંય પ્રવેશ-નિર્ગમન કરી ન શકતા હોય તો વિજ્ઞપ્તિ કરવાને અંતઃપુરમાં જઈ શકે છે.***

***(૨) પ્રાતિહારિક પીઠ, ફલક, સંસ્તારક આદિ પાછા આપવા રાજઅંતપુરમાં પ્રવેશે.. (૩) દુષ્ટ અશ્વ કે હાથી સામે આવતા ભયભીત થઈ અંતઃપુરમાં જાય.. (૪) કોઈ બીજો સહસા કે બળપૂર્વક હાથ પકડીને અંતઃપુરમાં પ્રવેશ કરાવે.. (૫) નગરની બહાર બગીચા કે ઉધાનમાં ગયેલ સાધુને રાજાનું અંતઃપુર ચોતરફ વીંટીને ક્રીડા કરવાનું કહે ત્યારે અંતઃપુરમાં રહેલ કહેવાય.***

***આ પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ યાવત્ અંતઃપુરમાં જતા આજ્ઞા ન ઉલ્લંઘે.***

**● વિવેચન-૪૫૩ :-**

આજ્ઞા કે આચારને ઉલ્લંઘે નહીં, નગર હોય, બધી દિશા-વિદિશામાં અથવા સર્વતઃ એટલે ચોતરફથી ગઢ વડે વીંટાયેલ હોવાથી અને દરવાજા બંધ કરેલા હોવાથી તપસ્યા કરે તે શ્રમણ. 'ન હણો' એમ કહેવાની પ્રવૃતિ વડે માહણ અર્થાત્ મૂળગુણ-ઉત્તરગુણવાળા સંયતો અથવા શ્રમણ-શાક્ય આદિ, માહણ-બ્રાહ્મણો, સમર્થ થતા નથી. ભોજન કે પાણીને માટે નગરથી નીકળવાને તેમજ નગરથી બહાર ભિક્ષાકુળોમાં ભિક્ષા કરીને પાછા આવવા.



તેથી તે શ્રમણ આદિને પ્રયોજનમાં અંતઃપુરમાં રહેલ રાજાને કે પ્રમાણભૂત-રાણીને નિવેદન કરવા માટે રાજાના અંતઃપુરમાં પ્રવેશે. અહીં શાક્ય આદિના પ્રયોજનમાં રાજાને જે નિવેદન કરવું તે અપવાદરૂપ છે કેમકે તેઓને અસંયત અને અવિરતપણું છે. આ નિવેદન કિંચિત્ આત્યંતિક સંઘાદિના પ્રયોજનને અવલંબન કરનારા માટે છે એમ જાણવું. તે એક.

કાર્ય પૂર્ણ થવાથી જે પાછો લઈ જવાય તે પ્રતિહાર, પ્રયોજનત્વથી પ્રાતિહારિક પીઠ આદિ, ફલક-ટેકા માટેનું પાટિયું. શય્યા-સર્વાંગીણ ફલકાદિ રૂપ. સંસ્તારક - ઘણું નાનું અથવા શય્યા-શયન, તેના માટે સંસ્તારક તે શય્યા-સંસ્તારક. - x - x - તે પાછા સોંપવા અંતઃપુરમાં પ્રવેશે, કેમકે જેની પાસેથી જે લાવેલ હોય તે ત્યાં જ મૂકવા યોગ્ય છે. તે બીજું.

આવતા દુષ્ટ અશ્વાદિથી ભય પામીને અંતઃપુરમાં જાય તે ત્રીજું.

બીજો કોઈ, અકસ્માત્ કે બળ વડે હઠથી - x - બંને ભૂજા પકડીને પ્રવેશ કરાવે તે ચોથું... નગરાદિથી બહાર બગીચા કે ઉધાનમાં ગયેલ નિર્ગ્રન્થને, आराम - વિવિધ પુષ્પજાતિથી શોભતો અને उद्यान - ચંપક વન આદિથી શોભતો. - x - ચોતરફથી વીંટીને ક્રીડાદિ માટે ગયેલ વાસ કરે - આ પાંચમું કારણ.. આ નિગમન રહસ્ય છે.

અહીં ગ્રહણ સિવાય પીઠાદિનો અસંભવ હોવાથી તેનું ગ્રહણ પણ અહીં સંગ્રહ કરેલ જાણવું. અહીં ગાથા છે - સ્ત્રી અંતઃપુર ત્રણ પ્રકારે - વૃદ્ધ - તરુણ અને કન્યાઓનું. તે દરેક સ્વસ્થાન અને પરસ્થાનથી બે ભેદે.

આ ઉક્ત પ્રકારના કોઈ પણ રાજ-અંતઃપુરમાં મુનિ પ્રવેશ કરે તે આજ્ઞાભંજક, મિથ્યાત્વ અને વિરાધનાનો ભાજન બને. ગીતાદિ ઇન્દ્રિયોના વિષયમાં ચિત્ત જવાથી ઇર્યા કે એષણાની શુદ્ધિ ન થાય. શ્રૃંગાર કથાદિ કરતા સ્વને, પરને અને ઉભયને ઘણાં દોષો ઉત્પન્ન થાય તે સ્વસ્થાન સંબંધી દોષ.

ગામ બહાર પરસ્થાનમાં રહેલ અંતઃપુરમાં ગયેલ સાધુને-પૂર્વોક્ત શ્રૃંગારાદિ કથા કથન, અનેષણીય ગ્રહણાદિ દોષ થાય, ગર્વ, બાકુશિકત્વ, શ્રૃંગારથી પૂર્વક્રીડીતનું સ્મરણ આદિ દોષ લાગે.

અનાભોગથી પ્રવેશે, વસતિ અભાવે પ્રવેશે, શય્યા સંસ્તારકાર્થે પ્રવેશે, દુષ્ટ અશ્વાદિ ભયથી પ્રવેશે, કુલ-ગણાદિ કાર્ય માટે પ્રવેશે.

અંતઃપુર સંબંધી સૂત્રમાં સ્ત્રી વિષય કહ્યો. હવે સ્ત્રીવિષયક ક્રિયા—

**● સૂત્ર-૪૫૪ :-**

***પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સમાગમ ન કરવા છતાં ગર્ભને ધારણ કરે છે - (૧) સ્ત્રીની યોનિ અનાવૃત્ત હોય, પુરુષના સ્ખલિત વીર્યવાળા સ્થાને બેસે અને શુક્રાણું યોનિમાં પ્રવેશી જાય. (૨) શુક્ર પુદ્‌ગલ સંસૃષ્ટ વસ્ત્ર યોનિમાં પ્રવેશે (૩) સ્વયં શુક્રપુદ્‌ગલને યોનિમાં પ્રવેશ કરાવે. (૪) બીજા કોઈ શુક્ર***

*પુદ્‌ગલને યોનિમાં પ્રવેશ કરાવે. (૫) જળાશયમાં શીતળજળમાં આચમન માટે કોઈ સ્ત્રી જાય અને તે સમયે તેની યોનિમાં શુક્રાણુ જાય.*

*પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સહવાસ કરવા છતાં ગર્ભ ધારણ ન કરે - (૧) અપ્રાપ્ત યૌવન, (૨) અતિક્રાંત યૌવન, (૩) જન્મથી વંધ્યત્વ, (૪) જે રોગી હોય, (૫) દૌર્મનસ્યા. આ પાંચ કારણે યાવત્ ન ધારણ કરે.*

*પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સહવાસ કરતા ગર્ભ ધારણ ન કરે - (૧) નિત્ય રજસ્રાવ થતો હોય, (૨) કદી રજસ્રાવ ન થતો હોય, (૩) ગર્ભાશયદ્વાર આવૃત્ત હોય, (૪) ગર્ભાશયદ્વાર રોગગ્રસ્ત હોય, (૫) અનંગપ્રતિસેવીની હોય આ પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સંભોગ કરવા છતાં ગર્ભવતી ન થાય.*

*પાંચ કારણે સ્ત્રી યાવત્ ગર્ભ ધારણ ન કરે - (૧) રજસ્રાવકાળમાં પુરુષ સાથે સવિધિ સહવાસ ન કરે, (૨) યોનિદોષથી શુક્રાણુ નષ્ટ થાય, (૩) પિત્તપ્રધાન લોહી હોય, (૪) પૂર્વે દેવતા દ્વારા શક્તિ નષ્ટ કરાય, (૫) પુત્રફળને યોગ્ય કર્મ કરેલ ન હોય. - આ પાંચ કારણે સ્ત્રી યાવત્ ગર્ભ ધારણ ન કરે.*

● **વિવેચન-૪૫૪ :-**

ઉક્ત ચારે સૂત્રો સરળ છે. વિશેષ આ - (૧) વિવૃત્તા - અનાચ્છાદિત, તે ઉત્તરીય વસ્ત્રાદિની અપેક્ષાએ પણ હોય, આ કારણથી દુઃ શબ્દ વડે વિશેષિત કરાય છે દુષ્ટ રીતે વસ્ત્રરહિત - સર્વથા વસ્ત્રરહિત સ્ત્રી અથવા ખુલ્લા સાથળવાળી તે દુર્વિવૃત્તા, જે સ્ત્રી દુર્વિવૃત્તા હોય અને વિરૂપપણે બેઠેલી હોય. કોઈપણ રીતે પુરુષથી નીકળેલ શુક્રના પુદ્‌ગલવાળી ભૂમિ પાટ વગેરે આસન પ્રત્યે ગુહ્ય પ્રદેશ દબાવીને બેઠેલી હોય તે દુર્વિવૃત્ત - દુર્નિષણ્ણા. કોઈ પુરુષથી નીકળેલ અને આસને રહેલ શુક્ર પુદ્‌ગલો તે સ્ત્રીની યોનિના આકર્ષણ વડે સંગ્રહ કરે.

(૨) વીર્યથી ખરડાયેલા વસ્ત્રને તે સ્ત્રી પોતાની યોનિમાં પ્રક્ષેપે, વસ્ત્રના ઉપલક્ષણથી તથાવિધ બીજું પણ કેશીની માતાના કેશવત્ ખણવા માટે કે રક્તનિરોધ માટે પ્રયોજાયેલ હોય તે પ્રવેશ થાય.

(૩) પુત્રની અર્થી હોવાથી અને શીલની રક્ષા કરનારી તે સ્ત્રી શુક્ર પુદ્‌ગલોને સ્વયં યોનિમાં પ્રક્ષેપે... (૪) સાસુ વગેરે પુત્રને માટે તેણીની યોનિમાં વીર્યના પુદ્‌ગલોનો પ્રવેશ કરાવે... (૫) સિદ્ધાંતથી જલ અનેક પ્રકારે હોય માટે કહે છે - તળાવ આદિમાં રહેલ શીતળ જળ, તેના વડે આચમન-શુદ્ધિ કરનારી સ્ત્રીની યોનિમાં પાણીમાં રહેલ કોઈ શુક્ર પુદ્‌ગલોનો પ્રવેશ થાય. - ઇત્યાદિ નિગમન [રહસ્ય] છે.

- (૧) પ્રાયઃ બાર વર્ષ સુધી આર્ત્તના અભાવે અપ્રાપ્ત યૌવના હોય છે. (૨) પ્રાયઃ પંચાવન વર્ષથી ઉપર સ્ત્રી યૌવનને ઓળંગી જાય છે. કહ્યું છે - સ્ત્રીની રજ મહિનામાં ત્રણ દિવસ સતત શ્રવે છે. બાર વર્ષથી આવે છે અને ૫૦-વર્ષથી ઉપર ક્ષય પામે છે... પૂર્ણ ૧૬ વર્ષની સ્ત્રી, પૂર્ણ ૨૦ વર્ષના પુરુષ સાથે સંગ કરે તો - શુદ્ધ ગર્ભાશય, માર્ગ, રક્ત, શુક્ર, વાયુ, હૃદય શુદ્ધ હોય તો - વીર્યવંત પુત્રને જન્મ આપે છે, તેથી ન્યૂન વર્ષવાળાથી રોગી, અલ્પાયુ, અધન્ય ગર્ભ થાય અથવા થાય જ નહીં



અર્થાત્ ગર્ભાશયાદિ ષટ્ક શુદ્ધ હોય તો શ્રેષ્ઠ ગર્ભ થાય છે. આ રહસ્ય છે.

(૩) જન્મથી આરંભીને બીજના અભાવવાળી તે જાતિ વંધ્યા.. (૪) ગ્લાનપણાથી સ્પર્શાયેલ - રોગી તે ગ્લાન્ય સ્પૃષ્ટા.. (૫) જેણીને શોકાદિ છે તે દૌર્મનસ્યિકા અથવા જેને શોકાદિ ઉત્પન્ન થયા છે તે દૌર્મનસ્યિતા.

- (૧) નિત્ય - ત્રણ દિવસ નહીં પણ સદા રક્તની પ્રવૃત્તિ જેણીને છે તે નિત્યઋતુકા.. (૨) જેને રક્તરૂપ - ઋતુ વિદ્યમાન નથી તે અનૃતુકા - તે આ - ઋતુ બાર રાત્રિ પર્યન્ત હોય, તેમાં પહેલી ત્રણ નિંદિત છે, અગિયારમી અને બેકી સંખ્યક રાત્રિમાં પુત્ર થાય અને અન્ય રાત્રિમાં પુત્રી થાય.

તે દિવસો વીતી જતાં પદ્મકમલ માફક ઋતુ જતા યોનિ સંકોચ પામે છે તેથી શુક્રને ગ્રહણ કરતી નથી. માસથી સંચિત રક્ત બે ધમની વડે ઋતુમાં આવે છે, વળી વાયુ, કંઈક કાળું અને દુર્ગન્ધી રક્તને પ્રેરે છે..

(૩) જેણીનું ગર્ભાશયના છિદ્ર રૂપ શ્રોત રોગથી નાશ પામેલ છે તે વ્યાપન્ન શ્રોતા.. (૪) વાયુ આદિથી વ્યાપ્ત કે વ્યાવિદ્ધ - વિદ્યમાન ગર્ભાશય પણ હણાયેલ શક્તિવાળું. ઉક્તરૂપ શ્રોત જેણીને છે તે વ્યાદિગ્ધ શ્રોતા અથવા વ્યાવિધ શ્રોતા.. (૫) મૈથુનમાં પ્રધાન અંગ લિંગ અને ભગ છે તેના સિવાય અનંગ - કૃત્રિમ લિંગાદિ વડે અથવા મુખાદિ અનંગને વિશે સેવન જેણીને છે અથવા અન્ય-અન્ય પુરુષ સાથે અતિ કામસેવન કરનારી સ્ત્રી તે અનંગ પ્રતિસેવિણી - તથાવિધ વેશ્યા જેવી.

- (૧) ઋતુકાળમાં વીર્યનું પતન થાય ત્યાં સુધી પુરુષને અતિ ન સેવે એવા સ્વભાવવાળી સ્ત્રી તે નોનિકામ પ્રતિષેવિણી.. (૨) તે સ્ત્રીની યોનિમાં પ્રાપ્ત શુક્ર પુદ્‌ગલો યોનિના દોષથી નાશ પામે છે અથવા પુરુષ ચિહ્નના વિરુદ્ધ પ્રવાહને લઈને યોનિથી બહાર પડતાં વિધ્વંસ પામે છે. (૩) સ્ત્રીનું લોહી અત્યંત પિત્તપ્રધાન હોય તે બીજ રહિત છે.. (૪) ગર્ભના સમય પૂર્વે દેવના પ્રભાવ વડે ગર્ભધારણ શક્તિનો ઉપઘાત થાય અથવા દેવ અને કાર્મણ દ્રવ્યનો સંયોગ તે દેવ કાર્મણ. તેથી ગર્ભ ધારણ ન કરે.. (૪) પુત્રરૂપ ફળ તે પુત્રફળ અથવા જે કર્મનું પુત્રરૂપ ફળ છે તે પુત્રફળ તેને ન મેળવેલ હોય. અથવા નિર્વેશ એટલે લોભ તેથી પુત્રરૂપ ફળ જેનું છે, તે દાન પૂર્વ જન્મે આપેલ નથી, તેથી.

સ્ત્રીના અધિકારથી સાધ્વીની વક્તવ્યતાવાળું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૪૫૫ :-**

*પાંચ કારણે - સાધુ - સાધ્વી એકત્ર સ્થાન, શય્યા, નિષધા કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. (૧) જેમ સાધુ-સાધ્વી કદાચિત્ કોઈ મહા લાંબી, નિર્જન, અનિચ્છનીય અટવીમાં પ્રવેશે, ત્યાં એકત્રપણે સ્થાન, શય્યા, નિષધાને કરતા જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.*

*(૨) કેટલાંક સાધુ-સાધ્વી ગામમાં, નગરમાં યાવત્ રાજધાનીમાં રહેવાને આવે, તેમાં કેટલાંકને વસતિ મળે અને કેટલાંકને વસતિ ન મળે તો તે સમયે એકત્ર સ્થાનાદિ કરતાં યાવત્ આજ્ઞાને ઉલ્લંઘતા નથી.*

*(૩) કેટલાંક સાધુ-સાધ્વી નાગકુમાર, સુવર્ણકુમારાદિના આવાસમાં રહેલા હોય ત્યાં એકત્ર સ્થાનાદિ કરતાં યાવત્ જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.*

*(૪) ચોરો દેખાય છે, તે વસ્ત્રને લેવાની બુદ્ધિએ સાધ્વીને ગ્રહણ કરવા ઇચ્છે છે, તેની રક્ષા માટે એકત્ર સ્થાનાદિ કરતાં આજ્ઞા ન ઉલ્લંઘે.*

*(૫) યુવાનો દેખાય છે, તે મૈથુનબુદ્ધિએ સાધ્વીને ગ્રહણ કરવા ઇચ્છે છે, તેની રક્ષાને માટે એકત્ર સ્થાનાદિ કરતાં યાવત્ આજ્ઞા ન ઉલ્લંઘે.*

*ઉક્ત પાંચ કારણે સ્થાનાદિથી યાવત્ જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.*

*પાંચ કારણે વસ્ત્રરહિત શ્રમણ નિર્ગ્રન્થ, વસ્ત્રવાળી સાધ્વીની સાથે રહેતા આજ્ઞાને ઉલ્લંઘતો નથી. તે આ - (૧) ક્ષિપ્તચિત્ત શ્રમણ નિર્ગ્રન્થ અન્ય સાધુ ન હોવાથી અચેલક, સચેલક સાધ્વી સાથે વસતાં આજ્ઞા ન ઉલ્લંઘે. - એ રીતે આ આલાપક વડે - (૨) દૃપ્તચિત્ત, (૩) યક્ષાવિષ્ટ, (૪) ઉન્માદપ્રાપ્ત, (૫) સાધ્વી દ્વારા દીક્ષા અપાવાયેલ [બાલ] શ્રમણ નિર્ગ્રન્થ અન્ય સાધુ અવિધમાન હોવાથી વસ્ત્રવાળી સાધ્વી સાથે વસતા આજ્ઞા ન ઉલ્લંઘે.*

● **વિવેચન-૪૫૫ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ આ - (૧) એકત્ર, ઠાણ - કાયોત્સર્ગ કે બેસવું, सेज्ज - શયન, निसीहिय - સ્વાધ્યાયસ્થાન, चेतयंतः - કરતા આજ્ઞાને ઉલ્લંઘતો નથી. अत्थि - હોય છે एगयय - કેટલાએક एका - અદ્વિતીય, महती - વિસ્તારવાળી, अगामिका - ગામ વગરની અથવા ન ઇચ્છવા યોગ્ય, તથા જ્યાં સાર્થ, ગોકુલાદિનું ગમનાગમન નાશ પામેલ છે, તે છિન્નાપાત્તા, જેનો લાંબો માર્ગ છે તે - x - અથવા જેને પાર ઉતરતા લાંબો કાળ જાય છે, તેવી અટવીમાં દુર્ભિક્ષાદિ કારણે પ્રવેશેલ, તે અટવીમાં એકસાથે સ્થાનાદિ કરતા આગમોક્ત સામાચારીને ઉલ્લંઘતા નથી.

[૨-૩]જ્યાં રાજાનો અભિષેક થાય તે રાજધાની, ત્યાં નિવાસ પામેલ, કેટલાંક સાધુ-સાધ્વીઓ, વળી ગામાદિમાં ઉપાશ્રય - ગૃહપતિનું ઘર આદિ તથા ગૃહપતિના ઘર આદિમાં વસતિ ન મેળવીને કેટલાંક નાગકુમાર આવાસાદિમાં અતિ શૂન્યપણું હોવાથી કે ઘણાં મનુષ્યોના આશ્રયપણાથી અને નાયકપણું ન હોવાથી નિર્ગ્રન્થીની રક્ષા માટે એકત્ર સ્થાનાદિ કરતાં આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૪) જે લુંટે છે તે આમોષકા - ચોરો દેખાય છે, તે ચોરો - અમે વસ્ત્રોને ગ્રહણ કરશું એવી ઇચ્છાથી જ્યાં સાધ્વીઓને પકડવા ઇચ્છે છે ત્યાં સાધુઓ તેની રક્ષાને માટે એકત્ર સ્થાનાદિ કરે.. (૫) તથા મૈથુન પ્રતિજ્ઞા વડે [શેષ મૂલાર્થ મુજબ] - આ અપવાદ સૂત્ર છે.

હવે ભાષ્ય ગાથામાં ઉત્સર્ગ સૂત્ર અપવાદ સહિત કહે છે.

ભજનાપદ ચારની મધ્યે એક સાધુ એક સ્ત્રી, બે સાધુ-બે સ્ત્રી, એક સાધુ - બે સ્ત્રી, બે સાધુ - એક સ્ત્રી તેમાંથી કોઈ એક ભાંગાયુક્ત થઈ સાધુ વિચરે કે સ્વાધ્યાય કરે (તેમજ) અશનાદિ આહાર કરે, ઉચ્ચારાદિ આચરે, ખરાબ અને અસાધુયુક્ત કોઈ કથા કહે. તો તેના દોષ બતાવે છે-





આજ્ઞા ભંગ - અનવસ્થાને પામે, મિથ્યાત્વ પામે, બે પ્રકારથી વિરાધનાને પામે, જેથી સાધુએ આ ચતુર્ભંગી પદનો ત્યાગ કરવો.

સાધુઓનો આ ઉત્સર્ગ માર્ગ છે, હવે અપવાદ માર્ગ કહે છે - આત્માના પરતંત્રત્વમાં, ગ્લાનત્વમાં, ઉપસર્ગમાં, માર્ગરોધમાં, ચિત્તભ્રમમાં, ભયમાં, વરસાદમાં તથા વૃદ્ધ આદિના નિષ્ક્રમણમાં સાથે રહેવામાં દોષ નથી.

(૧) ક્ષિપ્તચિત્તત્વાદિ વડે અચેલ, શોક વડે ક્ષિપ્તચિત્ત, તેની સંભાળ કરનારા સાધુ વિદ્યમાન નથી, તેથી સાધ્વીઓ પુત્રાદિની જેમ તેની સારી રીતે રક્ષા કરે છે. આ હેતુથી સાધુ પણ આજ્ઞાને ઉલ્લંઘતા નથી. - (૨) - હર્ષના અતિરેકથી દૃપ્ત ચિત્ત - (૩) - યક્ષાવિષ્ટ - (૪) વાતાદિ ક્ષોભથી ઉન્મત્ત થયેલ, (૫) સાધ્વીએ કારણવશાત્ પુત્રાદિને દીક્ષા અપાવેલ તે બાળપણાથી અચેલ અથવા તથાવિધ વૃદ્ધત્વાદિથી મોટો પણ અચેલ હોય. - - અહીં ભાષ્યોક્ત ઉત્સર્ગ અપવાદ આ રીતે—

જે સચેલક સાધુ, સચેલક સાધ્વી સાથે સ્થાન, બેસવું, સ્વાધ્યાય આદિ કરે તો આજ્ઞાભંગાદિ દોષને પામે. સાધ્વીની સામે જોવું, સંભાષણ કરવું, આહારાદિ સંબંધી વિભિન્ન કથા વડે, વિરહયોગથી દોષ થવા પામે છે, શય્યાતરાદિ જોવે તો વસતિ ન આપે, અવજ્ઞા કરે ઇત્યાદિ. સચેલક સાધુ, અચેલક સાધ્વી હોય તો પણ આ દોષો છે તો પછી એક નગ્ન હોય કે બંને નગ્ન હોય તો દોષનું કહેવું જ શું ? પરસ્પર દૃષ્ટિ પ્રચારથી ચિત્તનો ક્ષોભ થતાં અનાચાર સેવન શક્ય બને. ઇત્યાદિ દોષો છે.

હવે અપવાદ માર્ગ કહે છે - આત્માના પરતંત્રપણામાં, રોગમાં, ઉપસર્ગમાં, નગરના રોધમાં, રસ્તામાં, સાધ્વીએ અપાવેલ દીક્ષાવાળા સાધુને, સાધુઓના અભાવે એકત્ર રહેવું કલ્પે.

ધર્મ અતિક્રમે નહીં, તેમ કહ્યું, અતિક્રમ આશ્રવરૂપ છે, માટે તેના દ્વારોને અને પ્રતિપક્ષે સંવરના દ્વારોને ઇત્યાદિ વર્ણન કરે છે—

● **સૂત્ર-૪૫૬,૪૫૭ :-**

*[૪૫૬] પાંચ આશ્રવદ્વારો કહ્યા છે. તે આ - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ... પાંચ સંવર દ્વારો કહ્યા છે. તે આ - સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાયીત્વ, અયોગીત્વ... પાંચ દંડ કહ્યા છે - અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માત દંડ, દૃષ્ટિવિપર્યાસ દંડ.*

*[૪૫૭] પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયિકા, અપ્રત્યાખ્યાન ક્રિયા, મિથ્યાદર્શન પ્રત્યયા.*

*મિથ્યાદૃષ્ટિ નૈરયિકોને પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - યાવત્ મિથ્યા દર્શન પ્રત્યયા. એ રીતે નિરંતર સર્વે દંડકોમાં યાવત્ મિથ્યાદૃષ્ટિ વૈમાનિકોને [પાંચ ક્રિયાઓ કહી છે]. - વિશેષ આ - વિકલેન્દ્રિયોને મિથ્યાદૃષ્ટિ વિશેષણ ન કહેવું. બાકીનું તેમજ જાણવું.*

*પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી,*

*પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી... નૈરયિકોને પાંચ ક્રિયાઓ કહેલી છે એ પ્રમાણે નિરંતર વૈમાનિક પર્યન્ત પાંચ ક્રિયાઓ છે.*

*પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા... નૈરયિકોને પાંચ ક્રિયા છે યાવત્ વૈમાનિકને પાંચ ક્રિયા છે.*

*પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - દૃષ્ટિજા, પૃષ્ટિજા, પ્રાતીત્યિકી, સામંતોપનિપાતિકી, સ્વાહસ્તિકી... એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક.*

*પાંચ ક્રિયાઓ કહી છે. તે આ - નૈસૃષ્ટિકી, આજ્ઞાપનિકી, વૈદારણિકી, અનાભોગ પ્રત્યયા, અનવકાંક્ષ પ્રત્યયા. એમ યાવત્ વૈમાનિક.*

*પાંચ ક્રિયાઓ કહી છે તે આ - પ્રેમ પ્રત્યયા, દ્વેષ પ્રત્યયા, પ્રયોગક્રિયા, સમુદાનક્રિયા, ઈર્યાપથિકી... એ રીતે મનુષ્યોને પણ, બીજાને નથી.*

● **વિવેચન-૪૫૬,૪૫૭ :-**

[૪૫૬] સૂત્ર સુગમ છે. વિશેષ આ - आश्रवणं - જીવરૂપ તળાવમાં કર્મ જળનું આવવું તે આશ્રવ અર્થાત્ કર્મનું બાંધવું. તેને દ્વારની જેમ દ્વારો - ઉપાયો તે આશ્રવ દ્વારો... તથા संवरणं - જીવરૂપ તળાવમાં કર્મજળનો નિરોધ તે સંવર, તેના દ્વારો-ઉપાયો તે સંવર દ્વારો - મિથ્યાત્વ આદિ આશ્રવોના ક્રમથી વિપરીત સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાયિત્વ, અયોગીત્વ - પ્રથમ અધ્યયનવત્ જાણવા.

આત્મા અથવા અન્ય પ્રાણી જેના વડે દંડાય તે દંડ, તેમાં ત્રસ અને સ્થાવર જીવોની પોતાના કે બીજાના ઉપકારને માટે હિંસા તે અર્થદંડ, તેના વિપરીતપણે તે અનર્થદંડ. - - આ કરેલ હિંસાવાળો છે, હિંસા કરે છે, હિંસા કરશે એવા આશયથી જે સર્પ કે વૈરી આદિનો વધ, તે હિંસાદંડ... - અકસ્માત દંડ - મગધ દેશમાં - x - આ શબ્દ પ્રસિદ્ધ છે. અહીં - x - તે જ પ્રયોજેલ છે. તેમાં અન્યના વધ માટે પ્રહાર કર્યો હોય અને બીજાનો વધ થઈ જાય તે અકસ્માત દંડ... - આ શત્રુ છે, એ બુદ્ધિથી મિત્રનો પણ જે વધ થઈ જાય તે દૃષ્ટિ વિપર્યાસ દંડ.

આ દંડ. તેર ક્રિયા સ્થાનોમાં કહ્યા છે. માટે ક્રિયા સ્થાન કહે છે.

[૪૫૭] તેર ક્રિયા સ્થાનોમાં પાંચ દંડરૂપે કહી બાકીની આઠ આ છે —

(૧) મૃષાક્રિયા - પોતાની જ્ઞાતિ આદિ માટે જે જૂઠું બોલવું તે. (૨) સ્વ આદિ માટે અદત્ત લેવું તે અદત્તાદાન ક્રિયા. (૩) અધ્યાત્મ ક્રિયા - કોઈ કારણ વડે કંઈ પણ પરાભવ ન કરેલ પુરુષનું મન દુભાવવું. (૪) માન ક્રિયા - જાતિ આદિ મદથી ઉન્મત્ત થયેલાનું બીજાને હીલનાદિકરણ.

(૫) અમિત્રક્રિયા - માતા, પિતા, સ્વજનાદિનો અલ્પ અપરાધ છતાં દહન-અંકન-તાડન આદિ તીવ્ર દંડ કરવો. (૬) માયાક્રિયા - શઠતા વડે મન-વચન-કાયાનું પ્રવર્તાવવું તે. (૭) લોભક્રિયા - લોભાભિભૂત થઈને મહા સાવધ આરંભ, પરિગ્રહમાં પ્રવર્તવું. (૮) ઇર્યાપથિકી ક્રિયા - ઉપશાંત મોહાદિનું જે એકવિધ-કર્મનું બંધન. - x - x -

વિશેષ આ - વિકલેન્દ્રિય એટલે એક, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોમાં મિથ્યાદૃષ્ટિ



વિશેષણ ન કહેવું. તેઓને હંમેશાં સમ્યક્ત્વના અભાવથી વ્યવચ્છેદ અભાવ છે અને સાસ્વાદના અલ્પત્વ વડે કહ્યા નથી.

(૧) કાયિકી - કાયચેષ્ટા, (૨) અધિકરણિકી - ખડ્ગાદિથી થનારી, (૩) પ્રાદ્વેષિકી - ઇર્ષ્યાજન્યા, (૪) પારિતાપનિકી - દુઃખ ઉત્પાદનરૂપ, (૫) પ્રાણાતિપાત - તે પ્રસિદ્ધ છે.

(૧) દૃષ્ટિજા - અશ્વાદિ ચિત્રકર્માદિ દર્શન માટે જવારૂપ, (૨) સ્પૃષ્ટિજા જીવાદિને રાગાદિ વડે પૂછતા કે સ્પર્શતા, (૩) પ્રાતીત્યિકી - જીવાદિને આશ્રીને, (૪) સામંતોપનિપાતિકી - અશ્વાદિ, સ્થાદિની લોકમાં શ્લાઘા કરાતા અશ્વાદિના માલિકને હર્ષ થવાથી, (૫) સ્વાહસ્તિકી - પોતાના હાથમાં ગૃહિત જીવાદિ વડે જીવને મારવાથી.

(૧) નૈસૃષ્ટિકી - યંત્રાદિ વડે જીવ-અજીવને કાઢવાથી, (૨) આજ્ઞાપનિકી - જીવ અજીવોને મંગાવવાથી, (૩) વિદારણિકા - જીવ અજીવોને વિદારવાથી, (૪) અનાભોગ પ્રત્યયા - ઉપયોગ વિના પાત્રાદિ લેતા-મૂકતા (૫) અનવકાંક્ષ પ્રત્યયા - આલોક પરલોકના અપાયોની દરકાર ન કરવાથી.

(૧) પ્રેમ પ્રત્યયા - રાગના નિમિત્તવાળી, (૨) દ્વેષ પ્રત્યયા - દ્વેષના નિમિત્તવાળી, (૩) પ્રયોગક્રિયા - કાયાદિના વ્યાપારો, (૪) સમુદાન ક્રિયાકર્મોનું ઉપાદાન (૫) ઇર્યાપથિકી - યોગના નિમિત્તે થતો બંધ.

આ પ્રેમ આદિ ક્રિયાપંચક સામાન્ય પદમાં છે, ચોવીશ દંડકમાં મનુષ્યપદમાં જ સંભવે છે ઇર્યાપથિક ક્રિયા ઉપશાંત મોહાદિ ત્રણ ગુણઠાણાવાળાને જ હોવાથી કહે છે કે - एव मित्यादि॰ અહીં એકેન્દ્રિય આદિને સામાન્યપણે ક્રિયા કહેલી છે તે પૂર્વભવની અપેક્ષાએ બધી પણ સંભવે છે એમ વિચારવું. - - દ્વિસ્થાનકમાં બે ભેદ વડે ક્રિયાનું પ્રકરણ કહેલું છે. અહીં તો પાંચ પ્રકાર વડે અને નરક આદિ ચોવીશ દંડકના આશ્રયથી કહ્યું છે, તેમ વિશેષ જાણવું. - x -

કર્મબંધના કારણભૂત ક્રિયા કહી. તેની નિર્જરા ઉપાયભૂત પરિજ્ઞા.

● **સૂત્ર-૪૫૮,૪૫૯ :-**

*[૪૫૮] પાંચ ભેદે પરિજ્ઞા કહી છે - ઉપધિ પરિજ્ઞા, ઉપાશ્રય પરિજ્ઞા, કષાય પરિજ્ઞા, યોગ પરિજ્ઞા, ભક્ત-પાન પરિજ્ઞા.*

*[૪૫૯] વ્યવહાર પાંચ પ્રકારે કહ્યા - આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત... જ્યાં સુધી આગમથી નિર્ણય થાય ત્યાં સુધી આગમ વડે જ વ્યવહાર કરવો... આગમથી નિર્ણય ન થતો હોય ત્યાં શ્રુતમાં પ્રાપ્ત હોય તો શ્રુત વડે વ્યવહાર કરવો... જો શ્રુત વડે નિર્ણય ન થતો હોય તો આજ્ઞા વડે વ્યવહાર કરવો... આજ્ઞા વડે નિર્ણય ન થતો હોય તો ધારણા અનુસાર વ્યવહાર કરવો... ધારણાથી નિર્ણય ન થતો હોય ત્યાં જીત - આચાર અનુસાર વ્યવહાર કરવો.*

*આ પ્રમાણે પાંચ વ્યવહારો સ્થાપવા - આગમથી યાવત્ જીતથી. તેમાં જેવા જેવા પ્રકારનો આગમ યાવત્ જીતવ્યવહાર તેનો હોય તેવા તેવા પ્રકારના વ્યવહારને પ્રવર્તાવે.*

***હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રન્થ આગમ વ્યવહારને જ પ્રમુખ માને છે તો આ પાંચ વ્યવહાર કેમ ? આ પાંચ વ્યવહારમાં જ્યારે જ્યારે જે જે પ્રયોજનમાં જે જે વ્યવહાર ઉચિત હોય તે તે અવસરે તે તે પ્રયોજનમાં સર્વ આશંસા રહિત અંગીકૃત્ વ્યવહારને સમ્યગ્ રીતે પ્રવર્તાવતો શ્રમણ નિર્ગ્રન્થ આજ્ઞાનો આરાધક થાય છે.***

● **વિવેચન-૪૫૮,૪૫૯ :-**

[૪૫૮] સૂત્ર સુગમ છે. વિશેષ આ - સારી રીતે જાણવું તે પરિજ્ઞા. અર્થાત્ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન અને જ્ઞાનપૂર્વકનું પ્રત્યાખ્યાન. આ પરિજ્ઞા દ્રવ્યથી અને ભાવથી છે. તેમાં ઉપયોગરહિતને દ્રવ્યથી અને ઉપયોગવાળાને ભાવથી હોય છે. કહ્યું છે કે - ''ભાવથી જાણવું અને પ્રત્યાખ્યાન કરવું તે ભાવપરિજ્ઞા છે. તેમાં ઉપધિ - રજોહરણાદિ, તેથી અધિક, અશુદ્ધ કે સર્વ ઉપધિની પરિજ્ઞા તે ઉપધિપરિજ્ઞા. એ રીતે બાકીના પદો પણ જાણવા. વિશેષ એ કે - સંયમ આત્માના પાલન માટે જે સેવાય તે ઉપાશ્રય.

આ પરિજ્ઞા વ્યવહારવાળાને હોય છે, તેથી વ્યવહારની પ્રરૂપણા—

[૪૫૯] વ્યવહરવું તે વ્યવહાર. વ્યવહાર - મુમુક્ષુની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ છે. અહીં તેનું કારણ હોવાથી જ્ઞાન વિશેષ પણ વ્યવહાર છે.

(૧) આગમ - જેના વડે પદાર્થો જણાય તે. - કેવલ, મનઃપર્યાય, અવધિ, ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી રૂપ.

(૨) શેષ શ્રુત - આચાર પ્રકલ્પાદિ શ્રુત, નવ આદિ પૂર્વોનું શ્રુતત્વ છતાં અતીન્દ્રિયાર્થ - જ્ઞાન હેતુપણાને લઈને કેવળજ્ઞાનવત્ અતિશયવાળું હોવાથી [આગમનો વ્યપદેશ કર્યો છે.] તે શ્રુત (વ્યવહાર).

(૩) જે અગીતાર્થની આગળ ગૂઢ અર્થવાળા પદો વડે દેશાંતરમાં રહેલ ગીતાર્થને નિવેદન કરવા માટે અતિચારનું જણાવવું અને બીજા ગીતાર્થનું પણ તે પ્રમાણે પ્રાયશ્ચિત્તનું આપવું તે આજ્ઞા.

(૪) સંવિજ્ઞ ગીતાર્થે દ્રવ્યાદિની અપેક્ષાએ જે અપરાધમાં જેવી રીતે જે વિશુદ્ધિ કરી હોય તેને અવધારીને જે અન્યપુરુષ, તે દોષમાં તેવી જ રીતે વિશુદ્ધિ કરાવે તે ધારણા અથવા ગચ્છ ઉપગ્રહકારીએ બતાવેલ સર્વે અનુચિત્ત પ્રવૃત્તિના ઉચિત પ્રાયશ્ચિત્ત પદોને વૈયાવૃત્ય કરનારા વગેરેનું જે ધારી રાખવું તે ધારણા.

(૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ પ્રતિસેવાની અનુવૃત્તિ વડે સંહનન, ધૈર્ય આદિની હાનિની અપેક્ષાએ જે પ્રાયશ્ચિત્ત દાન અથવા જે ગચ્છમાં સૂત્રથી ભિન્ન, કારણથી જે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર પ્રવર્તેલ હોય અને બીજા ઘણા પુરુષો વડે પરંપરાએ અનુસરાયેલ હોય તે જીત વ્યવહાર.

આ સંબંધની ગાથા - જેમ ધીર પુરુષોએ આગમ અને શ્રુત વ્યવહાર કહેલા છે તેમ હું કહું છું તે તમે સાંભળો, તે પ્રત્યક્ષ - પરોક્ષ બે ભેદે છે.

પ્રત્યક્ષ પણ બે ભેદે છે - ઇન્દ્રિયજન્ય, નોઇન્દ્રિયજન્ય. ઇન્દ્રિય પ્રત્યક્ષ પણ



શબ્દાદિ પાંચ વિષયમાં જાણવો. નોઇન્દ્રિય પ્રત્યક્ષ વ્યવહાર સંક્ષેપથી ત્રણ પ્રકારે - અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનરૂપ પ્રત્યક્ષ છે.

જેના પરોક્ષ આગમ પણ પ્રત્યક્ષ જેવા હોય તે આગમ વ્યવહારી હોય છે. જેમ ચંદ્ર જેવા મુખવાળીને ચંદ્રમુખી કહે છે.

જે ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી શ્રુતધરો આગમ દ્વારા પરોક્ષ સંબંધી વ્યવહાર પ્રત્યે પ્રવર્તે છે તે ગંધહસ્તિ સમાન છે... જેમ નિપુણ રત્ન વણિક જે રત્ન જેટલા મૂલ્યનું છે તે સારી રીતે જાણે છે. તેમ પ્રત્યક્ષજ્ઞાની વડે અપાતા પ્રાયશ્ચિત્ત વડે પુરુષ શુદ્ધ થાય છે.

પરમ નિપુણ [ભદ્રબાહુ સ્વામીએ રચેલ] કલ્પસૂત્ર અને નિર્યુક્તિને જે અર્થથી જાણે છે તે વ્યવહારી અનુજ્ઞાત છે... ઉક્ત સૂત્રનું અનુસરણ કરીને જેમ કહેલું છે તેમ વ્યવહાર વિધિનો પ્રયોગ કરે, તેને વીતરાગ ભગવંતોએ શ્રુતવ્યવહારી કહેલ છે.

અપરાક્રમી, તપસ્વી જે શુદ્ધિકારકની સમીપે જવાને માટે સમર્થ નથી અને શુદ્ધિકારક પણ દેશાંતરથી આવવા શક્તિમાન નથી.

આલોચના કરવા ઇચ્છુક મુનિ દેશાંતર જવાને અશક્ત હોવાથી આલોચનાચાર્યની પાસે પોતાના શિષ્યને મોકલી કહેવડાવે કે - ''હે આર્ય ! આપશ્રી પાસે હું શુદ્ધિ કરવાને ઇચ્છુ છું... વ્યવહાર વિધિજ્ઞ તે આલોચનાચાર્ય શ્રુતાનુસાર તે શિષ્યને ગૂઢ પદો વડે આજ્ઞા આપીને - તેને તારે આ પ્રાયશ્ચિત્ત આપવું. [આ આજ્ઞા વ્યવહાર છે.]

જે અન્યનું કરાતું શુદ્ધિકરણ જેમ જોયું હોય તે ધારી રાખે. ફરી તેને તેવું કારણ ઉત્પન્ન થાય, ત્યારે તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-કારણ-પુરુષ વિષયમાં, તેવા પ્રકારે પ્રાયશ્ચિત્તને આપતો આરાધક થાય છે. [આ ધારણા વ્યવહાર કહેવાય છે.] પ્રકારાંતરે કહે છે - વૈયાવચ્ચકર શિષ્ય કે અન્ય મુનિને દેશ દેખાડતો વિચરનાર, દેશથી [અર્થપદોને] અવધારીને કાર્યને કરે છે તે [ચોથો ધારણા વ્યવહાર છે.]

બહુશ્રુત પુરુષો વડે અનેકવાર આચરીત, બીજાએ તેનો નિષેધ ન કરેલ હોય, આ પરંપરાએ પ્રવર્તેલ વ્યવહાર તે જીતવ્યવહાર છે.

જે પ્રાયશ્ચિત્ત, જે ગચ્છમાં આચાર્યની પરંપરાએ અવિરુદ્ધ હોય, યોગો બહુ વિધિવાળા છે [સામાચારી ભેદથી] આ જીત વ્યવહાર છે—

આગમ આદિ વ્યવહારોમાં ઉત્સર્ગ અને અપવાદને કહે છે - કેવલ આદિ છમાંથી કોઈ પણ એક પ્રકાર, તે વ્યવહાર કરનારના કહેલ લક્ષણ, તે પાંચ વ્યવહારોની મધ્યે અથવા તે પ્રાયશ્ચિત્તદાન આદિના વ્યવહારકાલમાં અથવા વ્યવહાર કરવા યોગ્ય વસ્તુના વિષયમાં કેવલ વગેરે આગમ હોય તેવા પ્રકારના આગમ વડે પ્રાયશ્ચિત્તદાનાદિ વ્યવહારને પ્રવર્તાવે, પણ શેષ શ્રુતાદિ વડે નહીં.

છ પ્રકારના આગમને વિશે પણ કેવલજ્ઞાનનો અવંધ્ય બોધ હોવાથી કેવલજ્ઞાન વડે વ્યવહાર કરે, તેના અભાવમાં મનઃપર્યાય વડે, એવી રીતે પ્રધાનતરના અભાવમાં ક્રમશઃ બીજા વ્યવહારને પ્રવર્તાવે.

હવે વ્યવહાર કરવા યોગ્ય આદિમાં તેને જો આગમ વ્યવહાર ન હોય તો જેવા

પ્રકારનું તેમાં શ્રુત હોય તેવા પ્રકારના શ્રુતજ્ઞાન વડે વ્યવહારને પ્રવર્તાવે. ઇત્યાદિ સામાન્યથી નિગમન છે. જેવા જેવા પ્રકારના આ આગમ આદિ વ્યવહાર હોય તેવા તેવા પ્રકારના વ્યવહારને પ્રવર્તાવે. આ વિશેષ નિગમન છે.

આ પાંચ વ્યવહારો વડે વ્યવહરનારા ફલને પ્રશ્ન દ્વારા કહે છે - હે ભગવન્ ! હવે બીજું શું કહો છો ? ભટ્ટારકો કહે છે - પ્રતિપાદન કરે છે - કોણ ? आगमबलिक्रो - ઉક્ત જ્ઞાન વિશેષ બલવાળા શ્રમણ - નિર્ગ્રન્થો કેવલી વગેરે. इच्चेयं॰ આગળમાં કહેવામાં આવનાર અથવા તે શું ? તે કહે છે ? - इत्येवं - ઉક્તરૂપ. एतं પ્રત્યક્ષને. कं - કોને ?

પ્રાયશ્ચિત્ત દાનાદિરૂપ પાંચ પ્રકારના વ્યવહારને સમ્યક્ રીતે પ્રવર્તાવતો, - કેવી રીતે ? સમ્યક્, તે પણ કેવી રીતે ? તે જણાવે છે - જે જે અવસરમાં જે જે પ્રયોજનને વિશે અથવા ક્ષેત્રને વિશે જે - જે ઉચિત છે તેને તે - તે કાળમાં, તે - તે પ્રયોજનાદિમાં. કેવા પ્રકારને ? તે કહે છે - સર્વ આશંસારહિત પુરુષો વડે અંગીકાર કરાયેલ એવા તે અનિશ્રિતોપાશ્રિત વ્યવહારને અથવા નિશ્રિત-શિષ્યત્વાદિથી સ્વીકારેલ અને ઉપાશ્રિત-વૈયાવૃત્યનુ કરવાપણું આદિ વડે અત્યંત સમીપમાં રહેલ તે નિશ્રિતોપાશ્રિત - અથવા -

નિશ્રિત એટલે રાગ અને ઉપાશ્રિત એટલે દ્વેષ, આ બે અથવા - નિશ્રિત - આહારાદિ મેળવવાની ઇચ્છા અને ઉપાશ્રિત - શિષ્યના પ્રતીચ્છક કુલ આદિની અપેક્ષા, તે બે જેમાં નથી તે અનિશ્રિતોપાશ્રિત. - x - સર્વથા પક્ષપાત રહિતપણે જેમ છે તેમ વ્યવહાર પ્રવર્તાવે. અહીં પૂજ્ય કહે છે - રાગ સહિત તે નિશ્રાવાળો અને દ્વેષસહિત તે ઉપાશ્રિત છે.

- અથવા - મને આહારાદિ નહીં આપશે તે નિશ્રા અને શિષ્ય થશે એવી ઇચ્છાવાળો અથવા કુલ વગેરેની અપેક્ષાવાળો તે ઉપશ્રા.

आज्ञा - જિનેશ્વરના ઉપદેશરૂપ આજ્ઞાનો આરાધક થાય છે.

શ્રમણના પ્રસ્તાવથી તેના વૃત્તાંતને જ સૂત્ર વડે કહે છે—

● **સૂત્ર-૪૬૦ થી ૪૬૩ :-**

***[૪૬૦] સુતેલા સંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે - શબ્દ યાવત્ સ્પર્શ... જાગૃત મનુષ્યોના પાંચ વિષયો સુપ્ત હોય છે - શબ્દ યાવત્ સ્પર્શ... સૂતેલા કે જાગતા અસંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે - શબ્દ યાવત્ સ્પર્શ.***

***[૪૬૧] પાંચ કારણે જીવ કર્મરજ ગ્રહણ કરે છે - પ્રાણાતિપાતથી યાવત્ પરિગ્રહથી... પાંચ કારણોથી જીવ કર્મરજને વમે છે - ખપાવે છે જેમકે - પ્રાણાતિપાત વિરમણથી યાવત્ પરિગ્રહ વિરમણથી.***

***[૪૬૨] પાંચ માસવાળી ભિક્ષુ પ્રતિમાને અંગીકાર કરનાર અણગારને પાંચ દત્તિ ભોજનની અને પાંચ દત્તિ પાણીની લેવી કલ્પે છે.***

***[૪૬૩] ઉપઘાત પાંચ પ્રકારે છે. તે આ - ઉદ્‌ગમ ઉપઘાત, ઉત્પાદન ઉપઘાત, એષણા ઉપઘાત, પરિકર્મ ઉપઘાત, પરિહરણ ઉપઘાત...***

***વિશોધિ પાંચ ભેદે છે. તે આ - ઉદ્‌ગમ વિશોધિ, ઉત્પાદન વિશોધિ, એષણા વિશોધિ, પરિકર્મ વિશોધિ, પરિહરણ વિશોધિ.***



● **વિવેચન-૪૬૦ થી ૪૬૩ :-**

[૪૬૦] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - સંયત મનુષ્યો - સાધુઓને, નિદ્રાવાળાને, જાગે છે તે નહીં સૂતેલા અર્થાત્ જાગતાની જેમ જાગતા. અહીં આ ભાવના વિચારવી - શબ્દાદિ વિષયો જ સૂતેલા સાધુઓને જાગતા અગ્નિની જેમ નહીં હણાયેલ શક્તિવાળા હોય છે. કેમકે કર્મબંધના અભાવના કારણભૂત અપ્રમાદનો તે વખતે તેઓને અભાવ હોવાથી શબ્દાદિ કર્મબંધના કારણભૂત થાય છે.

બીજા સૂત્રની ભાવના આ છે - જાગૃત સાધુઓના શબ્દાદિ વિષયો સુતેલાની માફક સૂતેલ, ભસ્મથી ઢંકાયેલ અગ્નિની માફક હણાયેલી શક્તિવાળા હોય છે. કેમકે કર્મબંધના કારણભૂત પ્રમાદનો તે વખતે તેઓને અભાવ હોવાથી કર્મબંધના કારણ થતા નથી.

સંયતથી વિપરીત જ અસંયતો માટે તેને આશ્રીને કહે છે - તે સ્પષ્ટ છે. વિશેષ એ કે - પ્રમાદીપણાને લઈને સુપ્ત કે જાગૃત બંને અવસ્થામાં પણ કર્મબંધના કારણ થવા વડે અપ્રતિહત શક્તિપણાથી શબ્દાદિ વિષયો જાગૃતની જેમ જાગૃત હોય છે.

[૪૬૧] સંયત અને અસંયતના અધિકારથી તેના વ્યતિકરને કહેનારા બે સૂત્રો છે તે સુગમ છે. વિશેષ એ કે - અસંયત જીવો, જીવના સ્વરૂપને ઉપરંજન કરવાથી રજની માફક કર્મરજને ગ્રહણ કરે છે - બાંધે છે. સંયત જીવો તેને તજે છે - ખપાવે છે.

[૪૬૨,૪૬૩] સંયતના અધિકારથી જ અન્ય બે સૂત્રો કહે છે, સ્પષ્ટ છે. વિશેષ એ કે - ઉપઘાત એટલે અશુદ્ધતા, આધાકર્માદિ સોળ પ્રકારના ઉદ્‌ગમ દોષો વડે ભાત, પાણી, ઉપકરણ અને સ્થાનની અશુદ્ધતા તે ઉદ્‌ગમ ઉપઘાત. એ રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે - પોતાથી ઉત્પન્ન થવા વડે ધાત્રી આદિ સોળ ઉત્પાદનના દોષો વડે, પરિકર્મ-વસ્ત્ર, પાત્ર આદિના છેદન અને શીવવા વગેરેથી તેનો ઉપઘાત-અકલ્પનીયપણું. તેમાં વસ્ત્રનો પરિકર્મ ઉપઘાત આ પ્રમાણે જાણવો—

ઉત્સર્ગ માર્ગે તો અખંડિત વસ્ત્ર વાપરવું, અપવાદ માર્ગમાં જે સાધુ ત્રણથી અધિક થીગડાં આપે અને ઉન વગેરે પાંચ પ્રકારના વસ્ત્રમાંથી કોઈપણ પ્રકારના વસ્ત્રને શીવે, તે આજ્ઞાભંગાદિ દોષને પામે છે.

પાત્રનો પરિકર્મ ઉપઘાત આ પ્રમાણે - ઉત્સર્ગથી બંધ વગરનું પાત્ર વાપરવું, અપવાદથી અપલક્ષણ - હુંડાદિ દોષવાળું એક, બે, ત્રણ બંધવાળું વાપરવું, આથી અધિક બંધવાળું ન વાપરવું અને વાપરવા યોગ્ય કહેલ બંધવાળું પાત્ર પણ દોઢ માસથી ઉપરાંત જે વાપરે તેને આજ્ઞાભંગાદિ દોષ લાગે છે.

— હવે વસતિ સંબંધી કહે છે—

दूमिता - સુકુમાર દ્રવ્યના લેપ કરવા વડે ભીંતને કોમળ કરેલ, ધૂમિત. ખડી,

ચૂનોથી ભીંતને સફેદ કરેલ, वासित - અગર, શિલારસ ધૂપ વગેરે સુગંધી દ્રવ્યથી વાસિત કરેલ, રત્ન-દીપ આદિથી ઉદ્યોત કરેલ, ચોખા આદિથી બલિનો વિધાન કરેલ, अव्यक्ता - છાણ, માટીથી જલ વડે ભૂમિતલને લીંપેલ, सिक्ता - ફક્ત જળ વડે સીંચેલ, संमृष्टा - સાવરણથી પ્રમાર્જન કરેલ... આવા પ્રકારની વસતિ સાધુને નિમિત્તે નહીં કરેલ હોવાથી વિશુદ્ધ કોટિને પ્રાપ્ત થયેલ છે, શુદ્ધ છે પરંતુ તેમ જો સાધુ નિમિત્તે કરાય તો દોષવાળી થાય છે. - - હવે પરિહરણા - -

परिहरण - આસેવા, તેથી ઉપધિ વગેરેની અશુદ્ધતા છે. તેમાં ઉપધિની અશુદ્ધતા આ પ્રમાણે - એકાકી વિચરનાર સાધુ વડે જે સેવાયેલ ઉપકરણ તે હણાયેલું થાય છે - અશુદ્ધ થાય છે. આ આચાર વ્યવસ્થા છે - x - x - ગચ્છથી ભ્રષ્ટ થયેલ સાધુ એકાકીપણે જો જાગૃત રહે છે - દૂધ આદિમાં પ્રતિબંધ કરતો નથી તે જો ઘણે કાળે ગચ્છમાં આવે તો પણ તેની ઉપધિ દોષવાળી થતી નથી, અન્યથા તો દોષવાળી થાય છે.

વસતિમાં પણ શેષ કાળમાં એક માસ અને ચોમાસામાં ચાર માસથી અધિક રહેવાથી કાલાતિક્રાંતતા થાય છે. બે માસ અને ચાતુર્માસને વર્જ્યા સિવાય ફરીથી ત્યાં જ વસતા સાધુઓને વસતિના દોષોના નામથી ઉપસ્થાપના દોષ થાય છે - x - x -

આહારની પણ પારિષ્ઠાપનિકાના કરનાર પ્રત્યે અકલ્પ્યતા છે. કહ્યું છે કે - ઉદ્‌ગમાદિ દોષરહિત સરસ કે નિરસ એમ બે વિભાગ વડે પાત્રમાં જુદું નહીં કરેલ તે વિધિગ્રહિતને જ કટકા કરીને-ચૂર્ણ કરીને જે ખાવું તે વિધિભુક્ત કહેવાય છે. ઉક્ત વિધિથી બીજી રીતે ગ્રહણ કરેલ જે ભોગવવા યોગ્ય ભક્તપાન તે અકલ્પનીય છે.

અહીં વિધિગ્રહિત અને વિધિભુક્ત આ બે પદના ચાર ભંગ થાય છે તે આ પ્રમાણે - (૧) વિધિથી ગ્રહિત અને વિધિથી ભુક્ત, (૨) વિધિથી ગ્રહિત અને અવિધિથી ભુક્ત, (૩) અવિધિથી ગ્રહિત અને વિધિથી ભુક્ત (૪) અવિધિથી ગ્રહિત અને અવિધિથી ભુક્ત.

અથવા વિધિ વડે ગ્રહણ કરેલ અને વિધિ વડે ભુક્ત તે ગુરુ વડે અનુજ્ઞાત છે. શેષ ત્રણ ભાંગા અનુજ્ઞાત નથી માટે ગ્રહણ કરવામાં અને દેવામાં ત્રણ ભાંગા ત્યાજ્ય છે.

ઉદ્‌ગમાદિ વડે જ આહારોની કલ્પ્યતા-વિશુદ્ધિઓ છે. ઉપઘાત અને વિશુદ્ધિની વૃત્તિવાળા જીવો અધાર્મિક અને ધાર્મિકપણાના બોધિના અલાભ અને લાભના સ્થાનોમાં પ્રવર્તે છે, તેનું પ્રતિપાદન કરે છે—

● **સૂત્ર-૪૬૪ :-**

***પાંચ કારણોથી જીવો, દુર્લભબોધિપણાના કર્મને બાંધે છે. તે આ પ્રમાણે - (૧) અરિહંતનો અવર્ણવાદ કરતા, (૨) અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મનો અવર્ણવાદ કરતા, (૩) આચાર્ય-ઉપાધ્યાયનો અવર્ણવાદ કરતા, (૪) ચતુર્વર્ણ સંઘનો અવર્ણવાદ કરતા, (૫) ઉત્કૃષ્ટ તપ અને બ્રહ્મચર્યથી થયેલ દેવોનો અવર્ણવાદ કરવાથી.***

***પાંચ કારણોથી જીવો સુલભ બોધિપણાના કર્મને બાંધે છે. તે આ પ્રમાણે - અરિહંતોના ગુણાનુવાદ કરતો યાવત્ દેવોના ગુણાનુવાદ કરતો.***



● **વિવેચન-૪૬૪ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - દુર્લભ છે બોધિ - જિનધર્મ જેને તે દુર્લભ બોધિ. તેનો ભાવ, તે વડે અર્થાત્ દુર્લભબોધિતા વડે અથવા દુર્લભ બોધિતા માટે મોહનીય આદિ કર્મ કરે છે - બાંધે છે.

(૧) અરિહંતોની નિંદાને કરતો. કહ્યું છે કે - અરિહંત પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે ગ્રહણ કરવા યોગ્ય નથી અથવા ગૃહસ્થાવાસને વિશે ત્રણ જ્ઞાન સંપન્ન હોવા છતાં ભોગોને કેમ ભોગવે છે ? કેવલજ્ઞાન ઉત્પન્ન થવા છતાં પણ દેવરચિત સમવસરણાદિ મહાઋદ્ધિને કેમ ભોગવે છે ? ઇત્યાદિ કથનરૂપ જિનેશ્વરનો અવર્ણવાદ છે.

અરિહંત થયા નથી એમ કદાપિ કહેવું નહીં. કેમકે - તેમણે કહેલ પ્રવચનનો સાક્ષાત્કાર છે. વળી ભોગોનો અનુભવ કરવો વગેરે તેમને દોષરૂપ નથી કેમકે તેમને અવશ્ય વેદવા યોગ્ય સાતાવેદનીય અને તીર્થંકર નામાદિ કર્મના નિર્જરણના ઉપાય હોય છે. વળી વીતરાગત્વથી સમવસરણાદિમાં પ્રતિબંધનો અભાવ હોવાથી દોષ નથી.

(૨) અરિહંત પ્રજ્ઞપ્ત શ્રુત-ચારિત્રરૂપ ધર્મ તો - પ્રાકૃત ભાષા વડે ગુંથાયેલ શ્રુત છે, વળી ચારિત્ર વડે શું ફળ છે ? દાન જ શ્રેય છે. ઇત્યાદિ અવર્ણવાદ બોલતો કર્મબંધ કરે છે.

અહીં ઉત્તર આપે છે - શ્રુતનું પ્રાકૃત ભાષાપણું દોષરૂપ નથી, કારણ બાળ વગેરે જીવોને સુખપૂર્વક અભ્યાસ કરવા માટે ઉપકારી છે તથા મોક્ષનું અનંતર કારણ હોવાથી ચારિત્ર જ શ્રેષ્ઠ છે.

(૩) ''આ બાળક છે'' ઇત્યાદિ આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદને બોલતો કર્મબંધ કરે છે. - - - અહીં ઉત્તર એ છે કે - બુદ્ધિ વગેરેથી વૃદ્ધત્વ હોવાથી બાલત્વ આદિ દોષરૂપ નથી.

(૪) ચાર વર્ણો - પ્રકારો, શ્રમણ આદિ જેમાં છે તે ચાતુર્વર્ણ, તે જ. ચાતુર્વર્ણ, તે સંઘના અવર્ણવાદને બોલતો. જેમકે - આ સંઘ શું છે ? જે સમુદાયના બલ વડે પશુના સંઘની જેમ અમાર્ગને પણ માર્ગરૂપ કરે છે. - ઇત્યાદિ કહેવું ઉચિત નથી. - - - કેમકે- સંઘ તે જ્ઞાનાદિ ગુણનો સમુદાય છે અને જ્ઞાનાદિ ગુણ વડે જ માર્ગને માર્ગરૂપ કરે છે.

(૫) વિપક્વ - સારી રીતે પરિનિષ્ઠિત અર્થાત્ પ્રકર્ષ પર્યન્ત પ્રાપ્ત થયેલ તપ અને બ્રહ્મચર્યને ભવાંતરમાં હતું જેઓનું તે અથવા વિપક્વ-ઉદયમાં આવેલ તપ અને બ્રહ્મચર્યના હેતુપૂર્વક દેવાયુષ્ક આદિ કર્મ જેઓને તે વિપક્વ તપ બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદ કરતો - જેમકે - દેવો નથી જ, કોઈ વખતે જોવામાં આવતા જ નથી અથવા કામમાં આસક્ત ચિત્તવાળા વિટની જેવા અવિરતિ વડે શું ? વળી અનિમેષ અને ચેષ્ટા રહિત મરણ પામતા એવા અને શાસનના કાર્યમાં અનુપયોગી

એવા દેવો વડે શું પ્રયોજન છે ?

તેનો ઉત્તર આ રીતે આપે છે - મોહનીય અને સાતા વેદનીય કર્મના ઉદયથી દેવો કામમાં આસક્ત છે, મોહનીયના ઉદયથી તેમને વિરતિ નથી. દેવ સ્વભાવથી તેઓ અનિમેષ છે, કૃતાર્થ થયેલ હોવાથી નવીન ચેષ્ટારહિત છે. કાળના અનુભાવથી તીર્થની ઉન્નતિને પણ અન્યત્ર મહાવિદેહ આદિમાં કરે છે.

અરિહંતનો વર્ણવાદ-યશવાદ આ પ્રમાણે કહેવો - રાગ, દ્વેષ અને મોહને જીતેલા, સર્વજ્ઞ, દેવોના સ્વામી - ઇન્દ્રો વડે પૂજાએલા, અત્યંત સત્ય વચનવાળા અને મોક્ષગતિમાં જવાવાળા જિનો જય પામે છે.

અરિહંત પ્રણીત ધર્મનો વર્ણવાદ આ પ્રમાણે કહેવો - વસ્તુઓને પ્રકાશવામાં સૂર્ય, અતિશય રત્નોનો સાગર, સમસ્ત જગતના જીવોનો સ્નેહાળ બંધુ સમાન એવો બે પ્રકારનો જિનધર્મ જય પામે છે.

આચાર્યનો વર્ણવાદ આ રીતે કહેવો - તેઓને નમસ્કાર હો ! તેઓને નમસ્કાર હો ! ભાવથી ફરી તેઓને નમસ્કાર હો ! ઉપકાર નહીં કરેલ બીજા જીવોના હિતમાં રક્ત થયેલા જે ભવ્યોને જ્ઞાન આપે છે.

ચતુર્વિધ શ્રમણસંઘનો વર્ણવાદ આ રીતે કહેવો - સંઘની પૂજા કર્યા પછી એવો કોઈ નથી જે પૂજિત થતો નથી, કેમકે ત્રિભુવનમાં પણ સંઘથી પૂજવા યોગ્ય અન્ય ગુણવાન્ કોઈ નથી.

દેવોનો યશવાદ આ પ્રમાણે કરવો - અહો ! દેવોનું અદ્ભુત શીલ છે કેમકે વિષયરૂપ વિષ વડે તેઓ મોહિત છે, તો પણ જિનભવનમાં અપ્સરાઓની સાથે પણ હાસ્યાદિને કરતા નથી.

સંયત અને અસંયતનો વ્યતિકર - x - હવે કહે છે—

● **સૂત્ર-૪૬૫ થી ૪૬૯ :-**

*[૪૬૫] પ્રતિસંલીન પાંચ કહ્યા છે. તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય પ્રતિસંલીન યાવત્ સ્પર્શનેન્દ્રિય પ્રતિસંલીન.*

*અપ્રતિસંલીન પાંચ કહ્યા છે. તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય અપ્રતિસંલીન યાવત્ સ્પર્શનેન્દ્રિય અપ્રતિસંલીન.*

*સંવર પાંચ છે, તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય સંવર... અસંવર પાંચ છે તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય અસંવર.*

*[૪૬૬] સંયમ પાંચ ભેદે કહ્યો છે, તે આ પ્રમાણે - સામાયિકસંયમ, છેદોપસ્થાપનીય સંયમ, પરિહારવિશુદ્ધિ સંયમ, સૂક્ષ્મ સંપરાય સંયમ, યથાખ્યાત ચારિત્ર સંયમ.*

*[૪૬૭] એકેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારે સંયમ થાય છે. તે આ - પૃથ્વીકાયિક સંયમ યાવત્ વનસ્પતિકાયિકસંયમ.*

*એકેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારે અસંયમ થાય છે. તે આ પ્રમાણે - પૃથ્વીકાયિક અસંયમ યાવત્ વનસ્પતિકાયિક અસંયમ.*



*[૪૬૮] પંચેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારે સંયમ થાય છે તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય સંયમ યાવત્ સ્પર્શનેન્દ્રિય સંયમ.*

*પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારે અસંયમ થાય છે. તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય અસંયમ યાવત્ સ્પર્શનેન્દ્રિય અસંયમ.*

*સર્વે પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વોની હિંસા ન કરનારને પાંચ પ્રકારનો સંયમ થાય છે - એકેન્દ્રિય સંયમ યાવત્ પંચેન્દ્રિય સંયમ.*

*સર્વે પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વની હિંસા કરનારને પાંચ પ્રકારનો અસંયમ થાય છે - એકેન્દ્રિય અસંયમ યાવત્ પંચેન્દ્રિય અસંયમ.*

*[૪૬૯] તૃણ વનસ્પતિકાયિક જીવો પાંચ પ્રકારે કહ્યા છે, તે આ - અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહ.*

● **વિવેચન-૪૬૫ થી ૪૬૯ :-**

[૪૬૫] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - યથા યોગ્ય પ્રાધાન્યત્વ થકી શ્રોત્રેન્દ્રિય આદિનો ક્રમ જાણવો. તેનું પ્રાધાન્ય ક્ષયોપશમ બહુત્વકૃત છે.

તથા પ્રતિસંલીન અને અપ્રતિસંલીન એ બે સૂત્રમાં ધર્મીપુરુષ કહ્યો. તથા સંવર-અસંવરના બે સૂત્રોમાં ધર્મ કહ્યો છે.

[૪૬૬] સંયમવું તે સંયમ અર્થાત્ પાપનો વિરામ. सम - રાગદ્વેષ રહિત, તેનો अय - ગમન અર્થાત્ પ્રવૃત્તિ તે સમાય, સમાય જ સમાયમાં થયેલ અથવા સમાયનો વિકાર કે અંશ-સમાય છે પ્રયોજન જેનું તે સામાયિક. આ અંગે ઉક્ત અર્થને જણાવતી બે ભાષ્યગાથા છે.

અથવા सम - જ્ઞાનાદિ ત્રયમાં અથવા તે ત્રણ વડે अयन - ગમનરૂપ સમાય, તે જ સામાયિક છે - આ અંગે ઉક્ત અર્થ જણાવતી ગાથા છે.

રાગ આદિ રહિત લક્ષણ सम નો आय - ગુણોનો લાભ અથવા सम - જ્ઞાનાદિ ગુણોનો आय - લાભ તે સમાય, તે જ સામાયિક. આ સંબંધે ઉક્ત અર્થને જણાવનારી એક ગાથા પણ વૃત્તિકારે નોંધી છે.

અથવા साम्नि - મૈત્રીને વિશે અથવા મૈત્રી વડે ગમન-વર્તન તે સમાય અથવા મૈત્રી ભાવનો आय - લાભ તે સમાય, તે જ સામાયિક. આ સંબંધે ઉક્ત અર્થને જણાવતી એક ગાથા પણ વૃત્તિકારે નોંધી છે.

સાવદ્યયોગની વિરતિરૂપ સર્વચારિત્ર પણ સામાન્યતઃ સામાયિક જ છે અને છેદ વગેરે વિશેષો વડે વિશેષ્યમાન ચારિત્ર અર્થથી અને શબ્દથી વિવિધપણાને ભજે છે, તેમાં પહેલા વિશેષણના અભાવથી સામાન્ય શબ્દમાં જ સામાયિક નામે રહે છે.

સામાયિક બે ભેદે છે - ઈત્વરકાલિક અને યાવજ્જીવિક. તેમાં - ઇત્વરકાલિક સામાયિક બધા પ્રથમ અને છેલ્લા તીર્થંકરના તીર્થોમાં જે શિષ્યને વ્રતનું આરોપણ કરેલ નથી, તેને હોય છે અને યાવજ્જીવ સામાયિક મધ્યમ બાવીશ જિનેશ્વર અને મહાવિદેહના તીર્થંકરોના તીર્થમાં હોય છે. તેઓને વિશે ઉપસ્થાપનાનો અભાવ હોવાથી

સામાયિકરૂપ સંયમ તે સામાયિક સંયમ. આ પ્રમાણે સર્વત્ર વાક્ય સમાસ કરવો. - આ અર્થને જણાવતી ત્રણ ગાથાઓ વૃત્તિકારશ્રીએ નોંધેલી છે.

પૂર્વ પર્યાયનો છેદ અને વ્રતોમાં ઉપસ્થાપન - [પુનઃ આરોપણ] જેમાં છે તે છેદોપસ્થાપન, તે જ છેદોપસ્થાપનિક. અથવા છેદ અને ઉપસ્થાપન વિદ્યમાન છે જેમાં તે છેદોપસ્થાપનિક અથવા પૂર્વપર્યાયના છેદ વડે ઉપસ્થાપન કરાય છે - આરોપાય છે, જે મહાવ્રત લક્ષણ ચારિત્ર તે છેદોપસ્થાપનીય. તે પણ બે પ્રકારે છે - નિરતિચાર અને સાતિચાર. જે નિરતિચાર છે તે ઇત્વરકાલિક સામાયિકવાળા શિષ્યને આરોપાય છે અથવા પાર્શ્વનાથ ભગવંતના સાધુને પાંચ મહાવ્રતરૂપ ધર્મના અંગીકારમાં હોય છે અને જે સાધુને મૂલ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયેલ હોય તેને સાતિચાર હોય છે - આ સંબંધ દર્શક ઉક્ત અર્થને જણાવતી બે ગાથા વૃત્તિકારે નોંધી છે. વિશેષ એ કે - આ છેદોપસ્થાપનીય ચારિત્ર સ્થિતિકલ્પમાં હોય છે.

परिहरण - છોડવું તે પરિહાર, અર્થાત્ તપ વિશેષ. તેના વડે વિશુદ્ધ અથવા પરિહાર વિશેષે કરી શુદ્ધ છે જેમાં તે પરિહાર વિશુદ્ધિ, તે જ પરિહાર વિશુદ્ધિક. આ ચારિત્ર બે પ્રકારે છે. નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક - નિર્વિશમાનક - તપ વિશેષને સેવનારા - કરનારાઓનું જે ચારિત્ર તે નિર્વિશમાનક અને નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક - આરાધેલ વિવક્ષિત ચારિત્રના સમૂહવાળાઓનું જે ચારિત્ર તે નિર્વિષ્ટકાયિક - તે સંબંધી બે ગાથા છે, તે આ પ્રમાણે—

परिहार - તપ વિશેષ વડે વિશુદ્ધ અથવા પરિહાર વિશેષ વડે શુદ્ધ તપ છે જે ચારિત્રમાં તે સ્વાર્થિક પ્રત્યયના ગ્રહણથી પરિહારવિશુદ્ધ થાય છે. તેના બે ભેદ કહ્યા - નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક.

તેનું સ્વરૂપ આ પ્રમાણે - આ તપને સ્વીકારનારાઓનો નવનો ગણ હોય છે. તેમાંથી ચાર પરિહારકો - તપના કરનારા, ચાર અનુપરિહારકો એટલે વૈયાવચ્યને કરનારા અને એક વાચનાચાર્ય એટલે ગુરુભૂત હોય છે.

તેમાં ચાર પરિહારકો તે નિર્વિશમાનક કહેવાય છે અને શેષ ચાર અનુપરિહારકો અને કલ્પસ્થિત - વાચનાચાર્ય નિર્વિષ્ટકાયિક કહેવાય છે.

નિર્વિશમાનક ચાર મુનિઓનો પરિહાર આ પ્રમાણે હોય છે - ગ્રીષ્મઋતુમાં જઘન્યથી એક ઉપવાસ, મધ્યમથી છઠ્ઠ અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ. શિશિર ઋતુમાં જઘન્યથી છઠ્ઠ, મધ્યમથી અઠ્ઠમ અને ઉત્કૃષ્ટથી ચાર ઉપવાસ. વર્ષાઋતુમાં જઘન્યથી અઠ્ઠમ, મધ્યમથી ચાર ઉપવાસ અને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ અને પારણામાં દરેક ઋતુમાં આયંબિલ કરે છે.

આવી રીતે પરિહારકો છ માસ પર્યન્ત ઉક્ત તપ કરે. ત્યારપછી ચાર અનુપરિહારકો છ માસ સુધી ઉક્ત તપ કરે અને પરિહારકો વૈયાવૃત્ય કરનારા થાય અને વાચનાચાર્ય તે જ હોય. ત્યારપછી વાચનાચાર્ય છ માસ પર્યન્ત ઉક્ત તપ કરનારો થાય. - - આ કલ્પ અઢાર મહિને પુરો થાય.

सूक्ष्मा - લોભના કિટ્ટિકારૂપ અને सम्पराय - કષાયો છે જે ચારિત્રને વિશે તે



સૂક્ષ્મસંપરાય. તે પણ બે પ્રકારે છે - વિશુદ્ધ્યમાન, સંક્લિશ્યમાન.

ક્ષપકશ્રેણિ અથવા ઉપશમશ્રેણિ પ્રત્યે આરોહકને આદ્ય-વિશુદ્ધ્યમાન હોય છે અને સંક્લિશ્યમાન તો પરિણામવશ ઉપશ્રમ શ્રેણિથી પડનારાને હોય છે. તે વિષયમાં બે ગાથા વડે વૃત્તિકારશ્રી જણાવે છે કે—

ક્રોધ આદિ વડે આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે, તે સૂક્ષ્મસંપરાય છે. જેમાં સૂક્ષ્મ લોભ બાકી રહ્યો હોય તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહેવાય.

શ્રેણિએ ચડેલાને તે વિશુદ્ધ્યમાન છે અને ત્યાંથી પડનારાઓને તે પરિણામ વિશેષથી સંક્લિશ્યમાન રૂપે ઓળખાય છે.

અથ શબ્દ યથાર્થવાચક છે. અર્થાત્ કષાયરહિતપણાને લઈને યથાર્થ, આख्यात - કહેલ, તે યથાખ્યાત, તે જ સંયમ - યથાખ્યાત સંયમ.

ઉપશાંત મોહ અને ક્ષીણ મોહવાળા છદ્મસ્થને અને સયોગી તથા અયોગી કેવલીને આ સંયમ હોય છે. કહ્યું છે કે - અથ શબ્દ યથાર્થ પણામાં આङ્ અભિવિધિમાં અને ख्यात શબ્દ કહેલ અર્થમાં છે. અર્થાત્ યથાર્થપણે અભિવિધિએ કહેલ કષાયરહિત જે ચારિત્ર તે અથાખ્યાત અથવા યથાખ્યાત સંયમ કહેવાય છે. આ અર્થ જણાવતી ગાથા વૃત્તિકારે નોંધેલી છે.

[૪૬૭] एगिंदिया णं जीव त्ति० એકેન્દ્રિય જીવોને, णं શબ્દ વાક્ય અલંકારમાં છે. અસમારંભમાન - સંઘટ્ટ આદિ વડે સંબંધને નહીં કરનારાને સત્તર પ્રકારના સંયમના મધ્યમાં પાંચ પ્રકારના સંયમ - વિશેષ વિરામ તે અનાશ્રવ થાય છે. તે આ પ્રમાણે - પૃથ્વીકાયિક જીવોને વિશે સંયમ - સંઘટ્ટ આદિથી ઉપરમ-અટકવું તે. પૃથ્વીકાયિક સંયમ. એવી રીતે બીજા પદો પણ જાણવા. - - અસંયમસૂત્ર, સંયમસૂત્રની જેમ વિપર્યય વડે જાણવું.

[૪૬૮] पंचेंदियाण मित्यादि० અહીં સત્તર પ્રકારના સંયમમાંથી પંચેન્દ્રિય સંયમલક્ષણ ભેદને, ઇન્દ્રિયના ભેદ વડે જુદી વિવક્ષા કરવાથી, પાંચ પ્રકારપણું છે. તેમાં પંચેન્દ્રિયના અનારંભમાં શ્રોત્રેન્દ્રિયના વ્યાઘાતનું પરિવર્જન તે શ્રોત્રેન્દ્રિય સંયમ. એ રીતે ચક્ષુરિન્દ્રિયસંયમાદિ કહેવા.

અસંયમ સૂત્ર, સંયમ સૂત્રથી વિપર્યાસ વડે જાણવું. सव्वपाणेत्यादि० પૂર્વે એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના આશ્રય વડે સંયમ અને અસંયમ બંને કહ્યા. અહીં તો સર્વ જીવોના આશ્રય વડે કહેલ છે. તેથી જ સર્વ શબ્દ છે.

प्राण આદિમાં આ વિશેષ છે - प्राणा - બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોવાળા, तरु - વનસ્પતિકાયિકો તે भूतो - કેહવાય છે. जीव - એટલં પંચેન્દ્રિયો અને બાકીના પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાયિકોને सत्त्वो કહેવાય છે.

અહીં સત્તર પ્રકારના સંયમમાંથી આદિના નવ ભેદો [વિકલેન્દ્રિયના ત્રણ, પંચેન્દ્રિયનો એક, એકેન્દ્રિયના પૃથ્વી આદિ પાંચ તે નવ ભેદો છે.] સંગૃહીત છે. એકેન્દ્રિયના સંયમના ગ્રહણ વડે પૃથ્વી આદિ પાંચ પ્રકારના સંયમનું ગ્રહણ કરેલ હોવાથી, તેના વિપરીતપણાથી અસંયમ સૂત્ર છે.

[૪૬૯] तणवणस्सइ त्ति॰ તૃણવનસ્પતિ એટલે બાદર વનસ્પતિ, અગ્રબીજ આદિના ક્રમથી કોરંટક, ઉત્પલ કંદ, વાંશ, શલ્લકી તથા વડ વગેરે જાણવા. આની વ્યાખ્યા પૂર્વે કરેલ છે.

● **સૂત્ર-૪૭૦,૪૭૧ :-**

***[૪૭૦] આચારો પાંચ પ્રકારે કહેલા છે. તે આ પ્રમાણે - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.***

***[૪૭૧] આચારપ્રકલ્પ પાંચ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે - (૧) માસિક ઉદ્‌ઘાતિત, (૨) માસિક અનુદ્‌ઘાતિક, (૩) ચાતુર્માસિક ઉદ્‌ઘાતિત, (૪) ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક, (૫) આરોપણા.***

***આરોપણા પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે - પ્રસ્થાપિતા, સ્થાપિતા, કૃત્સ્ના, અકૃત્સ્ના અને હાડહડા.***

● **વિવેચન-૪૭૦,૪૭૧ :-**

[૪૭૦] આચરવું તે આચાર અર્થાત્ જ્ઞાન આદિ વિષયમાં આસેવા.

જ્ઞાનાચાર કાલ આદિ આઠ ભેદે છે. દર્શનાચાર - દર્શન એટલે સમ્યક્ત્વ અને તેનો આચાર નિઃશંકિતાદિ આઠ પ્રકારનો છે. ચારિત્રાચાર - સમિતિ અને ગુપ્તિના ભેદથી આઠ પ્રકારનો છે, તપાચાર - અનશન આદિ ભેદથી બાર પ્રકારનો છે. વીર્યનો આચાર આજ્ઞાદિમાં જે વીર્યનું ન ગોપવવું તે જ છે.

[૪૭૧] आचार - પહેલું અંગ સૂત્ર, તેના પદ વિભાગ સામાચારી લક્ષણ-પ્રકૃષ્ટકલ્પ - ઉત્કૃષ્ટ આચારનો કહેનાર હોવાથી પ્રકલ્પ તે આચારપ્રકલ્પ અર્થાત્ નિશીથ અધ્યયન. તે પાંચ ભેદે છે. કેમકે - તે પાંચ પ્રકારના પ્રાયશ્ચિત્તને કહેનાર છે. તે આ પ્રમાણે—

નિશીથ સૂત્રના (૧) કોઈ ઉદ્દેશકમાં લઘુમાસ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ કહેવાય છે. (૨) કોઈ ઉદ્દેશકમાં ગુરુમાસની પ્રાપ્તિ કહી છે. (૩) એ રીતે લઘુ ચાતુર્માસ, (૪) ગુરુ ચાતુર્માસ અને (૫) આરોપણ કહેલ છે.

તેમાં માસ વડે થયેલું તે માસિક તપ, તે ઉદ્‌ઘાત - ભાગ પાડેલ છે જેમાં તે ઉદ્‌ઘાતિક અર્થાત્ લઘુ. કહ્યું છે કે - अद्धेण छिन्नसेसं॰ આ ગાથાની ભાવના માસિક તપને આશ્રીને બતાવાય છે. અર્ધ માસ વડે છેદેલ માસના શેષ પંદર દિવસ, તે માસની અપેક્ષાએ પૂર્વના અર્થાત્ પચ્ચીશ દિવસના અર્દ્ધ ભાગ વડે - સાડા બાર દિવસ વડે યુક્ત કરેલ સાડા સત્યાવીશ દિવસો થાય છે. આ લઘુ માસિક પ્રાયશ્ચિત્ત આપવું અને ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત તો તેટલું જ અર્થાત્ ત્રીશ દિવસનું આપવું.

આરોપણા તો चडावणत्ति भणियं होइ અર્થાત્ પ્રાયશ્ચિત્તમાં ઉમેરો કરવો તે આરોપણ કહેવાય છે. જે સાધુ, જેમ અતિચારને સેવેલ છે તેમજ આલોચના કરે છે, તેને પ્રતિસેવા વડે થયેલ જ લઘુમાસ, ગુરુમાસ વગેરે પ્રાયશ્ચિત્ત અપાય છે અને જે સાધુ, જેમ અતિચાર સેવેલ છે તેમ આલોચના કરતો નથી તેને તેટલું જ પ્રાયશ્ચિત્ત અપાય છે, અને માયા વડે થયેલું અન્ય વધારાનું પ્રાયશ્ચિત્ત અપાય છે તે આરોપણા.



आरोवणे त्ति॰ ઉક્ત સ્વરૂપ વાળી આરોપણા. पट्ठवियत्ति॰ ઘણાં પ્રાયશ્ચિત્તના આરોપણને વિશે જે ગુરુમાસ આદિ પ્રાયશ્ચિત્તને પ્રસ્થાવે છે - વહન કરવાનું શરૂ કરે છે, તેની અપેક્ષાએ પ્રસ્થાપિત કહેવાય છે.

ठविय त्ति॰ જે પ્રાયશ્ચિત્ત મળ્યું તે પ્રાયશ્ચિતને સ્થાપન કર્યુ પરંતુ વહન કરવું શરૂ કર્યુ નથી કેમકે આચાર્યાદિની વૈયાવચ્ચ કરવા માટે, તે પ્રાયશ્ચિત્તને વહન કરતો વૈયાવૃત્ત્યને કરી શકતો નથી અને વૈયાવચ્ચની સમાપ્તિમાં તો કરશે જ તે માટે સ્થાપિતા કહેવાય છે.

कृत्स्ना - જેમાં ઝોષ ઓછું કરાતું નથી. ઝોષ એટલે આ તીર્થમાં છ માસ પર્યન્ત જે તપ છે તે કારણથી છ માસની ઉપર જે માસોને પ્રાપ્ત થયેલ અપરાધી હોય તેઓને ક્ષપણ - તપનું અનારોપણ છે, જેમ પ્રસ્થમાં ચાર સેતિકાથી વધારે ધાન્યનું ઝાટન થાય છે તેમ. ઝોષના અભાવથી તે પરિપૂર્ણા છે, તેથી કૃત્સ્ના કહેવાય છે.

અકૃત્સ્ના એટલે જેમાં છ માસથી અધિક છે તે આરોપણાને જ ઝોષાય છે, કેમકે છ માસથી અધિક તપને દૂર કરવાથી અપરિપૂર્ણા છે.

हाडहडेति॰ જે લઘુમાસ અને ગુરુમાસાદિ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયેલ હોય તે જે આરોપણના વિશે સદ્ય જ અપાય છે તે હાડહડા કહેવાય છે.

તેનું વિશેષ સ્વરૂપ નિશીથ સૂત્રના વીશમાં ઉદ્દેશકથી જાણવું.

આ સંયત અને અસંયતગત વસ્તુ વિશેષોનો વ્યતિકર મનુષ્યક્ષેત્રને વિશે જ હોય છે માટે મનુષ્યક્ષેત્રમાં વર્તતી વસ્તુઓને जंबूद्दीवे - આદિથી આરંભીને उसुयारा नत्थि त्ति. આ અંત્ય ગ્રંથ વડે કહે છે—

● **સૂત્ર-૪૭૨,૪૭૩ :-**

***[૪૭૨] - (૧) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા નામક મહાનદીની ઉત્તર દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે - માલ્યવંત, ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ.***

***(૨) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા મહાનદીની દક્ષિણ દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે - ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન, સૌમનસ.***

***(૩) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં સીતોદા મહાનદીની દક્ષિણ દિશાએ પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે - વિદ્યુત્પ્રભ, અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ, સુખાવહ.***

***(૪) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં સીતોદા મહાનદીની ઉત્તર દિશાએ પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે તે આ પ્રમાણે - ચંદ્રપર્વત, સૂર્યપર્વત, નાગપર્વત, દેવપર્વત, ગંધમાદન.***

***(૫) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની દક્ષિણ દિશામાં દેવકુરુ નામના કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહો કહેલા છે તે આ પ્રમાણે - નિષધદ્રહ, દેવકુરુદ્રહ, સૂર્યદ્રહ, સુલસદ્રહ, વિદ્યુત્પ્રભ.***

*(૬) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની ઉત્તર દિશામાં ઉત્તરકુરુ નામક કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહો કહેલા છે. તે આ પ્રમાણે - નીલવંતદ્રહ, ઉત્તરકુરુદ્રહ, ચંદ્રદ્રહ, ઐરાવતદ્રહ, માલ્યવંતદ્રહ.*

*(૭) બધાં વક્ષસ્કાર પર્વત સીતા અને સીતોદા મહાનદી અથવા મેરુ પર્વતની દિશામાં ૫૦૦ યોજન ઉંચા અને ૫૦૦ ગાઉની ઉંડાઈવાળા છે.*

*૦ ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશાએ પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે - માલ્યવંત, એ રીતે યાવત્ જેમ જંબૂદ્વીપમાં કહેલ છે તેમ યાવત્ પુષ્કરવર દ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં વક્ષસ્કાર પર્વતો, દ્રહો અને ઉચ્ચત્વ કહેવું.*

*૦ સમયક્ષેત્રમાં પાંચ ભરત અને પાંચ ઐરાવત છે એમ જેવી રીતે ચોથા સ્થાનના બીજા ઉદ્દેશામાં કહેલ છે તેમ અહીં પણ કહેવું યાવત્ પાંચ મેરુ, પાંચ મેરુ ચૂલિકાઓ છે. વિશેષ એ કે -ઇષુકાર પર્વત ન કહેવા.*

*[૪૭૩] કૌશલિક અરિહંત ઋષભ ૫૦૦ ધનુષ્ ઉંચાઈવાળા હતા.*

*ચાતુરંત ચક્રવર્તી રાજા ભરત ૫૦૦ ધનુષની ઉંચાઈવાળા હતા. એ પ્રમાણે બાહુબલિ અણગાર પણ એમ જ હતા. બ્રાહ્મી નામક આર્યા પણ એમ જ હતા. એ પ્રમાણે સુંદરી પણ [૫૦૦ ધનુષ] જાણવી.*

● વિવેચન-૪૭૨,૪૭૩ :-

[૪૭૨] આ સૂત્ર સરળ છે વિશેષ એ કે - માલ્યવંત નામક ગજદંત પર્વતથી પ્રદક્ષિણા કરવા વડે ચાર સૂત્રથી કહેલ વીશ વક્ષસ્કાર પર્વતો જાણવા. અહીં દેવકુરુ ક્ષેત્રમાં નિષધ નામક વર્ષધર પર્વતથી ઉત્તરદિશાએ ૮૩૪ યોજન તથા એક યોજનના સાત ભાગ કરીએ તેવા ચાર ભાગને ઉલ્લંઘીને સીતોદા મહાનદીના પૂર્વ અને પશ્ચિમ કિનારાને વિશે વિચિત્રકૂટ અને ચિત્રકૂટ નામના બે પર્વતો છે, તે ૧૦૦૦ યોજન ઉંચા, મૂલમાં ૧૦૦૦ યોજન લાંબા-પહોળા, ઉપરના ભાગે ૫૦૦ યોજન લાંબા-પહોળા, પ્રાસાદ વડે સુંદર અને પોતાના નામવાળા દેવના નિવાસભૂત છે.

તે બે પર્વતની ઉત્તર દિશામાં અનંતર કહેલ અંતરવાળો, સીતોદા મહાનદીના મધ્ય ભાગમાં રહેલ, દક્ષિણ અને ઉત્તર ૧૦૦૦ યોજન લાંબો, પૂર્વ-પશ્ચિમ ૫૦૦ યોજન પહોળો બે વેદિકા અને વનખંડ વડે ઘેરાયેલો, દશ યોજન ઉંડો દ્રહ છે. વળી વિવિધ મણિમય દશ યોજન નાલવાળો અર્ધ યોજનની જાડાઈવાળો, એક યોજનની પહોળાઈવાળો અને અર્ધ યોજનની વિસ્તારવાળી તથા એક ગાઉ ઉંચાઈવાળી કર્ણિકા યુક્ત, નિષધ નામક દેવના નિવાસભૂત ભવન વડે શોભિત મધ્યભાગવાળું મહાપદ્મ કમળ છે. તેનાથી અર્ધ યોજન પ્રમાણવાળા ૧૦૮ પદ્મ કમળો વડે અને આ કમળોથી અન્ય, સામાનિક વગેરે દેવોના નિવાસભૂત પદ્મકમળોની એક લાખ સંખ્યા વડે ચોતરફથી ઘેરાયેલ તે મહાપદ્મ વડે જેનો મધ્ય ભાગ શોભિત છે એવો નિષધ નામક મહાદ્રહ છે.

એવી રીતે બીજા દ્રહોમાં પણ નિષધ સમાન વક્તવ્યતા, પોતાના નામ સમાન





દેવોના નિવાસો અને કહેલા અંતરો જાણવા. વિશેષ એ કે - નીલવંત મહાદ્રહ, વિચિત્રકૂટ અને ચિત્રકૂટ પર્વતની વક્તવ્યતા વડે પોતાના નામ સમાન દેવોના આવાસભૂત યમક નામક બે પર્વતોથી અંતરરહિત જાણવો. ત્યારબાદ દક્ષિણથી શેષ ચાર દ્રહો જાણવા.

ઉક્ત બધા દ્રહો, દશ દશ કાંચનક નામના પર્વત વડે યુક્ત છે. તે પર્વતો ૧૦૦ યોજન ઉંચા, મૂલમાં ૧૦૦ યોજન પહોળા, ઉપરના ભાગે ૫૦ યોજન પહોળા અને પોતાના સમાન નામવાળા દેવોના આવાસ વડે પ્રત્યેક દ્રહોથી દશ દશ યોજના અંતરે પૂર્વ-પશ્ચિમ દિશામાં છે.

આ વિચિત્રકૂટાદિ પર્વતો અને દ્રહ નિવાસી દેવોની અસંખ્યેય યોજનના પ્રમાણવાળા બીજા જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજનના પ્રમાણવાળી અને તેના નામવાળી નગરીઓ છે... જંબૂદ્વીપ સંબંધી બધા વક્ષસ્કાર પર્વતો પ્રસિદ્ધ સીતા અને સીતોદા બે નદીને આશ્રીને અર્થાત્ નદીની દિશાએ અથવા મેરુ પર્વત પ્રત્યે-તેની દિશાએ તેમાં ગજદંત જેવા આકારવાળા માલ્યવંત, સૌમનસ, વિદ્યુત્પ્રભ અને ગંધમાદન પર્વતો મેરુની દિશાએ યથોક્ત સ્વરૂપવાળા છે.

અનંતર કહેલ આ સાત સૂત્ર ધાતકી ખંડના અને પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં જાણવા. આ હેતુથી જ કહ્યું કે एवं जहा जंबू ઇત્યાદિ૦ સમય - કાળ વિશિષ્ટ જ ક્ષેત્રે તે સમયક્ષેત્ર અર્થાત્ મનુષ્ય ક્ષેત્ર, તેમાં જ સૂર્યની ગતિથી જાણવા યોગ્ય ઋતુ અને અયનાદિ કાળયુક્તપણું છે. जाव पंचमंदर त्ति૦ અહીં યાવત્ શબ્દથી પાંચ હૈમવત્ ક્ષેત્રો, પાંચ હૈરણ્યવત ક્ષેત્રો અને પાંચ શબ્દાપાતી પર્વતો ઇત્યાદિની યોજના કરીને બધુંય સ્થાન-૪-ના ઉદ્દેશા-૨- અનુસાર કહેવું. વિશેષ એ કે ચોથા સ્થાનમાં ચાર ઇષુકાર પર્વતો કહ્યા છે, તે ન કહેવા.

[૪૭૩] અનંતર મનુષ્ય ક્ષેત્રે વસ્તુઓ કહી માટે તેના અધિકારથી ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાળના ભૂષણભૂત ઋષભદેવ અને તેના સંબંધથી અન્યોને પંચ સ્થાનમાં અવતારતા આ સૂત્ર કહ્યું. સૂત્ર સરળ છે. વિશેષ એ કે - કોશલદેશમાં ઉત્પન્ન થવાથી કૌશલિક, ભરત આદિ, ઋષભદેવના સંતાનો છે - - આ ઋષભાદિ સર્વે બુદ્ધ હતા. બુદ્ધ તો ભાવના મોહના ક્ષયથી અને દ્રવ્યથી નિદ્રાના ક્ષયથી થાય છે. માટે દ્રવ્ય બોધને કારણથી બતાવતા સૂત્રકાર કહે છે—

● સૂત્ર-૪૭૪,૪૭૫ :-

*[૪૭૪] પાંચ કારણે સુતેલો મનુષ્ય જાગૃત થાય છે. તે આ પ્રમાણે - શબ્દથી, સ્પર્શથી, ભોજન પરિણામથી, નિદ્રાક્ષયથી, સ્વપ્ન દર્શનથી*

*[૪૭૫] પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ, નિર્ગ્રન્થીને ગ્રહણ કરતો, ટેકો આપતો, આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. તે આ પ્રમાણે—*

*(૧) સાધ્વીને જો કોઈ પશુ કે પક્ષીજાતિય મારતા હોય ત્યારે સાધુ સાધ્વીને ગ્રહણ કરે કે અવલંબન આપે તો આજ્ઞાને અતિક્રમતો નથી.*

*(૨) સાધુ સાધ્વીને દુર્ગમાં, વિષમ માર્ગમાં સ્ખલન પામતી કે પડતી હોય*

***ત્યારે ગ્રહણ કરે કે ટેકો આપે તો આજ્ઞા ઉલ્લંઘતો નથી.***

***(૩) સાધુ સાધ્વીને જળયુક્ત પાણીમાં, કીચડમાં, શેવાળમાં કે પાણીમાં લપસતી કે તણાતી હોય ત્યારે યાવત્ આજ્ઞા ઉલ્લંઘે નહીં.***

***(૪) સાધુ સાધ્વીને નાવ પર ચડાવતા કે ઉતારતા ગ્રહણ કરે કે ટેકો આપે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.***

***(૫) ક્ષિપ્તચિત્ત, દૈપ્તચિત્ત, યક્ષાવિષ્ટ, ઉન્માદપ્રાપ્ત, ઉપસર્ગપ્રાપ્ત, કલહ માટે તૈયાર થયેલી યાવત્ ભક્ત-પાનના પ્રત્યાખ્યાનને કરેલી સાધ્વી મૂર્છા વડે પડતી કે ચલાયમાન કરાતી સાધ્વીને સાધુ ગ્રહણ કરે કે અવલંબન આપતા જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.***

**● વિવેચન-૪૭૪,૪૭૫ :-**

[૪૭૪] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - અહીં નિદ્રાનો ક્ષય તે અનંતર કારણ છે અને નિદ્રા ક્ષયના કારણપણે શબ્દાદિ જાગ્રત થવાના કારણપણાએ કહેલ છે. ભોજન પરિણામ તે ખાવાની ઇચ્છા.

[૪૭૫] અનંતર દ્રવ્ય જાગ્રત કારણથી કહ્યો. હવે અનુષ્ઠાનથી આજ્ઞાને ન ઉલ્લંઘનાર ભાવ જાગ્રતને જણાવવા માટે કહે છે - સૂત્ર સુગમ છે.

વિશેષ એ કે - બાહુ આદિ અંગને ગ્રહણ કરતો અને પડતી સાધ્વીને દેશથી ગ્રહણ કરે તે અવલંબન, તો પોતાના આચારને અથવા આજ્ઞાને ઉલ્લંઘન કરતો નથી. સાધ્વીના અભાવે ગીતાર્થ, સ્થવિર પણ જેવો તેવો સાધુ નહીં, પશુજાતિય-પુષ્ટ બળદ આદિ, પક્ષીજાતિય - ગીધ આદિ મારે ત્યારે મારતા બચાવવા આદિ કારણપણે ગ્રહણ કરતો આજ્ઞા ઉલ્લંઘતો નથી.

નિષ્કારણ ગ્રહણ કરે તો આ દોષો છે - મિથ્યાત્વ, ઉડ્ડાહણા, વિરાધના, સ્પર્શથી પરસ્પર વિકાર, ભુક્ત કે અભુક્ત ભોગીને પ્રતિગમનાદિ દોષ થાય.

દુઃખપૂર્વક જવાય તે દુર્ગ. તે ત્રણ ભેદે છે - વૃક્ષદુર્ગ, શ્વાપદ દુર્ગ, મ્લેચ્છાદિ મનુષ્ય દુર્ગ, ત્યાં અથવા માર્ગમાં. - x - તથા विषम - તે ખાડો, પાષાણાદિથી વ્યાકુળ પર્વતે ચાલવાથી સ્ખલના પામતી કે જમીન પર પડતી અથવા ભૂમિ પર ન પડેલ કે હાથ અને જાનુથી પડવું તે પ્રસ્ખલન અને સર્વાંગે પડવું તે પ્રપતન, સાધ્વીને ગ્રહણ કરતાં આજ્ઞા ઉલ્લંઘતો નથી.

જળસહિત પંક કે પનક, જેમાં ખૂંચી જવાય તે સેકમાં, કાદવમાં, આવતા પાતળા દ્રવ રૂપ કર્દમમાં કે આર્દ્ર ભૂમિમાં, પંક-પનકમાં લપસતી કે ઉદકમાં તણાતી સાધ્વીને ગ્રહણ કરતો આજ્ઞાને ઉલ્લંઘતો નથી.

પંક એટલે ચિખિલ્લ, આવતો પાતળો દ્રવ્યભૂત કર્દમ તે પનક, જે જલ સહિત તે પંક કે જનક, જેમાં ખૂંચી જવાય તે સેક. પંક-પનકમાં ચોક્કસ લપસવું થાય અને સેકમાં તણાવું થાય છે. માટી વિનાના જામેલ સેકમાં ખૂંચવું થાય અને સજલ સેકમાં તણાવું થાય છે.

નાવ પર ચડાવતો કે ઉતારતો, આજ્ઞાને ઉલ્લંઘતો નથી.



ક્ષિપ્ત - જેણીનું ચિત્ત રાગ, ભય, અપમાન વડે નાશ પામેલ છે, તે ક્ષિપ્ત ચિત્તવાળી, તેને અવલંબન આપતો સાધુ આજ્ઞા ભંગ કરતો નથી. - x - અહીં એક ગાથા છે - x - જેમ કોઈ વણિક સ્ત્રી પતિના મરણથી ક્ષિપ્તચિત્ત થઈ.

સન્માનથી અહંકારવાળું જેણીનું ચિત્ત છે તે દૈપ્તચિત્તવાળી. અનંતર કહેલ અપમાનથી ક્ષિપ્ત ચિત્ત અને સન્માનથી દૈપ્તચિત્ત છે. ઇંધણ વડે જેમ અગ્નિ દૈપ્ત થાય તેમ સન્માનથી ચિત્ત દૈપ્ત થાય છે લાભથી કે દુર્જય શત્રુને જીતવાથી પણ મદવાળો થાય છે.

યક્ષ-દેવ વડે અધિષ્ઠિત થયેલી તે યક્ષાવિષ્ટને. કહ્યું છે કે - પૂર્વભવના વૈરી વડે કે સ્નેહ વડે રાગવાળી થયેલીને યક્ષો દ્વારા આવેશ કરાય છે. उन्माद - ઉન્મત્તતાને પ્રાપ્ત તે ઉન્માદ પ્રાપ્તા. કહ્યું છે કે - ઉન્માદ બે પ્રકારે છે. એક યક્ષાદિના આવેશજન્ય, બીજો મોહનીય કર્મજન્ય. યક્ષોવેશ કહ્યો. હવે મોહજન્ય આવેશ કહે છે - સુંદર અંગોપાંગ જોઈને કોઇને ઉન્માદ થાય અથવા પિત્ત પ્રકોપથી, વાતાદિથી પણ થાય છે.

ઉપદ્રવને પ્રાપ્ત થયેલી તે ઉપસર્ગ પ્રાપ્તા. કહ્યું છે કે - દેવો સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી એમ ત્રણ પ્રકારે ઉપસર્ગ છે. તેમાં દિવ્ય ઉપસર્ગ પૂર્વે કહેલ છે, મનુષ્યકૃત ઉપસર્ગ અભિયોગથી થાય છે. તે વિદ્યા વડે, મંત્ર વડે અથવા ચૂર્ણ વડે પ્રયોગ કરવાથી પરવશ થાય છે.

અધિકરણ સહિત તે સાધિકરણા અર્થાત્ કલહ/યુદ્ધ માટે તત્પર, તેને પ્રાયશ્ચિત્ત સહિત તે સપ્રાયશ્ચિત્તા. અહીં ભાવના એ છે કે - કલહ કરવા છતાં ખમાવવાને માટે ઉઠેલી અથવા પ્રથમપણાએ પ્રાયશ્ચિત્તને વહન કરતી ભયથી ખિન્ન થયેલી અથવા પ્રાયશ્ચિત્ત વહેતા ખિન્ન થયેલી હોય.

આ ભવ પર્યન્ત જેણીએ ભક્ત-પાન પ્રત્યાખ્યાન કરેલ છે તે ભક્તપાન પ્રત્યાખ્યાતા, તે પ્રત્યે આ સંબંધે જણાવે છે કે - અન્ય સાધ્વીના વિરહમાં એકાકી સાધ્વીને જો અનશન હોય અને તેણી મૂર્છાથી પડતી હોય તેણીનું ગ્રહણ અને અવલંબન બંને કલ્પે. - - દીક્ષાથી ભ્રષ્ટ કરાવનાર પોતાના પતિ આદિથી ઉત્પન્ન થયેલ જેણી વડે તે અર્થજાતા, પતિ કે ચોરાદિ વડે સંયમથી ચલાયમાન કરાતી સાધ્વીને ગ્રહણ કે અવલંબન કરવું કલ્પે. અહીં આ અર્થને જણાવતી એક ગાથા પણ છે. [આ પાંચ કારણ કહ્યા.]

અનંતર જે સ્થાનોમાં વર્તતો નિર્ગ્રન્થ ધર્મને ઉલ્લંઘતો નથી તે સ્થાનો કહ્યા. હવે તે નિર્ગ્રન્થ વિશેષ આચાર્યના - x - અતિશય કહે છે.

**● સૂત્ર-૪૭૬ :-**

***આચાર્ય ઉપાધ્યાયને ગણને વિશે પાંચ અતિશયો કહ્યા છે, તે આ —***

***(૧) આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રયમાં પ્રવેશે ત્યારે પગને બીજા સાધુઓ દ્વારા ઝટકાવડાવે કે સાફ કરાવે તે આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.***

***(૨) આચાર્ય - ઉપાધ્યાય ઉપાશ્રયમાં મળ-મૂત્રનો ઉત્સર્ગ કરે કે તેની***

*શુદ્ધિ કરાવે તો આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી... (૩) આચાર્ય-ઉપાધ્યાય જો ઇચ્છા થાય તો વૈયાવૃત્ત્ય કરે, ઇચ્છા ન હોય તો ન કરે.*

*(૪) આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રયમાં એક કે બે રાત એકલા રહે તો પણ આજ્ઞા ઉલ્લંઘન ન થાય... (૫) આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રય બહાર એક કે બે રાત એકલા રહે તો પણ આજ્ઞા ઉલ્લંઘન ન થાય.*

● વિવેચન-૪૭૬ :-

આચાર્ય એ જ ઉપાધ્યાય તે આચાર્યોપાધ્યાય, તે કેટલાકને અર્થના દાયક હોવાથી આચાર્ય અને બીજાઓને સૂત્રના દાયક હોવાથી ઉપાધ્યાય, તેના અથવા આચાર્ય અને ઉપાધ્યાયના પણ શેષ સાધુઓને નહીં.

गण - સાધુના સમુદાયમાં વર્તનારના અથવા વર્તનાર બંનેના અથવા ગણમાં અર્થાત્ બાકી સાધુ સમુદાયની અપેક્ષાએ પાંચ અતિશયો કહ્યા છે.

ઉપાશ્રયમાં પ્રવેશ કરતા આચાર્ય-ઉપાધ્યાય બંને પગને ગ્રહણ કરીને ખંખેરાતી ધૂળથી, જેમ બીજા સાધુઓ ધૂલ વડે ન ભરાય તેમ વચન દ્વારા શિક્ષા આપીને આભિગ્રહિક મુનિ દ્વારા કે અન્ય સાધુ દ્વારા રજોહરણથી અથવા ઉનના પ્રાદપ્રોંછનને ઝટકાવતા કે પ્રમાર્જન કરાવતા, ધીમે ધીમે સાફ કરાવતા આજ્ઞાને ઉલ્લંઘતો નથી. ભાવાર્થ આ છે - અહીં રહેલ આચાર્ય, કુલ, ગણ આદિના કાર્ય પ્રસંગે બહાર નીકળેલ, તે પાછા આવેલ તે ઉત્સર્ગ માર્ગે પહેલા વસતિથી બહાર બંને પગને ઝટકાવે છે જો ત્યાં સાગરિક હોય તો વસતિની અંદર ઝટકાવે. પ્રસ્ફોટન તે પ્રમાર્જન વિશેષ છે. તે દૃષ્ટિના વ્યાપારરૂપ પ્રત્યુપેક્ષણપૂર્વક છે.

અહીં સાત ભંગ છે - (૧) ન જુએ - ન પ્રમાર્જે. (૨) ન જુએ પણ પ્રમાર્જે. (૩) જુએ પણ ન પ્રમાર્જે. (૪) જુએ અને પ્રમાર્જે. - દુષ્પ્રેક્ષણ - દુષ્પ્રમાર્જન. (૫) દુષ્પ્રેક્ષણ - સુપ્રમાર્જન, (૬) સુપ્રેક્ષણ - દુષ્પ્રમાર્જન, (૭) સુપ્રેક્ષણ-સુપ્રમાર્જન.

ઉક્ત સાત ભંગમાં છેલ્લો ભંગ શુદ્ધ છે. બાકી છ ભંગમાં સામાચારી નથી. જો સાગારિક કરનાર હોય તો સાત પગલા ભરવા માત્ર કાળ બહાર રહીને સાગારિક જાય પછી બંને પગને ઝટકાવે. કહ્યું છે - ગૃહસ્થ જનાર હોય તો સ્થવિરો મુહૂર્ત માત્ર બહાર રહે. મુહૂર્ત એટલે સાત તાલ જાણવો. ત્યારપછી વસતિમાં પ્રવેશ કરે. કોણ શેના વડે પાદ યુગલ પ્રમાર્જે ?

કોઈ અભિગ્રહ લેનાર હોય, તે સાધુ જ આચાર્યના રજોહરણ વડે અથવા અન્ય ન વાપરેલ રજોહરણ વડે પાદપ્રોંછન કરે. અથવા બીજા સાધુ કરે.

વસતિમાં પ્રવેશવાનો વિધિ - વિશાળ વસતિ છતાં અપરિભુક્ત સ્થાનમાં અને સાંકડી વસતિમાં પોતાના સંસ્તારકના સ્થાનમાં બેઠેલા આચાર્યના બંને પગ પ્રમાર્જવા યોગ્ય છે. ગણાવચ્છેદકાદિ બીજાનો પણ આ જ વિધિ છે ફક્ત અન્ય મુનિ ઘણો વખત સુધી બહાર રહે છે. - x - એટલો આ અતિશય.

આચાર્ય વિશેષ વખત બહાર ન રહે, જો રહે તો ક્યા દોષો લાગે ? તે કહે છે - તૃષા વડે, તાપ વડે પીડાયેલ સુકુમાર આચાર્યને વિશેષ સમય બહાર રહેવાથી



મૂર્છાદિ પામે, તૃષા વડે ઘણું પાણી પીએ તથા ભોજનનું અજીર્ણ થવાથી ગ્લાન થાય અને ગ્લાનપણાથી આચાર્યનું મૃત્યુ થાય અથવા સૂત્રાર્થની હાનિ થવાથી અજાણ સાધુને જ્ઞાનાદિની વિરાધના થાય.

શેષ સાધુઓ ઘણો વખત બહાર રહે તો પણ દોષ ન થાય. કેમકે તે જિતશ્રમ છે. દશવિધ વૈયાવચ્ચમાં સ્વગામમાં કે બહાર રહેતા ઘણો વ્યાયામ થાય છે, વળી સાધુઓ શીત-ઉષ્ણને સહન કરનારા છે, તેથી જ્ઞાનહાનિ ન થાય.

ઉપાશ્રય મધ્યે મૂત્ર-મળને બધું પરઠવતા, પગ આદિમાં અશુદ્ધિ હોય તેને વિશુદ્ધ કરાવતો કે શૌચભાવથી શુદ્ધિ કરાવતો આજ્ઞા ન ઉલ્લંઘે. એક વાર શુદ્ધિ કરાવવી તે વિવેચન, બહુ વાર શુદ્ધિ કરવી તે વિશોધન. કહ્યું છે કે - પુત, પાદ, હાથને લાગેલ સર્વનો ત્યાગ તે વિવેચન સ્પર્શ વડે ધોવું તે વિશોધન. તેમાં એક કે અનેક વખતનું વૈવિધ્ય છે. આજ્ઞા ઉલ્લંઘતો નથી. તેનો ભાવાર્થ આ પ્રમાણે - આચાર્ય ઉત્સર્ગથી દોષના સંભવથી વિચારભૂમિમાં ન જાય. તે બતાવે છે—

આ આચાર્ય શ્રુતવાન્ છે, ઇત્યાદિ ગુણથી પ્રથમ રસ્તામાં વ્યાપારી એક વખત વિચારભૂમિમાં જવામાં ઉભા થવું આદિ વિનયાદિ કરતા હતા, પછી બીજી વખતે આચાર્યના જવા-આવવામાં આળસથી તેઓ કરતા નથી, પણ પરાઙ્મુખ થાય છે. તેથી અન્ય લોકોને શંકા થાય કે - આ આચાર્ય હમણાં પતિત થયા હશે કેમકે વેપારીઓ અભ્યુત્થાનાદિ કરતા નથી. એવી રીતે અન્ય જીવો મિથ્યાત્વને પામે ઇત્યાદિ દોષો થાય છે. કહ્યું છે કે—

શ્રુતવાન્, તપસ્વી, પરિવારવાળા આ આચાર્ય છે, એમ માર્ગમાં હાટમાં રહેલ વેપારીઓ અભ્યુત્થાદિ કરતા હતા, પણ બીજી વખત જવામાં વિનયની હાનિ થતાં લોકો પરાંગમુખ થાય છે અને અવર્ણવાદ કરે છે. વણિકો બીજા ગુણવાન્ સાધુને પણ પૂજે છે, પણ આ આચાર્યનો વિનય કરતા નથી માટે આ આચાર્ય પતિત જણાય છે એ રીતે શ્રાવકાદિ પરાંગમુખ થાય છે.

દ્વેષીઓ મરણ, બંધન, તિરસ્કારાદિ દોષો વ્યવહારભાષ્યથી જાણવા.

પ્રભુ - સમર્થ, જો વૈયાવૃત્ય કરવામાં ઈચ્છા-અભિલાષા થાય તો ભક્ત, પાનના ગવેષણ અને ગ્રહણથી સાધુઓને માટે દેવારૂપ કરે અને જો ઇચ્છા ન થાય તો વૈયાવૃત્ય ન કરે. ભાવાર્થ આ છે - આચાર્યને ભિક્ષા ભ્રમણ કરવું ન કલ્પે. કહ્યું છે કે - જેમ ઉત્પન્ન જ્ઞાન થતા ચોત્રીશ અતિશયવાળા જિનેન્દ્રો ભિક્ષાર્થે ન જાય, તેમ આઠ ગણી સંપદારૂપ ગુણવાળા આચાર્ય શાસ્તા-તીર્થંકર માફક ભ્રમણ ન કરે. - - ભિક્ષાગમનમાં આચાર્યને આ દોષ—

આહારના ભાર વડે પીડા થાય, ઉંચા-નીચા સ્થાને શ્વાસ ચડે, મૂર્છા આવવાથી વિશેષ પાણી પીવાથી શરદી આદિ થાય, ગ્લાનતાથી સૂત્રાર્થાદિ પોરિસિનો ભંગ થાય. આવા અનેક દોષો વ્યવહાર ભાષ્યમાં કહ્યા છે. તે ત્યાંથી જાણવા. આ દોષો સામાન્ય સાધુને પણ પ્રાયઃ સમાન હોય છે તો પણ ગચ્છના કે તીર્થના મહાઉપકારી હોવાથી અથવા રક્ષા કરનારા હોવાથી આચાર્યનો અતિશય કહેલ છે. કહ્યું છે કે - જે પુરુષને

કુલ સ્વાધીન છે, તેની આદર વડે રક્ષા કરવી, પૈડાનો નાશ થતા તેના આધારવાળા આરકો રહેતા નથી અર્થાત્ આચાર્ય આધારભૂત છે - આ ત્રીજો અતિશય.

ઉપાશ્રયમાં એક રાત પર્યન્ત વિદ્યાદિના સાધન માટે એકાકી એકાંતમાં વસતા આચાર્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. તેમને આગળ કહેવાનાર દોષોનો અસંભવ છે. બીજાને તો સદ્‌ભાવ છે. આ ચોથો અતિશય જાણવો... એ રીતે પાંચમો પણ જાણવો. આ બંનેનો ભાવાર્થ આ છે—

ઉપાશ્રયમાં ગુપ્ત સ્થાનમાં જે પૃથક્ રહે અથવા ઉપાશ્રયની બહાર શૂન્ય ગૃહાદિમાં રહે, તેમાં સામાચારી નથી. તેમાં આ દોષો - પુરુષ વેદોદયથી જનરહિતમાં હસ્તકર્માદિથી સંયત ભેદ થાય, મેં મર્યાદા ઉલ્લંઘી એમ માનીને વૈહાયાસાદિ મરણ સ્વીકારે. - x - જો સંયમ ભાવરહિત હોય તો પણ સમુદાયમાં બીજા મુનિથી રક્ષણ થાય, જેમ છેદાયેલ વંશ ભૂમિ પર ન પડે.

નિષ્કારણ ગર્વથી જુદા વસનારા ગણી અને આચાર્યને આ પ્રમાણે દોષ થાય છે - તો સૂત્રમાં એકાકીપણાની આજ્ઞા કેમ ? કારણ હોય તો. ભિક્ષુને પણ કારણે બહાર રહેવાની આજ્ઞા છે. શું કારણ છે ? તે કહે છે - આચાર્યો પર્વ પર્વમાં વિદ્યાઓની પરિપાટી કરે છે. જેમકે મહાપ્રાણ. તે કારણે વસતિની અંદર કે બહાર રહે છે.

આચાર્યના ગણને વિશે અતિશયો કહ્યા. હવે તે જ અતિશયથી વિપર્યયભૂત ગણથી નીકળવાના કારણો કહે છે—

● **સૂત્ર-૪૭૭,૪૭૮ :-**

***[૪૭૭] પાંચ કારણ વડે આચાર્ય-ઉપાધ્યાયનું ગણથી નીકળવું થાય છે, તે આ - (૧) આચાર્ય-ઉપાધ્યાય પોતાના ગણમાં આજ્ઞા કે ધારણાને સારી રીતે પાલન ન થતું હોય, (૨) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં યથારાત્નિક વંદન વ્યવહાર અને વિનય સમ્યક્ પળાવી ન શકે. (૩) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં જે શ્રુત-પર્યાયના ધારક છે તેને કાળે સમ્યક્ અનુપ્રવાદ ન કરે. (૪) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં સ્વગણ કે પરગણ સંબંધી સાધ્વીમાં બહિર્લેશ્ય થાય. (૫) તેમના મિત્ર કે જ્ઞાતિજન કોઈ કારણથી ગણમાંથી નીકળેલ હોય તેનો સંગ્રહ અને ઉપષ્ટંભ આપવા માટે ગણથી નીકળવું થાય.***

***[૪૭૮] પાંચ ભેદે ઋદ્ધિવાળા મનુષ્યો કહેલા છે. તે આ - અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને ભાવિતાત્મા અણગાર.***

● **વિવેચન-૪૭૭,૪૭૮ :-**

[૪૭૭] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - આચાર્ય-ઉપાધ્યાયનું કે આચાર્ય અને ઉપાધ્યાયનું ગણ-ગચ્છથી નીકળવું તે ગણ અપક્રમણ. આચાર્ય ઉપાધ્યાય ગચ્છના વિષયમાં યોગોમાં પ્રવર્તનરૂપ આજ્ઞાને કે વિધેયોનું નિવર્તન લક્ષણ ધારણાને યથાયોગ્ય પ્રવર્તન કરનારા થતા નથી. કહેવા એમ માંગે છે કે - ગણના દુર્વિનીતત્વથી તેમને યોગાદિમાં જોડવા અશક્ત થાય ત્યારે તે ગણથી નીકળે છે. જેમ કાલકાચાર્ય.



તે એક.

ગણના વિષયમાં યથા જ્યેષ્ઠ - પર્યાયાદિથી, તેને કૃતિકર્મ, વિનયને સારી રીતે પ્રયોજનાર થતો નથી. કેમકે આચાર્યની સંપદાથી અભિમાનત્વ હોય છે. તેથી આચાર્યએ પણ પ્રતિક્રમણ-ક્ષામણાદિમાં ઉચિત વિનય કરવો જ જોઈએ. એ બીજું...

આચાર્ય-ઉપાધ્યાય, જે શ્રુતના પર્યાયો-ઉદ્દેશક, અધ્યયનાદિને વિસ્મરણ ન થવાથી હૃદયમાં ધારે છે, તે શ્રુતપર્યાયોને યથાવસર સાધુને ભણાવતા નથી. ગણે ત્તિ શબ્દનો અહીં સંબંધ કરાય છે તથા ગણના વિષયમાં અર્થાત્ ગણને આચાર્યના અવિનીતપણાથી, સુખ લંપટતાથી કે મંદ પ્રજ્ઞાત્વથી ગચ્છથી નીકળે છે. આ ત્રીજું.

ગણમાં વર્તતા આચાર્ય-ઉપાધ્યાય, સ્વગચ્છ અને પરગચ્છની સાધ્વી પ્રત્યે તથાવિધ અશુભકર્મવશ થઈને સકલ કલ્યાણના આધારભૂત સંયમ મહેલ મધ્યેથી બહાર લેશ્યા - જેનું અંતઃકરણ છે તે અર્થાત્ આસક્ત થાય છે, એ રીતે ગણથી નીકળે છે. અધિક ગુણત્વથી આ અસંભવ છે એમ ન કહેવું, કેમકે વજ્ર જેવા ભારે અને ચીકણા એવા નિબિડ કર્મ જ્ઞાનાઢ્યને પણ માર્ગથી પતિત કરીને ઉન્માર્ગમાં લઈ જાય છે. આ ચોથું.

તે આચાર્યાદિના મિત્ર અને સ્વજન વર્ગ કોઈ કારણથી ગચ્છથી નીકળેલ હોય, તે મિત્ર-સ્વજનાદિના સંગ્રહાદિ અર્થે ગચ્છથી નીકળવું કહેલ છે. અહીં સંગ્રહ એટલે તેનો સ્વીકાર અને ઉપગ્રહ એટલે વસ્ત્રાદિ સહાય. તે પાંચમું.

[૪૭૮] આચાર્યનું ગણથી નીકળવું કહ્યું, તે આચાર્ય ઋદ્ધિવંત મનુષ્ય હોય છે, તે અધિકારથી ઋદ્ધિવંત મનુષ્ય વિશેષને કહે છે - સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - ઋદ્ધિ - આમર્ષૌષધિ આદિ સંપત્તિ. તે આ - આમર્ષૌષધિ, વિપ્રુડૌષધિ, ખેલૌષધિ, જલ્લૌષધિ, સર્વૌષધિ, આશીવિષત્વ, આકાશગામિત્વ અક્ષિણમહાનસિકત્વ, વૈક્રિયકરણ, આહારકત્વ, તેજોનિસર્જન, પુલાકત્વ, ક્ષીરાશ્રવત્વ, મધ્વાશ્રવત્વ, સર્પિરાશ્રવત્વ, કોષ્ઠબુદ્ધિતા, બીજબુદ્ધિતા, પદાનુસારિતા, સંભિન્ન શ્રોતૃત્વ, પૂર્વધરતા, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, અર્હત્‌લબ્ધિ, ગણધર લબ્ધિ, ચક્રવર્તિતા, બલદેવતા, વાસુદેવતા, આદિ અનેક પ્રકારે લબ્ધિઓ જાણવી. કહ્યું છે કે—

ઉદય, ક્ષય, ક્ષયોપશમ જન્ય ઘણા પ્રકારે પરિણામ વશ જીવને લબ્ધિ ઉત્પન્ન થાય છે. આવા પ્રકારે પ્રચૂર કે અતિશયવાળી ઋદ્ધિ વિદ્યમાન છે જેઓને તે ઋદ્ધિવાળા. સદ્‌ભાવનાથી વાસિત આત્માવાળા ભાવિતાત્મા અનગારો, તેઓનું ઋદ્ધિમાનત્વ આમર્ષૌષધ્યાદિથી છે. અર્હત્ આદિ ચારને યથાસંભવ આમર્ષૌષધિ આદિથી અર્હતત્વ આદિ છે.

**સ્થાન-૫ ઉદ્દેશો-૨-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સ્થાન-૫- ઉદ્દેશો-૩ ❀

-- x -- x -- x -- x -- x --

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ છે - ઉદ્દેશા-૨-માં પ્રાયઃ જીવ ધર્મો પ્રરૂપ્યા. અહીં જીવ-અજીવના ધર્મો કહે છે. તે સંબંધે સૂત્ર—

**● સૂત્ર-૪૭૯,૪૮૦ :-**

*[૪૭૯] પાંચ અસ્તિકાયો કહ્યા છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય... ધર્માસ્તિકાય અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત, લોકવ્યાપી દ્રવ્ય છે તે સંક્ષેપથી પાંચ ભેદે છે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને ગુણથી... દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી ક્યારેય ન હતો તેમ નહીં, તેથી એમ નહીં, ન હશે એમ નહીં. તે હતો - છે અને રહેશે... તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે. ભાવથી અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, ગુણથી ગમનગુણ છે.*

*અધર્માસ્તિકાય અવર્ણ આદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે - ગુણથી સ્થિતિગુણ છે... - આકાશાસ્તિકાય અવર્ણાદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે - ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે, ગુણથી અવગાહના ગુણ છે. શેષ પૂર્વવત્.*

*જીવાસ્તિકાય - અવર્ણાદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે - દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત દ્રવ્ય છે, અરૂપી, જીવ, શાશ્વત છે, ગુણથી ઉપયોગ ગુણ છે.*

*પુદ્ગલાસ્તિકાય - પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત છે - યાવત્ - દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનંત દ્રવ્યો, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી-કાળથી ન હતો તેમ નહીં યાવત્ નિત્ય, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત, ગુણથી ગ્રહણગુણવાળો છે.*

*[૪૮૦] ગતિ પાંચ કહી છે - નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધિગતિ.*

**● વિવેચન-૪૭૯,૪૮૦ :-**

[૪૭૯] આ સૂત્રનો સંબંધ આ પ્રમાણે - અનંતર સૂત્રમાં જીવાસ્તિકાય વિશેષો ઋદ્ધિવાળા કહ્યા, અહીં તે અસંખ્યેય અને અનંત પ્રદેશ લક્ષણ ઋદ્ધિવાળા સમસ્ત અસ્તિકાયો કહેવાય છે. આ સંબંધે આ સૂત્રની વ્યાખ્યા પહેલા અધ્યયનવત્ અનુસરણીય છે. વિશેષ આ કે—

ધર્માસ્તિકાયાદિ શા માટે ઉપન્યાસ કરેલ છે ? કહે છે. ધર્માસ્તિકાય આદિ પદનું માંગલિકપણું છે તેથી પહેલાં ધર્માસ્તિકાયનો ઉપન્યાસ છે, પછી ધર્માસ્તિકાયના પ્રતિપક્ષપણાથી અધર્માસ્તિકાયનો, પછી તેઓના આધારત્વથી આકાશાસ્તિકાયનો, પછી તેના આધેયભૂત જીવાસ્તિકાયનો અને પછી તેના સહાયક પુદ્ગલાસ્તિકાયનો ક્રમશઃ ઉપન્યાસ કરેલ છે.

હવે ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ ક્રમશઃ કહે છે - વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પ્રતિષેધથી અરૂપી. વર્ણાદિમત્પણું જેને છે તે રૂપી અને જે રૂપી નહીં તે અરૂપી - અમૂર્ત તથા અજીવ - અચેતન, શાશ્વત - પ્રતિક્ષણ સત્તામાં વ્યાપ્ત, તે જ સ્વરૂપે નિત્ય હોવાથી અવસ્થિત છે. લોકનું અંશભૂત દ્રવ્ય તે લોકદ્રવ્ય. કહ્યું છે કે - પંચાસ્તિકાયમય લોક અનાદિ અનંત છે.



હવે ઉક્ત સ્વરૂપનો વિસ્તાર કરવા માટે અને અનુક્તના કથન માટે કહે છે. સંક્ષેપથી પાંચ પ્રકારે છે, વિસ્તારથી તો વિશેષ પ્રકારે પણ થાય. કેવી રીતે ? કહે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રીને અને ગુણથી-કાર્યને આશ્રીને. દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, કેમકે તથાવિધ એક પરિણામ થકી એક સંખ્યાનો જ અહીં ભાવ છે. ક્ષેત્રથી લોકના પ્રમાણવાળું તે લોકપ્રમાણ - અસંખ્ય પ્રદેશો, તેનું પરિમાણ છે જેને તે લોકપ્રમાણ માત્ર.

કાળથી ક્યારેય ન હતો તેમ નહીં ઇત્યાદિ ત્રણ કાળનો નિર્દેશ છે. એ જ વિષય સહેલાઈથી સમજાય તેથી વ્યતિરેક વડે કહે છે - હતો, હોય છે, હશે એ રીતે ત્રિકાલભાવિ ધ્રુવ છે. કાળના એક વિભાગ અપેક્ષાએ જ ધ્રુવપણું ન થાઓ માટે સર્વ કાળમાં એમ જ હોવાથી નિયત છે. કાલના અનેક વિભાગોની અપેક્ષાએ જ ધ્રુવપણું ન થાઓ માટે સર્વકાળમાં એમ હોવાથી નિયત છે. તે રીતે જ નિયતત્વ ન થાય માટે પ્રલય અભાવથી શાશ્વત છે. એ રીતે સદા ભાવ વડે અક્ષય છે, પર્યાય નાશ થવા છતાં અનંતપણાથી અવ્યય છે.

એમ દ્રવ્ય-પર્યાયલક્ષણ ઉભય રૂપે અવસ્થિત છે. આ રીતે ઓઘથી નિત્ય છે અથવા જે કારણે ત્રૈકાલિક છે, એ જ કારણે અવશ્યંભાવિપણાથી સૂર્ય ઉદય વત્ ધ્રુવ છે, એક રૂપપણાથી નિયત છે. પ્રતિક્ષણ વિદ્યમાનત્વથી શાશ્વત છે. તેથી જ અવયવી દ્રવ્યોપેક્ષતાથી અક્ષય છે અથવા પરિપૂર્ણ હોવાથી અક્ષત છે. અવયવ અપેક્ષાએ અવ્યય છે. નિશ્ચલત્વથી અવસ્થિત છે.

તાત્પર્ય એ કે નિત્ય છે અથવા ઇન્દ્ર, શક્રાદિ, શબ્દવત્ ધ્રુવાદિ શબ્દો પર્યાયવાસી છે. વિવિધ દેશોત્પન્ન થયેલ શિષ્યને જ્ઞાનાર્થે ઉપન્યાસ કરેલ છે. ગુણથી ગમન-ગતિ, તેનો ગુણ-ગતિપરિણામને પ્રાપ્ત જીવ, પુદ્ગલોને સહકારી કારણપણાથી મત્સ્યોને જલની જેમ કાર્ય છે જેનું તે ગમન-ગુણ અથવા ગમનને વિશે ઉપકાર છે જેનો તે ગમનગુણ.

જેમ ધર્માસ્તિકાય કહ્યો એમ અધર્માસ્તિકાય પણ કહેવો. વિશેષ આ - અધર્માસ્તિકાય સ્થિતિરૂપ કાર્યને કરે છે. અથવા જેનાથી સ્થિતિમાં ઉપકાર થાય તે, સ્થાન ગુણ... લોક અને અલોકરૂપ ઉભય વ્યક્તિનું જે પ્રમાણ - અનંત પ્રદેશો તે જ પરિમાણ છે જેનું તે લોકાલોક પ્રમાણ માત્ર. અવગાહના - જીવ આદિ આશ્રયરૂપ ગુણ-કાર્ય છે જેનું અથવા જેનાથી અવગાહનામાં ઉપકાર થાય છે, તે અવગાહના ગુણ... અનંત જીવોનું પ્રત્યેકમાં દ્રવ્યપણું હોવાથી અનંત જીવ દ્રવ્યો છે. જીવાસ્તિકાય અમૂર્ત છે તથા ચેતનાવાળો છે ઉપયોગ - સાકાર, અનાકાર ભેદરૂપ ચૈતન્યગુણ-ધર્મ છે જેનો તે ઉપયોગ ગુણ. બાકીનું અધર્માસ્તિકાયવત્ કહેવું.

જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય લોકપ્રમાણ છે, કેમકે તે બંનેનો લોકને

વિશે સદ્ભાવ છે. ગ્રહણ - ઔદારિક શરીરાદિપણે ગ્રાહ્યતા અથવા ઇન્દ્રિયો વડે ગ્રાહ્યતા છે અથવા વર્ણાદિમત્વથી પરસ્પર સંબંધ લક્ષણ પુદ્ગલનો ગુણ - ધર્મ છે જેનો તે ગ્રહણગુણ.

[૪૮૦] અનંતર અસ્તિકાયો કહ્યા, અસ્તિકાય વિશેષ જીવાસ્તિકાય સંબંધવાળી વસ્તુને કહે છે - અધ્યયન સમાપ્તિ પર્યંત યાવત્ આ રીતે મહાસંબંધ છે - સૂત્ર સુગમ છે. વિશેષ આ - ગમન તે ગતિ અથવા જેમાં જવાય છે તે ગતિ - ક્ષેત્ર વિશેષ. અથવા જે કર્મ પુદ્ગલના સમુદાય વડે જવાય છે તે ગતિ અર્થાત્ નામકર્મની ઉત્તરપ્રકૃતિરૂપ - અથવા - જીવ અવસ્થા.

તેમાં નરકમાં ગતિ તે નિરયગતિ અથવા નરકને પ્રાપ્ત કરાવનારી ગતિ તે નરકગતિ, એ રીતે તિર્યંચોમાં કે તિર્યંચ સંબંધી કે તિર્યંચપણાને પ્રાપ્ત કરાવનારી તે તિર્યંચ ગતિ. એ રીતે મનુષ્યગતિ, દેવગતિ જાણવી.

સિદ્ધિમાં જવું કે સિદ્ધિ એવી ગતિ તે સિદ્ધિગતિ. આ નામકર્મ પ્રકૃતિ નથી. અનંતર સિદ્ધિગતિ કહી તે સિદ્ધિ, ઇન્દ્રિયના વિષય, કષાયાદિને આશ્રીને મુંડિતપણું કરવાથી હોય છે, તેથી ઇન્દ્રિયના વિષયાદિ કહે છે—

● **સૂત્ર-૪૮૧,૪૮૨ :-**

***[૪૮૧] ઇન્દ્રિયોના વિષયો પાંચ કહ્યા છે. તે આ - શ્રોત્રેન્દ્રિયના વિષય, યાવત્ સ્પર્શનેન્દ્રિયના વિષય... મુંડ પાંચ કહ્યા છે - શ્રોત્રેન્દ્રિય મુંડ યાવત્ સ્પર્શનેન્દ્રિય મુંડ - અથવા - મુંડ પાંચ ભેદે કહ્યા છે. તે આ - ક્રોધમુંડ, માનમુંડ, માયામુંડ, લોભમુંડ અને શિરમુંડ.***

***[૪૮૨] અધોલોકમાં પાંચ બાદર કહ્યા છે - પૃથ્વીકાયિક, અપ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, સ્થૂલ ત્રસ પ્રાણીઓ... ઉર્ધ્વલોકમાં પાંચ બાદર કહ્યા છે - પૂર્વવત્... તિર્છાલોકમાં પાંચ બાદર કહ્યા છે - એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય... પાંચ ભેદે બાદર તેજસ્કાયિક કહ્યા - અંગારા, જ્વાલા, મુર્મુર, અર્ચિ, અલાત... બાદર વાયુકાયિક પાંચ ભેદે કહ્યા - પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, દક્ષિણનો વાયુ, ઉત્તરનો વાયુ, વિદિશાનો વાયુ... પાંચ ભેદે અચિત વાયુકાયિક છે - આક્રાંત, ધ્માત, પીડિત, શરીરાનુગત, સંમૂર્છિમ.***

● **વિવેચન-૪૮૧,૪૮૨ :-**

[૪૮૧] સૂત્ર સુગમ છે. વિશેષ આ - ઐશ્વર્યવાન્ હોવાથી ઇન્દ્ર - જીવ. સર્વ વિષયની ઉપલબ્ધિ અને સર્વ ભોગલક્ષણ પરમ ઐશ્વર્ય યોગથી તે જીવનું લિંગ તે ઇન્દ્રિય અથવા તેનાથી દૃષ્ટ, સૃષ્ટ, જુષ્ટ, દત્ત તે શ્રોત્રાદિ.

તે નામાદિ ભેદે ચાર પ્રકારે - તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યેન્દ્રિય બે ભેદે - નિવૃત્તિ, ઉપકરણ. ભાવેન્દ્રિય બે ભેદે - લબ્ધિ, ઉપયોગ... તેમાં નિર્વૃત્તિ તે આકાર. તે બાહ્ય - અભ્યંતર છે. તેમાં બાહ્ય - અનેક પ્રકારે છે, અભ્યંતર - ક્રમશઃ શ્રોત્ર આદિ - (૧) કદંબપુષ્પ, (૨) ધાન્યમસુર, (૩) અતિમુક્ત પુષ્પચંદ્રિકા, (૪) ક્ષુરપ્ર, (૫) વિવિધ પ્રકારના સંસ્થાનવાળી છે.



ઉપકરણેન્દ્રિય - વિષય ગ્રહણમાં સામર્થ્ય, છેદવા યોગ્યને છેદવામાં ખડ્ગની ધારા સમાન છે, જેની શક્તિ હણાતા નિર્વૃત્તિના સદ્ભાવ છતાં પણ વિષયને ગ્રહણ ન કરે. લબ્ધિ ઇન્દ્રિય છે તે તેના આવરકના ક્ષયોપશમ રૂપ છે. ઉપયોગ ઇન્દ્રિય સ્વવિષયમાં વ્યાપાર રૂપ છે. અહીં ચાર ગાથા વૃત્તિકારે નોંધી છે. તે ઉક્ત અર્થને જણાવે છે... લબ્ધિઇન્દ્રિય પ્રાપ્ત થયા પછી બાહ્ય અભ્યંતર નિવૃત્તિ ઇન્દ્રિય પ્રાપ્ત થાય, પછી ઉપકરણેન્દ્રિય અને પછી ઇન્દ્રિયના વિષયમાં વ્યાપારરૂપ ઉપયોગેન્દ્રિય પ્રાપ્ત થાય.

શ્રોત્રાદિ ઇન્દ્રિયનો જે પોતાના શબ્દાદિ વિષયમાં પરિચ્છેદરૂપ વ્યાપાર તે ઉપયોગ, તે એક સમયમાં દેવાદિકોને પણ એક જ હોય છે, તેથી ઉપયોગની અપેક્ષાએ સર્વ જીવો એકેન્દ્રિય છે. શેષ ઇન્દ્રિય અપેક્ષાએ જીવોના એકેન્દ્રિયાદિ ભેદો કહ્યા છે અથવા લબ્ધિ ઇન્દ્રિય અપેક્ષાએ સર્વે જીવો પંચેન્દ્રિય છે.

જે કારણે બકુલ આદિમાં શેષ ઇન્દ્રિય ઉપલંભ પણ દેખાય છે, તેના વડે તેઓના તદાવરક કર્મોના ક્ષયોપશમથી સંભવે છે. ક્રિયાના અર્થી જીવો વડે ઇચ્છાય છે અથવા જણાય છે તે અર્થો. ઇન્દ્રિયોના અર્થો તે ઇન્દ્રિયાર્થો અર્થાત્ શબ્દાદિ વિષયો. જેના વડે સંભળાય તે શ્રોત્ર, તે ઇન્દ્રિય તે શ્રોત્રેન્દ્રિય, તેનો અર્થ તે શ્રોત્રેન્દ્રિયાર્થ - શબ્દ. એ રીતે ક્રમશઃ રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ચક્ષુ.

મુંડન તે મુંડ - દૂર કરવું. તે બે ભેદે - દ્રવ્યથી, ભાવથી. તેમાં દ્રવ્યથી મસ્તકના કેશને દૂર કરવા ભાવથી ઇન્દ્રિય વિષય પ્રાપ્ત રાગ-દ્વેષને અથવા કષાયોને ચિત્તથી દૂર કરવા. મુંડનલક્ષણ ધર્મના યોગથી પુરુષ મુંડ કહેવાય. શ્રોત્રેન્દ્રિયને વિશે કે શ્રોત્રેન્દ્રિય વડે મુંડ, પગ વડે લંગડો ઇત્યાદિની જેમ. શ્રોત્રેન્દ્રિય મુંડ શબ્દના વિષયમાં રાગાદિના ખંડનથી શ્રોત્રેન્દ્રિયાર્થ મુંડ, એવી રીતે સર્વત્ર જાણવું. ક્રોધને વિશે મુંડ તે ક્રોધમુંડ. તેનું છેદન કરતા એ રીતે માન આદિમાં પણ જાણવું. મસ્તકમાં કે મસ્તકથી તે શિરોમુંડ.

[૪૮૨] આ મુંડિતપણું બાદર જીવ વિશેષોને હોય છે, માટે ત્રણ લોકની અપેક્ષાએ બાદર જીવકાયોની પ્રરૂપણા માટે ત્રણ સૂત્ર કહે છે - તે સુગમ છે.

વિશેષ એ કે - અધો, ઉર્ધ્વલોકમાં તેજસ્કાયિક જીવો નથી માટે પાંચ બાદર કાયો કહ્યા, અન્યથા છ હોય. અધોલોકગ્રામોમાં જે બાદર તેજસો છે તે અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી અને જે બે ઉર્ધ્વકપાટને વિશે છે તે ઉત્પન્ન થવાવાળા હોવા વડે ઉત્પત્તિ સ્થાનમાં ન રહેલ હોય કહ્યા નથી. ત્રસત્વ તેઉ તથા વાયુમાં પ્રસિદ્ધ છે. તેથી તેનો નિષેધ કરવા વડે દ્વીન્દ્રિયાદિનું ગ્રહણ કરવા માટે ઓરાલા-એકેન્દ્રિયની અપેક્ષાએ સ્થૂલ. એક ઇન્દ્રિય-કરણ સ્પર્શન લક્ષણ તે એકેન્દ્રિય જાતિનામ કર્મોદયથી અને તદાવરક કર્મક્ષયોપશમ થકી છે જેઓને તે પૃથ્વી આદિ એકેન્દ્રિય જાણવી. એ રીતે બેઇન્દ્રિયાદિ.

વિશેષ એ કે - ઇન્દ્રિય વિશેષ તે જાતિવિશેષ કહેવા. એકેન્દ્રિયો છે તેમ કહેતા, હવે પાંચ સ્થાનકને અનુસરનારે વિશેષથી ત્રણ સૂત્ર વડે કહે છે—

અંગારા પ્રસિદ્ધ છે, જ્વાલા-છેદાયેલ મૂળવાળી અગ્નિની શિખા, અર્ચિ અછિન્ન મૂલા અગ્નિશિખા, મુર્મુર-ભસ્મ મિશ્ર અગ્નિકણરૂપ, અલાત-ઉંબાડીયું.

પ્રાચીનવાત - પૂર્વનો વાયુ, પ્રતીચીન - પશ્ચિમ, દક્ષિણ-પ્રસિદ્ધ, ઉદીચીન ઉત્તર, તેનાથી જુદો વાયુ તે વિદિશાનો વાયુ. પગ આદિથી દબાવે છતે ભૂતકાળ આદિમાં જે થાય, તે આક્રાંત વાયુ. ધમણ આદિથી ધમાતા છતા જે વાયુ થાય તે ધ્માત, જળથી આર્દ્ર વસ્ત્રને નીચોવતા થતો વાયુ તે પીડિત, ઓડકાર-ઉચ્છ્વાસાદિ શરીરાનુગત વાયુ તે સંમૂર્છિમ. પૂર્વે અચેત પછી સચેત થાય.

પૂર્વે પંચેન્દ્રિયો કહ્યા, તેથી પંચેન્દ્રિય વિશેષને કહે છે. અથવા અનંતર સચેતન-અચેતન વાયુ કહ્યા, તેની નિર્ગ્રન્થો રક્ષા કરે માટે નિર્ગ્રન્થોને કહે છે—

● **સૂત્ર-૪૮૩ :-**

***નિર્ગ્રન્થો પાંચ ભેદે કહ્યા - પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ, સ્નાતક.. પુલાક પાંચ ભેદે છે - જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક, યથાસૂક્ષ્મ પુલાક... બકુશ પાંચ ભેદે છે - આભોગબકુશ, અનાભોગ બકુશ, સંવૃત્ત બકુશ, અસંવૃત્ત બકુશ, યથાસૂક્ષ્મ બકુશ... કુશ પાંચ ભેદે છે - જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ, ચારિત્રકુશીલ, લિંગકુશીલ, યથાસૂક્ષ્મકુશીલ... નિર્ગ્રન્થ પાંચ ભેદે છે - પ્રથમ સમય, અપ્રથમ સમય, ચરમ સમય, અચરમ સમય, યથાસૂક્ષ્મ... સ્નાતક પાંચ ભેદે છે - અજ્ઞબલ, અકર્માંશ, સંશુદ્ધ જ્ઞાનદર્શન ધર અરિહંત જિન કેવલી, અપરિશ્રાવી.***

● **વિવેચન-૪૮૩ :-**

આ છ સૂત્રો સુગમ છે. વિશેષ આ કે - મિથ્યાત્વ આદિ આભ્યંતર ગ્રંથથી અને ધર્મોપગરણ સિવાય ધન આદિ બાહ્ય ગ્રંથથી નીકળેલા તે નિર્ગ્રન્થો... પુલાક - ચોખાના કણથી શૂન્ય પલાલ જેવા. તપ, શ્રુતના હેતુવાળી સંઘાદિના પ્રયોજનમાં ચક્રવર્તી આદિને પણ ચૂર્ણ કરવામાં સામર્થ્યવાળી લબ્ધિના પ્રયોગ વડે અથવા જ્ઞાનાદિના અતિચારને સેવવા વડે જે સંયમરૂપ સાર, તેથી રહિત તે પુલાક. કહ્યું છે કે - જિનોક્ત આગમથી સદૈવ અપ્રતિપાતિ જ્ઞાનાનુસાર ક્રિયા કરનાર સાધુઓ લબ્ધિ વડે ઉપજીવન કરતા પુલાક થાય છે.

બકુશ - શબલ અર્થાત્ કાબરો. શરીર, ઉપકરણ સંબંધી વિભૂષાના અનુવર્તીપણાને લઈને શુદ્ધિ અને અશુદ્ધિ મિશ્રિત ચારિત્ર હોય છે. આ બકુશ પણ બે ભેદે છે. કહ્યું છે કે - મોહનીયનો ક્ષય કરવા તૈયાર થયેલા શરીર અને ઉપકરણની શોભાની અનુવર્તિથી બકુશ કહેવાય છે. શરીરમાં પ્રગટ વ્યતિકર વડે હાથ, પગ, મુખનું ધોવું, આંખ-કાન અને નાસિકાદિ અવયવોનો મેલ દૂર કરવો, દાંતને સાફ કરવા અને વાળને સંસ્કારવા તે દેહની શોભાને માટે આચરનારા શરીરબકુશો છે અને ઉપકરણ બકુશો તો અકાળે ધોયેલ ચોલપટ્ટક અને અંતરકલ્પાદિ સ્વચ્છ વસ્ત્રમાં પ્રીતિવાળા, પાત્ર અને દંડને પણ તેલની માત્રાથી ઉજળા કરીને શોભા માટે ઉપકરણને ધારણ કરે છે. બંને પ્રકારના બકુશો પણ ઋદ્ધિ અને યશની ઇચ્છાવાળા



હોય છે, તેમાં ઘણાં વસ્ત્ર, પાત્ર આદિ ઋદ્ધિને આ વિશિષ્ટ ગુણવાળા સાધુઓ છે. ઇત્યાદિ પ્રવાદરૂપ ખ્યાતિ ઇચ્છે છે, વળી સાતાગારવના આશ્રયવાળા હોવાથી દિવસ-રાત્રિમાં કરણીય ક્રિયાઓને વિશે સારી રીતે ઉધમવાળા થતા નથી. અવિવિક્ત પરિવારવાળા, જંઘાને ઘસનાર, તેલ આદિથી શરીરને શુદ્ધ કરનાર અને કાતર વડે કાપેલ કેશવાળો પરિવાર છે જેઓના તે. બહુ છેદ અને શબલ દોષ વડે યુક્ત નિર્ગ્રન્થ બકુશો હોય છે.

કુશીલ - કુત્સિત ઉત્તર ગુણની પ્રતિ સેવા વડે અથવા સંજ્વલન કષાયના ઉદય વડે દૂષિત હોવાથી ૧૮,૦૦૦ ભેદવાળું સદોષ શીલ છે જેનું તે કષાય કુશીલ. આ કુશીલ બે ભેદે છે. કહ્યું છે - પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ. તેમાં જે નિર્ગ્રન્થપણા પ્રત્યે તત્પર થયેલા, ઇન્દ્રિયને કાબુમાં ન રાખનારા કોઈપણ પ્રકારે કિંચિત્ પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ, પ્રતિમા અને અભિગ્રહાદિરૂપ ઉત્તરગુણોમાં વિરાધના કરતા સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે પ્રતિસેવના કુશીલો છે. જે સત્સંયતોને પણ ક્વચિત્ સંજ્વલન કષાયો ઉદીરાય છે, તે કષાય કુશીલો છે. મોહનીય કર્મરૂપ ગ્રંથથી નીકળેલ તે નિર્ગ્રન્થ તે ક્ષીણકષાય કે ઉપશાંત કષાય હોય છે... સમસ્ત ઘાતિકર્મરૂપ મળના સમૂહને ધોયેલ હોવાથી સ્નાન કરેલની જેમ સ્નાત તે સ્નાતક. તે સયોગી કેવલી અથવા અયોગી કેવલી હોય છે.

હવે એ જ પુલાક આદિ ભેદથી કહે છે—

(૧) પુલાકમાં આસેવક પુલાક પાંચ ભેદે છે અને લબ્ધિપુલાકનું એકવિધપણું હોવાથી ભેદ નથી. સ્ખલિત અને મિલિત આદિ અતિચારો વડે જ્ઞાનને આશ્રીને આત્માને અસાર કરતો તે જ્ઞાનપુલાક... કુદર્શનીઓના પરિચયાદિ વડે દર્શન પુલાક, મૂલ-ઉત્તરગુણ પ્રતિસેવનાથી ચારિત્રપુલાક, યથોક્ત લિંગથી અધિક લેવાથી કે નિષ્કારણ અન્ય લિંગ કરવાથી લિંગ - [વેશ] પુલાક, કિંચિત્ પ્રમાદાદિથી અકલ્પનીય વસ્તુ ગ્રહણથી યથાસૂક્ષ્મપુલાક છે.

બે પ્રકારવાળા બકુશના પાંચ ભેદ છે - ઇચ્છાપૂર્વક શરીર, ઉપકરણની શોભાને કરનાર તે આભોગ બકુશ. સહસાકારી તે અનાભોગ બકુશ. પ્રચ્છન્ન કરનાર તે સંવૃત્ત બકુશ, પ્રગટ કરનારને અસંવૃત્ત બકુશ. કંઈક પ્રમાદી કે આંખ વગેરેના મેલને દૂર કરનાર તે યથાસૂક્ષ્મ બકુશ.

બે પ્રકારવાળા કુશીલના પાંચ ભેદ છે - જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગને આશ્રી પ્રતિસેવના કરવાથી જ્ઞાનાદિ કુશીલ, "તપ કરે છે" એવી અનુમોદના કરવાથી હર્ષિત થાય તે યથાસૂક્ષ્મ કુશીલ. પ્રતિસેવના વડે આ પાંચ ભેદ છે. કષાય કુશીલ પણ એમ જ જાણવો. વિશેષ એ કે વિદ્યાદિનો પ્રયોગ કરે - જ્ઞાનકુશીલ, દર્શન ગ્રંથનો પ્રયોગ કરતો દર્શન કુશીલ, શાપ આપે તે ચારિત્ર કુશીલ, કષાયો વડે અન્ય વેશ કરે તે લિંગ કુશીલ, મનથી કષાયો કરે તે યથાસૂક્ષ્મકુશીલ.

અંતર્મુહૂર્ત પ્રમાણ વિશિષ્ટ નિર્ગ્રન્થ સંબંધી અદ્ધાના પહેલા સમયમાં વર્તમાન તે પ્રથમ સમય નિર્ગ્રન્થ. શેષ સમયમાં વર્તતો તે બીજો. અંતિમ સમયમાં વર્તનાર તે

ત્રીજો, છેલ્લા સમય સિવાયના સમયમાં વર્તતો તે ચોથો અને બધા સમયમાં વર્તનાર તે પાંચમો.

સ્નાતક - શરીરના અભાવે કાયયોગ નિરોધથી અછવિ કે અવ્યથક, અતિચાર રહિત હોવાથી અશબલ, કર્મને ખપાવેલ હોવાથી અકર્માંશિક, જ્ઞાનાંતર વડે સંપર્કપણું ન હોવાથી સંશુદ્ધ જ્ઞાન, દર્શનને ધરનાર અને પૂજાને યોગ્ય હોવાથી અર્હન્, કષાયોને જિતવાથી જિન, પરિપૂર્ણ જ્ઞાનાદિ રત્નત્રય છે જેને તે કેવલી, નિષ્ક્રિયપણાથી યોગ નિરોધથકી અપરિશ્રાવી.

આ સંબંધે વૃત્તિકારે બાર ગાથાઓ ઉક્ત અર્થને જણાવવા કહેલી છે. *[જેનો ઉક્ત વિવેચનમાં અર્થ પ્રાયઃ કહેવાયો છે માટે ફરી કહ્યો નથી.]*

નિર્ગ્રન્થોને જ ઉપધિ વિશેષના પ્રતિપાદન માટે બે સૂત્ર કહે છે—

● **સૂત્ર-૪૮૪ :-**

***સાધુ, સાધ્વીને પાંચ પ્રકારના વસ્ત્રો રાખવા કે પહેરવા કલ્પે છે. તે આ— જાંગિક, ભાંગિક, સાનક, પોતક, તિરિડપટ્ટ... સાધુ-સાધ્વીને પાંચ રજોહરણ ગ્રહણ કરવા અને વાપરવા કલ્પે છે. તે આ - ઉનનું, ઔષ્ટ્રિક, શાનક, વલ્વજ અને મુંજ [ઘાસ વિશેષનું].***

● **વિવેચન-૪૮૪ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - રાખવા અને પહેરવા માટે ગ્રહણ કરવું કલ્પે છે અથવા એક વખત ઉપભોગ તે ધારણા અને વારંવાર ભોગવવું તે પરિહરણા... જાંગિક-કંબલાદિ, ભંગિક-અતસીમપ, શાનક-શણનું બનેલું. પોતક-કપાસનું વસ્ત્ર, તિરીડપટ્ટ-વૃક્ષની છાલમય. કહ્યું છે કે—

ત્રસજીવોથી ઉત્પન્ન થયેલ તે જાંગમિક, તે વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયના અવયવોથી નિષ્પન્ન તેમાં પણ અનેક પ્રકાર છે - પટ્ટ - શ્રેષ્ઠ વસ્ત્ર, સુવર્ણ - વર્ણ સૂત્ર કેટલાંક કૃમિઓનો થાય છે. મલય - મલબાર દેશમાં ઉત્પન્ન, અંશુક - સુકોમળ વસ્ત્ર, ચીનાંશુક - કોશીર જાતના કૃમિથી ઉત્પન્ન કે ચીન દેશમાં થયેલ વસ્ત્ર - વિકલેન્દ્રિય જીવોના અવયવોથી બનેલા હોય છે. તથા ઉનનું વસ્ત્ર, ઉંટના વાળનું વસ્ત્ર, સસલાના વાળનું વસ્ત્ર, બકરાના વાળનું વસ્ત્ર, ગાડર વગેરેના ઉન-રોમ વગેરેથી બનેલ વસ્ત્ર તે કિટ્ટીજ વસ્ત્ર-પંચેન્દ્રિયજ હોય છે. - x - x -

અહીં પાંચ ભેદે વસ્ત્ર કહ્યા છતાં ઉત્સર્ગથી કપાસ અને ઉનનું બનેલું વસ્ત્રજ ગ્રાહ્ય હોય છે. કહ્યું છે કે—

કપાસનું વસ્ત્ર ન મળે તો વૃક્ષની છાલનું, તેના અભાવે પટ્ટ વસ્ત્ર, તેના અભાવે કોશેટાથી ઉત્પન્ન વસ્ત્ર લેવું. જો ઉનનું વસ્ત્ર ન મળે તો છાલનું અને તેના અભાવે કોશેટાથી ઉત્પન્ન વસ્ત્ર લેવું, અહીં પટ્ટ શબ્દથી તિરીડપટ્ટક કહેવાય છે અને ચ શબ્દથી અતસી વંશીમય વસ્ત્ર પણ લેવું. તે પણ અલ્પ મૂલ્યવાળું લેવા યોગ્ય છે. પાટલીપુત્ર સંબંધી અઢાર રૂપિયાથી આરંભીને એક લાખ રૂપિયા સુધીનું વસ્ત્ર મહામૂલ્યવાન્ છે.



જેના વડે રજ હરાય છે તે રજોહરણ કહ્યું છે કે - જેના વડે જીવોની બાહ્ય-અભ્યંતર રજ હરાય તે કારણમાં કાર્યોપચારથી રજોહરણ કહેવાય છે. ગાડરના રોમથી બનેલું, ઉંટના રોમથી બનેલું, શણના સૂત્રથી બનેલું, વલ્વજ ઘાસ વિશેષથી કૂટેલી છાલનું બનેલું, મુંજ જાતિના ઘાસથી બનેલું હોય.

ઔત્સર્ગિક અને આપવાદિક ભેદે રજોહરણ બે પ્રકારે છે. તે એકેક પણ નિર્વ્યાઘાતવાળું અને વ્યાઘાતવાળું એમ બે ભેદે છે. ઔત્સર્ગિક રજોહરણ બે નિષધાપટ્ટક સહિત છે અને ખુલ્લાદંડવાળું રજોહરણ તે આપવાદિક. ઉનની દશીવાળું તે નિર્વ્યાઘાતિક અને તે સિવાયનું વ્યાઘાતિક.

જે ઔત્સર્ગિક નિર્વ્યાઘાતિક તે એક ઉનનું રજોહરણ હોય છે અને ઔત્સર્ગિક વ્યાઘાતિક - ઉંટના રોમમય, શણમય, વલ્વજ-દર્ભાકૃતિ જેવું તૃણ વિશેષથી બનેલું અને મુંજથી બનેલું જાણવું. નિર્વ્યાઘાતવાળું તે આપવાદિક, તે લાકડાના દંડ સહિત દશીઓથી બનેલું અને આપવાદિક-વ્યાઘાતવાળું તે ઉંટના રોમમય, શણમય વલ્વજ, ભુંજથી બનેલ જાણવું.

રજોહરણાદિ માફક કાયાદિ પણ ધર્મ સહાયક હોવાથી તેને કહે છે—

● **સૂત્ર-૪૮૫ થી ૪૮૭**

***[૪૮૫] ધર્મને આચરનાર સાધુને પાંચ નિશ્રા કહેલ છે - તે આ છે - છ કાય, ગણ, રાજા, ગૃહપતિ અને શરીર.***

***[૪૮૬] પાંચ નિધાન કહ્યા છે તે આ છે - પુત્રનિધિ, મિત્રનિધિ, શિલ્પનિધિ, ધનનિધિ અને ધાન્યનિધિ.***

***[૪૮૭] શૌચ પ્રાંચ પ્રકારે કહેલ છે - પૃથ્વીશૌચ, જલશૌચ, અગ્નિશૌચ, મંત્રશૌચ અને બ્રહ્મશૌચ.***

● **વિવેચન-૪૮૫ થી ૪૮૭ :-**

[૪૮૫] ધર્મ-શ્રુત, ચારિત્રરૂપ ધર્મને સેવનાર તે પાંચ નિશ્રાસ્થાનો અર્થાત્ સહાયના હેતુઓ કહ્યા છે. પૃથ્વી વગેરે છ કાયો, તેઓનું સંયમમાં ઉપકારત્વ આગમમાં પ્રસિદ્ધ છે. પૃથ્વીકાયને આશ્રીને કહ્યું છે કે—

સ્થાન, નિસીદન, ત્વગ્વર્તન, ઉચ્ચાર [મળ-મૂત્ર] આદિનું ગ્રહણ અને પરઠવવું, ઘટ્ટક, ડગલકમાં અપાતો લેપ ઇત્યાદિ પ્રસંગે અચિત્ત પૃથ્વીકાયનું ગ્રહણ કરવામાં અને મૂકવામાં બહુધા પ્રયોજન હોય છે.

અપ્કાયને આશ્રીને કહે છે - પાણી સીંચવું, પીવું, હાથ વગેરે ધોવા, વસ્ત્ર ધોવા, આચમન લેવું, પાત્ર ધોવા ઇત્યાદિ કાર્યમાં તેનું પ્રયોજન છે.

તેજસ્કાયિકને આશ્રીને કહે છે - શાલી વગેરે ભોજન, પકાવેલ શાક, કાંજીનું પાણી, ગરમ છાશની આછ, ઓસામણ, ઉષ્ણોદક - ત્રણ વખત ઉભરો આવેલ જળ, ચ શબ્દથી માંડાદિ, કુલ્માષાદિ, ડગલક, રાખ, લોઢાની સોય, પિપ્પલક, ક્ષુર વિશેષાદિ અચિત્ત અગ્નિકાયનો ઉપયોગ થાય છે.

વાયુકાયને આશ્રીને કહે છે - દૈતિકના વાયુ વડે કે ધમણના વાયુ વડે મુનિને

પ્રયોજન હોય છે પણ તે ગ્લાનપણામાં હોય તો સચિત્ત વાયુ અને મિશ્ર વાયુનો પરિહાર કરવો પણ અચિત્તનો ઉપયોગ કરવો.

વનસ્પતિને આશ્રીને કહે છે - સંથારો, પાત્રા, દંડ, ક્ષૌમિક, કપાસ, પીઠ, ફલકાદિ, ઔષધ, ભૈષજ્ય આદિ અચિત્ત વનસ્પતિનું પ્રયોજન છે.

ત્રસકાયમાં પંચેન્દ્રિય તિર્યંચને આશ્રીને કહ્યું છે કે - ચર્મ, હાડકાં, દાંત, નખ, રોમ, શીંગડાદિ, અમ્લાન છાણ, ગોમૂત્રાદિ, દૂધ, દહીં આદિ પંચેન્દ્રિય તિર્યંચોના અચિત્ત અવયવો સાધુના પરિભોગમાં આવે છે.

એવી રીતે વિકલેન્દ્રિય, મનુષ્ય, દેવાદિની સહાયતા કહેવી. તથા ગણની ઉપકારિતા - ''એકલાને ધર્મ ક્યાંથી હોય ?'' આદિથી કહેવી.

ગુરુનો પરિવાર તે ગચ્છ, તેમાં વસતા ઘણી નિર્જરા થાય, કેમકે ગુણવાનનો વિનય કરવાથી સારણા આદિથી દોષની પ્રતિપત્તિ થતી નથી. પરસ્પરની અપેક્ષાએ એકબીજાને જોઈને તે તે વિનયાદિ યોગમાં પ્રવર્તતો ગચ્છવાસી મુનિ, નિશ્ચયથી મોક્ષપદનો સાધક જાણવો.

દુષ્ટ મનુષ્યોથી સાધુનું રક્ષણ કરવાથી રાજાનું ધર્મમાં સહાયકત્વ છે. લૌકિકો કહે છે - ''ક્ષુદ્રલોકો વડે આકુલ લોકને વિશે જો રાજા સાધુની રક્ષા ન કરે તો ક્ષાંત, દાંત, અહિંસક સાધુ કઈ રીતે ધર્મ કરી શકે ? વળી રાજારહિત આ લોકમાં સર્વથા ઉપદ્રવ થતાં આ બધાની ભયથી રક્ષા કરવા માટે જ ઈશ્વરે રાજાને ઉત્પન્ન કર્યો છે.''

ગૃહપતિ - શય્યાતર, તે પણ નિશ્રાનું સ્થાન છે. તે સ્થાનદાનથી સંયમમાં ઉપકાર કરનાર છે. કહ્યું છે કે - ગુણરૂપ લક્ષ્મીને આલિંગન કરનાર પ્રધાન મુનિઓને જેણે પ્રેમથી સ્થાન આપ્યુ, તેણે ધૃતિ આપી, મતિ આપી, ગતિ આપી અને સુખ પણ આપ્યું.

જે કોઈ તપ-નિયમ-યોગથી યુક્ત યતિને ઉપાશ્રય આપે છે, તેણે વસ્ત્ર, અન્ન, પાન, શયન, આસન આપ્યા તેમ જાણવું.

શરીરની ધર્મમાં સહાયતા પ્રસિદ્ધ જ છે. કહ્યું છે - શરીર ધર્મ સંયુક્ત છે માટે પ્રયત્નથી પણ તે રક્ષણ કરવા યોગ્ય છે. જેમ પર્વત પરથી પાણી ઝરે છે તેમ શરીરથી ધર્મ ઝરે છે. લોકને વિશે ધર્મ આચરનાર સાધુને પાંચ નિશ્રાપદો છે. તે આ - રાજા, ગૃહપતિ, ષટ્કાય, ગણ અને શરીર. શેષ સુગમ છે.

[૪૮૬] શ્રમણના નિશ્રાસ્થાનો કહ્યા. હવે નિધિરૂપ લૌકિક નિશ્રા સ્થાન પાંચ પ્રકારે પ્રતિપાદન કરતું સૂત્ર કહે છે - તે સુગમ છે.

વિશેષ એ કે - જેને વિશે અતિશય સ્થપાય તે નિધિ અર્થાત્ વિશિષ્ટ રત્નસુવર્ણાદિ દ્રવ્યનું પાત્ર. નિધિવત્ નિધિ. પુત્રરૂપ નિધિ તે પુત્રનિધિ. દ્રવ્યને મેળવનાર પુત્ર માતાપિતાના નિર્વાહના હેતુભૂત થવાથી તેમજ સ્વભાવે તે બંનેને આનંદ અને સુખનો કરનાર હોવાથી પુત્ર નિધિરૂપ છે. અન્ય શાસ્ત્રકારોએ કહ્યું છે કે - ''શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલી સંતતિ, તપ અને દાનથી ઉત્પન્ન થયેલ પુણ્યરૂપ જન્માંતરના ફળભૂત છે. તે આલોક પરલોકના સુખને માટે થાય છે.





મિત્રરૂપ નિધિ તે મિત્રનિધિ. કેમકે અર્થ અને કામના સાધકત્વ થકી આનંદનો હેતુ છે. કહ્યું છે કે - જેને શૂર, વિનિત, વિચક્ષણ મિત્ર નથી તેને રાજલક્ષ્મી ક્યાંથી હોય ?

શિલ્પ-ચિત્રાદિ વગેરેનું વિજ્ઞાન, તે જ નિધિ તે શિલ્પનિધિ. આ શિલ્પ વિદ્યાના ઉપલક્ષણરૂપ છે, તેથી પુરુષાર્થના સાધનભૂત હોવાથી વિદ્યા નિધિ જ ગણાય છે. કહ્યું છે કે - વિદ્યા વડે રાજને પૂજ્ય થાય, વિદ્યા વડે કામિનીને પ્રિય થાય, વિદ્યા જ સમગ્ર લોકના વશીકરણે મંત્રભૂત છે.

ધન નિધિ તે કોશ... ધાન્ય નિધિ તે કોઠાર.

[૪૮૭] અનંતર નિધિ કહ્યો. તે દ્રવ્યથી પુત્રાદિ અને ભાવથી કુશલ અનુષ્ઠાનરૂપ બ્રહ્મ છે. તે વળી શૌચપણાએ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રસંગથી શેષ શૌચને પણ કહે છે - તે સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે—

શુચિનો ભાવ તે શૌચ કે શુદ્ધિ. તે દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. તેમાં પ્રથમના ચાર દ્રવ્ય શૌચ છે. પાંચમું તે ભાવ શૌચ છે.

(૧) પૃથ્વી-માટી વડે શૌચ અર્થાત્ ઘસવું અને લેપન કરવું. શરીરાદિ થકી દુગંછનીય મળ અને ગંધનું દૂર કરવું તે પૃથ્વીશૌચ.

— અહીં પૃથ્વી શૌચને કહ્યા છતાં પણ બીજાઓ વડે જે પૃથ્વીશૌચનું લક્ષણ કહેવાય છે, તે બતાવે છે. માટી વડે શુદ્ધ લિંગમાં એક વાર, ગુદા સ્થાનને વિશે ત્રણ વાર, એક હાથમાં દશવાર અને બંને હાથમાં સાત વાર ડાહ્યા પુરુષોએ માટી વડે શુદ્ધિ જાણવી. આ પ્રમાણે ગૃહસ્થને શૌચ છે. બ્રહ્મચારીને એથી બમણું, વાનપ્રસ્થોને ત્રણ ગણું અને યતિઓને ચાર ગણો શૌચ છે - આ કથન અન્ય મતિઓનું છે, તે અહીં માન્ય નથી, પણ ગંધ આદિનો નાશ માત્રને શૌચપણાએ વિવક્ષિત હોવાથી અને તેનું જ યુક્તિયુક્તપણું હોવાથી શૌચ છે.

(૨) પાણી વડે શૌચ તે અપ્‌શૌચ અર્થાત્ ધોવું.

(૩) અગ્નિ વડે કે અગ્નિના વિકારભૂત ભસ્મ વડે શૌચ-તેજઃશોચ.

(૪) શુચિ વિદ્યા વડે શૌચ તે મંત્ર શૌચ...

(૫) બ્રહ્મ-બ્રહ્મચર્યાદિ કુશલ અનુષ્ઠાન રૂપ શૌચ તે જ બ્રહ્મશૌચ... આ બ્રહ્મના કથન વડે ચાર પ્રકારનું સત્યાદિ શૌચ પણ સંગ્રહેલું છે. તે આ પ્રમાણે—

સત્યશૌચ, તપઃશૌચ, ઇન્દ્રિય નિગ્રહરૂપ શૌચ, સર્વ પ્રાણીઓની દયારૂપ શૌચ. પાંચમું જળશૌચ છે. લૌકિકોએ સાત ભેદે શૌચ કહ્યું—

સ્વયંભૂએ સ્વયમેવ ઋષિઓને, બ્રહ્મચારીઓને દ્રવ્ય તથા ભાવ વિશુદ્ધિને માટે સાત પ્રકારના સ્નાનો કહેલા છે. આગ્નેય, વારુણ, બ્રાહ્મ્ય, વાયવ્ય, દિવ્ય, પાર્થિવ અને માનસ... આ સાત પ્રકારે સ્નાન કહ્યું.

(૧) ભસ્મ વડે સ્નાન તે આગ્નેય, (૨) જળ વડે સ્નાન તે વારુણ. (૩) આપોહિષ્ઠામય મંત્ર વડે સ્નાન તે બ્રાહ્મ્ય. (૪) ગાયોની રજ તે વાયવ્ય. (૫) સૂર્યને જોઈને પછી અન્ય વસ્તુને જોવી તે દિવ્ય. (૬) માટી વડે સ્નાન તે પાર્થિવ. (૭)

મનની શુદ્ધિ તે માનસ.

અનંતર બ્રહ્મશૌચ કહ્યું તે જીવની શુદ્ધિરૂપ છે અને જીવને છદ્મસ્થ જાણતા નથી, કેવળી જાણે છે.

● **સૂત્ર-૪૮૮ થી ૪૯૨ :-**

***[૪૮૮] આ પાંચ સ્થાનોને છદ્મસ્થ પૂર્ણરૂપે ન જાણે, ન દેખે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ પુદ્‌ગલ... આ સ્થાનોને ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર સર્વ ભાવથી જાણે છે અને જુએ છે - ધર્માસ્તિકાય યાવત્ પરમાણુ પુદ્‌ગલ.***

***[૪૮૯] અધોલોકમાં પાંચ મોટી નરકો છે. જેમકે - કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન... ઉર્ધ્વલોકમાં પાંચ મહાવિમાન છે - જેમકે - વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ વિમાન.***

***[૪૯૦] પુરુષો પાંચ ભેદે છે - હ્રીસત્વ, હ્રીમનસત્વ, ચલસત્વ, સ્થિરસત્વ, ઉદાત્તસત્વ.***

***[૪૯૧] મત્સ્ય પાંચ પ્રકારે છે. જેમકે - અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી, સર્વચારી... આ જ પ્રમાણે ભિક્ષુ પાંચ પ્રકારે કહ્યા છે. તે આ - અનુશ્રોતચારી યાવત્ સર્વચારી.***

***[૪૯૨] વનીપક પાંચ પ્રકારે કહ્યા છે. તે આ - અતિથિ વનીપક, દરિદ્રી વનીપક, બ્રાહ્મણ વનીપક, શ્વાન વનીપક, શ્રમણ વનીપક.***

● **વિવેચન-૪૮૮ થી ૪૯૨ :-**

[૪૮૮] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - છદ્મસ્થ એટલે અવધિજ્ઞાનાદિ અતિશયથી રહિત જાણવા. અન્યથા અમૂર્તપણાથી ધર્માસ્તિકાયાદિને ન જાણતો પણ પરમાણુ પ્રત્યે અવધિજ્ઞાની આદિ છદ્મસ્થ જાણે છે, કેમકે પરમાણુનું મૂર્તપણું છે. કોઈ એમ કહે કે - સૂત્રમાં ‘‘સર્વભાવ વડે ન જાણવું કહેલ છે.’’ તેથી પરમાણુને કથંચિત્ - કેટલાંક પર્યાયોને જાણતો પણ અનંત પર્યાયપણાને જાણતો નથી. જો એમ માનીએ તો સૂત્રોક્ત પાંચ સંખ્યાનો નિયમ વ્યર્થ જશે. કેમકે ઘટાદિ અનેક પદાર્થોને અકેવલી સર્વ પર્યાયો વડે જાણવા અસમર્થ છે. આ હેતુથી કહ્યું છે. કેમકે શ્રુતજ્ઞાન વડે અસાક્ષાત્કારરૂપે જાણે છે જ. આ શરીરપ્રતિબદ્ધ - દેહમુક્ત થયેલ જીવને ન જાણે. પરમાણુરૂપ પુદ્‌ગલ તે પરમાણુ પુદ્‌ગલ.

[૪૮૯] જેમ જિનેશ્વર આ પાંચ અતીન્દ્રિય પદાર્થોને જાણે છે, તેમ બીજા પણ અતીન્દ્રિય પદાર્થોને જાણે છે માટે અધોલોક અને ઉર્ધ્વલોકમાં રહેલ પાંચ સ્થાનકમાં અવતરતી અતીન્દ્રિય વસ્તુને દેખાડતા બે સૂત્રને કહે છે - તે સ્પષ્ટ છે. વિશેષ એ કે - સાતમી પૃથ્વીને વિશે અનુત્તર કેમકે વેદનાદિપણાથી અથવા તેથી આગળ નરકનો અભાવ છે. કાલાદિ ચાર નરકાવાસોનું મહાપણું ક્ષેત્રથી પણ અસંખ્યાત યોજનવાળું હોવાથી છે અને અપ્રતિષ્ઠાન નરકાવાસનું તો એક લાખ યોજન પ્રમાણ છે, પણ આયુષ્યનું અતિ મહત્પણું હોવાથી મહાનપણું છે.



એવી રીતે ઉર્ધ્વલોકને વિશે પણ જાણવું.

[૪૯૦] કાલાદિ નરકાવાસોમાં અને વિજયાદિ મહાવિમાનોમાં સત્ત્વાધિક પુરુષો જ જાય છે. આ હેતુથી સત્ત્વનું પ્રતિપાદન કરવાને કહે છે. (૧) હ્રી સત્વ - લજ્જા વડે સાધુઓના પરીષહોને વિશે અને અન્યને સંગ્રામાદિકને વિશે અવિચલરૂપ સત્વ છે જેને તે. (૨) હ્રી મનસત્વ લજ્જા વડે પણ મનમાં જ સત્વ છે જેને પણ શીત આદિને વિશે કંપાદિ વિકારના ભાવથી શરીરમાં સત્વ નથી તે. (૩) ક્ષણભંગુર છે સત્વ જેનું તે ચલ સત્વ. (૪) એનાથી વિપરીત-નિશ્ચળ હોવાથી સ્થિર સત્વ. (૫) ઉદયને પામતું પ્રવર્દ્ધમાન - વધતું સત્ત્વ છે જેને તે ઉદયન સત્વ.

[૪૯૧] અનંતર સત્વવાળો પુરુષ કહ્યો છે તે ભિક્ષુ જ છે. માટે તેનું સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે દાર્ષ્ટાન્તિક બે સૂત્રો કહે છે. મત્સ્યને લગતું વિવરણ પૂર્વવત્ સ્પષ્ટ છે. ભિક્ષુ - સાધુ તે અનુશ્રોતચારી - ઉપાશ્રયથી શરૂ કરીને ભિક્ષા કરનાર તે એક, દૂરના ઘરોથી આરંભીને ઉપાશ્રયની સન્મુખ ગૌચરી કરનાર તે બીજા. અંતચારી - પાસેના ઘરોમાં ગૌચરી કરનાર તે ત્રીજો. શેષ બે સુગમ છે.

[૪૯૨] ભિક્ષુ અધિકારથી ભિક્ષુ વિશેષને જ પાંચ પ્રકારે કહે છે - તે સ્પષ્ટ છે. વિશેષ એ કે - બીજાઓને પોતાનું દુઃખિતપણું દર્શાવવા વડે અનુકૂળ ભાષણથી જે દ્રવ્ય મેળવાય છે તે वनी પ્રતીત છે, તેને पिबति - આસ્વાદે છે અથવા पातीति - સાચવે છે તે વનીપક છે. અર્થાત્ યાચક છે અહીં તો અતિથિ આદિનો જે ભક્ત હોય છે તેની પ્રશંસા કરવા વડે તેને દાનની સન્મુખ કરે છે તે વનીપક. ભોજનના સમયમાં ઉપસ્થિત થયેલ પ્રાઘૂર્ણક તે અતિથિ. તેના દાનની પ્રશંસા વડે તે ભક્ત પાસેથી મેળવવાને ઇચ્છે છે, તે અતિથિને આશ્રીને અતિથિ વનીપક. કહ્યું છે કે - પ્રાયઃ ઘણા લોકો ઉપકારી, પરિચિત, પ્રીતિવાળાઓને દાન આપે છે, પણ તે દાન ન કહેવાય. માર્ગમાં થાકેલા અતિથિને જે દાતાર પૂજે, દાન આપે તે દાનનું મહાફળ છે.

આ રીતે બીજા પણ વનીપકો જાણવા. વિશેષ એ કે - દુઃખમાં રહેલ રંક આદિ. ઉદાહરણ - કૃપણોને, દુર્મનવાળાને, અબંધુઓને, આતંકિત-રોગીઓને, લંગડા આદિ ખંડિત અંગવાળા મનુષ્યોને દાન આપતો દાતારની પતાકા વિસ્તારે છે. કેમકે માનાદિ પૂજાને ઇચ્છતા લોકો સત્કારનારા પ્રત્યે સત્કારે છે. નિઃસ્વાર્થવૃત્તિ વડે કૃપણાદિને જે દેવાય છે, તે જ દાન શ્રેષ્ઠ છે... माहन એટલે બ્રાહ્મણ—

લોકને ઉપકાર કરનારા ભૂદેવો - બ્રાહ્મણોને નામ માત્ર ગુણરહિત જાતિ માત્ર બ્રાહ્મણોને વિશે દેવાતું દાન બહુ ફળવાળું થાય છે તો ષટ્ કર્મ કરનારાઓને વિશે દાન દેવાથી મહાફળ થાય તેમાં કહેવું જ શું ?

શ્વાન વનીપક આ પ્રમાણે જાણવા - ગાય આદિને તૃણાદિ ખોરાક સુલભ હોય છે, પણ તિરસ્કાર વડે હણાયેલ શ્વાનોને ક્યારે પણ ખોરાક સુલભ થતો નથી, તેથી તેને દેવામાં વિશેષ લાભ છે. તે શ્વાનો ગુહ્યક દેવ વિશેષ છે. કૈલાસભુવનથી ભૂમિ પર આવીને યક્ષરૂપે શ્વાનની આકૃતિ વડે ફરે છે, તેથી તેઓની પૂજા વડે હિત- અપૂજાથી અહિત થાય છે.

શ્રમણો પાંચ પ્રકારે - નિર્ગ્રન્થો, શાક્ય, તાપસ, ગૈરિક, આજીવિક.

શાક્ય વનીપકો આ પ્રમાણે - ચિત્રકાર્યમાં સ્થિર રહેલાની જેમ કરુણાવાળા અને દાનરુચિવાળા શાક્યાદિકો ભોજન કરે છે, તેથી તેમને અવશ્ય ભોજન આપવું. વિષયગૃદ્ધ બ્રાહ્મણોને અપાયેલ દાન પણ જો નાશ પામતું નથી તો પછી યતિઓને આપેલ દાન કેમ નાશ પામે ?

એ રીતે તાપસ વનીપક આદિ પણ જાણવા. વનીપક કહ્યો. તે સાધુ વિશેષ છે અને સાધુ અચેલક હોય, તેથી અચેલકત્વ પ્રશંસા સ્થાનો—

● **સૂત્ર-૪૯૩ થી ૪૯૫ :-**

***[૪૯૩] પાંચ કારણે અચેલક સાધુ પ્રશસ્ત થાય છે - (૧) અલ્પ પ્રત્યુપ્રેક્ષા, (૨) પ્રશસ્ત લાઘવપણું, (૩) વૈશ્વાસિકરૂપ, (૪) અનુજ્ઞાત તપ અને (૫) મહાન્ ઇન્દ્રિય નિગ્રહ... [૪૯૪] ઉત્કટ પુરુષ પાંચ કહ્યા. (૧) દંડ ઉત્કટ, (૨) રાજ્ય ઉત્કટ, (૩) સ્તેન ઉત્કટ, (૪) દેશ ઉત્કટ, (૫) સર્વ ઉત્કટ.***

● **વિવેચન-૪૯૩ થી ૪૯૫ :-**

[૪૯૩] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - જેને વસ્ત્ર વિધમાન નથી તે અચેલક, તે જિનકલ્પી વિશેષ છે, વસ્ત્રના અભાવથી જ હોય છે. - x - તેમાં સ્થવિરકલ્પી મુનિ અલ્પ, અલ્પ મૂલ્યવાળા, પ્રમાણોપેત, જીર્ણ, મલિન વસ્ત્રયુક્ત હોવાથી અચેલક કહેવાય છે... તીર્થંકર અને ગણધરાદિ વડે પ્રશસ્ત છે.

અચેલકને અલ્પ પ્રત્યુપેક્ષા જાણવી કેમકે પડિલેહણીય તથાવિધ ઉપધિનો અભાવ હોય છે, તેથી સ્વાધ્યાયાદિની હાનિ થતી નથી.

લઘુનો ભાવ તે લાઘવ, તે જ લાઘવિક દ્રવ્યથી અને ભાવથી પણ રાગના વિષયના અભાવથી પ્રશસ્ત-અનિંદ્ય હોય છે.

તેવા સાધુનો વેશ નિર્લોભતા સૂચક હોવાથી વિશ્વાસ પ્રયોજનભૂત છે.

ઉપકરણ સંલીનતારૂપ તપ જિનેશ્વરોને અનુજ્ઞાત-સંમત છે.

તથા મહાન ઇન્દ્રિયનિગ્રહ થાય... ઉપકરણ વિના સ્પર્શ પ્રતિકૂળ શીત, વાત, તાપાદિ સહન થતા નથી તેથી ઉપકરણ ધર્મ સહાયક છે.

[૪૯૪] ઇન્દ્રિય નિગ્રહ સત્વથી ઉત્કટ પુરુષો વડે જ શક્ય છે, માટે ઉત્કટના ભેદો કહે છે. તેમાં વિશેષ એ કે - આકરા કે વૃદ્ધિવાળા, તેમાં દંડ-આજ્ઞા કે અપરાધને વિશે દંડવું કે જેને પ્રકૃષ્ટ સૈન્ય છે તેના વડે - આજ્ઞા આદિ વડે જ આકરો છે તે દંડ ઉત્કટ અથવા દંડ વડે વૃદ્ધિને પામે તે દંડોત્કટ. આવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે - राज्य - પ્રભુતા, स्तेन - ચોર લોકો, देश - મંડલ અને सर्व - બધાનો સમુદાય.

[૪૯૫] અસંયત, દંડાદિ વડે આકરો હોય છે, સંયત તો સમિતિઓ વડે ઉત્કટ હોય છે, માટે સમિતિઓને કહે છે. - સૂત્ર સુગમ છે.

વિશેષ એ કે - सम् - એકીભાવ વડે. इति - પ્રવૃત્તિ, તે સમિતિ. અર્થાત્ સારા એકાગ્ર પરિણામની ચેષ્ટા. જવું તે ઈર્યા, તેમાં સમિતિ તે ઈર્યા સમિતિ. કહ્યું છે કે



- રથ અને ગાડું વગેરે યાન કે અશ્વાદિ વાહનો વડે ગમન કરાયેલ, સૂર્યના કિરણો વડે તપેલ, અચિત્ત અને વિવિક્ત, યુગમાત્ર દૃષ્ટિ વડે જોઇને ગમનાગમન તે ઇર્યાસમિતિ.

બોલવું તે ભાષા, તેમાં સમિતિ તે ભાષા સમિતિ. કહ્યું છે કે - હિત- મિત - સંદેહરહિત અર્થનું કહેવું તે ભાષા સમિતિ.

ગવેષવું તે એષણા, ગવેષણ - ગ્રહણ - ગ્રાસની એષણાના ભેદો અથવા શંકાદિ લક્ષણવાળા ભેદોમાં સમિતિ તે એષણા સમિતિ. કહ્યું છે કે - ગૌચરી ગયેલ સાધુએ સમ્યગ્ ઉપયોગ વડે નવ કોટિથી સર્વથા શુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા યોગ્ય છે.

તમામ ઉપધિને લેવા-મૂકવાના વિષયમાં સુંદર ચેષ્ટા તે આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ. અહીં પૂર્વોક્ત અપ્રમાર્જિત આદિ સાત ભાંગા છે... ઉચ્ચાર, પ્રસ્રવણ, ખેલ, સિંઘાણ, જલ્લની પરિષ્ઠાપનિકા, તેમાં સમિતિ તે પારિષ્ઠાપનિકા સમિતિ. તેમાં उच्चार - વિષ્ટા, प्रश्रवण - મૂત્ર, खेल - શ્લેષ્મ, जल्ल - મેલ, सिंधान - નાકના શ્લેષ્મ. - x -

સમિતિ પ્રરૂપણા જીવ રક્ષાર્થે છે. તેથી જીવ સ્વરૂપ પ્રતિપાદના કરે છે—

● **સૂત્ર-૪૯૬ થી ૫૦૩ :-**

***[૪૯૬] - (૧) સંસારી જીવો પાંચ ભેદે કહ્યા - એકેન્દ્રિયથી પંચેન્દ્રિય.***

***(૨) એકેન્દ્રિયો પાંચ ગતિ અને પાંચ આગતિવાળા છે. તે આ રીતે - એકેન્દ્રિય, એકેન્દ્રિયમાં ઉપજતો એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાંથી આવીને ઉપજે તે જ એકેન્દ્રિય જીવ. તે એકેન્દ્રિયત્વને છોડતો એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપણામાં જાય...***

***(૩) બેઇન્દ્રિય જીવો પાંચ ગતિ - પાંચ આગતિવાળા પૂર્વવત્ જાણવા...***

***(૪ થી ૬) એ રીતે યાવત્ પંચેન્દ્રિયો પાંચ ગતિ - પાંચ આગતિવાળા કહ્યા છે. યાવત્ પંચેન્દ્રિયમાં ઉપજે.***

***(૭) સર્વે જીવો પાંચ ભેદે કહ્યા - ક્રોધકષાયી યાવત્ લોભકષાયી અને અકષાયી. અથવા સર્વે જીવો પાંચ ભેદે કહ્યા છે. તે આ પ્રમાણે - નૈરયિક યાવત્ દેવ અને સિદ્ધો.***

***[૪૯૭] હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર અને કાળા ચણા - આ ધાન્યોને કોઠારમાં નાંખ્યા હોય. તો જેમ [ત્રીજા સ્થાનમાં] શાલિમાં કહ્યું, તેમ યાવત્ કેટલો કાળ તેની યોનિ સચિત્ત રહે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી. ત્યારપછી યોનિ મ્લાન થાય યાવત્ નાશ પામે.***

***[૪૯૮] - (૧) પાંચ સંવત્સરો કહ્યા. તે આ - નક્ષત્ર, યુગ, પ્રમાણ, લક્ષણ અને શનૈશ્ચર સંવત્સર... —***

***(૨) યુગ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત... —***

***(૩) પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - નત્રક્ષ, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવર્ધિત... —***

***(૪) લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે. તે આ પ્રમાણે જાણવા—***

***[૪૯૯] સમાનપણે નક્ષત્રો યોગ કરે છે, સમપણે ઋતુ પરિણમે છે, અતિ ઉષ્ણ નહીં તેમ શીત નહીં અને બહુ ઉદકવાળો તે નક્ષત્ર સંવત્સર.***

***[૫૦૦] જેમાં ચંદ્ર સર્વે પૂર્ણિમાઓ સાથે યોગ કરે છે, નક્ષત્ર વિષમચાર છે, અતિ શીત-અતિ તાપ હોય, બહુ પાણી હોય તેને ચંદ્ર સંવત્સર કહે છે.***

***[૫૦૧] વિષમપણે અંકુરા પરિણમે, ઋતુ સિવાય પુષ્પ-ફ્લાદિ આપે સારી રીતે વર્ષા ન થાય તેને કર્મસંવત્સર કહે છે.***

***[૫૦૨] જેમાં સૂર્ય પૃથ્વી, પાણી, પુષ્પ, ફળોને રસ આપે છે, તેથી અલ્પ વૃષ્ટિથી પણ સારી રીતે ધાન્ય પાકે તે સૂર્ય સંવત્સર છે.***

***[૫૦૩] જેમાં સૂર્યના તેજથી તપેલ ક્ષણ-લવ-દિવસ-ઋતુઓ પરિણમે છે, વાયુથી ઉડેલ ધૂળ પૃથ્વીને પૂરે છે, તે અભિવર્ધિત સંવત્સર છે.***

**● વિવેચન-૪૯૬ થી ૫૦૩ :-**

[૪૯૬] સ્પષ્ટ છે. વિશેષ એ કે - સંસારમાં વર્તતા જીવો. विप्रजहत् - ત્યાગ કરતો. सव्वजीवा - સંસારી અને સિદ્ધો. अकषायी - ઉપશાંતમોહાદિ.

[૪૯૭] જીવોના અધિકારથી વનસ્પતિ જીવોને આશ્રીને પાંચ સ્થાનો - अहेत्यादि॰ ત્રીજા સ્થાનકવત્ વ્યાખ્યા કરવી. વિશેષ આ - कला - વટાણા, मसूर - ચણકિકા. તલ-મગ-અડદ પ્રતીત છે. निप्फाव - વાલ, कुलत्था - ચોળા જેવી ચિપટી છે. आलिसिंदया - ચોળા, सईणा - તુવેર, કાળા ચણા.

[૪૯૮] અનંતર સંવત્સરપ્રમાણથી યોનિ વ્યતિક્રમ કહ્યો. હવે તે જ સંવત્સર વિચારાય છે, તે માટે ચાર સૂત્રો છે. તેમાં નક્ષત્ર સંવત્સર - ચંદ્રનો નક્ષત્ર સંબંધી ભોગકાળ તે નક્ષત્ર માસ. ૨૭ પૂર્ણાંક એકવીશ સડસઠાંસ - ૨૭-૨૧/$_{૬૭}$ એ રીતે બારમાસનો આ નક્ષત્ર સંવત્સર છે. તે ૩૨૭-૫૧/$_{૬૭}$ એકાવન/સડસઠાંશનો થાય છે. એમ પાંચ સંવત્સરનો એક યુગ થાય છે.

તેના એક વિભાગભૂત કહેવાતા લક્ષણવાળા ચંદ્રાદિ યુગસંવત્સર. પ્રમાણ - દિવસ આદિના પરિણામથી ઓળખાતો વક્ષ્યમાણ નક્ષત્ર સંવત્સર આદિ જ પ્રમાણ સંવત્સર. તે જ વક્ષ્યમાણ સ્વરૂપ લક્ષણોની પ્રધાનતાથી લક્ષણ સંવત્સર અને જેટલા કાલ વડે શનૈશ્ચર એક નક્ષત્રને અથવા બારે રાશિઓને ભોગવે તે શનૈશ્ચર સંવત્સર.

ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ - શનૈશ્ચર સંવત્સર ૨૮ ભેદ છે - અભિજિત, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦ વર્ષે સર્વ નક્ષત્ર મંડલને પૂર્ણ કરે છે.

યુગ સંવત્સર પાંચ ભેદે છે - તે આ - ૨૯-૩૨/$_{૬૨}$ પ્રમાણવાળો કૃષ્ણ પ્રતિપદાથી આરંભીને પૂર્ણિમાએ પૂર્ણ થયેલ તે ચંદ્રમાસ, તે માસના પ્રમાણ વડે બારમાસના પરિમાણવાળો ચંદ્ર સંવત્સર હોય છે. તેનું પ્રમાણ આ પ્રમાણે - ૩૫૪-૧૨/$_{૬૨}$ આ પ્રમાણવાળો બીજો અને ચોથો ચંદ્ર સંવત્સર જાણવો.

E:\Maharaj Saheib\Adhayan-6\Book-6C\ (108)



અભિવર્ધિત- ૩૧-૧૨૧/$_{૧૨૪}$. આવા પ્રકારના માસ વડે બાર માસના પ્રમાણવાળો ત્રીજો અભિવર્દ્ધિત સંવત્સર, તે પ્રમાણ વડે - ૩૮૩-૪૪/$_{૬૨}$ દિવસના પ્રમાણવાળો પાંચમો પણ જાણવો. આ ચંદ્રાદિ પાંચ સંવત્સરથી એક યુગ થાય છે. તે પાંચ સંવત્સરોના મધ્યે અભિવર્ધિત નામના સંવત્સરને અધિકમાસ કહે છે.

પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે - તેમાં નક્ષત્ર સંવત્સર ઉક્ત લક્ષણવાળો છે. પણ ત્યાં માત્ર નક્ષત્રમંડલનો ચંદ્રભોગ માત્ર વિવક્ષિત છે અને અહીં તો દિવસ અને દિવસના ભાગ આદિનું પ્રમાણ વિવક્ષિત છે. ચંદ્ર અને અભિવર્ધિત સંવત્સર પણ ઉક્ત લક્ષણવાળા જ છે. પણ ત્યાં યુગના વિભાગ માત્ર કહેલ છે અને અહીં દિવસ આદિના પ્રમાણ વડે કહેલ છે. આ વિશેષ ભેદ છે.

ઋતુ સંવત્સર ૩૦ અહોરાત્ર પ્રમાણવાળો ઋતુમાસ તેવા બાર ઋતુમાસ વડે સાવનમાસ અને કર્મમાસનામના પર્યાય વડે થયેલ ૩૬૦ અહોરાત્ર પ્રમાણવાળો છે. આદિત્ય સંવત્સર તે સાડાત્રીશ દિવસનો એક માસ, એવા બાર માસથી ૩૬૬ અહોરાત્ર છે.

અનંતર કહેલ એ જ નક્ષત્રાદિ સંવત્સર લક્ષણ પ્રધાનતાથી લક્ષણ સંવત્સર કહેવાય. હવે નક્ષત્રને કહે છે.

[૪૯૯] समग ગાથા. સમપણે કૃતિકાદિ નક્ષત્રો કાર્તિક પૂર્ણિમા આદિ તિથિ સાથે સંબંધ કરે છે. નક્ષત્રો તિથિઓમાં મુખ્યતાથી હોય છે. જેમ કાર્તિકી પૂર્ણિમાએ કૃતિકા. કહ્યું છે કે - [પૂર્ણિમા સહ] જેઠમાં મૂલ, શ્રાવણે ધનિષ્ઠા, માગસરે આર્દ્રા, શેષ માસ નક્ષત્ર નામવાળા છે.

જે વર્ષમાં સમપણે ઋતુ પરિણમે છે, વિષમપણે નહીં, કારતક પૂર્ણિમા પછી અનંતર હેમંતઋતુ, પોષ પછી શિશિરઋતુ જ આવે છે જેમાં અતિ ગરમી નથી કે અતિ ઠંડી નથી તે नातिउष्णनातिशीत. અને જેમાં ઘણું પાણી છે તે બહૂદક, તે લક્ષણથી નક્ષત્ર હોય છે. નક્ષત્રચાર લક્ષણ લક્ષિતત્વથી નક્ષત્ર સંવત્સર છે. - x - x -

[૫૦૦] ससि ગાથા. ચંદ્ર સાથે બધી પૂનમની રાત્રિઓ જે વર્ષમાં યોગવાળી હોય અથવા જેમાં ચંદ્રમા બધી પૂર્ણિમા જોડે યોગ કરે છે. विषमचारी - યથા યોગ્ય તિથિમાં ન વર્તનાર નક્ષત્રો જેમાં છે તે, અત્યંત શીત અને ગરમીના સદ્ભાવથી કટૂક તથા ઘણું પાણી છે તેને વિદ્વાનો લક્ષણથી ચંદ્ર સંવત્સર કહે છે. કેમકે ચંદ્રચાર લક્ષણ લક્ષિત છે.

[૫૦૧] विसम ગાથા. વિષમતાએ પલ્લવ અંકુર, તે વિદ્યમાન છે જેને તે પ્રવાલવાળા વૃક્ષો પ્રવાલપણાને પ્રાપ્ત થાય અથવા પ્રવાલવાળા વૃક્ષો વિષમપણે પરિણમે - અંકુરનું ઉગવું આદિ અવસ્થાને પામે છે. તથા ઋતુઓ સિવાયના કાળે પુષ્પ તથા ફળને આપે છે, જેમ ચૈત્રાદિ માસમાં પુષ્પાદિને દેવાવાળા આમ્રવૃક્ષો માઘ આદિમાં પુષ્પોને આપે તથા જે વર્ષમાં મેઘ બરાબર વૃષ્ટિને ન વરસાવે તે લક્ષણથી કર્મ કે ઋતુ કે સાવન સંવત્સર નામે ઓળખાય છે.

[૫૦૨] પુઢવિ ગાથા - જે વર્ષમાં પૃથ્વીના રસને અને ઉદકના રસને - માધુર્ય, સ્નિગ્ધતા લક્ષણ રસ પુષ્પ તથા ફળોને તેવા સ્વભાવથી સૂર્ય આપે છે અર્થાત્ તથાવિધ ઉદક અભાવે પણ આપે છે, જેથી અલ્પ વર્ષા વડે પણ જોઈએ તેટલું ધાન્ય ઉત્પન્ન થાય તે સૂર્ય સંવત્સર.

[૫૦૩] आइच्च - ગાથા - સૂર્યના તેજથી તપ્ત પૃથ્વી આદિના તાપમાં પણ ઉપચારથી ક્ષણ વગેરે તપ્યા તેમ માનવું. તેમાં ક્ષણ - મુહૂર્ત, લવ - ૪૯ ઉચ્છ્વાસ પ્રમાણ, दिवस - અહોરાત્ર, ऋतु - બે માસ. જેમાં અતિક્રમે છે અને જે વાયુ વડે ઉડેલ ધુળથી ભૂમિપ્રદેશ વ્યાપ્ત થાય છે, તેને આચાર્યો લક્ષણથી અભિવર્ધિત સંવત્સર કહે છે, તે જાણ.

સંવત્સરાદિ વ્યાખ્યાન પ્રાયઃ તત્ત્વાર્થાદિ ટીકા અનુસાર છે.

સંવત્સર કહ્યો તે કાળરૂપ છે, કાળ વ્યતીત થતાં શરીરથી નીકળવું થાય છે, આ હેતુથી તેના માર્ગનું નિરૂપણ કરે છે—

● **સૂત્ર-૫૦૪,૫૦૫ :-**

***[૫૦૪] શરીરમાંથી જીવને નીકળવાનો માર્ગ પાંચ પ્રકારે છે, તે આ - પગથી, સાથળથી, હૃદયથી, મસ્તકથી, સર્વાંગથી... જીવ જો પગેથી નીકળે તો નરકગામી થાય, સાથળથી નીકળે તો તિર્યંચગામી થાય, છાતીથી નીકળે તો મનુષ્યગામી થાય, મસ્તકેથી નીકળે તો દેવગામી થાય, સર્વાંગેથી નીકળતા સિદ્ધિગતિગામી થાય છે.***

***[૫૦૫] છેદન પાંચ પ્રકારે કહેલ છે. તે આ - ઉત્પાદછેદન, વ્યયછેદન, બંધછેદન, પ્રદેશછેદન, દ્વિધાકારછેદન...***

***આનંતર્ય પાંચ પ્રકારે કહેલ છે, તે આ - ઉત્પાદનાંતર્ય, વ્યયાનંતર્ય, પ્રદેશાનંતર્ય, સમયાનંતર્ય, સામયાનાંતર્ય...***

***અનંતા પાંચ ભેદે કહ્યા છે, તે આ - નામાનંત, સ્થાપનાનંત, દ્રવ્યાનંત, ગણનાનંત, પ્રદેશાનંત અથવા અનંતા પાંચ ભેદે કહ્યા. તે આ - એકતઃ અનંત, દ્વિધા અનંત, દેશવિસ્તારાનંત, સર્વવિસ્તારાનંત, શાશ્વતાનંત.***

● **વિવેચન-૫૦૪,૫૦૫ :-**

[૫૦૪] સૂત્ર સ્પષ્ટ છે. निर्याण - મરણકાળે જીવનો શરીરમાંથી નીકળવાનો માર્ગ તે નિર્યાણ માર્ગ - પગ વગેરે. તેમાં માર્ગભૂત અને કરણતાને પામેલ બંને પગ દ્વારા જીવ શરીરથી નીકળે છે. એ રીતે બંને સાથળ દ્વારા ઇત્યાદિને વિશે પણ જાણવું. હવે ક્રમશઃ આ નીકળવાના માર્ગના ફળને કહે છે - બંને પગ દ્વારા શરીરથી નીકળતો જીવ નરકમાંથી જનારો હોય છે. એ રીતે અન્યત્ર પણ જાણવું. વિશેષ એ કે - બધા અંગો તે સર્વાંગો, ત્યાંથી નીકળતો સિદ્ધિગતિને પામે છે. સિદ્ધિગતિરૂપ ભ્રમણનો અંત જેને છે તે સિદ્ધિગતિ પર્યવસાન છે.

[૫૦૫] નિર્યાણ આયુ છેદન કરતા થાય છે, માટે છેદને પ્રરૂપતા સૂત્રકાર કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - દેવત્વાદિ પર્યાયાંતરના ઉત્પાદ વડે જીવાદિ દ્રવ્યનો

E :\Maharaj Saheib\Adhayan-6\Book-6C\ (109)



વિભાગરૂપ છેદ તે ઉત્પાદછેદન.

વ્યય, મનુષ્યત્વાદિ પર્યાયના નાશ વડે જીવાદિને છેદવું તે વ્યયછેદન... જીવની અપેક્ષાએ કર્મના બંધનું છેદવું તે બંધછેદન. તથા સ્કંધોની અપેક્ષાએ સંબંધનું છેદવું તે બંધ છેદન.

જીવસ્કંધને જ નિર્વિભાગ અવયય રૂપ પ્રદેશોથી બુદ્ધિ વડે પૃથક્ કરવું તે પ્રદેશછેદન... જીવાદિ દ્રવ્યનું જે બે વિભાગરૂપ કરવું તે દ્વિધાકાર, તે જ છેદન તે દ્વિધાકાર છેદન. આ ત્રિધાકારાદિના ઉપલક્ષણ રૂપ છે... આ કથન વડે દેશથી છેદન કહ્યું અથવા ઉત્પત્તિનું છેદન એટલે વિરહ, જેમ નરકગતિમાં બાર મુહૂર્તો છે... વ્યય છેદન એટલે ઉદ્વર્તન. તે એ પ્રમાણે જ છે..

બંધનવિરહ - જેમ ઉપશાંત મોહવાળાને સપ્તવિધ કર્મબંધનની અપેક્ષાએ પ્રદેશનું છેદન તે પ્રદેશવિરહ, જેમ ક્ષય કરેલ અનંતાનુબંધી આદિ કર્મપ્રદેશોનો પ્રદેશવિરહ હોય છે.

બે ધારા છે જેની તે દ્વિધારા, તદ્રૂપ છેદન તે દ્વિધારા છેદન. ઉપલક્ષણથી એક ધારાદિ છેદન પણ જાણવું. તે ક્ષુર, તલવાર, ચક્રાદિ છેદન શબ્દના સામ્યથી અહીં ગ્રાહ્ય છે. પાઠાંતરથી પથિછેદન-એટલે માર્ગનું છેદવું - અર્થાત્ - માર્ગનું ઉલ્લંઘવું. છેદનનું વિપર્યય આનંતર્ય છે.

— તેથી કહે છે - आनंतर्य - અવિરહ, ઉત્પાદનો અવિરહ જેમ નરકગતિમાં જીવોને ઉત્કર્ષથી અસંખ્યાત સમયો સુધી છે. એ રીતે વ્યયનો પણ અવિરહ જાણવો.. પ્રદેશો અને સમયોનો અવિરહ પ્રસિદ્ધ છે.. વિવક્ષા ન કરાયેલ ઉત્પાદ, વ્યયાદિ વિશેષણવાળું આનંતર્ય સામાન્ય આનંતર્ય છે. અથવા શ્રામણ્ય વિરહ વડે જે આનંતર્ય તે શ્રામણ્યાનંતર્ય. અથવા બહુ જીવોની અપેક્ષાએ શ્રામણ્યના સ્વીકાર વડે આનંતર્ય છે.

અનંતર સૂત્રમાં આનંતર્ય કહ્યું. તે સમય અને પ્રદેશો અનંતા છે, તેથી અનંતકની પ્રરૂપણા. સૂત્ર પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - નામ વડે અનંતક તે નામ અનંતક. જેમ સિદ્ધાંત ભાષાએ વસ્ત્ર.. સ્થાપના વડે અક્ષ આદિનું સ્થાપવું તે સ્થાપના અનંતક.. જ્ઞશરીર, ભવ્ય શરીરાદિથી વ્યતિરિક્ત ગણનીય અણુ આદિ દ્રવ્યોનું અનંતક તે દ્રવ્ય અનંતક.

ગણના લક્ષણ અનંતક તે અવિવક્ષિત અણુ આદિ સંખ્યાવિશેષ તે ગણના અનંતક.. સંખ્યા કરવા યોગ્ય પ્રદેશોનું અનંતક તે પ્રદેશાનંતિક... આયામ લક્ષણ એક અંશ વડે અનંતક તે એકતઃ અનંતક-એક શ્રેણિક ક્ષેત્ર. આયામ અને વિસ્તાર બંનેથી જે અનંતર તે દ્વિધા અનંતક - પ્રતરક્ષેત્ર.. રુચક અપેક્ષાએ પૂર્વાદિ દિશામાંથી કોઈ પણ એક દિશાલક્ષણ દેશનો ક્ષેત્ર વિસ્તાર, તેના પ્રદેશાપેક્ષાએ અનંતક તે દેશવિસ્તારાનંતક.. સર્વ આકાશના વિસ્તારરૂપ ચોથું અનંતક.. શાશ્વત અનંતક કેમકે અનંત સમય સ્થિતિક હોવાથી જીવાદિ દ્રવ્ય શાશ્વત અનંતક છે.

આવા પદાર્થનો બોધ જ્ઞાનથી થાય, માટે જ્ઞાનનું સ્વરૂપ કહે છે—

● **સૂત્ર-૫૦૬,૫૦૭ :-**

***[૫૦૬] જ્ઞાન પાંચ ભેદે કહ્યું, તે આ - આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન...***

***[૫૦૭] જ્ઞાનાવરણીય કર્મ પાંચ ભેદે કહ્યું, તે આ પ્રમાણે છે - આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવલ જ્ઞાનાવરણીય.***

● **વિવેચન-૫૦૬,૫૦૭ :-**

[૫૦૬] પાંચ સંખ્યા ભેદો જેના છે તે પંચવિધ. જાણવું તે જ્ઞાન. આ ભાવ સાધન છે. જેના વડે કે જેનાથી જણાય તે જ્ઞાન. તેના આવરણનો ક્ષય કે ક્ષયોપશમ. અથવા જેમાં જણાય તે જ્ઞાન - તદાવરક ક્ષયોપશમ કે ક્ષય પરિણામ યુક્ત. જાણે છે તે જ્ઞાન, તે જ સ્વવિષય ગ્રહણરૂપ હોવાથી અર્થથી તીર્થંકરોએ અને સૂત્રથી ગણધરોએ - પ્રરૂપેલ છે.

કહ્યું છે - અરિહંતો અર્થને કહે છે, ગણધરો સૂત્રને ગુંથે છે. શાસનના હિત માટે, તેથી સૂત્ર પ્રવર્તે છે. અથવા તીર્થંકર કે પ્રાજ્ઞપુરુષ વડે કે પ્રજ્ઞા વડે આપ્ત-પ્રાપ્ત અથવા સ્વાધીન કરેલું તે પ્રાજ્ઞાપ્ત, પ્રજ્ઞાપ્ત, પ્રાજ્ઞાત્ત કે પ્રજ્ઞાત્ત. તે આ રીતે - અવિપર્યય રૂપત્વથી અર્થને સન્મુખ, નિઃશંસયત્વથી નિયત. બોધ - જાણવું તે અભિનિબોધ અથવા અભિનિબોધને વિશે થયેલ કે અભિનિબોધ વડે થયેલ અથવા તેના પ્રયોજનવાળું તે આભિનિબોધિક જ્ઞાન. જે અર્થને સન્મુખ કાર્યભૂતને નિશ્ચિત્ત જાણે છે, તે આભિનિબોધિક - અવગ્રહાદિરૂપ મતિજ્ઞાન. તેનું સ્વસંવેદિતરૂપ હોવાથી ભેદના ઉપચારથી - x - x - તે આભિનિબોધિક. તેના આવરણભૂત કર્મના ક્ષયોપશમ રૂપ છે. - x - x - x - x -

- જે સંભળાય છે તે શ્રુત-શબ્દ જ. કેમકે ભાવશ્રુતનું કારણ હોવાથી કારણમાં કાર્યોપચાર કર્યો છે. અથવા જે વડે, જેથી, જે છતે સંભળાય છે તે શ્રુત અર્થાત્ તદાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ છે અથવા શ્રુતના ઉપયોગરૂપ પરિણામથી અનન્ય હોવાથી આત્મા જ સાંભળે છે, માટે આત્મા જ શ્રુત છે. શ્રુતરૂપ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. - x -

જે વડે, જેથી, જે છતે અર્થ જણાય તે અવધિ, નીચે નીચે વિસ્તારપૂર્વક જણાય તે અવધિ, અથવા મર્યાદા વડે જણાય તે અવધિ. અવધિ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જ હોય કેમકે અવધિજ્ઞાનના ઉપયોગનો હેતુ છે અથવા જાણવું તે અવધિ - પદાર્થના વિષયનો બોધ, અવધિરૂપ જ્ઞાન તે અવધિજ્ઞાન. - x - x -

परि - સર્વ પ્રકારે, अवन - अव - अयन - જવું કે જાણવું તે પર્યાય. परि + अव કે अय કે आय તે પર્યવ, પર્યય, પર્યાય. મનમાં કે મનનો પર્યવ, પર્યય કે પર્યાય તે મનઃપર્યવ, મનઃપર્યય અથવા મનઃપર્યાય. સર્વતઃ મનનો બોધ. તે જ જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અથવા મનના પર્યાય, ભેદ - ધર્મ અર્થાત્ બાહ્ય વસ્તુના આલોચનાદિ પ્રકારો, તેઓને વિશે જ્ઞાન, તે મનઃપર્યાયજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન. - x -

E :\Maharaj Saheib\Adhayan-6\Book-6C\ (110)



કેવલ - મતિ આદિ જ્ઞાનાપેક્ષારહિત હોવાથી અસહાય અથવા આવરણ મલરૂપ કલંક રહિતતાથી શુદ્ધ અથવા સમસ્ત ઘાતિકર્મના આવરણના અભાવ વડે સંપૂર્ણરૂપે ઉત્પન્ન થવાથી સકલ અથવા અનન્ય સદૃશત્વથી અસાધારણ અથવા જ્ઞેયાનન્તત્વથી અનંત યથાવસ્થિત સમગ્ર ભૂત, વર્તમાન, ભાવિભાવના સ્વભાવનું પ્રકાશક જ્ઞાન તે કેવલજ્ઞાન.

કહ્યું છે - એક, શુદ્ધ, પરિપૂર્ણ, અસાધારણ, અનંત એવું જ્ઞાન તે કેવલજ્ઞાન. પ્રાયઃ આ જ્ઞાનશબ્દ જ્ઞાન સમાધિકરણ છે. મનઃ પર્યાય જ્ઞાનને વિશે તત્પુરુષ સમાસને બતાવેલ હોવાથી 'પ્રાયઃ' છે.

અહીં સ્વામી, કાળ, કારણ, વિષય, પરોક્ષત્વના સાધર્મ્યથી અને શેષ જ્ઞાનના સદ્‌ભાવથી આદિમાં મતિ અને શ્રુતજ્ઞાનનો ઉપન્યાસ કરેલ છે. તેથી કહે છે - જે મતિજ્ઞાનનો સ્વામી છે તે જ શ્રુતજ્ઞાનનો છે. કેમકે જ્યાં મતિજ્ઞાન ત્યાં શ્રુતજ્ઞાન. મતિજ્ઞાનનો સ્થિતિકાળ છે તેટલો જ શ્રુતજ્ઞાનનો છે. - x - સમકિતથી અપતિત જીવાપેક્ષા એ સાધિક ૬૬-સાગરોપમ કાળ છે.

બંને જ્ઞાન ક્ષયોપશમહેતુક છે. બંને સામાન્યથી સર્વ દ્રવ્યાદિ વિષયવાળા છે, બંને જ્ઞાન પરોક્ષ છે. મતિશ્રુતજ્ઞાનનો ભાવ હોવાથી જ અવધિ આદિનો ભાવ છે. - x - મતિપૂર્વક શ્રુત હોવાથી અથવા વિશિષ્ટ મતિના અંશરૂપ હોવાથી શ્રુતની પહેલાં મતિ કહેલ છે. આ અર્થ જણાવતી એક ગાથા પણ છે.

કાળ, વિપર્યય, સ્વામી અને લાભના સાધર્મ્યથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન કહે છે, તે બતાવે છે. પ્રવાહની અપેક્ષાએ જેટલો મતિ, શ્રુતજ્ઞાનનો સ્થિતિકાળ છે તેના આધારભૂત સમકિતથી અપતિત એક જીવની અપેક્ષાએ જેટલો કાળ છે તેટલો જ કાળ અવધિજ્ઞાનનો પણ છે. જેમ મતિ, શ્રુતજ્ઞાનનો વિપર્યય જ્ઞાનમાં થાય છે એ રીતે અવધિજ્ઞાન પણ મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન રૂપ થાય છે.

જે મતિશ્રુતનો સ્વામી છે, તે જ અવધિનો સ્વામી છે. વિભંગજ્ઞાની દેવાદિને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતા એક સાથે ત્રણ જ્ઞાનના લાભનો સંભવ છે. કહ્યું છે - કાળ, વિપર્યય, સ્વામીત્વ, લાભસામર્થ્ય વડે મતિ, શ્રુત પછી અવધિજ્ઞાન કહ્યું છે. તથા છદ્મસ્થ, વિષય, ભાવ, પ્રત્યક્ષત્વના સાધર્મ્યથી અવધિ પછી મનઃપર્યવજ્ઞાન કહે છે—

જેમ અવધિજ્ઞાન છદ્મસ્થને હોય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ હોય છે, જેમ અવધિજ્ઞાનરૂપી દ્રવ્યના વિષયવાળું છે તેમ આ જ્ઞાન પણ છે. વળી અવધિની જેમ આ જ્ઞાન પણ ક્ષાયોપશમિક છે. બંને જ્ઞાન પ્રત્યક્ષ છે. કહ્યું છે કે - છદ્મસ્થત્વ, વિષય, ભાવાદિના સાધર્મ્યથી અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનનો ન્યાસ છે.

મનઃપર્યવજ્ઞાન પછી કેવલજ્ઞાનનો ઉપન્યાસ છે. કારણ અપ્રમત્ત સાધુરૂપ સ્વામીના સાધર્મ્યથી તેનું બધા જ્ઞાનમાં ઉત્તમત્વ છે. તે આ પ્રમાણે - જેમ મનઃપર્યવજ્ઞાન ઉત્તમ યતિને જ થાય છે. તેમ કેવલજ્ઞાન પણ થાય છે. જે જીવ સર્વજ્ઞાન પ્રાપ્ત કરે છે તે ચોક્કસ અંતમાં કેવલજ્ઞાન પામે છે. જેમ મનઃપર્યાય જ્ઞાન વિપર્યય સહિત હોતું

નથી તેમ કેવળજ્ઞાન પણ વિપર્યય યુક્ત ન હોય.

ઉત્તમપણાથી, યતિરૂપ સ્વામિત્વથી અને અંતે લાભ થવાથી અંતે કેવળજ્ઞાનનો ઉપન્યાસ છે. મતિ શ્રુત પરોક્ષ છે, શેષ પ્રત્યક્ષ છે. ઉક્ત જ્ઞાનને આવરક જ્ઞાનાવરણ કર્મ છે, તેથી તેનું સ્વરૂપ—

[૫૦૭] સૂત્ર સુગમ છે. જ્ઞાનાવરણ કર્મ કહ્યું. તેનો નાશ કરવા માટે ઉપાયવિશેષ સ્વાધ્યાયના ભેદો કહે છે—

● **સૂત્ર-૫૦૮ થી ૫૧૦ :-**

***[૫૦૮] સ્વાધ્યાય પાંચ ભેદે કહ્યા છે, તે આ - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા... [૫૦૯] પચ્ચક્ખાણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - શ્રદ્ધાન્ શુદ્ધ, વિનય શુદ્ધ, અનુભાષણા શુદ્ધ, અનુભાવના શુદ્ધ, ભાવ શુદ્ધ...***

***[૫૧૦] પ્રતિક્રમણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - આશ્રવદ્વાર, મિથ્યાત્વ, કષાય, યોગ, ભાવ-પ્રતિક્રમણ.***

● **વિવેચન-૫૦૮ થી ૫૧૦ :-**

[૫૦૮] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - સુ - શોભન, આ - મર્યાદા વડે, अध्ययन - શ્રુતને અધિક અનુસરવું, તે સ્વાધ્યાય... જે શિષ્યને કહે છે, શિષ્ય પ્રતિ ગુરુનો પ્રયોજક ભાવ તે વાચના... વાચના લીધેલ શિષ્યને સંશયાદિ ઉત્પત્તિમાં પુનઃ પૂછવું - પૂર્વે ભણેલ સૂત્રાદિની શંકાદિમાં પ્રશ્ન કરવો તે પૃચ્છના... પૂછવાથી વિશેષ શુદ્ધ થયેલું સૂત્રનું વિસ્મરણ ન થાય તે માટે પરિવર્તના કરવી અર્થાત્ સૂત્રનું ગુણન કરવું... સૂત્ર માફક અર્થમાં પણ વિસ્મૃતિ સંભવે છે, તેથી અર્થ વારંવાર વિચારવા યોગ્ય છે, માટે અનુપ્રેક્ષવું તે અનુપ્રેક્ષા અર્થાત્ વિચારવું. એમ અભ્યસ્ત શ્રુતથી ધર્મકથા કરવા યોગ્ય છે. શ્રુતરૂપ ધર્મની જે કથા તે ધર્મકથા.

[૫૦૯] ધર્મકથારૂપ મંથન વડે સારી રીતે મંથન કરેલ છે જેણે એવા ભવ્ય જીવો શુદ્ધ પ્રત્યાખ્યાન સ્વીકારે છે, માટે પ્રત્યાખ્યાન કહે છે.

प्रति - નિષેધથી, आ - મર્યાદા વડે, ख्यान - કથન તે પ્રત્યાખ્યાન. તેમાં શ્રદ્ધાન વડે - એવા પ્રત્યય લક્ષણ વડે નિરવધ તે શ્રદ્ધાન શુદ્ધ. શ્રદ્ધાનના અભાવે પ્રત્યાખ્યાન અશુદ્ધ થાય છે. એ રીતે સર્વત્ર જાણવું અહીં નિર્યુક્તિની ગાથાઓ કહે છે—

(૧) સર્વજ્ઞે પ્રત્યાખ્યાન કહ્યું છે, જે મનુષ્ય સદ્દહે છે તેને તું શુદ્ધ શ્રદ્ધાન્ જાણ.

(૨) જે જીવ મન-વચન-કાય ગુપ્ત થઈને કૃતિકર્મની અન્યૂનાધિક વિશુદ્ધિને પ્રયોજે છે, તે વિનયશુદ્ધ જાણ.

(૩) અનુભાષણ શુદ્ધ આ પ્રમાણે - વંદન કરીને પ્રત્યાખ્યાન કરતો, ગુરુ સન્મુખ અંજલિ જોડેલ શિષ્ય અક્ષર, પદ, વ્યંજન વડે પરિશુદ્ધ ગુરુના વચનને અનુસરીને બોલે તે અનુભાષણા શુદ્ધ જાણ. વિશેષ એ કે ગુરુ वोसिरई બોલે, શિષ્ય वोसिरामि બોલે.

(૪) અનુપાલના શુદ્ધ આ પ્રમાણે - મહા અરણ્યમાં, દુર્ભિક્ષમાં, આતંકમાં,

E:\Maharaj Saheib\Adhayan-6\Book-6C\ (111)



મહારોગ ઉત્પન્ન થવા છતાં જે પાલન કર્યુ પણ ભાંગ્યું નહીં તેને તું અનુપાલના શુદ્ધ જાણ... (૫) ભાવશુદ્ધ આ પ્રમાણે - રાગ વડે, દ્વેષ વડે ઇહલોકાદિ આશંસારૂપ પરિણામ વડે જે દૂષિત ન હોય તે ચોક્કસ પ્રત્યાખ્યાન ભાવવિશુદ્ધ જાણવું.

નિર્યુક્તિમાં છટ્ઠું જ્ઞાનશુદ્ધ પણ કહેલું છે. કહ્યું છે કે - જે કાળમાં જે કલ્પને વિશે મૂલગુણ-ઉત્તરગુણોના શુદ્ધ જાણ. - - - અહીં પાંચ સ્થાનકના અનુરોધથી છટ્ઠું પ્રત્યાખ્યાન કહ્યું નથી અથવા શ્રદ્ધાન શુદ્ધ પદ વડે સંગ્રહ કરેલ છે, કારણ કે શ્રદ્ધાનનું જ્ઞાન વિશેષપણું હોય છે.

[૫૧૦] પ્રત્યાખ્યાન કરવા છતાં કદાચિત્ અતિચાર સંભવે છે તેથી પ્રતિક્રમણ કરવું જોઈએ, માટે પ્રતિક્રમણનું નિરૂપણ કરે છે—

પ્રતિકૂળ ઋમણ - ગમન કરવું તે પ્રતિક્રમણ. કહેવા માંગે છે કે - શુભ યોગોથી અશુભ યોગો પ્રત્યે ગયેલનું શુભ યોગોને વિશે પાછું આવવું તે પ્રતિક્રમણ. કહ્યું છે - પ્રમાદના વશથી પોતાના સ્થાનથી પરસ્થાનમાં ગયેલ જીવનું જે ફરીથી સ્વસ્થાનમાં જ જવું તે પ્રતિક્રમણ કહેવાય... અથવા ક્ષાયોપશમિક ભાવથી ઔદયિક ભાવને વશ થયેલ જીવનું ફરીને ક્ષાયોપશમિક ભાવમાં આવવું તે પ્રતિક્રમણ.

વિષયના ભેદથી પ્રતિક્રમણ પાંચ પ્રકારે છે, તેમાં પ્રાણાતિપાત આદિ આશ્રવના દ્વારોથી પ્રતિક્રમણ - નિવર્તવું અર્થાત્ ફરી ન કરવું તે આશ્રવદ્વાર પ્રતિક્રમણ - અર્થાત્ અસંયમનું પ્રતિક્રમણ.

આભોગ, અનાભોગ, સહસાકાર વડે મિથ્યાત્વમાં જવાની નિવૃત્તિ કરવી તે મિથ્યાત્વ પ્રતિક્રમણ... એ રીતે કષાયથી નિવર્તવું તે કષાય પ્રતિક્રમણ... યોગનું પ્રતિક્રમણ તે અશુભ મન-વચન-કાયાના વ્યાપારોનું નિવર્તન કરવું, તે વિશેષરૂપે અવિવક્ષિત આશ્રવ આદિનું પ્રતિક્રમણ જ ભાવ-પ્રતિક્રમણ છે.

કહ્યું છે - સ્વયં જે મન, વચન, કાયાથી મિથ્યાત્વાદિને પામતો નથી, અન્યને પમાડતો નથી અને અનુમોદતો નથી તેને ભાવ પ્રતિક્રમણ કહેલ છે. વિશેષ વિવક્ષામાં તો ઉક્ત ચાર ભેદો છે. કહ્યું છે - (૧) મિથ્યાત્વનું પ્રતિક્રમણ, (૨) અસંયમનું પ્રતિક્રમણ, (૩) કષાયોનું પ્રતિક્રમણ, (૪) અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ,

ભાવ પ્રતિક્રમણ તો શ્રુત વડે ભાવિત મતિવાળાને હોય છે માટે વાચના યોગ્ય, શીખવવા યોગ્ય શ્રુત છે, તેથી તેને કહે છે—

● **સૂત્ર-૫૧૧ :-**

***પાંચ કારણે શ્રુતની વાચના આપવી. તે આ - સંગ્રહાર્થે, ઉપગ્રહ અર્થે, નિર્જરાર્થે, મારું શ્રુત પાકું થશે તે માટે, શ્રુત અવિચ્છિન્નતાર્થે.***

***પાંચ કારણે શ્રુતને શીખવવું. તે આ - જ્ઞાનાર્થે, દર્શનાર્થે, ચારિત્રાર્થે, વ્યુદ્ગ્રહને છોડાવવા માટે, યથાર્થ પદાર્થના જ્ઞાન માટે.***

● **વિવેચન-૫૧૧ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - सुत्त - શ્રુત કે સૂત્ર માત્રને ભણાવો. તેમાં શિષ્યોને શ્રુતનું ગ્રહણ, તે જ પ્રયોજન માટે - સંગ્રહરૂપ પ્રયોજનને માટે કે સંગ્રહ

એ જ પ્રયોજન છે જેને તે સંગ્રહાર્થ. તેના ભાવરૂપ સંગ્રહાર્થતા વડે અર્થાત્ શિષ્યોને શ્રુતનો સંગ્રહ થાઓ. એવા પ્રયોજનથી કે મારા વડે શિષ્યો સંગૃહિત છે એ રીતે સંગ્રહાર્થપણાએ.

એ રીતે ઉપગ્રહાર્થપણાએ, શિષ્યો ભક્ત, પાન, વસ્ત્રાદિ પ્રાપ્ત કરવામાં સમર્થપણે આધારભૂત થાઓ - એ ભાવ છે.

નિર્જરાર્થે, મને કર્મોની નિર્જરા જ થાઓ, આ હેતુથી.

શ્રુત - ગ્રંથ, મને વાચના આપનાર એવા મને જાતવિશેષ થશે.

અવિચ્છિન્નપણાએ શ્રુતનું કાલાંતર પ્રાપણ તે અવિચ્છિત્તિનય. તે જ પ્રયોજનને માટે તત્ત્વોનું જાણવું તે જ્ઞાન, તેનું શ્રદ્ધાન તે દર્શન, સદનુષ્ઠાન તે ચારિત્ર, વ્યુદ્ગ્રહ એટલે મિથ્યાભિનિવેશ, તેને મૂકવું કે બીજાઓને મૂકાવવું તે વ્યુદ્ગ્રહ મોચન, તેના પ્રયોજન માટે.

જેમ છે તેમ રહેલ કે જેવા પ્રકારના પ્રયોજનોને, જીવાદિકોને, કે યથાદ્રવ્યોને - પર્યાયોને હું જાણીશ એ હેતુથી શીખે.

યથાવસ્થિત ભાવો ઉર્ધ્વલોકમાં સૌધર્માદિક છે માટે તેના વિષયવાળા સૂત્રને તથા અધોલોક, તિર્છાલોકાદિ સંબંધી કથન—

● **સૂત્ર-૫૧૨ થી ૫૧૭ :-**

***[૫૧૨] સૌધર્મ-ઈશાન કલ્પોમાં પંચવર્ણી વિમાનો કહ્યા છે - કૃષ્ણ યાવત્ શ્વેત... સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચપણે કહ્યા છે... બ્રહ્મલોક-લાંતક કલ્પમાં દેવોનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી પાંચ હાથ ઉર્ધ્વ ઉંચપણે કહ્યું છે.***

***નૈરયિકો પાંચ વર્ણ, પાંચ રસવાળા પુદ્ગલોને બાંધ્યા છે, બાંધે છે અને બાંધશે. તે આ - કૃષ્ણ યાવત્ શુક્લ. તિક્ત યાવત્ મધુર. વૈમાનિક સુધી.***

***[૫૧૩] જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ગંગા મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - જમુના, સરયૂ, આદી, કોશી, મહી... જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે સિંધુ મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - સતદ્રૂ, વિભાસા, વિતત્થા, ઐરાવતી, ચંદ્રભાગા... જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે રક્તા મહાનદીમાં પાંચ મહાનદી મળે છે. - કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, મહાતીરા... જંબૂદ્વીપમાં મેરુની ઉત્તરે રક્તાવતી મહાનદીમાં પાંચ મહાનદી મળે છે - ઇન્દ્રા, ઇન્દ્રસેના, સુષેણા, વારિષેણા, મહાભોગા.***

***[૫૧૪] પાંચ તીર્થંકરો કુમારવાસ મધ્યે વસીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા - વાસુપૂજ્ય, મલ્લી, અરિષ્ટનેમિ, પાર્શ્વ, વીર.***

***[૫૧૫] ચમરચંચા રાજધાનીમાં પાંચ સભાઓ કહી છે - સુધર્મા સભા, ઉપપાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા... એક એક ઇન્દ્રના સ્થાનમાં પાંચ સભાઓ કહી - સુધર્મા યાવત્ વ્યવસાય.***

***[૫૧૬] પાંચ નક્ષત્રો પાંચ-પાંચ તારા યુક્ત કહ્યા છે - ધનિષ્ઠા, રોહિણી,***

E :\Maharaj Saheib\Adhayan-6\Book-6C\ (112)



***પુનર્વસુ, હસ્ત, વિશાખા.***

***[૫૧૭] જીવોએ પાંચ સ્થાન વડે નિર્વર્તિત પુદ્ગલોને પાપકર્મપણે ચયન કર્યા છે, કરે છે, કરશે - એકેન્દ્રિય નિર્વર્તિત યાવત્ પંચેન્દ્રિય નિર્વર્તિત. એ રીતે ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા.***

***પાંચ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, પાંચ પ્રદેશાવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે - યાવત્ - પાંચ ગુણ રૂક્ષ પુદ્ગલો અનંતા કહ્યા.***

● **વિવેચન-૫૧૨ થી ૫૧૭ :-**

આ બધાં સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - [૫૧૨] શરીરાદિપણે બાંધ્યા. [૫૧૩] દક્ષિણ - ભરત ક્ષેત્રમાં સમ પ્રાપ્ત થાય છે, ઉત્તર - ઐરવતમાં. પૂર્વતર સૂત્રમાં ભરત વક્તવ્યતા કહી, તેના પ્રસ્તાવથી તેમાં ઉત્પન્ન તીર્થંકર સૂત્ર સુગમ છે. [૫૧૪] વિશેષ એ કે - કુમારવાસ-રાજ્યભાવથી વાસ. [૫૧૫] ભરતાદિ ક્ષેત્ર પ્રસ્તાવથી - ક્ષેત્રભૂત ચમરચંચાદિ વક્તવ્યતા સૂત્ર છે, તે અસુરકુમાર રાજા ચમરની રાજધાની છે.. સુધર્મા સભા - જ્યાં શય્યા છે, ઉપપાત સભા - જ્યાં ઉત્પન્ન થાય છે. અભિષેક જ્યાં થાય છે તે અભિષેક સભા ઇત્યાદિ. [૫૧૬] દેવ નિવાસ અધિકારથી નક્ષત્ર સૂત્ર છે. [૫૧૭] નક્ષત્રાદિ દેવપણું જીવોને કર્મપુદ્ગલના સંચયથી થાય છે, માટે ચય આદિ છ સૂત્રો છે. પુદ્ગલો વિવિધ પરિણામી છે માટે પુદ્ગલોના સૂત્ર છે. વ્યાખ્યા પૂર્વવત્.

**સ્થાન-૫ - ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**❀ સ્થાન-૫નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ❀**

- x - x - x - x - x - x - x - x - x - x - x -

**આગમ-સટીક-ભાગ-૬-પુરો થયો**

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |